
સદ્. શ્રીનિર્ગુણદાસજીસ્વામીની વાતો



-: પ્રકાશક :-

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

સદ્. શ્રીનિર્ગુણદાસજીસ્વામીની વાતો

સદ્. શ્રીનિર્ગુણદાસજીસ્વામીની વાતો

પ્રેરક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

સંશોધક : સાધુ ઈશ્વરચરણદાસજીસ્વામી(કુંડળધામ)

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સં.૨૦૬૯, નૂતન વર્ષ; તા.૧૪/૧૧/૨૦૧૨

આવૃત્તિ : પ્રથમ

કુલ પ્રત : ૩૦૦૦

પડતર કિંમત : ૧૦૦/-

સૌજન્ય : અ.નિ.રમણભાઈ અંબાલાલ પટેલ-વડોદરા
હ. સુપુત્ર હિમાંશુભાઈ પટેલ (હાલ ઓસ્ટ્રેલીયા)

: પ્રાપ્તિસ્થાન :

- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧/૨
- **વડોદરા** : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી..

ગામ :..........................તા. :..............................જિ. :.......................

સદ્.શ્રીનિર્ગુણદાસજીસ્વામીએ લખેલી આ વાતો શ્રીહરિનાં લીલા-ચરિત્રોથી ભરપૂર છે. તેથી વાંચવા-સાંભળવાથી ખૂબ જ શાંતિ અને આનંદ મળે છે. વળી સ્વામી સદ્.શ્રીગોપાળાનંદસ્વામીના કૃપાપાત્ર, શ્રીહરિના સ્વરૂપને યથાર્થ સમજનારા ને મહાવિદ્વાન હોવાથી તેમની વાતોમાં શ્રીહરિ તથા સંતો-ભક્તોનો મહિમા, આધ્યાત્મિક વાતોનું ઊંડાણ તથા સરળ શૈલીમાં સચોટ ઉપદેશ વગેરે સારું એવું જોવા મળે છે. આથી આ ગ્રંથનું વાંચન-શ્રવણ ખૂબ જ ફાયદાકારક બનશે. માટે આપ તથા આપના સ્નેહીજનોમાં આ વાતોના વાંચનથી સંપ-આત્મીયતા તથા સુખ-શાંતિમાં વધારો થાય અને આધ્યાત્મિક માર્ગે આપ નિર્વિઘ્ન અને સરળતાથી આગળ વધતા રહો, એવી શુભકામના સાથે આપશ્રીને સપ્રેમ ભેટ...

આપનો સ્નેહી

....

તારીખ : ....

: પ્રસ્તાવના :

શ્રીહરિ વ.ગ.મ.૩૫માં કહે છે કે, 'આ તમે સર્વે છો તે મને ભગવાન જાણો છો, તે અમે જ્યાં જ્યાં ઉત્સવ-સમૈયા કર્યા હોય ને જે ઠેકાણે પરમહંસ, બ્રહ્મચારી તથા હરિભક્ત સત્સંગી બાઈ-ભાઈ સર્વે ભેગાં થયાં હોય ને અમે કીર્તન ગવરાવ્યાં હોય ને વાર્તા કરી હોય ને અમારી પૂજા થઈ હોય, એ આદિક જે **અમારાં ચરિત્ર-લીલા તેને કહેવાં ને સાંભળવાં ને તેનું મનમાં ચિંતવન કરવું. અને જેને એનું ચિંતવન અંતકાળે જો થઈ આવ્યું હોય તો તેનો જીવ ભગવાનના ધામને જરૂર પામે.'** વળી, આધારાનંદસ્વામી પણ હ.ચ.સા. ૧/૪માં કહે છે,

सोरठा : हरि के चरित्र रसाल, एहि सम रस न अन्य कोऊ ॥
जानत बुद्धि विशाल, प्रगट प्रभु उपासी जेहि ॥३८॥
चिंतामनि सम जानि, हरि के चरित्र परम रस ॥
पान करत जे प्रानि, धन्य धन्य सो धन्य तेहि ॥३९॥

શ્રીહરિનાં ચરિત્રો સર્વે રસથી ભરપૂર છે, તેના જેવો બીજા કોઈમાં ક્યાંય રસ નથી. આ બાબતને તો સમર્થ શ્રીહરિના પ્રગટ ઉપાસી વિશાળબુદ્ધિના સંતો-ભક્તો જ જાણી શકે છે. શ્રીહરિના ચરિત્રને પરમ રસપૂર્ણ અને ચિંતામણિના સમાન સમજીને જે લોકો તેનું પાન કરે છે, તેને ખૂબ જ ધન્ય છે, ધન્ય છે, ધન્ય છે. અને જેમ કોઈ ઘણું મેલું કપડું શુદ્ધ જળમાં ધોવાથી તત્કાળ શુદ્ધ થઈ જાય છે, તેમ શ્રીહરિચરિત્રને સંભારવાથી મનના મેલ ધોવાઈ જાય છે, પાપ તથા ત્રણેય તાપ ટળી જાય છે અને સહેજે ભવસાગર તરી જવાય છે.

આ સદ્.શ્રીનિર્ગુણદાસજીસ્વામીની વાતો આવાં જ શ્રીહરિનાં અલૌકિક ચરિત્રના ખજાનારૂપ છે.

વળી, એક સમયને વિશે અક્ષરધામમાં મહામુક્તે કહ્યું, ‘હે પુરુષોત્તમ નારાયણ ! આ ફૂટલા બ્રહ્માંડમાંથી કોઈ જીવ આપના ધામમાં કેમ નથી આવતો ?’ ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, ‘પૂર્વે મોટા મોટા અવતાર બહુ થઈ ગયા. તેમણે મોટા મોટા રાક્ષસોને માર્યા અને ઘણા પ્રપંચ કરી કજિયાઓનો અંત આણ્યો, પરંતુ તે અવતારો અંતઃશત્રુ અને મનને જીતી નિર્વાસનિક થઈ જીવ અમારા અક્ષરધામમાં આવે એવો ભાગવત્ધર્મનો માર્ગ બાંધી શક્યા નથી. તેથી જીવો આપણા ધામમાં આવતા નથી.’ ત્યારે મુક્તોએ કહ્યું જે, ‘હે મહારાજ ! જે જે ધામના અધિપતિ પૃથ્વી પર પધાર્યા તેમણે તમેના સ્વરૂપનું જ્ઞાન આપ્યું અને તેમની ઉપાસના પ્રવર્તાવી. તેથી જીવો તે તે ધામમાં જાય છે. માટે અક્ષરાધિપતિ આપ તે બ્રહ્માંડમાં પધારો તો આપના ભજનથી અને ઉપાસનાથી અસંખ્ય જીવો અક્ષરધામમાં આવે.’ ત્યારે શ્રીહરિએ કહ્યું, ‘અમે ત્યાં જઈએ તો તમારે પણ અમારી સાથે આવવું પડશે. કેમ જે, તમે અમારી સાથે આવો તો એકાંતિક ધર્મ પાળો અને બીજા પાસે પળાવો તથા અમારા સ્વરૂપનું યથાર્થ સર્વોપરી જ્ઞાન સૌને સમજાવો.’ ત્યારે મુક્તોએ કહ્યું, ‘ઠીક મહારાજ. જેમ આપ કહેશો તેમ કરશું.’ આવું વિચારીને ગોપાળાનંદસ્વામી વગેરે અક્ષરમુક્તો સાથે સર્વાવતારી શ્રીહરિ પૃથ્વી પર પધાર્યા. અને આ મુક્તોએ એકાંતિક ધર્મનું પાલન કરી શ્રીજીમહારાજની સર્વોપરીતા, સર્વકારણપણું અને સર્વાવતારીપણું સમજાવી અનેક મુક્તોને અક્ષરધામના અધિકારી બનાવ્યા. આ મુક્તો પૈકીના એક મહામુક્ત એટલે સદ્.શ્રીનિર્ગુણદાસજીસ્વામી.

જેઓએ શ્રીજીમહારાજનાં દર્શન કર્યા હતા અને યોગીરાજ અનાદિ મુક્ત સદ્.શ્રીગોપાળાનંદસ્વામીનું સેવન કરીને સંપ્રદાયના રહસ્યમય જ્ઞાનને જીવનમાં ચરિતાર્થ કર્યું હતું. એવા સદ્.શ્રીનિર્ગુણદાસજીસ્વામી

વડતાલ દેશ તથા અમદાવાદ દેશ બંને દેશમાં રહેલા છે એટલે બંને દેશમાં શ્રીજીમહારાજે કરેલાં ચરિત્રોના તેઓ અનુભવી છે. તેમજ આ વાતો લખવાની પણ તેમને શ્રીજીમહારાજે પ્રેરણા કરી, એવું તેઓએ જ આ ગ્રંથમાં કહેલું છે. એવી આ નિર્ગુણદાસજીસ્વામીની વાતો શ્રીજીમહારાજનાં દિવ્ય તથા માનુષી લીલાચરિત્રોથી સભર છે અને શ્રીહરિના સર્વોપરી નિશ્ચયની દૃઢતા કરાવે એવી અજોડ છે.

આ વાતો સૌ પ્રથમ સ્વામી ધામમાં ગયા બાદ બીજા જ વર્ષે સ્વામીશ્રીને વિશે અતિશે હેતવાળા મોરબી પાસે આવેલા માળિયાના દરબાર પ.ભ.શ્રીમોડજીભાઈએ પોતાના અ.નિ. સુપુત્ર અભયસિંહની સ્મૃતિમાં આચાર્ય પુરુષોત્તમપ્રસાદજીમહારાજની આજ્ઞાથી સં. ૧૯૫૧ અને ઈ.સ. ૧૮૯૪માં છપાવી હતી. તેની પત્રાત્મક અનેક પ્રતો વડતાલ તથા અમદાવાદ દેશની લાઈબ્રેરીઓમાં અને સંતો, મહંતોના આસનોએ હાલ પણ વિદ્યમાન છે. ત્યાર બાદ આ વાતો સં. ૧૯૭૭માં રાજકોટમાં ચાલતા સત્સંગ સાહિત્ય વર્ધક પ્રેશ દ્વારા પણ એકવાર છપાયેલી છે. અને ત્યારબાદ અમદાવાદ કાળુપુર સ્વામિનારાયણ મંદિર દ્વારા જે તે કાલિન આચાર્યશ્રીની આજ્ઞાથી છ વાર છપાઈ ચૂકી છે. સમય જતાં કોઈ કોઈ જગ્યાએ વાતોમાં થોડો ફેરફાર થયેલ છે અથવા તો પ્રેસદોષ પણ ઘણો જણાઈ આવે છે. તેથી અમોએ માળિયાના દરબાર મોડજીભાઈએ સૌપ્રથમવાર જે વાતો છપાવી તે જ આ સદ્.શ્રીનિર્ગુણદાસજીસ્વામીની વાતોને છાપી પ્રસિદ્ધ કરેલ છે.

સુજ્ઞ વાંચકોને ગ્રંથમાં આવતાં ચરિત્રો ગોતવા સહેલાં પડે એવા હેતુથી દરેક વાતોને શીર્ષક આપી તેની અનુક્રમણિકા પણ પ્રથમ વાર સંતોએ જહેમત ઉઠાવીને બનાવી છે. વળી, અઘરા શબ્દોની ટિપ્પણી તથા ગ્રંથમાં આવતા જે તે સદ્ગ્રંથોના શ્લોકોને પણ પ્રમાણ સાથે તેનો ગુજરાતી અનુવાદ કરી મૂકેલ છે. જેથી સુજ્ઞ વાંચકોને જે તે વાતો સમજવી સહેલી પડે.

આ વાતો શ્રીજીમહારાજનો મહિમા સમજવા માટે, સર્વોપરી નિશ્ચય કરવા માટે, એકાંતિક ધર્મની દૃઢતા માટે, આજ્ઞા-ઉપાસના રૂપી પાંખો મજબૂત બનાવવા માટે અને સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવા માટે તથા સંતો-ભક્તોનો મહિમા સમજવા અને પરસ્પર સંપ, સુહૃદભાવ અને આત્મીયતા વધારવા માટે અતિશય ઉપયોગી બની રહે એવી અજોડ અને અનુપમ છે.

આ વાતો મેં બહુ વાર વાંચેલી છે, મને ખૂબ ગમે છે. આનાથી મારુ ઘણું આધ્યાત્મિક જીવન પોષાયું છે. ભગવાન સ્વામિનારાયણનો અને તેમના મહામુક્તોનો અતિ સર્વોપરી મહિમા આ વાતોમાંથી સહેજે સમજાય એવો છે.

એથી આ વાતો શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરી છે. આ સાહિત્ય પ્રકાશનથી શ્રીજીમહારાજ, મહામુક્ત સદ્.નિર્ગુણદાસજીસ્વામી તથા શ્રીહરિના પરમ ઉપાસક સંતો-ભક્તો અમારા ઉપર પ્રસન્ન થાય એ જ અપેક્ષા સાથે...

લી. સ્વામી જ્ઞાનજીવનદાસના
અતિ ભાવથી જય સ્વામિનારાયણ

સદ્.શ્રી નિર્ગુણદાસજીસ્વામીનું જીવનચરિત્ર

પૂર્વછાયો : સ્વામી ગોપાળાનંદના, જેઓ શ્રેષ્ઠ શિષ્ય વિદ્વાન;
સ્વામી નિર્ગુણદાસનું, લખું છું હું રૂડું આખ્યાન. ૧
મહા અલૌકિક સંત હતા, જેની સામર્થીનો નહિ પાર;
જાણે પૃથ્વીએ પ્રગટ્યા, જીવો કાજે કોઈ અવતાર. ૨
અવતારીનો મહિમા અતિ, જેણે ગાયો અપરંપાર;
ગુરુ ગોપાળનંદજીની, જેણે આજ્ઞા પાળી સારધાર. ૩

સર્વાવતારી શ્રીહરિજીની મૂર્તિમાન મરજી બનીને જીવનારા અને સદા મૂર્તિમાં રમનારા એવા અનાદિ મુક્તરાજ ગોપાળાનંદસ્વામીના અતિ કૃપાપાત્ર અને મહાન વિદ્વાન શિષ્ય એટલે સદ્.શ્રીનિર્ગુણદાસજીસ્વામી.

ઝાલાવાડ પ્રદેશના રાણપુર તાલુકાના ચુડા ગામમાં પવિત્ર ઔદિચ્ય બ્રાહ્મણ પીતાંબરભાઈ ભટ્ટ રહેતા હતા. પીતાંબરભાઈ ભટ્ટને ઘેર સંવત્ ૧૮૭૦માં તેમની ૩૨ વર્ષની ઉંમરે એક મુક્તાત્માનો જન્મ થયો. પોતાના એકના એક લાડલા પુત્રનું નામ તેમણે વિષ્ણુદત્ત રાખ્યું હતું. આ વિષ્ણુદત્ત એટલે જ નિર્ગુણદાસજીસ્વામી. તેઓના માતા-પિતા પ્રથમથી જ અતિ પવિત્ર, સદ્ગુણી અને સત્સંગપ્રેમી હતા.

આ ચુડા ગામમાં શ્રીહરિ ઘણી વાર પધારેલા છે. આ ગામમાં રહેતા પીતાંબર ભટ્ટ, અંબારામ માંડલિયા તથા પરમાનંદભાઈ વગેરેમાં અને તેમના પુત્રોમાં પ્રથમથી જ સત્સંગ હતો. અંબારામભાઈને ચાર પુત્રો હતા - ભગવાનજી, કુબેરજી, ધનેશ્વર અને કાશીરામ. તેમાં કાશીરામ સંત બન્યા હતા. શ્રીહરિએ તેનું નિરંજનાનંદસ્વામી

નામ પાડ્યું હતું. અને તેઓને શ્રીહરિએ ધોળકા મંદિરની તમામ જવાબદારી સોંપી હતી. જેને જોતાં સામાની છાતી ઠરે એવા આ સંત હતા. તે જ રીતે પરમાનંદભાઈના પુત્ર આદિત્યરામ હતા. એ પણ સંત થયા હતા. એનું નામ શ્રીહરિએ કૃષ્ણાનંદસ્વામી પાડ્યું હતું. આમ, અહીં પ્રથમથી જ બ્રાહ્મણોમાં ખૂબ જ સારો સત્સંગ હતો. તેથી વિષ્ણુદત્તને પણ તેમના માતા-પિતાનો સત્સંગ તથા સદ્ગુણોનો વારસો મળ્યો હતો.

તેમના પિતાશ્રી અવાર-નવાર મૂળી જતા હતા. તે સદ્. બ્રહ્માનંદસ્વામી તથા સદ્.દેવાનંદસ્વામીના યોગમાં આવેલા. તેથી પોતાના લાડલા પુત્રને વિશેષ વિદ્યા પ્રાપ્તિ માટે તેમને મૂળી મંદિરમાં જ વિદ્વાન સંતો પાસે વિદ્યાભ્યાસ કરવા મોકલ્યા હતા. મંદિરનું ભક્તિસભર દિવ્ય વાતાવરણ અને સંત-સમાગમને કારણે તેમના અંતરમાં આપોઆપ પૂર્વના સંસ્કારો પ્રગટ થયા. અંતરમાં સંસાર પ્રત્યે તીવ્ર વૈરાગ્ય અને પ્રભુમિલનની ઉત્કૃષ્ટ લગની લાગી. વિદ્યાભ્યાસ કરતા ત્યારે અવાર-નવાર તેઓ ચુડા પોતાને ઘેર જતા હતા. વિષ્ણુદત્ત ૨૧ વર્ષના થયા ત્યારે અચાનક તેમના પિતાશ્રીએ પરિવાર સાથે ચાલીને વડતાલ દર્શને જવાનું નક્કી કર્યું.

પછી વિષ્ણુદત્ત માતા-પિતા સાથે વડતાલ શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા અન્ય દેવોનાં દર્શનાર્થે આવ્યા. ત્યાં મહારાજનાં દર્શન કરી ધર્મશાળામાં સંતોનાં દર્શને ગયા. સદ્.શ્રીગોપાળાનંદસ્વામી પાસે જતાં જ હૈયામાં શાંતિ શાંતિ થઈ ગઈ. માયિક સંકલ્પ વિરામ પામ્યા. મનમાં મહારાજની મૂર્તિ સ્થિર થઈ. સંતકૃપાથી અંતરમાં અક્ષરધામ જેવો આનંદ રેલાયો. તે સુખનો વિચાર કરતાં મનમાં વૈરાગ્યની અતિ દૃઢતા થઈ. અને એમ થયું કે, 'હવે સંસારમાં શા માટે કૂટાવું ?' વળી, પૂર્વના મુક્તાત્મા એવા નવયુવાન વિષ્ણુદત્તને ગોપાળાનંદસ્વામીમાં અહોભાવ સાથે અનોખું આકર્ષણ થયું. મનમાં નક્કી થયું કે, 'હું જે

પ્રભુમિલનની ઝંખના સેવું છું, તે આ સંતની સેવાથી જરૂર સિદ્ધ થશે. આવા પુરુષોની સેવા કરી પ્રસન્નતા મેળવી લઉં તો બેડો પાર થઈ જાય, જીવન ધન્ય ધન્ય બની જાય.'

સત્પુરુષનાં દર્શન અને ઘડીવારના સમાગમથી તેના અનંત જન્મનાં પુણ્ય ઉદય થયાં. પછી તરત જ નિર્ણય લઈ આ યુવાન વિપ્રે ગોપાળાનંદસ્વામીને કહ્યું, "હે કૃપાળુ ! મારો મોક્ષ થાય એવાં આશીર્વાદ આપો. મને અખંડ તમારી સેવામાં રાખો." ત્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું, "અમે તમને ઓળખીએ છીએ. તમે તો અક્ષરધામના મુક્ત છો. સર્વાવતારી શ્રીહરિનો મહિમા ગાવા, સમજવા અને સમજાવવા જ તમારો જન્મ છે. તમારે લીધે તો ઘણાંનાં કલ્યાણ થાશે. પરંતુ અત્યારે માતા-પિતા સાથે ઘેર જાઓ. ફરી પ્રભુપ્રેરણા થાય ત્યારે આવતા રહેજો." એમ કહી સ્વામીએ સમજાવીને ઘેર મોકલ્યા.

ચુડામાં થોડા મહિના રહ્યા. પરંતુ જેણે મોટા પુરુષમાં મારા મહારાજનાં દર્શન કર્યાં છે અને દિવ્ય સુખનો અનુભવ કર્યો છે, તેને હવે સંસારનાં સુખ કેમ ગમે ? મેઘ-ગર્જના સાંભળી મોરલા નાચી ઊઠે, તેમ સત્પુરુષની સેવા કે દર્શનથી જ જેનો મન-મોરલિયો નાચી ઊઠતો એવા તે વિષ્ણુદત્ત ૨૨-૨૩ વર્ષની ઉંમરે અચાનક કોઈને પૂછ્યા વિના મળવત્ સંસારનો ત્યાગ કરી ગુરુદેવ ગોપાળાનંદસ્વામી પાસે વડતાલ આવતા રહ્યા. પરંતુ એમના પિતાને હજુ પુત્રનો મોહ છૂટ્યો ન હતો. તેથી તેમના પિતા વડતાલ આવી તેમને પકડી પાછા લઈ ગયા. આમ બે-ત્રણ વખત બન્યું. પછી તેઓ ઘરમાં ગાંડાની જેમ વર્તન કરવા લાગ્યા. છતાં માત-પિતાએ તેમને રજા ન આપી. એવામાં એકવાર ગોપાળાનંદસ્વામી સત્સંગ વિચરણ કરતાં કરતાં ચુડા આવ્યા. તેમના માતા-પિતા સત્સંગી હતા, તેથી તેમના ઘેરે જ સંતોના ઉતારા કર્યા. તે સમયે ગોપાળાનંદસ્વામીએ તેમને સમજાવ્યા કે, "આ તમારા પુત્રને આટલી બધી પ્રભુમિલનની લગની છે, માટે તેને સાધુ થાવા

દ્યો ને ? જો તે સંત બનશે તો તમારી એકોતેર પેઢીનો ઉદ્ધાર કરશે અને શ્રીહરિ તેમના દ્વારા સત્સંગનાં અનેક કાર્યો કરશે. તેથી તમારું અને તેનું બંનેનું જીવન ધન્ય બની જશે." સ્વામીની આ વાત તેમના પિતાને મનાણી. તેથી રાજી થઈ પિતાએ પુત્રની ગોપાળાનંદસ્વામીને સોંપણી કરી. પછી સત્સંગ વિચરણ કરી અનંત આત્માઓના ઉદ્ધાર કરી ફરતાં ફરતાં ગોપાળાનંદસ્વામી વડતાલ આવ્યા.

સંવત્ ૧૮૯૬માં રઘુવીરજી મહારાજ પાસે વડતાલમાં ભાગવતી દીક્ષા અપાવી અને જેના જીવનમાં માયાનો કોઈ ગુણ અડ્યો નથી એટલે જ **'નિર્ગુણદાસજીસ્વામી'** એવું સાર્થક નામ રાખ્યું. ગુરુદેવ ગોપાળાનંદસ્વામીની તથા સૌ સંતોની ગળતા હૃદયે સેવા કરીને નિર્ગુણદાસજીસ્વામીએ ટૂંક સમયમાં જ સહુનાં દિલ જીતી લીધાં. પછી તો સ્વામીએ પોતે જ તેમને શાસ્ત્રાભ્યાસ કરાવ્યો. થોડા સમયમાં જ ગુરુકૃપા અને નિજ પ્રતિભાથી મહા વિદ્વાન થયા. સાથોસાથ જેમ ભમરીના યોગે ઈયળ ભમરી બની જાય, તેમ ગોપાળાનંદસ્વામીના યોગથી નિર્ગુણદાસજીસ્વામી પણ શ્રીહરિના સ્વરૂપમાં પરમ સાધર્મ્યપણું પામ્યા. વચનામૃતના શબ્દોમાં કહીએ તો, મહામુક્ત બની નિર્વિકલ્પ સમાધિને પામ્યા.

ગોપાળાનંદસ્વામીએ તેમને શ્રીહરિનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો, ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની દૃઢતા કરાવી, અને કહ્યું કે, "આ માટે જ મહારાજે અમને વાંસે રાખ્યા છે. માટે તમે પણ સ્વામિનારાયણ ભગવાન સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વોપરી પરમાત્મા છે. સર્વે અવતાર શ્રીહરિમાંથી થાય છે અને અંતે તેમાં જ સમાય છે. સહુ દેવો, ઈશ્વરો કે અવતારોને શ્રીહરિએ ઐશ્વર્ય આપેલ છે. આ રીતે શ્રીહરિના સ્વરૂપને સમજજો અને આવી સર્વોપરી ઉપાસનાની વાતો કરજો. તેમાં શ્રીહરિ અને અમારો ખૂબ જ રાજીપો છે."

❈ હવે સત્સંગની ધૂંસરી આ સાધુ ઉપાડશે :

પછી એકવાર વડતાલમાં રામનવમીના સમૈયામાં

જૂનાગઢથી ગુણાતીતાનંદસ્વામી આવ્યા હતા. સાથે તેમના શિષ્ય બાલમુકુંદદાસજીસ્વામી હતા. તે અને નિર્ગુણદાસજીસ્વામી બન્ને વડતાલ સંતોની ધર્મશાળામાં ગોપાળાનંદસ્વામી પાસે આવ્યા. સ્વામીને દંડવત કરી પગે લાગ્યા. ત્યારે સ્વામીએ તે બન્નેની ડોક પર લાકડી મૂકી આશીર્વાદ આપતાં કહ્યું કે, "હવે પછી આ બન્ને સાધુ આ સત્સંગની ધૂંસરી ઉપાડશે અને મહાન ઐશ્વર્યવાળા થાશે. એમ માથે હાથ મૂકી રાજી થઈ આશીર્વાદ આપ્યાં. ત્યારે **ગુણાતીતાનંદસ્વામી બોલ્યા કે, "યોગીરાજ, આ બાલમુકુંદને તો હવે દોઢ વર્ષની જ આયુષ્ય છે." ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા કે, "સાઠ વર્ષની થાશે."** પછી સ્વામીના આશીર્વાદથી તે બન્ને સંતો બન્ને દેશમાં અગ્રગણ્ય થયા.

❋ ગોપાળાનંદસ્વામીની આજ્ઞાથી અમદાવાદમાં :

અમદાવાદ દેશના જ્ઞાનાનંદસ્વામી, સર્વનિવાસાનંદસ્વામી, સોમપ્રકાશાનંદસ્વામી, સર્વજ્ઞાનંદસ્વામી જેવા ઘણા સંતો ગોપાળાનંદસ્વામીનો સમાગમ કરવા અને શ્રીહરિનું સ્વરૂપ સમજવા આવતા રહેલા. તેથી એકવાર અયોધ્યાપ્રસાદજી મહારાજે ગોપાળાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામીને વિનંતી કરી કે, 'આપ બંને તો મહાન સંતો છો, માટે અમદાવાદ દેશના સત્સંગ અર્થે કોઈ સમર્થ સંતો આપો તો સારુ.' તેથી નિત્યાનંદસ્વામીએ પોતાના મંડળના પ્રસાદાનંદસ્વામીને અને ગોપાળાનંદસ્વામીએ નિર્ગુણદાસજીસ્વામીને અમદાવાદ દેશમાં સત્સંગના પોષણ માટે અને શ્રીહરિની સર્વોપરી ઉપાસનાની દૃઢતા માટે મોકલ્યા. ગોપાળાનંદસ્વામીની આજ્ઞાથી સ્વામી અમદાવાદ ગયા ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે તેમનો ઘણો આદર-સત્કાર કર્યો અને ત્યાં જ રાખ્યા.

અમદાવાદમાં નિર્ગુણદાસજીસ્વામી દરરોજ સભામાં ગંગાના પ્રવાહની જેમ મહારાજનાં લીલાચરિત્રો તથા ઉપાસનાની વાતો કરતા. સ્વામીની વાતો એવી હૃદયસ્પર્શી અને અનુભવાત્મક હતી કે, સાંભળનારા સહુના અંતરમાં સોંસરી ઊતરી જતી. હરિવરના હજૂરી પાર્ષદવર્ય

ભગુજીએ એકવાર સ્વામીની બળભરી વાતો સાંભળીને ભરસભામાં એવું કહ્યું હતું કે, "સદ્.શ્રીનિત્યાનંદસ્વામી જેવા સમર્થ મુક્તોનું જેમ સભામાં વજન પડે છે, તેમ આ નિર્ગુણદાસજીસ્વામીનું પણ સહુને સભામાં વજન પડે છે. અને સદ્.શ્રીમુક્તાનંદસ્વામીની વાતોની જેમ તેમની વાતો સાંભળવા મારું અંતર ખેંચાય છે." સ્વામી સ્પષ્ટ વક્તા, નીડર અને સિદ્ધાંતવાદી સંત હતા. ગમે તેવા ચમરબંધી કે લૌકિક મોટપવાળા હોય, પરંતુ સ્વામી ક્યારેય તેનાથી દબાતા નહીં. ક્યારેય સાચી વાત કહેવામાં કોઈથી અચકાતા નહીં. અમદાવાદ મંદિરમાં સ્વામીના આસને આઠેય પહોર કથા-વાર્તાનો અખાડો ચાલતો રહેતો. સ્વામીની વાતો સાંભળી અનેકને શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન કે અનુભવ પણ થતા. આ રીતે સ્વામીએ ગુરુદેવ ગોપાળાનંદસ્વામીની આજ્ઞા મુજબ અમદાવાદ દેશમાં કચ્છ, ઝાલાવાડ, હાલાર, દંઢાવ્ય, ખાખરિયા વગેરે પ્રાંતોમાં વિચરણ કરીને અનેકને મહારાજની યથાર્થ નિષ્ઠા કરાવી સત્સંગના રંગે રંગી દીધા હતા. સ્વામીએ અનેક ચૈતન્ય મંદિરોનું નિર્માણ કર્યું હતું તથા મંદિરોમાં નોંધપાત્ર સેવાઓ પણ કરી હતી.

❋ શ્રીહરિએ અયોધ્યાપ્રસાદજીને સમજાવ્યા :

સ્વામીનો આ ઉત્કર્ષ બધા જોઈ ન શક્યા એટલે તેમને પાછા પાડવાનું નિમિત ગોતનારા અમુક સંતોએ મળીને સ્વામીનું અપમાન કરાવવું, આવું નક્કી કર્યું.

નિર્ગુણદાસજીસ્વામી શ્રીહરિના સર્વોપરીપણાની તથા મહિમાની વાતો ખૂબ કરતા અને કહેતા કે, "શ્રીહરિ તો સર્વ અવતારના અવતારી છે, સર્વ કારણના કારણ છે, અક્ષરાધિપતિ છે." આ વાતનું જેને જ્ઞાન ન હતું અને અવતાર-અવતારીના ભેદને યથાર્થ ન સમજનારા એવા માત્ર વાચિક જ્ઞાની અને શાસ્ત્રની તંતીમાં બંધાયેલા અમુક સંતો-ભક્તોએ પરસ્પર વિખવાદ ઊભો કર્યો. આ વાત અયોધ્યાપ્રસાદજી મહારાજ સુધી પહોંચી. આચાર્ય પણ અન્ય સાધુના શબ્દોમાં આવી ગયા. અને સહુએ મળી સ્વામીને અમદાવાદમાંથી કાઢી મૂકવાનો નિર્ણય લીધો.

આ વાત શ્રીહરિને ન ગમી; કેમ જે, શ્રીહરિ આ લોકમાં જે હેતુથી પધાર્યા હતા, તે હેતુ સરે તેમ જ નિર્ગુણદાસસ્વામી વાતો કરતા હતા. તેથી સ્વામી મહારાજના અતિ પ્રિય પાત્ર થઈ ગયા હતા. ગોપાળાનંદસ્વામીના પણ કૃપાપાત્ર હતા. તેથી નિર્ગુણદાસજીસ્વામીને ખોટા અપવાદથી બચાવવા અને તેમને સુખી કરવા તે જ રાત્રીએ આચાર્ય સૂતા હતા, ત્યાં તેજોમંડળ મધ્યે મહારાજે દર્શન આપ્યાં. સર્વ શ્વેત વસ્ત્ર ધાર્યાં હતાં. અને અયોધ્યાપ્રસાદજીને છડી અડાડીને કહ્યું, **"હે અયોધ્યાપ્રસાદ ! તને મેં ગાદી શા માટે આપી છે ? આ સાધુ નિર્ગુણદાસ તો મને હૃદય જેવા વ્હાલા છે. ગોપાળાનંદસ્વામીના કૃપાપાત્ર છે અને મારું સર્વોપરી સ્વરૂપ ઓળખાવે છે, જેમ છે તેમ મારો મહિમા સમજાવે છે. તેના માટે આટલો બધો ટંટો શા માટે ઊભો કર્યો છે ?** સવારે ઝઘડો પૂરો થઈ જવો જોઈએ." એમ કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

બીજે દિવસે સવારે અયોધ્યાપ્રસાદજી મહારાજે નિર્ગુણદાસજીસ્વામીને બોલાવ્યા. ઉપરોક્ત પ્રસંગની સભામાં વાત કહી. સ્વામીની ક્ષમાયાચના માગી અને પોતે જ રસોઈ આપી. પછી સંતોની પંક્તિમાં તેમના હાથે જ સહુ સંતોને પિરસાવ્યું અને સમાધાન કરાવ્યું. પછી પરસ્પર પ્રેમ થયો. અને સ્વામીની વાતો સાંભળવા આચાર્ય સુદ્ધાં સહુ આવવા લાગ્યા. આમ, જે શ્રીહરિનું ગમતું કાર્ય કરે તેની સાથે શ્રીજીમહારાજ અખંડ રહે છે.

❋ અયોધ્યાપ્રસાદજી તથા નિર્ગુણદાસજીસ્વામીએ કરેલ વચનામૃતનું નિરૂપણ

દોહા : સંતો અને આચાર્યશ્રી, રાખતા પરસ્પર ખપ;
સત્સંગ કરતા એકમેકનો, કદી કરતા ન ખોટી લપ...૧

એનો અનુપમ દાખલો, સંભળાવું શ્રોતાજન;
કહું વાત આચાર્ય સંતની, રાજી થાય પ્રાણજીવન...૨

એક સમયે છપૈયાપુરમાં અયોધ્યાપ્રસાદજી મહારાજ રાત્રીના ત્રણ વાગે વહેલા ઊઠ્યા. પોતાના આસને દીવો કરાવીને પુરાણી સાધુ નિર્ગુણદાસજી પાસે વચનામૃતની કથા કરાવતા હતા. તેમાં છેલ્લા પ્રકરણનું ૨૬-૨૭ એમ બે વચનામૃત વાંચીને સ્વામીએ કહ્યું, "હે મહારાજ ! આ બે વચનામૃત વાંચ્યાં તેમાં શું કહ્યું ? તે વાત કહો." ત્યારે અયોધ્યાપ્રસાદજી બોલ્યા, "હે સ્વામી ! તમે વાત કરો." તેવું સાંભળીને સ્વામી બોલ્યા જે, "એક વચનામૃતનો ભાવ હું સમજાવું અને બીજાનો ભાવ તમે સમજાવજો."

એમ કહીને અંત્યના ૨૬મા વચનામૃતનો ભાવ સ્વામી કહેવા લાગ્યા જે, "પોતાના આત્માને બ્રહ્મરૂપ માનવો. અને પ્રકૃતિપુરુષ, કાળ, માયા, દેવો, ઈશ્વરો ઈત્યાદિક સર્વે જેની આજ્ઞાને વિશે વર્તે છે, એવા સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વકર્તા અને કર્તા થકા અકર્તા, અતિશે નિર્લેપ, સુખરૂપ તથા સાકાર થકા સર્વના અંતર્યામી એવા જે અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન તે જ આ પ્રત્યક્ષ શ્રીધર્મભક્તિના પુત્ર શ્રીજીમહારાજ પોતે છે. એવો મહિમા જીવમાં દૃઢ સમજે, ઈન્દ્રિયોની ક્રિયાને દાબીને વર્તે, દેશ-કાળે કરીને પણ ધર્મમાંથી કોઈ દિવસ પડે નહીં, જેમનામાં આસ્તિકપણું હોય, નિષ્કામાદિક ધર્મેયુક્ત હોય અને ભગવાનની પ્રસન્નતાને અર્થે ભક્તિ કરતા હોય આવા ગુણોવાળા એકાંતિક સંતો શ્રીજીમહારાજને અતિ ગમે છે. કેમ જે, એવી ક્રિયા દેવ-મનુષ્યને વિષે હોય નહિ. **એવા સંત તો ભગવાનની પેઠે સેવવા યોગ્ય છે. માટે જેને કલ્યાણનો ખપ હોય તેણે એવો મહિમા સમજી મન, કર્મ, વચને સંતોનો સેવા-સમાગમ કરવો.**

વળી ભક્તિ, ત્યાગ ને વૈરાગ્યાદિક શ્રેષ્ઠ ગુણને યોગે કરીને તેનું અભિમાન કરે, દંભ કરે, પોતાને અને ભગવાનને અભેદપણે સમજે તથા ધર્માદિક નિયમને વિશે શિથિલપણે વર્તે, વળી ભગવાનનો મહિમા મોટો સમજે ને પોતાને અતિ તુચ્છ સમજે ઈત્યાદિક દોષો ભગવાનને ગમતા નથી. અને હવે જે સર્વાવતારી શ્રીજીમહારાજને

ગમે છે, તે કહીએ છીએ જે, ‘ભગવાનનો મહિમા યથાર્થ સમજે, પોતાના દેહથી વ્યતિરિક્ત જે પોતાનો આત્મા તેને બ્રહ્મરૂપ સમજે અને ધર્મમાં દૃઢ રહ્યો હોય અને ભગવાનની અચળ ભક્તિ કરતો હોય અને આવી રીતનો પોતે હોય તોપણ **સત્સંગમાં કોઈક કાંઈ ન સમજતો હોય ને ભગવાનનો નિશ્ચય તો હોય તેને પોતાથી મોટો જાણે ને તેની આગળ પોતાને અતિ તુચ્છ જાણે અને વાર્તા કર્યામાં પોતાના મુખે કરીને પોતાની સમજણનો કેફ કોઈની આગળ લગાર પણ જણાવે નહિ, એવો જે હોય તે અમને બહુ ગમે.**’ માટે શ્રીહરિને ગમતા એવા આ ગુણ શીખવા. સત્સંગમાં જે માત્ર સ્વામિનારાયણ નામ લેતો હોય તેને પણ પોતાથી મોટા માને અને સહુ સંતો-ભક્તોનો મહિમા સમજે, સહુના ગુણ લે, પરસ્પર આત્મીયતા અને દિવ્યભાવ રાખે અને થાય તેટલી સંતો-ભક્તોની ગળતા હૃદયે સેવા કરે, તેને શ્રીહરિ વશ વર્તે છે. આવા સંતો-ભક્તો માટે શ્રીહરિ સત્સંગમાં સદાય પ્રગટ રહે છે. અને તેમના વચને મહારાજ અનેકનાં દુઃખો ટાળે છે. માટે આપણે આવા ગુણો શીખવા.”

એમ કહીને સ્વામીશ્રી બોલ્યા જે, “હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આ વચનામૃત મેં સમજાવ્યું, હવે તમે ૨૭મું વચનામૃત સમજાવો.” ત્યારે આચાર્યએ પોતાનાં બે નેત્ર મીંચીને અંતરમાં શ્રીજીમહારાજની મૂર્તિ સંભારી આનંદ પામતા થકા તે વચનામૃતનો ભાવ કહેવા લાગ્યા જે, “ભગવાનના ભક્ત મુમુક્ષુ હોય તેને નિષ્કામી, નિર્લોભી, નિર્માની ઈત્યાદિક ગુણેયુક્ત ભગવાનના એકાંતિક સંત તેમનો સમાગમ કરવો. કેમ જે, એવા સંતને અને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય, માટે તેમના વચનમાં દૃઢ વિશ્વાસ રાખી ભગવાનનો નિશ્ચય કરીએ તો શ્રીહરિને પામવાનો રસ્તો સહેલો થઈ જાય છે.

અને ભગવાનનો મહિમા એમ સમજવો જે, અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનની મૂર્તિમાં જ સર્વે સુખ રહ્યું છે. તેમનાં દર્શન

માત્રે કરીને પંચવિષયનું સુખ એક સમયમાં પ્રાપ્ત થાય છે. તે જ સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, અખંડ અને અવિનાશી છે, અનુપમ છે, નિરવધિકાતિશય છે, ને તે સર્વ સુખના તથા અનંત કલ્યાણકારી ગુણના નિધિ અને સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ એવા જે અક્ષરાધિપતિ પુરુષોત્તમ તે જ આ પ્રત્યક્ષ શ્રીધર્મભક્તિના પુત્ર શ્રીજીમહારાજ પોતે જ છે. તે મને સાક્ષાત્ મળ્યા છે." એમ કહી હરિસ્મૃતિના આ દોહા બોલ્યા,

અલૌકિક મૂર્તિ આજની, ધરી ધર્મકુમાર;
જોતાં નાવે જોડ્યમાં, આ સમ અન્ય અવતાર.

સમર્થ મૂર્તિ સુખ ભરી, ધરી ન ધરશે કોય;
સર્વોપરી છે શ્રી હરિ, સહજાનંદ પ્રભુ સોય.

"આ હરિસ્મૃતિમાં કહ્યો એવો મહિમા સમજીને પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિને વિશે જોડાવું. અને તે મૂર્તિનું અતિ હેતે કરીને ચિંતવન કરે તો તેને સમાધિ થાય ત્યારે અથવા ભગવાનનો મહિમા ને સુખ તેના મનને કરીને સાક્ષાત્કાર થાય ત્યારે ભગવાનના સુખનો અનુભવ અને આનંદ જેવો છે તેવો આત્માને થાય છે, પણ કેવળ વાર્તાએ કરીને થતો નથી. **માટે આવા ભગવાનનો અને આવા સંતનો જેને ખપ હોય તો તે ચૈતન્ય સંગાથે જડાઈ ગયેલા સ્વભાવોને તેમની મરજી જોઈને ટાળી નાખે છે.** માટે શ્રદ્ધા રાખી સત્સંગ કરવો.

અને આંટીએ કરીને વર્તમાન પાળે કે ભક્તિ કરે, તે રાજર્ષિ કહેવાય. ને ભગવાનની પ્રસન્નતાને અર્થે વર્તમાન પાળે અને ભક્તિ કરે, તે બ્રહ્મર્ષિ કહેવાય. માટે ભગવાનનો ભક્ત નિષ્કામાદિક ધર્મને સમજીને તેની આંટી પાડે, ને માન, ઈર્ષ્યા, ક્રોધાદિક અતિ ભૂંડા દોષ છે, તેને ભગવાનનું માહાત્મ્ય સમજીને ટાળી નાખે તો તેનું પરમ કલ્યાણ થાય. ને એવા સંતો-ભક્તોમાં જેને હેત હોય તેનું પણ કલ્યાણ થાય." એવી રીતે એ વચનામૃતનો ભાવ કહ્યો. પછી સ્વામી અતિ પ્રેમ કરી ઊભા થયા અને પરસ્પર બંને ભેટ્યા.

આવી ગોષ્ઠી પરસ્પર થાય રે, ત્યારે વાલોજી મન હરખાય રે;
એક બીજાનો મહિમા રખાય રે, તેથી શ્રીહરિ રાજી બહુ થાય રે.
જ્યારે બીજાનું કાપવા જાય રે, ત્યારે તેનું પોતાનું જ કપાય રે;
જ્યારે બીજાનો મહિમા જે ગાય રે, ત્યારે તેનો મહિમા વધી જાય રે.

પરનું અમંગળ ચાહતાં, ઘરનું અમંગળ થાય;
અંજની સુતને બાળતાં, સારી લંકા સળગી જાય.

માટે આપણે હંમેશાં બીજાનું ભલું કરવું. બીજાને સુખ થાય તેમ રહેવું અને તેવા જ વચનો બોલવાં. બીજાના ભલામાં અને સુખમાં આપણું સુખ સમાયેલું છે. જે બીજાને મોટા કરે છે, તેને શ્રીહરિ જ મોટપ આપે છે. અને જે બીજાનું કાપવા જાય છે, તે પોતે જ કપાઈ જાય છે. જે બીજાને તુચ્છ માને છે, તે પોતે જ તુચ્છ થઈ જાય છે. જે બીજામાં શ્રીહરિને જુએ છે અને બ્રહ્મભાવ તથા ભગવદ્‌ભાવની દૃઢતા કરે છે, તેને શ્રીહરિ વશ થાય છે.

અયોધ્યાપ્રસાદજી મહારાજ ધામમાં ગયા પછી કેશવપ્રસાદજી મહારાજે નિર્ગુણદાસસ્વામીને અમદાવાદની મહંતાઈ સોંપી હતી. અને કેશવપ્રસાદજી મહારાજ સંવત્ ૧૯૩૪ની સાલમાં આખા અમદાવાદ દેશની જવાબદારી સ્વામીને સોંપી પોતે છપૈયા ગયા હતા. સંવત્ ૧૯૩૫ શ્રાવણ વદ ૧૦ના રોજ વડતાલ દેશના આચાર્ય ભગવત્પ્રસાદજી મહારાજ અક્ષરવાસી થયા, તે સમયે કેશવપ્રસાદજી મહારાજ સરવાર દેશમાં હતા. એટલે તેમની પુણ્યતિથિમાં અમદાવાદના મહંત સદ્. નિર્ગુણદાસજીસ્વામી પચાસ સંતોને સાથે લઈને વિહારીલાલજી મહારાજને ધીરજ તથા શિરપાવ આપવા માટે વડતાલ આવ્યા હતા. તેની નોંધ સ્વયં વિહારીલાલજી મહારાજે આચાર્યોદય પ્ર.૧માં લીધી છે.

કેશવ પરસાદજી તણો, હતો એ સમે સરવાર વાસ ।
માટે શ્રીપુરથી આવિયા, સંત પચાસ સાથ નિર્ગુણદાસ ॥૫॥

વળી, આ જ સમયમાં વડનગર મંદિરમાં ઠાકોરજીની સેવામાં રહેલા પાર્ષદે અમદાવાદ આવી સદ્.શ્રીનિર્ગુણદાસજીસ્વામી આગળ

રજા માગી ને કહ્યું, 'હવે મારે વડનગરમાં સેવા કરવા રહેવું નથી.' તેથી સ્વામીએ તેને પ્રેમથી રજા આપી અને વડનગરના મંદિરમાં સ્થિત ઠાકોરજીની સેવાની સોંપણી સંવત્ ૧૯૩૫ની સાલમાં સમર્થ સંત ઈશ્વરચરણદાસજીને સોંપી હતી. આમ, મોટા મોટા સંતો અને આચાર્યશ્રી પણ નિર્ગુણદાસજીસ્વામીની આમન્યા રાખતા અને તે કહે તેમ કરતા હતા.

❋ કચ્છમાં વિચરણ અને અનેકને સત્સંગ :

એકવાર સ્વામી ગામો-ગામ ફરતાં ફરતાં ભૂજમાં પધાર્યા ત્યાં ખૂબ સેવા કરી. અનેકને વાતો કરી શ્રીહરિનો મહિમા સમજાવી નિષ્ઠાવાન ભક્ત સમુદાય તૈયાર કર્યો. સં. ૧૯૪૨માં ભુજમંદિરમાં સૌ પ્રથમ મોટો સભામંડપ સ્વામીએ બનાવ્યો. તેમાં સ્વામીના વચને ભક્તોએ ઘણી સેવા કરી. સ્વામી જ્યાં જાય ત્યાં ગોપાળાનંદસ્વામીની વાતો તથા ગુણાતીતાનંદસ્વામીની વાતો ખૂબ વાંચતા અને શ્રીહરિની સર્વોપરીતાનો બ્રહ્મનાદ ગૂંજવતા. સ્વામી જ્યાં હોય ત્યાં કથા-વાર્તાનો અખાડો અખંડ ચાલું રહેતો. સ્વામી પાસે મોટા-મોટા વિદ્વાનો કથા સાંભળવા આવતા. અને વાતો સાંભળી ઘણા સત્સંગીઓ થતા. તો ઘણા જાત જાતનાં પ્રશ્નો પૂછતા. સ્વામી દરેકને તેનો સચોટ ઉત્તર આપતા, તેથી પ્રશ્નનું સમાધાન થતાં તેઓ પણ સર્વાવતારી શ્રીહરિના પરમ ઉપાસક બની જતા. આ હતો ગુરુકૃપાનો અને શ્રીહરિના રાજીપાનો પ્રતાપ.

કચ્છમાંથી એકવાર અમદાવાદ બાજુ આવતાં ખાખરેચી થઈ જેતપુર પધાર્યા. ત્યાં એક નાગર કામદાર અઢાર પ્રશ્નો લખી લાવ્યો. અને સાથે વીસ-પચીસ માણસોનું ટોળું હતું. પણ સ્વામી તો શ્રીહરિજી તથા ગુરુદેવ ગોપાળનંદસ્વામીને સંભારીને તેના ઉત્તર કરવા લાગ્યા. તે ઉત્તર સાંભળીને તે કામદાર તથા સહુના હૃદયમાં એવો પ્રભાવ પડ્યો કે, આ તો પ્રગટ ભગવાનના મળેલા સંત છે, બીજાથી આમ બોલાય

નહિ. આમ વિચારી ત્યાં અનેક લોકો સ્વામીના હાથે વર્તમાન ધારણ કરી સત્સંગી થયા. આ રીતે અનેક જીવોને શ્રીજીમહારાજનું સ્વરૂપ સમજાવતા થકા ત્યાંથી ચાલ્યા. મોરબી પાસે આવેલા માળિયાના નરેશ મોડજીભાઈ દરબાર પણ સ્વામીની વાતો સાંભળી શ્રીહરિના સર્વોપરી ઉપાસક અને પરમ ભક્ત બન્યા હતા. અને શ્રીહરિ ઘણી વાર તેમને પ્રત્યક્ષ દર્શન આપતા એવી સ્થિતિ પામ્યા હતા. આમ, સ્વામીએ અનેક રાજ-રજવાડાંઓમાં તથા અન્ય ભક્તોમાં સત્સંગનો રંગ લગાડી ઝાલાવાડ, હાલાર ફરી અમદાવાદ પધાર્યા. પછી દંઢાવ્ય વગેરે દેશોમાં ગામો-ગામ ફરી મહારાજની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવી. અને અનેક લોકોને સત્સંગ કરાવ્યો.

આમ, નિર્ગુણદાસજીસ્વામી ખૂબ જ વાતો કરતા, વચનામૃતના રહસ્યો સમજતા અને સહુને સમજાવતા. એકવાર શ્રીહરિએ જ સ્વામીને આ વાતો લખવાની પ્રેરણા કરી. તેથી સ્વામીએ પોતે પોતાને હાથે જ આ વાતો લખી છે. તે શ્રીહરિનો મહિમા સમજવા માટે ઉપયોગી છે. આમ, અનંત જીવોને શ્રીહરિનો મહિમા સમજાવ્યો. અને આપણે પણ ભવિષ્યમાં શ્રીહરિ તથા મોટા પુરુષોને રાજી કરી શકીએ તેવા હેતુથી આ વાર્તા-ગ્રંથ સત્સંગ સમાજને ભેટ આપી સ્વામીએ બહુ મોટો ઉપકાર કર્યો છે.

સં.૧૯૪૯માં જેઠ-અષાઢ મહિનામાં સ્વામીએ બિમારી સ્વીકારી. તેથી સ્વામીના હેતવાળા સૌ ભક્તો દર્શને આવવા લાગ્યા. શ્રાદ્ધ પક્ષમાં તો કચ્છ દેશના ઘણા ભક્તો સ્વામીનાં દર્શને આવ્યા. તેમાંથી એક ભક્તને દર્શન આપી મહારાજે કહ્યું કે, ‘આ સંત તો અક્ષરધામના મુક્ત જ છે. બહુ સમર્થ છે. અમને અતિ પ્યારા છે. તેથી અમો તેમને આસો સુદ-૧ની રાત્રે ૧.૦૦ વાગ્યે અનંત મુક્તો સાથે તેડવા આવશું.’ અને સ્વામીને પણ આ વાતની ખબર હતી. તેથી તે દિવસે હજારો ભક્તો અમદાવાદ મંદિરમાં હાજર રહ્યા હતા.

સં.૧૯૪૯ આસો સુદ-૧ના રોજ અનંત મુક્તો સાથે મહારાજ સ્વામીને તેડવા આવ્યા. અને સ્વામી અમદાવાદ કાલુપુર મંદિરમાં સ્વતંત્ર થકા ભૌતિક દેહનો ત્યાગ કરી દિવ્ય દેહ ધરી સદા શ્રીહરિની સેવામાં પહોંચી ગયા. એવા આ વિરલ સંતના પાવનકારી ચરણોમાં મારાં કોટી કોટી વંદન.

સદ્ગુરુ શ્રીનિર્ગુણદાસજીસ્વામીની વાતો અમે ઘણીવાર વાંચી સાંભળી છે, આ વાતો બહુ જ શાંતિકારક, મનનીય અને શ્રીહરિજીનો મહિમા સમજવામાં અતિ ઉપયોગી છે. આવા સદ્.શ્રીનિગુર્ણદાસજીસ્વામીની વાતો અમારા ગુરુજી પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રસિદ્ધ કરતાં આનંદની લાગણી અનુભવીએ છીએ.

લી. સાધુ ઈશ્વરચરણદાસ તથા સાધુ બ્રહ્મપ્રકાશદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ના
અતિ ભાવથી જય સ્વામિનારાયણ

અનુક્રમણિકા

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સદ્.શ્રીનિર્ગુણદાસજીસ્વામીની વાતો

यो मुक्तैः परिसेविताङ्घ्रियुगलो दिव्येऽक्षरे राजते।
दिव्याभूषणभूषितस्ववयवो देवेशदिव्याकृतिः॥
मूर्त्यां मुक्तिधरां क्षितौ स वृषतः सर्वावतारी प्रभुः।
धृत्वा जन्म विचित्रभक्तिमतनोत्तं श्रीहरिं चिन्तये॥१॥

જે બ્રહ્માદિ દેવના પણ ઈશ્વર કહેતાં તેમને જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને લયમાં પ્રેરનારા છે, જે દિવ્ય મૂર્તિમાન છે, જેમણે કુંડળ-મુગટ વગેરે દિવ્ય આભૂષણો ધારેલાં છે, જેમના કર-ચરણાદિક અવયવો ભક્તને ધ્યાન કરવા યોગ્ય છે, જેમનાં ચરણકમળ અક્ષરના સાધર્મ્યપણાને પામેલા મુક્તોએ પણ સેવેલાં છે, જે દિવ્ય અક્ષરધામને વિષે વિરાજી રહ્યા છે, જે સર્વ અવતારના અવતારી તથા કાળ-માયા આદિ શક્તિઓના નિયંતા છે, જે પુરુષોત્તમ ભગવાને આ પૃથ્વી ઉપર ધર્મદેવથી શ્રીભક્તિને વિષે પ્રગટ થઈને ચાર પ્રકારની મુક્તિને ધારણ કરનાર નવધા ભક્તિને વિસ્તારી એવા અને પોતાને શરણે આવેલા જનોનાં કષ્ટને હરનારા એવા મારા ઈષ્ટદેવ શ્રીસહજાનંદસ્વામીનું હું મારા હૃદયને વિષે ચિંતવન કરું છું. ॥૧॥

दिव्याश्चर्यगुणातिशोभितसदैश्वर्यैर्युता यज्जनाः।
यत्पादाब्जयुगातिचिंतनरता नैकाण्डभोगान्भृशम्॥
त्यक्त्वा विक्षेपकारिणोऽतिसुखदे ध्याने कृपासागरम्।
तं ध्यायाम्यखिलेश्वरं नरवरं श्रीस्वामिनारायणम्॥२॥

ભક્તિ-ધર્મના પુત્ર એવા સહજાનંદસ્વામીના ભક્તો ભગવાનનું અતિશય સુખ આપનારા ધ્યાનમાં અંતરાય કરનાર અનંતકોટિ બ્રહ્માંડના ભોગનો સારી પેઠે ત્યાગ કરીને શ્રીહરિના ચરણકમળના ચિંતવનમાં જ પ્રીતિવાળા છે, અને તેથી જ તે ભક્તો દિવ્ય તથા આશ્ચર્યકારક અનેક ગુણો વડે શોભાયમાન એવાં અનેક ઐશ્વર્યથી યુક્ત થાય છે, એવા તે કૃપાના સાગર, ભૂતપ્રાણીમાત્રના ઈશ્વર અને પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ પ્રભુનું હું ધ્યાન કરું છું. ॥૨॥

स्वस्तिव्योमादिराजत्तदरुणचरणासक्तचेतो द्विरेफम्।
संसिद्धाष्टांगयोगं दृढतरपरमैकान्तभक्तिं सुशान्तम्॥
गोपालानन्दसंज्ञं परममुनिमतं ज्ञानवैराग्यजुष्टम्।
वंदे वर्य्यं सदा मे निखिलजनहितं सद्गुरुं ज्ञानदं वै॥३॥

હવે હું અતિ શ્રેષ્ઠ એવા મારા ગુરુ શ્રીગોપાળાનંદ નામના મુનિને વંદન કરું છું. તે કેવા છે ? તો સ્વસ્તિ-વ્યોમ આદિ ચિહ્નોથી શોભતા અને રક્ત એવા ભગવાન શ્રીહરિનાં બંને ચરણકમળમાં જ જેમનું ચિત્તરૂપી ભ્રમર નિરંતર આસક્ત રહે છે; જેમણે અષ્ટાંગયોગ સારી રીતે સિદ્ધ કર્યો છે; જેમને વિષે અત્યંત દૃઢ પરમ એકાંતિકી ભક્તિ છે, અને તેથી જ જેમને ઇન્દ્રિયો-અંતઃકરણ વશ છે; જેઓ જ્ઞાન-વૈરાગ્યાદિ શુભ ગુણોથી નિરંતર સેવાયેલા છે; જેઓ સમગ્ર ભૂતપ્રાણીમાત્રનું હિત કરનારા છે; મુમુક્ષુ જનને શ્રીહરિસ્વરૂપના જ્ઞાનને આપનારા છે. અને જેઓ સાધુજનના ગુરુ તથા અતિ શ્રેષ્ઠ મુનિઓને પણ માનવા યોગ્ય છે. ॥૩॥

अशृणवं गुरोः पूर्वं तथान्येषां सतां मुखात्।
हरेर्दिव्यचरित्राणि नृनाट्येन कृतानि च॥४॥
साधुनिर्गुणदासस्ते नेरितोऽथान्तरात्मना।
श्रीहरेश्च सतां प्रीत्यै सदा तत्स्मृतये नृणाम्॥
हरिं ध्यात्वाथ चैतानि स्मृत्वा वार्ता लिखाम्यहम्॥५॥

એવા તે મારા ગુરુ ગોપાળાનંદસ્વામી તથા તે સિવાયના ઘણાક સંતોના મુખ થકી શ્રીહરિએ મનુષ્યદેહ ધરીને કરેલાં દિવ્ય ચરિત્રોને મેં

પૂર્વે સાંભળેલા છે. ।।૪।। હવે અંતર્યામી એવા તે શ્રીહરિની પ્રેરણાથી હું સાધુ નિર્ગુણદાસ શ્રીહરિનું ધ્યાન કરીને તે ચરિત્રોને સંભારી સંભારીને તે સંબંધી વાર્તાઓ લખું છું. તે શા માટે ? તો શ્રીહરિ તથા તેમના એકાંતિક સાધુઓ પ્રસન્ન થાય અને મુમુક્ષુજનોને શ્રીહરિની નિરંતર સ્મૃતિ થાય તે માટે લખું છું. ।।૫।।

नैता मे लिखिता क्षिताविह निजोत्कर्षत्वविज्ञप्तये
तेन स्यादिह दूषणं किमपि तद्धित्वा बुधैः सद्गुणः।
भक्तानां सुखसिद्धये भगवतो धर्मात्मजस्येशितु-
र्ग्राह्यो मामिह साधवो भृशमनुगृह्णन्तु निर्मत्सराः।।६।।

વળી, શ્રીહરિનાં ચરિત્રોની આ વાતો હું આ લોકમાં મારી મોટપ વધારવા માટે નથી લખતો, પરંતુ ધર્મપુત્ર સર્વનિયંતા શ્રીસ્વામિનારાયણ પુરુષોત્તમ ભગવાનના સમગ્ર ભક્તોને શ્રીહરિના સ્વરૂપનું સુખ થાય તે માટે લખી છે. માટે રૂડી બુદ્ધિવાળા જનોએ આ વાતોમાં કોઈ જાતનો બાધ હોય તો તેનો ત્યાગ કરીને ભગવાનના ભક્તોને સમજાવવા માટે આ વાર્તાઓ લખવા રૂપ મારો ગુણ જ ગ્રહણ કરવો. તેમજ આ વાતો સાંભળીને આ લોકમાં જે નિર્મત્સર સાધુઓ હોય તે મારા ઉપર અતિશે અનુગ્રહ કરે એવી પ્રાર્થના કરું છું. ।।૬।।

૧. મહારાજે હજારો બાળકોને દેવલોકમાં મોકલ્યા.

શ્રીજીમહારાજ શ્રીગઢપુરથી શ્રીવડતાલ જતા હતા, તે ગામ ગાંફ પાસે મલકા તલાવડીએ બપોરા કરવા સારુ ઊતર્યા. ને ત્યાં વૃક્ષની છાયાયે માથે વસ્ત્ર ઓઢીને મહારાજ પોઢ્યા હતા ને પાસે નાજા જોગિયા બેઠા હતા. તેમણે ત્યાં બે-ત્રણ હજાર બાળક આવ્યાં તેમને દેખીને કહ્યું જે, “આટલાં બધાં છોકરાં ક્યાંથી આવ્યાં ?” ત્યારે શ્રીજીમહારાજે માથેથી વસ્ત્ર પરું[૧] કરીને કહ્યું જે, “આ તો અમારી ભ્રાંતિએ કરીને કંસે જે બાળક મરાવ્યાં હતાં, તેઓ અમારે દર્શને આવ્યાં છે.” એમ

૧.દૂર

કહીને તેમની સામું જોયું, ત્યાં તો તે સર્વે દેવ થઈને હજારો વિમાન આવ્યાં તેમાં બેસીને દેવલોકમાં ગયાં. ॥૧॥

૨. મહારાજે રાધાવાવે વાંસળી વગાડી.

કોઈક સમયે શ્રીજીમહારાજને વડતાલ જાવું હતું, તે મયારામ ભટ્ટને કહ્યું જે, "મુહૂર્ત જુઓ. આંહીંથી ચલાય એવો દિન ક્યારે છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "આજ મુહૂર્ત સારું છે, પછી તો દશ દિન કેડે સારું મુહૂર્ત આવશે." ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "આજ રાધાવાવે પસ્તાનું કરો.[1]" એમ કહીને ત્યાં પસ્તાનું કર્યું. ને ત્યાં ગાડા ઉપર મહારાજ બિરાજમાન થયા. ને ત્યાં સુરતનો સંઘ દર્શને આવ્યો. તેણે શ્રીજીમહારાજની ચંદન, પુષ્પ, વસ્ત્ર, અલંકારે કરીને પૂજા કરી ને રૂપાની વાંસળી હાથમાં આપી. તેને જોઈને બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "તમે કૃષ્ણાવતારમાં વાંસળી વજાડતા તે આવડે છે કે ભૂલી ગયા છો ? ત્યારે શ્રીજીમહારાજ કહે, "આવડે છે." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "વજાડો તો અમે સાંભળીએ." ત્યારે શ્રીજીમહારાજે વાંસળી વજાડી. તેને સાંભળીને સર્વે જીવ સ્થિર થઈ ગયા. ને સર્વેની વૃત્તિઓ શ્રીજીમહારાજે તાણી લીધી. તેણે કરીને સર્વે જીવ શ્રીજીમહારાજને સમીપે આવતા હતા, ને ઘેલા નદીનું જળ સ્થિર થઈ ગયું. એ લીલાનાં બ્રહ્માનંદસ્વામીએ, "વાલે વજાડી છે વાંસળી રે, કાલિંદીને તીર" એ કીર્તન કર્યાં છે. ॥૨॥

૩. કાગળ લખાવવા અંગૂઠામાંથી તેજ કાઢયું.

કોઈક સમયને વિષે શ્રીગઢપુરમાં શ્રીજીમહારાજ રાત્રિને વિષે અક્ષરઓરડીમાં ઢોલિયા ઉપર પડદો નંખાવીને તેમાં પોઢ્યા હતા ને શુકમુનિ પાસે કાગળ લખાવતા હતા. ને દીવો ઓલાઈ ગયો એટલે શુકમુનિએ કહ્યું જે, "કાગળ અધૂરો રહ્યો ને દીવો ઓલાઈ ગયો." ત્યારે શ્રીજીમહારાજે પડદા થકી પોતાનું ચરણારવિંદ બહાર કાઢીને

૧.પ્રસ્થાન કરો; ચાલવાનું મુહુર્ત સાચવવા આંહીંથી નીકળી રાધાવાવે રોકાણ કરો.

અંગૂઠામાંથી દીવા કરતાં પણ અધિક પ્રકાશ દેખાડ્યો. તે કાગળ જ્યાં સુધી લખાઈ રહ્યો ત્યાં સુધી દેખાણો. ને પછી ચરણારવિંદ તાણી લીધું ને તેજ ન દેખાણું. ॥૩॥

૪.લીંબલીના મૂળજીભાઈએ મૃત દીકરાનો શોક ન કર્યો.

અને કોઈક સમયમાં ગામ લીંબલીના શેઠ મૂળજીભાઈ શ્રીગઢડામાં દાદા ખાચરના કારભારી થઈને મહારાજ પાસે રહ્યા હતા. અને પોતાને ગામ પોતાનો દીકરો માંદો થયો એટલે ઘરના મનુષ્યે કાગળ લખીને મૂળજીભાઈને તેડવા સારુ મનુષ્ય મોકલ્યું. તે મૂળજીભાઈએ મહારાજ પાસે જઈને એમ કહ્યું જે, “હે મહારાજ ! મારો દીકરો માંદો થયો છે, તે મને તેડવા સારુ ઘેરથી કાગળ લઈને મનુષ્ય આવ્યું છે; તે કેમ કરું ?” ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, “દીકરો માંદો થયો છે, તે ઘેર ગયા વિના કેમ ચાલે ? માટે ઘેર જાઓ ને તે દીકરાના સારા સમાચાર અમને વહેલા મોકલજો.”

એટલે મૂળજીભાઈ પગે લાગીને ચાલ્યા. ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, “મૂળજી, પાછો વળ. તારો દીકરો દેહ મેલે તો તને કાંઈ શોક થાય ?” ત્યારે મૂળજીભાઈ એમ બોલ્યા જે, “હે મહારાજ ! તમે ધામમાં તેડી જાઓ તેનો મને શું શોક થાય.” ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “એ તારો છોકરો મોર સાધુ હતો, તે કાંઈક વાસના રહી હતી, તે સારુ તેણે તારે ઘેર જન્મ ધર્યો હતો. તેને અમે ધામમાં તેડી ગયા છીએ. માટે હવે તું નદીએ નાઈ આવ.” પછી તે નાઈ આવીને મહારાજને પગે લાગીને બેઠા ને કાંઈ શોક ન કર્યો. ॥૪॥

૫.બે ભક્તોની સાલેમાળ પર્વતમાં બહારવટિયા થકી રક્ષા

અને કોઈક સમયને વિષે શ્રીજીમહારાજ ગામ કરિયાણે બિરાજમાન હતા. અને તે મહારાજનાં દર્શન કરવા સારુ પોતાને ગામથી શેઠ મૂળજીભાઈ તથા ભક્ત સગરામ એ બે જતા હતા. તે વાટમાં જાતાં

સાલેમાળ પર્વતમાં ભૂલા પડ્યા. તે જેણી કોર મૂળીના પરમારના બહારવટિયા રહેતા હતા, તેણી કોરે ચાલ્યા ત્યારે શ્રીજીમહારાજ ભરવાડનો વેશ લઈને આવ્યા. ને મૂળજીભાઈને એમ કહ્યું જે, "તમારે ક્યાં જાવું છે ?" ત્યારે એમણે એમ કહ્યું જે, "કરિયાણે જાવું છે." ત્યારે તે ભરવાડ એમ બોલ્યો જે, "કરિયાણું તો આણી કોરે રહી ગયું ને તમો તો ભૂલા પડ્યા છો. તે જેણી કોરે પરમારના બહારવટિયા રહે છે, તેણી કોર જાઓ છો માટે તમને લૂંટી લેશે. તે ચાલો મારા ભેળા, તમને માર્ગ દેખાડું. ને મારી ગાયો પણ એણી કોર ચરવા ગઈ છે, તે મારે પણ એણી કોર જાવું છે." એમ કહીને લાકડી ખભે લઈને આગળ ચાલ્યો. તે પાણી દેખાડીને પાણી પાયું ને મૂળજીભાઈના પગમાંથી કાંટા કાઢયા. અને કરિયાણાની ભાગોળ સુધી ભેળા આવીને એમ કહ્યું જે, "આ કરિયાણું છે તેમાં જાઓ અને મારી ગાયો એણી કોર ગઈ છે તે હું પણ એણી કોરે જાઈશ." એમ કહીને અદૃશ્ય થઈ ગયો તે ખોળ્યો પણ જડ્યો નહિ. ને મૂળજીભાઈ ને સગરામ ભક્ત એ બે જણ ગામમાં જઈને કાઠીના દરબારમાં શ્રીજીમહારાજનાં દર્શન કરતા હતા. તે પછી પોતાનું રસ્તાનું જે વૃત્તાંત મહારાજને કહેતા હતા. ત્યારે મહારાજ એમ બોલ્યા જે, "તમે સાલેમાળમાં ભૂલા પડીને જતા હતા, એણી કોરે તો મૂળીના બહારવટિયા હતા, તે અમે ભરવાડનો વેશ લઈને ન આવ્યા હોત તો તમને લૂંટી લેત ને ઝાલી જાત." એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તની સહાય કરી. ।।૫।।

૬. મૂળજીભાઈને ચશ્મા વિના દેખતા કર્યા.

અને કોઈક સમયને વિષે ગઢપુરમાં શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને મૂળજીભાઈ પાસે કાગળ લખાવતા હતા. તે મૂળજીભાઈ ચશ્મા ચડાવીને કાગળ લખતા હતા. તેમનાં ચશ્મા શ્રીજીમહારાજે તાણી લીધાં; ત્યારે મૂળજી કાગળ લખતા રહી ગયા. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "મૂળજી લખને, કેમ લખતાં રહી

ગયો ?" ત્યારે તે બોલ્યા જે, "ચશ્મા વિના તો કાંઈયે દેખાતું નથી." ત્યારે શ્રીજીમહારાજે મૂળજીભાઈને ચશ્મા પેરાવ્યાં ત્યારે તો મુદલ કાંઈ દેખાણું નહીં. ત્યારે તેમણે એમ કહ્યું જે, "આ તો મુદલ કાંઈયે દેખાતું નથી." ત્યારે મહારાજે ચશ્મા લઈ લીધાં ત્યારે અતિશે દેખાણું. ને મૂળજી એમ બોલ્યા જે, "આ તો અતિશે દેખાય છે. ત્યારે મહારાજ કહે, "જીવત્પર્યંત આવું ને આવું દેખાશે." ॥૬॥

૭. મૂળજીભાઈની સ્ત્રીનો અંધાપો દૂર કર્યો.

અને કોઈક સમયને વિષે શ્રીજીમહારાજ ગામ શ્રીલીંબલીમાં મૂળજીભાઈને ઘેર પધાર્યા હતા. ને ફળિયામાં ઢોલિયા ઉપર મહારાજ વિરાજતા હતા. અને મૂળજીભાઈની સ્ત્રી આંખે મુદલ પણ દેખતી ન હતી. તેને જોઈને મહારાજ મૂળજીભાઈ પ્રત્યે એમ બોલ્યા જે, "મૂળજી ! આ સ્ત્રી કોણ છે ?" ત્યારે તે બોલ્યા જે, "મારા ઘરનું મનુષ્ય છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "દેખતી નથી કે શું ?" ત્યારે મૂળજી બોલ્યા જે, "નથી દેખતી." ત્યારે મહારાજ કહે, "આ તો બહુ ખોટુ. કેમ કે, સ્ત્રીનો અવતાર તેને દેહની ક્રિયા કરવી પડે તે બહુ કઠણ." ત્યારે મૂળજી બોલ્યા જે, "જગતમાં ઘણાં આંધળાં હોય છે, તે પણ પોતાની દેહક્રિયા કરે છે; ક્યાં જાય ?" ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "કંઈક દેખાય તો તો સારું." ત્યારે મૂળજી બોલ્યા જે, "હા મહારાજ, દેખાય તો તો ઘણું સારું." ત્યારે તે સ્ત્રી ઘરમાંથી મૂળજીભાઈ પ્રત્યે બોલી જે, "આંહીં આવો." ત્યારે તે ઘરમાં ગયા. ત્યારે તે પ્રત્યે તે સ્ત્રી એમ બોલી જે, "મને તો બધુંયે દેખાય છે. ત્યારે તે મૂળજીભાઈએ મહારાજ પાસે બહાર આવીને એમ કહ્યું જે, "એને દેખાવા માંડ્યું." ત્યારે મહારાજ એમ બોલ્યા જે, "જીવત્પર્યંત દેખશે." તે તેને જીવત્પર્યંત દેખાણું. ॥૭॥

૮. બરછીનું દુ:ખ કાંટેથી ટાળ્યું.

અને કોઈક સમયમાં તે મૂળજીભાઈ મૂળીના પરમારનું કારભારું કરતા. ને તે મહારાજનાં દર્શન કરવા સારુ ગઢડે જવા તૈયાર થયા.

ને તેમને પગમાં બાવળનો કાંટો વાગ્યો, તે સોંસરો નિસર્યો. તે પંદર દિવસ લગી ન જવાણું. તે પછી ગઢડે ગયા ને મહારાજનાં દર્શન કર્યાં. ત્યારે મહારાજ બોલ્યા જે, "મૂળજી ! વહેલો આવવાનો હતો ને કેમ વાર લાગી ?" ત્યારે મૂળજી કહે, "પગમાં કાંટો વાગ્યો હતો ને ચલાય એમ ન હતું, એટલે વાર લાગી. ત્યારે મહારાજ બોલ્યા જે, "તને આવતો જાણીને મૂળીના બહારવટિયા તને બરછીએ મારવા તૈયાર થઈ રહ્યા હતા. તે તું જો તે દિવસ આવત તો તને બરછીએ મારત. તે સારુ પરમેશ્વરે તારું બરછીનું દુઃખ કાંટેથી નિવારણ કર્યું." ॥૮॥

૯. પૂર્ણાનંદસ્વામી તથા નરોનારાયણાનંદસ્વામીને ભગવાનપણાનો નિશ્ચય થયો.

સંવત ૧૮૬૦માં મૂળજીભાઈ કારિયાણીથી મહારાજને મેમકે તેડી લાવ્યા ને ભેળા મુક્તાનંદસ્વામી આદિક થોડાક સાધુ હતા. ને તે મૂળજીભાઈને મેથાણના પટેલ અજોભાઈ જે પૂર્ણાનંદસ્વામી તથા ગામ રામગરીના નરોનારાયણાનંદસ્વામી તેમણે આગળથી એમ કહ્યું હતું જે, "જ્યારે તમારે ગામ સ્વામિનારાયણ આવે ત્યારે અમને ખબર કરજો, એટલે અમે પણ ત્યાં દર્શન કરવા આવીએ."

પછી જ્યારે મહારાજને મેમકે તેડી લાવ્યા ત્યારે મહારાજનાં દર્શન કરવા સારુ મેથાણથી તથા ગામ રામગરીથી તે બે જણને તેડાવ્યા. ને તે આવ્યા તે સમે મહારાજ મેમકાની નદીમાં કૂવો છે, ત્યાં નાવા ગયા હતા. ને તે સમયમાં મહારાજ મેઢીઆવળ[૧] ને મરચાં ભેળાં વટાવીને ગોળો કરીને જમીને તેનો રેચ લેતા ને કેટલાક જનને સમાધિ કરાવતા; એવું પ્રકરણ હતું. તે બે-ત્રણ જણ સમાધિ કરીને ત્યાં સૂતા હતા. ને શ્રીજીમહારાજ બહિર્ભૂમિએ જઈને પલાંશિયુંના જાળામાંથી[૨] આવતા હતા. ને મુક્તાનંદસ્વામી બેઠા હતા ત્યાં એ બે જણ આવ્યા. તેમાં પૂર્ણાનંદસ્વામીને મહારાજની ચાલ જોઈને નિશ્ચય થઈ ગયો. અને

૧.મીંઢી આવળ; સોનામુખી નામની વનસ્પતિનાં રેચક પાન ૨.ખાખરાના વનમાંથી

તે એમ બોલ્યા જે, “આ જરૂર ભગવાન છે. કેમ કે, આવી ચાલ ભગવાન વિના મનુષ્યની હોય નહીં.” ને પછી નરોનારાયણાનંદસ્વામી સમાધિવાળાને જોઈને એમ બોલ્યા જે, “અખે[૧] એમ કહ્યું છે જે, ‘બીજાનાં નાડી-પ્રાણ જીવથી ન ખેંચાય’ માટે આ ભગવાન છે.” ત્યારે પૂર્ણાનંદસ્વામી બોલ્યા જે, “બીજાનાં નાડી પ્રાણ ખેંચે વા ન ખેંચે પણ જરૂર આ ભગવાન છે.” એમ નિશ્ચય કરીને તે બેય જણે વર્તમાન ધાર્યા, ને થોડાક દિવસ ત્યાં રહીને પોતાને ગામ ગયા.

❋ મહારાજે ભક્તોની રક્ષા કરી.

મહારાજ પણ થોડા દિવસ ત્યાં રહીને પછી ત્યાંથી બીજે ગામ ગયા. ત્યારે તે ગામના શેઠ મૂળજીભાઈ તથા સુતાર હંસરાજ તથા પટેલ શ્યામો કણસાગરો તથા પટેલ શ્યામો અગોલો એ ચાર જણા મહારાજને દૂર લગી વળોટાવવા[૨] જાતા હતા. ત્યારે મહારાજ એ ચાર જણાઓને એમ કહેતા હતા જે, “અમારી આજ્ઞા માનશો ?” ત્યારે તેમણે કહ્યું જે, “તમે જેમ આજ્ઞા કરશો તેવી રીતે વર્તીશું.” ત્યારે મહારાજ કહે, “દિન વીસની માંહિલી કોર વઢવાણ પરગણું મેલીને ઉચાળા લઈને પર પરગણે રહેવા જાજો. શા સારુ ? જે બાબાજીનું લશ્કર આવશે તે વઢવાણ સાથે લડાઈ થશે ને વઢવાણ ઉજ્જડ થાશે ને મેમકાને બાળી દેશે.” એમ ચાર જણાને આજ્ઞા કરીને શ્રીજીમહારાજ બીજે ગામ ગયા. અને મૂળજીભાઈ ગામ લીંબલીએ રહેવા ગયા ને હંસરાજ સુતાર ગામ ખોલડિયાદ રહેવા ગયા. ને શ્યામો કણસાગરો ને શ્યામો અગોલો એ બે જણ ગામ ચાંણપર રહેવા જાતા હતા.

તે પછી વીસ દિવસ મોર વડોદરેથી દીવાન બાબાજીનું લશ્કર આવ્યું, તે મેમકું લૂંટીને બાળી દીધું. એવી રીતે ભવિષ્યકાળનું કહીને મહારાજે ભક્તોની રક્ષા કરી. ॥૯॥

૧.અખા નામના કવિએ ૨.વળાવવા

૧૦. વિસામણના માણસોને હથિયારબંધ હજારો મનુષ્ય દેખાડયાં.

એક સમયે સુરા ખાચરની ડોસીનું ખર્ચ હતું. તે ઉપર સર્વે કાઠી આવ્યા હતા ને વિસામણ ને તેનો ગુરુ તે પણ આવ્યા હતા. ત્યારે સોમલે ખાચરે વિસામણના ગુરુને કહ્યું જે, "ભણે ત્યાગી થઈને બાયડીને અડે છે ને બોલે છે કેમ ? ને શાસ્ત્રમાં તો એમ કહ્યું છે જે, '**पदापि युवतिं भिक्षुर्न स्पृशेद्दारवीमपि।**'[૧] ત્યારે તે બોલ્યો જે, "સબકું રખુંગી." પછી સોમલો ખાચર બોલ્યા જે, "જો કાઠિયાણીઓને રાખી તો કોઈક ખજૂરા પાડશે." ત્યારે તે કહે જે, "ક્યા ખજૂરા પાડેગા ? યું ને યું હાથ રખું." ત્યારે સોમેલો ખાચર કહે, "જો જો હોં !" એમ કહીને ઠોઠ મારી, તે ટોપીએ સહિત પડી ગયો ને ક્રોધ કરવા મંડ્યો. ત્યારે સોમલો ખાચર બોલ્યા જે, "ભણે સાધુ થઈને ક્રોધ કાણું કરતો છે ? જો હું ગૃહસ્થ છું, પણ મુંસે[૨] ક્રોધ છે ?" તે વાત શ્રીજીમહારાજને કોઈકે કહી ત્યારે મહારાજ બોલ્યા જે, "માથું ઓલ્યાનું ભાંગી ગયું ને એને ક્રોધ શાનો હોય ?"

પછી શ્રીજીમહારાજ કોઈક સમયમાં દશ-પંદર મનુષ્ય ભેળા લઈને ભીમનાથ જતા હતા ને ગામ રોજીદમાં વિસામણ ભક્ત હતો. ને તેના મનમાં એમ વિચાર હતો જે, "સોમલે ખાચરે મારા ગુરુને માર્યા છે, માટે તેના ગુરુને મારે મારવો છે. તે સ્વામિનારાયણ ભીમનાથ જાય છે, ને થોડા મનુષ્ય એમના ભેળા છે; તે મારવાનો લાગ છે." એમ ધારીને સો-દોઢસો મનુષ્ય આડા મોકલીને મારવા સારુ ઓડો બાંધ્યો[૩]. ત્યારે મૂળજી શેઠનો સગો કોઈક વટેમાર્ગુ જતો હતો. તે એ વાત જાણીને મહારાજ ભેળા આવતા જે મૂળજીભાઈ તેની ભેગો થઈને આ દગાની વાત કહેતો હતો. ત્યારે મૂળજીભાઈ મહારાજને

૧.સાધુ કાષ્ઠમયી સ્ત્રીને પણ પગથી પણ સ્પર્શતો નથી.(ભાગ.૧૧/૮/૧૩) ૨.મને
૩.વચ્ચે આંતરવા ચોકી પહેરો ગોઠવ્યો.

એમ કહેતા હતા જે, "આપણા ભેગા થોડા મનુષ્ય છે, ને સોમલો ખાચર પણ નથી માટે પાછા વળીએ તો ઠીક." ત્યારે મહારાજ કહે, "કાંઈ ચિંતા નથી, ચાલો." એમ કહીને હજાર હથિયારબંધ મનુષ્ય પોતા ભેળા ચાલતા દેખાડ્યા. તેને શ્રીજીમહારાજની ઈચ્છાએ કરીને ભગુજી તે સાક્ષાત્ દેખતા હતા. ને બીજા મનુષ્ય તો ચાલવાનો સંચાર તથા હથિયારના ખખડાટને સાંભળતા હતા, પણ તે મનુષ્યને દેખતા ન હતા. અને ઓડો બાંધીને જે ઊભા હતા, તે તો તે સર્વેને દેખીને ભય પામીને પડતા આખડતા ભાગતા હતા, ને ગામમાં પેસી ગયા.

ને મહારાજ તે ગામની ભાગોળે થઈને ભીમનાથ ગયા. ને મહાદેવના દર્શન કરીને પાંચ રૂપિયા મેલ્યા. ને બાવો માનગર મહારાજને મળીને પોતાની મેડી ઉપર ઉતારો કરાવ્યો. અને વિસામણના મનમાં એમ થયું જે, "સ્વામિનારાયણ આટલા બધાં હથિયારબંધ મનુષ્ય ક્યાંથી લાવ્યા ? ને તે ભીમનાથમાં ક્યાં ઊતર્યા છે ?" એમ કહીને પોતાના બે મનુષ્ય ભીમનાથ જોવા મોકલ્યા. તે ત્યાં જઈને ગામમાં જોતા હતા. ત્યારે મહારાજ ભેગાં થોડાંક મનુષ્ય દીઠાં. પછી બાવાને પૂછ્યું જે, "સ્વામિનારાયણ ભેગાં ઘણાંક હથિયારબંધ મનુષ્ય હતાં, તે ક્યાં ઊતર્યાં છે ? ત્યારે તે બાવો બોલ્યો જે, "સ્વામિનારાયણ ભેળા તો આટલાં થોડાં મનુષ્ય છે, તે આ મેડી ઉપર ઊતર્યાં છે." એમ કહીને બાવાએ મહારાજ પાસે આવીને એ વાત સર્વને કહી. ત્યારે મહારાજે એમ કહ્યું જે, "અમારા ભેળા તો આટલા જ મનુષ્ય છે. ને એમણે ઘણા મનુષ્ય દેખ્યા, તે તો ભીમનાથે તેમને પરચો દીધો હશે." તે સાંભળીને તે બાવો આશ્ચર્યને પામતો હતો. ને તે વિસામણનાં મનુષ્ય તે વિસામણ પાસે જઈને તે વાર્તાને કહેતા હતા. ત્યારે તેણે એમ કહ્યું જે, "એમને વળતાં મારશું." એમ કહીને બીજે દિવસે સો-દોઢસો મનુષ્ય મોકલીને ઓડો બાંધ્યો. ત્યારે મહારાજ ભીમનાથથી પાછા વળ્યા, તે ઓડો બાંધેલો જોઈને પૂર્વની પેઠે આશ્ચર્ય દેખાડ્યું. ત્યારે ઓડો બાંધનારા મનુષ્ય ભય પામીને ગામમાં નાસી ગયા. ॥૧૦॥

૧૧. કેસરમિયાંએ મહારાજનો પક્ષ રાખ્યો.

કોઈ સમયમાં શ્રીજીમહારાજનો ભક્ત કેસરમિયાં વઢવાણના કારભારી મહેતા ભાણજી ભેળો ધ્રાંગધ્રા ગયો હતો. ત્યારે ત્યાં તે ભાણજી મહેતો પોતાને ઉતારે બેઠો હતો. ત્યાં એક બ્રાહ્મણ સત્સંગીનો વેશ તિલક, કંઠી આદિ કરીને આવ્યો ને એમ બોલ્યો જે, "મારે ગઢડે સ્વામિનારાયણનાં દર્શન કરવા સારુ જાવું છે. માટે ખર્ચી સારુ મને બે રૂપિયા આપો." ત્યારે તે ભાણજી મહેતાને મહારાજને વિષે દ્રોહબુદ્ધિ હતી. એટલે બ્રાહ્મણનો શબ્દ સાંભળીને અતિશય રીસ કરીને એમ કહ્યું જે, "જો તું સ્વામિનારાયણને ગાળો બોલે તો મૂઠી રૂપિયા આપું." ત્યારે તે બ્રાહ્મણ રૂપિયા સારુ લોભાઈને મહારાજને ગાળો દેવાને તૈયાર થયો. ત્યારે ત્યાં કેસરમિયાં હતો, તે એમ બોલ્યો જે, "હે વિપ્ર, જો સ્વામિનારાયણને તું ગાળો બોલીશ તો હું તારા માથામાં તરવાર મારીશ." ત્યારે ભાણજી મહેતે પ્રેર્યો એટલે મહારાજને ગાળો બોલતો હતો.

ત્યારે કેસરમિયાંએ તેના માથામાં મ્યાન સહિત તરવાર મારી એટલે તે પડી ગયો. પછી ભાણજી મહેતાએ રીસ કરીને કેસરમિયાંનું બારીગરપણું[૧] ખેંચી લઈને તેને બરતરફ કરીને[૨] કાઢી મેલ્યો. ત્યારે તે વઢવાણ જઈને ઉચાળો ભરીને બાઈ[૩] પાસે રજા માગવા ગયો ને એમ કહ્યું જે, "મને ભાણજી મહેતે કાઢી મેલ્યો છે, એટલે હું બીજે રહેવા જાઉં છું." ત્યારે તે બાઈ બોલ્યાં જે, "તું ત્રણ પેઢીનો અમારો ચાકર છે, તે તને હું નહિ જવા દઉં. ને ભાણજી મહેતાને હું કહીશ એટલે તને કાંઈ નહિ કહે." એમ કહીને તેને બારીગરની ચાકરીમાં રાખ્યો.

તે વાર કેડે કોઈક દિવસે કાઠીના ઘોડા ફર્યા[૪] ને વઢવાણનું મહાજન ક્યાંક જતું હતું તે લૂંટ્યું. તેને વાંસે વઢવાણના દરબારની વાર ચડી, તે ગઢડું વટીને આઘે લગી ગયા; પણ ભેગા ન થયા ને

૧.સૈનિકની નોકરી. ૨.હોદ્દા ઉપરથી ઉતારીને. ૩.રાણી. ૪.કાઠીઓ લૂંટફાટ કરવા નીકળ્યા

પાછા વળ્યા. ત્યારે બીજા અસ્વાર એમ બોલ્યા જે, "કેસરમિયાં ! અહીં સ્વામિનારાયણ છે, તેનાં તું દર્શન કરવા સારુ જઈશ ?" ત્યારે તેણે કહ્યું જે, "તમે પણ મહારાજનાં દર્શન કરવા સારુ આવો તો સારું." ત્યારે બીજા અસ્વાર એમ બોલ્યા જે, "તું તો એમનો ભક્ત છો. માટે સ્વામિનારાયણનાં દર્શન કરીશ એટલે સ્વામિનારાયણ પોતાની કોટમાંથી સોનાની ઊતરી ઉતારીને તને આપશે ! કેમ કે, તું કહે છે જે, 'એ ભગવાન છે.' તે જો તને ઊતરી આપે તો એ ભગવાન ખરા."

ત્યારે તે કેસરમિયાં એમ બોલ્યો જે, "એ સ્વામિનારાયણ ભગવાન છે, તે મને ઊતરી આપશે." એમ એ સર્વે વિચાર કરીને દાદા ખાચરના દરબારમાં ગયા. ત્યારે મહારાજ સાધુ-હરિજનની સભા મધ્યે ઢોલિયા ઉપર સુંદર વસ્ત્ર તથા ઘરેણાં તથા સુંદર પુષ્પના હાર, તોરા, ગજરા પહેરીને વિરાજમાન હતા. તેમનાં દર્શન છેટેથી કરતા હતા. ત્યારે મહારાજે કહ્યું, "માર્ગ કરો ને એમને દર્શન કરવા સારુ આવવા દો." ત્યારે માર્ગ કર્યો ને તેઓ પાસે જઈને મહારાજનાં દર્શન કરતા હતા. ત્યારે મહારાજે કેસરમિયાંને સોનાની ઊતરી તથા પુષ્પનો હાર આપ્યો ને બીજાને પણ પુષ્પના હાર આપ્યા. ને કેસરમિયાં પ્રત્યે મહારાજ એમ બોલ્યા જે, "તમને ભાણજી મહેતાએ જે સારુ બરતરફ કરીને કાઢી મેલ્યા તે વાત કહો." ત્યારે તેણે તે વાત કહી.

તે વાત સાંભળીને મહારાજ અતિ પ્રસન્ન થઈને કેસરમિયાં પ્રત્યે એમ બોલ્યા જે, "તું વર માગ, જે માગ તે તને આપું." ત્યારે તેણે એ વર માગ્યો જે, "મારે ઘરે જે મરે તેનું કલ્યાણ થાય. ને તેને જમ લેવા ન આવે." ત્યારે તે વર તેને મહારાજે આપ્યો. તે અદ્યાપિ લગી જે એને ઘેર મરે છે, તેને મહારાજ તેડી જાય છે, ને તેનું કલ્યાણ થાય છે. ॥૧૧॥

૧૨. દિવ્ય દર્શનથી એભલ ખાચરને દૃઢ નિશ્ચય થયો.

અને કોઈક સમયને વિષે ગઢપુરમાં મહારાજ છાના રહેતા. એટલે કેટલાક દુષ્ટ જન એમ નિંદાની વાતો કરતા જે, 'સ્વામિનારાયણ

દરબારમાં છાના રહે છે અને એભલ ખાચર તો ગાંડા છે, તે કાંઈ ખબર નથી. ને દાદો ખાચર પણ નાના છે. તેને પણ વ્યવહારની ખબર નથી, જે લોકમાં લાજ જાય એવી વાતો કહેવાય છે જે, 'બે દીકરીઓ જુવાન છે, ને સ્વામિનારાયણ પણ જુવાન છે. એ સર્વે રાત્રિ-દિવસ ભેળાં રહે છે, તે ખોટું છે.' એવી લોકો વાતો કરતા હતા. તે વાત કોઈકે એભલ ખાચરને કહી જે, "તમે તમારા ઘરની ખબર રાખતા નથી, પણ લોકમાં ન સંભળાય એવી તમારા ઘરની વાતો કહેવાય છે." તે સાંભળીને એભલ ખાચર ઢાલ-તરવાર લઈને મહારાજને મારવા સારુ ડેલીએ બેઠા હતા.

તે વાત કોઈક ભક્તજને મહારાજને કહી જે, "એભલ ખાચર કોપાયમાન થઈને તમને મારવા સારુ ઢાલ-તલવાર લઈને ડેલીએ બેઠા છે. તે તમે નીકળશો ત્યારે તમને ઝટકાવશે[૧]." ત્યારે મહારાજ એમ બોલ્યા જે, "એભલ ખાચર અમને કોઈ દિવસ ન ઝટકાવે." એમ કહીને મહારાજ ડેલીએ પધાર્યા. એટલે એભલ ખાચરને એવું દર્શન થયું જે, મહારાજ અતિશે તેજોમય અને ચતુર્ભુજ છે, ને શંખ-ચક્ર-ગદા-પદ્મને ધારી રહ્યા છે, ને અતિ તેજોમય જે અનેક પાર્ષદ તેણે યુક્ત છે; એવા મહારાજને જોઈને ચરણારવિંદમાં જઈને પડ્યા, ને બહુ પશ્ચાત્તાપ કરવા લાગ્યા જે, "મેં તો તમને આવા જાણ્યા ન હતા. માટે મેં તમને મારવાનો ઘાટ કર્યો, એ મારો અપરાધ માફ કરો, ને 'તમે તો ભગવાન છો' એમ મેં તમને આજથી જાણ્યા છે." એમ કહીને વારે વારે પગે લાગ્યા. ॥૧૨॥

૧૩. સચ્ચિદાનંદસ્વામી પાસે વેદ બોલાવ્યા.

અને કોઈક દિવસ **શ્રીગઢડામાં** શ્રીજીમહારાજને દર્શને મૂર્તિમાન ચાર વેદ બ્રાહ્મણને વેશે આવ્યા. તેમણે મહારાજનાં દર્શન કરીને મહારાજની ષોડશ ઉપચારે કરીને પૂજા કરી. ને પોતપોતાના મંત્રે કરીને

૧.મારશે

મહારાજની બહુ સ્તુતિ અને પ્રાર્થના કરી. ત્યારે મહારાજ બોલ્યા જે, "ક્યાંથી આવો છો ?" ત્યારે તે બોલ્યા જે, "કાશીએ ભણવા ગયા હતા, તે ભણીને ઘેર જઈએ છીએ." પછી મહારાજ બોલ્યા જે, "હમણાં રહો." ત્યારે તે બોલ્યા જે, "ઘણા દિવસ થયા ઘર મેલ્યું છે, તે હવે તો જાશું." એમ કહીને દંડવત કરીને ચાલ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "આ સચ્ચિદાનંદસ્વામી સાક્ષાત્ વેદમૂર્તિ છે." ત્યારે વિશ્વરૂપાનંદ બોલ્યા જે, "સચ્ચિદાનંદસ્વામી તો કાળા અક્ષરને કુવાડે મારે એવા છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે ના પાડો છો, પણ એ તો સાક્ષાત્ વેદમૂર્તિ છે." એમ કહીને બોલ્યા જે, "સચ્ચિદાનંદસ્વામી, વેદ બોલો." ત્યારે વિશ્વરૂપાનંદસ્વામી કહે, "એ બોલશે, પણ પરમાણ કોણ કરશે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારી પૂજા કરીને સ્તુતિ કરી, એ મૂર્તિમાન વેદ હતા. તે એમને બોલાવો એટલે તે પરમાણ કરશે."

પછી તેમને બોલાવવા ગયા. અને ચારેકોર ખોળ્યા પણ જડ્યા નહીં. પછી આવીને મહારાજને કહ્યું જે, "એ તો ક્યાંય મળ્યા નહીં." પછી મહારાજ બોલ્યા જે, "આ મુક્તાનંદસ્વામી ને નિત્યાનંદસ્વામી પરમાણ કરશે." પછી મહારાજે સચ્ચિદાનંદસ્વામી પાસે વેદ બોલાવ્યા તે સાંભળીને સર્વે આશ્ચર્ય પામ્યા. ॥૧૩॥

૧૪. સચ્ચિદાનંદસ્વામીનો સંકલ્પ મહારાજે પૂર્ણ કર્યો.

અને **શ્રીગઢપુર**થી ઉત્તર દિશામાં પીપળાવાળી વાડી છે. ત્યાં પહેલાં બીડ[૧] હતું. ત્યાં કોઈક સમયને વિષે શ્રીજીમહારાજ પધાર્યા હતા. તે બીડ જોઈને મહારાજ એમ બોલ્યા જે, "આ તો ભારે વાડી થાય એવું છે." ત્યારે હરિભક્ત બોલ્યા જે, "આ વૃક્ષ સર્વે ખોદી નાખવાં પડે. " ત્યારે મહારાજ બોલ્યા જે, "એ તો ખોદી નંખાય." તે વાત સચ્ચિદાનંદસ્વામીએ સાંભળી. પછી બીજે દિવસે સવારમાં વહેલા ઊઠીને તે બીડમાં જઈને 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' ધૂન કરતા જાય ને ઝાડવાને વર્તમાન ધરાવતા જાય. તે સર્વે વૃક્ષ સુકાઈ ગયાં.

૧.ઢોરને ચરવા માટે વણખેડી જમીન

પછી મહારાજ એમ બોલ્યા જે, “આજ સચ્ચિદાનંદસ્વામી ક્યાં ગયા છે ?” ત્યારે બીજા જને કહ્યું જે, “હે મહારાજ, આપણે જે બીડમાં સંકલ્પ કર્યા હતા, તે જાણીને ત્યાં ગયા છે.” પછી સચ્ચિદાનંદસ્વામી આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, “તમો ક્યાં ગયા હતા ?” ત્યારે સચ્ચિદાનંદસ્વામી બોલ્યા જે, “હે મહારાજ, કાલને દિવસ આપે દૃષ્ટિએ જોયાં જે વૃક્ષ તે સર્વેને વર્તમાન ધરાવીને ધામમાં મોકલ્યા.”

પછી કોઈક દિવસ શ્રીગઢડામાં પીપળાવાડીએ સચ્ચિદાનંદ-સ્વામીએ વંતાકડી કરી હતી. તે વંતાક બહુ થયાં હતાં. તે જોઈને સચ્ચિદાનંદસ્વામીના મનમાં એમ સંકલ્પ થયો જે, ‘વંતાક બહુ થયાં છે, તે મહારાજ શાક કરીને સર્વે સાધુને જમાડે તો ઠીક.’ ત્યારે તે સંકલ્પ પુરુષાકાર મૂર્તિમાન થઈને શ્રીજીમહારાજની પાસે આવ્યો. તે સમયે મહારાજ દાદા ખાચરના ઉગમણા બારના ઓરડાની ઓસરીમાં ગાદી-તકિયે સહિત જે ઢોલિયો તે ઉપર બિરાજમાન હતા, ને પોતાની આગળ સાધુ-હરિજનની સભા ભરાઈને બેઠી હતી. ને ઉતરાદા બારના ઓરડાની ઓસરીએ બાઈઓની સભા ભરાઈને બેઠી હતી. ત્યાં તે સંકલ્પ બાઈઓને સમીપે થઈને ચાલ્યો. ત્યારે બાઈઓ એમ બોલ્યાં જે, “આ બાઈઓને સમીપે આવે છે, તે બાઈઓને ઉપવાસ પાડશે.”

ત્યારે તે સંકલ્પ બોલ્યો જે, “હું ઉપવાસ પાડું એવો નથી. હું તો સચ્ચિદાનંદસ્વામીનો સંકલ્પ છું.” એમ કહીને મહારાજ પાસે જઈને પગે લાગીને કહ્યું જે, “મને સચ્ચિદાનંદસ્વામીએ મોકલ્યો છે, ને એમ કહ્યું છે જે, વંતાક બહુ થયાં છે તે મહારાજ સર્વે સાધુને સારુ શાક કરીને જમાડે તો સારું.” ત્યારે મહારાજ બોલ્યા જે, “સર્વે સારુ વતાંકનું શાક કરીએ તેમાં નાંખવાનું ઘી જોઈએ તે ક્યાંથી લાવીએ ?”

તે સાંભળીને જીવુબા બોલ્યાં જે, “કેટલુંક ઘી જોઈએ ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “અઢાર-ઓગણીશ મણ જોઈએ.” ત્યારે જીવુબા કહે, “મારે સાધુને રસોઈ દેવી છે.” પછી લાડુબા બોલ્યાં જે, “મારે પણ સાધુને રસોઈ દેવી છે.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “બહુ

સારું. બે રસોઈનો સામાન ગાડામાં ભરીને લક્ષ્મીવાડીએ પહોંચાડો. અમે પણ ત્યાં વાડીએ જાશું." એમ કહીને સંકલ્પને મહારાજે કહ્યું જે, "તું સચ્ચિદાનંદસ્વામી પાસે જઈને એમ કહે જે, 'વંતાકનાં ગાડાં ભરીને લક્ષ્મીવાડીએ પહોંચાડો. મહારાજ ત્યાં શાક કરશે." એમ કહીને મહારાજ તૈયાર થઈને લક્ષ્મીવાડીએ પધાર્યા. ને ત્યાં જઈને નિત્યાનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "તમે લાડુની રસોઈ કરાવો ને અમે શાક કરશું. અને દોઢી રસોઈ કરાવજો."

એવી રીતે રસોઈ કરાવીને સાધુની પંક્તિ કરાવી. ને મહારાજ નિત્યાનંદસ્વામી પ્રત્યે એમ બોલ્યા જે, "અમે શાક પીરસશું, ને તમે લાડુ પીરસજો." એમ કહીને મહારાજ શાક પીરસતા હતા, ને નિત્યાનંદ સ્વામી લાડુ પીરસતા હતા. ને શાક તો સર્વે વારંવાર લેતા હતા ને લાડુ તો બહુ ન લેતા હતા. તે જોઈને નિત્યાનંદસ્વામી મહારાજ પ્રત્યે એમ બોલ્યા જે, "લાડુ તો કોઈ લેતા નથી, ને શાક તો સર્વે લે છે." ત્યારે મહારાજે લાડુ પીરસવા માંડ્યા, તે સર્વે ખુટાડી દીધા.

પછી સાંજે ભાસ્કરાનંદ કહે, "મહારાજ ભૂખ લાગી છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "લાડુબા, સાધુ તો ભૂખ્યા થયા છે, તે ખીચડી કરો." પછી લાડુબા કહે કે, "સવારમાં વહેલી રસોઈ કરાવીશું." પછી મહારાજ કહે, "સવાર સુધી તો ન રહેવાય." તે સમયે ગામ કુંડળથી રાઈબાઈ મોતૈયા લાડુના પટારા ભરાવીને ગાડા ઉપર ચડાવીને લઈને ત્યાં આવતાં હતાં. તે જોઈને મહારાજ બોલ્યા જે, "રાઈબાઈ, આ શું લઈને આવ્યાં છો ?" ત્યારે તેમણે કહ્યું જે, "પાંચસો સાધુને જમાડવા સારુ લાડુ લાવી છું. ને પાંચસે લાડુ દરબારમાં આપવા સારુ અધિક લાવી છું."

પછી મહારાજ તે જ દિવસે સંતની પંક્તિમાં એકુકા હાથમાં ચાર ચાર લાડુ લઈને ફેરવતા હતા. ને જે ગણત્રીના લાડુ લાવ્યા હતા, તે ગણત્રી પ્રમાણે ફેરવ્યા તોય પણ હજાર લાડુ વધ્યા. ને બીજે દિવસે ફેર રસોઈ કરાવીને મહારાજ પાસે સંતની પંક્તિમાં મોતૈયા ફેરવ્યા.

ને સંતને જમતા તાપ ન લાગે તે સારુ ઉપર મોદ્યું બાંધ્યું હતું. તે મોદ્યુંને દેવે દર્શન કરવા સારુ છોડી નાખ્યું, ને દેવતાનાં વિમાને કરીને આકાશ છવાઈ ગયું. તેણે કરીને સંતની પંક્તિ ઉપર છાયા થઈ ગઈ. એવા ચમત્કાર નિત્યે થતા હતા. ॥૧૪॥

૧૫. સચ્ચિદાનંદસ્વામી બે રસોઈનો સામાન જમી ગયા.

કોઈક સમયે મહારાજ આગળ કથા વંચાતી હતી. તેમાં એમ વાર્તા આવી જે દુર્વાસા ઋષિ સર્વે ગોપીઓના થાળ જમી ગયા. તે સાંભળીને જીવો ખાચર એમ બોલ્યા જે, "ભણે દુર્વાસા તે કેવા હશે તે બધી ગોપીઓના થાળ જમી ગયા ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "કોઈક દિવસ તમને દુર્વાસા દેખાડશું." પછી કોઈક દિવસ મહારાજ વિરાજમાન હતા ને સભા ભરાઈને બેઠી હતી. ત્યાં જીવો ખાચર આવીને પગે લાગીને એમ બોલ્યા જે, "મારે સાધુને બે રસોઈઓ દેવી છે. તે સારુ જલેબી-મોતૈયાદિક સામાન કરાવ્યો છે, તે તમે આજ્ઞા કરો તે દિવસ રસોઈ કરાવીએ[૧]."

ત્યારે મહારાજ એમ બોલ્યા જે, "એ રસોઈનો સામાન આ મોટા ભાઈને ત્યાં લઈ જઈને દેખાડો. ને એ સામાન ઉપર બેસારી એમને કોરડ[૨] કરાવજો." પછી મોટાભાઈ જે સચ્ચિદાનંદસ્વામી તેમને લઈ જઈને સામાન દેખાડ્યો ને કોરડ કરવા બેસાર્યા. તે સર્વે સામાનની કોરડ કરી ગયા. તે જોઈને જીવો ખાચર મહારાજ પાસે આવીને એમ બોલ્યા જે, "હે મહારાજ ! આ મોટાભાઈ તો દુર્વાસાના મોટાભાઈ છે, જે એક હારે બે રસોઈ જમી ગયા." એમ કહીને પછી જીવો ખાચરે બીજી રસોઈ કરાવીને સાધુને જમાડ્યા. ॥૧૫॥

૧૬. મહારાજે ખાખીઓને નૃસિંહરૂપે દર્શન આપ્યાં.

અને કોઈક દિવસ શ્રીગઢડામાં મહારાજ સદાવ્રત આપતા હતા. તે લેવા સારુ કોઈક સમે અઢિસો ખાખી આવ્યા હતા. તે મહારાજને

૧.જમાડીએ ૨.નાસ્તો

જોઈને એમ બોલ્યા જે, "તુમ ભગવાન ક્યું કહેવાતે હો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "તુમ કુનકે ઉપાસક હો ?" ત્યારે તે બોલ્યા જે, "હમ નૃસિંહજીકે ઉપાસક હૈં." ત્યારે મહારાજ નૃસિંહજીરૂપે સાક્ષાત્ દેખાતા હતા. તે જોઈને તે ખાખી કૂદતા હતા ને એમ બોલતા હતા જે, "આ તો સાક્ષાત્ નૃસિંહજી હે." એમ કહીને સર્વએ દંડવત કર્યા ને સર્વે આશ્ચર્ય પામ્યા. ॥૧૬॥

૧૭. મહારાજે લીંબડીમાં ગોરજીને ચર્ચામાં જીતી લીધો.

કોઈક સમયમાં મૂળજીભાઈ ગામ કારિયાણીથી શ્રીજીમહારાજને ગામ **મેમકે** તેડી લાવતાં શ્રીલીંબડીમાં પટેલ શ્યામાને ઘેર મહારાજ સહિત ઊતર્યા હતા. તે સાંભળીને ત્યાંનો ભારે ભણેલો અમરવિજય નામે પૂજ્ય તેણે મહારાજ સાથે ચર્ચા કરવા સારુ ચાર શેઠિયાને મહારાજ પાસે મોકલીને એમ કહેવરાવ્યું જે, "અમારા અમરવિજય નામે ગોરજી બહુ ભણેલા છે, ને એમને તમારી સાથે ચર્ચા કરવી છે. તે જો તમારી મરજી હોય તો તમે ત્યાં પધારો. ને તમે ન પધારો તો એ આંહીં તમ પાસે આવે."

ત્યારે મહારાજ બોલ્યા જે, "જેમ તમારી મરજી હોય એમ કરીએ." પછી તે શેઠિયા એમ બોલ્યા જે, "તમે ત્યાં પધારો તો ઘણું સારું." પછી મહારાજ મૂળજીભાઈ આદિક થોડાક હરિજન લઈને તેમની પાસે ગયા. પછી તે ગોરજી એમ બોલ્યા જે, "તમે ભગવાન કેમ કહેવાઓ છો ?" ત્યારે મહારાજ એમ બોલ્યા જે, "અમે તપાસીને જોયું ત્યારે ક્યાંય માગ ન દીઠો. તે જો ગામના ઠાકોર થઈએ તો તે ગામનો ઠાકોર સામો આવીને ઊભો રહે. ને જો કોઈ ગામના પટેલ કે મહેતા થઈએ તો તેનો પટેલ કે મહેતો સામો આવીને હરકત કરે. એમ વિચારીને ભગવાન થયા છીએ."

ત્યારે તે પૂજ્ય એમ બોલ્યો જે, "તમે તો ભગવાનનો વેશ લીધો. જેમ ભવાયા કાનગોપીનો વેશ લે છે તેમ." ત્યારે મહારાજ

બોલ્યા જે, "કેમ હોય ત્યારે ભગવાન કહેવાય ?" ત્યારે તે બોલ્યા જે, "ભગવાન હોય તે તો અંતર્યામી હોય." ત્યારે મહારાજ કહે, "બીજાના અંતરની કહે ત્યારે તો તે ભગવાન ખરાને ?"

ત્યારે તે પૂજ્ય એમ બોલ્યો જે, "બીજાના અંતરની કહે તે તો ભગવાન ખરા." ત્યારે મહારાજ બોલ્યા જે, "આ ચાર શેઠ ને તમે જે અંતરમાં સંકલ્પ ધારો તેને તમે કહો તો અમે કહીએ, ને કહો તો બીજા પાસે કહેવરાવીએ." પછી એ ગોરજી એમ બોલ્યો જે, "તમે કહો અથવા બીજા પાસે કહેવરાવો." પછી એ ચાર શેઠ ને એ ગોરજીએ નોખા નોખા સંકલ્પ ધાર્યા. તેને મહારાજ બીજા પોતાના હરિજન પાસે કહેવરાવતા હતા. તે સાંભળીને તે પૂજ્યે કહ્યું જે, "તમે મોટા પુરુષ તો ખરા, પણ આજ પાંચમા આરામાં[૧] ભગવાન તો હોય નહીં." એમ કહીને મહારાજને વંદન કર્યું ને એમ કહ્યું જે, "તમારા સાથે અમારે શું કરવા સંવાદ કરવો પડે ? તમે તમારે ઉતારે પધારો." પછી મહારાજ પોતાને ઉતારે પધાર્યા. ॥૧૭॥

૧૮. ઢૂંઢિયાને એક માસ સુધી ઘેલામાં નવરાવ્યા.

કોઈક સમયે ગઢડામાં શ્રીજીમહારાજ વિરાજમાન હતા. ને વરસાદ બહુ થયો, એટલે ઘેલા નદીમાં બહુ પૂર આવ્યું. તે પાણી ગામમાં પેઠું, ને ઘરો તણાવા માંડ્યાં ને પડવા માંડ્યાં. ને મહારાજ તથા મૂળજી બ્રહ્મચારી ને દાદા ખાચર આદિ સર્વે હરિજન ઘેલાને કાંઠે ઊંચે ટેકરે જઈને બેઠા. ને ગામના સર્વે ઢૂંઢિયા વાણીયાએ મહારાજ પાસે આવીને એમ કહ્યું જે, "આ તો પાણી બહુ આવે છે. તે ગામ તણાઈ જશે." ત્યારે મહારાજે આજ્ઞા કરી એટલે મૂળજી બ્રહ્મચારી નાળિયેર-ચૂંદડી લઈને નાખવા ગયા. એટલે પાણી સામું ઊછળીને બ્રહ્મચારીને પલાળતું હતું.

પછી મહારાજ કહે, "ગામધણી જે દાદો ખાચર તે નાળિયેર-ચૂંદડી નાખે તો નદીનું પાણી પાછું હઠે." ત્યારે દાદો ખાચર નાળિયેર-ચૂંદડી

૧.કળિયુગમાં

નાખવા ગયા. એટલે પાણી સામું વધારે ઊછળીને દાદા ખાચરનાં વસ્ત્ર પલાળતું હતું. પછી મહારાજ બોલ્યા જે, “જગતમાં જે ઘેલો હોય તે સમજાવ્યો સમજે નહીં. તેને તો કંઈક આલવું કરીએ[1] ત્યારે સમજે. તેમ આનું નામ ઘેલો છે. તે એને કંઈક આપણે સર્વે આલવાનું કરીએ ત્યારે માને. તે આપણે સર્વે એમ નિયમ લ્યો જે, એક માસ સુધી આ ઘેલામાં સવારમાં સૌને ના'વું.” એવી રીતે નિયમ આપીને ઢૂંઢિયાને માસ પર્યંત નવરાવ્યા, ને પોતે શ્રીજીમહારાજ સર્વે સંતો સહિત ઘેલા નદીમાં દિવસ ઊગ્યા મોર્ય સ્નાન કરવા પધારતા હતા. એવી ઘણીક લીલા કરતા હતા. ॥૧૮॥

૧૯. ડભાણ યજ્ઞમાં રૂપિયાનો પટારો અખૂટ કર્યો.

અને કોઈક સમયને વિશે શ્રીજીમહારાજે **ડભાણ** ગામમાં યજ્ઞ કર્યો હતો. તે હરિભક્તોએ મહારાજની આગળ ભેટ મૂકી. તે સોળ હજાર રૂપિયા થયા. તેને મૂળજી શેઠે ગણીને કોથળીઓ ભરીને પટારામાં મૂકીને તાળું માર્યું જે, જેનું સીધું ઉપાડ્યું[2] છે, તેને આપવા છે, એમ વિચારીને રાખ્યા. અને મહારાજ બ્રાહ્મણની સભા કરીને સર્વે રૂપિયા મંગાવીને બ્રાહ્મણોને દક્ષિણા દઈ દીધી. તે વાત મૂળજીભાઈએ જાણી ને મહારાજને એમ કહ્યું જે, “એ સર્વે રૂપિયા તો જેનું સીધું ઉપાડ્યું છે, તેને દેવા સારુ રાખ્યા હતા. હવે તે નામાવાળાને શું દેશું?” ત્યારે મહારાજ બોલ્યા જે, “એ રૂપિયા અમે નથી લીધા.” એમ કહીને પટારો ઉઘડાવીને તે રૂપિયા સર્વેને દેખાડ્યા. ॥૧૯॥

૨૦. મહારાજે ધનાના કોલે ગોળ ધોળો કર્યો.

અને કોઈક સમયમાં મહારાજ ગામ કારિયાણીમાં વિરાજમાન હતા. ને પોતે મહારાજ મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી આદિક સાધુ ભેગા લઈને વસ્તા ખાચરના દરબારમાંથી મંદિરમાં પધારતા હતા.

૧.અર્પણ કરીએ ૨.ખરીદ્યું

ને માર્ગમાં પટેલ ધનાનું ઘર આવ્યું. ને તે ધનાને તાવ આવતો હતો. ને તે ધનો પોતાના ઘરના આંગણામાં ખાટલો ઢળાવીને સૂતો હતો. તેને જોઈને મહારાજ એમ બોલ્યા જે, "આ ધનાનું હવે ચાર ઘડીનું આયુષ્ય છે." એમ કહીને મંદિરમાં પધાર્યા. તે વાર કેડે ધનાના મામાએ મહારાજ પાસે આવીને એમ કહ્યું જે, "હે મહારાજ ! ધનાને તાવ બહુ આવ્યો છે, તે તમે તેને દર્શન દેવા સારુ તેને ઘેર પધારશો ?" ત્યારે શ્રીજીમહારાજ પાણીનો ભરેલો જે લોટો તેમાં પોતાનું ચરણારવિંદ બોળી દઈને મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને એમ કહ્યું જે, "તમે બે જણા ધનાને ઘેર જઈને ધનાને દર્શન દઈને ચરણામૃત પાઓ." ત્યારે તે બે જણે ધનાને ઘેર જઈને ધનાને દર્શન દઈને ચરણામૃત તેને પાયું ને પાઈને મહારાજ પાસે આવ્યા. ને ધનાએ દેહ ત્યાગ કર્યો.

તે વાર કેડે પાછળ થોડેક દિવસે શ્રીજીમહારાજ પરોઢિયે બે પાળા ભેળા લઈને બહિર્ભૂમિ જઈ આવીને તળાવમાં હસ્ત મટિયાવતા[૧] હતા ને બે પાળા ઊભા હતા. તે સમે ધનાનો મામો ધનાનો કોલ સમીપે ફરતો હતો ત્યાંથી આવતો હતો. તેણે એ પાળાને જોઈને એમ કહ્યું જે, "અહીં કેમ ઊભા છો ?" ત્યારે તે પાળાએ એમ કહ્યું જે, "મહારાજ અહીં આવ્યા છે, તે ભેગા આવ્યા છીએ." ત્યારે ધનાના મામા મહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજ કહે, "ક્યાંથી તમે આવ્યા ?" ત્યારે તેણે કહ્યું જે, "અહીં ઢૂંકડો ધનાનો કોલ ફરે છે ત્યાંથી આવ્યો." ત્યારે મહારાજ કહે, "અમે ત્યાં આવીએ ?" ત્યારે તેણે કહ્યું જે, "બહુ સારું મહારાજ, પધારો."

ત્યારે મહારાજ કહે, "અમે આવીશું ત્યારે તો બીજા પણ મનુષ્ય ત્યાં આવશે. ને તે સર્વેને સાંઠા દેવા પડશે." ત્યારે તે બોલ્યા જે, "જે મનુષ્ય આવે છે તેને સાંઠા દઈએ છીએ. તે આપશું." એમ કહીને તે એમ સંકલ્પ કર્યો જે, 'રસ્તામાં કાંટા પડ્યા છે, તે વાળીને માર્ગ સાફ

૧.માટીથી ધોતા

કરું ને માંડવામાં મહારાજ સારુ આસન પાથરું.' એમ મનમાં ધારીને આગળ ગયો. પછી મહારાજ ત્યાં પધાર્યા. ને ગોળને જોયો ને જોઈને એમ બોલ્યા જે, "આ ગોળ કાળો કેમ થાય છે ? ને શેનું મેળવણ નાખો છો ?" ત્યારે તે ગળિયારો[૧] એમ બોલ્યો જે, "છાસની પ્રાસ નાખીએ છીએ." ત્યારે મહારાજ કહે, "ઉતારીને પાણી નાખજો, પણ છાસની પ્રાસ નાખશો નહીં." એમ કહીને તાવડો ઉતરાવીને પાણી નંખાવ્યું ને પોતે હલાવ્યું ને ગોળ ધોળો થયો.

પછી મહારાજ માંડવામાં આસન ઉપર બિરાજતા હતા, ને ત્યાં બેસીને શેરડી જમતા હતા. અને ત્યાં બીજાં પણ મનુષ્ય આવ્યાં તે પણ શેરડી જમતાં હતાં. પછી મહારાજ પોતાને ઉતારે પધાર્યા. ને તે ગળિયારાએ મહારાજને ઉતારે આવીને એમ કહ્યું જે, "હું ઘણા વર્ષથી ગોળ કરું છું ને ગોળ કરવાને વિષે કસબી[૨] છું, પણ પાણી નાખે ગોળ ધોળો ન થાય; પણ તમે તો ભગવાન છો, તે પાણી નાખીને ધોળો કર્યો." એમ કહીને નિયમ ધારીને સત્સંગી થયો. ॥૨૦॥

૨૧. સાધુ વૈકુંઠમાં જઈ ખતની માહિતી લઈ આવ્યા.

અને કોઈક દિવસને વિશે ગામ શ્રી **ઉમરેઠ**માં ખેડાવાળ[૩] બ્રાહ્મણ શ્રીજીમહારાજનો મળેલો હરિજન હતો. તેણે બે હજાર રૂપિયે કોઈકનું ઘર ઘરાણે[૪] રાખ્યું હતું. પછી તે તો દેહ ત્યાગ કરી ગયો. તે કેડે એ ઘરનો મૂળ ધણી ખેડાવાળના દીકરાને કહે કે, "ખત મને દ્યો ને તમારા રૂપિયા લો ને ઘર અમને પાછું આપો." ત્યારે તે ખેડાવાળને દીકરે ખત ખોળ્યું, પણ ક્યાંય હાથ ન આવ્યું. પછી ગોપાળાનંદસ્વામીને આવીને કહ્યું જે, "મારા પિતાએ ઘરનું ખત ક્યાંક મેલ્યું હશે તે હાથ આવતું નથી. ને મારા પિતા તો દેહ મેલી ગયા ને બે હજાર રૂપિયાનું ઘર અમથું જાશે તે હું કેમ કરું ?"

૧.ગોળ પાડનાર ૨.નિપુણ ૩.ખેડા ગામના મૂળ વતની ગણાતા બ્રાહ્મણની જાતિનો ૪.ગિરો

પછી સ્વામી કહે, “ઘરમાં ખોળો, હશે તો જડશે.” ત્યારે તે કહે કે, “ઘણું ખોળ્યું પણ નથી જડતું.” પછી ગોપાળાનંદસ્વામીએ સમાધિવાળા સાધુને આજ્ઞા કરી જે, “તમે સમાધિ કરીને બદરિકાશ્રમમાં શ્વેતદ્વીપમાં, ગોલોકમાં તથા અક્ષરમાં જાઓ અને જે ધામમાં એ ખેડાવાળ હોય તેને ભેળા થઈને એમ કહેજો જે, ‘મને તમારી પાસે ગોપાળાનંદ સ્વામીએ મોકલ્યો છે. અને એમ કહ્યું છે જે ઘરનો મૂળ ધણી ખત માગે છે ને ઘર પાછું લેવા તૈયાર થયો છે, ને ઘરનું ખત જડતું નથી, તે તમે ક્યાં મેલ્યું છે ?’ એમ કહેજો.”

પછી તે સમાધિવાળા સાધુ એ સર્વ ધામમાં ગયા, ને ત્યાં તેને ખોળ્યો પણ ક્યાંય મળ્યો નહીં, એટલે પાછા આવીને સ્વામીને કહ્યું જે, “એ તો ક્યાંય ન મળ્યો.” સ્વામીએ બીજા હરિજનોને પૂછ્યું કે, “એ બ્રાહ્મણને કયા સાધુ સાથે હેત અને સમાગમ હતાં ?” ત્યારે બીજા હરિજનોએ કહ્યું કે, “અમોઘાનંદસ્વામી સાથે ઘણું હેત અને સમાગમ હતાં.” ત્યારે સ્વામીએ તે સાધુને એમ કહ્યું જે, “અમોઘાનંદસ્વામીને તો રામકથાનો ઘણો અભ્યાસ હતો અને મહારાજને રામચંદ્રજી જેવા જાણતા હતા. માટે તે બ્રાહ્મણની પણ તેમના જેવી જ સમજણ હશે. એટલે તે વૈકુંઠમાં ગયો હશે. માટે તમે પણ સમાધિ કરીને વૈકુંઠધામમાં જાઓ. તે બ્રાહ્મણ તમને ત્યાં મળશે.”

પછી તે સાધુ સમાધિ કરીને વૈકુંઠધામમાં ગયા ત્યારે તે બ્રાહ્મણ ત્યાં તેમને મળ્યો. ત્યારે તે સાધુએ તેમને ઘરના ખતની વાત પૂછી. ત્યારે તેણે કહ્યું જે, “તે ઘરના પાટડામાં ડગળી મારીને ખત મૂક્યું છે, ત્યાંથી લેજો.” આ સાંભળી સાધુ સમાધિ છોડીને દેહમાં આવીને સ્વામીને આ વાત કહી. પછી સ્વામીએ એ બ્રાહ્મણના પુત્રને કહી ત્યારે તેણે ડગળી ઉઘાડીને ખત લીધું. ॥૨૧॥

૨૨. મહારાજે સોનીના દીકરાને જીવતો કર્યો.

અને જ્યારે શ્રી **અમદાવાદ**માં નરનારાયણ પધરાવ્યા ત્યારે ગઠિયાઓએ સોનીના દીકરાનાં ઘરેણાં કાઢી લઈને ગળે ટૂંપો દઈને

જૂનો ટાંકો હતો તેમાં સમી સાંજે નાખી દીધો. પછી તે સોનીએ ઘણો ખોળ્યો, પણ હાથ ન આવ્યો. પછી મહારાજ પાસે આવીને એમ કહ્યું જે, "મારો દીકરો ક્યાંય જડતો નથી. ને ઘરેણાં પહેર્યાં હતાં એટલે કોઈએ મારી નાખ્યો હશે."

પછી મહારાજે ભગુજીને બોલાવીને ચાર પાળા સાથે મોકલ્યા અને મશાલ કરાવીને એમ કહ્યું જે, "ઘરેણાં સારુ આ સોનીના દીકરાને ગઠિયા લઈ ગયા છે, તેને ખોળી લાવો." પછી તે સોનીને મહારાજે એમ કહ્યું જે, "તારો છોકરો તો હાથ આવશે. ને ઘરેણાં તો નહિ હાથ આવે." પછી ટાંકામાંથી છોકરો જડ્યો, ને તેને લઈને મહારાજ પાસે એ પાળા લાવ્યા. તે છોકરો મરેલો હતો. તે મહારાજે દૃષ્ટિ કરી એટલે સાજો થયો. પછી તે સોનીને તે છોકરો સોંપ્યો. એમ મહારાજે પરચો દઈ સોનીના છોકરાને જીવતો કર્યો. ॥૨૨॥

૨૩. હાથી પર બેઠેલા અંગ્રેજ સાહેબની વાઘથી રક્ષા

કોઈ એક સમયે શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા સારુ મહારાજ **શ્રીનગર** પધાર્યા અને કાંકરિયા તળાવના દક્ષિણાદે તટે ઊતર્યા. સર્વ સાધુ-હરિજનના સંઘ પણ ત્યાં ઊતર્યા હતા. ત્યાં મંચ ખોડ્યો હતો. તે ઉપર ગાદીતકિયો નંખાવીને મહારાજ બિરાજયા હતા. પોતાના મુખારવિંદ સામે સાધુ-હરિજનની સભા ભરાઈને બેઠી હતી. ત્યાં અમદાવાદના ઘણાય સાહેબલોક તથા હજારુ બીજા લોક દર્શન કરવા આવતા હતા.

ત્યાં પૂનાનો સાહેબ આવ્યો હતો. તે મંચ ઉપર બિરાજતા એવા જે મહારાજ તેને જોઈને, એમ બોલ્યો જે, "હું હાથીએ બેસીને મૃગયા કરવા ગયો હતો. ત્યાં વાઘને મારતાં તે વાઘ હાથી ઉપર ચઢી ગયો. ત્યારે આ સ્વામિનારાયણે આવીને મને વાઘ ન મારી શકે એમ આકાશમાં અધ્ધર લઈ લીધો અને મારી રક્ષા કરી હતી. તે હું આટલા દિવસ થયા જોતો હતો કે મારી રક્ષા કોણે કરી ? તે આજ મેં એમને દીઠા." એમ બીજા સાહેબને કહ્યું. ને મહારાજને વારંવાર વંદના કરી. ॥૨૩॥

૨૪. જેતલપુર યજ્ઞમાં મહારાજે ઘી અખૂટ કર્યું.

કોઈક સમયને વિશે **જેતલપુર**ના યજ્ઞમાં શ્રીનગરથી ઘીનાં ગાડાં આવતાં હતાં. તે દાણ સારુ રોકાયાં, ને ઘી સારુ બ્રાહ્મણો ઉતાવળ કરવા માંડ્યા. ત્યારે આનંદસ્વામી મહારાજ પાસે આવીને એમ કહેતા હતા જે, "ઘીનાં ગાડાં હજુ લગણ આવ્યા નથી, ને વખત થઈ ગઈ છે, ને ઘી સારુ બ્રાહ્મણ ઉતાવળ કરે છે."

ત્યારે શ્રીજીમહારાજ ઊઠીને હાથમાં સોટી લઈને કોટમાં ઘીનાં ખાલી કુડલાં પડ્યાં હતાં ત્યાં આવી, સોટી કુડલાંને મારતા જાય ને એમ કહેતા જાય જે, "આમાં જુઓ, ને આમાં જુઓ." એમ કરતાં એક કુડલામાં પોણો મણ ઘી અને બીજામાં અર્ધો મણ ઘી જોઈને એમ બોલ્યા જે, "આમાંથી જોખી-જોખીને આપો." એટલે તેમાંથી કાઢી-કાઢીને બ્રાહ્મણોને આપતા હતા. ને પાંચસો મણનો લાડુ તેમાંથી વળ્યો એટલું ઘી તે કુડલામાંથી નીકળ્યું હતું. ॥૨૪॥

૨૫. મેમકાનાં પાનબાઈને જીવુબાનાં તેજોમય દર્શન

કોઈક દિવસ **શ્રીગઢડા**માં ગામ મેમકાનાં પાનબાઈએ ઓસરી ઉપર જીવુબાઈને પગે લાગીને હેઠળ ઊતરીને જોયું ત્યારે જીવુબાને અતિશય તેજોમય દેખતાં હતાં. ત્યારે ફરીથી ઓસરી ઉપર ચઢીને તેમને પગે લાગીને એમ પ્રાર્થના કરી જે, "મને અંતકાળે તેડવા આવજો." ત્યારે તેમણે કહ્યું જે, "હું જરૂર તેડવા આવીશ." એમ કહીને અંતકાળે તેમને તેડવા આવ્યાં. એવી રીતનાં ઐશ્વર્ય તો શ્રીજીમહારાજે પોતાના ભક્ત દ્વારાયે દેખાડ્યાં. એ પુરુષોત્તમનું અસાધારણ લક્ષણ જાણવું. ॥૨૫॥

૨૬. મહારાજે શ્રાવકોને પોતાના સંતોના કેવલિકપણાનો નિશ્ચય કરાવ્યો.

અને કોઈક દિવસ શ્રીજીમહારાજ **જેતપુર**માં વિરાજમાન હતા. ને આગળ સાધુ-હરિજનની સભા બેઠી હતી. એ સમે ગામના સાવક[૧] ભેગા

૧.શ્રાવક - જૈન મતના લોકો

થઈને ત્યાં આવ્યા, ને મહારાજને વંદના કરીને એમ કહ્યું જે, "તમારા સત્સંગી એમ કહે છે જે, અમારા સાધુ કેવલિક છે, તે આજ પાંચમા આરામાં કેવલિક તો હોય નહીં."

ત્યારે મહારાજ બોલ્યા જે, "કેવલિક હોય તે કેવા હોય ?" ત્યારે તે સાવક બોલ્યા જે, "કેવલિક હોય તો તે આ દેહે કરીને માવદે ક્ષેત્રમાં જાય." ત્યારે મહારાજ કહે, "માવદે ક્ષેત્રમાં જાય ત્યારે કેવલિક ખરા કે નહીં ?"

એમ કહીને એક સાધુને સમાધિ કરાવી, ને તેમને કહ્યું જે, "આના નાડી-પ્રાણ જુઓ." ત્યારે તે સાવક તે સાધુના નાડી-પ્રાણ જોતા હતા. તે નાડી પણ નહિ ને શ્વાસ પણ નહીં. તે જોઈને પરસ્પર એમ કહેતા હતા જે, "આ સાધુના નાડી-પ્રાણ નથી, ને એ તો મરી ગયો છે." ત્યારે મહારાજ કહે, "એને તમે ઉપાડીને નદીમાં નાખી દ્યો અથવા ભૂમિમાં ભંડારી[૧] દ્યો, અથવા કાષ્ઠ મગાવીને બાળી દ્યો. ને તમે ન બાળો તો અમારા સત્સંગી બાળે." ત્યારે તે સાવક એમ બોલ્યા જે, "ના ના મહારાજ, તમે એને ઉઠાડો, તમે એને ઉઠાડો." ત્યારે મહારાજ બોલ્યા જે, "માવદે ક્ષેત્રમાં ગયા તે પાછા આવે નહીં." એમ કહ્યું ત્યારે તે સાવક એમ પરસ્પર કહેતા હતા જે, "આ મરી ગયા છે, તેની હત્યા આપણને લાગશે."

એમ કહીને મહારાજ પ્રત્યે બોલ્યા જે, "મહારાજ, આ સાધુને ઉઠાડો." ત્યારે મહારાજ બોલ્યા જે, "પાછા ઊઠે તો કેવલિક ખરા કે નહીં ?" ત્યારે તે બોલ્યા જે, "એ તો કેવલિક છે જ. અને આ બધા બેઠા છે, એ પણ કેવલિક છે; પણ એને ઉઠાડો." પછી તે સાધુને મહારાજે સમાધિમાંથી ઉઠાડ્યા. ॥૨૬॥

૨૭. મહારાજે લાડકીબાઈને દેહ ત્યાગ કરવા ન દીધો.

કોઈક દિવસ શ્રીજીમહારાજ ગામ **મેઘપુર**માં બિરાજમાન હતા. અને આગળ સમાધિવાળા લાડકીબાઈ બેઠાં હતાં. પછી બીજા જન એમ

૧.દાટી

બોલ્યા કે, “લાડકીના સંબંધી લાડકીને પરણાવવાનું કરે છે.” ત્યારે લાડકી બોલી જે, “પરણાવે તો દેહત્યાગ કરી દઉં.” ત્યારે મહારાજ બોલ્યા જે, “દેહત્યાગ કરવો તે ક્યાં તારા હાથમાં છે ? દેહ રાખવો ને ત્યાગ કરવો તે મારા હાથમાં છે.” એમ કહીને મહારાજે કહ્યું જે, “તું દેહ ત્યાગ કર, અમે જોઈએ.” ત્યારે એણે નાડી-પ્રાણ ખેંચીને દેહ મૂકવા માંડ્યો, તે કંઠે આવતાં મહારાજે ઝાલી રાખી. ને દેહ ત્યાગ કરવા ન દીધો. ॥૨૭॥

૨૮. સારંગપુરમાં બ્રાહ્મણનાં ઢોર બચાવ્યાં.

અને કોઈક દિવસ ગામ **સારંગપુર**માં શ્રીજીમહારાજ બિરાજમાન હતા. તેમને જીવા ખાચરે એમ કહ્યું જે, “વરસાદ વિના મોલ સુકાય છે, તે વરસાદ કરો.” ત્યારે મહારાજ બોલ્યા જે, “વરસાદ કરવો તે ક્યાં અમારા હાથમાં છે ? એ તો પરમેશ્વર કરે ત્યારે થાય.” ત્યારે સારંગપુરનો વસ્તો ખાચર બોલ્યો જે, “કરો તો તો તમારા હાથમાં છે, ને ન કરવો હોય તો તમે જાણો !”

પછી મહારાજ ઓસરીથી હેઠા ઊતર્યા ને ઉઘાડે માથે ચોકમાં ફરતા જાય ને સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહેતા જાય ને આકાશમાં જોતા જાય. તે સમયે ખાટલા જેટલું વાદળું દેખાણું ને તે વૃદ્ધિ પામીને વરસવા માંડ્યું, તે બહુ મેઘ વરસ્યો. ને જીવા ખાચરના ઓરડાની પછીત પડી. ને મહારાજ એમ બોલ્યા જે, “આ ઘોડીયું પણ લ્યો ને આ કરો પણ પડશે.” ત્યારે ઘોડીયું લીધું ને કરો પણ પડ્યો. અને મહારાજે નિરંતર ત્રણ દિવસ લગી વૃષ્ટિ કરી. ને જીવા ખાચરનું ઘર પડી ગયું એટલે મહારાજ રાજગર બ્રાહ્મણના ઘરમાં જઈને રહ્યા ને સાધુ ચોરામાં ઊતર્યા હતા.

તે સમયને વિશે એક બ્રાહ્મણનું ઘર પડ્યું ને મોભ હેઠળ તેના ઢોર દબાણાં એટલે તે બ્રાહ્મણ મહારાજ પાસે દોડતો દોડતો આવ્યો ને એમ બોલ્યો જે, “મારાં ઢોરાં મોભ હેઠે દબાણાં છે, તે કોઈ કાઢો.”

ત્યારે મહારાજ કહે, "ઊઠો ઊઠો." પણ મહારાજને મેલીને કોણ ઊઠે? પછી મહારાજે પોતે દોડીને ખભે કરીને મોભ ઊંચો કરીને તેનાં પશુ કાઢ્યાં. પછી સર્વે આવ્યા.

❋ જીવા ખાચરને વરદાન તથા તેમની શેરડીની રક્ષા

ને સાધુ તે વૃષ્ટિમાં ઝોળી માગી શક્યા નહિ, ત્યારે મહારાજ ઝોળી માગવા સારુ નીસર્યા. તે બે-ચાર ઘર માગ્યા. તેમાં એક વાણિયાએ મહારાજની ઝોળીમાં મેથીના લાડુ નાખ્યા. પછી જીવા ખાચરે ન જવા દીધા અને એમ કહ્યું જે, "અમે રોટલા લાવીશું ને તમને નહિ જવા દઈએ." એમ કહીને રોટલાના ખડકલા ને દહીંનાં ગોરસ[1] લાવતા હતા. તેને મહારાજ સાધુને જમાડતા હતા. પછી મહારાજ જીવા ખાચરને એમ કહેતા હતા જે, "જીવા ખાચર, તમે વર માગો." ત્યારે જીવો ખાચરે કહે જે, **"અમારા ગામમાં મરે તેને જમ લેવા ન આવે ને તેનું કલ્યાણ થાય."** ત્યારે મહારાજે તે વર તેને આપ્યો. ત્યારે જીવા ખાચરનો કાકો વસ્તો ખાચર એમ બોલ્યો જે, "જીવા ખાચરને માગતાં ન આવડ્યું. કેમ જે, અમારે ગામમાં મરવાનું ક્યાંથી હોય ? અમારે તો ગરાસના ટંટામાં સીમમાં પણ મરવાનું થાય." ત્યારે જીવો ખાચર બોલ્યા જે, "મહારાજ ભૂલી ગયો. ફેર માગું ?" એમ કહીને એ માગ્યું જે, "અમારી સીમમાં જે મરે તેનું પણ કલ્યાણ થાય ને જમ લેવા ન આવે." ત્યારે મહારાજ કહે, "જાઓ, એ વર તમને આપ્યો."

પછી તેમણે શેરડીનો વાઢ કર્યો હતો, ત્યાં મહારાજ પધાર્યા ને વાઢ જોયો. ત્યારે જીવો ખાચર બોલ્યા જે, "વાઢ તો સારો થાય એવો છે, પણ ઉંદરડા શેરડીને કાપી નાખે છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ઉંદરડા ન કાપી શકે તેવો શો ઉપાય ?" એમ કહીને મહારાજ કોશ ઠલવાના થાળાની કૂંડીમાં પલાંઠી વાળીને ઘણીક વાર બેઠા. પછી બહાર નીસરીને એમ બોલ્યા જે, " હવે ઉંદર શેરડી નહિ કાપે." પછી ઉંદર શેરડી કાપતા નહોતા. ।।૨૮।।

૧.દૂધ,દહિં ભરેલાં માટીનાં પાત્ર

૨૯. દાદા ખાચરની નિષ્ઠા ને શ્રીહરિની ભક્તવત્સલતા

અને કોઈક દિવસ દાદો ખાચર ગઢડામાં માંદા થયા. તેને મહારાજે એમ કહ્યું જે, "તમારી આયુષ્ય આવી રહી છે. તે તમારો ગરાસ તમારી બે બહેનોને લખી આપો." ત્યારે તેમણે જીવુબાને ને લાડુબાને પોતાનો ગરાસ લખી આપ્યો. પછી મહારાજે જીવા ખાચરને એમ કહ્યું જે, "તમો આ ખતમાં સહી કરી આપો." ત્યારે જીવો ખાચર એમ બોલ્યા જે, "હું દાદાને મૂઓ વાંચું[૧], ત્યારે મારાથી સહી થાય, માટે હું સહી નહિ કરું." ત્યારે મહારાજ એમ બોલ્યા જે, "જીવા ખાચર, તમે એમ જાણીને સહી નથી કરતા જે, દાદો મરશે એટલે તેનો ગરાસ હું રાખીશ; પણ દાદા ખાચરને મારનાર કોણ છે ? જો કાળ મારવા આવે તો કાળનો હું નાશ કરી નાખું. ને અમ વિના બીજો ભગવાન કોણ છે ? માટે જાઓ દાદા ખાચરને અમે નહિ મરવા દઈએ." એમ કહીને દાદા ખાચરને મરવા ન દીધા. ॥૨૯॥

૩૦. મહારાજે કચ્છ દેશમાં વરસાદ વરસાવ્યો.

અને કોઈક સમયને વિશે શ્રીજીમહારાજ કચ્છ દેશમાં તેરા ગામમાં બિરાજમાન હતા. ને ત્યાંના ઠાકોરે પ્રાગજી દવેને એમ કહ્યું જે, "તમે સ્વામિનારાયણને પૂછો જે વરસાદ થાશે કે નહિ થાય ?" ત્યારે પ્રાગજી દવેએ મહારાજ પાસે આવીને એમ કહ્યું જે, "ઠાકોરે મને એમ કહ્યું છે જે, મહારાજને તમે પૂછો જે વરસાદ થાશે કે નહિ થાય ?" ત્યારે મહારાજ એમ બોલ્યા જે, "અમે આંહીંથી જાઈએ તો વરસાદ થાય." એમ કહીને મહારાજ ગાડીમાં બેસીને ગામ **કાળાતલાવ** જઈને સુથાર હરભમને ઘેર ઓરડીમાં ઢોલિયો ઢળાવીને તેમાં પોઢ્યા. ને આગળ આત્માનંદસ્વામી બેઠા હતા. ને મહારાજ વારંવાર આકાશ સામું જોતા હતા. ત્યારે ખાટલા જેવડું વાદળું દેખાતું હતું. તે વાદળું વૃદ્ધિ પામીને

૧.જાણું-માનું

વરસવા મંડ્યું, તે બહુ વૃષ્ટિ થઈ. ને મહારાજ વારંવાર જુએ ને જે મનુષ્ય આવે તેને એમ પૂછે જે, "વરસાદ કેટલો થયો ? ને હળ ચાલશે કે નહીં ?" ત્યારે તે મનુષ્ય બોલે જે, "બહુ વરસાદ થયો." એવી રીતે બહુ વૃષ્ટિ કરી. ॥૩૦॥

૩૧. કાળાતળાવમાં મહારાજે સૌને કેરી જમાડી તથા સિપાઈને પાંચ પુત્રોનું વરદાન

કોઈક સમયમાં મહારાજ ગામ **કાળાતલાવ**માં સુથાર હરભમને ઘેર બિરાજમાન હતા. ત્યાં મુક્તાનંદસ્વામી આદિ દોઢસો સાધુ આવ્યા. તેને મહારાજ રાત્રીએ તથા દિવસે તલાવ ઉપર તથા તેને ઘેર સંતની સભા કરીને મહા અલૌકિક વાર્તા કરતા હતા. એક દિવસ મહારાજે સુથાર હરભમને એમ કહ્યું જે, "મઉ ગામથી કેરીઓનું ગાડું ભરી લાવો તો આ સર્વે સાધુને જમાડીએ." પછી હરભમ ગાડું ભરીને કેરીઓ લાવ્યા. તેને મહારાજ સર્વે સંતોને જમાડતા હતા.

પછી મહારાજ કહે, "ગામમાં સાદ પાડો, ને સર્વે મનુષ્યોને આપીએ." પછી ગામમાં સાદ પડાવ્યો એટલે ગામના સર્વે લોક આવ્યા. તેમને મહારાજ પોતે ગાડા ઉપર ચઢીને કેરીઓ આપતા હતા. પછી એક સિપાઈ ગાડા ભેળો કેરીઓ લેવા ગયો હતો. તેને મહારાજ કહે, "તને કેરીઓ આપી ?" ત્યારે તે કહે, "નથી આપી." ત્યારે તેને મહારાજે પાંચ કેરીઓ આપી. પછી એમ કહેતા હતા જે, "તુને કેટલી કેરીઓ આપી ?" ત્યારે તે કહે જે, "પાંચ આપી છે." ત્યારે મહારાજે તેને એમ કહ્યું જે, "તુને અમે પાંચ ફળ આપ્યાં છે, તે તારે પાંચ પુત્ર થાશે." પછી તેને પાંચ પુત્ર થયા. ॥૩૧॥

૩૨. ફણેણીમાં અસાધ્ય રોગવાળા સાધુને સાજા કર્યા.

અને કોઈક દિવસ શ્રીજીમહારાજ **ફણેણી** ગામમાં વિરાજમાન હતા. ને ત્યાં એક સાધુ બહુ માંદા થયા. ને શરીરે સોજા બહુ ચડ્યા,

ને અવાળુ દાંત ઉપર ફરી વળ્યાં[૧]. તેને જોઈને દેવાનંદસ્વામી સંન્યાસી મહારાજ પાસે આવીને એમ કહેતા હતા જે, "એક સાધુને મંદવાડ ઘણો થયો છે, ને શરીરે સોજા ચડી ગયા છે. તે રોગ કાંઈ કળાતો નથી. તેનું શું ઔષધ કરીએ ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "ખાટી ઘેંસ[૨] ને ખાટી છાસ પાઓ, એટલે સોજા ઊતરશે ને સાજા થાશે." પછી અસાધ્ય રોગનું તે ઔષધ કર્યું એટલે તે સાધુ સાજા થયા. ॥૩૨॥

૩૩. મહારાજે કરિયાણામાં ઉન્નડ ખાચરનો તાવ કાઢ્યો.

કોઈક સમયને વિશે મહારાજ ગામ **કરિયાણે** પધાર્યા અને દેહા ખાચરના દરબારમાં ઊતર્યા એટલે સર્વે મહારાજને દર્શને આવ્યા. ત્યારે મહારાજ દેહા ખાચર પ્રત્યે એમ બોલ્યા જે, "દેહા ખાચર, સર્વે અમારે દર્શને આવ્યા અને ઉન્નડ ખાચર કેમ ન આવ્યા ?" ત્યારે તે બોલ્યા જે, "એ તો માંદા છે, તે ઘરમાં સૂતા છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ચાલો તેને જોવા સારુ જાઈએ."

ત્યારે દેહા ખાચર કહે, "મહારાજ ! હવે તો સારું છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "સારું તો છે પણ ચાલો." પછી ત્યાં પધાર્યા ને એમ બોલ્યા જે, "ઉન્નડ ખાચર, તમને તો મંદવાડ હાડોહાડ લાગી ગયો છે." પછી તે બોલ્યા જે, "હા, મહારાજ." પછી મહારાજ બોલ્યા જે, "કાંઈ ખવાય છે ?" ત્યારે તે કહે જે, "ના મહારાજ." ત્યારે મહારાજ બોલ્યા જે, "કાંઈ રુચિ થાય છે ?" ત્યારે તે કહે જે, "જેની રુચિ થાય છે, તેને ખાવા નથી દેતા." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમને જેની રુચિ થાય તે કહો." ત્યારે ઉન્નડ ખાચર બોલ્યા જે, "આંબલીના ફૂલની ચટણી ને છાસ ને બાજરાનો રોટલો એની રુચિ થાય છે."

ત્યારે મહારાજ બોલ્યા, "તે આપીએ." ત્યારે દેહા ખાચર બોલ્યા જે, "મહારાજ ! એને તો અમારા દેશમાં સાજા માણસથી ન ખવાય

૧.પેઢાં સોજીને પાકી ગયાં. ૨.છાસ કે પાણીમાં બાજરો-બાવટાદિકનો લોટ નાખી બનાવેલ ચાટણ-ભડકું.

તો માંદાને તો અપાય જ કેમ ? ને માંદાને તો એ મૃત્યુ તુલ્ય છે ને ઝેર છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ તો એનું ઔષધ કહેવાય." પછી મહારાજે તે સર્વે વસ્તુ મંગાવી, ને પોતે મરચાં નંખાવીને ચટણીનો ગોળો ને છાશ અને બાજરાનો રોટલો આપ્યો. ને તે અર્ધો ગોળો ને છાસ-રોટલો જમ્યા.

પછી મહારાજ બોલ્યા જે, "જમો સારી પેઠે." પછી ઉન્નડ ખાચર એમ બોલ્યા જે, "મહારાજ, હવે શાંતિ થઈ." પછી મહારાજ બોલ્યા જે, "જ્યારે વળી રુચિ થાય ત્યારે જમજો." એમ મહારાજે દેહા ખાચરના ઉન્નડ ખાચર તેનો તાવ કાઢ્યો. એમ ભગવાન 'કર્તુમકર્તુ અન્યથા કર્તું' છે. ॥૩૩॥

૩૪. ભગાદોશીની કોગળિયાથી રક્ષા કરી.

અને શ્રીજીમહારાજ **ગઢડા**માં બિરાજમાન હતા. ને સંત-હરિજનની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે ગામ બોટાદથી કોઈક ભક્ત આવ્યો. તેણે એમ કહ્યું જે, "ભગા દોશીને કોગળિયું[૧] આવ્યું છે. ને બહુ માંદા થયા છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ભગા દોશીને જોવા સારુ જાઈએ." ત્યારે ત્યાં જીવો ખાચર બેઠા હતા. તે બોલ્યા જે, "હું પણ ભગા દોશીને જોવા સારુ આવીશ." ત્યારે મહારાજ કહે, "સાબદા થઈ આવો." પછી તે સાબદા થવા ગયા. ને મહારાજ તૈયાર થઈને ઘોડે અસ્વાર થઈને જીવા ખાચરના દરબારમાં ગયા. ત્યાં તો જીવો ખાચર ડેલીએ બેઠેલા ને સાબદા પણ થયા નો'તા. તેને જોઈને મહારાજ એમ બોલ્યા જે, "જીવા ખાચર, કેમ બેઠા છો ? ને કેમ સાબદા થયા નથી ?"

ત્યારે જીવો ખાચર એમ બોલ્યા જે, "મહારાજ, આ વીશો[૨] વાણિયો કહે તે સાંભળો." ત્યારે મહારાજ વીશા વાણિયાને કહ્યું જે, "બોલ, શું કહેવું છે ?" ત્યારે વીશો કહે, "આંહીં કોરે આવો તો

૧.જેમાં તીવ્ર ઝાડા-ઊલ્ટી થાય એવો કોલેરાનો રોગ ૨.વાણિયાની વીશો નામની શાખાનો

કહું." ત્યારે મહારાજ કહે, "કોરે શું ? આંહીં કહેને." ત્યારે વીશો બોલ્યો જે, "એમ ખબર આવી જે, ભગા દોશીએ દેહ મેલ્યો." ત્યારે મહારાજ કહે, "ભગા દોશીએ દેહ મેલ્યો તે અમને ખબર નહિ હોય ? ને અમ વિના બીજો કોઈ ભગવાન છે કે શું ? જે ભગા દોશીનું મૃત્યુ કર્યું ?" એમ કહીને જીવા ખાચરને મહારાજ કહે, "તમારે આવવું હોય તો આવજો, ને અમે તો જાઈએ છીએ." એમ કહીને ઘોડા દોડાવીને મહારાજ થોડીક વારમાં બોટાદ પૂગ્યા. ને ભગા દોશીને દર્શન દીધાં. ને છાતીમાં ચરણારવિંદ દીધાં ને સાજા કર્યા. ને સાજા કરીને મહારાજ ગઢડે પધાર્યા. ||૩૪||

૩૫. ઝીણાભાઈને સૌથી મોટું રાજ્ય અક્ષરધામ આપ્યું.

ઝીણાભાઈ અને દેવરામભાઈના કોલ જે, હું પ્રથમ દેહ મેલું તો તમને તેડવા આવું ને તમે પ્રથમ દેહ મેલો તો મુને તેડવા આવજો. એમ પરસ્પર કોલ દીધા. તેને મહારાજે સત્ય કર્યા. તે કેવી રીતે ? તો જ્યારે શ્રીજૂનાગઢમાં ઝીણોભાઈ માંદા થયા ત્યારે શ્રીજીમહારાજને કાગળ લખીને મોકલ્યો જે, 'કાગળ વાંચીને તુરત દર્શન દેવા પધારજો.' પછી મહારાજ તૈયાર થઈને અયોધ્યાપ્રસાદજી મહારાજને તથા રઘુવીરજી મહારાજને તથા દાદા ખાચર તથા સોમલા ખાચર તથા સુરા ખાચર આદિ ભક્તોને ભેળા લઈને જૂનેગઢ પધાર્યા ને ઝીણાભાઈની મેડી ઉપર ઊતર્યા.

ઝીણાભાઈનો ખાટલો પણ મેડી ઉપર હતો. ને ઝીણાભાઈનાં મા એમ બોલ્યાં જે, "મહારાજ ! તમે પધાર્યા તેણે કરીને ઝીણાભાઈનો રોગ મટી જાશે ને તે સાજા થાશે." ત્યારે મહારાજ ડોશીને પ્રત્યે બોલ્યા જે, "અમે ઝીણાભાઈને નખમાં પણ રોગ નહિ રહેવા દઈએ ને સાજા ને અતિ સુખિયા કરશું." પછી મહારાજે ઝીણાભાઈ પાસે બેસીને ભગવાનની વાર્તાઓ કરી. ને ઝીણાભાઈ ઉપર અતિ પ્રસન્ન થઈને એમ કહ્યું જે, "ઝીણાભાઈ માગો, જે માગો તે તમને આપું.

ને તમારે ગોલોક, વૈકુંઠ, અક્ષરધામમાંથી જેમાં રહેવાની ઈચ્છા હોય તે ધામમાં મૂકું. અને અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરવો ઈત્યાદિક ઐશ્વર્યની ઈચ્છા હોય તો તે અધિકાર તમને આપું."

ત્યારે ઝીણોભાઈ એમ બોલ્યા જે, "મારે કોઈ ધામની તથા કોઈ અધિકારની મનમાં ઈચ્છા નથી. મારે તો મનમાં એમ ઈચ્છા છે જે, આ મૂળજી બ્રહ્મચારી તથા રતનજીભાઈ તથા મિયાંજી તથા ભગુજી એ જેમ સેવામાં નિરંતર તમારી પાસે છે, તેમ તે ભેળો મુને સેવામાં રાખો. એ માગું છું. બીજું આ મારી મેડી છે, ત્યાં મંદિર કરવું. એ માગું છું."

પછી મહારાજ એમ બોલ્યા જે, "તમને એ વર આપ્યો." એમ કહીને પોતાની મૂર્તિનો અલૌકિક મહિમા કહીને એમને પોતાની મૂર્તિને વિશે જોડીને, દેહ ત્યાગ કરાવીને, પલોંઠી વાળીને બેસારીને, માથે જરિયાની શેલું બંધાવીને, બીજું જરિયાની શેલું ઓઢાડીને પછી મહારાજ ઓરડામાંથી બહાર નીસર્યા.

અને ઝીણાભાઈની માને હેઠળથી મેડી ઉપર બોલાવ્યા. ને તેમને કોરે લઈને મહારાજ બેઠા. ને એમ વાત કહી જે, "તમારે ઝીણાભાઈને પંચાળું એક ગામ છે. તેમાં પણ બે ભાગ છે. ઝીણાભાઈનો ને ગગાભાઈનો. તે તમારા ઝીણાભાઈને જૂનાગઢનું રાજ્ય મળે તો તમે રાજી કે નહીં ?" ત્યારે તે ડોશી બોલ્યાં જે, "ત્યારે તો હું બહુ રાજી થાઉં." ત્યારે મહારાજ કહે, "જૂનાગઢ કરતાં વડોદરાનું રાજ્ય બહુ મોટું છે. તે રાજ્ય જો ઝીણાભાઈને મળે તો તમે રાજી કે નહીં ?" ત્યારે ડોશી બોલ્યાં જે, "ત્યારે તો હું બહુ જ રાજી થાઉં !" ત્યારે મહારાજ બોલ્યા જે, "વડોદરાના રાજ્ય કરતાં અંગ્રેજનું રાજ્ય બહુ મોટું છે. તે જો ઝીણાભાઈને પ્રાપ્ત થાય તો તમે રાજી કે નહીં ?"

ત્યારે તે બોલ્યાં જે, "હું બહુ રાજી થાઉં." પછી મહારાજ કહે, "આખી પૃથ્વીનું રાજ્ય ઝીણાભાઈને મળે તો તમે રાજી થાઓ કે નહીં ?" ત્યારે તે ડોસી બોલ્યાં જે, "ત્યારે હું તો બહુ રાજી થાઉં."

પછી મહારાજ બોલ્યા જે, “ઝીણાભાઈને ઇન્દ્રનું રાજ્ય મળે તો તમે રાજી કે નહીં ?” ત્યારે ડોશી બોલ્યાં જે, “ત્યારે હું તો બહુ જ રાજી થાઉં.”

પછી મહારાજ બોલ્યા જે, “ઝીણાભાઈને આખા બ્રહ્માંડનું રાજ્ય મળે તો તમે રાજી થાઓ કે નહીં ?” ત્યારે તે ડોશી બોલ્યાં જે, “ત્યારે તો હું અતિશે બહુ રાજી થાઉં.” ત્યારે મહારાજ બોલ્યા જે, “ઝીણાભાઈ તો રાજ્યગાદી ઉપર રાજ્ય કરતા હોય ને તમે તો આંહીં હો, તે તમારા દેખ્યામાં આવે નહીં.” ત્યારે ડોશી બોલ્યાં જે, “હું એમ જાણું જે, મારો દીકરો મોટી રાજ્યગાદી ઉપર બેઠો છે. એમ જાણીને મનમાં બહુ સુખ માનું.” ત્યારે મહારાજ બોલ્યા જે, “ઝીણાભાઈને અમે સૌથી મોટું રાજ્ય ને મોટું સુખ આપ્યું. ને ઝીણોભાઈ તમને પણ ત્યાં તેડી જાશે.” એમ કહીને ડોસીને કહે, “આવો, તમને ઝીણાભાઈનું દર્શન કરાવીએ.” એમ કહીને ડોસીને ઝીણાભાઈનું દર્શન કરાવ્યું. પછી ઝીણાભાઈને વિમાનમાં બેસારીને અગ્નિદાહ કરવા સારુ મહારાજ ગયા ને ઝીણાભાઈને દેન[૧] દઈને દામોદર કુંડમાં નાહીને આવ્યા.

❀ ઝીણાભાઈ અને દેવરામનો કોલ સત્ય કર્યો.

અને બીજે દા’ડે ત્યાંથી ગઢડે પધારતા હતા. એ સાંભળીને સર્વે સંત-હરિજન મહારાજ સન્મુખ આવ્યા. ને મહારાજ દાદા ખાચરના દરબારમાં ગાદી-તકિયા સહિત ઢોલિયા ઉપર બિરાજમાન થયા. ને જે રીતે ઝીણેભાઈએ દેહ મેલ્યો તે વાર્તા સર્વેને કહી. તે સમે દેવરામભાઈએ ઊઠીને મહારાજને પગે લાગીને એમ કહ્યું જે, “મારે ને ઝીણાભાઈને એમ કોલ છે જે, જો પ્રથમ તમે દેહત્યાગ કરો તો મુને તેડવા આવજો, ને જો હું પ્રથમ દેહત્યાગ કરું તો હું તમને તેડવા આવું. તે આજ અરધી રાત્રીએ હું દેહ ત્યાગ કરીશ. ને ઝીણોભાઈ મુને તેડવા આવશે.”

૧.અગ્નિદાહ

ત્યારે મહારાજ એમ બોલ્યા જે, "બહુ સારું. ઘડિયાળી માંડજો[૧]." એમ કહીને નારાયણજીને આજ્ઞા કરી જે, "તું દેવરામ પાસે રહે." ને બે પાળાને આજ્ઞા કરી જે, "તમે બે જણા પણ દેવરામ પાસે રહેજો." એમ કહીને મહારાજ પોતાના ઉતારે પધાર્યા. પછી કલાકે કલાકે બે પાળાને દેવરામભાઈ પાસે ખબર કાઢવાને મોકલે. પછી દશ વાગે દેવરામભાઈને મહારાજનાં અલૌકિક દર્શન થયાં. તે ભેળે ઝીણાભાઈનાં પણ દર્શન થયાં. પછી તે દેવરામભાઈ મહારાજની અતિ સ્તુતિ કરીને એમ બોલ્યા જે, "મહારાજ, તમે આવા મોટા છો ! તે હું આવો તમારો અલૌકિક મહિમા જાણતો નો'તો." ઈત્યાદિક મહિમા કહીને અર્ધી રાત્રીએ દેહ ત્યાગ કરીને મહારાજ ભેળા અક્ષરધામમાં ગયા. એવી રીતે ઝીણાભાઈ અને દેવરામના કોલ મહારાજે સત્ય કર્યા. ॥૩૫॥

૩૬. ધોળકાના મહાશંકર મહેતાની રક્ષા કરી.

અને જ્યારે શ્રીનગરમાં શ્રીજીમહારાજે નરનારાયણની પ્રતિષ્ઠા કરીને પછી મંદિરના દરવાજાનાં કમાડ બંધ કરાવ્યાં, ને દરવાજાની આથમણી દિશે અગાશી ઉપર મહારાજ બિરાજમાન હતા, ને દરવાજાથી આથમણી કોરે ચોકમાં લક્ષાવધિ મનુષ્ય ભરાઈને ઊભાં હતાં, અને જે સમયે નરનારાયણ દેવની આરતી થઈ ને દરવાજાનાં કમાડ ઊઘાડ્યાં, તે સમે દર્શન કરવા સારુ હજારો મનુષ્ય દોડ્યાં. તે સમે ધોળકાના મહાશંકર મે'તો દરવાજામાં પડી ગયો અને તેના ઉપર થઈને હજારો મનુષ્ય ચાલ્યાં ગયાં, પણ શ્રીજીમહારાજે તેની રક્ષા કરી. ને કાંઈ થાવા દીધું નહીં. ॥૩૬॥

૩૭. શ્રીનગરમાં પ્રતિષ્ઠા બાદ ચોરાશી કરી.

અને નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કર્યા કેડે શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી આદિ સદ્ગુરુને બોલાવીને પૂછ્યું જે, "નરનારાયણ પધરાવ્યા,

૧.સમય જોયા કરજો

તે માટે બ્રાહ્મણ જમાડવા જોઈએ." એમ કહીને આનંદાનંદસ્વામીને પૂછ્યું જે, "તમારા કોઠારમાં રૂપિયા હોય તો આંહીંના બ્રાહ્મણોને જમાડીએ." ત્યારે આનંદાનંદસ્વામીએ એમ કહ્યું જે, "કોઠારમાં તો કાંઈ રૂપિયા નથી." ત્યારે મહારાજ કહે, "કોઈ ધનાઢ્ય હરિજન રૂપિયા આપે એવો છે ?" ત્યારે આનંદાનંદસ્વામી કહે, "કોઈ ભારે ધનાઢ્ય હરિજન નથી, જે આપણને રૂપિયા આપે. ને લાલદાસ ગોરા થોડા રૂપિયાનો આસામી છે."

ત્યારે મહારાજે લાલદાસ ગોરાને બોલાવીને પૂછ્યું જે, "તમારી પાસે કેટલા રૂપિયા છે ?" ત્યારે તેમણે એમ કહ્યું જે, "સાત હજાર રૂપિયા મારા ઘરમાં છે, ને એટલાનો જ હું આસામી છું." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ રૂપિયા તમે અમને આપશો ?" ત્યારે તેમણે એમ કહ્યું જે, "મારા ઘરના મનુષ્યને પૂછીને કહીશ." ત્યારે મહારાજ કહે, "જાઓ, ઘરના મનુષ્યને પૂછી આવો."

પછી ઘેર જઈને પૂછ્યું જે, "આપણી પાસે સાત હજાર રૂપિયા છે, તેને મહારાજ માગે છે." ત્યારે ઘરના મનુષ્યે એમ કહ્યું જે, "એ રૂપિયા મહારાજે આપણને આપ્યા છે ને મહારાજના છે. તે મહારાજને આપો ને આપણે રળી ખાશું. ને તમે શું સમજ્યા જે મને પૂછવાનું મહારાજ આગળ કહ્યું." પછી તે સાત હજાર રૂપિયા લઈને મહારાજ આગળ મેલ્યા. પછી મહારાજે બ્રાહ્મણની નાતના પટેલિયાને બોલાવીને પૂછ્યું જે, "પરમ દા'ડે ચોરાશી જમશો ?" ત્યારે તે બ્રાહ્મણ બોલ્યા જે, "તમારે ચોરાશીનો સામાન કાંઈ નથી ને પરમ દા'ડે ચોરાશી કરવી એમ કો' છો તે વાત કેમ બનશે ?"

ત્યારે મહારાજ બોલ્યા જે, "તમારે સામાનનું શું કામ છે ? હા પાડો." ત્યારે તે બ્રાહ્મણે ચોરાશીની હા પાડી. તે પછી મહારાજે મોટા મોટા સત્સંગીને બોલાવીને એમ કહ્યું જે, "તમે સર્વે ચૌટામાં[૧] જઈને

૧.બજારમાં

ઘી, ગોળ, ઘઉં, ચોખા આદિક સામાન લઈ આવો; પરમ દા'ડે ચોરાશી કરવી છે." પછી સર્વે સામાન કાંકરિયા તળાવ ઉપર પુગાડ્યો. ને મહારાજ ત્યાં પધાર્યા ને એમ બોલ્યા જે, "જેને અમારી પૂજા કરવી હોય તે બ્રાહ્મણની પંક્તિ થયા મોર કરો. ને આજ અમારે બ્રાહ્મણની પંક્તિ થાશે ત્યારે ચાલવું છે."

એમ જેરામ બ્રહ્મચારી ને નાનાભાઈ પાછળ સંઘમાં સાદ પડાવતા હતા. પછી ગાદી-તકિયો નંખાવીને મંચ થકી હેઠળ બિરાજતા હતા ને હરિજન સર્વે પૂજા કરતા હતા. ને મહારાજના કોઠારી પ્રભાશંકર તથા લાધો ઠક્કર તે મહારાજને પગે જે ભેટ આવે તેને લેતા હતા. પછી સર્વે હરિજન પૂજા કરી રહ્યા ત્યારે લાધા ઠક્કરે ભેટના રૂપિયા ગણ્યા, તે સાત હજાર ને અર્ધો રૂપિયો થયો. ત્યારે તે લાધા ઠક્કર બોલ્યા જે, "મહારાજ, આ તો ભાતા માટે પણ ન વધ્યું." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે ભેળા છીએ ને ભાતાનું શું પ્રયોજન છે ?" એવી રીતે પોતાનો અલૌકિક પ્રતાપ જણાવતા હતા. ॥૩૭॥

૩૮. મહારાજને પકડવામાં ભાઉ સાહેબ નિષ્ફળ

અને **જેતલપુર**ના છેલ્લા યજ્ઞનો સર્વે સામાન તૈયાર થયો ને શ્રીજીમહારાજ તથા સર્વે સાધુ-હરિજનોના સંઘ પણ ત્યાં આવતા હતા. તે વખતે અમદાવાદમાં ભાઉ સાહેબનું રાજ્ય હતું, ને તેને અવિદ્યા[૧] હતી. માટે અવિદ્યાવાળા બ્રાહ્મણે તેમને એમ ભરાવ્યું જે, 'મોરે એ સ્વામિનારાયણે યજ્ઞ કર્યો તેમાં તમારા પિતાનું મૃત્યુ થયેલું, ને આ ફેરે યજ્ઞ કરશે તેમાં તમારું મૃત્યુ થશે.' તે વાત સાચી માનીને ભાઉ સાહેબે રાત્રીએ એમ મનસૂબો કર્યો જે, 'સવારે અસ્વારી મોકલીને સ્વામિનારાયણને પકડી લેવા.'

તેમના મનસૂબાને અંતર્યામીપણે જાણીને મહારાજ સર્વે સાધુ-હરિજનોને એમ આજ્ઞા કરી જે, "આજ અર્ધી રાત્રીએ ગામ ચલોડે

૧.દ્વેષવૃત્તિ

જીતબાની કાંણે જાવું છે, તે સર્વે ચાલજો." એમ સર્વેને કહેવડાવીને અને સર્વે સાધુ-હરિજનોને ભેળા લઈને **ચલોડે** પધાર્યા. સવારે ભાઉ સાહેબની અસ્વારી મહારાજને પકડવા સારુ આવી. ને મહારાજને ખોળ્યા, પણ મહારાજ તો હાથ ન આવ્યા. ને કોટમાં મોટાં મોટાં ભમરિયાં મધ હતાં, તે ઊડીને અસવારીવાળાને વળગ્યાં ને અસવારીવાળા નાઠા. ને ભમરા કેડે દોડીને વળગ્યા, ને તે મહાદુઃખને પામ્યા ને મરણતુલ્ય થઈ ગયા.

પછી મહારાજ સંઘ સહિત સાંજ વખતે જેતલપુર આવ્યા. ને અસવારી આવી હતી, તેની વાત સાંભળીને બીજે દિવસે ત્યાંથી ખેડા થઈને **ડભાણ** પધાર્યા. ને યજ્ઞનો સર્વે સામાન ત્યાં મંગાવી લીધો. ॥૩૮॥

૩૯. જેઠા અને મેરામણ ગોવાળિયાને ભગાડયા.

એક દિવસ **ગઢડા**માં મહારાજ સાંજના વખતે વિરાજમાન હતા. તે સમયે જીવો ખાચર મહારાજ પાછળ આવીને એમ કહેવા લાગ્યો જે, "માંડવધારમાં જેઠે ગોવાળિયે ને મેરામણ ગોવાળિયે તમને પકડી લેવા સારુ મેલ ભેળી કરી છે. તે આજ અર્ધી રાત્રી આવીને તમને પકડી લેવા, એવો તેમનો મનસૂબો છે. ને એ જેઠો ગોવાળિયો ને મેરામણ ગોવાળિયો મહાશૂરવીર છે."

પછી મહારાજ બોલ્યા જે, "આ વાત અમને આગળથી કહી તે બહુ સારું કર્યું." એમ કહીને ગાડું જોડાવીને ગાડામાં બેસીને ઉગામેડીને માર્ગે ચાલ્યા ને જીવા ખાચર આદિ હરિજન વળોટાવવા આવ્યા. તેને પાછા વાળીને રાધાવાવવાળી વાડીએ જઈને અંધારું થવા દઈને પાછા વળ્યા. તે ગઢડાને ડાબું મેલીને ચાલ્યા, ને ગાડાના બળદિયા ગામમાં પેસવા સારુ આડાઈ કરતા હતા. પછી ભગુજીએ તેમને નાથેથી ઝાલી લીધા ને અતિશય દોડાવ્યા. ને આગળ વોંકળો આવ્યો તેને ગાડે સહિત ટપીને સામે કાંઠે ચાલ્યા. ને નાજા જોગિયા ઘોડે બેઠા હતા, તે નોખા પડી ગયા.

પછી ભગુજીને મહારાજ કહે, "નાજા જોગિયા નોખા પડી ગયા છે, તે બોલાવીને ભેળા કરો." પછી ભગુજીએ નાજા જોગિયાને બોલાવીને ભેળા કર્યા અને ગાડું માંડવધારને માર્ગે હાંક્યું. ને નાજા જોગિયાને મહારાજ કહે, "તમે નોખા કેમ પડી ગયા ?" ત્યારે નાજા જોગિયા બોલ્યા જે, "હું તો રાતઅંધો છું, એટલે દેખતો નથી, માટે નોખો પડી ગયો." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે રાતઅંધા છો, તે વાત અમને આગળથી કેમ ન કહી ? ને જો કહી હોત તો તમને ભેળા ન લેત." ત્યારે નાજા જોગિયા બોલ્યા જે, "મને બીજા રાતઅંધો જાણે તો મારી લાજ જાય, તે સારુ ન કહ્યું." ત્યારે મહારાજ હસીને બોલ્યા જે, "લાજ રાખવા સારુ ન કહ્યું, પણ અંતે લાજ ક્યાં રહી ?"

એમ કહીને મહારાજ બોલ્યા જે, "એક લુંબો એવે નામે કાઠી હતો. તે રાતઅંધો હતો. તે પોતાને સાસરે ગયો. ને કાઠી ફઈની દીકરીને પરણે. તે લુંબાને એની ફઈએ વાળુ કરવા સારુ બોલાવ્યો. તે ઘરનું બારણું દેખે નહિ એટલે ભીંતે હાથ દેતો દેતો જાતો હતો. તેને તેની સાસુએ એમ કહ્યું જે, 'લુંબા, બારણું આણીકોર છે ને એણીકોર ક્યાં જાય છે ?' ત્યારે તે એમ બોલ્યો જે, 'ફોઈ, તમારા જેવા મારે ઓરડા કરાવવા છે, તે ભરતો[૧] છું.' પછી ઓરડામાં આવીને બેઠો. ને ખાવાનું પીરસ્યું, તે તેની પાસે પાડું બાંધ્યું હતું, તે ખાઈ ગયું. ત્યારે એની સાસુએ ફેર આવીને એમ કહ્યું જે, 'લુંબા, ખાને કેમ બેઠો છું ?' ત્યારે તે એમ બોલ્યો જે, 'તાંસળીમાં કાંઈ નથી, શું ખાઉં ?' ત્યારે તેની સાસુએ કહ્યું જે, 'ઓલ્યું પાડું ખાઈ ગયું.' એમ કહીને બીજું તાંસળીમાં પીરસ્યું. ને પાડું હાંકવા લાકડીનો દંડીકો આપ્યો. પછી વળી પીરસવા આવી ત્યારે લુંબે જાણ્યું જે, પાડું ખાવા આવ્યું. તેમ જાણીને તેણે સાસુના હાથ ઉપર દંડીકો માર્યો. ત્યારે તે સાસુ એમ બોલી જે, 'લાગ્યું રે લુંબડા !' ત્યારે લુંબો એમ બોલ્યો જે,

૧.માપું

'ફોઈ, મોસે[૧] કાઢ. હું તો રાતઅંધો છું.' તેમ તમે પણ લાજે કરીને ન બોલ્યા, પણ અંતે લાજ ન રહી."

પછી નાજા જોગિયા બોલ્યા જે, "હે મહારાજ ! જેઠો ગોવાળિયો ને મેરામણ ગોવાળિયો બહુ ભૂંડા છે ને શૂરવીર છે. ને સોમલો ખાચર પણ ભેળો નથી એટલે ત્યાં જાવું તે ઠીક નથી." ત્યારે મહારાજ બોલ્યા જે, "તું ફોસી છું, તે પાછો વળ, તારું કામ નથી." પછી ભગુજી બોલ્યા જે, "થોડે મનુષ્યે ત્યાં જવું તે ઠીક નથી." ત્યારે મહારાજ બોલ્યા જે, "તું પણ ફોસી છું, તે પાછો વળ, તારું પણ કામ નથી." એમ કહ્યું. પછી માંડવધાર પહોંચ્યા ને ભગુજીએ ઝાંપો ઉઘાડીને મહારાજનું ગાડું એના ઓરડાની ઓસરીએ અડાડ્યું. છતાં મહોલ્લાના લોક કોઈ જાગ્યાં નહીં.

પછી મહારાજ હાથમાં તલવાર લઈને હાકોટા મારીને એમ બોલવા લાગ્યા જે, "જેઠા ગોવાળિયા, મહેરામણ ગોવાળિયા ! તેરી એસી તેસી કરું, નીકળો બહાર. ક્યું સંતાઈ બેઠા હે ?" એવો ઉગ્ર શબ્દ કરતા હતા. તે સાંભળીને મેલનાં[૨] મનુષ્ય જાગીને ભય પામીને ગામ મેલીને ભાગવા લાગ્યાં. ને એમ જાણ્યું જે, 'આપણને પકડવા સારુ ફોજ આવી.' ને જેઠો ગોવાળિયો ને મેરામણ ગોવાળિયો પણ ભય પામીને પોતાની ઓરડાની પછીતનાં બારણાં ઉઘાડીને ભાગી ગયા. ને મહારાજ તો એવો હાકોટો કરીને બોલ્યા જે, "જેઠા ગોવાળિયા ને મેરામણ ગોવાળિયાને આ તલવાર તળે કાઢવા હતા, એટલા સારુ અમે આવ્યા છીએ. ને તે જેઠો ગોવાળિયો ને મેરામણ ગોવાળિયો સાલેમાળ પર્વતમાં અમારી પાસે ખરચી માગવા આવ્યા હતા, તે આપવા સારુ અમે આવ્યા છીએ."

તે શબ્દ સાંભળીને તેમની સ્ત્રીઓ એમ બોલી જે, "ભણે મહારાજ, એ જેઠો ગોવાળિયો ને મેરામણ ગોવાળિયો તો ઢાંઢા જેવા છે. ને

૧.મને ૨.પક્ષના

તેના બોલ્યા સામે તમારે જોવું નહીં.” એમ કહીને ઢોલિયો લાવીને પાથર્યો ને કહ્યું જે, “ભણે આવો મહારાજ, આ ઢોલિયા ઉપર બેસો. ને જીવુબાના ને લાડુબાના તમે ગુરુ છો, તેમ અમારા પણ તમે ગુરુ છો.” એમ અતિશય વિનયનાં વચન કહીને મહારાજને પ્રસન્ન કર્યા. પછી ગાડું પાછું વળાવીને મહારાજ ગઢડે આવીને સૂઈ રહ્યા.

સવારે જીવા ખાચરને ખબર પડી એટલે મહારાજ પાસે આવ્યા. એને મહારાજે એમ કહ્યું જે, “જીવા ખાચર, તમે એમ કહેતા હતા ને કે જેઠો ગોવાળિયો ને મેરામણ ગોવાળિયો તો બહુ શૂરવીર છે, પણ અમે ત્યાં જઈને હાકોટો માર્યો એટલે બીના તે પોતિયાં પણ ઘરમાં પડ્યાં રહ્યાં. ને પછીતનાં બારણાં ઉઘાડીને ભાગી ગયા. માટે તે તો ફોસી છે.” ત્યારે જીવા ખાચર બોલ્યા જે, “મહારાજ ! તમે એને એવું કંઈ દેખાડ્યું હશે જે એનો શો ભાર જે એ ઊભા રહી શકે ?” ॥૩૯॥

૪૦. મહારાજે કળ કરીને બાવાનો ટંટો ટાળ્યો.

અને કોઈક દિવસ શ્રીજીમહારાજ ગાડામાં બેસીને સોરઠ દેશમાં વિચરતા હતા. ને મુક્તાનંદસ્વામી આદિ દસ-પંદર ભક્તજન ભેળા હતા. તે કોઈક ગામની ભાગોળે ગયા ત્યારે તે ગામમાં બાવો તથા ગામના લોક પણ અવિદ્યાવાળા હતા. તેમણે મહારાજને એમ કહ્યું જે, “તમે બાવાની જગ્યામાં આવો. ને તમારી સાથે બાવાને ચર્ચા કરવી છે.” એમ કહીને મહારાજને બાવાની જાયગામાં લઈ ગયા. ને જાયગા વચ્ચે મોટો ઓટો હતો અને છાયા હતી. ત્યાં જઈને મહારાજ બિરાજમાન થયા. ને આગળ બાવો આવીને બેઠો. ને મહારાજ પાસે મુક્તાનંદસ્વામી આદિ ભક્તજન બેઠા હતા. ને બાવો વાંકાં વાંકાં વચન ટંટો થાય એમ બોલવા માંડ્યો.

પછી મહારાજે એમ જાણ્યું કે, આ તો મૂર્ખ છે, ને જરૂર ટંટો કરશે. એમ જાણીને સમાધિવાળા મૂળજી લુવાણાને સમાધિ કરાવી. ને તે મૂળજી સમાધિ કરીને ૐ બોલતો થકો બાવા સનમુખ ચાલતો હતો.

ત્યારે બાવો પાછો પાછો ખસતો જાય ને મૂળજી તે સન્મુખ ચાલ્યો જાય. તે ઓટલો આવી રહ્યો ને ઓટલાની પાસે મોટી ખાડ હતી, એમાં બાવો ઊંધે માથે પડ્યો. ત્યારે ગામના માણસોએ બાવાને કાઢ્યો ને મહારાજ ઊઠીને ગાડામાં બેસીને ચાલી નીસર્યા. ।।૪૦।।

૪૧. મૂળજી બ્રહ્મચારીને રામકથા ને ગ્રામકથા એક જ હતી.

કોઈક સમયે મહારાજ ગઢડામાં દાદા ખાચરના દરબારમાં છાના રહીને પ્રાગજી દવે પાસે કથા કરાવતા. ને ગ્રામ્ય વાર્તા કરવાની બંધી કરી હતી. અને મૂળજી બ્રહ્મચારીને કહ્યું જે, “જાઓ, બાઈઓની સભામાં જઈને કહી આવો જે કોઈ ગ્રામ્ય કથા કરશો નહીં.”

ત્યારે બ્રહ્મચારીએ બાઈઓની સભામાં જઈને એમ કહ્યું કે, “હે બાઈઓ ! મહારાજે કહ્યું છે કે કોઈ રામકથા કરશો નહીં.” એમ કહીને બ્રહ્મચારી મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, “બ્રહ્મચારી, બાઈઓની સભામાં શું કહી આવ્યા ?” ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, “મહારાજ, બાઈઓની સભામાં એમ કહ્યું જે, મહારાજે એમ કહ્યું છે કે કોઈ રામકથા કરશો નહીં.” તે સાંભળીને મહારાજ હસ્યા ને એમ બોલ્યા જે, “બ્રહ્મચારીને મને ગ્રામ્યકથા ને રામકથા બેય એક છે.”

❋ ફકીરને રૂપિયા ન આપ્યા ને વરસાદ વરસાવ્યો.

તે સમયમાં ભાવનગરનો નાગર બ્રાહ્મણ ગઢડા પરગણું ઈજારે લાવ્યો હતો. અને વરસાદ વરસ્યો નહિ ને વાયરો નીકળ્યો ને અષાઢ મહિનો કોરો ગયો. તે સમયમાં એક ફકીરે આવીને તે ઈજારાવાળા નાગરને એમ કહ્યું જે, “મને બસો રૂપિયા આપો તો હું આજથી ચોથે દા’ડે વરસાદ કરું. ને વરસાદ ન થાય તો તમારે મારે લેવું-દેવું નહીં.” એમ કહ્યું ત્યારે ઈજારાવાળાએ હા પાડી. ને એમ વિચાર કર્યો જે, ‘પચાસ રૂપિયા હું આપીશ, પચાસ રૂપિયા ગામનું મહાજન આપશે, પચાસ રૂપિયા દાદો ખાચર આપશે ને પચાસ રૂપિયા જીવો ખાચર આપશે.’ એમ ઠરાવ કરીને તે ફકીરને બેસાડ્યો, તે ચૌટા વચ્ચે વાંસડો

ખોડીને તેને ધજા તથા ઈંડાં લટકાવીને બેસતો હતો. પછી ચોથે દા'ડે થોડો વરસાદ થયો ને નેવે પાણી આવ્યાં. ને પછી તો વરસાદ બંધ થઈ ગયો. ત્યારે તે ફકીરે ઈજારાવાળા નાગરને એમ કહ્યું જે, "બસો રૂપિયા મને આપે તો બીજો વરસાદ કરું, નહિ તો બંધ કરીને ચાલ્યો જાઉં." તે સર્વે વાત તથા પોતાનો વિચાર તે ઈજારાવાળા નાગરે મહાજનને કહ્યો. ત્યારે મહાજન એમ બોલ્યા જે, "પ્રથમ જીવા ખાચરના લ્યો ને પછી દાદા ખાચરના લ્યો. પછી અમે આપશું."

ત્યારે ઈજારાવાળે જીવા ખાચરને કહ્યું જે, "તમે પચાસ રૂપિયા આપો." ત્યારે જીવો ખાચર કહે, "પ્રથમ દાદા ખાચર આપશે, તે કેડે અમે આપશું." ત્યારે ઈજારાવાળાએ દાદા ખાચરને કહ્યું. ત્યારે દાદે ખાચરે લાધા ઠક્કરને ઈજારાવાળે કહ્યું હતું તેમ કહ્યું. ત્યારે લાધો ઠક્કર કહે, "મહારાજને પૂછીને તેનો જવાબ દઈએ."

એમ કહીને લાધો ઠક્કર જ્યારે મહારાજ પાસે ગયા ત્યારે કથા વંચાતી હતી. ત્યાં જઈને બેઠા ત્યારે મહારાજ બોલ્યા જે, "કેમ આવ્યા છો ?" ત્યારે લાધો ઠક્કર કહે, "તમે બંધી કરી છે જે અમારી પાસે જગતની કોઈ ગ્રામ્યવાર્તા કરશો નહીં. માટે કાંઈ જગતની વાર્તા તમ આગળ કરી શકતા નથી." ત્યારે મહારાજ કહે, "કહ્યા જેવી વાત હોય તેની અમે ક્યારે બંધી કરી છે ? માટે તે કહેવી." ત્યારે લાધે ઠક્કરે એ સર્વે વાર્તા કહી.

ત્યારે મહારાજ બોલ્યા જે, "એ ક્યાં અમથા રૂપિયા માગે છે ? એ તો એની ખરી મહેનતના રૂપિયા માગે છે, માટે આપો." ત્યારે લાધો ઠક્કર બોલ્યા જે, "એ ફકીરને રૂપિયા ન અપાય. ને રૂપિયા આપીએ ને વરસાદ થવાનો હોય ને થાય તો એની માનગત[૧] વધે. ને એ તો ચૌટામાં મસીદ કરે ને ત્યાં બોકડાં-કૂકડાં મારે ને બહુ પાપ થાય." ત્યારે મહારાજ કહે, "તેમાં તારું શું જાશે ? તારું મુસલમાનનું તો સામું વધશે."

૧.કીર્તિ

એમ કહીને પછી મહારાજ બોલ્યા જે, "તમે ઈજારાવાળાને કહો કે, અમે તો રૂપિયા નહિ આપીએ. શા માટે જે અમારે સમાધિવાળી બાઈઓ છે, તે સમાધિ કરીને ભગવાન પાસે જાય છે. તે ભગવાનને પૂછી આવી છે જે, બે દા'ડા લગી વરસાદ નહિ થાય. ને ત્રીજે દા'ડે એટલો વરસાદ થાશે જે નદીઓમાં પણ પાણી નહિ માય. માટે અમે રૂપિયા નહિ આપીએ, એમ ઈજારાવાળાને કહો."

પછી લાધે ઠક્કરે ઈજારાવાળાને એવી રીતે કહીને રૂપિયા ન આપ્યા. ત્યારે એ વાત સાંભળીને ઈજારાવાળે તથા મહાજને તથા જીવા ખાચરે રૂપિયા ન આપ્યા. એટલે ફકીર ત્યાંથી ચાલી નીસર્યો ને ત્રીજે દિવસે અતિશય વરસાદ થયો. ॥૪૧॥

૪૨. પીઠવડીના ભક્તોની પ્રાર્થનાથી વરસાદ કર્યો.

અને જ્યારે શ્રીજીમહારાજ **શ્રીગઢડામાં** ગોપીનાથજીનું મંદિર કરાવતા હતા. તે સમયમાં પીઠવડી આદિ ગામમાં વરસાદ વરસ્યો નહિ, ને સર્વે લોક વરસાદ વિના અકળાણા. ને હરિજન ભેળા થઈને એમ વિચાર કર્યો જે, 'આપણા દેશમાં વરસાદ થાશે કે નહિ થાય ?' એમ મહારાજને ગઢડે પૂછવા સારુ ભગા-મૂળા બે ભાઈમાંથી એકને મોકલ્યા. તેમણે ગઢડે જઈને મહારાજને પગે લાગીને એમ કહ્યું જે, "મહારાજ, વરસાદની સર્વેને બહુ તાણ છે ને વરસાદ વિના સૌ મઉ[૧] થાય છે. માટે સર્વે હરિજને મળીને મને તમ પાસે વરસાદનું પૂછવા સારુ મોકલ્યો છે. ને વરસાદ થશે કે નહિ થાય. અને થશે તો ક્યારે થાશે ?"

ત્યારે મહારાજને કડિયાના પગારના રૂપિયા આપવાના હતા, તે સારુ મહારાજ એમ બોલ્યા જે, "વરસાદ તો થાય, પણ રૂપિયા હોય તો થાય." ત્યારે ભગે એમ કહ્યું જે, "મહારાજ ! કેટલા રૂપિયા હોય તો વરસાદ થાય ?" ત્યારે મહારાજ કહે, "ત્રણસે રૂપિયા હોય તો

૧.ખાવા માટે ટળવળતા કંગાલ જેવા

વરસાદ થાય.” ત્યારે ભગો હરજી ઠક્કરને ઘેર જઈને પોતાને નામે ત્રણસે રૂપિયા લઈને, મહારાજ પાસે આવીને, મહારાજને પગે મૂક્યા. ત્યારે મહારાજ કહે, “હવે તું ચાલ ને તારે કેડે વરસાદ આવે છે.” પછી ભગાને કેડે ગાઉ છેટે વરસાદ થવા માંડ્યો. અને ભગો પોતાના ગામ પીઠવડીએ ગયા ત્યારે બીજા ભક્તોએ પૂછ્યું જે, “મહારાજે વરસાદનું શું કહ્યું છે ?” ત્યારે ભગે કહ્યું જે, “મારે કેડે એક ગાઉ છેટે મહારાજે વરસાદ મોકલ્યો છે, તે આવે છે.” પછી વરસાદ આવ્યો ને સગાલ[૧] થયો. ॥૪૨॥

૪૩. મહારાજે ગોપાળાનંદસ્વામીને વચને વૃષ્ટિ કરી.

કોઈક સમયે ગઢડામાં જન્માષ્ટમીના સમૈયામાં શ્રીજીમહારાજ ગાદી-તકિયા સહિત ઢોલિયા ઉપર દાદા ખાચરના દરબારમાં બિરાજમાન હતા. ને આગળ સાધુ-હરિજનની સભા ભરાઈને બેઠી હતી. ને વાળાક દેશના હરિજને મહારાજને એમ પૂછ્યું જે, “મહારાજ, વરસાદ ક્યારે થાશે ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “અમે ટીપણું ભણ્યા નથી. ને ટીપણું તો આ ગોપાળાનંદસ્વામી ભણ્યા છે, તે તેમને પૂછો.”

ત્યારે હરિજનોએ ગોપાળાનંદસ્વામીને પૂછ્યું જે, “સ્વામી, વરસાદ ક્યારે થાશે ?” ત્યારે ગોપાળાનંદસ્વામી કહે, “લ્યો ટીપણું મંગાવીએ.” એમ કહીને પોતાના સેવક જે પુરુષાનંદસ્વામી તેને એમ કહ્યું જે, “આપણું ટીપણું લાવો.” ત્યારે તે ટીપણું લાવ્યા. તે ટીપણું જોઈને સ્વામીએ મહારાજની મરજી જાણીને એમ કહ્યું જે, “પરમ દહાડે બહુ વરસાદ થશે.” પછી મહારાજે સ્વામીને વચને કરીને બહુ વૃષ્ટિ કરી. ॥૪૩॥

૪૪. મેથાણમાં મહારાજનું માનનારનાં ખળાં બચી ગયાં.

કોઈક સમયે શિયાળામાં ખળાં ટાણે શ્રીજીમહારાજ ગામ **મેથાણ**માં પધાર્યા ને ગરાસિયા પૂજાભાઈને ઘેરે ઊતર્યા. તે ગામના હરિભક્ત

૧.સુકાળ

મહારાજનાં દર્શન કરીને આગળ બેસતા હતા. તે સમયે આકાશમાં વાદળું પણ નહોતું ને મહારાજ એમ બોલ્યા જે, “વરસાદ થાય તો ખળામાં[૧] જે ધાન છે, તેમાં કાંઈ બગાડ થાય કે નહીં ?”

ત્યારે તે હરિજન બોલ્યા જે, “વરસાદ ઘણો થાય તો બગાડ થાય.” ત્યારે મહારાજે કહે, “તમે સર્વે ખળામાં ધાનને ઢાંકી આવો.” ત્યારે હરિજનના મનમાં એમ થયું જે, ‘આકાશમાં વાદળું નથી ને વર્ષાઋતુ પણ નથી, તોપણ મહારાજ ખળાં શું કરવા ઢંકાવે છે ?’ એમ કહીને થોડાં થોડાં ઢાંકીને પાછા આવીને બેઠા. ત્યારે મહારાજ કહે જે, “ફરી જઈને સારી પેઠે ઢાંકી આવો.” પછી જેણે મહારાજનું માન્યું તે સારી પેઠે ઢાંકી આવ્યા, ને કેટલાક તો થોડું થોડું ઢાંકી આવીને બેઠા.

પછી આકાશમાં થોડુંક વાદળું દેખાણું. પછી વૃદ્ધિ પામીને બહુ વરસાદ થયો. ને ત્રણ દિવસ લગી વરસ્યો ને ખળાં તણાઈ ગયાં. ને જેણે મહારાજનું માન્યું તેનાં ખળાં રહ્યાં. ॥૪૪॥

૪૫. ગેબી ભય પામી ગઢડામાંથી ભાગ્યો.

કોઈક સમયમાં **ગઢડા**માં મહારાજ બિરાજમાન હતા. ને મારવાડી કાનફટો ગેબી[૨] ભાવનગરમાં વજેસંગ ઠાકોર પાસે ગયો. વજેસંગે ગેબીને શીખવ્યું જે, “સ્વામિનારાયણ પાસે રૂપિયા બહુ છે. તે તું ગઢડે જઈને લૂંટી લે.” પછી તે ગેબી ચારસે બંદૂકદાર મારવાડા ભેળા લઈને ગઢડા આવ્યો અને ઉગમણી કોર લિંબડાનાં ઝાડ છે, ત્યાં તંબુ ખોડીને ઊતર્યો.

અને ગઢડામાં મારવાડી કૂબા કરીને રહ્યા હતા, તે પણ તે ભેળા જઈને ભળતા હતા. તે ગેબીનો દગો જાણીને લાધો ઠક્કર મહારાજ પાસે જઈને બેઠો. પછી બે ઘડી કેડે મહારાજે લાધા ઠક્કરને એમ કહ્યું જે, “કેમ આવ્યા છો ?” ત્યારે લાધો ઠક્કર એમ બોલ્યા જે, “મારવાડી કાનફટો ગેબી વૈરાગી ભેગા ચારસે બંદૂકદાર મારવાડા

૧.કણસલામાંથી અનાજ ખંખેરીને તેને સાફ કરવાની જગ્યામાં ૨.જે વૈરાગી મોટાં કુંડળ પહેરવા માટે કાનમા મોટાં કાણાં રખાવે છે, તે કાનફટા કહેવાય છે. એવો ગેબી નામનો મારવાડી વૈરાગી.

લઈને બે દિવસથી આંહીં આવ્યો છે. ને દગામા[૧] છે ને ભૂંડું મનુષ્ય છે. ને વજેસંગે પણ શીખવીને મોકલ્યો છે."

ત્યારે મહારાજ એમ બોલ્યા જે, "બે દિવસથી એ આંહીં આવ્યો છે ને તમે આજે કેમ કહ્યું ?" લાધો ઠક્કર કહે મહારાજ, "તમે ગ્રામ્યવાર્તા કરવાની બંધી કરી છે. એટલે તમ આગળ અમે આવી વાત કરી શકતા નથી." ત્યારે મહારાજ બોલ્યા જે, "આવી વાત અમ આગળ કહેવાની ક્યારે ના પાડી છે ? આવી વાત તો અમને તરત કહેવી જોઈએ."

પછી મહારાજે બ્રહ્માનંદસ્વામી તથા દાદા ખાચરને પોતાની પાસે બોલાવીને આ વાત એમને સંભળાવી. ને ગેબીનો અભિપ્રાય જાણવા માટે ગેબી પાસે તેમને મોકલ્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામી તથા દાદો ખાચર તથા લાધો ઠક્કર તે એની પાસે ગયા. ત્યારે તે ગેબી તંબુ વચ્ચે ઢોલિયા ઉપર બેઠેલો, ને બે કોરે નગટી બે સ્ત્રીઓ પંખા લઈને વા નાખે છે, ને ચારે કોર ડાઢાવાળા મારવાડા હોકા ભરીને હાથમાં લઈને બેઠા છે.

ત્યારે તે ગેબી એમ બોલ્યો જે, "માંહિલી કોરે તંબુમાં આવો." ત્યારે લાધા ઠક્કર કહે, "અમારા સાધુને બાઈઓ હોય ત્યાં ન જવાય, ને બાઈઓ અડી જાય તો ઉપવાસ કરવો પડે. માટે બાઈઓને બહાર કાઢો તો સાધુ તંબુમાં આવે." પછી તે ગેબીએ બાઈઓને બહાર કાઢી. પછી બ્રહ્માનંદસ્વામી તથા દાદો ખાચર તથા લાધો ઠક્કર એ તંબુમાં ગયા ને ગેબી પાસે બેઠા. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ સાધુના ધર્મની વાર્તા કહેવા લાગ્યા જે, "શાસ્ત્રમાં પણ એમ કહ્યું છે જે, અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય પાળવું ઈત્યાદિક સાધુના ધર્મ છે. તે પ્રમાણે અમે ધર્મ પાળીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરીએ છીએ." ત્યારે તે ગેબી બોલ્યો જે, "તમારું શું નામ છે ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, "મારું નામ બ્રહ્માનંદ." ત્યારે તે ગેબી કહે, "બ્રહ્માનંદ ! સમજ્યા, બોરડીને બે કાંટા, એક સવળો

૧.દગો કરવાના ઈરાદાવાળો

અને બીજો અવળો. તે સ્વામિનારાયણ જો રામ થાય તો હું તેમની વાંસે રાવણ થાઉં; ને જો સ્વામિનારાયણ કૃષ્ણ થાય તો હું તેમની વાંસે કંસ થાઉં. જો સ્વામિનારાયણ આકાશમાં જાય તો હું આકાશમાં જાઉં. અને જો સ્વામિનારાયણ પાતાળમાં જાય તો હું પાતાળમાં જાઉં. ને જો સ્વામિનારાયણ જળમાં જાય તો હું તેમની વાંસે જળમાં જાઉં અને જો સ્વામિનારાયણ અગ્નિમાં પેસે તો હું તેમની વાંસે અગ્નિમાં પેસું; પણ સ્વામિનારાયણ ઘેલાને ઓલે કાંઠે દેરી છે તેને આ કાંઠે લાવે કે પછી હું લાવું ? બોલો રામોરામ, ભરો હોકા."

એમ એ બોલતો હતો ત્યારે એ ગેબીની ચારેકોર મારવાડા હાથમાં હોકા લઈને બેઠા અને લૂગડાંની પલાંઠી વાળી છે જેણે ને મોટાં છે ડાઢાં જેનાં એવા જે મારવાડા તે એમ બોલ્યા જે, "રામોરામ રામોરામ." ને હોકાની કડ કડ કડ કડ ફૂંકો મારતા હતા. એવી રીતે ચાર વાર બોલ્યો. પછી એમ કહ્યું, "આટલા દહાડા સ્વામિનારાયણ બોડિયે ચર્યો છે[1], અને આજ સ્વામિનારાયણને શિંગાળા[2] મળ્યા છે, તે સ્વામિનારાયણને હું નહિ છોડું." એમ બોલ્યો.

પછી બ્રહ્માનંદસ્વામીએ તથા દાદા ખાચરે તથા લાધા ઠક્કરે મનમાં એમ જાણ્યું જે, આ તો મૂરખ મનુષ્ય છે. તે જરૂર અવળું કરે એવો જણાય છે. એમ જાણીને ત્યાંથી ઊઠીને મહારાજ પાસે આવીને આ સર્વે વાત મહારાજને કહી. પછી એમ કહ્યું જે, "એ ગેબી તો મહામૂર્ખ છે અને જરૂર ટંટો કરશે એમ જણાય છે. ને ભેળા મનુષ્ય તે પણ મૂર્ખ છે. માટે આપણે પણ આગળથી ચેતી રહેવું."

પછી મહારાજે દાદા ખાચરના ભાગિયા આહીર ખાચર તેને બોલાવ્યા. તથા પાળા તથા બીજા કાઠી એ સર્વેને હથિયાર બંધાવીને તૈયાર કર્યા. ને સાધુઓએ પણ ધોકા લીધા. ને સચ્ચિદાનંદસ્વામીએ હળ લીધું. ને શ્રીજીમહારાજ સર્વે કસુંબલ વસ્ત્ર પહેરીને ઢાલ-તલવાર

૧.નિર્બળ સાથે લડ્યા છે. ૨.બળિયા

લઈને તૈયાર થઈને બેઠા. અને ગેબી તે સમે નગારું કરતો હતો. ને ભેગા ચારસે મારવાડા બડકમદાર[૧] લઈને તથા ગઢડામાં બીજા મારવાડા કૂબા કરીને રહ્યા હતા તે પણ હથિયાર બાંધીને તે ભેળા તૈયાર થઈને આવ્યા.

પછી બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામીએ મહારાજને એમ કહ્યું જે, "મહારાજ ! તમે બેઠા રહો ને હથિયારબંધો બહાર નીસરીને લડશે." ત્યારે સોમલા ખાચરે પણ મહારાજને એમ કહ્યું જે, "મહારાજ, તમારા ભક્ત એવા જે અમે તે અમારી રમતને જુઓ, તમે આંહીં બેઠા રહો." તોપણ મહારાજ ઢાલ-તલવાર હાથમાં લઈને ઊઠીને ચાલ્યા, ત્યારે બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામીએ મહારાજને પાછળથી કેડમાંથી પકડી લઈને બેસાડ્યા ને દરવાજો ઉઘાડ્યો. એટલે સોમલા ખાચર આદિક હથિયારબંધ બહાર નીસર્યા. ને ગેબીને એવું આશ્ચર્ય દેખાણું જે સ્વામિનારાયણ આજે કોઈને જીવતા નહિ મૂકે. એમ જાણીને અતિ ભય પામીને ઘોડેથી ઊતરીને મારવાડીના કૂબામાં સંતાઈ ગયો. ને દિવસ પણ અસ્ત પામ્યો.

પછી મહારાજે કેસરીસિંહ ને માનસિંહ બે પૂરબિયા[૨] દાદા ખાચરના ચાકર હતા ને મહા શૂરવીર હતા, તેમને બોલાવીને કહ્યું જે, "તમે બે જણા ગેબી કૂબામાં સંતાયો હોય ત્યાં જઈને એમ બોલો જે, 'અમને સ્વામિનારાયણે ભેજા છે અને સ્વામિનારાયણ એમ કહે છે કે, નીકળ બહાર, કાંઈકું સંતાણા હે ? ને સ્વામિનારાયણ ઘેલાને ઓલે કાંઠે દેરી છે, તેને આ કાંઠે લાવે છે, પણ પ્રથમ તો ગોલિયાંકી ટપાટપી હોયગી પછે દેરીકું આ કાંઠે લાવેગી."

પછી તે બે પૂરબિયા જે કૂબામાં ગેબી સંતાણો હતો ત્યાં જઈને મહારાજે કહ્યું તેવી રીતે વારંવાર બોલ્યા. ત્યારે ગેબી અતિશય ભય પામીને પાછલી રાત્રીએ ભાગી ગયો. ।।૪૫।।

૧.લોઠકા; તાલેવર ૨.પૂર્વ દેશના

૪૬. જીવા ખાચરના તોફાનને શ્રીહરિએ નિષ્ફળ કર્યું.

કોઈ એક દિવસ શ્રીજીમહારાજ **શ્રીગઢપુર**માં બિરાજમાન હતા. એ વખતે જીવા ખાચરની શિખવણીથી ભાવનગરના મોટે આસુરે બે હજાર આરબની હલા મહારાજને મારવા સારુ મોકલી. પછી શ્રીજીમહારાજ કસુંબલ વસ્ત્ર ધારણ કરીને ઢાલ-તલવાર લઈને તૈયાર થયા ને સોમલા ખાચર વગેરે કાઠી તથા પાળા પણ હથિયાર બાંધીને તૈયાર થયા. સચ્ચિદાનંદસ્વામીએ તો હળ લીધું. બીજા સાધુઓ ધોકા લઈને તૈયાર થયા.

સોમલા ખાચરે મહારાજને કહ્યું, "મહારાજ, તમે આંહીં જ બિરાજો. અમે તમારા ભક્ત છીએ એટલે પહેલાં અમારી રમત તમે જુઓ." બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામીએ પણ મહારાજને કહ્યું કે, "તમે તો આંહીં જ બિરાજો. આ તમારા ભક્ત છે, તે લડવાને અને શત્રુને જીતવાને સમર્થ છે." મહારાજે સોમલા ખાચર આદિક હથિયારબંધોને એમ કહ્યું જે, "તમે બધા જાઓ અને ટૂક ટૂક ઊડી જાજો ને પાછું વાળીને જોશો નહીં." એટલે બધા ચાલવા માંડ્યા. ત્યાં તો મહારાજ બોલ્યા કે, "પાછા વળો, પાછા વળો." પછી તેઓ બધા પાછા આવ્યા." એટલે મહારાજ કહે, "તમે તો નિમિત્ત માત્ર છો, પણ હું તમારામાં એક એક હજાર હાથીનું બળ મૂકીશ. તે જોઈને એ બધાય નાસી જશે. એકેય તમારી આગળ ઊભો રહે નહીં." પછી બધાય ચાલ્યા તેને સોમલો ખાચર કહે જે, "મહારાજે આપણને પ્રથમ જે ટૂકટૂક થવાનું કહ્યું છે, તે સત્ય છે. ને વાંસેથી કહ્યું છે તે તો આપણને હિંમત દેવા સારુ કહ્યું છે." એમ કહીને દરવાજો ઉઘાડ્યો ને બહાર નીકળ્યા." ને એ ભાવર અસુરે એકહારે બંદૂકોનો સંભો માર્યો, પણ એકે બંદૂક ફૂટી નહીં ને બરિયાન ખાઈ ગયું[૧]. એક ભાવરના દારૂના શિંગડામાં[૨] બરિયાનનો દેવતા પડ્યો એટલે તે આકાશમાં ઊછળી ઊછળીને પડવા

૧.બંદૂકને સળગાવવાની કાકડી નિષ્ફળ ગઈ. ૨.બંદૂકમાં દારૂ ભરવાની નળીમાં

લાગ્યો. દરવાજો ઉઘાડ્યો ત્યારે એ અસુરને એવું આશ્ચર્ય લાગ્યું કે આટલા બધા હથિયારબંધ મનુષ્ય ક્યાંથી આવ્યા ! એ આપણને જરૂર મારી નાખશે. એટલે ભય પામીને ભાગવા માંડ્યા.

ફોજ લઈને આવેલો મોટો અસુર તો ભય પામીને નાઠો અને કોઈકના ઘરમાં સંતાઈ ગયો. તે વખતે અતીત, બ્રાહ્મણ અને ભાટ ચારણ સમાધાન કરાવવા માટે બંનેની વચ્ચે આવીને ઊભા રહ્યા ને લડાઈ થવા દીધી નહીં. પછી જીવા ખાચર દાદા ખાચરના દરબારમાં મહારાજ પાસે આવીને કહેવા લાગ્યા કે, “મહારાજ ! ઠાકોરે અમારા ગામ-ગરાસ લઈ લીધા ને છોકરાને મારવા તૈયાર થયા છે. આવો અન્યાય માંડ્યો છે.” મહારાજ કહે, “જીવા ખાચર, એ વખતે તમે ક્યાં ગયા હતા ?”

જીવા ખાચર કહે, “મહારાજ હું તો ઊંઘતો હતો.” મહારાજ કહે, “આટલું બધું તોફાન થયું તેની તમને ખબર નથી ?” જીવો ખાચર કહે, “ના મહારાજ !” પછી અમૂલાબાઈએ કહ્યું, “મહારાજ, આ પાપી આટલું તોફાન કરાવે છે.” જીવા ખાચર કહે, “ભણે અમૂલા, એમ કાણું ભણતી છે ? હું તે એવું તોફાન કરાવું ?” મહારાજ કહે, “જીવા ખાચર, બ્રહ્માની માયાનો પાર આવે, પણ તમારી માયાનો પાર ન આવ્યો.” આ સાંભળી જીવા ખાચર પોતાના દરબારમાં ગયા. તેની પાછળ મહારાજ પણ તૈયાર થઈને ઘોડે ચડીને જીવા ખાચરના દરબારમાં ગયા. ત્યારે ત્યાં ભાવર ઘણાક ઊતર્યા હતા. ને ખીચડાના ચરુ[૧] ચઢાવેલા તેને મહારાજ જોતા હતા. ને જીવા ખાચર ડેલીએ બેઠા હતા, તે મહારાજને ઊઠીને પગે લાગ્યા.

ત્યારે મહારાજે કહ્યું, “જીવા ખાચર, તમે તો કહેતા હતા કે હું તો કંઈ જાણતો નથી, અને આ તો તમારે ઘેર જ બધો ધામો દેખાય છે !” જીવો ખાચર કહે, “મહારાજ ! સડતાલાના રાંકશા[૨] આવીને મારા ઘર ઉપર પડ્યા, એટલે મારે ખીચડું દીધા વગર કેમ ચાલે ?”

૧.તાંબા કે પિત્તળનાં ઘડા જેવાં વાસણ ૨.ગરીબ; કંગાલ

પછી મહારાજ ત્યાંથી **કારિયાણી**એ પધાર્યા અને એક દિવસ ત્યાં રહીને રામદાસભાઈ અતિશય માંદા થવાથી **ગઢડા** પાછા પધાર્યા. પછી રામદાસભાઈએ દેહત્યાગ કર્યો. ॥૪૬॥

૪૭. કરિયાણાના દેહા ખાચરની ફોજ થકી રક્ષા કરી.

કોઈ એક સમયને વિષે શ્રીજીમહારાજ ગામ શ્રીકારિયાણે બિરાજમાન હતા. તે વખતે દેહો ખાચર મહારાજ પ્રત્યે બોલ્યા કે, "તમે અહીંથી પધારો તો સારું. અમારે પણ અહીંથી જવું પડશે. શા સારુ જે અમારા ઘરડેરાએ[1] ગરાસના ધિંગાણામાં નગરવાળાના[2] દસ-પંદર માણસો મારી નાખ્યાં છે. તેનું વેર લેવા સારુ તેણે બે-ત્રણ હજાર મનુષ્યોની હલ્લા કરીને મોકલી છે. તે ગામ બરવાળે પડાવ કર્યો છે. ત્યાંથી કાલે બે માણસો જોવા આવ્યા હતા કે, દેહો ખાચર છે કે નહિ, જો હોય તો તેને પકડી લઈએ. તે કાલે અહીં આવશે."

ત્યારે મહારાજ બોલ્યા કે, "તમારે જવું હોય તો જાઓ, અમારે તો અહીં જ રહેવું છે." પછી બીજે દિવસે ત્રણ હજાર માણસો દેહા ખાચરને પકડવા આવ્યા. તે જોવા માટે પોતાના ભેળા ચાલીસ-પચાસ માણસને લઈને મહારાજ પણ આવ્યા, અને સામે ઊભા રહી મહારાજે એવું આશ્ચર્ય દેખાડ્યું જે હથિયારબંધ મોટા પંજાબી વીસ-પચીસ હજાર માણસો દેખાડ્યાં, ને જાણે હમણાં જ આ સર્વેને મારી નાખશે.

તે જોઈને એ બોલ્યા જે, "તમે અહીં કેમ આવ્યા છો ?" મહારાજ બોલ્યા જે, "અમે તો તમને જોવા સારુ આવ્યા છીએ, અને જો લડાઈ કરવી હોય તોપણ તૈયાર છીએ." પછી તે ફોજ મહારાજનો અલૌકિક પ્રતાપ જોઈને નદીમાં થઈને ગામ કોટડાને માર્ગે ગઈ. ને મહારાજ તેને જોતા જોતા કોઠે[3] પધાર્યા ને ત્યાં ઘોડી ફેરવી. એમ દેહા ખાચરની રક્ષા કરી. ॥૪૭॥

૧.બાપદાદાએ; વડવાએ. ૨.જામનગરવાળાના. ૩.કિલ્લાની વચ્ચમાં તોપો-દારૂગોળો રાખવાની જગ્યાએ.

૪૮. કારિયાણીના તળાવમાં યતિને સમાધિ કરાવી.

કોઈ એક સમયે શ્રીજીમહારાજ **કારિયાણી**ના તળાવમાં સર્વે સંતમંડળ તથા દેશદેશના હરિજનની સભા કરીને વિરાજમાન હતા. તે સમયે બે યતિ કોઈક ગામથી જતા હતા. તેમણે મહારાજને છેટેથી જોઈને એમ વિચાર કર્યો કે, 'આ સ્વામિનારાયણ બહુ કામણ-ટૂંમણ અને મંત્ર-જંત્ર જાણે છે. તેણે કરીને સર્વે જનને વશ કરી લે છે. તેણે કરીને સર્વે જન એમને જ દેખે છે.' એમ જાણીને એ બે પૂજ્ય મહારાજને સન્મુખ ને સભાને વાંસે આવીને ઊભા રહ્યા. તે સામું મહારાજે જોયું. ત્યારે એકને સમાધિ થઈ ને પડી ગયો. અને બીજો ત્યાંથી નાસીને છેટે ગયો. ને જે પડ્યો હતો, તે સમાધિમાંથી જાગીને પોતાનો ઓઘો[૧] અને પાત્ર લઈ નાસી ગયો. તેને જોઈને મહારાજ તથા સભાવાળા હસવા લાગ્યા. ॥૪૮॥

૪૯. જવારજમાં શ્રીહરિનો દ્રોહી હવાલદાર તીરથી મરાયો.

કોઈ એક સમયે મહારાજ **ગઢડે**થી જેતલપુર જાતા હતા, ને ભેળા દશ-પંદર ભક્ત હતા. તે ગામ **જવારજ** આવ્યા. જવારજના હરિજનોએ મહારાજને દરબારના ઉતારામાં ઉતાર્યા. તે સમે તે ગામના હવાલદારને પૂછ્યા વિના ઊતર્યા. ને પછી હવાલદાર આવ્યો ને એમ બોલ્યો જે, "આંહીં કેમ ઊતર્યા છો ?" એમ તિરસ્કારનાં વચન કહીને ત્યાંથી કાઢી મેલ્યા, ને એમ બોલ્યો જે, "તીરંબાજી કર્યા જેવા છે." પછી મહારાજ તો આધાર ભક્તને બંગલે ઊતર્યા અને પછી મહારાજ **જેતલપુર** પધાર્યા. અને તે વાર કેડે બે-ચાર દા'ડે હવાલદારને કોળીએ તીરંબાજી કરીને મારી નાખ્યો. ॥૪૯॥

૫૦. સુરતમાં શ્રીહરિને મારવા જનાર વૈરાગીનું મોત

એક વખત શ્રીજીમહારાજ **સુરત** પધાર્યા હતા. ત્યાં નવેક દિવસ રહીને સર્વે કાઠીના અસ્વાર તથા હજારું સાધુ-હરિજન સહિત સુરતથી

૧.ઊનના દોરાની મોટી પૂંજણી;રજોણો

ચાલ્યા. તે ગામ બહાર ઊભે રસ્તે પછીત પડે છે, એવી જે વેરાગીની ધર્મશાળા છે, તેની પછીતે ઊભે રસ્તે બંદૂકના મારા[1] મેલ્યા છે. ને તે ધર્મશાળામાં વૈરાગી ઘણા રહે છે. તેમાં મહંતનો ચેલો બંદૂક ભરીને મહારાજને ગોળીએ મારવા સારુ બંદૂકના મારામાં બંદૂકને રાખીને જ્યારે મહારાજ ત્યાં સમીપે આવે ત્યારે તે બંદૂકનો વાંદરો દાબે એટલે બંદૂક બરિયાન ખાઈ જાય ને ભડાકો ન થાય. ત્યારે તે વૈરાગી ત્યાંથી દોડીને બીજે બંદૂકને મારે જઈને ત્યાં બંદૂકનો ભડાકો કરવા સારુ વાંદરો દાબે ત્યારે બંદૂક બરિયાન ખાઈ જાય, પણ ભડાકો ન થાય. એમ ઘણીક વાર કર્યું પણ ભડાકો થયો નહીં, ને મહારાજને મારી શક્યો નહીં. અને તે વાર કેડે બીજે ત્રીજે દિવસ તેને બીજા વૈરાગી સાથે ટંટો થયો ને તે વૈરાગીએ એને બંદૂકની ગોળીએ દીધો. ॥૫૦॥

૫૧. તરબૂચ આપનાર કોળીના છોકરાને મહારાજ ધામમાં લઈ ગયા.

અને કોઈક દિવસ મહારાજ ગામ શ્રીવડતાલથી ગામ જોળ પધારતા હતા. રસ્તામાં એક કોળીના છોકરાએ બે ખડબૂચાં[2] પાકવા માટે જમીનમાં દાટેલાં. તે એમ ધારીને જે, "આમાંથી એક ખડબૂચું સ્વામિનારાયણને આપીશ અને બીજું મારા મામાને આપીશ."

પછી એ છોકરો તથા બીજા કોળીનો છોકરા મહારાજ પાસે આવ્યા, ત્યારે મહારાજ બોલ્યા કે, "અમારે માટે ખડબૂચ રાખ્યું છે, તે લઈ આવો અને તમારા મામા માટે જે ખડબૂચ દાટ્યું છે, તેને તો શિયાળવું ખાઈ ગયું છે." પછી તે છોકરાઓએ ખડબૂચ લાવીને મહારાજને આપ્યું. તે ખડબૂચ મહારાજ જમ્યા.

ત્યારપછી કેટલાક વખતે તે કોળીના છોકરાનો મૃત્યુકાળ નજીક આવ્યો. ત્યારે મહારાજ હાથમાં ખડબૂચ લઈને તેડવા આવ્યા. ત્યારે

૧.કિલ્લાની દીવાલમાં બંદૂક વગેરે ભરાવાના બાકાં ૨.તરબૂચ; ટેટી

એ છોકરો એમ કહેતો કે, "મહારાજ, હાથમાં ખડબૂચ લઈને મને તેડવા આવ્યા છે. માટે હું ધામમાં જાઉં છું." એમ કહીને દેહ ત્યાગ કરીને મહારાજ સાથે ધામમાં ગયો. ॥૫૧॥

૫૨. ખારોલના મનોરભક્તને તુંબડાં લઈ તેડવા પધાર્યા.

અને ગામ **ખારોલ**ના પટેલ મનોરભક્ત હતા. તે શેલડીના વાઢમાં તુંબડાનાં બી આપીને તુંબડાં કરાવતા. પછી તે તુંબડાં સાધુને આપતા. તે મનોરભક્ત કોઈક સમે માંદા થયા, તે મહારાજ દિવસ ડોઢ પો'ર ચડતે તેડવા આવ્યા. તે જાણે નવાં તુંબડાં ભેળાં લીધાં છે, એવા પચાસ-સાઠ સાધુ ભેળા લઈને પ્રત્યક્ષ પ્રમાણ ગામમાં ચાલીને આવ્યા. તે ગામને લોકે એમ કહ્યું કે, "નવાં તુંબડાં ભેળાં લઈને સ્વામિનારાયણના આ સાધુ ક્યાં જાય છે ?" એમ કહીને કેટલાંક લોક તો વાંસે ચાલ્યા. તે મહારાજ ને સાધુ સર્વે મનોરભક્તની ઓરડીમાં પેસી ગયા. એમ સર્વે લોકે દીઠું. ને મનોરભક્તે દેહ ત્યાગ કર્યો. ને મહારાજ તેને પોતાના ધામમાં તેડી ગયા. ॥૫૨॥

૫૩. લુણાવાડામાં સાધુ ભક્તિપ્રિયદાસજીને ધામમાં તેડી ગયા.

કોઈક સમયે મહારાજ ગામ લુણાવાડામાં સાધુ ભક્તિપ્રિયદાસજીને તેડવા સારુ અરધી રાતે પચાસ સાધુ તથા બે ઘોડા લઈને આવતા હતા. તે એક નાગર બ્રાહ્મણને ઉઠાડીને પૂછ્યું કે, "સ્વામિનારાયણનું મંદિર ક્યાં છે ?" ત્યારે તે ઊઠીને મંદિર બતાવીને પાછો જઈને સૂઈ ગયો. પછી તેને મનમાં એમ વિચાર થયો જે, 'દરવાજા વાસેલા છે ને કોટવાળું ગામ છે, તે અર્ધી રાત્રિએ સ્વામિનારાયણ બે ઘોડા ને પચાસ-સાઠ સાધુ સહિત ક્યાં થઈને આવ્યા ?' પછી સવારના પાંચ વાગ્યા ત્યારે મંદિરમાં આવીને લક્ષ્મીરામ જાનીને પૂછ્યું જે, "અર્ધી રાત્રિએ મને ઉઠાડીને મંદિરનું પૂછ્યું, તે મેં એમને મંદિર બતાવ્યું; તે સ્વામિનારાયણ ક્યાં ઊતર્યા છે ?"

ત્યારે લક્ષ્મીરામ જાનીએ એમ જાણ્યું જે : 'આ ભક્તિપ્રિયદાસજી અતિ માંદા છે, તેને તેડવા સારુ મહારાજ આવ્યા હશે; તે એમને દર્શન થયાં.' એમ જાણીને એ નાગરને એમ કે'તા હતા જે, "સ્વામિનારાયણ આવ્યા તો હતા, પણ તે તો આંહીંથી ગયા." ને તે'દી દિવસના અગિયાર વાગતે ભક્તિપ્રિયદાસજીએ દેહ ત્યાગ કર્યો. ને મહારાજ તેમને પોતાના ધામમાં તેડી ગયા. ને જે રાત્રિએ નાગરને જગાડીને મંદિરનું ઠેકાણું પૂછ્યું, તે રાત્રિએ ગામ ખારોલમાં સત્સંગી અંબારામ બ્રાહ્મણની સ્ત્રીને મહારાજે દર્શન દઈને એમ કહ્યું જે, "અમે સાધુ ભક્તિપ્રિયદાસજી માંદા છે, તેને તેડવા સારુ લુણાવાડે જાઈએ છીએ." આ વાત અંબારામને એની સ્ત્રીએ કહી, ત્યારે અંબારામે તે દિવસે લુણાવાડે આવીને આ વાત કહી. ॥૫૩॥

૫૪. મહારાજનું ન મનાવાથી કણબીની તરવાર ચોરાણી.

અગનોતેરની સાલમાં શ્રીજીમહારાજ ગામ ગઢડેથી ગામ **લોયે** પધાર્યા અને ત્યાંથી ગામ **લીંબડી** પધાર્યા. તે ભેળા ભગુજી આદિક પાંચ-સાત પાર્ષદો હતા, ને એક લોયા ગામનો કણબી હતો. ને ગામથી ઉગમણી કોરે કુંભારનું પરું[૧] છે ત્યાં રાત્રી રહ્યા. ને તે સર્વેને મહારાજે કહ્યું કે, "તમે બધા જાગજો. આ કાળવરસ છે, તે ચોર લઈ જશે." ત્યારે તે કણબી બોલ્યો જે, "ચોર શું લેશે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "પ્રથમ તો તારી તરવાર લેશે." ત્યારે તે કણબીએ મનમાં એમ જાણ્યું જે, 'મહારાજે કહ્યું માટે જરૂર મારી તરવાર ચોર લઈ જાશે.' એમ જાણીને તરવારને પગ સાથે ફેટે કરીને બાંધીને સૂતો. પછી ભગુજી જાગતા હતા, ને તે વાર કેડે મહારાજ ભગુજીને કહે, "તમે સૂઈ જાઓ, ને હું જાગીશ." પછી ભગુજી સૂઈ રહ્યા.

પછી મહારાજ સૂતાં સૂતાં જાગતા હતા. ત્યારે ચોર ઝાંપલી ખસેડતો ખસેડતો આવ્યો. તેને જોઈને મહારાજ બોલ્યા જે, "ભગુજી,

૧.નાની વસાહત; વસવાટ

ચોર આવ્યો.” ત્યારે તે ઝાંપલી મૂકીને નાસી ગયો. પછી ચોર ઘડી બે ઘડી થાય એટલે વંડીએ ડોકાતો હતો. ત્યારે મહારાજે ભગુજીને એમ કહ્યું જે, “જો આપણે ઊંઘશું તો ચોર જરૂર આપણાં લૂગડાં લઈ જાશે. ને ચોરે આપણો છાલ[૧] ન મેલ્યો, માટે સાબદા થઈને ચાલો ચાલીએ.” એમ કહીને સાબદા થયા, ને ઘોડીએ પલાણ નાખ્યું. અને લોયાનો કણબી હતો, તેણે ઊઠીને પગ સાથે ફેંટે કરીને બાંધેલી જે તરવાર તેને છોડી, ને ફેંટાને તરવાર સાથે વીંટીને તરવારને ભીંતે ઊભી મેલી. પછી તે લઘુશંકા કરવા બેઠો. તે સમે ચોર દોડી આવીને તરવાર લઈને નાસી ગયો. ત્યારે તે કણબી બોલ્યો જે, “એ ભગુજી ભગુજી ! મારી તરવાર ચોર લઈ ગયો.” ત્યારે ભગુજી હાકોટો મારીને તેને વાંસે દોડ્યા, એટલે ચોર ગામમાં પેસી ગયો.

❋ હળવદના બ્રાહ્મણોને વચનલોપથી અન્ન ન મળ્યું.

પછી મહારાજ ઘોડી ઉપર બેઠા ને ચાલ્યા, તે **ભલ્લગામડા**ની ભાગોળે થઈને ગામ **ઘાઘરેટી**એ ગયા. ત્યાં કૂવા ઉપર જઈને મહારાજ કહે, “અમારે બહિર્ભૂમિએ જાવું છે.” એમ કહીને ઘોડેથી ઊતરીને બહિર્ભૂમિએ જઈ આવીને હાથ મટિયાવતા હતા. ને પાળે ઘોડીને કોઈકના ખેતરમાં ચરવા મેલી હતી. તે ઘોડીનો ચરવાનો ‘બટ્ટ બટ્ટ’ એવો શબ્દ સાંભળીને મહારાજ પાળાને ખીજ્યા ને એમ કહ્યું જે, “તમે હળ હાંકીને મઉ થયા છો જે કોકના ખેતર ખવારો છો ?” અને તે સમે હળવદના મકનજી શુક્લ આદિક દસ-વીસ બ્રાહ્મણ તે એમ બોલતાં બોલતાં અંધારે ચાલ્યા આવતા હતા જે, “આપણે પ્રથમ ગઢડે જઈને બાપાને પૂછીને પછી ગયા હોત તો ઠીક.” તે શબ્દ સાંભળીને મહારાજ ભગુજીને કહે, “ભગુજી, કોઈક સત્સંગી બોલતાં બોલતાં જાય છે, તેને આંહીં બોલાવો.” ત્યારે ભગુજીએ આઘા જઈને એમને બોલાવ્યા જે, “તમે કોણ છો ? ને ક્યાં જાઓ છો ?” ત્યારે તે બોલ્યા જે, “અમે

૧.કેડો; પીછો.

હળવદના શુક્લ છીએ, ને રેવા[૧] કાંઠે વર્તવા[૨] જઈએ છીએ. ને તમે કોણ છો ?" ત્યારે તે બોલ્યા જે, "હું ભગુજી છું." ત્યારે તે શુક્લ કહે, "તમે આંહીં ક્યાંથી ?" ત્યારે ભગુજી કહે, "મહારાજ આંહીં છે."

ત્યારે તે બહુ રાજી થયા, ને દોડીને મહારાજ પાસે આવીને મહારાજનાં ચરણારવિંદમાં પડીને રોવા લાગ્યા. ત્યારે મહારાજ કહે, "આમ ક્યાં જાઓ છો ?" ત્યારે શુક્લ બોલ્યા જે, "રેવા કાંઠે વર્તવા જાઈએ છીએ." ત્યારે મહારાજ કહે, "ત્યાં તો રેલ[૩] આવશે, તે લાખો મનુષ્ય મરી જશે. ને અમે કાગળ લખ્યા હતા, જે ઘરેણાં વેચીને, ઘર વેચીને, બળદ વેચીને પણ દાણા લેજ્યો, તે કેમ અમારાં વચન તમે માન્યાં નહીં ? ને દાણા ન લીધા ?" ત્યારે તે શુક્લ બોલ્યા જે, "એ તો મહારાજ અમે ભૂલી ગયા, ને એ વાતની અમને ખબર ન પડી." ત્યારે મહારાજ કહે, "આમ ગોલવાડમાં[૪] તમો જાઓ. અને દાણા ન લીધા એ અમારી આજ્ઞા લોપી છે, માટે અઢાર દિવસ સુધી તમને અન્ન નહિ મળે, ને પછી મળશે." એમ કહીને શુક્લને ગોલવાડમાં મોકલ્યા. પછી તે ગોલવાડમાં ગયા ને ત્યાં જઈને લોટ માગવા મંડ્યા. ત્યારે જણ દીઠ લીંબુ લીંબુ જેટલું અન્ન એમને મળતું હતું.

અઢાર દિવસ પછી ગોલવાડના બ્રાહ્મણોએ એમ વિચાર કર્યો જે, 'ત્યાં કાળ પડ્યો એટલે હળવદના શુક્લ આપણે ત્યાં વર્તવા આવ્યા છે. માટે લોટ માગવા આવે ત્યારે આપણે એમને સારી પેઠે લોટ આપવો એટલે એમનું ગુજરાન થાશે.' એમ ઓગણીસમા દિવસે એમને સારી પેઠે લોટ મળ્યો. પછી મકનજી શુક્લ કહે, "હવે શ્રીજીમહારાજ આવ્યા." તે અદ્યાપિ લગી એ દેશમાં એમનું ગુજરાન થાય છે.

❋ શિયાણીમાં રાજાભક્તને સમાધિ કરાવી મેથાણ ચાલ્યા.

અને શ્રીજીમહારાજ ઘાઘરેટીએથી ઘોડે બેસીને **શિયાણી** ગામે ગયા. અને ત્યાં શિવરામ ભટ્ટને ખબર કરી એટલે શિવરામ ભટ્ટ તથા

૧.નર્મદા નદી ૨.વસવાટ કરવા ૩.પાણીનું પૂર ૪.ગોહિલવાડમાં

ભાણજી ભડાક તથા ભીમો વોરો અને મેઘજી શાહ આદિક હરિજન મહારાજને રાખવા બહુ તાણ કરવા લાગ્યા, પણ મહારાજ ન રહ્યા. અને એમ કહ્યું જે, "આ પાળા સારુ રોટલા લઈ આવો." પછી ભાણજી ભડાકે બ્રાહ્મણને ઘેરથી ટાઢા રોટલા લાવીને દીધા.

પછી મહારાજ ચાલ્યા અને રાજાભક્તને ખબર પડી જે, 'મહારાજ અહીં આવ્યા છે,' ત્યારે રૂ પીંજવું મેલીને નાળિયેર લઈને દોડી આવ્યા. તે છેટેથી મહારાજનાં દર્શન કરીને તેમને સમાધિ થઈ ગઈ. ને તે પડી ગયા. ને હાથમાં જે નાળિયેર હતું, તે છેટે જઈને પડ્યું. પછી મહારાજે એના છોકરાને કહ્યું જે, "તું તારા બાપા પાસે રહેજે, ને અમે તો ચાલશું." એમ કહીને મહારાજ ચાલ્યા, તે વચમાં કોઈક ગામમાં રાત રહ્યા. પછી મહારાજે અરધી રાત્રિએ ઊઠીને જતને[1] બોલાવ્યો ને તેને લઈને ચાલ્યા. તે સારો સંગાથ જોઈને એક બ્રાહ્મણ પણ ભેળો ચાલ્યો. તે અંધારામાં ચાલતાં બ્રાહ્મણને સર્પ કરડ્યો. ત્યારે તે બ્રાહ્મણ કહે, "મને આ મોટો સર્પ કરડીને જાય છે." ત્યારે તે બ્રાહ્મણને મહારાજે એમ કહ્યું જે, "મેથાણ લગી મૂઠી વાળીને દોડ્યો જા, ને ક્યાંઈ ઊભો રહીશ મા. જો ઊભો રહીશ તો તે સર્પ તને ચડશે. અને ત્યાં જઈને વ્યાસ ગોવિંદરામને જગાડીને એમ કહેજે જે, 'મહારાજ આવે છે. તેમને તારે ઘેર છાનું રહેવું છે, તે તું મહારાજને સન્મુખ જા. ને આ વાત કોઈને કહીશ મા." પછી તે બ્રાહ્મણ દોડીને મેથાણ ગયો, ને તેને સર્પ ન ચડ્યો.

❋ મેથાણમાં મહારાજ છાના રહ્યા તથા પૂજાજીને સહાય કરી.

અને તે બ્રાહ્મણે ગોવિંદરામને જગાડીને મહારાજ આવે છે, એ વાત કહી. ગોવિંદરામ મહારાજને સન્મુખ જઈને મહારાજને તેડી લાવ્યા ને પોતાના ઘરમાં મહારાજને છાના રાખ્યા. ને પછીતે બારણું પાડીને વાડામાં ના'વા-ધોવાનું ને બેસવા-ઊઠવાનું કર્યું. ને કોઈને એ

૧. એ નામની જાતિના એક માણસને

વાત કહી નહીં, પણ ગનેહને[1] પૂજાજીને ખબર પડી જે, મહારાજ ગોવિંદરામના ઘરમાં છાના રહ્યા છે. પછી પૂજોજી ગોવિંદરામને ઘરે આવ્યા ને કમાડ વાસ્યું હતું, તે ગોવિંદરામને કહ્યું જે, "ગોવિંદરામ કમાડ ઉઘાડો." ત્યારે ગોવિંદરામ બોલ્યા જે, "હું તો રોટલા જમવા બેઠો છું." ત્યારે પૂજોજી ઓસરીમાં બેઠા. ને બેઠા બેઠા એમ બોલતા હતા જે, "અરેરે ! વર્ષાતે દગો દીધો, ને વરસ્યો નહિ; ને ભગવાન પણ અમારા ઉપર કુરાજી થયા, તે અમારે ઘેર ન આવ્યા. હવે અમારી શી વલે થાશે !" એમ કહીને પોક મેલીને રોવા લાગ્યા.

પછી મહારાજ કહે, "ઉઘાડો ઉઘાડો." પછી ગોવિંદરામભાઈએ કમાડ ઉઘાડ્યું. ત્યારે પૂજાજી ઘરમાં આવ્યા, ને મહારાજને દંડવત કરીને પગમાં પડીને અતિશે રોવા લાગ્યા. ત્યારે મહારાજ કહે, "હવે શું કરવા રુઓ છો ? પ્રથમ અમે કાગળ લખ્યો હતો, તે કાગળમાં એમ લખ્યું હતું જે, ઘોડા વેચીને, ઢોરાં વેચીને, ઘરેણાં વેચીને, ઘર વેચીને પણ દાણા લેજો. તે તમે અમારો કાગળ માન્યો નહીં." ત્યારે પૂજાજી એમ બોલ્યા જે, "તમારો કાગળ અમે વાંચીને મૂળજીભાઈને પૂછ્યું જે, ઘોડા વિના ને ઢોર વિના કેમ ચાલે ?" ત્યારે મૂળજીભાઈએ કહ્યું જે, "મહારાજ તો ભગવાન છે તે લખે, પણ આપણે તો વ્યવહારમાં જેમ ઘટે તેમ કરવું." ત્યારે મહારાજ બોલ્યા જે, "મૂળજીના માન્યા ને હમારા ન માન્યા. ને બીજા તો રામપાત્ર લઈને માંગશે ત્યારે પેટ ભરાશે, ને તું તો કુંડું ગળે બાંધીને માગીશ તોય પણ તારું પેટ નહિ ભરાય."

પછી પૂજોજી બોલ્યા જે, "મહારાજ ! હવે જે પ્રકારે અમે કાળ ઊતરીએ એ ઉપાય બતાવો." ત્યારે મહારાજ કહે, "તમારે ગાડું-બળદ છે ?" ત્યારે પૂજાજીએ કહ્યું જે, "હા, અમારે ગાડું-બળદ છે." ત્યારે મહારાજ કહે, "તમે ગાડું-બળદ લઈને જેતલપુર જાજો. ત્યાં

૧.દેવયોગે

રામદાસભાઈ છે, તેને મળજો. ને ત્યાંથી જાર વેચાતી લઈને ગાડું ભરીને આંહીં આવીને વેચજો. એમ ચાર-પાંચ ફેરા કરશો એટલે તમારું ગુજરાન થાય એટલો લાભ રહેશે, ને સુખે તમે કાળ ઊતરશો."

પછી પૂજાજી બોલ્યા જે, "મહારાજ ! અમારે ઘરે પધારો." ત્યારે મહારાજ કહે, "આજ અરધી રાત્રીએ આવીશું." પછી પૂજોજી પોતાને ઘેર ગયા. પછી અરધી રાત્રી થઈ ત્યારે મહારાજ તથા ગોવિંદરામ એ બે સાબદા થઈને ચાલ્યા. તેમાં મહારાજ દેવરામની પાઘડી તથા દેવરામનું અંગરખું તથા તેમનું ધોતિયું પહેરીને તથા દેવરામનું ઉત્તરીય વસ્ત્ર ખભે નાખીને ગોવિંદરામને જોડાજોડ ચાલ્યા.

તે બજારમાં બે-ત્રણ વાણિયા દીવો કરીને નામું લખતા હતા. તેમાં એક વાણિયો એમ બોલ્યો જે, "આ ગોવિંદરામ ને દેવરામ જાય. તેમાં લૂગડાં તો દેવરામનાં પહેર્યાં છે, પણ ચાલ તો દેવરામની નથી. ચાલ તો સ્વામિનારાયણના જેવી છે." પછી મહારાજ હસ્યા ને ગોવિંદરામને એમ કહ્યું જે, "વાણિયો બહુ ડાહ્યો દીસે છે, જે આપણને ઓળખ્યા." પછી પૂજાજીને ઘેર જઈને મહારાજ પોઢી રહ્યા ને સવારમાં પ્રસિદ્ધ થઈને સૌને દર્શન દીધાં.

પછી પૂજાજીને ઘરે મહારાજ થાળ જમતા હતા. તે સમે ગામનો પટેલ કાનો જાકાસણિયો તે મહારાજને દર્શને આવ્યો. તે મહારાજ ઘીમાં બોળીને રોટલો જમતા જાય, અને ઘીના રેગાડા હાથે ઊતરતા જાય, તેને ચાટતા જાય. તેને જોઈને પટેલ એમ બોલ્યો જે, "ઘી તો કોઈ દા'ડે દીઠું નથી ! તે જુઓને ઘી ચાટે છે, ને એને ભગવાન કહે છે !" એમ અવળું લીધું.

❋ ખોલડિયાદના રૂડાભક્તના ખેતરમાં વર્ષા કરી.

મહારાજ ત્યાં થોડા દિવસ રહીને પછી ગામ **ખોલડિયાદ** પધાર્યા. ને રૂડાભક્તને ઘેર બે દિવસ રહીને ત્યાંથી મહારાજ ઘોડે ચડીને ચાલ્યા. ને રૂડોભક્ત વળોટાવવા ભેળા ચાલ્યા. તેને મહારાજ કહે, "તમારે

ઘરમાં દાણા કેટલા છે ?" ત્યારે તે કહે, "એક કળશી." ત્યારે મહારાજ કહે, "વરો કેટલી કળશીનો છે ?" ત્યારે રૂડેભક્તે કહ્યું જે, "પાંચ કળશીનો છે." ત્યારે મહારાજ કહે, "એક કળશી ખાઈ રહેશો, એટલે શું કરશો ?" ત્યારે રૂડાભક્તે કહ્યું જે, "કેટલાકને ઘરમાં દાણા હોય છે, ને તેની આવરદા થઈ રહે એટલે મરી જાય છે. માટે એટલા દાણા ખાઈ રહીએ એટલે તમે વહેલા તેડવા આવજો." ત્યારે મહારાજ કહે, "અન્ન વિના પગ ઘસીને[૧] મરે તે તો બહુ ભૂંડા. માટે વાડિયું કરો." ત્યારે તેમણે કહ્યું જે, "અમારે અહીં કૂવા નથી, તે વાડિયું કેમ થાય ?" ત્યારે મહારાજે કહ્યું જે, "લોયામાં સુરા ખાચરને કહીને અમે તમને વાડિયું અપાવીએ." ત્યારે રૂડોભક્ત કહે, "અમને વાડિયું કરતાં ન આવડે; ને અમે જન્મ ધરીને કોઈ દિવસ કોસ હાંક્યો નથી, તે કોસ હાંકતાં ન આવડે."

ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે કાંઈ ખેતરમાં વાવ્યું છે ?" ત્યારે રૂડોભક્ત બોલ્યા જે, "ગામ ચાણપરની સીમમાં પચાસ વીઘા બાજરી વાવી છે. તે ઉપરથી સુકાઈ ગઈ છે, પણ મૂળમાં ને ગાંઠે લીલી છે. તે જો એક વર્ષાત થાય તો નીપજે." ત્યારે ગામ મોરવાડની સીમમાં રસ્તા ઉપર કોઈકનું ક્ષેત્ર આવ્યું. તેને જોઈને રૂડોભક્ત કહે, "અમારી આવી બાજરી છે."

ત્યારે મહારાજ બોલ્યા જે, "આ તો સુકાઈ ગઈ છે." ત્યારે રૂડોભક્ત બોલ્યા જે, "આ તો ઉપરથી સુકાઈ ગઈ છે, પણ મૂળમાં ને ગાંઠે લીલી છે. તે જો વર્ષાત થાય તો ગાંઠેથી ફૂટીને નીપજે." પછી મહારાજે રૂડાભક્તને પાછા વાળ્યા, ને મહારાજ **નાગડકે** ગયા. ત્યાંથી **લોયે** ગયા ને ત્યાંથી **ગઢડે** પધાર્યા.

પછી તે રાત્રીએ રૂડાભક્તના ખેતરમાં શ્રીજીમહારાજે વરસાદ કર્યો. તે ચાણપરના બ્રાહ્મણે ખોલડિયાદમાં રૂડાભક્તને વાત કરી જે,

૧.ભૂખ્યા તરસ્યા તરફડીને

"તમારા ખેતરમાં આજે રાત્રીએ વરસાદ થયો છે." તે સાંભળીને પોતે ખેતર જોવા ગયા. તે પછી તે ખેતરમાં બાજરો પાંચ કળશી થયો. તેમાંથી એક કળશી ખેતરના ધણી ગરાસિયે ભાગ લીધો, ને પોતાને ચાર કળશી બાજરો આવ્યો. ને મોરલો એક કળશી હતો, તે પાંચ કળશી બાજરો ખાઈને અગનોતેરો કાળ ઓળંગ્યો. એમ મહારાજે રક્ષા કરી.

❋ શિયાણીના રાજાભક્તની શ્રીહરિમાં દૃઢ નિષ્ઠા

અને ગામ શિયાણીના રાજોભક્ત સમાધિમાંથી જાગીને પાછા ઘેર આવ્યા. પછી એમ પ્રતિજ્ઞા કરી જે, "હું મહારાજનાં દર્શન કર્યા વિના અન્ન નહિ ખાઉં." પછી ત્રણ નાળિયેર પગે બાંધીને સાબદા થઈને ચાલ્યા. ત્યારે જે પોતાને સામો મળે તે પૂછે જે, "રાજાભક્ત ક્યાં જાઓ છો ?" ત્યારે તે કહે, "મહારાજનાં દર્શને જાઉં છું." ત્યારે નાળિયેર જોઈને પૂછે જે, "આ શું બાંધ્યું છે ?" ત્યારે તે રાજોભક્ત કહે, "બ્રહ્મા, વિષ્ણુ ને શિવ તે મારા ભેળા મહારાજનાં દર્શન કરવા સારુ આવે છે." એવી રીતે મહારાજનાં દર્શન સારુ ગામોગામ ફરતાં ફરતાં અઢાર દા'ડે ગઢડે પૂગ્યા. પછી મહારાજનાં દર્શન કરીને અન્ન જમ્યા.

અને એ રાજાભક્ત કોઈક દિવસ ત્યાગી થઈને ગઢડે મહારાજ પાસે રહ્યા. અને જ્યારે ગામ મછિયાવના ફઈબાના દીકરા બાપુએ દેહ મેલ્યો ત્યારે ફઈબાએ ગઢડે જઈને મહારાજને એમ કહ્યું જે, "મહારાજ, અમારો વ્યવહાર ચલાવે તેવો કોઈક મનુષ્ય મોકલો." પછી મહારાજે રાજાભક્તને ગામ મછિયાવ જાવાની આજ્ઞા કરી. ત્યારે રાજોભક્ત બોલ્યા જે, "મહારાજ, મારે જમ્યાનું કેમ કરવું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "શેર લોટ લઈને જમજો." પછી તે ત્યાં ગયા અને તેવી રીતે વર્ત્યા.

પછી કોઈક સમયને વિષે એ રાજાભક્ત અને ફઈબા એ સર્વે મહારાજનાં દર્શને આવ્યાં. ત્યારે ફઈબા મહારાજનાં દર્શન કરી એમ બોલ્યાં જે, "મહારાજ, ભગત તો બહુ સારા છે, અને અમારો સર્વે

વ્યવહાર ઉપાડી લીધો છે; પણ કાંઈ જમતા નથી.” ત્યારે મહારાજ બોલ્યા જે, “કેમ જમતા નથી ?” ત્યારે તે બોલ્યા જે, “મહારાજ, તમે શેર લોટની આજ્ઞા કરી છે, તે જમું છું.” ત્યારે મહારાજ બોલ્યા જે, “અમે ઘી-ગોળની ક્યાં બંધી કરી છે ?” એવા એ આજ્ઞા-પરાયણ ભક્ત હતા. તે શેર લોટ વિના મીઠું પણ જમતા નહીં.

પછી વળી કોઈ એક દિવસ દાદા ખાચર બહારવટિયાને ઝાલવા સારુ પાળા વાંસે ગિરમાં ગયા. તે ભેગા રાજાભક્ત પણ હતા. ત્યાં એવી આકાશવાણી થઈ કે, “ફના હો જાયેગા” એમ ત્રણ વાર શબ્દ સાંભળીને સર્વે દિશામાં રાજાભક્તે જોયું, પણ કોઈ દીઠું નહીં. પછી તે બહારવટિયાએ રાજાભક્તને ગોળી મારી, એટલે દેહ પડ્યો.

આમાં કહેવાનું શું છે જે, જે ભક્તજન ભગવાનની આજ્ઞા પાળે છે, તે આલોક અને પરલોકમાં પરમ સુખિયા થાય છે; ને જે આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તે મોટા કષ્ટને પામે છે. ।।૫૪।।

૫૫. નરોનારાયણાનંદસ્વામીનો અલૌકિક દેહત્યાગ

કોઈ એક દિવસ ગામ **મેથાણ**માં નરોનારાયણાનંદ સ્વામીએ પીપળાનાં તથા તુલસીનાં સૂકાં લાકડાં મંગાવ્યાં. અને સુતારને બોલાવીને પોતે ઉપર બેસીને ડોળી કરાવી ને સર્વે હરિજનને કહ્યું જે, “તમે સર્વે રોટલા ખાઈ આવો, પછી મારે દેહ મેલવો છે.” એમ સર્વેને કહીને પછી એમ બોલ્યા જે, “સર્વે રોટલા જમીને આવ્યા ?” ત્યારે સર્વે હરિજન બોલ્યા જે, “સર્વે રોટલા જમીને આવ્યા.” પછી નરોનારાયણ સ્વામી બોલ્યા કે, “આ મહારાજ મને તેડવા આવ્યા છે, તે ભેળો હું અક્ષરધામમાં જાઉં છું.” એમ કહીને દેહત્યાગ કર્યો. તે સમે કેટલાક હરિજનને તથા સાધુને મહારાજનાં દર્શન થયાં. ને આકાશમાં અલૌકિક વાજાં વાગ્યાં. તેનો શબ્દ સાંભળીને ચોરે સિપાઈ બેઠો હતો, તે સિપાઈ એમ બોલ્યો જે, “આકાશમાં એસા વાજિંત્રકા શબ્દ ક્યાંથી હોતા હે ?” એ રીતે અલૌકિક પ્રતાપ દેખાડીને મહારાજ નરોનારાયણાનંદ સ્વામીને તેડી ગયા. ।।૫૫।।

૫૬. શ્રીધરાનંદસ્વામીનો સ્વતંત્રપણે દેહત્યાગ

કોઈક દિવસ ગામ **ઠાસરા**માં શ્રીધરાનંદસ્વામીએ સર્વે હરિજનોને બોલાવીને કહ્યું જે, "કાલ મારે દેહ મેલવો છે." એમ કહીને સૂકા પીપળાનાં તથા તુલસીનાં કાષ્ઠ મંગાવ્યાં. પછી સુતારને બોલાવીને પોતે ઉપર બેસીને ડોળી કરાવી. ને પોતાને હાથે રૂમાલ બાંધીને ખૂંટીએ મેલ્યો, ને એમ કહ્યું જે, "જ્યારે મને ડોળીમાં બેસાડો ત્યારે આ રૂમાલ મારે માથે મેલજો." એમ કહીને સ્વતંત્રપણે દેહત્યાગ કરીને અક્ષરધામમાં ગયા. ॥૫૬॥

૫૭. ઝીણાભાઈ અને વેરાભાઈની પ્રતિજ્ઞા પૂરી કરવા પંચાળા પધાર્યા.

અને કોઈક સમયમાં શ્રીજીમહારાજ ગામ **લોયા**માં સર્વે સાધુમંડળ સહિત વિરાજમાન હતા. તેમને તેડવા સારુ ગામ પંચાળેથી ઝીણોભાઈ આવ્યા ને ઘણી તાણ કરી, પણ મહારાજ પંચાળે ન પધાર્યા. ને ઝીણોભાઈ પાછા પંચાળે ગયા ને ત્યાં જઈને એવી પ્રતિજ્ઞા કરી જે, "મહારાજ જ્યારે પંચાળે આવે, ત્યારે હું માથે બાંધીશ તથા ગળ્યું-ચોપડ્યું ખાઈશ."

તે પછી કોઈક દિવસ ઝીણાભાઈને ઘેર પોતાના સગા મોટા મનુષ્ય મે'માન આવ્યા. તેની પાસે ઝીણોભાઈ ઉઘાડે માથે બેઠા. તેને જોઈને વેરાભાઈ ઝીણાભાઈ પ્રત્યે બોલ્યા જે, "તમે ઉઘાડે માથે મે'માન પાસે બેસો છો, તે બહુ ખોટું દેખાય છે. માટે તમો માથે બાંધો ને હું મહારાજને આંહીં તેડી લાવીશ."

ત્યારે ઝીણોભાઈ બોલ્યા જે, "મેં ઘણો આગ્રહ કર્યો, પણ મહારાજ ન પધાર્યા." ત્યારે વેરોભાઈ કહે, "જો મહારાજ અહીં ન આવે તો હું દેહત્યાગ કરું." એમ કહીને ઝીણાભાઈને માથે બંધાવ્યું. પછી વેરોભાઈ લોયે મહારાજને તેડવા સારુ આવ્યા, ને મહારાજને ઝીણાભાઈની સર્વે વાત કહી. ને પોતાની પ્રતિજ્ઞા જે 'મહારાજ પંચાળે ન આવે તો હું

દેહત્યાગ કરું,' એ પણ કહી. ત્યારે મહારાજે એમ કહ્યું જે, "તમારી પ્રતિજ્ઞા ખોટી પડશે, ને અમે પંચાળે નહિ આવીએ."

પછી જે દિવસ મહારાજ લોયેથી ગઢડે ચાલ્યા, તે દિવસે મહારાજના ઉતારામાં વેરોભાઈ વાંસે રહીને તરવાર કાઢીને પેટ નાખવા તૈયાર થયા. ત્યારે ગામ બહારથી મહારાજ ઘોડી દોડાવી, ને આવીને હાકોટો મારીને વેરાભાઈને કહ્યું જે, "ખબડદાર જો પેટ નાંખીને મુવા છો તો, ને ચાલો અમે પંચાળે આવશું." એમ કહીને વેરાભાઈને ભેળા લઈને મહારાજ પંચાળે પધાર્યા. ॥૫૭॥

૫૮. બંધિયાના જેહાજી અવગુણ લેવાથી સત્સંગ મૂકી ઘેર ગયા.

ગામ બંધિયાના જાડેજા ગરાસિયા મૂળજીના નાના ભાઈ જેહાજીને ભગવદાનંદસ્વામીનાં બહેન ફૂલીબા પરણાવ્યાં હતાં. તે ફૂલીબા ત્યાગી થઈને ગઢડામાં મોટી બાઈઓ ભેળાં રહ્યાં ને જેહાજી પણ સંસાર ત્યાગ કરીને પાળા થઈને મહારાજની સેવામાં રહ્યા. ને મહારાજનું ધ્યાન-ભજન ને મહારાજની સેવા કરતાં કરતાં મહારાજે પ્રસન્ન થઈને જેહાજીને અલૌકિક ઐશ્વર્ય જે બીજા સર્વેનું અંતર્યામીપણું તે આપ્યું. તેણે કરીને જે કોઈ સો-બસો કોશ ઉપર હોય, તેના અંતરના ઘાટ-સંકલ્પ આંહીં રહ્યા રહ્યા જાણે, એવું સામર્થ્ય મહારાજે આપ્યું.

પછી શ્રીજીમહારાજ કોઈ સાધુનાં વખાણ કરે જે, "ફલાણા સાધુ બહુ સારા," ને હરિજનનાં વખાણ કરે જે, "ફલાણા હરિજન બહુ સારા છે." ત્યારે જેહોજી તેના અંતરમાં પ્રવેશ કરીને જુએ, ત્યારે તે સમે તેના અંતરમાં રજોગુણ કે તમોગુણ હોય, ત્યારે અંતરમાં ઘાટ-સંકલ્પ બીજી રીતના હોય. તે જોઈને જેહાજીના મનમાં એમ થાય જે, "મહારાજ એમનાં બહુ વખાણ કરે છે, પણ એ તો એવા નથી." એમ જેહાજીના મનમાં તે સાધુ-હરિજનનો અભાવ આવવા માંડ્યો. તેણે કરીને તેમનું અંતઃકરણ કામાદિક વિષય-વાસનાએ કરીને મલિન

થઈ ગયું. તે જાણીને મહારાજે જેહાજીને એમ કહ્યું જે, “જેહાજી, તમો ઘેર જાઓ ને પરણો.” ત્યારે જેહોજી બોલ્યા જે, “મારું મનુષ્ય આપો તો હું ઘેર જાઉં.”

ત્યારે મહારાજે ફૂલીબાને ઘેર જાવાનું પુછાવ્યું જે, “જેહોજી સંસાર કરવા ઘેર જાય છે, તે તમારે ઘેર જાવું છે ?” ત્યારે ફૂલીબાએ તો ના પાડી જે, “મારે ઘેર જાવું નથી. મારે તો સદાય ત્યાગ પાળીને ભગવાનને ભજવા છે.” એમ તેમણે ના પાડી. ત્યારે જેહાજીએ ટંટો કરવા માંડ્યો જે, “હું બળાત્કારે લઈ જાઈશ.”

ત્યારે વીરભદ્ર જે કપિલેશ્વરાનંદસ્વામી તેણે ઊઠીને જેહાજીને તિરસ્કાર કરીને કાઢી મૂક્યા. પછી તે સંસારમાં જઈને બીજી સ્ત્રી પરણ્યા, ને બે-ચાર પુત્ર થયા. ને મહારાજે દેહોત્સવ કર્યા કેડે પાછા ગઢડામાં આવીને પાળા ભેગા રહ્યા. એવી રીતે મહારાજની પ્રસન્નતાએ કરીને મહામોટું અલૌકિક સામર્થ્ય પામ્યા, પણ સંત-હરિજનને વિષે અવગુણ પરઠ્યા, તેણે કરીને પોતે મલિન થઈ ગયા ને સામર્થી સર્વે નાશ થઈ ગઈ. માટે **કોઈ સાધુ-હરિજનના અવગુણ તો લેવા જ નહિ, તો અંતઃકરણ સારું રહે.** ॥૫૮॥

૫૯. કાળતળાવના રવજી સુતારનું ઐશ્વર્ય નાશ પામ્યું.

અને ગામ કાળાતળાવના સુતાર રવજીભાઈ શ્રીજીમહારાજના ભક્ત હતા. તે મહારાજનાં ધ્યાન-ભજને કરીને તથા સેવાએ કરીને મહારાજની પ્રસન્નતા થઈ, એટલે અલૌકિક ઐશ્વર્યને પામ્યા જે, સ્વતંત્રપણે સમાધિ કરીને ભગવાનના અનેક ધામને વિષે જાવું ને ધામમાંથી પાછા આવવું, ને બીજા સર્વે જનના અંતરમાં અંતર્યામીપણે પ્રવેશ કરીને તેના અંતઃકરણના ઘાટ-સંકલ્પને જાણવા, ને બીજા જનને સમાધિ કરાવીને ભગવાનનાં અનેક ધામને વિશે તેમને લઈ જાવા ને પાછા લાવવા. એમ એ સ્વતંત્ર ઉદ્ધત થઈ ગયા. તેણે કરીને કોઈ સાધુ-હરિજનનો પણ ભાર ન રહ્યો, એટલે શ્રીજીમહારાજની તેમના ઉપર અપ્રસન્નતા

થઈ. તેણે કરીને સર્વે સામર્થી ટળી ગઈ, ને સંસારની વાસના પણ પોતાના હૃદયમાં ઉદય થઈ. પછી મહારાજે તેમને સંસાર કરવાની આજ્ઞા કરી, એટલે તે ઘેર જઈને પરણ્યા. માટે **ભગવાનની આજ્ઞા લોપીને સ્વતંત્ર થાવું નહીં.** ॥૫૯॥

૬૦. સુંદરજીભાઈને મહારાજે નિરાવરણ દષ્ટિ આપી.

અને કોઈક સમયને વિષે શ્રીજીમહારાજ ભૂજને વિશે સુંદરજી ભાઈની વંડીમાં વિરાજમાન હતા. ને મહારાજે અતિશે કૃપા કરીને સુંદરજીભાઈને નિરાવરણ દષ્ટિ આપી. તેણે કરીને તે સુંદરજીભાઈ પોતાના ઘરમાં બેઠા થકા જ્યાં મહારાજ બેઠા હોય ને પાસે જે ભક્તજન બેઠા હોય તેને દેખતા. ને બીજા વચમાં ઘર હોય, તેની ભીંતનું લેશમાત્ર આવરણ ન થાય. એમ ભગવાનને વિશે અતિશે પ્રીતિવાળા જે ભક્તજન, તેને ભગવાન અપાર સામર્થી આપે છે. ॥૬૦॥

૬૧. સિધ્ધાનંદસ્વામીની શ્રીહરિ અર્થે વાડીમાં સેવા

અને સિદ્ધાનંદસ્વામી પ્રથમ ઘેરથી ગઢડે આવ્યા ત્યારે પ્રથમ સચ્ચિદાનંદસ્વામીને મળ્યા. તેમણે એમને મહારાજનાં દર્શન કરાવીને પોતાની પાસે ખેતી કરાવવાના કામમાં રાખ્યા. તે ખેતીનું જે જે કામ કરાવે, તેમાં મહારાજનું ભેળું ધ્યાન પણ કરાવે.

તે સો કોશ કાઢે ત્યાં સુધી મહારાજના એક ચરણારવિંદનું ધ્યાન કરે ને બીજા સો કોશ કાઢે ત્યારે બીજા ચરણારવિંદનું ધ્યાન કરે. ને તે કોશની ગણતરી કાંકરે કરીને કરે. એમ સર્વે ક્રિયામાં ધ્યાન કરતાં કરતાં તેમને સમાધિ થાતી હતી.

તે સમે એવું પ્રકરણ હતું જે, સાધુ-પાળા પોતાને હાથે બાજરી દળીને નોખે નોખે ચોકે રોટલા ઘડી ખાય. અને સચ્ચિદાનંદસ્વામી એમને સવારમાં વાડીમાંથી ગુલાબ આદિનાં પુષ્પ તથા જામફળ આદિ ફળને લઈને મહારાજની પાસે મોકલે. ત્યારે તે સિદ્ધાનંદસ્વામી એમ

સંકલ્પ કરે જે, "જ્યારે મહારાજ મને એમ પૂછશે જે, 'તમે કેટલાં ગુલાબનાં પુષ્પ લાવ્યા છો ? અને બીજાં ફળ-પુષ્પ કેટલાં લાવ્યા છો ?' ત્યારે હું એમ કહીશ જે, 'આટલાં ગુલાબનાં પુષ્પ લાવ્યો છું ને આટલાં ફળ-પુષ્પ છે."

તે જ્યારે ફળ આદિક લઈને દરબારમાં જાય, ત્યારે સામી ઓસરીએ મહારાજ બેઠા હોય. તે છેટેથી એમના મનના સંકલ્પ જોઈને મહારાજ એમ બોલે જે, "ગુલાબનાં ફૂલ કેટલાં લાવ્યા છો ? અને બીજાં ફળ-ફૂલ કેટલાં લાવ્યા છો ?" ત્યારે તે છેટેથી એમ બોલે જે, "પાંચ ગુલાબનાં ફૂલ છે." તથા બીજાં જે જે લાવ્યા હોય તેને તે પ્રમાણે કહેતા જાય. એમ તેમના અંતરના ઘાટને મહારાજ કહેતા હતા.

અને એક દિવસ અક્ષરઓરડીમાં મહારાજ વિરાજમાન હતા ને પાસે બ્રહ્માનંદસ્વામી બેઠા હતા. તે સમયે સિદ્ધાનંદસ્વામીએ ત્રણ જામફળ વાડીમાંથી લાવીને મહારાજને દીધાં. તે મહારાજ ચાકુએ કરીને પોતાને હાથે છોલીને ઉપરથી સુધારી સુધારીને જમતા હતા; ને બીજનો ગોળો રહ્યો, તેને મહારાજે જમવા સારુ મોઢે માંડ્યો. ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, "મહાપુરુષ, એકલા એકલા ખાઓ છો તે પેટમાં દુઃખશે." એમ કહીને મહારાજના હાથમાંથી લઈને જમવા મંડ્યા. ત્યારે સિદ્ધાનંદસ્વામી કહે, "સ્વામી, મને પ્રસાદી આપોને !" ત્યારે સ્વામી બોલ્યા જે, "તમે તો આંખો મીંચીને સાલ થઈ જાઓ."

❋ સ્વામીએ શ્રીહરિમાં અખંડવૃત્તિ સિદ્ધ કરી.

પછી વળી કોઈક દિવસ અષાઢ માસની નિયમની એકાદશીએ મહારાજ સર્વે સાધુ-પાળા-હરિજનને નિયમ દેતા હતા. ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ એ નિયમ રાખ્યો જે, ચાર મહિના સુધી રાત્રી-દિવસ સૂવું નહિ, ને રાત્રીએ પલાંઠી વાળીને તે ઉપર પથ્થરો મેલીને ધ્યાન-ભજન કરવું. અને સિદ્ધાનંદસ્વામીના મનમાં એમ થયું જે, 'સૌથી કઠણ નિયમ હોય તે હું રાખું. તે મને મહારાજ કહે.' તોપણ લાજે કરીને પૂછી

શક્યા નહિ. પછી મહારાજ અંતર્યામીપણે બોલ્યા જે, "ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવી તે સૌથી કઠણ નિયમ છે. તે જો એક દા'ડો સવારમાં ઊઠીને રાત્રિએ સૂએ ત્યાં લગી, ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખે, તો જીવતપર્યંત અખંડવૃત્તિ રહે." એ વચન સાંભળીને સિદ્ધાનંદસ્વામીએ એ નિયમ મનમાં રાખ્યો. ને બીજે દિવસે ઊઠ્યા ત્યાંથી મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખીને સ્નાન કરી આવ્યા અને સભામાં મહારાજની મૂર્તિમાં અખંડવૃત્તિ રાખી. ને મહારાજ સભામાંથી ઉતારે પધાર્યા તોપણ અખંડવૃત્તિ રાખી.

પછી પાળાએ એમને લોટ બાંધવા બેસાડ્યા. ત્યારે લોટ બાંધતાં પાણી ભોંયે પડવા માંડ્યું. ત્યારે બીજા પાળાએ કહ્યું કહે, "આ તે આંધળો છે કે શું ? પાણી ભોંયે ઢોળે છે ને કચરો થાય છે." એમ કહીને તેમને ત્યાંથી ઉઠાડીને ઘંટીએ દળવા બેસાર્યા. ત્યારે મૂર્તિમાં વૃત્તિ રાખતાં રાખતાં બાજરી ઘંટીના ગાળામાં ઓરતાં[૧] બહાર પડે ને વેરાય. ત્યારે બીજે પાળે કહ્યું જે, "આ તે આંધળો છે કે શું ? તે બાજરી વેરે છે !" એમ કહીને બીજાને ઓરવા બેસાર્યા. ને તે મૂર્તિ ધારીને ઘંટી તાણવા લાગ્યા. પછી દળી રહ્યા કેડે રોટલા જમતાં મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખી.

પછી રોટલા જમી રહ્યા કેડે હમીરજીએ કહ્યું જે, "આ મહારાજનાં લૂગડાં ઘેલે જઈને ધોઈ આવો ને મહારાજને દાતણ કરવા સારુ બાવળની સારી સોટીઓ લેતા આવજો." પછી ઘેલે જઈને મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખીને લૂગડાં ધોયાં. ને પછી બાવળની સોટી લેવી તેમાં સારી-નરસી જોતાં રખે મૂર્તિને ભૂલી જાઉં નહિ ! એમ બીને મૂર્તિમાં વૃત્તિ રાખીને સોટી લીધી ને દરબારમાં આવ્યા. ને સભામાં મહારાજનાં દર્શન કર્યાં. ને રાત્રિએ સૂતા ત્યાં સુધી મૂર્તિમાં અખંડવૃત્તિ રાખી. પછી પ્રાતઃકાળમાં ઊઠ્યા ત્યાંથી મહારાજની મૂર્તિમાં અખંડવૃત્તિ રહેવા લાગી, તે જીવતપર્યંત અખંડવૃત્તિ રહી.

૧.નાખતાં

❋ હેતે કરીને મહારાજ ભેળા રહેવાની સ્વામીની તમન્ના

પછી કોઈ એક દિવસ ગઢપુરમાં શ્રીજીમહારાજ બિરાજમાન હતા. તે સમે આનંદાનંદસ્વામી વરતાલથી આવ્યા. તે મહારાજને પગે લાગીને એમ બોલ્યા જે, "મહારાજ, અમને ગાડું-બળદ રાખે એવો એક પાળો ખેડુ આપો." ત્યારે મહારાજ બોલ્યા જે, "આનંદાનંદસ્વામી ભેળો જાય એવો પાળો કોણ છે ?" ત્યારે બીજા સાધુ બોલ્યા જે, "એવો તો એક સચ્ચિદાનંદસ્વામી પાસે પાળો છે." ત્યારે મહારાજે તેમને બોલાવીને એમ આજ્ઞા કરી જે, "તમે આનંદાનંદસ્વામી ભેળા વડતાલ જાઓ." ત્યારે તેણે સચ્ચિદાનંદસ્વામીને કહ્યું જે, "સ્વામી, મને વે'લો વડતાલથી તેડાવજો." ત્યારે સચ્ચિદાનંદસ્વામી કહે, "સારું, જાઓ તેડાવશું." પછી તે આનંદાનંદસ્વામી ભેળે વરતાલે ગયા. ત્યાં આનંદાનંદસ્વામીએ તેમને ગાડું-બળદ સોંપ્યાં ને સમૈયાનો સામાન સર્વે ભેળો કરવા મંડ્યા.

અને જ્યારે જેરામ બ્રહ્મચારી ગાડું-બળદ લઈને પ્રાંતિજે ઘી ભરવા ગયા, ત્યારે જેરામ બ્રહ્મચારીની બહેને ઘરે રસોઈ કરીને જમવા બોલાવ્યા. ત્યારે જેરામ બ્રહ્મચારી તે ખેડૂને લઈને જમવા સારુ ગયા. તે વાટમાં કોઈકનો ખાટલો પડ્યો હતો, તે સિદ્ધાનંદસ્વામીને પગે વાગ્યો, તે પગે લોહી નીસર્યું. ને જેરામ બ્રહ્મચારીની બેનને ઘેર જમવા બેઠા ને પીરસ્યું. ને તે સિદ્ધાનંદસ્વામીને સમાધિ થઈ એટલે તે બેસી રહ્યા. ને જેરામ બ્રહ્મચારી ઓરડામાં બેઠા બેઠા એમ બોલ્યા જે, "અલ્યા, જમને, જમ, કેમ બેસી રહ્યો છો ?" ત્યારે જેરામ બ્રહ્મચારીની બહેન એમ બોલી જે, "પીટ્યો બ્રહ્મચારી થયો છે, તોયે પણ આવાં લાકડાં ભેળાં ફેરવે છે." પછી તે ત્યાંથી વડતાલ આવ્યા. ને શ્રીજીમહારાજ સર્વ સંત હરિજન સાથે વડતાલે પધાર્યા. ને ત્યાં સમૈયો કરીને ચાલતી વખતે મહારાજે આનંદાનંદસ્વામીને કહ્યું જે, "અમારા ભેળું એક ગાડું જાખડા લગી મોકલો." પછી આનંદાનંદસ્વામીએ સિદ્ધાનંદસ્વામીને જાખડા લગી મોકલ્યા. પછી મહારાજે જાખડેથી એમને પાછા વાળ્યા.

ત્યારે તે સિદ્ધાનંદ સ્વામી ગાડેથી ઊતરીને મહારાજને પગે લાગીને એમ કહેવા લાગ્યા જે, "મહારાજ ! મને ગઢડે વેલો તેડાવજો." ત્યારે મહારાજ કહે, "બહુ સારું, તમે પાછા વળો." એમ કહીને મહારાજ ચાલતા થયા, ને તે તો ગાડું ઊભું મેલીને મહારાજને પડખે પડખે ચાલ્યા આવે.

ત્યારે વળી મહારાજે એમ કહ્યું જે, "પાછા વળો, પાછા વળો." ત્યારે તે સિદ્ધાનંદસ્વામી ઊભા રહ્યા. અને વળી મહારાજ ચાલે ત્યારે પડખે પડખે ચાલ્યા. એમ કેટલીક વાર ઊભા રાખ્યા, તોપણ ગાડું ઊભું મેલીને અઢી ગાઉ લગી મહારાજને વાંસે આવ્યા. પછી મહારાજે ઘોડી ઊભી રાખી, ને એમ કહ્યું જે, "હવે આટલેથી આવશો નહિ, પાછા વળો." એમ કહીને મહારાજે પાછા વાળ્યા. પછી તે પાછા વરતાલે ગયા.

❋ સ્વામી પ્રભુપ્રેમમાં ગઢડે દોડતા ગયા.

અને ગઢડામાં રામપ્રતાપભાઈએ ગાડી ને બળદ રાખ્યાં, ત્યારે મહારાજ કહે, "રામપ્રતાપભાઈની ગાડી હાંકે એવો કોણ ખેડુ છે ?" ત્યારે સચ્ચિદાનંદસ્વામી બોલ્યા જે, "વરતાલે આનંદાનંદસ્વામી ભેળો તમે ખેડુ મેલ્યો, એ રામપ્રતાપભાઈની ગાડી હાંકે એવો છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "લ્યો એને તેડાવીએ." એમ કહીને કાગળ લખાવીને મનુષ્ય વરતાલે મોકલ્યું.

ત્યારે તે કાગળ આનંદાનંદસ્વામીને આપ્યો જે, 'ખેડુને મોકલજો.' ને બીજો કાગળ સિદ્ધાનંદસ્વામીને આપ્યો. પછી સિદ્ધાનંદસ્વામીએ આનંદાનંદસ્વામીને કહ્યું જે, "મહારાજે મને તેડાવ્યો છે, તે મને ગઢડે મોકલો." ત્યારે આનંદાનંદસ્વામી બોલ્યા જે, "તારે શું કામ છે ? તું તારે બેઠો કામ કર." પણ સિદ્ધાનંદસ્વામી દિવસમાં બે વાર આનંદાનંદસ્વામીને ગઢડે જાવાનું કહેતા હતા. પછી આનંદસ્વામીએ એક સાધુનો સંઘાત કરીને તેમને ગઢડે મોકલ્યા. તે સિદ્ધાનંદસ્વામી

આગળ દોડ્યા જાય છે, ને તે સાધુ વાંસે દોડ્યા જાય ને એમ બોલે જે, “અલ્યા દોડ્યો જાય છે, તે ટાંટિયા ભરાઈ જાશે. ત્યાં ઘી-ગોળ ઊનું કરીને કોણ પાશે જે થાક ઊતરશે ?” એમ બોલતો આવે પણ સિદ્ધાનંદ સ્વામી તો એમને એમ અતિ પ્રેમમાં દોડ્યા જાય.

તે એક રાત્રિ માર્ગમાં રહીને બીજે દા’ડે ગઢડે પૂગ્યા. તે સામી ઓસરીએ મહારાજ વિરાજમાન હતા. તે જોઈને એમ બોલ્યા જે, “આ વરતાલથી આવ્યા, તે એના સારુ ઘી-ગોળ ઊનું કરીને લાવો. ને તમે બેસશો નહિ ને ઊભા ઊભા ઘી-ગોળ પીને પછી બેસજો.” એમ કહીને પછી તેમને ઊનું ઊનું ઘી-ગોળ પાયું, ને તે ઘી-ગોળ પીને બેઠા. પછી તે સિદ્ધાનંદસ્વામીને મહારાજે રામપ્રતાપભાઈના બળદ ને ગાડી, તે હાંકવાને સોંપ્યા. પછી રામપ્રતાપભાઈ ગાડીમાં બેસીને લક્ષ્મીવાડીએ તથા રાધાવાવે જાતા તથા નારાયણ હ્રદે જાતા.

❃ દેહનો અનાદર જોઈ મહારાજે સાધુ કર્યા.

પછી કોઈક દિવસ ગામ ગઢાળીથી આંબો શેઠ મહારાજને તેડવા સારુ આવ્યા. ને તેણે કહ્યું જે, “સર્વે સાધુ, પાળા તથા બ્રહ્મચારી તથા કાઠી તથા અયોધ્યાવાસી સહિત તમે પધારો. ને ત્યાં બે રસોઈ છે.” પછી બીજે દિવસે સર્વેને ભેળા લઈને મહારાજ ગઢાળીએ પધાર્યા. ત્યાં મહારાજ ગરાસિયાને ઓરડે ઊતર્યા. ત્યાં રસોઈ જમ્યા ને રાત્રિ રહ્યા. બીજે દિવસે રસોઈ જમીને તૈયાર થયા, ત્યારે ભંડારીએ મુક્તાનંદસ્વામીને કહ્યું જે, “રામપ્રતાપભાઈની ગાડીનો ખેડુ કાલે જમવા સારુ નહોતો આવ્યો ને આજ પણ જમવા નથી આવ્યો.” એમ કહીને જમવા સારુ બોલાવ્યા. ત્યારે ભંડારીએ પીરસ્યું તે જમવા મંડ્યા. ને કૂતરાં વઢતાં વઢતાં ઉપર પડ્યાં, તે ઊઠી નીસર્યા અને મહારાજ સાથે ગઢડા આવ્યા. ને મહારાજને સભામાં પગે લાગવા ગયા, ત્યારે મુક્તાનંદસ્વામી મહારાજ પ્રત્યે બોલ્યા જે, “આ રામપ્રતાપભાઈનો ખેડુ કાલે જમવા નહોતો આવ્યો. આજ જમવા બેઠો, તે કૂતરાં ઉપર પડ્યાં, તે ઊઠી

નીસર્યો. તે એવાને ગાડું-બળદ શું કરવા સોંપવા પડે ? એવાને તો મહારાજ ! સાધુ કરી નાખતા હો તો ઠીક." પછી મહારાજ કહે, "લાવો સાધુ કરીએ." પછી સાધુ કરીને સચ્ચિદાનંદસ્વામીને સોંપ્યા. પછી સચ્ચિદાનંદસ્વામી ભેળા વાડીમાં રહેતા.

❋ શ્રીહરિનું અખંડ ચિંતવન હોવાથી તેમને મોટેરા કહ્યા.

પછી કોઈક સમે ઘઉં કર્યા. તે ઘઉં વાઢીને પાલો[૧] કર્યો ને બીજાં ડૂંડાં ક્ષેત્રમાં પડ્યાં હતાં. તે સચ્ચિદાનંદસ્વામીએ સિદ્ધાનંદસ્વામીને કહ્યું જે, "પાલાના ઘઉં તે તો લાડુબાના કહેવાય અને સલો કરીને[૨] જે ઘઉં કાઢીને મહારાજનો થાળ કરવો, તે તો આપણો કહેવાય." ત્યારે સિદ્ધાનંદસ્વામી ફાંટ વાળીને સલો કરવા મંડ્યા. ને મહારાજનું એમ ચિંતવન કરવા મંડ્યા જે, 'મહારાજના સારુ રોટલી કરશું, ને મહારાજને જમાડશું.' એમ મહારાજનું ચિંતવન કરતાં કરતાં તેજ દેખાણું. તેને જોઈને ચીસ પાડવા માંડી. ત્યારે વાડીમાં જે સાધુ-પાળા હતા, તેમણે એમ જાણ્યું જે, 'અલ્યા સિદ્ધાનંદ સ્વામીને દીપડે ઝાલ્યા.' એમ જાણીને સર્વે વાડીમાંથી દોડીને આવ્યા. ને ત્યાં સિદ્ધાનંદસ્વામીને સમાધિ થયેલા દેખ્યા. પછી સચ્ચિદાનંદસ્વામી એમ બોલ્યા જે, "ઊઠ ઊઠ, ઘણોય સચ્ચિદાનંદ કૂટશે. ને તેં ઘઉં વીણ્યા ને રોટલી કરી ને મહારાજ જમ્યા તે જાણ્યું."

અને વળી કોઈક સમયને વિષે મહારાજ ગોપીનાથજીના મંદિર સારુ ઘેલા નદીમાં ઉગમણે આરે પથ્થરા ઉપર બેસીને સાધુ-પાળા પાસે પથ્થરા કઢાવતા હતા. ત્યારે જીવા ખાચરના ખરચ ઉપર આવ્યા જે કાઠી, તેમણે ત્યાં મહારાજને પૂછ્યું જે, "મહારાજ, આ સર્વે છે તેમાં તમારા મોટેરા કોણ છે ?" ત્યારે સિદ્ધાનંદસ્વામીને બોલાવ્યા. તે આવ્યા ને મહારાજને પગે લાગીને આગળ ઊભા રહ્યા, ત્યારે મહારાજ બોલ્યા જે, "આ અમારા મોટેરા." એમ મહારાજે એમની બહુ પ્રશંસા કરી.

૧.ઢગલો ૨.પાક લઈ લીધા પછી થોડું-ઘણું બાકી રહી ગયેલ ભેગું કરીને

❋ મહારાજના દેહોત્સવ વખતે સ્વામીએ આકડાનું દૂધ પીધું.

એમને અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ કંઠમાં ભજન થાતું એવા પ્રીતિવાળા હતા. જ્યારે મહારાજે દેહોત્સવ કરવા ધાર્યો, ત્યારે મહારાજે એમ જાણ્યું જે, 'મારે વિષે અતિ પ્રીતિવાળા મારા ભક્તજન, તે મારા વિના નહિ રહી શકે. મારે વાંસે દેહત્યાગ કરી દેશે, તો લોકમાં બહુ ખોટું કહેવાશે.' એમ જાણીને પોતા વાંસે કોઈ દેહ ન પાડે, એમ બહુ પ્રતિબંધ કર્યો. ત્યારે સિદ્ધાનંદસ્વામીના મનમાં થયું જે, 'મહારાજ ધામમાં પધારશે ત્યારે મારાથી આંહીં કેમ રહેવાશે ?' એમ જાણીને આકડાનું દૂધ પીધું.

તે વાત મહારાજને કોઈકે કહી. ત્યારે મહારાજે તેમને બોલાવીને એમ કહ્યું જે, "અલ્યા કણબા, અમારા ઉપર હત્યા દેવા તૈયાર થયો છે ? ને તું જાણે જે, 'હું અજર અમર છું, તે મરું નહિ,' ને અમને મર્યા જાણે છે ? ને હું તે સાડા ત્રણ હાથનો છું ? તે મરી જાઈશ ? ને એવો બળિયો હો તો આ મૂર્તિને ઝાલી રાખને !" એમ કહીને મહારાજ બોલ્યા જે, "આ ગોપાળાનંદસ્વામીની આજ્ઞામાં રે'જો." ત્યારે સિદ્ધાનંદસ્વામી બોલ્યા જે, "અમે બધાય રે'શું." ત્યારે મહારાજ બોલ્યા જે, "બધાને ક્યાં કહીએ છીએ ? એ તો તને કહીએ છીએ."

❋ ગોપાળા.સ્વામીએ અક્ષરરૂપે મૂર્તિ ધારતાં શીખવાડ્યું.

પછી મહારાજ દેહોત્સવ કરીને ધામમાં પધાર્યા. પછી ગોપાળાનંદ સ્વામી ગઢડે પધારતા, ત્યારે સર્વે સાધુ-હરિજન સ્વામીનો સમાગમ કરે અને સિદ્ધાનંદસ્વામી તો ગોપાળાનંદસ્વામી પાસે બેસવા પણ ન આવે. ત્યારે શામળિયા ચૈતન્યાનંદસ્વામીએ ને બાલમુકુંદાનંદસ્વામીએ કહ્યું જે, "સિદ્ધાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામીના સમાગમ વિના સમજણમાં ખામી રહી જાશે." ત્યારે એ એમ બોલે જે, "ગોપાળાનંદ તો મોટેરા છે, તે કોઈક સત્સંગના વ્યવહારમાં જોડી દે તો ધ્યાન-ભજન ભૂલી

જાઈએ.” એમ બોલે પણ મનમાં એમ જાણે જે, ‘એવા મોટા કહે છે, ત્યારે ચાલો પાસે બેસીએ.’ એમ જાણીને ગોપાળાનંદસ્વામી પાસે બેઠા.

તેમને ગોપાળાનંદસ્વામીએ પૂછ્યું જે, “સિદ્ધાનંદસ્વામી, તમે સમાધિવાળા કહેવાવ છો. તે તમને મહારાજની મૂર્તિ ધારતાં કોઈ પ્રકારના વિક્ષેપ વિઘ્ન કરે છે ?” ત્યારે તે કહે, “હા.” પછી તે સિદ્ધાનંદસ્વામી બોલ્યા જે, “કેમ નિવૃત્તિ પામે ?” ત્યારે સ્વામી બોલ્યા જે, “તમે બહાર મૂર્તિને ધારીને સમાધિને પામ્યા છો, તે સર્વે માયિક ઉપાધિથી રહિત શુદ્ધ ચૈતન્ય તેને અક્ષરરૂપ માનીને તેમાં મહારાજની મૂર્તિ ધારો. એમ કરશો તો સર્વે વિક્ષેપ નિવૃત્તિ પામશે.” પછી એવી રીતે કર્યું એટલે સર્વે ભાવ ટળી ગયા. ॥૬૧॥

૬૨. ગોપાળાનંદસ્વામીએ રત્નાભક્તની અવ્યક્ત વાસના ટાળી.

અને મહારાજ સાઠની સાલમાં ગામ શ્રી**ભાદ્રે** પ્રથમ પધાર્યા. ત્યારે ત્યાંના રહેવાસી રતનાભક્ત, ડોસાભાઈ તથા વશરામ સુતાર તથા મૂળજી જે ગુણાતીતાનંદસ્વામી એ ચાર જણને મહારાજનાં દર્શન કરીને સમાધિ થાતી હતી. એવા એ સંસ્કારી હતા, તોપણ રતનાભક્તને કારણ દેહને વિશે અવ્યકત વાસના હતી. તેથી પોતાની સ્ત્રી મૃત્યુને પામે એટલે ફેર નાતરે કરી લાવે[૧]. એમ ચાર વાર મૃત્યુને પામી ને ચાર વાર નાતરું કરીને સ્ત્રી લાવ્યા. તે વાર પછી કોઈ સમયને વિશે ગઢડામાં ગોપાળાનંદસ્વામીને દર્શને આવ્યા. ત્યારે સ્વામીએ રતના ભક્તને એમ પૂછ્યું જે, “તમારે સમાધિવાળાને પણ વાસના છે કે શું ? જે સ્ત્રી મૃત્યુને પામે છે, તોપણ પાછા નાતરે કરી લાવો છો !”

ત્યારે તે રતનો ભક્ત બોલ્યા જે, “વાસના જણાતી તો નથી, પણ એવી ક્રિયા થાય છે, ત્યારે હશે ખરી ! તે વાસના કેમ નાશ પામે ?”

૧.ફરી વાર લગ્ન કરી સ્ત્રી લાવે.

ત્યારે સ્વામીએ કહ્યું જે, "તમે સમાધિ કરીને અક્ષરધામમાં જાઓ છો, ત્યારે ત્યાં મને તમે દેખો છો ?" ત્યારે રતનો ભક્ત કહે, "હા, ત્યાં પણ તમને દેખું છું." ત્યારે સ્વામી બોલ્યા જે, "તમે ત્યાં પૂછજો, ત્યાં કહીશ."

પછી રતનો ભક્ત સમાધિ કરીને અક્ષરધામમાં મહારાજને દર્શને ગયા. ત્યાં સ્વામીને મહારાજની સેવામાં દીઠા, પછી ત્યાં પૂછ્યું. ત્યારે સ્વામી બોલ્યા જે, "તમે બહાર મૂર્તિ ધારીને સમાધિને પામ્યા છો, તેણે કરીને વાસના ઉપરથી તો નથી જણાતી, પણ કારણદેહમાં વાસના રહી ગઈ છે. તેને નાશ થવાનો ઉપાય છે જે, ત્રણ દેહ ને ત્રણ અવસ્થા એ આદિક માયાનું કાર્ય, તેથી પર ને શુદ્ધ ને સત્તારૂપ જે પોતાનો જીવાત્મા, તેની અક્ષરબ્રહ્મ સાથે એકત્વ-ભાવના કરીને તેને વિષે મહારાજની મૂર્તિ ધારો, એટલે કાંઈક કારણદેહની વાસના હશે તે પણ નાશ પામશે." પછી સમાધિમાંથી બહાર આવીને સ્વામીએ કહ્યું તેવી રીતે અભ્યાસ કર્યો, એટલે પૂર્વ સંસ્કારી હતા, માટે તત્કાળ આત્મા પરમાત્માનો સાક્ષાત્કાર થયો. તેણે કરીને કારણ દેહની વાસના પણ નિર્મૂળ થઈ ગઈ. પછી તે રતનાભક્ત વિજ્ઞાનદાસજી નામે સાધુ થયા.

❋ ગુણાતીતાનંદસ્વામીને સ્વામીના સમાગમનો ખપ.

અને વળી કોઈક સમયને વિષે શ્રીજીમહારાજ શ્રીગઢપુરમાં વિરાજમાન હતા ને પોતાની આગળ સાધુ-હરિજનની સભા ભરાઈને બેઠી હતી. પછી મહારાજ રાજી થઈને ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે એમ બોલ્યા જે, "આ હાર પહેરો, આજથી તમો જીર્ણગઢના મહંત." ત્યારે ગુણાતીતાનંદસ્વામી કહે, "ના મહારાજ, હું મહંતાઈનો હાર નહિ પહેરું." પછી મહારાજ કહે, 'પહેરો.'

એમ મહારાજનો બહુ આગ્રહ જાણીને ગુણાતીતાનંદ સ્વામી એમ બોલ્યા જે, **"આ ગોપાળાનંદસ્વામી પ્રતિવર્ષ એક માસ મને ભગવદ્ વાર્તા કરવા સારુ જીર્ણગઢ પધારે તો હાર પહેરું."** પછી મહારાજ

ગોપાળાનંદસ્વામી પ્રત્યે એમ બોલ્યા જે, "કેમ ગોપાળાનંદસ્વામી, જૂનેગઢ પ્રતિવર્ષ એક માસ ગુણાતીતાનંદસ્વામીને ભગવાનની વાર્તા કરવા જાશો ?" પછી ગોપાળાનંદસ્વામી એમ બોલ્યા જે, "જેમ મહારાજ આપ આજ્ઞા કરશો તેમ, હું તો જાઈશ." પછી મહારાજ કહે, "ગોપાળાનંદસ્વામી જૂનેગઢ આવવાની હા પાડે છે, લ્યો હાર પહેરો."

પછી હાર પહેર્યો ને મહંત થયા. ને ગોપાળાનંદસ્વામી પણ તે વર્ષથી આરંભીને પોતે પૃથ્વી ઉપર રહ્યા ત્યાં સુધી વાર્તા કરવા પ્રતિવર્ષ પધારતા હતા. એક વર્ષ ન જવાય તો બીજે વર્ષ બે માસ રહેતા હતા.

❋ ગુણાતીતાનંદસ્વામી આદિ સંતોને અક્ષરરૂપે ધ્યાન કરતા શીખવાડ્યું.

પછી કોઈક સમયને વિષે ગોપાળાનંદસ્વામી ગુણાતીતાનંદસ્વામી પ્રત્યે બોલ્યા જે, "તમને જે વાત કહેવાની છે તે તો બાકી છે." ત્યારે ગુણાતીતાનંદસ્વામી બોલ્યા જે, "સ્વામી, હમણાં નહિ ને હું જ્યારે આ મંદિર છોવરાવી[૧] રહું ત્યારે કહેજો." પછી ગુણાતીતાનંદસ્વામી મંદિર છોવરાવીને રામનવમીને સમૈયે વડતાલ ગયા. ને ગોપાળાનંદસ્વામીને કહે, "હવે તમો જીર્ણગઢ પધારો, ને હું હવે નવરો થયો છું."

પછી ગોપાળાનંદસ્વામી જીર્ણગઢ પધાર્યા. પછી ગુણાતીતાનંદ સ્વામી ગોપાળાનંદસ્વામી પ્રત્યે એમ બોલ્યા જે, "સ્વામી ! તમારે મને જે વાત કહેવાની હતી, તે કહો." પછી ગોપાળાનંદસ્વામી કહે, "તમો જ્યારે મહારાજની મૂર્તિ ધારીને ધ્યાન કરો છો, ત્યારે કોઈક માન-અપમાન કરે, કોઈક સુખદુઃખ કરે, કોઈક સારા-નરસા શબ્દ કહે, ઈત્યાદિકના વિક્ષેપ પરાભવ કરે છે ?" ત્યારે ગુણાતીતાનંદસ્વામી કહે, 'હા.' પછી ગોપાળાનંદસ્વામી એમ બોલ્યા જે, "તમોએ બાહ્યવૃત્તિએ કરીને મૂર્તિ સિદ્ધ કરી છે, તેણે કરીને વિક્ષેપ પરાભવ કરે છે. તે જ્યારે દેહાદિક જે માયાનું કાર્ય, તેને ચાર પ્રકારના પ્રલયે કરીને નિષેધ

૧.રંગરોગાન કરાવી

કરીને, પોતાના જીવાત્માને શુદ્ધ સત્તારૂપ માનીને, અક્ષરબ્રહ્મ સાથે એકતા કરીને, તેને વિષે અક્ષરાતીત પુરુષોત્તમ હરિકૃષ્ણ મહારાજને ધારો, એટલે સર્વે વિક્ષેપ શાંતિ પામશે.”

પછી ગુણાતીતાનંદસ્વામીએ તેવી રીતે મહારાજનું ધ્યાન કર્યું. તેણે કરીને દેહાદિકના ભાવ ટળી ગયા ને આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થયો. તે આપણી દૃષ્ટિએ દેખ્યું. તે વડતાલને વિશે હજારો મનુષ્યની સભામાં અતિશે અપમાન કર્યું, તોપણ લેશમાત્ર ક્ષોભ થયો નહિ. પછી સભામાં ભગવદ્વાર્તા કરવા સારુ ખુરશી ઉપર બેસાડ્યા, પણ વિક્ષેપનો અંશ પણ આવ્યો નહિ. એમ ગોપાળાનંદસ્વામીને સમાગમે કરીને વિજ્ઞાનદાસ, સિદ્ધાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી એમને આત્માને વિષે મહારાજે પોતાનું સાક્ષાત્કાર દર્શન આપ્યું. ॥૬૨॥

૬૩. જયાનંદાદિ સંતોને સદ્. ગોપાળાનંદસ્વામીના સમાગમથી આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર

એમ જયાનંદસ્વામી, તપસાનંદસ્વામી, ઘનશ્યામદાસજી, માવાભક્ત, સર્વનિવાસાનંદસ્વામી, વિજયાત્માનંદસ્વામી, મોટા-જ્ઞાનાનંદસ્વામી, બાલમુકુંદાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી વગેરે સર્વેને ગોપાળાનંદસ્વામીને સમાગમે કરીને આત્મા-પરમાત્માનું સાક્ષાત્કાર દર્શન થયું. ॥૬૩॥

૬૪. મહારાજે સંતોને આપેલી સામર્થીઓ.

વ્યાપકાનંદસ્વામીને સદા આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર ને અનેક બ્રહ્માંડનું અંતર્યામીપણું આપ્યું. કૃપાનંદસ્વામીને સદા આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર, સ્વરૂપાનંદસ્વામીને તથા મુક્તાનંદસ્વામીને તથા જેમણે અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો છે એવા અખંડાનંદસ્વામીને તથા મોટા આત્માનંદસ્વામીને તથા કૈવલ્યાનંદસ્વામીને તથા મોટા કૃષ્ણાનંદસ્વામીને તથા વર્ણાનંદસ્વામીને તથા સુદર્શનાનંદસ્વામીને

તથા મહાપ્રસાદાનંદસ્વામીને આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર તથા રામદાસભાઈને બ્રહ્માંડનું અંતર્યામીપણે સહિત આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર. એવી રીતે અનેક ભક્તોને શ્રીજીમહારાજે સામર્થી આપી હતી. ॥૬૪॥

૬૫. સુખદાતાનંદસ્વામીને અને લુણાવાડાના લખા જોશીને મહારાજ ધામમાં તેડી ગયા.

કોઈક સમયને વિષે સુખદાતાનંદસ્વામી લુણાવાડામાં માંદા થયા. ત્યારે લખા જોશીએ પોતાને ઘેરથી પૂડલા-ખીચડી આદિક લાવીને બહુ સેવા કરી હતી. તેણે કરીને સુખદાતાનંદસ્વામી બહુ રાજી થયા ને એમ બોલ્યા જે, "લખા જોશી, હું તમારા ઉપર બહુ રાજી થયો છું, તે વર માગો." લખા જોશી બોલ્યા જે, "સ્વામી, તમો ધામમાં જ્યારે જાઓ, ત્યારે મને ધામમાં તેડી જાજો." પછી સ્વામી કહે, "બીજું માગો." ત્યારે તેણે કહ્યું જે, "ના સ્વામી, મારે બીજું જોઈતું નથી." ત્યારે સ્વામી બોલ્યા જે, "ઠીક."

પછી સુખદાતાનંદસ્વામી સાજા થયા ને કોઈ સમે વડથલ ગામમાં ફરવા પધાર્યા અને ત્યાં જ દેહ મેલ્યો. તેના સમાચાર લુણાવાડાનો કોઈક બ્રાહ્મણ આવ્યો હતો, તેણે લખા જોશીને કહ્યા. ત્યારે લખા જોશી મંદિરમાં હરિભક્ત આગળ એમ બોલ્યા જે, "સુખદાતાનંદસ્વામીએ મને કોલ દીધો છે, તે કાલે મને તેડી જાશે." ત્યારે પુરુષોત્તમ આદિક હરિજન એમ બોલ્યા જે, "હજુ દેહ મૂકશો ત્યારે કે નહિ !"

પછી તો અર્ધી રાત્રીએ માથું દુઃખવા આવ્યું, ને બીજે દિવસ તાવ આવ્યો ને રાત્રીએ દેહ મેલ્યો. તે સમે એમ બોલ્યા જે, "આ સુખદાતાનંદસ્વામી ને મહારાજ મને તેડવા આવ્યા છે. તે ભેળો હું ધામમાં જાઉં છું." એમ સુખદાતાનંદસ્વામીનો વર સત્ય કરીને લખા જોશીને શ્રીજીમહારાજ તેડી ગયા. ॥૬૫॥

૬૬. બોટાદના શીવલાલભાઈને મહારાજ ધામમાં તેડી ગયા.

અને આત્માનંદસ્વામી બહુધા વાગડ ગામમાં રહેતા. તે જ્યારે ત્યાં માંદા થયા, ત્યારે ગામ બોટાદના ભગા દોશીના પુત્ર શીવલાલભાઈ સ્વામીને દર્શને આવ્યા. ને બીજા સાધુ-હરિજન જે જે સ્વામીને દર્શને આવતા, તે સર્વેને શીવલાલભાઈ પોતાની ગાંઠનું ખરચ આપીને બ્રાહ્મણ પાસે પાકી રસોઈ કરાવીને જમાડતા હતા. એવી શીવલાલભાઈની ભારે સેવા જોઈને, અતિશય રાજી થઈને સ્વામી એમ બોલ્યા જે, “હે શીવલાલ, હું તારા ઉપર બહુ રાજી થયો છું, ને તેં મારે અર્થે બહુ કર્યું છે, માટે તું વર માગ.”

પછી શીવલાલભાઈ એમ બોલ્યા જે, “સ્વામી, તમો મહારાજના ધામમાં જાઓ, ત્યારે મને તેડવા આવજો.” ત્યારે સ્વામી કહે, “ભૂંડા, તું હજી નાનો છો, તે બીજું કાંઈક માગ.” ત્યારે કહે, “ના સ્વામી, મારે તો એ જ જોઈએ છીએ.” પછી સ્વામીએ દેહ મેલ્યો ને સ્વામીને દેન દઈને ઘેર ગયા.

તે માર્ગમાં જ નાકમાં ફોડલી થઈ ને તાવ આવ્યો. તે પરબારો મંદિરમાં જ ઉતારો કર્યો. બે-ચાર દિવસ તાવ આવ્યો ને દેહ મેલ્યો ત્યારે એમ બોલ્યા જે, “મહારાજ ને આત્માનંદસ્વામી મને તેડવા આવ્યા છે, તે ધામમાં જાઉં છું.” એમ મહારાજ આત્માનંદસ્વામીનો વર સત્ય કરીને શીવલાલભાઈને તેડી ગયા. ॥૬૬॥

૬૭. પીતાંબર તરવાડીનો કોલ સત્ય કરી શંભુદાસને ધામમાં તેડી ગયા.

કોઈક સમયને વિષે ગામ વ્યારના પીતાંબર તરવાડી અને શંભુદાસ નામે પટેલ, તે બે જણા તે ગામના મંદિરમાં બેઠા હતા. પછી શંભુદાસ એમ બોલ્યા જે, “પીતાંબર તરવાડી, તમે મહારાજના ધામમાં જાઓ ત્યારે મને તેડવા આવજો.” પછી તે બોલ્યા જે, “સારું.”

પછી કોઈક દિવસ એ પીતાંબર તરવાડી ગામ પેથાપરમાં બ્રહ્મચારી વાસુદેવાનંદસ્વામીને દર્શને આવ્યા. ત્યારે વાસુદેવાનંદસ્વામી બોલ્યા જે, "ક્યાં સુધી સંસારમાં પડી રહેશો ?" ત્યારે તે પીતાંબર તરવાડી બોલ્યા જે, "કહો તો આંહીં જ રહું ને કહો તો ઘેર જઈ આવું." પછી સ્વામી બોલ્યા જે, "આંહીં જ રહો." પછી પોતાનું ઘોડું ઘેર મોકલ્યું ને પોતે ત્યાં જ રહ્યા.

તે પછી કોઈક સમે સ્વામીએ પીતાંબર તરવાડીને અક્ષરાનંદ નામે બ્રહ્મચારી કરાવીને પોતાની ભેળા રાખ્યા. પછી તે બ્રહ્મચારી બહુ માંદા થયા એટલે ધોળકે રહેતા. તે અક્ષરાનંદસ્વામીને ફેરો થયો હતો[૧]. ત્યારે ગોપાળાનંદસ્વામીએ દિવ્ય દેહે આવીને દિવસે દર્શન દઈને એમ કહ્યું જે, "કેમ છે અક્ષરાનંદસ્વામી ?" ત્યારે તે બોલ્યા જે, "સારું, મહારાજ." એમ કહીને સ્વામીને પગે લાગ્યા. પછી ગોપાળાનંદસ્વામી કહે, "ચિંતા રાખશો નહિ, મહારાજ ત્રીજે દિવસે તમને તેડવા આવશે."

પછી ત્રીજે દિવસે ગોપાળાનંદસ્વામી અને મહારાજ તે બ્રહ્મચારીને તેડી ગયા. પછી તે વાર્તાની વ્યારમાં ખબર પડી. પછી તે શંભુદાસ એમ બોલ્યા જે, "આજ અર્ધી રાત્રીએ મને પીતાંબર તરવાડી તેડવા આવશે." ત્યારે બીજા હરિજન એમ બોલ્યા જે, "તમે સાજા-નરવા ફરો છો, તે જ્યારે વખત થાશે ત્યારે વાત."

પછી તે બોલ્યા જે, "નક્કી તેડી જાશે." પછી તે શંભુદાસ ઘેર ગયા ને તાવ આવ્યો ને અર્ધી રાત્રીએ ગોપાળસ્વામી, મહારાજ અને પીતાંબર તરવાડી એ શંભુદાસને તેડી ગયા. તે શંભુદાસ એમ બોલ્યા જે, "આ ગોપાળસ્વામી, મહારાજ ને પીતાંબર તરવાડી મને તેડવા આવ્યા છે, તે હું ધામમાં જાઉં છું." એમ મહારાજ પીતાંબર તરવાડીનો વર સત્ય કરીને શંભુદાસને તેડી ગયા. ॥૬૭॥

૧.ઝાડા થઈ ગયા હતા.

૬૮. વાસુદેવાનંદસ્વામીનો વર સત્ય કરી ઈડરના વિપ્રને ધામમાં તેડી ગયા.

કોઈક સમયમાં વાસુદેવાનંદ બ્રહ્મચારી ઈડર દેશને વિશે કોઈક ગામડામાં ફરવા ગયા હતા. ત્યાં એક બ્રાહ્મણ નિત્યે સ્વામી પાસે વાતો સાંભળવા આવતો હતો. તેને સ્વામીએ એમ કહ્યું જે, "વર્તમાન ધારીને સત્સંગી થાઓ." પછી તે વિપ્ર એમ બોલ્યો જે, "સ્વામી, તમે મને અંત સમયે તેડવા આવો તો સત્સંગી થાઉં." પછી સ્વામી કહે, "તેડવા આવીશું સત્સંગી થાઓ." પછી તે નિયમ ધારીને સત્સંગી થયો. પછી તે વિપ્રે દેહ મેલ્યો, ત્યારે તે એમ બોલ્યો જે, "આ વાસુદેવાનંદસ્વામી મને તેડવા આવ્યા છે, તે હું મહારાજના ધામમાં જાઉં છું." એમ કહીને તેણે દેહ મેલ્યો. એમ મહારાજ વાસુદેવાનંદસ્વામીનો વર સત્ય કરીને ઈડર દેશના વિપ્રને તેડી ગયા. ॥૬૮॥

૬૯. કૃષ્ણાનંદસ્વામીના વચને મણીપરના ભક્તને અક્ષરધામનો માર્ગ દેખાડયો.

કોઈક સમયને વિશે કૃષ્ણાનંદસ્વામી મૂળીથી અમદાવાદ આવતાં ગામ મણીપરમાં રહ્યા. ત્યાં એક હરિજન બહુ માંદો હતો. ત્યારે બીજા હરિજનોએ સ્વામીને એમ કહ્યું જે, "એક હરિજન માંદો છે, તેને તમે દર્શન દેવા આવશો ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "હા, આવશું." પછી પોતે બીજા હરિભક્તોને ભેળા લઈને તેને ઘેર દર્શન દેવા સારુ પધાર્યા. ને તે હરિભક્તને મહારાજની વાતો કરીને શાંતિ પમાડી.

પછી તે હરિભક્ત બોલ્યો જે, "સ્વામી, મેં અક્ષરધામનો માર્ગ દેખ્યો નથી; તે તમે અંત સમયે દેખાડવા આવશો ?" ત્યારે સ્વામી કહે, "હા, આવશું." એમ કહીને સ્વામી મંદિરમાં પધાર્યા. પછી તે જ રાત્રીએ દસ વાગે તે હરિભક્તે દેહ મેલ્યો. તે સમયે તેણે એમ કહ્યું જે, "ઓ..હો..હો..! અક્ષરધામનો માર્ગ સોંસરો દેખાય છે. માટે આ

વખત સ્વામીને બોલાવશો નહિ." એમ કહીને દેહ મેલીને ધામમાં ગયો. એવી રીતે મહારાજે કૃષ્ણાનંદસ્વામીને વચને કરીને તે મણીપરના હરિભક્તને અક્ષરધામનો માર્ગ દેખાડ્યો. ॥૬૯॥

૭૦. નાથા ખાચર અને માણસિયા ખાચરનાં વચન સત્ય કરી તેમને ધામમાં તેડી ગયા.

અને ગામ **શ્રીનાગડકા**ના નાથો ખાચર ને માણસિયો ખાચર, એ બે જણાએ ત્યાંના મંદિરમાં બેઠા થકા એમ પ્રતિજ્ઞા કરી જે, "નાથા ખાચર, તમે પ્રથમ દેહ મેલો તો તમે મને તેડવા મહારાજને લઈને આવજો." ત્યારે નાથો ખાચર કહે, "માણસિયા, તું જો પ્રથમ દેહ મેલે તો તું મહારાજને લઈને મને તેડવા આવજે."

પછી જ્યારે નાથા ખાચર માંદા થયા ત્યારે માણસિયો નાથા ખાચરને જોવા સારુ આવ્યા ને કહે, "તમે ધામમાં જાવા તૈયારી કરી છે ને આપણા કોલ છે, તે ખોટા પડશે કે શું ?" પછી નાથો ખાચર કહે, "મહારાજ સત્ય કરશે." પછી માણસિયો ઘેર ગયો ને તાવ આવ્યો. ત્યારે માણસિયાની દીકરીએ કહ્યું જે, "નાથો ખાચર તો ધામમાં ગયા." ત્યારે તે માણસિયો બોલ્યો જે, "ભણે, નાથો ગ્યો ?" ત્યારે કહે, 'હા !' ત્યારે માણસિયો કહે, "મને ભોંય લ્યો." એમ કહીને માણસિયાએ દેહ મેલ્યો. પછી તે બેને એક ચેમાં[૧] બાળ્યા. એમ મહારાજે બેના વર સત્ય કરીને તે બેને તેડી ગયા. ॥૭૦॥

૭૧. સંતો-ભક્તો શ્રીહરિકૃપાથી વિવિધ સામર્થ્ય પામ્યા.

અને શ્રીજીમહારાજને પ્રતાપે કરીને સચ્ચિદાનંદસ્વામી આદિક અનેક સમાધિનિષ્ઠ સાધુ થયા તથા અનેક સમાધિનિષ્ઠ બાઈઓ થઈ તથા ગોવર્ધનભાઈ આદિ અનેક સમાધિનિષ્ઠ ગૃહસ્થ થયા. શ્રીજીમહારાજે સંતદાસજી તથા સચ્ચિદાનંદસ્વામી તથા વ્યાપકાનંદસ્વામી

૧.ચિતામાં

તથા રામદાસભાઈ તથા પર્વતભાઈ તથા ડોસાભાઈ તથા જીવુબાઈ તથા સદાબાઈ એ આદિક અનેક ભક્તોને નિરાવરણદૃષ્ટિપણું ને નિરાવરણગતિપણું આપ્યું. મુકુંદબ્રહ્મચારી તથા માંચોભક્ત એ આદિક અનેક ભક્તોને ઊર્ધ્વરેતાપણું આપ્યું. ॥૭૧॥

૭૨-૭૩. મહારાજ સંતો-ભક્તોની રક્ષા-કલ્યાણ કરે છે.

શ્રીજીમહારાજે અનેક પુરુષ તથા અનેક સ્ત્રીઓના કામ, લોભ, સ્વાદ, સ્નેહ, માન ઇત્યાદિક અનેક વિષય-વિકાર ટાળીને, ત્રણ ગુણ રહિત કરીને તેમને બ્રહ્મભાવને પમાડ્યા. ને ભક્તજનને અંતકાળે રથ, વિમાન, હાથી-ઘોડા લઈને શ્રીજીમહારાજ જન જન પ્રત્યે તેડવા આવે છે. શ્રીજીમહારાજ ભક્તજનને જળ-અગ્નિ આદિકના અનેક પ્રકારના આપત્કાળમાં અનેક પ્રકારે રક્ષા કરે છે. ॥૭૨-૭૩॥

૭૪. ભગવાન કે સાધુના અલ્પ સંબંધને પામેલાનું પણ કલ્યાણ કર્યું.

જે જને પોતાનો ગુણ લીધો તથા પોતાના સાધુનો ગુણ લીધો તથા પોતાની તથા પોતાના સાધુની અન્નજળ, ફળફૂલ, તૃણકાષ્ઠ, છાણાં, પત્ર-પાત્ર ઇત્યાદિ પદાર્થે કરીને સેવા કરી તથા પોતાનો તથા પોતાના સાધુનો સત્કાર કર્યો તથા સહાય કરી તથા રક્ષા કરી તથા કાંઈક ઉપયોગમાં આવ્યા તથા ભાવે કરીને પોતાનું તથા પોતાના સાધુનું દર્શન કર્યું કે ભાવે કરીને વંદન કર્યું કે અલ્પ સંબંધને પામ્યા તે સર્વે જનનું શ્રીજીમહારાજે કલ્યાણ કર્યું. ॥૭૪॥

૭૫. ભગવાન કે સંતોની સેવામાં ઉપયોગી થનાર સ્થાવર-જંગમ જીવનું કલ્યાણ કર્યું.

શ્રીજીએ પોતાની તથા પોતાના સાધુની સેવામાં ઉપયોગી થયાં જે ગાય, બળદ, ભેંસ, ઘોડા, હાથી, ઊંટ ઇત્યાદિક પશુ તથા મૃગ-

સસલાદિક વનપશુપક્ષી તથા પોતાની તથા પોતાના સાધુની સેવામાં ઉપયોગી થયાં જે આંબા તથા રાયણ તથા મહુડા તથા જાંબુડા તથા લીંબુ તથા દાડમ તથા જામફળી તથા કેળ તથા અંજીર તથા સીતાફળી તથા મૂળા, મોગરી તથા વંતાકડી તથા ગુલાબ તથા મોગરા તથા ચંપા તથા જૂઈ, હજારી, ગુલાબ ઈત્યાદિક સર્વે જંગમ-સ્થાવર જીવનું પણ કલ્યાણ કર્યું. ॥૭૫॥

૭૬-૭૮. મનુષ્ય-પશુ-પક્ષી વગેરે સર્વને સમાધિ

શ્રીજીમહારાજને પ્રતાપે કરીને સાધુ તથા ગૃહસ્થ-સ્ત્રીપુરુષો પણ બીજાને સમાધિ કરાવતાં ને તેમાંથી પાછાં ઉઠાડતાં હતાં. ॥૭૬॥

શ્રીજીને પ્રતાપે કરીને સોટી તથા પુષ્પ તથા વસ્ત્રને સ્પર્શે કરીને પણ સમાધિ થાતી હતી. ॥૭૭॥

શ્રીજીને જોઈને અનેક મનુષ્ય તથા ચકલા તથા કબૂતર તથા કપિને પણ સમાધિ થાતી હતી. ॥૭૮॥

૭૯-૮૦. ભક્તો સમાધિમાં દેખેલ અનેક ધામની વાતો કરતા.

શ્રીજીમહારાજને જોઈને અનેક જન સમાધિ કરીને સૂતા ને અનેક ધામમાં જતા. તેને શ્રીજીની આજ્ઞાએ કરીને એક ભક્તજન અનેક રૂપ ધરીને અનેક ધામમાંથી એકહારે ઉઠાડી લાવતો. ને તેઓ આંહીં આવીને તે તે ધામની વાર્તા કરતા. ॥૭૯॥

અને મોટો સમૈયો હોય ત્યારે શ્રીજીમહારાજ સભા મધ્યે ઊંચા સિંહાસન ઉપર ગાદી-તકિયા ઉપર વિરાજમાન થતા. ત્યારે અનેક સાધુ તથા અનેક ગૃહસ્થ પુરુષ તથા સ્ત્રીઓને શ્રીજીને જોઈને સમાધિ થતી. તે સમાધિમાં શ્રીજીમહારાજનું અનેક ધામમાં અનેક રૂપે આશ્ચર્યકારી અલૌકિક દર્શન થતું હતું. તેને તેઓ પાછા દેહમાં આવીને બીજા જનને કહેતા. ॥૮૦॥

૮૧. ભક્તો સ્વતંત્રપણે સમાધિમાં જતા અને બીજાને લઈ જતા.

અનેક સાધુ તથા ગૃહસ્થ સ્ત્રી-પુરુષો સમાધિવાન થયાં હતાં. તેમાં કેટલાંક તો સ્વતંત્ર સમાધિવાળા થયાં હતાં. ને કેટલાંક તો બીજાને પણ સમાધિ કરાવીને અનેક ધામમાં લઈ જાય ને પાછાં લાવે, એવાં ઐશ્વર્યવાન થયાં હતાં. ॥૮૧॥

૮૨-૮૩. શ્રીહરિનાં દર્શને આવેલ ઈશ્વરાદિકને સમાધિવાળા દેખતા.

અને કેટલાક સમાધિનિષ્ઠ સાધુ તો સમાધિ કરીને શિવ-બ્રહ્માદિકની સભામાં જઈને શ્રીજીમહારાજના પ્રગટ સ્વરૂપની વાર્તા કરતા. તે સાંભળીને તે દેવ શ્રીજીને દર્શને આવતા હતા. ॥૮૨॥

અનેક ધામના ઈશ્વર તથા અનેક ધામના મુક્ત તથા અનેક અવતાર, તે સર્વે શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવતા હતા. તેને અલૌકિક દૃષ્ટિવાળા સાધુ દેખતા હતા. એવો અલૌકિક શ્રીપ્રગટ પુરુષોત્તમનો મહિમા છે. ॥૮૩॥

૮૪. અવતારોને પોતાના વિશે લીન કરી દેખાડ્યા.

અને શ્રીજીમહારાજે પોતાને વિશે તથા પોતાના ભક્તોને વિશે પોતાના અવતાર લીન કરી દેખાડ્યા. તથા સર્વે અવતારનો ભાવ પોતાને વિશે દેખાડ્યો. તથા બીજા અવતાર રૂપે પોતાનું દર્શન દીધું. તથા પોતાનું નામ ભક્તે ઉચ્ચારણ કર્યું, તેણે કરીને અનેક રૂપે થવાણું પણ બીજા અવતારને નામ લીધે ન થવાણું. ॥૮૪॥

૮૫-૮૭. અનેકને તેમના ઇષ્ટદેવરૂપે દર્શન દીધાં.

શાસ્ત્રને વિશે એમ કહ્યું છે જે, અષ્ટાંયોગ સિદ્ધ કરે ત્યારે સમાધિ થાય, ને શ્રીજીમહારાજ તો માંગરોળ તથા કાલવાણી તથા અગતરાઈ

તથા શ્રીનગર ઇત્યાદિકમાં વિચર્યા, તે શ્રીજીને જોઈને અનેક જનને સમાધિ થઈ હતી. તે ભક્ત ને અભક્ત તથા દૈવી ને આસુરી જનને, સર્વેને સમાધિ થાતી હતી. ॥૮૫॥

યવન, જૈન આદિ અનેક મતવાદીઓએ આવીને શ્રીજીને કહ્યું જે, "તમે અમને અમારા ઇષ્ટદેવ દેખાડો, તો તમે ભગવાન ખરા." ત્યારે તેમને સમાધિ કરાવીને, શ્રીજી પોતે તેમના તેમના ઇષ્ટદેવરૂપે થઈને દર્શન દેતા હતા. ॥૮૬॥

પરોક્ષ ઉપાસક એવા સંપ્રદાય ને મતવાળા જન આવ્યા, તેમને તેમના ઇષ્ટદેવરૂપે તેમના તેમના ધામને વિશે શ્રીજીમહારાજ પોતાનું દર્શન દેતા હતા. ॥૮૭॥

૮૮. શ્રીહરિ અનેક આશ્ચર્યકારી ચમત્કારો દેખાડતા.

કેટલાકને ખટચક્ર ભેદવા શિખવતા. ને તે તે ચક્રમાં રહ્યા જે દેવ તેમનું દર્શન કરાવતા. ને કોઈકને બ્રહ્મરંધ્ર ભેદીને સુષુમ્ણા માર્ગે કરીને અષ્ટ આવરણ ભેદીને અતિ તેજોમય એવાં જે અક્ષરાદિક અનેક ધામ તેમને દેખાડતા, ને અનેક બ્રહ્માંડની રચનાઓને દેખાડતા હતા, ને પોતાના જમણા ચરણારવિંદમાંથી ઉત્પન્ન થાતો જે પ્રણવ તેનો જે ધ્વનિ તેને સંભળાવતા, ને તે પ્રણવને ગણાવતા હતા. એવા અનેક આશ્ચર્યકારી ચમત્કાર દેખાડતા હતા. તે કહેતાં પણ પાર આવે નહિ. **એવા શ્રીજીમહારાજનો અલૌકિક મહિમા સમજીને સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વના કારણ ને સર્વને સુખપ્રદાતા શ્રીજીમહારાજ છે.** એમ જાણીને તેનો અનન્યપણે આશ્રય કરીને, પોતાને બ્રહ્મરૂપ માનીને શ્રીજીમહારાજને ભજવા. ॥૮૮॥

૮૯. શ્રીહરિ શ્રીકૃષ્ણથી પર અને તેમના કારણ અક્ષરાધિપતિ છે.

અને ક્યારેક શ્રીજીમહારાજે ચાર સદ્‌ગુરુને પચાસ સાધુ ભેળા લઈને શ્રીવઢવાણ મોકલ્યા. તે મૂળજીભાઈના બે ઓરડા માળબંધ છે, તેમાં

ઊતર્યા. ને એક ઓરડામાં મુક્તાનંદસ્વામી ને નિત્યાનંદસ્વામી ઊતર્યા. ને બીજા ઓરડામાં બ્રહ્માનંદસ્વામી ને શામળિયા ચૈતન્યાનંદસ્વામી ઊતર્યા હતા. મુક્તાનંદસ્વામી નિત્યાનંદસ્વામી પાસે ગીતાભાષ્ય ભણતા હતા. તે નિત્યાનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, "શ્રીજીમહારાજને કેવા જાણવા ?"

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે,"વૃષ્ણિકુલોત્પન્ન વાસુદેવ તે જ સ્વયં શ્રીજી છે." ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, **"તે થકી પર ને તેના કારણ સ્વયં અક્ષરાધિપતિ, તે જ શ્રીજી છે."** એવી રીતે સંવાદ કરતા થકા તે બે જણે બ્રહ્માનંદસ્વામીને તે પ્રશ્ન સંભળાવ્યો. પછી બ્રહ્માનંદસ્વામીએ બેય સદ્‌ગુરુનું રાખ્યું જે, "સ્વામી, તમો સમજો છો તે પણ ઠીક છે, ને નિત્યાનંદસ્વામી સમજે છે, તે પણ ઠીક છે." પણ યથાર્થ નિર્ણય ન થયો. પછી મુક્તાનંદસ્વામીના મનમાં એમ થયું જે, 'મહારાજને પૂછશું ત્યારે યથાર્થ નિર્ણય થાશે.'

પછી થોડેક દિવસે ગામ **નાગડકે** શ્રીજી પધાર્યા. ને એ મુક્તાનંદ સ્વામી આદિક ચાર સદ્‌ગુરુઓને ગામ નાગડકે તેડાવ્યા. ને તે સર્વે સદ્‌ગુરુ સર્વે સાધુ સહિત ગામ નાગડકે શ્રીજીને દર્શને આવ્યા. મહારાજનાં દર્શન કરીને મહારાજને સર્વે સમાચાર કહ્યા. પછી મુક્તાનંદસ્વામીએ મહારાજને પૂછ્યું જે, "મારે ને નિત્યાનંદસ્વામીને આમ સંવાદ થયો હતો." તે સંવાદ મહારાજને કહીને પછી કહ્યું જે, "હે મહારાજ ! તમને કેમ સમજીએ ?" પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "નિત્યાનંદસ્વામી સમજે છે, તેમ સમજો." ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "એવી વાત કોઈ શાસ્ત્રમાં હશે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "શાસ્ત્ર તો કોઈક મોટા પુરુષે કર્યાં છે, ને કોઈક ઋષિએ કર્યાં છે. તે શાસ્ત્ર કહે એ સત્ય, ને અમે કહીએ તે નહિ સત્ય ? ત્યારે તો શાસ્ત્ર અમને ભગવાન કહે ત્યારે ભગવાન અમને માનજો." ત્યારે મુક્તાનંદસ્વામી કહે જે, "હે મહારાજ ! જેમ તમે કહો છો તે સત્ય છે, એમ અમે સમજશું." ॥૮૯॥

૯૦-૯૧. મહારાજે પોતાની પ્રગટ મૂર્તિનો મહિમા કહ્યો.

અને **ધર્મપુરથી** આવતાં રેવામાં ના'તાં મહારાજ એમ બોલ્યા જે, "હે સંતો ! અક્ષરધામના મુક્તોને આ મૂર્તિનાં દર્શન છે કે તમને છે, પણ બીજા ધામના મુક્તોને નથી, તો બીજાને તો ક્યાંથી હોય? કેમ જે, આ મૂર્તિ આ બ્રહ્માંડમાં ક્યારે પણ આવી નથી, આજ જ આવી છે." એમ શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપને સમજવાની વાર્તા કહી. ॥૯૦॥

અને શ્રીજીમહારાજ **કારિયાણી**માં રંગ રમતાં સાધુ પ્રત્યે બોલ્યા જે, "હે સંતો ! અક્ષરના મુક્તોને આ મૂર્તિનાં દર્શન છે કે તમને છે. બીજા ધામના મુક્તોને તો અતિ દુર્લભ છે." એમ કહેતા જાય ને ***'કોટી કૃષ્ણ જહાં જોડે હાથ'*** એ કીર્તન ગાતા જાય ને સાધુની દાઢીએ હાથ નાખતા જાય ને હસતા જાય. એમ સંતોને આનંદ કરાવતા હતા. ॥૯૧॥

૯૨. શ્રીહરિનો પ્રતાપ અને મુક્તાનંદસ્વામીનું સામર્થ્ય

અને કોઈક સમયને વિશે મહારાજ અમદાવાદમાં નથુ ભટ્ટને ઘેર વિરાજમાન હતા. અને મુક્તાનંદસ્વામીને પોતાની છાતીએ હાથ અડાડીને એમ કહ્યું જે, "સ્વામી, આ મૂર્તિને ભજીને અનંત કમલાપતિ થાય છે. અને આ જે તમને મૂર્તિ મળી છે, તેને આકારે દૃષ્ટિ થાય તો અનંતકોટિ બ્રહ્માંડ રાખનાં પડીકાં જેવાં થઈ જાય; એવો આ મૂર્તિનો પ્રતાપ છે. અને સ્વામી તમારામાં જે સામર્થ્ય છે, તેને તમે જાણો છો ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "ના મહારાજ ! નથી જાણતો." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે તો આંહીંથી જીવોને હાથે ઝાલીને ફેંકો છો, તે ઠેઠ અક્ષરધામમાં જઈ પડે છે. એમ અન્યાવિર્ભાવથી[1] પણ તમારામાં અધિક સામર્થી છે." એમ શ્રીજીમહારાજે કહ્યું. તે સમયમાં મુક્તાનંદસ્વામીના વિદ્યાર્થી ગામ મેથાણના વિપ્ર ગોવિંદરામ પાસે હતા. એવી રીતે પોતાના એકાંતિક ભક્તને પોતાનું પુરુષોત્તમપણું જણાવતા હતા. ॥૯૨॥

૧.અન્ય અવતારોથી

૯૩. મેથાણના પૂજાભાઈને પુરુષોત્તમપણું જણાવ્યું.

ગામ મેથાણના પૂજાભાઈ ધ્રાંગધ્રે જ્યારે જાય ત્યારે રાજા એને એમ પૂછે જે, "પૂજાજી, તમે સ્વામિનારાયણમાં શું પ્રતાપ દીઠો જે તમે તેમને ભગવાન કહો છો ?" ત્યારે પૂજાજીને તે સમયમાં જેવો આવડે તેવો ઉત્તર દે, પણ મનમાં એમ થાય કે, આ પ્રશ્ન હું મહારાજને ગઢડે જઈને પૂછીને રાજાને કહીશ.

પછી ગઢડે મહારાજને દર્શને આવ્યા ત્યારે મહારાજને આ સર્વે વાત કહી. ત્યારે મહારાજ બોલ્યા જે, "તમારો જેટલો પ્રતાપ છે, તેને તમે જાણતા નથી, તો અમારો પ્રતાપ તમે શું જાણો ? તમારામાં તો એટલી સામર્થી છે જે, જીવોને અક્ષરધામમાં ઠેઠ મોકલો છો. ને જે જીવ તમારાં દર્શન કરે કે તમારો ગુણ લે કે તમારા ગોળાનું પાણી પીએ, તે સર્વેનું કલ્યાણ થાય છે. એવું તમારામાં સામર્થ્ય છે. ને અમારો પ્રતાપ તો અલૌકિક છે." એમ પોતાનું પુરુષોત્તમપણું જણાવતા હતા. ||૯૩||

૯૪. લોજ-માંગરોળમાં સમાધિ દ્વારા લોકોને સર્વોપરી નિશ્ચય

અને મહારાજ લોજ-માંગરોળમાં લોકોને સમાધિ કરાવીને ગોલોકાદિ ધામમાં મોકલતા હતા. અને તે તે ધામના અધિપતિ મહારાજને દર્શને આવતા હતા. ત્યારે તે તે ધામમાં સિંહાસન ખાલી દેખીને સમાધિવાળા પૂછતા જે, "આંહીંના અધિપતિ ક્યાં ગયા છે ?" ત્યારે તેમના સેવક એમ કહેતા જે, "એ તો મહારાજનાં દર્શને ગયા છે."

પછી તે સમાધિવાળા આંહીં આવીને મહારાજને એમ કહેતા જે, "મહારાજ, અમને તમે ત્યાં મોકલ્યા, પણ તે સર્વે તમારે દર્શને આંહીં આવ્યા છે." એમ મહારાજ પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવતા હતા. ||૯૪||

૯૫. ધામમાંશ્રીહરિઅનેમુક્તોનીઆંહીંપધારવાનીચર્ચા

કોઈક સમયને વિશે મહારાજે ગામ **શ્રીકારિયાણી**માં સમૈયો કર્યો. તે સમૈયામાં સર્વે સાધુ-હરિજન આવ્યા. ને 'વડોદરેથી ગોપાળાનંદસ્વામી આવે છે' એમ ખબર સાંભળીને શ્રીજીમહારાજ ઘણા રાજી થયા ને એમ બોલ્યા જે, "હજી કેમ આવ્યા નહિ ?" તે સાંભળીને નિષ્કુળાનંદસ્વામીના મનમાં એમ થયું જે, **"મહારાજને ગોપાળાનંદસ્વામી ઉપર અતિ હેત છે."** પછી તે ગોપાળાનંદસ્વામી આવ્યા ને તેમને મહારાજ મળ્યા. ને મહારાજે એમ કહ્યું જે, "ઉતારા કરી આવો." ત્યારે તે ઉતારા કરવા ગયા.

પછી મહારાજે સોમલા ખાચરને એમ કહ્યું જે, "ગોપાળાનંદ સ્વામીને બોલાવી લાવો." ત્યારે સોમલા ખાચર ગોપાળાનંદસ્વામીને બોલાવી લાવ્યા. એટલે મહારાજ ઉગમણે બાર ઓરડામાં પધાર્યા ને પોતા ભેળા ગોપાળાનંદસ્વામીને લઈ ગયા. ને નિષ્કુળાનંદસ્વામી મહારાજને સ્નાન કરવા સારુ કૂવા પાસે ચોકડી તથા કુંડી કરાવીને તેને ચૂનો દેવરાવતા હતા. તે મહારાજ વાંસે ઓરડામાં ગયા, ત્યારે મહારાજ કહે, "નિષ્કુળાનંદસ્વામી, તમે ચૂનો ટીપો."

ત્યારે નિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, "ચૂનો ઠર્યો નથી." ત્યારે મહારાજ કહે, "એ તો ઠર્યો, જાઓ." તોય ન ગયા. પછી મહારાજ કહે, "સ્વામી, કુશળ તો છો ?" ત્યારે નિષ્કુળાનંદસ્વામી કહે, "શહેરમાંથી આવે છે, તે કુશળ તો એવા જ હશે તો !" પછી મહારાજ બોલ્યા જે, "એ કાંઈ તમારા જેવા નથી, જે એમને શહેર બાધ કરે."

પછી મહારાજ કહે, "સ્વામી, આપણે અત્ર આવ્યા તેનું કારણ તમે જાણો છો ?" ત્યારે તે ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, "નથી જાણ્યું." ત્યારે મહારાજ બોલ્યા જે, "અક્ષરાધિપતિ સ્વયં શ્રીપુરુષોત્તમ જે અમે તે તમો આદિક સર્વ અક્ષરમુક્ત આગળ એમ બોલ્યા જે, 'આ બ્રહ્માંડ ઘણા કાળથી સરજાણું છે, પણ કેમ કોઈ જીવ મુક્ત થઈને અક્ષરધામમાં

આવતા નથી ?' એમ કહીને અમોએ શ્રીવૈકુંઠનાથને આજ્ઞા કરી જે, આ બ્રહ્માંડમાં અવતાર લઈને એકાંતિક ધર્મ પ્રવર્તાવીને જીવોને મુક્ત કરી અક્ષરધામમાં મોકલો. ત્યારે તે વૈકુંઠનાથ ભગવાન પૃથ્વી ઉપર અવતાર લઈને ત્રેતાયુગમાં મનુષ્યનું આયુષ્ય દશ હજાર વર્ષ, પણ પોતે અગિયાર હજાર વર્ષ પૃથ્વી ઉપર રહ્યા, તોપણ એકાંતિક ધર્મને પ્રવર્તાવી શક્યા નહિ. પછી ગોલોકાધિપતિને આ બ્રહ્માંડમાં અવતાર લેવાની આજ્ઞા કરી, ત્યારે ગોલોકાધિપતિ કલિયુગમાં શત વર્ષનું આયુષ્ય, પણ સવાસો વર્ષ પૃથ્વી પર રહ્યા, તોપણ એકાંતિક ધર્મને પ્રવર્તાવી શક્યા નહિ.

પછી તમે બોલ્યા જે, 'હે મહારાજ ! જે જે ધામના અધિપતિ પૃથ્વી ઉપર પધાર્યા હોય, તેમની ઉપાસના જેણે જેણે કરી હોય, તેને તેને તે તે ધામના અધિપતિ હોય, તે તે ધામમાં લઈ જાય; તે માટે અક્ષરધામમાં નથી આવતા. જ્યારે સ્વયં અક્ષરાધિપતિ તમો પૃથ્વી ઉપર પધારો, ત્યારે તમને ભજી ભજીને ને તમારી ઉપાસના કરીને અક્ષરધામમાં આવે.' ત્યારે અમે કહ્યું જે, 'જ્યારે અમે પધારીએ ત્યારે તમારે પણ અમારી ભેળું આવવું પડશે.' ત્યારે તમે કહ્યું જે, 'અમારું શું પ્રયોજન છે ?' ત્યારે અમે કહ્યું જે, 'તમારું તો પ્રયોજન પડે, કેમ કે તમે અમારા ભેળા આવીને એકાંતિક ધર્મને પાળો ને બીજાને સમજાવો ને પળાવો. ત્યારે બીજા જીવ તમને દેખીને પાળે ને પછી એકાંતિક થઈને અક્ષરધામમાં આવે, એ પ્રયોજન છે.' ત્યારે તમે કહ્યું જે, 'ઠીક મહારાજ, તમે કહેશો ત્યારે અમારાથી કાંઈ ના પડાશે ? અમે પણ આવીશું.' પછી તમ સરખા અક્ષરમુક્ત હારે લઈને અત્ર આવ્યા છીએ."

ત્યારે નિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, "આજે વાત જાણી." ત્યારે મહારાજ કહે, " શું જાણી ?" ત્યારે તે કહે, "હું ભૂજમાં રામાનંદસ્વામીનાં દર્શને ગયો. ત્યારે રામાનંદસ્વામીએ મને મર્મ કરીને કહ્યું હતું જે, 'લાલજી ભક્ત, આંહીં શા સારુ આવ્યા ? લોજ જાઈએ નહિ ?'

પછી મેં કહ્યું જે, 'મહારાજ, તમો આંહીં વિરાજો છો ને ત્યાં કોનાં દર્શન કરવા જાઉં ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'ત્યાં તો કોઈક મોટા યોગી આવ્યા છે.' ત્યારે મેં પૂછ્યું જે, 'કેવા રઘુનાથદાસ જેવા ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'રઘુનાથદાસ તે શું ?' ત્યારે મેં કહ્યું જે, 'રામદાસજી જેવા ?' ત્યારે કહે, 'રામદાસજી તે શું ?' ત્યારે મેં કહ્યું જે, 'મુકુંદદાસજી જેવા ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'મુકુંદદાસજી તે શું ?' ત્યારે મેં કહ્યું જે, 'મહારાજ ! તમ જેવા ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'અમે શું ? ને એની આગળ બીજા પણ શું ? એ તો ભારે છે.' એ વાત આજ સમજાણી." ॥૯૫॥

૯૬. શ્રીકૃષ્ણ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા.

શ્રીગઢપુરમાં શ્રીજીમહારાજ ગૃહી-ત્યાગીની સભા મધ્યે ઢોલિયા ઉપર વિરાજમાન હતા. તે સમયને વિશે વાર્ષ્ણેય[1] મોટા દેવ શ્રીકૃષ્ણ સુવર્ણના રથમાં બેસીને શ્રીજીનાં દર્શન કરવા આવ્યા. તેણે મહારાજને એમ કહ્યું જે, "મહારાજ, તમો આગળ આમ બેસવાની રીત સારી નહીં." એમ કહીને સ્તુતિ-પ્રણામ કરીને પોતાના ધામમાં પધાર્યા. ને તેમને સચ્ચિદાનંદ સ્વામીએ દેખ્યા ને પ્રેમજી ઠક્કરને કહ્યું જે, "આ મોટા દેવ શ્રીજીને દર્શને આવ્યા, તે શ્રીજી કાંઈક પ્રકરણ ફેરવશે." તે સમે મહારાજ બોલ્યા જે, "આમ લૂગડે પલાંઠી બાંધીને સભામાં બેસવું, તે મોટા દેવને પણ ગમતું નથી." ॥૯૬॥

૯૭.ભાવનગરના વજેસિંહ ગઢપુર શ્રીજીનાં દર્શને આવ્યા.

કોઈક સમે ભાવનગરના વજેસિંહજી દુર્ગપુર આવ્યા. ત્યારે મહારાજે લાધા ઠક્કર તથા દાદા ખાચર એ બેને બોલાવીને કહ્યું જે, "દરબારને ઉતારે જાઓ ને ખબર કરો જે મહારાજ તમને મળવા આવે છે." ત્યારે તે બે જણે દરબારને ખબર કરી. ત્યારે દરબાર બોલ્યા જે,

૧.વૃષ્ણીકુળમાં પ્રગટેલ

"મહારાજ ભગવાન છે, તે હું મહારાજને દર્શને આવીશ; મહારાજ આંહીં શા સારુ પધારે ?"

પછી તે દરબાર પોતાની અસ્વારી સહિત બંદૂકના ભડાકા કરતાં કરતાં મહારાજનાં દર્શન કરવા આવ્યા. તે માર્ગમાં આવતાં આરબના દારૂના શિંગડામાં[૧] અગ્નિ પડ્યો, તેથી આરબ ઊંચો ઊછળ્યો, તે હોંકારો થયો. તે સાંભળીને મહારાજ સભામાંથી ઊઠીને મનુષ્યચેષ્ટા કરીને સંતાઈ ગયા, એટલે સભા સર્વે ઊઠી ગઈ. તે સમયમાં સાક્ષાત્ સ્વયં વાર્ષ્ણેય મોટા દેવ હસ્તને વિશે ધનુષ ગ્રહણ કરીને પધાર્યા ને એમ બોલ્યા જે, "મહારાજ, શી આજ્ઞા છે ? કહો તો એ સર્વનો નાશ કરી નાખું." પછી મહારાજ બોલ્યા જે, "કશી આજ્ઞા નથી, તમે જાઓ."

તેટલાકમાં દેવા ભક્તે આગળથી આવીને જોયું, ત્યાં તો મહારાજ સભામાં ન દેખ્યા. પછી તે ભક્ત બોલ્યા જે, "મહારાજ, કાંઈ તોફાન નથી, તમે સભામાં પધારો." પછી મહારાજ તત્કાળ આવીને સભામાં વિરાજમાન થયા ને દરબાર પણ પધાર્યા. તેને મહારાજ ગોપીનાથજીનાં દર્શન કરાવવા ચાલ્યા. ને મંદિરના પગથિયે ચડતાં મહારાજે તે દરબારનો હસ્ત ગ્રહણ કર્યો. ત્યારે દરબાર એમ બોલ્યા જે, "તમે ભગવાન છો, માટે તમોએ મારો હસ્ત ગ્રહણ કર્યો છે, તે મેલશો મા." ત્યારે મહારાજ બોલ્યા જે, "જાઓ, તમારું કલ્યાણ કરશું."

પછી ગોપીનાથજીનાં દર્શન કરાવીને મહારાજ એમ બોલ્યા જે, "કોઈ તમને એમ ભરાવતું હશે જે, 'સ્વામિનારાયણે કોઠો કરાવ્યો છે ને મારા મેલ્યા છે.' એમ લોક કહેતા હશે, પણ આ તો અમે ગોપીનાથ ભગવાન પધરાવ્યા છે." ત્યારે દરબાર બોલ્યા જે, "કોઈક પાજી-પળાવ[૨] મનુષ્યો બોલતાં હશે. પણ હે મહારાજ ! તમારે પ્રતાપે કરીને મારું રાજ સોનાને ફૂલે ફૂલી રહ્યું છે[૩]." એમ કહીને મહારાજની વંદના કરીને પોતાને ઉતારે ગયા. એવા એ

૧.બંદૂકમાં દારૂ ભરવાની નળીમાં ૨.દુષ્ટ; બેશરમ ૩.ખૂબ વિકાસ પામી રહ્યું છે.

બોલ્યામાં વિવેકી હતા. ને મોટા દેવ મહારાજને સમીપ આવ્યા હતા, તેને સમાધિવાળા સચ્ચિદાનંદસ્વામી દેખતા હતા. ॥૯૭॥

૯૮. શ્રીકૃષ્ણ તો મૂળપુરુષ છે.

અને શ્રીગઢપુરને વિશે અક્ષરઓરડીમાં મહારાજ વિરાજમાન હતા, ને ગીતાના પંદરમા પુરુષોત્તમાધ્યાયની ટીકા કરાવતા હતા. ને મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી તથા શુકમુનિ, તે સર્વે બીજી ભિન્ન ભિન્ન ટીકાઓનાં પાનાં ઝાલીને બેઠા હતા. તે સમે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, “આપણે તો એમને પુરુષોત્તમપણે પ્રતિપાદન કરીએ છીએ, પણ એ તો મૂળપુરુષ છે.” એમ એકાંતિક મોટા સાધુ આગળ શ્રીજીએ ઘણીક વાર્તા કરી છે. ॥૯૮॥

૯૯. અવતારના ભેદની વાત

અને શ્રીજીમહારાજ આગળ મોટા મોટા સાધુની સભા બેઠી હતી. મુક્તાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી ‘ભગવાનના અવતારમાં અંશ, કલા, પૂર્ણ એમ ન્યૂન-અધિક’ એ પ્રકરણની વાત કરતા હતા. તે સાંભળીને રામદાસજીભાઈ એમ બોલ્યા જે, “પાશેર, અધશેર, પોણોશેર, શેર એમ તમે ભગવાનના અવતારને જોખો છો.” ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, “ભાગવતમાં એમ કહ્યું છે જે, **‘एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम्।’**[1] તોય પણ તે ન માન્યા. ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, “એ આગળ માનશે, હમણાં નહિ માને.” ॥૯૯॥

૧૦૦. બદરિકાશ્રમમાં નરનારાયણ શ્રીહરિનું ધ્યાન કરે છે.

અને મહારાજે **શ્રીનગર**માં નરનારાયણ પધરાવીને તેમને પોતે સાષ્ટાંગ દંડવત કર્યા. તે સમે ત્યાં જે મોટા મોટા સાધુ, તે પ્રત્યે મહારાજ

૧.મહાન શક્તિશાળી એવા ઋષિઓ, પ્રજાપતિઓ એ સર્વે ભગવાનના અંશાવતાર, કલાવતાર કે વિભૂતિ અવતાર છે, પરંતુ શ્રીકૃષ્ણ તો સ્વયં ભગવાન છે.(ભાગ.૧/૩/૨૮)

એમ બોલ્યા જે, **"કોઈ ભરમાશો નહિ, એ તો અમે ઘણાક જીવોના સમાસને અર્થે પધરાવ્યા છે, પણ બદરિકાશ્રમમાં એ અમારું ધ્યાન કરે છે."** વળી ત્યાં કોઈક જને નરવીરની મૂર્તિને સભામાં શ્રીજીમહારાજના હાથમાં પ્રસાદી કરવા દીધી. ત્યારે **શ્રીજી હાથમાં મૂર્તિ લઈને ઊભા થઈને હાથ ઊંચો કરીને એમ બોલ્યા જે, "આ મૂર્તિનું બદરિકાશ્રમમાં ધ્યાન કરે છે."** તે સાંભળીને એકાંતિક સાધુ તો યથાર્થ સમજતા હતા, ને બીજા પોતાની સમજણ પ્રમાણે સમજતા હતા. ॥૧૦૦॥

૧૦૧. તાતા સાહેબને અક્ષર સુધીનાં ધામ દેખાડી દૃઢ નિશ્ચય કરાવ્યો.

અને કોઈક દક્ષિણ દેશના નિવાસી તાતા સાહેબ નામે ઉત્તમ મુમુક્ષુ હતા. તે પોતાના મોક્ષને સારુ તે દેશમાં પંઢરપુરને વિશે વિઠુબા રુક્મૈનાં દર્શન કરવા ગયા. ને ત્યાં તે દેવને આગળ એક પગે ઊભા રહ્યા. તે જોઈને પૂજારી બોલ્યો જે, "શા સારુ ઊભા છો ?" ત્યારે તે તાતા સાહેબ બોલ્યા જે, "વિઠુબા રુક્મૈ મારી સાથે બોલે ને ભેટે તે સારુ ઊભો છું." ત્યારે પૂજારી બોલ્યો જે, "નહિ બોલે." ત્યારે તાતા સાહેબ બોલ્યા જે, "અહલ્યાબાઈ સાથે કેમ બોલ્યા હતા ?" ત્યારે તે પૂજારી કહે, "એ તો મોરે સતયુગમાં બોલ્યા હતા, પણ હમણાંની વાત નહિ. માટે નહિ બોલે." ત્યારે તાતા સાહેબ બોલ્યા જે, "તે જ્યારે બોલે નહિ ત્યારે કલ્યાણ શું થાય ?" એમ કહીને ચાલી નીકળ્યા.

પછી તે દેશમાં કોઈક સત્સંગીને યોગે કરીને તાતા સાહેબને સત્સંગ થયો. ને પછી તે હરિજન સાથે દુર્ગપુરમાં મહારાજનાં દર્શન કરવા આવ્યા હતા. ને પછી સભામાં મહારાજનાં દર્શન કરીને એમ મનમાં થયું જે, 'આ તો કોઈક મંત્ર, તંત્ર, ઈન્દ્રજાળવિદ્યા આદિને જાણવાવાળા માયાવી છે. તે માયા દેખાડીને જનને વશ કરે છે. ત્યાં હું શું કરવા આવ્યો ?' એમ શોકાયમાન થઈને મુખ ગ્લાનિ પામી ગયું. તેને જોઈને શ્રીજીમહારાજ તેને સમાધિ કરાવી ને યથાર્થ રચના

સહિત બદરિકાશ્રમ તથા તન્નિવાસી[1] ઋષિઓ તથા સાષ્ટાંગ પ્રણતીપૂર્વક સવિનય સ્તુતિ સહિત પોતાની સત્કૃતિ કરતા એવા તદ્‌ધામાધિપતિ તેનાં દર્શન કરાવતા હતા, પણ કુતર્કે કરીને શોક ન ટળ્યો. ને એમ જાણ્યું જે આ બીજી રીતે માયા દેખાડી.

પછી તેને મહારાજ સમાધિમાંથી બહાર લાવ્યા, ત્યાં પણ તેમણે એમ જાણ્યું જે, આ બીજી રીતે માયા બતાવી. પછી પૂર્વની પેઠે શ્વેતદ્વીપ તથા વૈકુંઠ તેનાં દર્શન કરાવ્યાં, પણ કુતર્કે કરીને માયા જ જાણી. પછી તેને સમાધિથી બહાર લાવ્યા, ત્યાં પણ એમ જાણ્યું જે, "હું ક્યાં આંહીં ત્રણસેં ગાઉ આવ્યો ?" પછી યથાર્થ રચના સહિત વિરજા નદી તથા યથાર્થ રચના સહિત શતશૃંગ પર્વત તથા યથાર્થ રચના સહિત વૃંદાવન તથા યથાર્થ રચના સહિત ગોલોક તથા તન્નિવાસી અનેક મુક્ત તેનાં દર્શન કરાવ્યાં, અને સાષ્ટાંગ પ્રણામપૂર્વક સવિનય સ્તુતિ સહિત પોતાની સત્કૃતિ કરતા એવા તદ્‌ધામાધિપતિ તેનાં દર્શન કરાવ્યાં. ત્યારે તેણે કૃષ્ણજન્મખંડ[2] સાંભળ્યો હતો, તે પ્રમાણે જોઈને સત્ય મનાણું.

પછી શ્રીજી કહે, "ચાલો અમારું ધામ બતાવીએ." એમ કહીને આગળ ચાલ્યા અને અક્ષરધામમાં લઈ ગયા. પોતે સિંહાસન ઉપર વિરાજમાન થયા. ને અનેક કોટિ અક્ષરમુક્ત પોતાને પૂજે છે ને સ્તુતિ કરે છે, એવું દર્શન કરાવીને પોતાનો યથાર્થ નિશ્ચય કરાવ્યો. ॥૧૦૧॥

૧૦૨.નિત્યાનંદમુનિએ શ્રીહરિસ્વરૂપની વાર્તા કહી.

સંવત ૧૯૦૬ની સાલમાં શ્રીનરનારાયણ દેવની ગાદીના આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ બ્રહ્મચારી, સાધુ, હરિજન સહિત અમદાવાદમાં રામનવમીનો સમૈયો કરીને શ્રીવડતાલે પધાર્યા હતા. ને ત્યાં રાત્રીએ ગોપાળાનંદસ્વામીના દર્શને હું ગયો. ત્યારે ગોપાળાનંદસ્વામીએ ઉપાસનાની વાર્તા કરી. તે સાંભળીને મેં કહ્યું જે, "સ્વામી, તમે જેમ

૧.ત્યાનાં રહેવાસી૨.બ્રહ્મવૈવર્ત પુરાણ અંતર્ગત

વાર્તા કરો છો તેમ ક્યારેય નિત્યાનંદસ્વામી નથી કરતા." ત્યારે સ્વામી બોલ્યા જે, "નિત્યાનંદસ્વામી સમજે છે તો એમ, પણ કોઈની બુદ્ધિ નજરમાં નહિ, એમ જાણીને ન કહે."

પછી બીજે દિવસ સવારમાં નિત્યાનંદસ્વામી પોતાને ઉતારે ઢોલિયા ઉપર બેઠા હતા. ને પોતાની આગળ મહાનુભાવાનંદસ્વામી આદિક આ પક્ષના ઘણાક સાધુ તથા વરતાલ દેશના સાધુ, બ્રહ્મચારી, હરિજન એ સર્વે પૂજા કરી કરીને નોરાનોર પગે લાગવા સારુ ચાલ્યા. તે પગે લાગીને નિત્યાનંદસ્વામી પાસે બેઠા.

જ્ઞાનપ્રકાશાનંદસ્વામી ભાગવતના દશમસ્કંધના ઉત્તરાર્ધની શુકમુનિએ પ્રાકૃત ટીકા કરી છે, તેમાંથી ૮૯મા અધ્યાયના ૬૧મા શ્લોકની ટીકા ખરડામાં ઉતારીને લાવ્યા હતા. તેમણે સ્વામીને કહ્યું જે, "સ્વામી, શુકમુનિએ દશમ સ્કંધના ઉત્તરાર્ધમાં ૮૯મા અધ્યાયનો ૬૧મો શ્લોક છે, તેની ટીકા આમ લખી છે. તે બાધ ન આવે ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "કેમ લખી છે ? વાંચ." પછી જ્ઞાનપ્રકાશાનંદસ્વામીએ વાંચી. ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "જેમ શુકમુનિને સૂઝ્યું તેમ લખ્યું." ત્યારે જ્ઞાનપ્રકાશાનંદસ્વામી કહે, "બાધ ન આવે ?" ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "તમે બાધમાં સમજો તેટલુંયે શુકમુનિ નહિ સમજતા હોય ? ને તમે તો હમણાં બે અક્ષર ભણીને પંડિત થયા છો, પણ જે દિવસે એ વાતો થતી હતી, તે દિવસે તમે ક્યાં હતા ? ને બ્રહ્માનંદસ્વામીની પાટ હેઠળ પડ્યા પડ્યા ઊંઘતા હતા."

તે પછી નિત્યાનંદસ્વામી મહાનુભાવાનંદસ્વામી પ્રત્યે એમ બોલ્યા જે, "આપણે તો આપણને શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપની જેમ સમજવાની વાર્તા કરી છે તેમ સમજવું, પણ એ સમજણ ફરવા દેવી નહીં. ને જે લખ્યું છે, તે તો વાંસલ્યાને અર્થે છે, જેમ આંધળાને લાકડી હાથમાં આપે છે તેમ, પણ દેખતાને લાકડીનું કામ નહીં. ને આજની વાત જેમ છે, તેમ કહેવાય નહીં. ને આપણને કહેતાં પણ આવડતું નથી. ને કહેતાં તો વ્યાસજીને ને શુકજીને આવડે જે અતિ

મોટું કરીને કહે છે. ને જો કોઈને આ વાત જેમ છે, તેમ કહીએ તો તેના પેટમાં સમાય નહિ, ને બીજાને જીવ કરી નાખે છે ને વાનરાના ઘા જેવું કરે છે. એમ સમજીને બેસી રહ્યા છીએ ને કોઈને કહેતા નથી.

જેતલપુરમાં જ્યારે સંતદાસજી આવ્યા ત્યારે તે વાત સાંભળીને સાધુ સર્વે આવીને ચારેકોર બેઠા ને પૂછવા મંડ્યા જે, 'બદરિકાશ્રમમાં ઋષિ કેમ રહ્યા છે ? ને કેમ તપ કરે છે ? ને નરનારાયણ કેમ દર્શન આપે છે ? ને તે આશ્રમ કેવો છે ?'

તે સાંભળીને સંતદાસજી મંદમંદ હસતા હતા. ને એમ બોલ્યા જે, 'મહાપુરુષ ! ક્યા પૂછતા હો ? જેહી હે સો આંહીં હે, સો ક્યાંઈ નહિ હે. ત્યાં હે સો આંહીં કા ભજન કરતા હે.' એમ મર્મ કરીને કહ્યું. તેને કોઈક સમજતા હતા, પણ સર્વેને ન સમજાણું. ને આ વાત બહુ મોટી છે, જે આ જગતમાં સૌથી મોટા કવિ કે'વાય છે, તે સર્વેથી અતિ મોટા કરીને જેને ગાય છે, તેને તે મૂર્તિનાં દર્શન દુર્લભ છે." એમ નિત્યાનંદસ્વામીએ મર્મ કરીને શ્રીજીમહારાજના સ્વરૂપને જાણવાની વાર્તા કરી. ત્યારે રથકાર[૧] નારાયણજી બોલ્યા જે, "દેવરામભાઈને અંતકાળે મહારાજનાં દર્શન થયાં. ત્યારે તે એમ બોલ્યા જે, 'હે મહારાજ ! તમને આવા હું જાણતો નો'તો. ઓ..હો..હો.. ! આવા તમે છો !' એમ મહા અલૌકિક દર્શન થયું. તેને કહીને દેહ મૂક્યો."

એમ નિત્યાનંદસ્વામીએ વાત કરી. પછી હું ત્યાંથી ગોપાળાનંદ સ્વામીને દર્શને આવ્યો ત્યારે સ્વામીએ અંતર્યામીપણે મને કહ્યું જે, "કેમ નિત્યાનંદસ્વામીએ વાર્તા કહી કે નહિ ?" પછી મેં કહ્યું જે, "સ્વામીએ પણ યથાર્થ વાર્તા કહી." ॥૧૦૨॥

૧૦૩. ફણેણીના સુતાર ભક્તને શ્રીહરિનાં તેજોમય દર્શન

અને વડતાલમાં ગોપાળાનંદસ્વામીએ એમ વાર્તા કરી જે, "આંહીં મંદિર વાંસે ઓટા ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન હતા. ને તે ઓટાથી

૧.સુતાર

હેઠે સાધુ, હરિજનની સભા બેઠી હતી. ને ફણેણી ગામનો સુતાર હરિભક્ત શ્રીજીમહારાજનાં દર્શન કરે, તે મહારાજની મૂર્તિમાંથી તેજના કિરણ નીસરે. તે તેજમાં મંદિર તથા ધર્મશાળાઓ કાંઈ ન દેખાય. ને એકલું તેજ દેખાય. ને તે તેજના સમૂહમાં તેજોમય સિંહાસન જણાય. ને તે ઉપર અતિ તેજોમય શ્રીજીમહારાજ જણાય. ને ચારેકોર તેજોમય અનંતકોટિ મુક્તોની સભા જણાય. તે જોઈને તે ભક્ત 'ઓ..હો..હો..!' એમ વારંવાર બોલે. તે સાંભળીને શ્રીજીમહારાજ પોતાની તર્જની આંગળી પોતાની નાસિકાએ અડાડે ત્યારે તે ભક્ત છાનો રહી જાય. તેમ ઘણી વાર થયું. તેને સર્વે સભા સાંભળે ને શ્રીજીની આંગળીને દેખે, પણ યથાર્થ કોઈને ન સમજાય. પછી શ્રીજીમહારાજને તેડવા આવ્યા, તે ભેળે જમવા પધાર્યા."

ને તે સભામાં નારુપંતનાના બેઠા હતા. તેમણે ગોપાળાનંદસ્વામીને એમ કહ્યું જે, "ઓલ્યો હરિભક્ત બોલતો હતો, તે શું હતું ? એ કાંઈ સમજાણું નહીં." ત્યારે ગોપાળાનંદસ્વામીએ સાધુને કહ્યું જે, "હરિભક્તને બોલાવો." ત્યારે તે સાધુએ તેને બોલાવ્યો. તે ભક્ત આવ્યો ત્યારે તેને પૂછ્યું, ત્યારે તેણે પૂર્વે કહી તે વાર્તા સર્વે કહી દેખાડી. તે વાત ગોપાળસ્વામી પાસેથી સાંભળીને લખી છે. ॥૧૦૩॥

૧૦૪. રામપ્રતાપભાઈને સમાધિમાં ધામમાં મોકલી નિશ્ચય કરાવ્યો.

અને જ્યારે ગામ લોયામાં મહારાજ પાસે રામપ્રતાપભાઈ આવ્યા. ત્યારે તેમને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવવા સારુ મહારાજે મુક્તાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામીને વાતો કરવાની આજ્ઞા કરી. ત્યારે તેઓ વાતો કરે જે, "મહારાજ તો ભગવાન છે, તમારા ભાઈ નથી." ત્યારે તે રામપ્રતાપભાઈ એમ બોલ્યા જે, "સ્વામી, તુમ ઠીક કહતે હો, હમારે ઘરકી બાત હૈ તે હમ સબ જાનત હે." પણ મહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય થાય નહીં.

પછી મહારાજે તેમને સમાધિ કરાવી. તે પ્રથમ વૈકુંઠધામમાં ગયા. તે અતિ તેજોમય તે ધામ અને તેજોમય શોભાયમાન અનેક વિમાનને દેખ્યાં. ને તેજોમય મૂર્તિ વૈકુંઠનાથ ભગવાનને દેખ્યા. ને તે સન્મુખ આવીને, અતિ હેતે કરીને મળીને, અતિ સન્માન કરીને, પોતાના સિંહાસન ઉપર બેસાડીને પૂજીને, વંદના કરીને એમ કહ્યું જે, “તમે તો પુરુષોત્તમ નારાયણના ભાઈ છો, ને અમને દર્શન દીધાં તે મોટી દયા કરી.” એમ બોલ્યા.

ત્યારે રામપ્રતાપભાઈ એમ બોલ્યા જે, “મારે તો શ્રીજીમહારાજ પાસે જાવું છે.” ત્યારે તેમણે કહ્યું જે, “આ ગરુડ ઉપર બેસીને જાઓ.” એમ કહીને ગરુડ આપ્યો તે ઉપર બેઠા. ને તે ગરુડ અતિ વેગે કરીને ઊડ્યો, તે તેજોમય અક્ષરધામમાં પહોંચ્યો. અને પછી ગરુડથી ઊતરીને અક્ષરમાં પ્રવેશ કર્યો. તે તેજોમય છે મૂર્તિ જેમની એવા શ્રીજીભગવાનને દેખ્યા. ને તેજોમય એવા અનેક કોટી મુક્તોની સભા બેઠી છે. ને તે મુક્ત શ્રીજીને એકાગ્ર વૃત્તિએ કરીને જોઈ રહ્યા છે. તેને દેખ્યા. ને પોતાને તો કોઈએ બોલાવ્યો નહિ ને સામું પણ જોયું નહીં. તે જોઈને પછી ભક્તિમાતાને દેખ્યાં ને તેમના ઉપર ખીજીને બોલ્યા કે, “છોટકી, હમકું ક્યું નહિ બુલાતી હૈ ?” તે સાંભળીને શ્રીજીએ ભક્તિને એમ કહ્યું જે, “એ તો સંકર્ષણ છે, તે રીસ કરશે માટે બોલાવો.”

પછી ભક્તિએ બોલાવ્યા ને શ્રીજીએ આસન નંખાવ્યું તે ઉપર બેઠા. ને તે જોઈને શ્રીજીમહારાજનો યથાર્થ નિશ્ચય થયો. પછી શ્રીજીએ આજ્ઞા કરી એટલે પાછા ગરુડ ઉપર બેસીને આવ્યા. આ વાર્તા શ્રીમૂળીમાં રામપ્રતાપભાઈએ કહી હતી. ને એમ કહેતા હતા જે, “એ ગરુડકી કહાં પાંખ ચલે ! જે હૈસ હૈસ હૈસ ચલે તે એક ક્ષણમાં પહોંચ ગયે. ને એ આસનમાંથી એક નંગ ઉઠાઈ લાવું, તો અયોધ્યાપ્રસાદ ઔર રઘુવીર કી સમૃદ્ધિ કહાં ?” ॥૧૦૪॥

૧૦૫. શ્રીહરિનાં તજોમય કૃષ્ણરૂપે દર્શન થતાં ચારણ છકી ગયો.

અને કોઈક સમયને વિશે પ્રાતઃકાળે ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં ચોકમાં ઢોલિયા ઉપર રજાઈ ઓઢીને શ્રીજીમહારાજ વિરાજમાન હતા. તે સમે કોઈક પોઠવાળો ચારણ દર્શન કરવા આવ્યો. તે દરવાજામાં પેઠો કે તેજનો બંબ[1] જોઈને એમ બોલ્યો જે, "ઓ..હો..હો..હો.., બાવાની ગોદડીમાં તેજ માતું નથી ! આ તો રાધાનો વર બેઠો છે, તેને કેમ કોઈ જોતા નથી ?" ત્યારે સોમલા ખાચરને મહારાજે એમ કહ્યું જે, "એને ના પાડો જે બોલે નહીં." ત્યારે તેને તેમણે ના પાડી, પણ તે તો બોલ્યા કરતો હતો. ત્યારે શ્રીજીએ સોમલા ખાચરને એમ કહ્યું જે, "એને કાઢી મેલો." ત્યારે સોમલા ખાચરે એને કાઢી મેલ્યો. તે બજારમાં એમ બોલતો બોલતો જાતો હતો જે, "શું બેસી રહ્યા છો ? દાદા ખાચરના દરબારમાં રાધાનો વર બેઠો છે, તેનું તેજ માતું નથી. શું જોતા નથી ?" એમ કહેતો કહેતો ગયો. ॥૧૦૫॥

૧૦૬. દેવો ઉપર શ્રીજીનો રાજીપો ને કુરાજીપો તથા વ્યાપકાનંદસ્વામીની નિરાવરણ દષ્ટિ

અને કોઈક સમયમાં શ્રીજીમહારાજ મોટા મોટા સાધુને ભેળા લઈને ગામ **કારિયાણે** પધાર્યા. સાથે મોટી બાઈઓ તથા મૂળજીભાઈ પણ ભેળા હતા. મહારાજ કાઠીના દરબારમાં ઊતર્યા ને સાધુ ગામમાં બીજે ઠેકાણે ઊતર્યા. એક દિવસ સાંજ સમે મહારાજ સભામાં બેઠા હતા. તે ફરીને અવળા બેઠા ને કરનો તથા નેત્રનો લટકો બીજી રીતે કરે. ને એવી રીતે એક ઘડી લગી ચેષ્ટા કરી ને પછી સવળા થઈને બેઠા. પછી ગોડી, આરતી, ધૂન કરીને પછી ભગવદ્‌વાર્તાઓ કરીને ઉતારે પધાર્યા ને પછી પોઢ્યા. તે સમે મોટી બાઈઓએ એક

૧.સમૂહ

છોડીને પૂછવા મોકલી જે, “જો મહારાજની આજ્ઞા હોય તો અમે મહારાજ પાસે આવીએ ?” તેણે એમ પૂછ્યું ત્યારે મહારાજે હા પાડી. પછી તે આવીને ચારેકોર મહારાજ પાસે બેઠી. ને મહારાજ તે વખતે ભગવદ્‌વાર્તા કરતા હતા.

પછી રાજીપો જોઈને લાડુબા બોલ્યા જે, “આ સમે અમે તમ પાસે પૂછવા આવ્યા છીએ.” ત્યારે શ્રીજી કહે, “શું પૂછવું છે ?” ત્યારે તેમણે કહ્યું જે, “સાંજ વખત આપ સભામાં અવળા થઈને બેઠા ને કર-નેત્રની ચેષ્ટા કરતા હતા, એ તે શું હતું ? એ અમને કહો.” ત્યારે શ્રીજી કહે, “તમારે શું પ્રયોજન છે ?” એમ કહીને ન કહ્યું. પછી વળી મહારાજનો રાજીપો જોઈને પૂછ્યું પણ ન કહ્યું. પછી ત્રીજી વાર પૂછ્યું ત્યારે શ્રીજી બોલ્યા કે, “આંહીં અમે વિરાજીએ છીએ તે સર્વેને અમારાં દર્શન થાય છે, પણ બ્રહ્માંડાધિપતિ મોટા દેવને થાતાં નથી. તેથી દેવો નરનારાયણ પાસે ગયા ને તેમને એમ કહ્યું જે, ‘શ્રીપુરુષોત્તમનારાયણ આ બ્રહ્માંડમાં પધાર્યા છે, પણ અમને દર્શન થાતાં નથી માટે તમે કૃપા કરીને કરાવો તો થાય.’ પછી નરનારાયણ તે દેવને લઈને આવ્યા. તે તેમની મહોબતે કરીને અમે દેવને દર્શન દીધાં. તેમાં જેણે અમારી આજ્ઞા માની હતી, તે ઉપર રાજી થયા ને જેણે નો’તી માની તેને ઠપકો દીધો.” એમ વાર્તા કરી.

પછી તે બાઈઓ પોતાને ઉતારે ગઈ ને શ્રીજીમહારાજ પોઢી ગયા. ને મૂળજીભાઈ પણ તે ઓરડામાં સૂતા હતા, તે પણ સાંભળીને આશ્ચર્ય પામ્યા. ને તેમને મનમાં થયું જે, ‘આ વાર્તાને સમાધિનિષ્ઠ એવા જે વ્યાપકાનંદસ્વામી તે જાણતા હશે કે નહિ ?’ એમ વિચારીને સવારમાં ઊઠીને જ્યાં સાધુ નાહવા ગયા હતા, ત્યાં નદીમાં ગયા. ત્યાં તો વ્યાપકાનંદસ્વામી નાહીને બેઠા હતા, ને બીજા સાધુ ના’તા-ધોતા હતા. તે મૂળજીભાઈને જોઈને સ્વામી એમ બોલ્યા કે, “મૂળજી, આજ આંહીં ક્યું આયા ? નિત્ય તો ગામકે આરે નાહતા હૈ.”

પછી મૂળજીભાઈ કહે, “સ્વામી, તમને પૂછવા આવ્યો છું.” ત્યારે તેમણે કહ્યું જે, “ક્યા પૂછના હૈ ?” ત્યારે મૂળજીએ તેમને એમ પૂછ્યું જે, “કાલે સાંજે સભામાં મહારાજ અવળા થઈને બેઠા ને કર-નેત્રની ચેષ્ટા કરતા હતા, તે વાત સમજાણી નહીં.” પછી સ્વામી બોલ્યા જે, “બાઈઓકું અર્ધી રાતે મહારાજ વાર્તા કહેતા હતા, તે તુમ સૂતા સૂતા સુણતા હતા. ફિર ક્યું હમકું પૂછતા હૈ ?” પછી નાહીને ઉતારે આવ્યા ત્યારે મહારાજ દાતણ કરતા હતા. તે એમ બોલ્યા જે, “મૂળજી, કેમ ના’તાં વાર લાગી ? વ્યાપકાનંદસ્વામીને પૂછવા ગયો હતો કે શું ?” ॥૧૦૬॥

૧૦૭.પુરુષોત્તમ નારાયણની આ બ્રહ્માંડમાં પધાર્યાની રીત

અને શ્રીજીમહારાજ ગઢપુરને વિશે અક્ષરઓરડીમાં વિરાજમાન હતા ને આગળ મૂળજીભાઈ બેઠા હતા. તેમને મહારાજે એમ વાર્તા કરી જે, “અક્ષરધામના અધિપતિ શ્રીપુરુષોત્તમનારાયણ અવતારી તો અનેક કોટિ બ્રહ્માંડ છે, તેમાં પ્રતિબ્રહ્માંડમાં એક એક વાર પધારે છે. ને બીજા અનેક અવતાર પ્રતિબ્રહ્માંડમાં થયા કરે છે. તેને ભજીને તેમના તેમના ભક્ત તેમના તેમના ધામને પામે છે. ને જ્યારે પુરુષોત્તમ બ્રહ્માંડમાં પધારે છે, ત્યારે તેમના આશ્રયે કરીને તેમના ભક્ત જે તે અક્ષરધામને પામે છે, પણ અવતારના ભક્ત નથી પામતા. તેને તો પોતાના ઈષ્ટદેવ જે ધામમાંથી આવ્યા હોય તે ધામમાં લઈ જાય છે.”

પછી મૂળજીભાઈએ પૂછ્યું કે, “આજ પુરુષોત્તમ ભગવાન કઈ રીતે બ્રહ્માંડમાં પધાર્યા છે ? તે કહો.” પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા કે, “અક્ષરધામમાં અનેક અક્ષરમુક્તે વીંટાણા થકા વિરાજમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તે મુક્ત પ્રત્યે બોલ્યા જે, ‘ઘણાક કાળ થયા આ બ્રહ્માંડ સર્જાણું છે, પણ તેમાંથી કોઈ જીવ મુક્ત થઈને આ ધામમાં કેમ આવતા નથી ?’ ત્યારે મુક્ત એમ બોલ્યા જે, ‘હે મહારાજ, જ્યારે તમે બ્રહ્માંડમાં પધારો ત્યારે તમારે આશ્રયે કરીને

મુક્ત થઈને જીવ અત્રે આવે, પણ બીજા અવતારને ભજીને અત્રે ન અવાય.' ત્યારે ભગવાન એમ બોલ્યા જે, 'અમે જાઈએ ત્યારે તમારે પણ આવવું પડશે.'

ત્યારે તે મુક્તોએ કહ્યું જે, 'તમે પધારશો ત્યારે અમારી શી અપેક્ષા રહેશે ?' ત્યારે પ્રભુ બોલ્યા જે, 'અમે જાઈએ તોપણ તમારી અપેક્ષા તો રહે. કેમ જે, અનાદિકાળથી જીવ માયામાં બદ્ધ છે. તેને માયા ત્યાગ કરવી તે અતિ કઠણ છે. તે તો તમે મનુષ્ય જેવા થઈને એકાંતિક ધર્મ પાળશો, તેને જોઈને તમારે યોગે કરીને જે મુમુક્ષુ જીવ તથા સંસ્કારી જીવ તથા દૈવી જીવ હશે તે મોક્ષને માર્ગે ચાલશે. કેની પેઠે ? તો જેમ એક છોકરું સાંકડી ગુફામાં પેસી ગયું, તેના માબાપે ઘણું બોલાવ્યું પણ આવ્યું નહીં. પછી તેનાં માબાપે ગામનાં છોકરાં ભેગાં કરીને તે ગુફાને મોઢે રમાડવા માંડ્યાં. તેને જોઈને તે છોકરું ગુફામાંથી બહાર નીસરીને તે છોકરાં ભેળું રમવા મંડ્યું. ત્યારે તેનાં મા-બાપે ઉપાડી લીધું. તેમ તમે એકાંતિક ધર્મ પાળો, તેને જોઈને તે પણ એકાંતિક ધર્મને પાળે. પછી માયા તરી અક્ષરધામમાં આવે. માટે તમો ભેળા આવજો.'

એમ વિચાર કરીને અક્ષરના મુક્તને ભેળા લઈને આજ ભગવાન આવ્યા છે. ત્યારે વળી મૂળજીભાઈએ પૂછ્યું જે, "અક્ષરના મુક્ત આંહીં આવ્યા હોય તે કેમ કળાય ?" ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "સર્વેને તો ખબર ન પડે, પણ જેની એકાંતિક ધર્મને વિશે બુદ્ધિ પ્રવર્તિ હોય તે જાણે જે, આ અક્ષરમુક્ત છે." ત્યારે વળી તેમણે પૂછ્યું જે, "હે મહારાજ, તમે કહો તો ખબર પડે." પછી શ્રીજી એમ બોલ્યા જે, "છે તો ઘણા પણ એક એક કે'શું." એમ કહીને કહ્યું, "આ મૂળજી બ્રહ્મચારી અક્ષરમુક્ત છે, ને મુક્તાનંદસ્વામી અક્ષરમુક્ત છે, ને પર્વતભાઈ અક્ષરમુક્ત છે, ને રાજબાઈ અક્ષરમુક્ત છે." એમ શ્રીજીમહારાજે વાર્તા કરી. ॥૧૦૭॥

૧૦૮. ભૂમાપુરુષ દ્વારા વ્યાપકાનંદસ્વામીનો આદર સત્કાર

અને કોઈક સમયે શ્રીજીમહારાજે વ્યાપકાનંદસ્વામીને ભૂમાપુરુષ પાસે મોકલ્યા. ત્યારે સાત દ્વીપ ને સાત સમુદ્ર, સુવર્ણની ભૂમિ ને લોકાલોક પર્વત ને અંધકારનું ઉલ્લંઘન કરીને ગર્ભોદક જળમાં ભૂમાપુરુષના અવ્યાકૃત ધામને પામ્યા. ત્યારે તેમને જોઈને તે ભૂમાપુરુષ એમ બોલ્યા જે, "શ્રીપુરુષોત્તમ આ બ્રહ્માંડમાં પધાર્યા ?" ત્યારે તેમણે કહ્યું જે, "હા, પધાર્યા. અને મને તમારી પાસે ખબર કાઢવા સારુ મેલ્યો છે."

તે વાત સાંભળીને ભૂમાપુરુષ બહુ રાજી થઈને એમ બોલ્યા જે, "મને શ્રીજીમહારાજે આ બ્રહ્માંડમાં જાવાની આજ્ઞા કરી હતી, ત્યારે એમ કહ્યું હતું જે, 'તમારા બ્રહ્માંડમાં અમે એકવાર આવશું. તે વચન મહારાજે સત્ય કર્યું." એમ કહીને તેમને અતિ હેતે કરીને મળ્યા. ને તેમને સિંહાસન ઉપર બેસાડીને પૂજા કરી. ને તે ભૂમાપુરુષ શ્રીજીમહારાજનાં દર્શને આવ્યા. ॥૧૦૮॥

૧૦૯. શ્રીજીમહારાજે ગોપાળાનંદસ્વામીની મોટાઈ કહી.

અને શ્રીજીમહારાજ પોતાને દેહ મૂકવા આડા પાંચ દિવસ રહ્યા ત્યારે અર્ધી રાત્રી સમે એમ બોલ્યા જે, "અમ પાસે કોણ છે ?" ત્યારે એમ કહ્યું જે, "મૂળજી બ્રહ્મચારી તથા શુકમુનિ તથા રતનજીભાઈ એ ત્રણે છીએ." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "એક મુક્તાનંદસ્વામીને બોલાવી લાવો, પણ બીજા કોઈને ભેળો લાવશો નહીં."

પછી રતનજીભાઈ મુક્તાનંદસ્વામીને બોલાવી લાવ્યા, ને તે આવીને મહારાજ પાસે બેઠા. ત્યારે તેમને મહારાજે કહ્યું કે, "તમારે અમારો વિશ્વાસ છે ?" ત્યારે તેમણે કહ્યું કે, "અમારે તો તમારો સંપૂર્ણ વિશ્વાસ છે." પછી શ્રીજીમહારાજે એમ કહ્યું કે, **"ગોપાળાનંદસ્વામીની આજ્ઞામાં સર્વે રહેજો. તે અક્ષરધામમાં પણ સર્વેને વર્તાવે છે, ને જે મૂળઅક્ષર છે, તે જ એ સ્વયં છે."**

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! એ તો બહુ મોટા છે, ને આટલા દિવસ આ વાત અમને કેમ ન કહી ?" પછી શ્રીજી બોલ્યા કે, "આટલા દિવસ ન કહી, તે તો કેટલાક જૂનાને ઠીક ન પડે તે સારુ ન કહ્યું, પણ આજથી એમની આજ્ઞામાં રહેજો." પછી મુક્તાનંદસ્વામી એમ બોલ્યા કે, "હે મહારાજ, અમે એમની આજ્ઞામાં સદા નિશ્ચે વર્તશું." એમ કહીને વંદન કર્યું. ને શ્રીજીમહારાજે આજ્ઞા કરી એટલે સ્વામી પોતાના આસને પધાર્યા. ॥૧૦૯॥

૧૧૦. વ્યાપકાનંદસ્વામીને શ્રીજીએ દૃઢ નિશ્ચય કરાવ્યો.

અને અંતર્વેદ જે ગંગા-યમુનાનો વચલો દેશ તેના બે કનોજિયા બ્રાહ્મણ હતા. તે પોતાને ઘેર ટંટો થયો ને ત્યાંથી ચાલી નીસર્યા, તે રામાનંદસ્વામી પાસે આવ્યા. તે તેમને ભગવાન જાણીને તેમની પાસે રહ્યા. ને પછી શ્રીજીમહારાજ સત્સંગમાં આવ્યા ને રામાનંદસ્વામી જ્યારે અંતર્ધાન થયા, પછી તે બન્ને જે વ્યાપકાનંદસ્વામી ને સ્વરૂપાનંદસ્વામી તે પાછા પોતાના દેશમાં જાવા તૈયાર થયા ને કહ્યું કે, 'જે ભગવાન હતા, તે તો સ્વધામ ગયા, હવે આપણે ચાલ્યા જાઈએ.' પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "ભગવાન સત્સંગમાં છે, ગયા નથી. ને તમને દર્શન દેશે માટે રહો." એમ કહીને તેમને રાખ્યા.

પછી શ્રીજીએ સમાધિનું પ્રકરણ કર્યું, ને બહુ જનને પોતાનો નિશ્ચય કરાવ્યો, પણ વ્યાપકાનંદસ્વામીને નિશ્ચય ન થાય. પછી શ્રીજીએ તેમને સમાધિ કરાવીને ચોવીસ અવતાર તથા રામાનંદસ્વામી તથા પોતાનું દર્શન કરાવ્યું. ને તેમને એમ કહ્યું કે, "એ તમે એટલાં રૂપ કરીને આ સર્વની પૂજા કરો ને તેમને મળો."

પછી તેમણે એમ કહ્યું જે, "એટલા રૂપે કેમ થવાય ?" ત્યારે શ્રીજીએ એમ કહ્યું જે, "એ અવતારનાં પૃથક પૃથક નામ લઈને એમ કહો જે, એ સર્વે અવતારના અવતારી હોય તો હું એટલે રૂપે થાઉં." પછી એમણે એમ કહ્યું પણ એટલે રૂપે ન થવાણું.

પછી શ્રીજી કહે, "અમારું નામ લઈને એમ કહો જે, જો આ મહારાજ સર્વે અવતારના કારણ અવતારી હોય તો મારાં એટલાં રૂપ થાય." ત્યારે તેમણે એમ કહ્યું કે તત્કાળ એટલા રૂપે થયા. ને એક કાળે સર્વેની પૂજા કરીને એ સર્વેને મળ્યા. તે પોતાને વિષે સર્વે લીન થયા ને રામાનંદસ્વામી પણ લીન થયા. ને શ્રીજીને વિશે પોતે વ્યાપકાનંદસ્વામી લીન થયા. પછી સર્વોત્તમ શ્રીજીમહારાજનો તેમને નિશ્ચય થયો. ॥૧૧૦॥

૧૧૧. પર્વતભાઈને અવતારો શ્રીજીમાં લીન થતા દેખાણા.

અને પર્વતભાઈને એમ વિચાર થયો કે, ચોવીસ અવતારનાં સ્વરૂપ કેવાં હશે ? ત્યારે ચોવીસ મૂર્તિઓ પૃથક્ પૃથક્ દેખાણી ને શ્રીજીમહારાજને તો સદાય દેખતા હતા. ને પછી એમ વિચાર થયો જે **સર્વે અવતારના કારણ અવતારી જે હોય તેમાં આ સર્વે સ્વરૂપ લીન થાઓ. ત્યારે શ્રીજીમહારાજને વિશે સર્વે સ્વરૂપ લીન થયાં.** ને મહારાજ તો અખંડ એમને દેખાતા હતા. ॥૧૧૧॥

૧૧૨. સંતદાસજીએ દલુજીને મહારાજનો મહિમા કહ્યો.

અને જ્યારે ઉત્તર દેશમાં રાજા દલુજી પાસે સંતદાસજી ગયા હતા ત્યારે દલુજીએ પૂછ્યું કે, "શ્રીજીમહારાજનો અવતાર કેવો જાણવો ?" ત્યારે સંતદાસજીએ કહ્યું કે, **"આ અવતાર નહીં, આ શ્રીજીમહારાજ તો અક્ષરાધિપતિ સર્વે અવતારના અવતારી સ્વયં શ્રીપુરુષોત્તમ નારાયણ છે."** ॥૧૧૨॥

૧૧૩. પરશુરામજી શ્રીહરિનાં દર્શને આવ્યા.

અને શ્રીજીમહારાજ **શ્રીનગર**માં શ્રીનરનારાયણ પધરાવવા સારુ ગયા હતા, ને કાંકરિયા સરના દક્ષિણ તટે ઊતર્યા હતા. ને સભાના મંચ ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન હતા. તે સમે પરશુરામજી મહારાજને

દર્શને આવ્યા. તેને મહારાજ જોઈ રહ્યા. ત્યારે ભક્તજને શ્રીજીમહારાજને એમ પૂછ્યું કે, "હે મહારાજ, કેને જોઈ રહ્યા છો ?" ત્યારે શ્રીજી કહે, "અમારે દર્શને પરશુરામ આવ્યા છે, તેમને જોઈએ છીએ." ॥૧૧૩॥

૧૧૪. પઠાણે સમાધિમાં મુક્તો તથા રામાનંદસ્વામીને શ્રીહરિની સેવામાં જોયા.

અને ગામ **પિપલાણા**માં શ્રીજીમહારાજને રામાનંદસ્વામી પ્રથમ ભેળા થયા. ને ત્યાં કોઈ એક દિવસે સભામાં રામાનંદસ્વામી ઢોલિયા ઉપર બેઠા હતા. ને શ્રીજીમહારાજ તથા સાધુ-હરિજન આગળ બેઠા હતા. તે સમે કોઈક મુસલમાન જમાદાર આવીને વંદના કરીને સભામાં બેઠો. તેને ભગવદ્વાર્તા કરવાની રામાનંદસ્વામીએ શ્રીજીમહારાજને આજ્ઞા કરી. ત્યારે તેને શ્રીજીએ ઘણી વાર લગી વાર્તા કરી. ત્યારે તેને સમાધિ થઈ ને તે અક્ષરધામમાં ગયો. તે તેજોમય એ ધામ ને તેમાં તેજોમય સિંહાસન ને તે ઉપર અતિ તેજોમય મૂર્તિ શ્રીજીમહારાજને જોઈને તથા ચારે બાજુ અનેક કોટિ તેજોમય મુક્તને જોઈને આગળ હાથ જોડીને ઊભા જે રામાનંદસ્વામી તેને દેખતો હતો. ને એ સર્વેને દેખી અતિ રાજી થયો.

ને પછી સમાધિમાંથી ઊઠીને શ્રીજીમહારાજને વારંવાર વંદના કરીને પછી રામાનંદસ્વામી પ્રત્યે હાથ જોડીને બોલ્યો જે, "હે મહારાજ ! ધામમાં તો એહી ભગવાન હે, ને તુમ તો હાથ જોડીને એહી આગે ખડા હો. ને આંહીં તો ઊંચા આસન ઉપર બેઠે હો, એસો અન્યાય ક્યું હે ?"

ત્યારે રામાનંદસ્વામી બોલ્યા કે, "ભગવાન તો એહી હે, પણ હમકું ગુરુ માન્યા હે. એટલે ઈનકી આજ્ઞા કરકે હમ બેઠા હૈ. જો રામચંદ્રજી ભગવાન થા, વસિષ્ઠ ઋષિ થા; પણ ઉનકું ગુરુ માન્યા થા. તે જબ વસિષ્ઠ આવે તબ રામચંદ્રજી નીચે બૈઠે ને ગાદી ઉપર વસિષ્ઠકું બેઠાડે, તૈસે હમ બૈઠે હે." ત્યારે તે બોલ્યો જે, "તબ તો ઠીક હૈ." ॥૧૧૪॥

૧૧૫. રજપૂતને તેનો આત્મા તથા અક્ષરધામ દેખાડચાં.

અને સોરઠ દેશમાં કોઈક ગામમાં શ્રીજીમહારાજ ચોરામાં ઊતર્યા હતા. ને ભેળા થોડાક સાધુ-પાળા હતા. ને તે ગામના પટેલને મહારાજે કહ્યું જે, "અમારી ચોકી કરવા મનુષ્ય મોકલજો." ત્યારે તેણે રજપૂત મોકલ્યા. તેમાં એક રજપૂત મહારાજ પાસે બેઠો ને એમ બોલ્યો જે, "તમે ભગવાન કહેવાઓ છો, તો તમે મને મારો આત્મા દેખાડો તો તમે ભગવાન ખરા."

ત્યારે શ્રીજીએ કહ્યું કે, "તું મારી સામે જો." ત્યારે તેણે મહારાજ સામું જોયું એટલે તત્કાળ સમાધિ થઈ ને પોતાનો આત્મા તેજોમય ને સુખરૂપ દેખ્યો ને અતિ રાજી થયો. ને પાછો દેહમાં આવ્યો ને એમ બોલ્યો કે, "હે મહારાજ ! આ તો તમે મને મારો આત્મા દેખાડ્યો તે તો બહુ સારું કર્યું, પણ જ્યારે તમે તમારું ધામ મને દેખાડો તો બહુ સારું."

ત્યારે મહારાજ કહે, "મારા સામું જો." ત્યારે તેણે મહારાજ સામું જોયું, ત્યારે તત્કાળ સમાધિ થઈ ને અષ્ટ આવરણ થકી પર ને તેજોમય જે અક્ષરધામ તેને દેખ્યું. ને તેને વિશે તેજોમય સિંહાસન, ને તે ઉપર તેજોમય છે મૂર્તિ જેની એવા જે શ્રીજીમહારાજ ને તેને ચારેકોર અનેક કોટિ તેજોમય મુક્તોની સભા દેખાતી હતી. એ જોઈ અતિ આશ્ચર્ય પામીને એમ બોલ્યો જે, "આ સભા તે કેવડી હશે !" ત્યારે શ્રીજીએ કહ્યું કે, "તું દોડીને જોઈ આવ." ત્યારે તે તો ઘણો દોડ્યો, પણ તે સભાનો પાર ન આવ્યો. પછી સમાધિથી બહાર આવીને શ્રીજીમહારાજને શ્રીપુરુષોત્તમનારાયણ જાણીને દૃઢ આશ્રિત થઈને શ્રીજીમહારાજને અનન્યપણે કરીને ભજવા લાગ્યો. ॥૧૧૫॥

૧૧૬. નાજા જોગિયાને શ્રીહરિસ્વરૂપમાં ચૌદ લોકનું દર્શન

અને કોઈક દિવસ શ્રીજીમહારાજ **કારિયાણી**માં સભામાં વિરાજમાન હતા. ને આગળ પ્રાગજી દવે ગીતાની કથા કરતા હતા. તેમાં એમ

વાત આવી જે, "શ્રીકૃષ્ણ અર્જુનને વિશ્વરૂપ દેખાડતા હતા." તે વાત સાંભળીને નાજા જોગિયાના મનમાં એમ થયું જે, એ રૂપ કેવું હશે ? ત્યારે એમને શ્રીજીએ સમાધિ કરાવી તે મહારાજે પોતાના સ્વરૂપમાં ચૌદ લોક દેખાડ્યા. તે કેવી રીતે જે, મહારાજે એવું સ્વરૂપ વધાર્યું જે કટિથી હેઠે હેઠલા સાત લોક દેખાયા અને કટિ થકી ઊર્ધ્વ સાત લોક દેખાણા. ને પોતાને હાથે ઝાલીને અદ્ધર ઊંચો આકાશમાં ચઢાવી દીધો. એમ દેખીને ચીસ પાડવા માંડી જે, "હે મહારાજ, હું પડીશ, હું પડીશ." તે સાંભળીને માંચોભક્ત એમ બોલ્યા જે, "ભણે બરક મા, બરક મા. નહિ પડતો મેલે." એવી રીતે વિશ્વરૂપ દેખીને સમાધિ થકી બાહેર દેહમાં આવીને આ વાત કહી. ॥૧૧૬॥

૧૧૭. શ્રીહરિની માર્મિક વાત

અને શ્રીજીમહારાજને કોઈક જને પ્રશ્ન પૂછ્યો જે, "તમે તુલસી કેમ ચઢાવો છો ?" ત્યારે તેને શ્રીજીએ એમ કહ્યું જે, "શ્રીકૃષ્ણે એમ કહ્યું છે કે, '**ज्ञानी त्वात्मैव मे मतम्।**'[૧] માટે દેહને ચડે ત્યારે આત્માને કેમ ન ચડે ?" એમ મર્મે કરીને ઉત્તર કર્યો. ॥૧૧૭॥

૧૧૮. શાંતિનો હેતુ પૂછતા મુક્તમુનિને સ્વચરિત્ર કહ્યાં.

અને ક્યારેક શ્રીજીમહારાજને મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! શાંતિ શેણે કરીને થાય ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે એમ વિચાર કર્યો જે, અમો મનુષ્યભાવ ગ્રહણ કરીને અનેક જીવનાં કલ્યાણ કરીએ, એમ ધારીને છપૈયામાં ધર્મભક્તિ થકી પ્રગટ થયા. ને અનેક આશ્ચર્યકારી બાલચરિત્ર કર્યાં ને યજ્ઞોપવિત પામ્યા. ને ધર્મભક્તિને દિવ્ય ગતિ પમાડીને ધાર્યું કે, સ્થાવર-જંગમ અનેક જીવનો ઉદ્ધાર કરીએ. એવો સંકલ્પ કરીને ઘર મેલીને ચાલ્યા. તે વનમાં ને તીર્થમાં ફરતાં ફરતાં શ્રીલોજપુરમાં તમારી પાસે આવ્યા.

૧.જ્ઞાની તો મારો આત્મા-પ્રાણપ્રિય છે; એમ મારો મત છે.(ગીતા. ૭/૧૮)

ને રામાનંદ સ્વામી મળ્યા. ને તે સ્વામી અંતર્ધાન થયા. પછી અમે એવો ઘાટ કર્યો જે, 'જે અમારું દર્શન કરે કે અમારો આશ્રય કરે કે અમારો ગુણ ગ્રહણ કરે કે અમારા નામનું ઉચ્ચારણ કરે, કે અમારા સાધુનાં દર્શન કરે કે તેનો ગુણ ગ્રહણ કરે કે અમને વંદના કરે કે અમારા સાધુને વંદના કરે કે અન્ન, જળ, પત્ર, પુષ્પ, ફળ, વસ્ત્ર, દૂધ-દહીં, ઘૃત, ગોળ, પાત્ર, સ્થાન, કાષ્ઠ ઈત્યાદિક અનેક પદાર્થે કરીને અમારી કે અમારા સાધુની જે સેવા કરે તે સર્વેનું કલ્યાણ કરવું છે.'

એવો મનસૂબો કરીને અનેક યજ્ઞ કર્યા અને અનેક ઉત્સવ કર્યા. ને અનેક દેશમાં અને અનેક ગામોમાં ફર્યા, ને અનેક લીલાઓ કરી છે. ને અનેક જનોએ કરેલી જે સેવાઓ તે અમે અંગીકાર કરીએ છીએ." એમ બહુ વાત કરી પણ મુક્તાનંદસ્વામીના મનમાં એમ થયું કે, મેં પ્રશ્ન પૂછ્યો હતો એનો ઉત્તર ન કર્યો ને મહારાજે બીજી વાર્તા કહી.

પછી ઘણાક દિવસ કેડે કોઈક દહાડે વડતાલની સભામાં મહારાજને મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, "હે મહારાજ ! શાંતિ શેણે થાય ?" ત્યારે શ્રીજી બોલ્યા જે, "તે દિવસે ઉત્તર કર્યો હતો ને ફેર કેમ પૂછો છો ?" ત્યારે મુક્તાનંદસ્વામીએ જાણ્યું જે, **માહાત્મ્ય સમજીને ભગવાનનાં ચરિત્ર ગાવાં, સાંભળવાં ને સંભારવાં એ જ શાંતિ થયાનું કારણ છે.** ॥૧૧૮॥

૧૧૯. શોભારામ શાસ્ત્રીની સ્ત્રીને હરિમૂર્તિમાંથી તેજ નીકળતું દેખાયું.

અને કોઈક સમયમાં વડતાલને વિશે સમૈયામાં શોભારામ શાસ્ત્રીએ પોતાને ઉતારે શ્રીજીમહારાજ સારુ થાળ કરીને ત્યાં મહારાજને પધરાવ્યા. ને થાળ જમ્યા પછી શાસ્ત્રીએ શ્રીજીમહારાજની ચંદન, પુષ્પના હાર, કુંકુમ, ચંદ્રક[1] તથા અક્ષત આદિક ઉપચારે કરીને મહારાજની પૂજા કરી.

૧.કપૂર

પછી તેમની સ્ત્રી ચંદન ચર્ચીને કુંકુમ-ચંદ્રક કરવા સારુ હાથમાં કુંકુમ લઈને ચાંલ્લો કરવા જાય ત્યાં તો મહારાજની મૂર્તિમાંથી તેજ દેખાણું. તેણે કરીને તેનાં નેત્ર અંજાઈ ગયાં, તે હાથમાં કુંકુમ લઈને ઊભી થઈ રહી. તે જોઈને શાસ્ત્રી એમ બોલ્યા જે, “ચાંદલો કરને, કેમ ઊભી થઈ રહી છું ?” ત્યારે તેણે એમ કહ્યું કે, “હું ક્યાં ચાંદલો કરું ? તેજમાં આંખ્યો અંજાઈ ગઈ છે, તે કાંઈ દેખતી નથી.” ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, “ચાંદલો કરો.” ત્યારે શ્રીજીની મૂર્તિ દેખાણી ને તેણે ચાંદલો કર્યો. તેમ મનુષ્ય જેવા જણાય છે, પણ અક્ષરમાં જેવા છે તેવા ને તેવા જ છે. ॥૧૧૯॥

૧૨૦. ડભાણ-યજ્ઞમાં વિપ્ર સૂર્યરામને ચતુર્ભુજરૂપે દર્શન દીધું.

મહારાજે **ડભાણ**ના યજ્ઞમાં ગામ નડિયાદના વિપ્ર સૂર્યરામને બ્રહ્મા સ્થાપન કર્યા હતા.[૧] તેને મહારાજે પોતાનું અતિ તેજોમય ને શંખ, ચક્ર, ગદા, પદ્મને ધારીને ચતુર્ભુજ સ્વરૂપે દર્શન દીધું. તે જોઈને તેણે મહાનુભાવાનંદસ્વામીને પૂછ્યું જે, “મહારાજ, ચતુર્ભુજ છે ?” ત્યારે મહાનુભાવાનંદસ્વામી બોલ્યા કે, “ના ભાઈ, અમને તો દ્વિભુજ દર્શન થાય છે.” એમ તેને અલૌકિક દર્શન દીધું. ॥૧૨૦॥

૧૨૧. બુરાનપુરના ભક્તને ધામમાં શ્રીહરિદર્શન અને મુક્તો દ્વારા નિશ્ચય થયો.

ગામ **બુરાનપુર**નો એક હરિજન પોતાના મનમાં એમ ઠેરાવ કરીને મહારાજને દર્શને ગઢડે આવ્યો જે, મારે બે મહિના મહારાજ પાસે રહેવું છે. પછી તેણે મહારાજનાં દર્શન કર્યાં. તે સમયે મહારાજ દાદા ખાચરના દરબારમાં વતું કરાવતા હતા, ને વતુ કરાવીને નાહ્યા વિના ત્યાં જમવા બેઠા. તે જોઈને તે હરિજનના મનમાં એમ થયું જે, આંહીં

૧.યજ્ઞના નિરીક્ષક-સુપરવાઈઝર તરીકે નીમ્યા હતા.

હું ક્યાં આવ્યો ? એમ વિચારીને બીજે દિવસ સવારમાં ચાલવા તૈયાર થયો. ત્યારે મહારાજ બોલ્યા જે, "ભક્ત, તમે બે મહિના રહેવાનો ઠેરાવ કરીને આવ્યા છો ને કેમ આજ ચાલવા તૈયાર થયા ?" ત્યારે તે બોલ્યો જે, "મહારાજ, અમે તો સંસારી, તે અમારે અનેક કામ હોય, તે માટે હું તો જાઈશ."

પછી મહારાજ બોલ્યા જે, "બે ઘડી બેસો." એમ કહીને તેને સમાધિ કરાવી ને સમાધિમાં પોતે આગળ ચાલ્યા ને વાંસે તે ભક્ત ચાલ્યો. તે માર્ગમાં ગોલોકાદિક ધામ દેખાડ્યાં. તે પછી એમ બોલ્યા જે, "ચાલો અમારું ધામ તમને દેખાડીએ." એમ કહીને અક્ષરધામમાં લઈ ગયા. ને પોતે દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન થયા અને તે ભક્ત પણ ત્યાં બેઠો. પછી તે પ્રત્યે અક્ષરમુક્ત બોલ્યા જે, "જુઓ ભક્ત, ભગવાન મનુષ્ય જેવા જણાતા હોય પણ એ તો સદા દિવ્ય છે, ને એમની સર્વે ક્રિયાઓ પણ દિવ્ય છે. એમ આપણે ભગવાનને સમજવા." પછી તેનો સંશય નાશ પામી ગયો. એટલે તે બે મહિના રહ્યો. તે સત્સંગીજીવનમાં પણ કહ્યું છે કે, '**दिव्यं कृष्णस्य रूपं भवति च सततं तस्य लोकोऽपि दिव्यो...**'[૧] ॥૧૨૧॥

૧૨૨. અલૈયા ખાચરને તેમના દાદા ધામમાં ગયાની એંધાણી મળી.

અને કોઈક દિવસ શ્રીજીમહારાજ ગામ **ઝીંઝાવદર**માં તળાવની પાળે પીપરના વૃક્ષ હેઠે વિરાજમાન હતા. ને આગળ અલૈયો ખાચર તથા સોમલો ખાચર તથા સુરો ખાચર તથા નાજો જોગિયો તથા મૂળજી શેઠ તથા બીજો થોડાક હરિજન બેઠા હતા.

તે સમે અલૈયો ખાચર એમ બોલ્યા જે, "જેના કુળમાં એક ભક્ત થાય તેના ઈકોતેર પરિયા[૨] ઉદ્ધરે છે, એમ કે'વાય છે. તે અમારા કુળનો ઉદ્ધાર થાશે ?" ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "તમારા

૧.શ્રીહરિનું સ્વરૂપ તથા તેમનું ધામ સદા દિવ્ય છે.(સ.જી.૩/૨૯/૧૪૩) ૨.પેઢી

જેવા ભક્તનું કુળ ઉદ્ધરે, એમાં તે શું કે'વું !" ત્યારે તેમણે એમ કહ્યું જે, "મારા બાપનો બાપ તો બહુ પાપી હતો. તેનો ઉદ્ધાર થયો હશે ?" ત્યારે શ્રીજી કહે, "તેનું તમારે પારખું કરવું છે ?" ત્યારે તેમણે એમ કહ્યું જે, "કાંઈક એંધાણી દ્યો તો ઠીક."

પછી શ્રીજીમહારાજે એક ભક્તને તે સમે સમાધિ કરાવીને ધામમાં મોકલ્યો. ત્યાં અલૈયા ખાચરના કુળના કેટલાકને દીઠા ને તેમના પિતામહ પણ દીઠા. તેણે એમ કહ્યું જે, "અલૈયાને એમ કહેજો કે, 'હું ધામમાં ગયો છું, ને તળાવની પાળે પીપર છે, તેની ઉત્તર દિશાએ નવ હાથ છેટે નવસો રૂપિયાની વટલોઈ[૧] મેં દાટી છે તે કાઢી લેજો, એ એંધાણી છે." એમ કહ્યું.

પછી એ ભક્તે સમાધિમાંથી દેહમાં આવીને આ વાત કહી. પછી કોસ મંગાવીને વટલોઈ કાઢી લીધી, ને રૂપિયા ગણ્યા તે નવસે થયા, ને તે રૂપિયા કટાયેલા હતા. ને પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "તમારે બે લાભ થયા જે કુળનો ઉદ્ધાર થયો ને રૂપિયા આવ્યા." ॥૧૨૨॥

૧૨૩. પરશુરામે શ્રીહરિ માટે સાધુ સાથે રતાંજલીનો હાર મોકલાવ્યો.

અને કોઈક દિવસ શ્રીજીમહારાજના સાધુ **બુરાનપુર**થી આવતા હતા. તે ઝાડીમાં એક પુરુષ બેઠો હતો. તે ચાર-પાંચ પુરુષ જેટલો પુષ્ટ, ઊંચો ને ગૌરવર્ણ હતો. તેને જોઈને સાધુઓ પાસે ગયા, ને તેને નમસ્કાર કર્યા. ત્યારે તે પુરુષ સાધુને રતાંજલીનો હાર આપીને એમ બોલ્યા જે, "મહારાજને આ હાર પહેરાવજો ને મારા સાષ્ટાંગ પ્રણામ કહેજો." ત્યારે તે સાધુએ એ પુરુષને એમ પૂછ્યું જે, "તમારું નામ શું છે ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "મારું નામ મહારાજ જાણે છે." પછી સાધુ મહારાજ પાસે આવ્યા ને એ હાર મહારાજને પે'રાવ્યો ને દંડવત કર્યા. ત્યારે શ્રીજીએ એમ કહ્યું જે, "એ પરશુરામ હતા." ॥૧૨૩॥

૧.તાંબડી; બોઘરણી

૧૨૪. જિજ્ઞાસાનંદસ્વામી તથા હિરાબાઈની વાત

અને શ્રીજીમહારાજ વનમાં ફરતાં ફરતાં જિજ્ઞાસાનંદસ્વામીના ગામમાં એમને ઘેર આવ્યા. ને ત્યાં પંદર દિવસ રહ્યા. ને તેમની માએ શ્રીજીની ઘણી સેવા કરી ને શ્રીજીમહારાજને વિશે એમને અતિશે હેત થયું. તેણે કરીને મનમાં એમ ધાર્યું જે, આ મહારાજને અમારે ઘેર રાખીશ. એમના પુત્રને પણ શ્રીજીને વિશે અતિશે હેત થયું. પછી શ્રીજીમહારાજ ત્યાંથી ચાલી નીસર્યા. તે વાંસે જિજ્ઞાસાનંદસ્વામી પણ ચાલી નીસર્યા ને શ્રીજીને ભેળા થયા. તે થોડા દિન ભેળા રહ્યા.

પછી તેને મેલીને શ્રીજી ચાલી નીસર્યા. તે મહારાજ તીર્થમાં ફરતાં ફરતાં સત્સંગમાં આવ્યા ને ગઢડામાં રહ્યા. ત્યાં નાગમાલાની સ્ત્રીને વિષે જિજ્ઞાસાનંદસ્વામીની મા હિરાબાઈ નામે દીકરી થયાં. તેને મહારાજ વારેવારે બોલાવે ને પ્રસાદી આપે ને હેત દેખાડે. એમ કરતે થોડાક વર્ષ થયાં કેડે એમણે દેહ મૂક્યો. તે સમે અનેક વિમાન આવ્યાં ને આકાશ છવાઈ ગયું. એમ આશ્ચર્ય દેખાડીને તેડી ગયા. ને એમની મા જે પાંચુબાઈ તેને એમને વિશે બહુ હેત માટે રોવા લાગ્યા. તે જોઈને મહારાજ એમ બોલ્યા જે, “પાંચુબાઈને અમારો નિશ્ચય નથી માટે રુએ છે. તે સારુ અમે આંહીં નહિ રહીએ.” એમ કહીને રિસાઈને રાધાવાવે ગયા.

તે પછી હિરાબાઈએ મૂર્તિમાન આવીને પાંચુબાઈને એમ કહ્યું જે, “હું ક્યારે તમારી દીકરી છું ? હું તો બ્રાહ્મણી હતી. તે મહારાજનો મારે નિશ્ચય નહોતો થયો માટે જન્મ ધર્યો. ને હવે નિશ્ચય થયો ને ધામમાં ગઈ છું, માટે રોશો નહીં.” એમ કહીને ન દેખાણાં. ને જે એને દેન દેવા ગયા હતા તે આવ્યા. ને એમ સાંભળ્યું જે, મહારાજ તો રિસાઈ ગયા છે. પછી એ પણ સર્વે મહારાજને મનાવવા ગયા, ને પ્રાર્થના કરવા લાગ્યા ને બહુ તાણ કરી. પછી મહારાજ બોલ્યા જે, “એનો શોક ન રાખવો ને વાજાં વજડાવીને તેડી જાઓ તો અમે આવીએ.” એટલે એવી રીતે સામૈયું કરીને તેડી ગયા.

પછી જિજ્ઞાસાનંદસ્વામી તીર્થમાં ફરતાં ફરતાં દ્વારિકાની યાત્રા કરીને કાનમ દેશમાં દોરા ગામમાં વૈરાગીની જાયગામાં ઊતર્યા. ને એ જાયગાના વૈરાગી દ્વારિકા જાવા તૈયાર થયા. તેમની ભેળો એક નાનો છોકરા હતો, તે પણ તૈયાર થયો. ત્યારે તે વૈરાગી બોલ્યા જે, "તું તો નાનો છે, તે તારાથી ચાલી શકાય નહીં. તે સારુ તને નહિ લઈ જાઈએ." ત્યારે તે છોકરો રુદન કરવા મંડ્યો. તે જોઈને જિજ્ઞાસાનંદ સ્વામી બોલ્યા જે, "એ લડકેકુ દ્વારિકા સ્પર્શાવો." એમ કહ્યું તોય તે ન લઈ ગયા ત્યારે તે જિજ્ઞાસાનંદ સ્વામી કહે, "ચાલો, તુમકું હમ દ્વારિકા લે ચલે." પછી તે તેને લઈ ગયા.

ને ત્યાંની યાત્રા કરાવીને શિનોર ગામમાં આવ્યા. ને ત્યાં સ્વરૂપાનંદસ્વામીનું મંડળ હતું ત્યાં ઊતર્યા. પછી સાધુ 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' એમ ભજન કરતા હતા. તે સાંભળીને ભડક્યા જે, સ્વામિનારાયણ કોણ હે ? ત્યારે કહે, "સ્વામિનારાયણ ભગવાન છે અને તમને ભેળા કરીશું." પછી સાધુએ તેમને મહારાજનાં દર્શન કરાવ્યાં. ત્યારે તે મહારાજનાં દર્શન કરીને બોલ્યા જે, "આ તો કપટી ઘનશ્યામ, હમકૂ છોડકે ચલે ગયે, તે છે." પછી તે મહારાજ ભેળા રહ્યા. ને મહારાજે તેમને સાધુ કર્યા અને જિજ્ઞાસાનંદસ્વામી નામ પાડ્યું. અને તેમના ભેળો જે છોકરો હતો, તેને સાધુ કરીને તેનું નામ પ્રેમાનંદસ્વામી પાડ્યું. ॥૧૨૪॥

૧૨૫. ભીમમાલાને સમાધિમાં અલૌકિક પ્રતાપ અને સ્વરૂપ દેખાડીને નિશ્ચય કરાવ્યો.

નાગમાલાનો બાપ ભીમમાલો. તેને મહારાજનો નિશ્ચય નહીં. તેણે મહારાજને એમ કહ્યું જે, "નાગમાલો તમારો સારો ભક્ત છે, માટે અમારા કુળનું કલ્યાણ થાશે ? ને એમ કહેવાય છે કે, જેના કુળમાં એક ભક્ત થાય તેના ઈકોતેર પરિયા ઉદ્ધરે છે."

પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "તમારે એ જોવું છે ? જો જોવું હોય તો દેખાડીએ." ત્યારે તેમણે હા પાડી. પછી તેમને સમાધિ

કરાવીને યમપુરીમાં મોકલ્યા. ત્યારે તેણે પોતાના કુટુંબીઓને નર્કમાં પડેલા દેખ્યા, ને એમ કહ્યું જે, "આ તો સર્વે આંહીં પડ્યા છે ! ને કોઈનો ઉદ્ધાર થયો નથી." એમ કહે છે, એ સમે અનેક વિમાન આવ્યાં. તેમાં એ સર્વે મુકત થઈને વિમાનમાં બેસીને ધામમાં ગયા. તે ભેળે બેસીને ભીમમાલો પણ ધામમાં ગયો. ને ત્યાં છ દિવસ સુધી રહીને બહુ સુખમય, આશ્ચર્યકારી અને અતિ તેજોમય મૂર્તિ શ્રીજીમહારાજનું અનેક મુક્તે સહિત ને ધામે સહિત અલૌકિક દર્શન કરીને પાછા દેહમાં આવીને વારંવાર મહારાજને નમસ્કાર કર્યા. ને એને મહારાજનો નિશ્ચય થયો. ॥૧૨૫॥

૧૨૬. ખરેખરા સત્સંગીનું લક્ષણ અને તેવા થવાનો ઉપાય

અને કોઈક દિવસ **શ્રીગઢપુરને** વિશે શ્રીજીમહારાજ પાછલી દોઢ પહોર રાત્રી હતી ત્યારે ઊઠીને સાધુની જાયગામાં પધાર્યા. ત્યારે સાધુ સર્વે ઊઠીને મહારાજ પાસે નમસ્કાર કરીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "સત્સંગ કેટલો થયો ?" બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, "ઘણો સત્સંગ થયો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ખરેખરા કેટલાક થયા હશે ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "ખરેખરા પણ ઘણાક થયા છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે ખરેખરા થયા છો ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "અમે તો ખરેખરા છીએ. કેમ કે, તમ વિના કયાંય પ્રીતિ નથી ને તમારી આજ્ઞામાં નિરંતર વર્તીએ છીએ."

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **"જે અમારા ખરેખરા છે, તે તો ત્રણે અવસ્થામાં નિરંતર અમને દેખે છે.** તે તમે ખરેખરા હો, તો અમે ક્યાંથી આવ્યા ? ને શું કરતા હતા ? તે કહો. ને ખરેખરા તો ગોવર્ધનભાઈ ને પર્વતભાઈ છે, તે નિરંતર અમને દેખે છે."

પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "કેમ કરે ત્યારે નિરંતર ત્રણ અવસ્થામાં તમને દેખે ?" ત્યારે શ્રીજી બોલ્યા જે, **"ત્રણ દેહ ને ત્રણ અવસ્થાથી પર પોતાને આત્મારૂપ માનીને તેને વિષે ભગવાનની મૂર્તિને**

ધારીને પ્રતિલોમ વૃત્તિ કરીને ધ્યાન કરે તો આ દેહે કરીને એવી સ્થિતિ થાય, ને આ દેહે જો એવી સ્થિતિ ન થાય તો બીજો દેહ ધરે ત્યાં ગોવર્ધનની પેઠે બહાર વૃત્તિ રાખવી કઠણ પડે.” ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “તે કરવામાં અંતરાય ઘણા.” ત્યારે શ્રીજી કહે, “તમારે શું અંતરાય છે ?” એમ કહીને મહારાજે ઓઢેલું વસ્ત્ર દૂર કરીને પોતાની મૂર્તિ દેખાડી. ॥૧૨૬॥

૧૨૭. મૂળપુરુષ છે, તે જ શ્રીકૃષ્ણરૂપે થયા છે.

અને ક્યારેક સાધુની સભા બેઠી હતી, ને મધ્ય પ્રકરણનું એકત્રીસમું વચનામૃત વંચાતું હતું. તેમાં ઉપાસનાની વાર્તાનો પ્રસંગ નીસર્યો હતો. ત્યારે શુકમુનિ એમ બોલ્યા જે, “જે મૂળપુરુષ છે, તે જ વાર્ષ્ણેયરૂપ[૧] થયા છે, એમ અમે શ્રીજીમહારાજના મુખ થકી ઘણી વાર સાંભળ્યું છે.” ॥૧૨૭॥

૧૨૮. પ્રભુપ્રસન્નતાનો ને જીવમાં સમાસ કરવાનો ઉપાય

અને કોઈક સમયને વિષે ગામ **રોઝકા**ની ભાગોળે મહારાજ વિરાજમાન હતા. ને પોતાની આગળ જ્ઞાનસ્વરૂપાનંદસ્વામી અને બદરીનાથાનંદસ્વામી અને નારાયણાનંદસ્વામી એટલા જણા **‘ઓરા આવો નટવર નાનડિયા...’** એ કીર્તન બોલવા મંડ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, “તમે ઓરા આવો ને.” પછી તે મહારાજ પાસે આવીને બોલવા મંડ્યાં.

પછી મહારાજે કહ્યું કે, **“સર્વે ભેળા થઈને પાસે બેસીને કથા-કીર્તન-વાર્તા કરવાં, પણ એક એક પોતપોતાની મેળે નોખા નોખા બેસીને કરે તો સુખ ન આવે ને સમાસ પણ ન થાય.”**

અને વળી ગુણાતીતાનંદસ્વામીએ એમ વાર્તા કરી છે જે, “મારા મનમાં એમ વિચાર થયા કરે છે કે, મહારાજ કેમ રાજી થાય ? ને મારા જીવમાં કેમ કરીએ તો સમાસ થાય ? તે મહારાજ બિરાજે

૧.વૃષ્ણિકુળમાં પ્રગટેલ શ્રીકૃષ્ણરૂપ

પણ શરમ લાગે તે પુછાય નહીં. તે મારા અંતરની વાત જાણીને મહારાજ અંતર્યામીપણે પોતાની મેળે બોલ્યા કે, 'જેને અમોને રાજી કરવા હોય ને પોતાના જીવમાં સમાસ જોઈતો હોય, તેને સાવધાન થઈને ભગવાનની કથા-વાર્તા કરવી ને સાંભળવી. તેણે કરીને અમે રાજી થઈએ છીએ ને પોતાના જીવમાં સમાસ થાય.' એ સાંભળીને મેં જાણ્યું કે, મને મહારાજે કહ્યું. એમ જાણીને તે પ્રમાણે કરીએ છીએ. તે શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે –

શૃણ્વન્તિ ગાયન્તિ ગૃણન્ત્યભીક્ષ્ણશઃ
સ્મરન્તિ નન્દન્તિ તવેહિતં જનાઃ।
ત એવ પશ્યન્ત્યચિરેણ તાવકં
ભવપ્રવાહોપરમં પદામ્બુજમ્।।"[1] ।।૧૨૮।।

૧૨૯. આશ્રિતને અંતસમયે તેડી જઈ જ્યાં ઘટે ત્યાં મૂકે છે.

અને મુનિએ વાર્તા કરી જે, "શ્રીજીમહારાજે એમ કહ્યું જે, 'ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાન સહિત નિષ્કામ ભક્તિ એ ચાર સાધન સંપૂર્ણ થાય ત્યારે એ એકાંતિક ભક્ત થાય, અને તે એકાંતિકની મુક્તિ જે અક્ષરધામ તેને પામે, ને તે વિના પમાય નહીં."

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! તમે કહો છો એમ, પણ કોઈ સત્સંગીનો નાનો છોકરો દેહ મૂકે છે, કે કોઈ ગુણબુદ્ધિવાળો જન દેહ મૂકે છે, કે કોઈ બાઈ મનુષ્ય થોડી સમજણવાળું સત્સંગમાં દેહ મૂકે છે, તેને તમે અંતઃકાળે તેડવા આવો છો, ને તેને તેડી જાઓ છો. એ બે વાર્તા કેમ સંભવે ?"

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "સ્વામી, તેડવા તો અમે ગયા, પણ એને ક્યાં મૂક્યો તે તમે જાણ્યું ?" ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "એ તો ન જાણ્યું." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમારે તો જેમ

૧. હે ભગવન્ ! જે જનો આપનાં ચરિત્રોને સાંભળે છે, સંભળાવે છે, વારંવાર ગાય છે, ચિંતન કરે છે કે ચરિત્રોને વખાણે છે; તેઓ સંસાર-સાગરની નિવૃત્તિ કરનાર આપનાં ચરણારવિન્દને તત્કાળ પામે છે.(ભાગ.૧/૮/૩૬)

અમે કહીએ છીએ તેમ કરવાનું છે. ને જે અમારો આશ્રિત થયો તેને અમે તેડવા જાઈએ ને તેડીને જ્યાં ઘટે ત્યાં મૂકીએ. ને જેમ એને સમાસ થાય તેમ કરીએ છીએ. ને **જે વિમુખ હોય તેને યમના દૂત તેડવા આવે ને જે ભક્ત હોય તેને ભગવાન અથવા સાધુ તેડવા આવે. ને તે વિના એનો દેહ ન પડે."** એમ શ્રીજીએ કહ્યું છે, તે સિદ્ધાંત વાર્તા છે. ॥૧૨૯॥

૧૩૦. મુક્તમુનિને ક્ષય રોગ શુભ વાસના ટાળવા માટે હતો.

અને કોઈક સમયમાં શ્રીજીમહારાજ માણકી ઘોડીએ બેઠા હતા. ને આગળ ગાડામાં મુક્તાનંદસ્વામી બેઠા હતા. ને સર્વે વડતાલ સમૈયો કરવા જાતા હતા. ને સર્વે સાધુ પણ ભેળા ચાલ્યા આવતા હતા. તેને જોઈને મુક્તાનંદસ્વામી શ્રીજીમહારાજ પ્રત્યે બોલ્યા જે, "હે મહારાજ, આ માણકીએ તે શું તપ કર્યું હશે ?" ત્યારે શ્રીજી કહે, "તમે ને આ ઘોડીએ ભેળું તપ કર્યું હતું."

પછી મહારાજ બોલ્યા જે, "સ્વામી, તમને આ ક્ષય રોગ થયો છે, તેનું કારણ તમે જાણો છો ?" ત્યારે સ્વામી કહે, "ના મહારાજ, હું નથી જાણતો." ત્યારે શ્રીજી કહે, "જે સારા ભક્ત હોય તેમને અશુભ વાસના તો ન હોય, પણ શુભ વાસના રહી હોય. તે જ્યારે દેહમાં દુઃખ થાય ત્યારે ટળે. ને શુભ વાસના પણ જન્મ ધરાવે એવી છે." ત્યારે સ્વામી કહે જે, "હા, મારે શુભ વાસના હતી." ॥૧૩૦॥

૧૩૧. હરજી ઠક્કરની માએ શુભ વાસનાથી જન્મ લીધો.

અને ગઢપુરના હરજી ઠક્કરની મા પ્રથમ ગામ તળાજામાં રહેતાં હતાં. ને મહારાજની સેવા સદાય થાય તે સારુ ત્યાંથી દુર્ગપુર આવીને રહેતાં હતાં. ને મહારાજને અર્થે હજારો રૂપિયાની સેવા કરતાં હતાં. ને મહારાજને નાહવા સારુ ઉનામણિયું નહોતું, તે પાણી ઊનું મેલવા સારુ ઘેરથી મોટો ચરુ આપ્યો. તે જોઈને તેનો મોટો પુત્ર એમ બોલ્યો

જે, “આવડા મોટા ચરુને મહારાજ શું કરશે ? એ તો નાની દેગડી[1] આપી હોત તોય પાણી મેલાત.” એટલું જ તે બોલ્યો. પછી એની મા બોલ્યાં જે, “મહારાજની સેવા કરતાં તું આડ્ય કરે છે, માટે મારે તારું કામ નથી. ને આજથી મારે તારું મોઢું જોવું નથી.” એમ કહીને તેને કાઢી મેલ્યો, તે તળાજા ગામમાં જઈને રહ્યો. ને તેની માએ જીવ્યાં ત્યાં સુધી તેનું મોઢું પણ જોયું નહીં.

અને પોતાના મનમાં એમ ઘાટ થાય જે, ‘મેં મહારાજની સર્વે સેવા કરી, પણ મારે હાથે થાળ કરીને મહારાજને જમાડી શકી નહીં.’ પછી તો દેહ પડી ગયો. તેને મહારાજે દરબારમાં જન્મ ધરાવ્યો. પછી કોઈક દિવસે મહારાજે હરજી ઠક્કરને કહ્યું જે, “તમે તમારી માને ઓળખો ખરા ?” ત્યારે તે બોલ્યા જે, “એ ને એ વેશમાં હોય તો તો ઓળખું ખરો. ને તે સિવાય તો ન ઓળખાય.” પછી મહારાજ કહે, “આ છોડી છે, તે તમારી મા છે. ને અમને જમાડવાની એને વાસના હતી, તે સારુ આ દરબારમાં જન્મ્યાં છે. તે મોટા થઈને રસોઈ શીખીને અમને જમાડશે. એટલે દેહત્યાગ કરીને અમારા ધામમાં આવશે.” એમ શુભ વાસના તે પણ જન્મ ધરાવે એવી છે. ॥૧૩૧॥

૧૩૨. કીર્તનગાનથી પ્રેમાનંદસ્વામી પર પ્રભુપ્રસન્નતા

અને પ્રેમાનંદસ્વામીએ મહારાજ આગળ આખી રાત્રી કીર્તન ગાયાં. ને સવારે મહારાજ રાજી થઈને એમ બોલ્યા જે, “પ્રેમાનંદસ્વામી, તમે વર માગો, જે માગો તે તમને આપું.” ત્યારે પ્રેમાનંદસ્વામીએ કહ્યું જે, “હે મહારાજ ! તમે આવા ને આવા નિરંતર દેખાઓ.” ત્યારે શ્રીજી કહે, “એ તો આગળ વાત, પણ હમણાં કાંઈક બીજું માગો. એ તો એનું સાધન કરશો ત્યારે થશે. તે કહ્યું છે જે, ‘**...कालेनाऽऽत्मनि विन्दति।**[2] ॥૧૩૨॥

૧.ઘડા જેવું તાંબા કે પિત્તળનું વાસણ ૨.શ્રીહરિના આરાધાનરૂપ નિષ્કામકર્મયોગથી પાત્ર બનેલો ભક્ત સમય થતાં આત્મામાં ભગવત્‌સાક્ષાત્કારરૂપ જ્ઞાનને પામે છે.(ગીતા : ૪/૩૮)

૧૩૩. આજ્ઞા વિના આવેલ સંતોને દર્શનનું સુખ ન મળ્યું.

એક સમયે મુક્તાનંદસ્વામીએ તથા જ્ઞાનાનંદસ્વામીએ એમ વિચાર કર્યો જે, ઘણા દિવસથી મહારાજનાં દર્શન થયાં નથી તે ચાલો મહારાજનાં દર્શન કરી આવીએ. એમ જાણીને એ બે મહારાજની આજ્ઞા વિના જેતલપુરથી દુર્ગપુર મહારાજને દર્શને આવ્યા. અને ઘેલા નદીને સામે કિનારે દેરીઓમાં રાત રહ્યા. તે પ્રાતઃકાળે વહેલા પૂજા કરીને ઝોળી માગવાને મિશે કરીને મહારાજનાં દર્શન થાય તે સારુ દરબારમાં 'નારાયણ હરે..! સચ્ચિદાનંદ પ્રભો..!' એમ શબ્દ ઉચ્ચારણ કરીને ચાલ્યા આવ્યા. તે સમયે મહારાજ છાના રહેતા તોપણ છેટેથી દર્શન થયાં. ને તેમને દરબારમાંથી રોટલા આપ્યા, તે લઈને ચાલી નીસર્યા.

પછી તેમણે સોમલા ખાચર પાસે મહારાજને એમ કહેવડાવ્યું જે, "મુક્તાનંદસ્વામી ને જ્ઞાનાનંદસ્વામી એ બે જણા આંહીં તમારે દર્શને આવ્યા છે. તેને તમો દર્શન આપશો ?" ત્યારે મહારાજ કહે જે, "હા, આપશું." પછી તે બંનેને બોલાવ્યા. તે આવીને મહારાજનાં દર્શન કરીને પાસે બેઠા.

પછી મહારાજે મનુષ્યચેષ્ટા કરવા માંડી અને એમ બોલ્યા જે, "મુક્તાનંદસ્વામી, તમારું તો કલ્યાણ થશે પણ મારું તો નહિ થાય. ને તમે તો સ્વામી છતાં જેવા ત્યાગ-વૈરાગે યુક્ત હતા તેવા ને તેવા જ છો. ને હું તો આ દરબારમાં લુબ્ધ થઈ ગયો છું. તે મારું તો કલ્યાણ નહિ થાય." ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, **"હે મહારાજ ! તમે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છો અને સદા નિર્લેપ છો, સદા દિવ્ય મૂર્તિ છો ને અમને શા સારુ મોહ પમાડો છો ?"** ત્યારે મહારાજ બોલ્યા જે, "અરેરે સ્વામી ! હું પુરુષોત્તમનારાયણ શાનો ? કેમ કે મારું તો ઠેકાણું રહ્યુ નહીં." એમ કહીને રોવા લાગ્યા. પછી તે બે પણ રોવા લાગ્યા. પછી મહારાજ કહે જે, "હવે તમે જાઓ." પછી તેઓ બંને ગયા. ને મુક્તાનંદસ્વામી એમ બોલ્યા જે, "આપણે મહારાજની આજ્ઞા વિના દર્શને આવ્યા એટલે મહારાજે દર્શનનું સુખ ન આપ્યું." ॥૧૩૩॥

૧૩૪. આજ્ઞા વિના દર્શને આવેલ બે સંતો પર કુરાજીપો

અને કોઈક સમયને વિષે મહારાજ ગામ શ્રીતેરે સુતાર માવજીભાઈને ઘેર વિરાજમાન હતા. ને પ્રેમાનંદસ્વામી ને નાના સુખાનંદસ્વામી એ બે જણા ગુજરાતથી મહારાજનાં દર્શન કરવા આવ્યા. ત્યારે મહારાજ કહે, "કોની આજ્ઞાથી આવ્યા છો ? અમે કાગળ લખ્યો'તો, જે અમારે દર્શને આવ્યા ?" ત્યારે કહે, "ના મહારાજ." ત્યારે મહારાજ કહે, "રામદાસભાઈએ કાગળ લખી આપ્યો છે જે, અહીં આવ્યા છો ?" ત્યારે તે કહે, "ના મહારાજ." ત્યારે મહારાજ બોલ્યા જે, "કોની આજ્ઞાથી આવ્યા છો ?"

ત્યારે તે સ્વામી બોલ્યા જે, "કોઈની આજ્ઞા લઈને આવ્યા નથી. અમારા જ મનમાં થયું કે બહુ દિવસથી મહારાજનાં દર્શન નથી કર્યાં, તે જાણે દર્શન કરી આવીએ." પછી મહારાજ કહે જે, "ડુંગરજી ઊઠ, આ બંનેને ઓરડામાં લઈ જઈને માથાં કાપી નાખ." પછી ડુંગરજી એ બંનેને ઓરડામાં લઈ ગયા. ને 'હબે તબે' કરવા મંડ્યા. પછી મહારાજ બોલ્યા જે, "ડુંગરજી, હજુ કેમ વાર લગાડે છે ? કેમ માથાં કાપતો નથી ?" પછી ડુંગરજી કહે, "શું કરું મહારાજ, એ માથાં સમાં ધરતા નથી." પછી મહારાજ બોલ્યા જે, "માથાં સમાં ન રાખતા હોય તો કાઢી મેલ, કાઢી મેલ."

પછી ડુંગરજીએ એ બંનેને ઓરડામાંથી કાઢી મેલ્યા તે ગુજરાતમાં આવીને પાછું વાળીને જોયું. એમ પ્રેમાનંદસ્વામી તથા સુખાનંદસ્વામી મહારાજની આજ્ઞા વિના મહારાજને દર્શને આવ્યા તેમને દર્શનનું સુખ ન આપ્યું. ॥૧૩૪॥

૧૩૫. શ્રીહરિ અને ઉકા ખાચરની રમૂજ

અને મહારાજ કોઈક સમયે દાદા ખાચરના દરબારમાં વિરાજમાન હતા. ને ચોકમાં દાદા ખાચરનાં ગાયો આદિક પશુ મહારાજ સામું

જોઈને ઊભાં હતાં. ને ઉકા ખાચર કાખમાં ટોપલો લઈને છાણનાં પોચકાં તથા કાંકરા વીણતાં વીણતાં "કાનુડો રે કાનુડો રે" એ કીર્તન બોલતા હતા.

પછી મહારાજે પૂછ્યું જે, "ઉકા ખાચર, તમે ક્યારેય મેલીકારે[૧] જતા હતા ?" ત્યારે ઉકાએ કહ્યું જે, "હા, ઘણી વાર જતા." પછી મહારાજ બોલ્યા જે, "ક્યારેય વાર આંબેલ ?" ત્યારે તે કહે, "ઘણીયે વાર આંબેલ." ત્યારે મહારાજ કહ્યું જે, "વાંસે વાર આવી પહોંચે ત્યારે કેમ કરતા ?" ત્યારે તે બોલ્યા જે, "ભણે, ઘોડી પાછી ફેરીને હાથમાં બરછી લાને તારી માસે..." એમ અર્ધી ગાળ બોલ્યા એટલામાં ગાયોના ટોળામાંથી આખલે આવીને શિંગડું માર્યું એટલે ઉકા ખાચર પડી ગયા. તે ભેળે પ્રાણ પણ નીસરી ગયા.

પછી મહારાજે તે ઉપર ઘણું પાણી રેડાવ્યું. પછી થોડી વાર રહીને સચેત થયા. પછી મહારાજ બોલ્યા જે, "કેમ છે ઉકા ખાચર ?" પછી કહે, "સારું છે." મહારાજ કહે, "કેમ થયું ?" પછી તે બોલ્યા જે, "આજ્ઞા વિરુદ્ધ બોલ્યો તે એમ થયું." ॥૧૩૫॥

૧૩૬. ભૂજના લાધીબાઈને આજ્ઞાલોપથી દુઃખ આવ્યું.

અને કોઈક સમયને વિશે મહારાજ **ભૂજ**માં સુંદરજીભાઈને ઘેર વિરાજમાન હતા. ત્યાં લાધીબાઈ આવીને મહારાજને પગે લાગીને એમ બોલ્યાં જે, "હરજીવન પરણે છે, તે મારે તેની જાનમાં જાવું પડશે." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમારે સાંખ્યયોગી બાઈને શા સારુ જાવું પડે ?" પછી તે બોલ્યાં જે, "મારી મા મરી ગયાં છે, ને બીજું કોઈ માણસ અમારા ઘરમાંથી જાય તેમ નથી." એમ બોલ્યાં ત્યારે મહારાજે ના પાડી તોય પણ ગયાં. તે આવતાં ગાડા ઉપરથી માર્ગમાં પડી ગયાં ને બહુ જ વાગ્યું ને ઘેર લાવ્યા ને મહારાજ જોવા સારુ આવ્યા ને દાંત બંધ થઈ ગયા. તે જોઈને મહારાજ એમ બોલ્યા

૧.ધાડ પાડવા; લૂંટ કરવા

જે, "બકરીનું દૂધ મંગાવો." પછી તે દૂધ લાવ્યા. ત્યારે મહારાજે રાબ કરીને તાવી. તે દાંત પો'ળા કરીને પાઈને એમ બોલ્યા જે, "સાંજે પણ અમો બકરીના દૂધની રાબ કરીને પાશું." એમ કહીને સુંદરજીભાઈને ઘેર પધાર્યા ને સાંજે પણ એવી રીતે રાબ કરીને પાઈ ત્યારે આંખ ઉઘાડીને મહારાજને જોયા. ને મહારાજે ત્રણ દિવસ બકરીના દૂધની રાબ કરીને પાઈ એટલે તે સાજાં થયાં. એમ મહારાજની આજ્ઞા લોપી તો દુઃખ થયું. ॥૧૩૬॥

૧૩૭. બોચાસણના કાશીદાસને આજ્ઞાલોપથી દુઃખ

અને ગામ **બોચાસણ**ના કાશીદાસે મહારાજને પૂછ્યું જે, "મહારાજ, મારે હમણાં દીકરો ને દીકરી પરણાવવાં છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "હમણાં રહેવા દ્યો, પછી વિવાહ કરજો." ત્યારે તે બોલ્યા જે, "પુત્રી વિવાહને યોગ્ય થઈ છે, તે જો ન પરણાવીએ તો લોકમાં લાજ જાય, અને દીકરાનો સસરો ઉતાવળ કરે છે." એમ કહીને મહારાજે ના પાડી તોય બેયના વિવાહ કર્યા. પછી તે બેય થોડાક દિવસમાં રાંડ્યાં. એમ આજ્ઞા ઉલ્લંઘન કરી તો વ્યવહારમાં પણ દુઃખ થયું. ॥૧૩૭॥

૧૩૮. સુરતના ગોવિંદશેઠ ઉપર શ્રીહરિની કૃપા

અને કોઈક દિવસ **વડતાલ**માં સુરતના ગોવિંદ શેઠે મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! કૃપા કરો તો સુખિયા થાઈએ." પછી મહારાજ બોલ્યા જે, "અમે કૃપા કરશું તો દીકરો મરી જાશે, સ્ત્રી નાશ થઈ જાશે ને દ્રવ્યાદિક નાશ પામી જાશે ઈત્યાદિ સંસાર સંબંધી સુખ નાશ પામી જાશે." ત્યારે તે બોલ્યા જે, "તમારી કૃપા તમારી પાસે રાખો, અમારે એ કૃપા જોઈતી નથી." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે આપી તે પાછી લેતા નથી." ત્યારે તે બોલ્યા જે, "અમારે જોઈતી જ નથી." પછી મહારાજ રાજી થઈને એમ બોલ્યા જે, "જાઓ તમને વર્ષ દહાડે બસો રૂપિયા મળશે. ॥૧૩૮॥

૧૩૯. શ્રીહરિને નિષ્કિંચન જન પ્રિય છે.

અને **ગઢપુર**માં રાજબાઈએ મહારાજને એમ પૂછ્યું જે, "મહારાજ તમો ભક્ત ઉપર રાજી થાવ છો ત્યારે કોઈને હાર આપો છો, કોઈને થાળ આપો છો, કોઈકને વસ્ત્ર આપો છો; પણ તમે ખરેખરા અંતરમાંથી રાજી થાવ છો ત્યારે તે ભક્તને શું આપો છો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, **"અમે ખરેખરા અંતરમાંથી રાજી થઈએ ત્યારે તો તે ભક્તને અમારા વિના ક્યાંય બંધાવા દઈએ નહીં.** તે જો એ ભક્તને પુત્રમાં હેત હોય તો તેનો નાશ કરી નાખીએ, ને જો દ્રવ્યમાં પ્રીતિ હોય તો તે દ્રવ્યનો નાશ કરી નાખીએ, ને જો તેને દેહમાં આસક્તિ હોય તો તેમાં એવો રોગ પ્રેરીએ તે એ ભક્તને કોઈ સંસારિક પદાર્થમાં પ્રીતિ રહે નહીં.

ત્યાં દૃષ્ટાંત છે. જેમ હાડકું હોય ને તેને છ મહિના પૃથ્વીમાં દાટ્યું હોય ને તેને પછી બહાર કાઢીએ તો તેને કોઈ કીડી, મકોડો તથા માખી કોઈ ચઢે નહિ. તેમ તેને સંસારમાંથી લૂખો કરી મેલીએ. તે કેવળ અમારા સામું જ જુએ. ને કોઈને સંસારિક પદાર્થ આપીએ છીએ, તે તો સત્સંગના સમાસને અર્થે આપીએ છીએ, પણ આપવું એ પ્રિય નથી. કેમ કે,

निष्किंचना वयं शस्वन्निष्किंचनजनप्रिया:।
तस्मात्प्रायेण न ह्याढ्या मां भजति सुमध्यमे॥[1] ॥૧૩૯॥

૧૪૦. નારુપંતનાનાને નિષ્કિંચન કરી શુદ્ધ કર્યા.

અને **વડોદરા**ના સિયાજીરાવ પાસે નારુપંતનાના રહેતા. તેણે કરીને તે સિયાજીને મહારાજનો ગુણ હતો. પછી તે સિયાજીએ ઘણાક કાગળ મહારાજ ઉપર લખીને તેડાવ્યા. તે મહારાજ ધર્મકુળ, સાધુ,

---

૧.હે દેવી ! અમે હંમેશા નિષ્પરિગ્રહી છીએ, તેથી અમને તેવા સંતો-ભક્તો બહુ ગમે છે. એટલે જ બહુધા ધનવાનો અમને ભજતા-સેવતા નથી.

બ્રહ્મચારી, પાળા સહિત વડોદરે પધાર્યા. ને સિયાજીએ સારું સામૈયું કરીને પોતાના દરબારમાં પધરાવ્યા. ને મહારાજની ભારે પૂજા કરીને મહારાજને ભારે પોશાક આપ્યો. ને મહારાજ રાજી થઈને સિયાજીને મળ્યા ને નારુપંતનાનાનો હાથ મહારાજે સિયાજીના હાથમાં આપ્યો. ને મહારાજ એમ બોલ્યા જે, "આની તમે રક્ષા રાખજો." એમ સોંપણી કરીને મહારાજ વડતાલે પધાર્યા.

પછી સિયાજીની સ્ત્રીએ તથા કારભારીઓએ એમ વિચાર કર્યો જે, સિયાજીને બંદીખાને નાખીને તેમના પુત્ર જે ગણપતરાવજી તેમને ગાદીએ બેસાડવા. તે બાબતમાં સર્વેએ સહી કરી. તે કપટમાં નારુપંતનાના પણ ભળ્યા ને પોતાને હાથે સહી કરી. તે વાતની સિયાજીરાવને ખબર પડી. તે કોઈને તોપે ચડાવ્યા ને કોઈને નીલે કાંટે બાળ્યા. અને પોતાની સ્ત્રીને ભીંતમાં ચણી દીધી. એમ દેહાંત દંડ દીધો.

પછી નારુપંતનાનાને કહ્યું જે, "તું આ કપટમાં છે ?" ત્યારે તે કહે, "હું નથી." પછી તેના પણ હસ્તાક્ષર બતાવ્યા ને કહે, "જો આ તારા હસ્તાક્ષર !" એમ કહીને બોલ્યા જે, "સ્વામિનારાયણે તારી મને સોંપણી કરી છે ને મારા હાથમાં તારો હાથ આપ્યો છે, માટે તને જીવતો મેલું છું." એમ કહીને ઘરબાર સર્વે લૂંટી લીધું.

પછી નારુપંતનાના દક્ષિણીના સદાવ્રતમાંથી શેર ખીચડી લાવીને ખાઈને આખો દિવસ મહારાજનું ભજન કર્યા કરે. તે જોઈને ગોપાળાનંદસ્વામી એમ બોલ્યા જે, "આ નારુપંતનાનાએ જો મહારાજની નિષ્કપટ ભાવે સેવા કરી હતી, તો મહારાજે એમને નિષ્કિંચન કરી મેલ્યા. નહિ તો એવા મેલા થઈ જાત જે હમણાં છે, એવા દસ જન્મે પણ શુદ્ધ થાત નહીં." તે ભાગવતમાં કહ્યું છે જે, **'यस्याहमनुगृह्णामि हरिष्ये तद्धनं शनैः।'**[૧] ॥૧૪૦॥

૧.(ભગવાન કહે છે કે,) "જેની ઉપર હું કૃપા કરું છું, તેના ધનને ધીરે ધીરે હરી લઉં છું." (ભાગ. ૧૦/૮૮/૮)

૧૪૧. લોજપુરમાં મહારાજે કરેલી લીલાઓ

અને **લોજપુર**માં મહારાજ સદાવ્રત આપતા. તે સદાવ્રતમાં જે કોઈ ભિક્ષુજન આવે તેને જમાડવા સારુ પોતે તંગિયો[1] પહેરીને અને ખભે કાવડ મેલીને એક દિવસ મહારાજ ભિક્ષા માગવા જાતા ને એક દિવસ મુક્તાનંદ સ્વામી ભિક્ષા માગવા જાતા. એમ મહારાજ ને મુક્તાનંદસ્વામી વારાફરતી ભિક્ષા માગતા ને વારાફરતી રોટલા કરીને તીર્થવાસીને જમાડતા. ને કોઈક હરિજન પાકું સીધું લાવે તેના રોટલા કરીને તેને મોઘરીએ[2] ભાંગીને તેમાં ઘી-ગોળ મેળવીને તીર્થવાસીને જમાડી દેતા. ને પછી પોતાના સર્વે સાધુને જમાડીને, પોતે જમીને, ચોકોપાણી કરી કથા કરવા બેસે. તે દિવસના બે વાગ્યા સુધી કથા કરે. પછી વળી પોતાની સ્નાનાદિક દૈહિક ક્રિયા કરીને સાંજના સમે કોઈક સદાવ્રત લેવા સારુ આવ્યા હોય તો તેને જમાડીને કથા-વાર્તા કરવા મંડે. તે રાત્રીના બાર વાગતા સુધી કરે ને પછી સૂઈ જાય.

પછી રાત્રીના વળી બે વાગે ઊઠે ને સર્વેને ઉઠાડી ધ્યાનમાં બેસાડે. ને પોતે સોટી લઈને ફરે. તે જે નિદ્રાએ કરીને ઝોકાં મારે તેને તડાક લઈને સોટી મારે ને ધ્યાન કરાવે. ને ચાર વાગે એટલે નાહી-ધોઈને પૂજા કરીને તૈયાર થઈને ભિક્ષા માગીને રોટલા કરીને, તીર્થવાસીને જમાડીને, પછી પૂર્વે કહ્યું એવી રીતે ભજનમાં બેસારે. એમ નિત્યે કરતા હતા. ને જે ભેળા રહે તેને થાક તો ઊતરે નહિ અને નિદ્રા પણ પૂરી થાય જ નહીં. તે મુક્તાનંદસ્વામીના મનમાં પણ એમ થાય જે, આમના ભેગું કેમ નભાશે ? એવો પોતાનો તીવ્ર સ્વભાવ હતો, તોપણ તે સર્વેને મેલીને સર્વે ભેળા હળીમળીને રહ્યા.

એક દિવસ મહારાજ કથા કરતા હતા અને એક વૈરાગી સદાવ્રત લેવા આવીને બેઠો. ને કોઈએ તેની ખબર ન પૂછી. એટલે તે બોલ્યો કે, 'જીવનમુક્તા પાખંડ કરતા હે, ને કોઈકી ખબર નહિ લેતા હૈ.'

૧.ગોઠણ સુધી આવે એવો સુરવાળ-પાયજામો; બરમૂડો ૨.ખાંડવા કે ઘંટ વગાડવાના હથોડી જેવા લાકડાના ઓજારથી

એમ નિંદા કરવા લાગ્યો. પછી મહારાજ કથા કરીને એમ બોલ્યા જે, "સાધુરામ, કુછ રોટી-બોટી પાઈ હૈ ?" ત્યારે તે બોલ્યો જે, "નહિ મહારાજ, કુછ રોટી-બોટી નહિ પાઈ હે." ત્યારે મહારાજ બોલ્યા જે, "રોટી પાઉંગી ?" ત્યારે તે બોલ્યો જે, "હોય તો પાઉંગી." ત્યારે મહારાજ બોલ્યા જે, "કુછ ભાજી-તરકારી નહિ હે, ફકત રોટી હે." ત્યારે તે બોલ્યો જે, "રોટી હોય તો રોટી પાહુંગી." પછી મહારાજે શીરાનું પતરાળું ભરીને આપ્યું. પછી તે બોલ્યો જે, "હમ જાનતા હું જે જીવન્મુક્તા ભગવાન હે." એમ કહેવા લાગ્યો.

અને વળી કોઈક સમે મહારાજ ને મુક્તાનંદસ્વામી પોઠિયો લઈને **આખા-પીપલાણા** આદિક ગામમાં ધર્માદો લેવા સારુ ગયા. તે ગામ **કાલવાણી**માં ભેળો કરીને પોઠિયો ભરીને સાંજના મહારાજ ચાલ્યા. તે ધર્માદાને લોજ ગામમાં નાખીને ગામ કાલવાણીએ રાતના નવ વાગતે પાછા આવ્યા. પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ, તમે બહુ ઉતાવળા આવ્યા." ત્યારે મહારાજ બોલ્યા જે, "સ્વામી, પોઠિયો બહુ ઉતાવળો ચાલ્યો. ને મેં જાણ્યું જે, સ્વામી એકલા ગૃહસ્થને ઘેર છે, તે ઠીક નહીં. એમ જાણીને હું પણ ત્યાંથી તરત આવ્યો." એમ મહારાજ બહુ ચમત્કાર દેખાડતા હતા.

ને મહારાજ છાણ મેળવવા સાધુ ભેગા જાય ત્યારે મહારાજને જોઈને છોકરાંઓને સમાધિ થાય એટલે છાણ બહુ થાય. તે જોઈને રામાનંદસ્વામી સાધુ પ્રત્યે એમ બોલે જે, "બીજા કોઈનાં છાણ લાવો છો કે શું ? જે આટલાં છાણ થાય છે ?" ને જે દિવસે મહારાજ છાણ મેળવવા ન જાય તે દિવસે છાણ થોડું થાય. એમ અતિ આશ્ચર્ય દેખાડતા. ॥૧૪૧॥

૧૪૨. શ્રીજીમહારાજ સાથે બ્રહ્મમુનિની રમૂજ

અને એક દિવસ શ્રીજીમહારાજ માથે વસ્ત્ર ઓઢીને માનસી પૂજા કરવા બેઠા હતા. તે સમે બ્રહ્માનંદસ્વામી આવીને બોલાવવા મંડ્યા જે, "હે મહારાજ ! તમે ધ્યાન કરો છો, તે તમને ભગવાનની મૂર્તિ

દેખાય છે ? અમને તો નથી દેખાતી." ત્યારે શ્રીજીમહારાજ કહે, "આ અમને ધ્યાન કરવા નહિ દે." એમ કહીને માથેથી વસ્ત્ર પરુ કર્યું એટલે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "હવે અમને ભગવાનની મૂર્તિ દેખાણી." એમ રમૂજ કરતા હતા. ॥૧૪૨॥

૧૪૩. સ્ત્રીધનરૂપી માયાએ જીવને બાંધ્યો છે.

અને કોઈક દિવસ થાળ જમીને શ્રીજીમહારાજ ઊભા હતા ને મુખવાસ જમતા હતા. ને મહારાજ બોલ્યા જે, "આ જીવને જડ માયાએ ને ચૈતન્ય માયાએ ઝાલ્યા છે, તે કોઈને મુક્ત થાવા દેતી નથી. તે જડ માયા તે ધન ને ચૈતન્ય માયા તે સ્ત્રી. તે કહ્યું છે જે, '**कनककान्तासूत्रेण वेष्टितं सकलं जगत्।**'[૧] ॥૧૪૩॥

૧૪૪. મહારાજ નિર્વાસનિકને અક્ષરધામમાં લઈ જશે.

અને કોઈક સમયમાં વડતાલને વિશે સમૈયામાં આંબલા હેઠે સભામાં રાત્રિને સમે શ્રીજીમહારાજ વિરાજમાન હતા. ને ભગવદ્‌વાર્તા કરતા હતા ને રાત્રી ઘણી ગઈ હતી. તે **શ્રીજીમહારાજ તાળી વજાડીને સર્વેને જાગ્રત-સાવધાન કરીને બોલ્યા જે, "અમને ભગવાન જાણીને જે ભજશે તેને અમે અક્ષરધામમાં લઈ જાશું, પણ જે પુરુષને સ્ત્રીને વિશે ભોગવવાની વાસના રહેશે તેને દસ હજાર વર્ષ સુધી ભૂત થાવું પડશે, ને જે સ્ત્રીને પુરુષને વિશે ભોગવવાની વાસના રહેશે તેને દશ હજાર વર્ષ સુધી ભૂતડી થાવું પડશે, ને તે કેડે જ્યારે નિર્વાસનિક થાશો ત્યારે અક્ષરધામમાં લઈ જાશું."** ॥૧૪૪॥

૧૪૫. ગઢડાથી વિચરણ કરતા શ્રીહરિએ જાળિયા પધારી ત્યાં મંદવાડ ગ્રહણ કર્યો.

ધર્મકુમાર શ્રીહરિ જે તે ૧૮૭૦ સિત્તેરાની સાલમાં ભાદ્ર માસમાં રાત્રીનો છેલ્લો પહોર તેને વિશે ઊઠીને ભગુજી આદિક પાર્ષદ ભેળા

૧.ધન અને સ્ત્રીરૂપી દોરીથી સમગ્ર જગત બંધાયેલું છે.

લઈને દુર્ગપુરથી ચાલ્યા. તે ચાલતાં ચાલતાં માર્ગમાં સાલેમાળ પર્વતને વિશે કોઈક ક્ષુદ્ર નદીમાં સ્નાન કરીને નિત્યવિધિ કરીને ભગુજીએ આપ્યું જે જળ તેનું પાન કરીને ત્યાંથી આગળ ચાલ્યા. ને સૂર્યોદય સમયને વિશે તે સાલેમાળ પર્વતમાં સિંહ ગર્જનાદ કરતો હતો. તેણે કરીને તે સાલેમાળ પર્વત ગર્જનાદ કરતો હતો. તે શબ્દને સાંભળીને મહારાજ ભગુજી પ્રત્યે બોલ્યા જે, "ભગુજી, શું નિર્ભય જનાવર બોલે છે ? પૂર્વે ભગવાન સ્થંભમાંથી નૃસિંહાવતાર ધારીને ભયંકર શબ્દ ઉચ્ચારણ કરતા હતા, તેણે કરીને ત્રિલોકમાં સ્ત્રીઓના ગર્ભ પડી જતા હતા." એમ શ્રીહરિ માર્ગમાં વાર્તાઓ કરતાં કરતાં ગામ **કોટડે** પધાર્યા.

ત્યાંથી ગામ **ગોલીડે** પધાર્યા. ત્યાંથી પ્રાતઃકાળમાં ચાલ્યા તે સૌરાષ્ટ્ર દેશમાં જાતાં પૃથ્વીમાંથી પોતાની મેળે નીકળતો જે જળપ્રવાહ તે જોઈને મહારાજ રાજી થતા હતા. ને પોતાના પાર્ષદ પ્રત્યે એમ બોલ્યા જે, "આ જળપ્રવાહ એમ કહે છે કે, તમો અતિથિ છો, તે મને અંગીકાર કરો. માટે હું પણ જળ પીઉં ને તમે પણ પીઓ." એમ કહીને પોતે અંજલીએ અંજલીએ જળ પીધું. અને પાર્ષદોએ પણ પ્રસાદીનું જળ પીધું. ને ત્યાંથી ગામ શ્રી**પંચાળે** પધાર્યા. ને ત્યાંથી પોતાને સાથે જે અસ્વાર પાર્ષદ હતા, તેમને પાછા ગઢડે મોકલ્યા.

પછી મહારાજે ઝીણાભાઈને એમ કહ્યું જે, "અમારે માંદા પડવું છે, તે આંહીં માંદા પડીએ ?" ત્યારે તે ઝીણાભાઈ એમ બોલ્યા જે, "ના મહારાજ, તમે શા સારુ માંદા પડો ? તમે આવા ને આવા અમને દર્શન દ્યો" એમ કહ્યું. એટલે ત્યાંથી મહારાજ **માણાવદર** પધાર્યા. ને ત્યાં મહારાજ એમ બોલ્યા જે, "અમારે માંદા થાવું છે. તે આંહીં માંદા થાઈએ ?" ત્યારે મયારામ ભટ્ટ બોલ્યા જે, "ના મહારાજ, તમે શા સારુ માંદા થાવો ? આવા ને આવા અમને દર્શન દ્યો." એમ કહ્યું એટલે ત્યાંથી **જાળિયે** પધાર્યા. અને ત્યાં મહારાજ એમ બોલ્યા જે, "હીરાભાઈ અમારે માંદા થાવું છે ? તે આંહીં માંદા થાઈએ ?" ત્યારે હીરાભાઈ એમ બોલ્યા જે, **"મહારાજ, આપની જેમ મરજી હોય તેમ**

કરો. અમારે તો આપની સેવા કરીને આપને પ્રસન્ન કરવા છે." પછી મહારાજે ત્યાં રહીને મંદવાડ ગ્રહણ કર્યો.

❋ જાળિયામાં મંદવાડ વખતે મહારાજે કરેલી લીલા

પછી ભગુજીને મહારાજે એમ કહ્યું જે, "હે ભગુજી, તું મને જગાડતો રહેજે, નહિ તો હું ઊંડો ઊતરી જાઈશ તો પાછો દેહમાં નહિ આવું. ને કદાપિ મારો દેહ પડી જાય તો મને ઉત્સવના પર્વતમાં મેલી આવજે. પછી ભગુજી મહારાજના મસ્તકને પોતાના સાથળ ઉપર મેલીને મહારાજનું ચિબુક પકડીને મુખારવિંદને ધીરે રહીને હલાવે ને એમ ધીરા રહીને બોલે જે, "હે મહારાજ..., હે મહારાજ... !" ત્યારે મહારાજ નેત્ર ઉઘાડી જોઈને વળી ઊંડા ઊતરી જાય. એમ ભગુજી મહારાજને જાગ્રત કરતા હતા.

અને ભગુજી થાકે ત્યારે હીરાભાઈ તેવી રીતે મહારાજની સેવા કરતા હતા. ને તે થાકે ત્યારે રતનબાઈ સેવા કરતાં હતાં. એવી રીતે સેવા કરતાં કરતાં તેર દિવસ થયા, ત્યારે તેરમે દિવસે ભગુજી એમ બોલ્યા જે, "મહારાજ, કાંઈ જમશો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "જલેબી લાવ તો જમીએ." ત્યારે ભગુજી બોલ્યા જે, "મહારાજ, આ ગામડા ગામમાં જલેબી ક્યાંથી લાવું ?" ત્યારે મહારાજ કહે, "મારે તો પાશેર જલેબી જોઈએ છીએ, તે સારુ અરે દુષ્ટ, ના પાડે છે ? ને આ ભૂજની બજારમાં હજારો મણ જલેબી પડી છે, ને હું તો પાશેર જમીશ. તે સારુ ના પાડે છે ?" એમ કહીને ઊંડા ઊતરી જાતા હતા. ને વળી ભગુજી બોલ્યા જે, "મહારાજ કાંઈ જમશો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "જવનો પોંક લાવ તો જમીએ." ત્યારે ભગુજી બોલ્યા જે, "મહારાજ, આસો માસમાં જવનો પોંક ક્યાંથી હોય ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "આ લાખો મણ જવ ઊભા છે, ને હું તો પાશેર-અર્ધશેર જમીશ, તે સારુ અરે દુષ્ટ, ના પાડે છે ?" એમ વળી ભગુજી પૂછે ત્યારે એવી ગાળ બોલે, તે જઈને ત્રીજી પેઢીને વાગે.

એક સાધુ મહારાજની સેવામાં હતો, તેને ગાળ દઈને ચૂંટી ખણી. એટલે તે મહારાજને મેલીને નાસી ગયો, તે હજી સુધી પણ આવ્યો નથી. ને વળી ભગુજી બોલ્યા જે, “મહારાજ સ્નાન કરશો ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “ગંગાજી લાવ તો સ્નાન કરીએ.” ત્યારે ભગુજી બોલ્યા જે, “હા મહારાજ, ગંગાજી લાઉં.” એમ કહીને હરિભક્ત પાસે ભગુજીએ ચાલીસ-પચાસ માટલાં ભરાવી મંગાવ્યાં. પછી મહારાજ પ્રત્યે બોલ્યા જે, “મહારાજ ગંગાજી લાવ્યો છું, તે સ્નાન કરવા પધારો.” એમ કહીને ખાટલા સહિત મહારાજને સ્નાન કરવા સારુ વાડામાં પધરાવ્યા. પછી ભગુજી મહારાજને ખાટલા ઉપર બેસારીને ઉપર માટલાની ધાર કરતા હતા. તે જે માટલું ખાલી થાય, તે હરિભક્તના હાથમાં આપે ને હરિભક્તના હાથમાંથી ભરેલું માટલું લઈને મહારાજ ઉપર અખંડ ધાર કરે. પછી મહારાજ ઊંચું જોઈને બોલ્યા જે, “ભગુજી, ભલી ગંગા લાવ્યો !” એમ ભગુજીએ મહારાજને પચાસ માટલે નવરાવ્યા. તેનો પ્રવાહ નદીમાં પૂગ્યો.

પછી ભગુજીએ મહારાજનું શરીર વસ્ત્ર વડે લૂછીને એક વસ્ત્ર પહેરાવીને ઉત્તરીય વસ્ત્ર ઓઢાડીને પોતે કોઈક હરિજન પાસે બાજરીનો પોંક મંગાવ્યો હતો, તે મહારાજને જમાડ્યો. પછી રતનબાઈ રાબ કરીને લાવ્યાં તે જમ્યા. પછી બોલ્યા જે, “હવે અમે સાજા થયા, તે હવે અમે ચાલશું માટે ગાડું લાવો.”

❋ જાળિયાથી માનુષી લીલા કરતા ગઢપુર પધાર્યા.

પછી તે હરિજન ગાડું લાવ્યા. તે ઉપર બેસીને ચાલ્યા તે ગાડાના કડાં ખખડતાં હતાં, તે સાંભળીને મહારાજ બોલ્યા જે, “આ તો દગો છે.” એમ કહીને ભાગોળમાં જ ગાડેથી ઊતરી પડ્યા. ને બેસણિયે ગૂમડું પણ થયું હતું. પછી હરિજન ડોળી લાવ્યા તેમાં બેઠા. ને ડોળીમાં એવો ભાર મેલ્યો તે અર્ધ ગાઉ ગામ **મૂરખડે** જાતાં જાતાં હરિજન માર્ગમાં થાકી ગયા ને ડોલી ભોંયે મેલી દીધી.

પછી મહારાજ બોલ્યા જે, “અમારામાં શો ભાર છે ? તેર દિવસથી તો અન્ન ખાધું નથી, તે ઉપાડો.” પછી ત્યાંથી મહારાજને ઉપાડીને મૂરખડે આવ્યા. ને ત્યાં લુવાણા હરિજન પાસે ગોળ મંગાવ્યો. ને એમ બોલ્યા જે, “અમને ઉપાડીને થાક્યા છો, તે ગોળ ખાઓ એટલે થાક ઊતરે.” એમ ડોળી ઉપાડનારને ગોળ જમાડીને ત્યાંથી **ઉપલેટે** પધાર્યા. ત્યાં નદીને તટે આંબલીઓમાં ઊતર્યા. ને મહારાજ બોલ્યા જે, “ભગુજી ગઢડેથી ગાડી લાવો.” પછી ભગુજી બોલ્યા જે, “મહારાજ, ગઢપુર આંહીંથી સાઠ ગાઉ થાય છે, ને તમો માંદા છો. ને આ વખત મૂળજી બ્રહ્મચારી પણ નથી, માટે તમને એકલા મેલીને જવાય નહીં.” પછી મહારાજ બોલ્યા જે, “તું તારે જાને ! મારી શી ચિંતા છે ?” એમ કહ્યું એટલે ભગુજી ચાલી નીસર્યા.

પછી તે થોડેક છેટે ગયા ત્યાં મૂળજી બ્રહ્મચારી સામા મળ્યા. તેમણે મહારાજના સમાચાર પૂછ્યા, ત્યારે ભગુજીએ સમાચાર કહ્યા ને એમ બોલ્યા જે, “ઓલી આંબલીઓમાં મહારાજ બેઠા છે. તમે જાઓ મહારાજ એકલા છે. તમે આવ્યા તે ઠીક થયું.” એમ કહીને ત્યાંથી થોડે છેટે ચાલ્યા એટલે વેરાભાઈ સામા મળ્યા. તેને ભગુજીએ મહારાજના સર્વે સમાચાર કહ્યા ને એમ કહ્યું જે, “તમે આવ્યા તે ઠીક થયું. ને મહારાજ એકલા છે, તે તમે જાઓ.” એમ કહીને ત્યાંથી ચાલ્યા, તે બીજે દિવસ ગઢપુર આવ્યા. એમ ચાલીસ ગાઉ એક દિવસમાં ચાલ્યા.

પછી ભગુજીએ ગઢપુરમાં મહારાજના સર્વે સમાચાર કહ્યા. તે સાંભળીને સોમાદિક સર્વે હરિજન પાર્ષદ મહારાજ પાસે આવ્યા. ને મહારાજ માટે ભગુજી જે વેલ લાવ્યા. તે ઉપર બેસીને ત્યાંથી અસ્વાર સહિત ચાલ્યા. તે ચાલતાં ચાલતાં માર્ગમાં કોઈક ગામ આવ્યું. ત્યાં મહારાજને જમવા સારુ હરિજનોએ બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી. તે મહારાજે દૂધમાં સાકર નાખવાની ના પાડી હતી, તોપણ હરિજનોએ બળાત્કારે નખાવી. પછી મહારાજ જમવા પધાર્યા. તે જમીને મહારાજ દૂધનો કટોરો પીવા મંડ્યા એટલે ગળ્યું લાગ્યું.

એટલે મહારાજે દૂધનો કટોરો ફેંક્યો, તે બ્રાહ્મણના ચોકામાં જઈ પડ્યો. એટલે બ્રાહ્મણ રિસાઈને ચાલી નીસર્યો.

પછી મહારાજ કાઠીના અસ્વારો સહિત જમીને ચાલ્યા તે ગામ **કરિયાણે** પધાર્યા. ને ત્યાં દરબારમાં મહારાજ થાળ જમ્યા. અને સર્વેને જમવાની આજ્ઞા આપી, તે સર્વે જમી આવ્યા. પછી મહારાજ બોલ્યા જે, "સર્વે જમ્યા ?" ત્યારે સર્વે બોલ્યા જે, "બીજા તો જમ્યા, પણ ભગુજી અને જેહોજી બાકી છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ બે બાકી છે, ત્યારે તો જમ્યું જ છે કોણ ? ને એ બે જણા તો પ્રેત છે. માટે ઘંટીઓ મંડાવો ને બીજા રોટલા ઘડાવો, ને દાળનાં કૂંડાં ભરાવો, ત્યારે એ બે જણનું પૂરું થાશે." એમ કહીને બોલ્યા જે, "હે પ્રેતો, થોડું જમજો." એમ લીલા કરતા હતા.

પછી ત્યાંથી મહારાજ ચાલ્યા તે સાલેમાળમાં જાતાં જેઠો ગોવાળિયો અને મેરામણ ગોવાળિયો મળ્યા. મહારાજની વેલ જોઈને તે બોલ્યા જે, "ભણે મહારાજ, છોરડાં ભૂખે મરતા છે, તે ખરચી આપતા જાઓ." પછી વેલમાં મહારાજ બેઠા થઈને હાથમાં ઉઘાડી તલવાર લઈને હિન્દુસ્તાની બોલી બોલતા થકા બોલ્યા જે, "આવ ઓરો, ખરચી આપું." ત્યારે તે જેઠો ગોવાળિયો અને મેરામણ ગોવાળિયો એમ બોલ્યા જે, "બરછી નથી, નહિ તો જીવતા મેલત નહીં." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારી પંખાળી ઘોડી ન મળે, નહિ તો તમને પણ જીવતા મેલત નહીં."

એમ મહારાજ બોલે છે, એટલામાં ભગુજી માર્ગ જોવા સારુ આગળ ચાલતા હતા તે ઊભા રહ્યા. ને અસ્વાર પણ વાંસે રહ્યા હતા, તે આવી પૂગ્યા. તેને મહારાજે કહ્યું જે, "આ ભગુજી શૂરવીર થઈને ફરે છે, પણ ફોસી છે. કેમ કે આ જેઠો ગોવાળિયો ને મેરામણ ગોવાળિયો અમને મારવા સારુ આવ્યા હતા. તેની આગળ એમ બોલ્યો જે, 'બાપજી, મારશો મા.' એમ કહીને પગે લાગ્યો. ને આ મૂળજી બ્રહ્મચારી તે બોકડાના સરખી દાઢી ને મોટી ડાંગ ખભે લઈને

અમારા ભેળો ચાલ્યો આવે છે, તે પણ તેને કરગર્યો ને એમ બોલ્યો જે, 'બાપજી મારશો નહીં." ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "જૂઠું શા સારુ બોલો છો ? ક્યારે હું પગે લાગ્યો છું ? ને કરગર્યો છું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "હા હા પગે લાગ્યો ને કરગર્યો." પછી અસ્વાર બોલ્યા જે, "મહારાજ, અમે કેડે જાઈએ ?" એમ કહીને વાંસે ગયા પણ ભેળા ન થયા.

❋ ગઢપુરમાં મહારાજની માનુષી લીલાઓ

પછી મહારાજ **ગઢપુર** પધાર્યા ને જીવા ખાચર આદિક હરિજન દર્શને આવ્યા. તેને મહારાજ કહે, "જીવા ખાચર, આ તલવાર અમે કોઠામાં મારી, તે એ કોઠો ને તેમાં એક લાખ આરબ ને એક તોપ તે સર્વે કપાઈ ગયાં." એમ વારંવાર ખાટલા ઉપર બેઠા થકા બોલતા હતા. તે જોઈને જીવા ખાચર બોલ્યા જે, "ભણે ભગુજી, આમ કાણું કરે છે ?" ત્યારે ભગુજી બોલ્યા જે, "ભણે બા, ઉઠ્યો જોઈએ છીએ."

પછી મહારાજ બોલ્યા જે, "લાધા ઠક્કર, આ અમારી તલવાર સજાવવા સારુ પાંચ રૂપિયા લાવો." પછી લાધો ઠક્કર જાણે જે, અર્ધા રૂપિયાની તલવાર છે, તેના પાંચ રૂપિયા સજાણ[૧] શું કરશે ? એમ જાણીને બોલ્યા જે, "લાવો મહારાજ, બરવાળામાં તલવાર સજનારા સારા છે, તે ત્યાં મોકલીએ." એમ કહીને તલવારને પથ્થરે ઘસાવીને પાંચ દિવસ વીત્યા પછી લાવ્યા. તે જોઈને મહારાજ બોલ્યા જે, "શી તલવાર થઈ છે ! ને ફૂલ ધાર આવી છે."

પછી મહારાજ બોલ્યા જે, "ભગુજી, રાજગરાં[૧] લાવ તો જમીએ." પછી ભગુજીએ આખા ગામમાં રાજગરાની ખબર કઢાવી પણ ન મળ્યાં. પછી ભગુજી ગામ બારા રસ્તે ચાલ્યા ત્યાં એક રાવળ ઘોડે ચડીને હાથમાં બે રાજગરાં લઈને માર્ગે ચાલ્યો આવે. તેને જોઈને ભગુજી બોલ્યા જે, "આ રાજગરાં અમને આપશો ? તેના જે પૈસા થાય તે

૧.ધાર કઢાવવાનો ખર્ચ ૨.એક પ્રકારના ચીભડાં

તમને અમે આપીએ." ત્યારે તે બોલ્યો જે, "તમારે કેને માટે જોઈએ છીએ ?" ત્યારે ભગુજી બોલ્યા જે, "અમારા ગુરુ જે સ્વામિનારાયણ છે, તેને માટે જોઈએ છીએ." પછી તે રાવળ બોલ્યો જે, "મારે પૈસા તો જોઈતા નથી, પણ હું મારે હાથે તમારા ગુરુને આપું." ત્યારે ભગુજીએ કહ્યું, "ચાલ. તું તારે હાથે આપ." પછી તેણે આવીને મહારાજને રાજગરાં આપ્યાં. તેને મહારાજ પોતે સુધારીને જમવા મંડ્યા ને બોલ્યા જે, "આ લોકની આ ચીજ નથી, આ તો શ્વેતદ્વીપમાંથી લાવ્યો છે. તે વિના આવું હોય નહીં. માટે લાધા ઠક્કર અમારો બસો રૂપિયાનો રેંટો લાવો ને ત્રણસો રૂપિયા રોકડા લાવો. પછી લાધા ઠક્કરે મહારાજને લાવીને આપ્યા. ને મહારાજે રાવળને આપ્યા. ને લાધા ઠક્કરે ડોઢીએ[૧] પાળાને સંભળાવ્યું જે, "રાવળ પાસેથી સર્વે લઈ લેજો ને એક રૂપિયો આપજો. ને મહારાજ તો મંદવાડમાંથી ઊઠ્યા છે, તે ગાંડા થયા છે." પછી પાળાએ રાવળ પાસેથી સર્વે લઈ લીધું, ને એક રૂપિયો આપીને કાઢી મેલ્યો. ॥૧૪૫॥

૧૪૬. કાઠી દરબારોને સુખ આપ્યું અને કસણી કરી.

કોઈક સમે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "કોઈ ઘોડા ભેળા લેશો મા ને આપણે સર્વે પગપાળા ચાલશું." એમ કહીને પોતાના ભક્ત કાઠીને પગપાળા ભેળા લઈને સોરઠ દેશમાં ગામોગામ ભક્તને સુખ દેવા સારુ ફર્યા. તે જે હરિભક્ત મહારાજને પોતાને ગામ તેડવા આવે તે પ્રત્યે મહારાજ એમ બોલતા હતા જે, "આ સર્વે કાઠી છે, તે દૂધ-સાકર ને ચોખાના જમનારા છે. તે જે અમને દૂધ-સાકર ને ચોખા જમાડે તેને ગામ આવશું." એમ મહારાજ ઠેરાવ કરીને જે જે હરિજન દૂધ, ચોખા ને સાકર જમાડવાની હા પાડે, તેને તેને ગામ જમવા સારુ પધારતા હતા. ને કાઠીઓને એક માસ પર્યંત સારી પેઠે દૂધ, ચોખા ને સાકર જમાડીને પુષ્ટ કર્યા.

૧.પ્રવેશદ્વાર આગળ પહેરાના માણસોને બેસવા માટેની પડાળી-ઓસરીએ

મહારાજ એક દિવસ **માણાવદર** પધાર્યા ને ત્યાં જમવા બેઠા, તે ચોખામાં કાંકરી હતી. તે જાણે આ કાઠી મયારામ ભટ્ટનો ઉપહાસ કરશે તે સારુ મહારાજ બોલ્યા જે, "આજ એક પ્રકરણ ફરે છે, તે જે ચાવે તે વિમુખ." એમ મહારાજે પ્રકરણ ફેરવ્યું. પછી પંચાળેથી ઝીણાભાઈ મહારાજને તેડવા સારુ આવ્યા. તે ઝીણાભાઈ એમ બોલ્યા જે, "મહારાજ, આપ કાઠીએ સહિત અમારે ગામ પધારો ને સર્વેને દૂધ, સાકર ને ચોખા જમાડશું." પછી મહારાજ બોલ્યા જે, "અમે તો એક પ્રકરણ ફેરવ્યું છે, તે જે ખાણની ખોરી જારના રોટલા જમાડે તેને ગામ જાવું. તે તમે ખોરી જારના રોટલા જમાડો તો તમારે ગામ આવીએ." ત્યારે ઝીણાભાઈ બોલ્યા જે, "બહુ સારું મહારાજ, તમો પધારો ને મારે ખાણની ખોરી જાર તૈયાર છે."

પછી મહારાજ કાઠીએ સહિત ગામ **પંચાળે** પધાર્યા. ને પછી મહારાજ જમીને કાઠીઓ સર્વેને જમવા બેસારીને જારના રોટલા પિરસાવ્યા. પછી અલૈયો ખાચર રોટલાનું ડગળું લઈને મોઢે અડાડે, એટલે ભૂંડી દુર્ગંધ આવે તે રોટલો પાછો ભોંયે મેલે. તે જોઈને સુરા ખાચર બોલ્યા જે, "મહારાજ, ભણે અલૈયો સ્વાદ કરે છે. તે રોટલો મોઢે અડાડીને પાછો ભોંયે પડ્યો મેલે છે." પછી મહારાજ બોલ્યા જે, "અલૈયા ખાચર, કેમ સ્વાદ કરો છો ?" ત્યારે અલૈયો બોલ્યો જે, "ભણે બા, આ લાકડું મોઢામાં પેસે છે, પણ આ રોટલો પેસતો નથી." એમ મહારાજે કાઠીઓને એક માસ પર્યંત ખાણની ખોરી જાર જમાડી હતી. ને કાઠી જેવા પુષ્ટ હતા, તેવા દુર્બળ થઈ ગયા.

પછી જૂનાગઢની આણીકોરે પાછા વળ્યા ત્યારે કોઈક ગામમાં કોઈક હરિભક્તે જારનો લોટ લાવી દીધો ને શાક સારુ તાંદળજો લાવી દીધો. પછી મહારાજ જારના લોટને તપેલામાં અડવાળીને[૧] તાંદળજાને સુધારીને તે ભાજીનાં ડાંખલાં લોટમાં નાખીને કાઠીઓને પીરસતા હતા.

૧.પાણીમાં પલાળી-ભેળું કરીને

તે જોઈને સુરા ખાચરે હરિજન પાસે બે રોટલા મંગાવ્યા. ને મહારાજ કહે, "જમો, કેમ બેસી રહ્યા છો ?" પછી સુરો ખાચર બોલ્યા જે, "આ તો ભણે બા, ડબક ડબક થાતો છે, તે જમ્યો નથી જાતો."

પછી ત્યાંથી ચાલ્યા. તે કોઈ ગામમાં ગુણબુદ્ધિવાળા વૈરાગીએ રોક્યા ને તેણે તો ભારે દૂધ, ચોખા ને સાકર કરાવ્યાં. તે મહારાજ જમ્યા ને કાઠીઓને કહે, "ખૂબ જમજો, આજે ચાલવું નથી." તે કાઠી એક માસના ભૂખ્યા હતા, તે સારી પેઠે જમ્યા. પછી મહારાજ બોલ્યા જે, "તૈયાર થાઓ, ચાલો." પછી સુરા ખાચરે બે ઘોડા મંગાવ્યા. તે જોઈને મહારાજ બોલ્યા જે, "આ ઘોડા કોણે મંગાવ્યા છે ? અલ્યા ભોલ[૧] ! તેં મંગાવ્યા છે કે ?" એમ સુરા ખાચરને કહીને બોલ્યા જે, "પાછા લઈ જાઓ." પછી હરિજન ઘોડા પાછા લઈ ગયા ને પછી મહારાજ ચાલતા દોડવા મંડ્યા ને એમ બોલ્યા જે, "કેડે રહે તેને કાલે ઉપવાસ કરવો પડશે." પછી સુરો ખાચર કેડે રહ્યા ને એમ બોલ્યા જે, "ઊભા રહો, ઊભા રહો. મારે કાલ ઉપવાસ પડશે." ત્યારે મહારાજ બોલ્યા જે, "કોઈ ઊભા રહેશો મા." એમ પાંચ ગાઉ બધાને દોડાવ્યા. પછી મહારાજ બોલ્યા જે, "મૂછે તા નાખે[૨] તે વિમુખ." પછી અલૈયા ખાચરે મોઢેથી માંખ ઉડાડી. એટલે સુરા ખાચર બોલ્યા જે, "ભણે બા, અલૈયે મૂછે તા નાખ્યો, તે વિમુખ."

ઝીંઝાવદરમાં મહારાજે આ પ્રકરણ ફેરવ્યું જે, જમતાં જેના ઉપર પ્રથમ હાથ પડે તે જમવું. પછી સુરા ખાચરનો પ્રથમ ગાજરના અથાણા ઉપર હાથ પડ્યો. તે મીઠું ઘણું ને ગાજર ઝાઝા હતા એટલે સુરા ખાચર કીર્તન બોલ્યા જે, "ગાજરડાં મારા વૈરી રે.." પછી મહારાજ બોલ્યા જે, "રહેવા દ્યો." એમ મહારાજ અનેક લીલાઓ કરીને કાઠીઓને અલૌકિક સુખ આપતા હતા. તે ભાગવતમાં કહ્યું છે જે, '**...साकं विजहृरुः कृतपुण्यपुञ्जाः।।**'[૩] ।।૧૪૬।।

૧.મોટા પેટાળા; જાડિયા ૨.રૂઆબમાં મૂછે વળ દઈ પોતાનો વટ જણાવે. ૩.ગતજન્મમાં જેમણે ઘણાં બધાં પુણ્ય કર્યાં હોય છે, એવા ભક્તો ભગવાન સાથે વિવિધ પ્રકારની ક્રીડાઓ કરતા થકા વિહાર કરતા હતા.(ભાગ.૧૦/૧૨/૧૧)

૧૪૭. શ્રીહરિની નિંદા કરવા આવેલ ચારણ સ્તુતિ કરવા લાગ્યો.

અને કોઈક સમયમાં શ્રીજીમહારાજ કાઠીના અસ્વાર સહિત **જેતપુર**માં પધાર્યા ને ત્યાં ચોરામાં ઊતર્યા. તે ગામના ગરઢેરા[૧] કાઠીને અવિદ્યા હતી. તે ચારણને શિખવી ને તે પાસે મહારાજની નિંદા કરાવવા સારુ તેને આગળ કરીને તે સર્વે ગરઢેરા કાઠી મહારાજ પાસે આવ્યા. તે ચારણની બુદ્ધિ મહારાજે ફેરવી નાંખી. તે મહારાજને દેખીને સામો સ્તુતિ કરવા મંડ્યો જે, "આ તો કૃષ્ણાવતાર જેણે ધાર્યો'તો ને જેણે રામાવતાર ધાર્યો'તો ને જેણે મચ્છ-કચ્છાદિક અવતાર ધારણ કર્યા હતા; તે જ સાક્ષાત્ સ્વામિનારાયણ છે." ત્યારે તે કાઠી બોલ્યા જે, "ભણે લીંડા, સમું બોલ." ત્યારે તે ચારણ બોલ્યો જે, "ગધેડીના તમે ભગવાનની નિંદા કરાવો તે હું કરું ?" એમ તેને ગાળો દેવા મંડ્યો. તે જોઈને મહારાજ રાજી થઈને પોતાની આંગળીએથી પચીસ રૂપિયાનો વેઢ કાઢીને આપ્યો. ॥૧૪૭॥

૧૪૮. કુંડાળે નાખેલ ઘોડીની સ્મૃતિથી પીલુ સાહેબનું કલ્યાણ

અને જ્યારે મહારાજ **સુરત**માં પધાર્યા ત્યારે પ્રથમ નવાબને ત્યાં પધાર્યા. ત્યાંથી સાહેબને ત્યાં પધરામણીએ પધાર્યા. ને ત્યાંથી અરદેસરને ત્યાં પધાર્યા ને અરદેસરે મહારાજની પૂજા કરી. પછી મહારાજ બોલ્યા જે, "હવે શું કરીએ ?" પછી અરદેસર બોલ્યા જે, "મહારાજ, જેમ દાદા ખાચરના દરબારમાં કરતા હો તેમ કરો."

પછી મહારાજે બે ચાર કીર્તન બોલાવ્યાં. પછી મહારાજ ઘોડીએ અસ્વાર થઈને ઘોડીને કુંડાળે નાખીને અરદેસરના ભાઈ જે પીલુ સાહેબ તે પ્રત્યે મહારાજ બોલ્યા જે, "પીલુ સાહેબ, તમે આટલી સ્મૃતિ રાખજો,

---
૧.મોટેરા

ભૂલશો મા.” એમ ઘોડી કુંડાળે નાંખીને પીલુ સાહેબને તેની સ્મૃતિ રખાવીને ત્યાંથી મહારાજ ઉતારે પધાર્યા.

પછી કોઈક સમે પીલુ સાહેબે દેહ મેલ્યો ત્યારે તે બોલ્યા જે, “અરદેસર, આ સ્વામિનારાયણ આવ્યા છે. તેમણે ઘોડી શી કુંડાળે નાંખી છે !” એમ કહીને દેહ મેલ્યો. એમ મહારાજ તે વાતની સ્મૃતિ રખાવીને તેડી ગયા. ॥૧૪૮॥

૧૪૯. ધ્રાંગધ્રાના ભવાની શંકરને દેહાંતસમયે તેડી ગયા.

અને ગામ **ધ્રાંગધ્રા**ના વિપ્ર ભવાનીશંકર ત્યાંના દરબારના કામ સારુ ભાવનગર ગયા હતા. તે વળતાં માર્ગમાં ગઢપુર આવ્યું. તે જાણે ‘લોકો સ્વામિનારાયણને ભગવાન કહે છે, તે ભગવાન હોય કે ન હોય પણ જોતા તો જઈએ કે એ કેવા છે !’ એમ જાણીને મહારાજનાં દર્શન કરીને ઘેર આવ્યા. ને એમ બોલ્યો કે, “જેશંકર, સ્વામિનારાયણ ભગવાન હોય કે ન હોય પણ એમનાં નેત્ર બહુ રૂપાળાં છે.” એટલો એને ગુણ હતો. તે ભવાનીશંકરે જ્યારે દેહ મેલ્યો ત્યારે મહારાજ તેને તેડવા આવ્યા. ને તે એમ બોલ્યો કે, “જેશંકર, આ સ્વામિનારાયણ મને તેડવા આવ્યા છે. ને તે સ્વામિનારાયણનાં નેત્ર શાં રૂપાળાં છે !” એમ બોલીને તેણે દેહ મેલ્યો ને મહારાજ તેને તેડી ગયા. ॥૧૪૯॥

૧૫૦. મહારાજ બધાનાં સંકલ્પ તથા કર્મ કહેવા લાગ્યા.

અને ક્યારેક શ્રીજીમહારાજ સોરઠ દેશમાં કોઈ ગામમાં ઊતર્યા હતા. ને ત્યાં હરિભક્ત મહારાજના દર્શને આવ્યા. તેમાં એક હરિજનના મનમાં એમ સંકલ્પ થયો જે, ‘મહારાજ ભગવાન છે, ને મારે નિષ્કામ વર્તમાનમાં ફેર છે, તે જાણતા હશે ?’ પછી મહારાજે કહ્યું જે, “ઓલ્યો હરિભક્ત ઓલી સ્ત્રી સાથે ભ્રષ્ટ થયો છે, ને અમને એમ જાણે છે જે, મહારાજ ભગવાન છે, તે મારી વાત જાણતા હશે કે નહિ ?” પછી મહારાજે એના સંકલ્પને અને એના કર્મને અંતર્યામીપણે કરીને કહ્યાં. એટલે એ તો લાજે કરીને નાસી ગયો.

પછી ત્યાં બેઠા હતા, તેમનાં કર્મ ને સંકલ્પ કહેવા મંડ્યા એટલે સર્વે પણ પોતપોતાના ઘોડા ઝાલીને છેટે જઈને ઊભા રહ્યા. ને શ્રીજીની આંખો ચકર ચકર ફરવા માંડી. પછી સુરા ખાચર અલૈયા ખાચર પ્રત્યે બોલ્યા જે, "તારા બાપની આંખ ફરે છે, તે કોઈકનું કામ કાઢી નાંખશે[૧]." પછી મહારાજ બોલ્યા જે, "કેમ તમે છેટે જઈને ઊભા છો ? ઓરા આવો." પછી મહારાજ પ્રત્યે અલૈયો ખાચર બોલ્યા જે, "મોરે તો કાંઈક થયું હશે, પણ સત્સંગ થયા પછી તો કાંઈ અવળું નથી કર્યું." પછી મહારાજ બોલ્યા જે, "અમને ક્યાં ખબર પડે છે, આ તો અત્રે જ કાંઈક થઈ ગયું છે." ॥૧૫૦॥

૧૫૧. સુરા ખાચરને દેહનું અંદરનું સ્વરૂપ દેખાડ્યું.

કોઈક સમયને વિશે મહારાજ સોરઠ દેશમાં કોઈ એક તળાવને કિનારે વૃક્ષ હતાં, ત્યાં કાઠી ને અસ્વાર સહિત ઊતર્યા. ને ત્યાં ઢેઢના છોકરા હતા, તેને મહારાજ કહે, "અલ્યા, તું કોણ છું ?" ત્યારે તે બોલ્યો જે, "બાપજી, ઢેઢ છું." ત્યારે મહારાજ કે, "હું આત્મા છું, એમ કહે." ત્યારે તે કહે, "હું આત્મા છું, હું આત્મા છું." ત્યારે મહારાજ કહે, "અલ્યા, તું કોણ છું ?" ત્યારે તે કહે, "બાપજી, હું ઢેઢ છું." ત્યારે મહારાજ કહે, "સો વાર કહે જે, "હું આત્મા છું." ત્યારે તેણે સો વાર એમ કહ્યું. પછી પૂછ્યું જે, "અલ્યા, તું કોણ છું ?" ત્યારે તે બોલ્યો જે, "હું ઢેઢ છું."

ત્યારે મહારાજ કહે, "આ જીવ ઢેઢ મટતો નથી. પણ આ દેહમાં જે વસ્તુ છે, તેને ઉતારીને કૂંડાં ભર્યાં હોય તો તેની વચ્ચે બેસીને ખવાય ?" ત્યારે સુરા ખાચર બોલ્યા જે, "એમાં બેસીને કેમ ખવાય ?" ત્યારે મહારાજ કહે, "તમે શેમાં બેઠા છો ? ને દેહ જેવો માંહી છે તેવો બાહેર દેખાય, તો સામું જોવાય નહીં, ને કાગડા, કૂતરાં આવીને વળગી પડે તે હાંકવાં કઠણ પડે. ને વાલજી સુતારને માંહી

૧.ફજેત કરશે; નવરા કરી મેલશે.

દેહનું રૂપ દેખાણું, તો અન્ન-જળ પેટમાં રહ્યું નહીં, ને દેહ કૃશ થઈ ગયો.” ત્યારે સુરા ખાચર કહે, “મારો દેહ જાડો છે, તે પાતળો થાય તો ઠીક.” ત્યારે મહારાજ કહે, “માંહી જેવો છે, તેવો દેખાડીએ તો દૂબળો થાય.” ત્યારે તેમણે કહ્યું જે, “માંહી જેવો છે, એવો દેખાય તો ખવાય પિવાય કેમ ? ને માંહી રહેવાય કેમ ? માટે માંહી તો ન દેખાય તો ઠીક.” ત્યાં તો મહારાજે એમની નેત્રની વૃત્તિ ઝાલીને માંહી ઉતારીને જેવો દેહ છે તેવો દેખાડ્યો. પછી સુરા ખાચર બાહેર દેહમાં આવ્યા ને “અરરર..! આવા ભૂંડા દેહમાં કેમ રહેવાય ?” એમ કહેવા લાગ્યા. ને અન્નજળ પણ પેટમાં ટકે નહીં ને કૃશ થઈ ગયા. ॥૧૫૧॥

૧૫૨. શ્રીહરિને તો ઉગારવા છે, પણ જીવ એના સ્વભાવે માયામાં તણાય છે.

અને કોઈક દિવસ શ્રીજીમહારાજ કાઠીના અસવાર ભેળા લઈને વરતાલે જતા હતા. ને મોટા મહેમદાવાદવાળા દુર્લભરામ વડાદરા વિપ્ર પણ ભેળા હતા. ને કોઈક ગામની ભાગોળે બપોરા કરવા ઊતર્યા હતા. ને જ્યારે ચાલવાનો સમય થયો, ત્યારે દુર્લભરામ ઘોડી પાવા આગળ થયો, પણ ઘોડી ચાલે નહીં. ત્યારે મહારાજ કહે, “જો ઘોડી બળવાન હશે તો નહિ જાય, ને જો દુર્લભરામ બળિયો હશે તો લઈ જાશે. એમ આ જીવને માયામાં હેત છે, ને ભગવાનને માયામાંથી કાઢવા છે.” ત્યારે સુરા ખાચરે કહ્યું કે, “ભણે બા, ઠેઠ લઈ જાજો, વચમાં મેલશો નહીં.”

ત્યારે મહારાજ કહે, “અમારે તો ઠેઠ લઈ જાવા છે, પણ એના સ્વભાવે તણાઈ જાય તેમાં અમે શું કરીએ ? જેમ, એક વાદી હતો. તે ભેળે એક માંકડું તથા બોકડું તથા સર્પનો કંડિયો હતો. તે નદી ઊતરવા માંડ્યો ને વરસાદનાં ફોરાં પડવા માંડ્યાં. એટલે ખભે બેઠેલ જે માંકડું તેણે વાદીના માથા ઉપર જે સર્પના કંડિયાનું ઢાંકણું હતું, તે લઈને પોતાને માથે મેલ્યું. એટલે સર્પને છાંટા અડ્યાં. તેણે કરીને સર્પ કૂદીને

જળમાં પડ્યો. તેને વાદી ઝાલવા ગયો એટલે હાથમાંથી બોકડું મુકાઈ ગયું. તેને ઝાલવા ગયો એટલે માંકડું ખભેથી પડી ગયું. એમ એ સર્વે તણાઈ ગયાં ને એકલો વાદી ઊતર્યો, તેમ. ॥૧૫૨॥

૧૫૩. અલૈયા ખાચર યુક્તિથી શ્રીહરિની રક્ષા કરીને વર પામ્યા.

અને શ્રીજીમહારાજ કાઠીના અસવાર ભેળા લઈને સોરઠ દેશમાં કોઈક ગામમાં બપોરા કરવા ઊતર્યા. ને બપોરા કરીને હવાડે ઘોડા પાવા ઊભા રહ્યા. ને તે ગામનો બાવો અવિદ્યાવાળો, તે ગામના બસો લોકોને લઈને આવ્યો. ને સર્વે અસ્વાર ઘોડા પાઈને માર્ગે ચાલતા થયા. ને મહારાજ ને અલૈયા ખાચર કેડે રહ્યા ને ઘોડાને પાવા માંડ્યા, એટલે ગામના લોક ને બાવો તે મહારાજને મારવા સારુ વીંટાઈ વળ્યા. ત્યારે અલૈયા ખાચરે જાણ્યું જે, બાવો દગામાં છે[૧]. એમ જાણીને એણે જે પોતાની ઘોડી પાછી ખેંચી, એટલે તેને ધક્કે કરીને બાવો પડી ગયો. ને મહારાજને મારવા સારુ પોતાની સોડમાં તલવાર હતી, તે છેટે જઈ પડી ને લોક આડાઅવળા થઈ ગયા. એટલે મહારાજ ઘોડી દોડાવીને ચાલી નીસર્યા. ને લોકે જાણ્યું જે, કાઠીએ બાવાને માર્યો. એટલે અલૈયા ખાચરે ફેર ઘોડીને ખેંચી, એટલે ઘોડી ઝાડ થઈ ને અલૈયાખાચર પડી ગયા. પછી ઘોડી ઊભી થઈ એટલે કૂદીને ચડી ગયા. ને ઘોડી દોડાવીને મહારાજ ભેળા થયા. ને લોકે જાણ્યું જે, ઘોડી જ નકારી છે, પણ કાઠીનો વાંક નથી. પછી મહારાજ ને અલૈયા ખાચર ઘોડા દોડાવીને અસ્વાર ભેળા થયા.

પછી મહારાજ બોલ્યા જે, “આજ તો અમને અલૈયા ખાચરે જિવાડ્યા, નહિ તો જરૂર એ બાવો મારત. તે અલૈયા ખાચર, તમે માગો, જે માગો તે આપું.” પછી અલૈયા ખાચર બોલ્યા જે, “મહારાજ, અમે તો જીવ છઈએ તે ભૂલી જાઈએ, પણ તમે જેવા હમણાં રાજી છો તેવા

૧.દગો કરવાના ઈરાદાવાળો

ને તેવા રાજી રહેજો, પણ અવગુણ સામું જોશો મા.” ત્યારે મહારાજ કહે, “ઠીક.” એમ તે અલૈયા ખાચરને મહારાજે વર આપ્યો. ॥૧૫૩॥

૧૫૪. મારવા તૈયાર થયેલ પાળિયાદ ગામની સોંસરવા શ્રીહરિ વાજતે ઢોલે નીકળ્યા.

કોઈક દિવસ મહારાજ ભારે અમૂલ્ય જરિયાની વસ્ત્ર-ઘરેણાં ધારણ કરીને સર્વે કાઠીના અસ્વાર ભેળા લઈને સારંગપુર, લોયા, નાગડકે થઈને પાળિયાદ પધાર્યા. ત્યાંના કાઠી એમ બોલતા હતા જે, “સ્વામિનારાયણ આપણે ગામ આવે તો મારવા છે.” અને તે ગામના સર્વે લોકે જાણ્યું જે, આ તો કોઈકની જાન છે. એમ જાણીને ઢોલી ઢોલ લાવીને વગાડવા મંડ્યા. તે જાણીને કાઠી આવીને ઢોલીને કહે, “વગાડીશ મા.” ત્યારે સુરા ખાચરે કોઈ ન જાણે તેવી રીતે તેમને એક-એક રૂપિયો આપ્યો. એટલે ઢોલી એમ બોલ્યા જે, “અમને આ કાઠી મારે છે, તે સારુ અમે ઢોલ વગાડીએ છીએ.” અને તે પાળિયાદના કાઠી જે તે મહારાજ ભેળા અલૈયા ખાચર, સુરા ખાચર, સોમલા ખાચર આદિક મહા શૂરવીર ને ગામના મોટા ગરઢેરા જોઈને કાંઈ બોલી શક્યા નહીં. અને એમ બોલ્યા જે, “સ્વામિનારાયણને મારવા હતા, પણ આ તો વાજતે ઢોલે ગામમાંથી ચાલ્યા !”

❋ મારવા તૈયાર થયેલ પીપરડીના કાઠી આળસી ગયા.

પછી આગળ જઈને સોમલા ખાચર મહારાજ પ્રત્યે બોલ્યા જે, “મહારાજ, પીપરડીનો કાઠી ભણે એમ બોલતો હતો જે, ‘સ્વામિનારાયણ અમારા ગામમાં આવે તો અમારે મારવા છે.’ તે એ ગામના કાઠીને આગળથી ખબર કરીએ ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “ભલે, ખબર કરો.” પછી સોમલા ખાચરે આગળ જઈને ખબર કરી જે, “સ્વામિનારાયણ તમારે ગામ આવ્યા છે, મારવા હોય તો...” ત્યારે તે કાઠી મહારાજને મારવા સારુ આવ્યા, પણ મહારાજ ભેળે ભારે શૂરવીર હથિયારબંધ અસવારોને જોઈને મારવાનું આળસી ગયા.

❋ કોટડામાં મહારાજે જરિયાની વસ્ત્રો પહેરી દર્શન દીધાં.

અને મહારાજ ત્યાંથી ચાલ્યા ને નાજા જોગિયાને કહે કે, "આ જરિયાની વસ્ત્ર રાખો, તે અમારે પહેરવાં નથી. ને કોઈને કહેશો મા જે, ભેળાં રાખેલાં છે. ને તમે આગળ જઈને કોટડે ખબર કરો કે, મહારાજ આવે છે."

પછી નાજા જોગિયાએ આગળ જઈને મહારાજના સમાચાર કહ્યા. પછી તે કાઠી બોલ્યા જે, "ભણે નાજા જોગિયા, મહારાજે ડભાણના યજ્ઞમાં ભારે અમૂલ્ય જરિયાની વસ્ત્ર પહેર્યાં હતાં. તે ભણે હવે ક્યારેક જ પહેરે છે ? ને તે ભેળાં છે ?" ત્યારે તે નાજા જોગિયા બોલ્યા જે, "ભેળાં તો છે, પણ મહારાજે ના પાડી છે જે, પહેરશું નહીં. ને કોઈ પૂછે તો કહેશો પણ નહિ કે ભેળાં છે."

પછી મહારાજ કોટડે પધાર્યા અને દરબારમાં આવીને વિરાજમાન થયા. ને સર્વે હરિજન કાઠી આવીને પગે લાગીને મહારાજ આગળ બેઠા. પછી તે કાઠી બોલ્યા જે, "ભણે મહારાજ ! કૃપા કરીને ડભાણના યજ્ઞમાં જે વસ્ત્ર પહેર્યાં હતાં, તે વસ્ત્ર પહેરીને અમને દર્શન દ્યો."

પછી મહારાજ બોલ્યા જે, "એ વસ્ત્ર તો અમે પહેરતા નથી, ને ભેળાં પણ નથી." ત્યારે તે બોલ્યા જે, "ના મહારાજ, ભણે નાજા જોગિયા ભણતા[૧] છે કે, ભેળાં તો છે." પછી મહારાજ બોલ્યા જે, "ભોળા ખરા કે નહીં ?"

પછી મહારાજ નાજા જોગિયા સામું જોઈને કહે, "લાવો પહેરીએ." પછી મહારાજે તે વસ્ત્ર-ઘરેણાં પહેરીને દર્શન દીધાં. તે મહારાજનાં દર્શન કરીને ચાર જણને સમાધિ થઈ ગઈ. એમ મહારાજની સર્વે ક્રિયા કલ્યાણકારી છે. ॥૧૫૪॥

૧.કહે

૧૫૫. પીપળીમાં નટના છોકરા ઉપર બહુ રાજી થયા.

કોઈક સમે શ્રીજીમહારાજ ગામ **પીપળી**માં દાદાભાઈના ફળિયામાં વિરાજમાન હતા. ને આગળ સાધુ-હરિજનની સભા ભરાઈને બેઠી હતી. ને એક નટનું છોકરું મહારાજ આગળ સારંગી લઈને ગાવા મંડ્યું. પછી મહારાજ બોલ્યા જે, “અમથો શા સારુ ગાય છે ? અમારે તો કાંઈ આપવાનું નથી.” ત્યારે તે બોલ્યો જે, “બાપજી, મારે તો કાંઈ જોઈતું નથી. ને હું તો તમને પ્રસન્ન કરવા સારુ ગાઉં છું.”

પછી મહારાજ બહુ રાજી થયા. ને પોતાને માથેથી જરિયાની પાઘ ઉતારીને આપી ને શેલું તથા ડગલી તે ઉતારીને આપ્યાં. એ જોઈને સુરો ખાચર બોલ્યા જે, “ભણે નાગાજણ, તારા બાપની આંખ ફરી છે, તે કોઈકની ઘોડી ઉપાડીને દઈ દેશે. તે સારુ તારા ઘોડાને ઘોડીઓમાં છોડી મેલ.” પછી તેણે પોતાના કલકલિયા ઘોડાને ઘોડીઓમાં છોડી મેલ્યો. ને ઘોડાઓમાં કોલાહોલ થયો એટલે મહારાજ ત્યાં પધાર્યા. ॥૧૫૫॥

૧૫૬. વૌઠાના સમૈયામાં શિવપૂજારીને દાન

અને મહારાજે **વૌઠે** સમૈયો કર્યો. ને સર્વે સંઘને કહ્યું જે, “સર્વે અમારા સારુ થાળ કરજો.” પછી બધા થાળ કરીને લાવ્યા, તેને એક વસ્ત્રમાં ભેળા કરાવ્યા. ને પછી પોતે જમ્યા અને સંતોને જમાડ્યા. ને પછી મહારાજ સંતને ભેળા લઈને શિવજીનાં દર્શને પધાર્યા. ને ત્યાં પોતાનો જરિયાની પોશાક ઉતારીને પૂજારીને આપ્યો. ને પોતે હાથે પહેરેલાં ને કૂંચીએ કરીને ઊઘડે એવાં હજાર રૂપિયાનાં કડાં આપવા સારુ કાઢતા હતા, ત્યારે કાઠીએ જાણ્યું જે, આપી દેશે. તે સારુ મહારાજને કહે, “લાવો, હું કાઢી આપું.” પછી તે કૂંચીએ કરીને કડાં કાઢીને લઈ ગયો. પછી મહારાજ કહે, “ક્યાં ગયો ?” પછી તે કાઠી બોલ્યા જે, “બા, ભણે ભાગુ ગયો.” ॥૧૫૬॥

૧૫૭. શ્રીહરિએ દેહોત્સવ બાદ દાદા ખાચરને દિવ્ય દર્શન અને સમજણ આપી.

અને **ગઢપુર**માં મહારાજે દેહોત્સવ કર્યો ત્યારે મહારાજને વિમાનમાં પધરાવીને લક્ષ્મીવાડીએ અગ્નિસંસ્કાર દેવા સારુ આવ્યા. ત્યારે દાદા ખાચરને અતિશે શોક થયો, તેણે કરીને રુદન કરવા મંડ્યા. ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, “દાદા ખાચર ! તમે શોક કરીને રોશો નહીં. મહારાજ તો સદા અજન્મા છે, ને સદા સત્સંગમાં જ વિરાજે છે. તમે વાડીમાં ઓટે જઈ આવો.”

પછી દાદા ખાચર ત્યાં આવ્યા તે ઓટા ઉપર ભારે ભારે પુષ્પના હાર પહેરેલા ને તેજોમય એવા મહારાજને વિરાજમાન જોઈને અતિશે રાજી થયા ને પગે લાગ્યા. ને બોલ્યા જે, “અ..હો..હો.. હો.. મહારાજ ! તમે અહીં વિરાજમાન છો કે શું ?”

પછી મહારાજ બોલ્યા જે, “દાદા ખાચર, તમે અમારા ભેળા ઘણાં વર્ષ રહ્યા, પણ અમારો મહિમા યથાર્થ સમજ્યા નહીં. ને તમે અંતરદૃષ્ટિ કરીને અંતરમાં જુઓ.” એમ કહીને મહારાજે પોતાના ગળામાંથી હાર કાઢીને દાદા ખાચરને પહેરાવ્યો. પછી દાદા ખાચરે અંતર માંહી જોયું, એટલે તેજમાં તેજોમય મહારાજ દેખાણા. પછી બહાર જોયા એટલે અંતર્ધાન થઈ ગયા. પછી દાદા ખાચર હસતાં હસતાં મહારાજને અગ્નિસંસ્કાર કરતા હતા ત્યાં આવ્યા ને ગોપાળાનંદસ્વામીને સર્વે વાત કહી.

પછી ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, “મહારાજને તો દેહ ધારણ કરવો નથી ને મેલવો નથી. એ તો જેવા અક્ષરધામમાં છે, તેવા ને તેવા જ મનુષ્યાકૃતિ ધારણ કરી છે, તોપણ દિવ્યમૂર્તિ જ સદા વિરાજમાન છે; પણ આ તો કોઈક એમની લીલા છે. એમ જાણો ને આ હાર જે મહારાજે આપ્યો છે, તેની પૂજા કરજો પણ નાખી દેશો નહીં.” ॥૧૫૭॥

૧૫૮. શ્રીહરિના દેહોત્સવ બાદ વડનગરના વિપ્રોને દિવ્ય દર્શન

અને ગામ **વડનગર**ના બે ભિક્ષુક વિપ્ર તે કાઠિયાવાડમાં ભિક્ષાવૃત્તિ કરીને પાછા વળ્યા. તે જાણે મહારાજનાં દર્શન કરતા જઈએ એમ જાણીને ગઢપુરની સમીપે આવ્યા. એટલે મહારાજ કાઠીના અસ્વાર ભેળા લઈને સન્મુખ ચાલ્યા આવે, તે એ બે બ્રાહ્મણને મળ્યા. ત્યારે તે વિપ્ર પોતાના ખડિયા ખંભેથી નાખી દઈને દંડવત કરવા મંડ્યા. ત્યારે મહારાજ બોલ્યા, "જે રાખો, રાખો." ત્યારે તે બોલ્યા જે, "મહારાજ, અમે તમારે દર્શને આવીએ છીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "તમે ગઢપુર જાઓ ને અમે આમ જઈને આવીએ છીએ." એમ કહીને ઉત્તર દિશામાં ગયા. ને તે વિપ્ર ગઢપુરમાં ગયા. ત્યાં તો મહારાજને અગ્નિસંસ્કાર કરતા હતા. પછી તેમણે ત્યાં આ વાર્તા કરી. ને તે વિપ્ર પછી બ્રહ્મચારી હરિકૃષ્ણાનંદ ને રામચંદ્રાનંદ નામે થયા. તે અમદાવાદમાં હરિકૃષ્ણ મહારાજની સેવામાં રહ્યા. ||૧૫૮||

૧૫૯. અયોધ્યાપ્રસાદજી મહારાજ માણસાના અણદા ભાઈને અંતસમયે તેડી ગયા.

અને ગામ **માણસા**ના અણદાભાઈએ પ્રથમ અયોધ્યાપ્રસાદજી મહારાજને એમ કહ્યું હતું જે, "જ્યારે મારે અંત સમો થાય ત્યારે તમે મને દર્શન દેવા પધારજો." પછી તે જ્યારે માંદા થયા ને અંત સમો થયો ત્યારે તેમણે કાગળ લખાવીને રામાભાઈ સાથે મોકલીને મહારાજને બોલાવ્યા. તે મહારાજ કાગળ વાંચીને પાણી પીવા પણ ન રહ્યા. ને ડેલામાંથી ગાડી જોડાવીને ચાલ્યા, તે દિવસ ઊગ્યે માણસે આવ્યા. તે પાર્ષદો માર્ગમાં કોઈ અર્ધી રાત્રીએ, કોઈ પાછલી રાત્રીએ ભેળા થયા. અને મહારાજ અણદાભાઈને જોઈને બોલ્યા જે, "નાડી

નથી.” ત્યારે તે અણદાભાઈ બોલ્યા જે, “નાડી નથી, પણ આપ આંહીં રહેશો ત્યાં સુધી ફકર નથી.”

પછી મહારાજ બે દિવસ રહ્યા. ને તેમણે મહારાજની ભારે પૂજા કરી. ને મહારાજ તેમને મળીને ખડકી બહાર આવ્યા ને તેણે તરત દેહ મેલ્યો. ને મહારાજ **અમદાવાદ** પધાર્યા. ને અણદાભાઈએ દેહ મેલ્યો તે દિવસ ગામ ઈડરથી રાજા જુવાનસિંહજીએ પોતાના મામા જે અણદાભાઈ તેને માંદા જાણીને પોતાના ગોરને જોવા મોકલેલો. ત્યારે તે બ્રાહ્મણ માણસે આવતો હતો. પચાસ કાઠીના અસ્વાર ને મહારાજ તે અણદાભાઈને તેડીને જાતા હતા, તેમનાં દર્શન તેને થયાં. ત્યારે તે બ્રાહ્મણે તે અસ્વારને પૂછ્યું જે, “તમે ક્યાંથી આવો છો ?” ત્યારે તેણે કહ્યું જે, “અમે માણસેથી આવીએ છીએ.” ત્યારે વિપ્ર કહે, “ત્યાં ક્યાં ઊતર્યા હતા ?” ત્યારે તે અસ્વાર કહે, “અણદાભાઈના માઢમાં[1] ઊતર્યા હતા.” ત્યારે તે વિપ્ર કહે, “અણદાભાઈને કેમ છે ?” ત્યારે તે અસ્વારે કહ્યું જે, “સારું છે.” એમ દિવ્ય દર્શન દઈને ગયા. ને તે વિપ્રે તે દિવસે માણસે આવીને આ વાત કરી.

તેવી જ રીતે તેમના ચાકરને દિવ્યરૂપે દર્શન દીધાં. ને તેણે પૂછ્યું જે, “બાપા, ક્યાં જાઓ છો ?” ત્યારે તે બોલ્યા જે, “આણકોરે ગામ છે, ત્યાં જઈને આવીએ છીએ.” એમ કહ્યું ત્યારે તેણે માણસે આવીને આ વાત કરી. ને અણદાભાઈ મોટા મુક્ત હતા, એમ ગોપાળાનંદસ્વામીએ કહ્યું હતું. ॥૧૫૯॥

૧૬૦. ઓઝત નદીમાં મહારાજની દિવ્ય લીલા

અને ગામ **પીપલાણા**માં ઓઝત નદીના પૂરમાં મહારાજ એક ભક્ત ઉપર બેસીને ચાલતા હતા, ત્યારે ગાડું ચાલે એટલો પૂરમાં માર્ગ થાય. ને મહારાજ આ કાંઠેથી ઓલે કાંઠે જાય, ને તે કાંઠેથી આ કાંઠે આવે. એમ લીલા કરતા હતા. ॥૧૬૦॥

૧.મેડીવાળા મકાનમાં

૧૬૧. શ્રીહરિ ઓઝત નદીમાં છોકરાઓને સમાધિ કરાવતા

ને પૂર ન હોય ત્યારે તે નદીના ધરામાં માથાઢંક પાણીમાં મહારાજ પહોર બે પહોર પલાંઠી વાળીને બેસી રહેતા. અને ક્યારેક મહારાજ તે ગામના છોકરાને સમાધિ કરાવીને જળના ધરામાં નાખીને પોતે ગામમાં પધારે. પછી વખત થાય ત્યારે એક છોકરાને ઉઠાડવા મોકલે ને તે બોલે જે, "ચાલો મહારાજ બોલાવે છે." તે સર્વે છોકરા લાકડાની પેઠે તરતા હોય તે શબ્દ સાંભળીને તત્કાળ ઊઠીને આવતા. એમ મહારાજ તે ગામમાં ભારે ચમત્કાર દેખાડતા. ॥૧૬૧॥

૧૬૨. શ્રીહરિનો પ્રસાદીનો હાર પહેરવાથી સમાધિ થઈ.

અને કોઈક સમયમાં કાઠિયાવાડથી મહારાજ ગુજરાત આવતા હતા. ને મહારાજે પુષ્પનો હાર પહેર્યો હતો, તે તળાવમાં નાંખ્યો. તેને લઈ કોઈ મનુષ્યે પહેર્યો એટલે તેને સમાધિ થઈ. એટલે બીજા લોકોએ એમ જાણ્યું જે, આ મરી જાશે. તે માટે સ્વામિનારાયણ અત્ર છે, ત્યાં લઈ જઈએ. એમ ધારીને મહારાજ પાસે લઈ આવ્યા ને મહારાજને પૂછ્યું જે, "આ છોકરો મરી જાય છે, તેનું કેમ કરીએ ?" ત્યારે મહારાજે કહ્યું જે, "એની ડોકમાં હાર છે, તે કાઢી નાંખો એટલે જીવતો થશે." પછી એમ કર્યું ત્યારે તે ઊઠ્યો. ॥૧૬૨॥

૧૬૩. ઘોડીઓના વછેરાને દૂધ પાવા બકરીઓ ખરીદી.

શ્રીજીમહારાજ ૧૮૮૧ અઢારસો એકાશીની સાલમાં શ્રીવડતાલથી **દુર્ગપુર** પધારતા હતા. તે માર્ગમાં એક ભરવાડ બકરીઓ ચારતો હતો, તેને મહારાજે કહ્યું જે, "અમારી ઘોડીઓનાં વછેરાંને દૂધ પાવા સારુ બકરીઓ વેચાતી આપશો ?" ત્યારે તે કહે, "હા." પછી મહારાજ બોલ્યા જે, "જોધા, તું આ બકરીઓના સમૂહમાંથી સારી જોઈને બહાર કાઢ." પછી તેણે બકરીઓના ટોળામાંથી સારી સારી બકરીઓ બહાર કાઢી. એટલે તે ભરવાડ બોલ્યો જે, "આ સોનાની મૂઠવાળી તલવાર

બાંધીને પાળા જેવો જણાય છે, પણ તે અમારી નાતનો છે. તે વિના આવું ડહાપણ હોય નહીં." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમારી જાતિમાં બહુ ડહાપણ છે ?" તે ભરવાડ બોલ્યો જે, "સો નાગર ભેગા કરો તોય આવું ડહાપણ ન હોય." પછી મહારાજ કહે, "જુઓને કેવું જાતિનું અભિમાન છે !" ॥૧૬૩॥

૧૬૪. બાવાના દૃષ્ટાંતે જીવના બદ્ધ સ્વભાવની વાત

મહારાજ **છપૈયે**થી ચાલ્યા, તે વનને વિશે કોઈ એક તળાવ આવ્યું ત્યાં એક બાવો રહેતો હતો. મહારાજે તેને પૂછ્યું જે, "આંહીંથી ગામ કિતને દૂર હૈ ?" ત્યારે તે બોલ્યો જે, "તિન કોસ દૂર હે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ખાવા-પીવાનું કેમ કરો છો ?" ત્યારે તે બોલ્યો જે, "ગામમાંથી માગી લાવું છું." ત્યારે મહારાજ બોલ્યા જે, "ત્યાં સમીપે રહેતો હો તો ?" ત્યારે તે બોલ્યો જે, "આંહીં મેં વડ બોયા હે, તે મેરે બેટેકું છોડકે કહાં જાઉં ?" એમ આ જીવનો બદ્ધ સ્વભાવ છે. ॥૧૬૪॥

૧૬૫. વર્જ્યાનંદસ્વામીના અવળા સંકલ્પ પર ઉપદેશ

મહારાજે ગામ તેરેથી વિસનગર સાધુ તથા હરિભક્ત ઉપર કાગળ લખ્યો જે, સર્વે અંતર્વૃત્તિ કરીને ધ્યાન-ભજન કરજો. તે સાંભળીને એમ કર્યું એટલે પ્રથમને દિવસે ચાર જણને સમાધિ થઈ. તે સમાચારનો પત્ર તેરે આવ્યો. તે સાંભળીને વર્જ્યાનંદ સ્વામીને મનમાં સંકલ્પ થયો જે, 'પિંડ-બ્રહ્માંડનો નિર્ણય કરીએ છીએ તેને સમાધિ નહિ, ને છોકરા ખોળામાં હંગે છે ને મૂતરે છે, તેને સમાધિ ?'

ત્યારે મહારાજ બોલ્યા જે, "જુઓને, બેઠા બેઠા કેવા સંકલ્પ કરે છે ?" ત્યારે વર્જ્યાનંદસ્વામી કહે, "ઠીક જ તો." ત્યારે મહારાજ કહે, "તમે એને જાણો છો ? એણે પૂર્વે સાધન કર્યાં હશે, ને કાં તો એ નવરા નથી, ને તમે નવરા છો, તે તમારી પાસે સાધન કરાવવાં છે. ને ધણીનો કોઈ ધણી છે ?" એમ મહારાજે કહ્યું. ॥૧૬૫॥

૧૬૬. મહારાજે કબૂતરોનું કલ્યાણ કર્યું.

અને **ગઢપુર**માં મહારાજ કોઈક સમે દાતણ કરીને ચાસટિયાની જાર ટોપલો ભરીને મંગાવીને નિત્ય કબૂતરને નાંખતા હતા. તે હજારો કબૂતર આવતાં. ને મહારાજ એમ બોલતા કે, “આ સર્વે સત્સંગીનાં છોકરાં થાશે ને એનું કલ્યાણ થાશે.” ॥૧૬૬॥

૧૬૭. વેરાગીનું જલેબી આપીને કલ્યાણ કર્યું.

અને કોઈક સમયને વિશે **ગઢપુર**માં મહારાજ સાધુની પંક્તિમાં જલેબી પીરસતા હતા. ત્યાં એક વેરાગી આવીને બેઠો હતો. તેને ટોપલો ભરીને જલેબી આપી ને મહારાજ એમ બોલ્યા જે, “એ જીવશે ત્યાં સુધી અમને સંભારશે ને એનું કલ્યાણ થાશે.” ॥૧૬૭॥

૧૬૮. ડચકાં ખાતા સસલાને વર્તમાન ધરાવ્યાં.

અને ક્યારેક મહારાજ સંઘ સહિત ગઢપુરથી વરતાલે પધારતા હતા. માર્ગમાં સંઘમાંથી કૂતરે નીસરીને સસલાને ઝાલ્યો. ને સંઘના જનોએ સસલાને મુકાવવા સારુ હડ હડ કર્યું, એટલે કૂતરો મેલીને છેટે થયો; પણ સસલો તો ડચકાં ખાવા મંડ્યો. એટલામાં મહારાજે આવીને વર્તમાન ધરાવ્યાં ને તેના મુખમાં ઉપરથી પાણી રેડ્યું. ને તે મહારાજનાં દર્શન કરીને સદ્‌ગતિ પામ્યો. એટલે કાઠી બોલ્યા જે, “મહારાજ, આ તો બહુ ભાગ્યશાળી ! કેમ કે, ભિષ્મપિતામહની પેઠે અંત સમે તમારાં દર્શન કરતાં કરતાં દેહ મેલ્યો.” ॥૧૬૮॥

૧૬૯. કાળિયાર મૃગનું કલ્યાણ કર્યું.

અને મહારાજ સંઘ અને કાઠીના અસ્વાર સહિત વડતાલે જાતા માર્ગમાં મૃગનું ટોળું આડું ઊતર્યું. તેને જોઈને કાઠી બોલ્યા જે, “આ મૃગલાં ડાબા ઊતર્યાં તે ઠીક નહીં.” પછી મહારાજે તેમને જમણું ઉતારવા સારુ ઘોડીઓને દોડાવી. તેણે કરીને મૃગનું ટોળું આડુંઅવળું

થઈ ગયું. એટલે મહારાજે કાળિયાર મૃગની વાંસે ઘોડી કરી. તે મૃગ દોડી દોડીને પોતાની મેળે થાકીને ઊભો રહ્યો. પછી મહારાજ તેની સન્મુખ ઊભા રહ્યા. ને કાઠી સર્વે ચારેકોર ઊભા રહ્યા. ને મહારાજ પાણીના કોગળા કરીને તેના મસ્તક ઉપર રેડે ને તે ચાટતો જાય. ને મહારાજ પોતાના ચરણારવિંદે કરીને તેનાં શિંગડાંને સ્પર્શ કરે તોય નીચું માથું કરીને ઊભો રહ્યો. પછી કાઠી બોલ્યા જે, "મહારાજ, આ તો કોઈક મોટા યોગી છે." પછી મહારાજ બોલ્યા જે, "આ જીવશે ત્યાં સુધી આપણને સંભારશે ને એનું કલ્યાણ થશે." ॥૧૬૯॥

૧૭૦. આંબાને થતા હરિયોગમાં શત્રુએ વિઘ્ન કર્યું.

અને પછી આગળ ચાલતાં ચાલતાં મહારાજ એમ બોલ્યા જે, "આપણે બપોરા કરવા છે, તે માટે કોઈક સારું વૃક્ષ હોય તો તેના હેઠળ બપોરા કરીએ." એમ કહીને બોલ્યા કે, "ઓલા બે આંબાનાં વૃક્ષ છે, તે હેઠળ જોઈ આવો જે, ઉતરાય એવું છે ?" પછી માણસો જોઈ આવ્યા. તે વૃક્ષ હેઠે કોઈક દિશા ફર્યો હતો, એટલે બીજે આંબે ઊતર્યા. પછી મહારાજ બોલ્યા જે, "ઓલ્યો કૂતરો સસલાનો મિત્ર હતો, તે આ સમે એનું મૃત્યુ કર્યું તે કલ્યાણ થયું. અને કોઈક આ આંબાનો શત્રુ હતો, તેણે તેના કલ્યાણમાં વિઘ્ન કર્યું, નહિ તો આપણે એને હેઠળ બેસત ને તેનું કલ્યાણ થાત." ॥૧૭૦॥

૧૭૧. થાણાગાલોલના માવા ભક્તને વર્તમાન ધરાવ્યાં.

અને થાણાગાલોલ ગામના પટેલના પુત્ર માવો ભક્ત હતા. તેણે એમ ધાર્યું કે, પ્રગટ ભગવાન મળે તો દેહ રાખવો, નહીં તો દેહને પાડી નાંખવો. તે સારુ ગિરનારની ગુફામાં અન્ન-જળ મેલીને તપ કરવા મંડ્યા. પછી તેને આકાશવાણીએ કહ્યું જે, "તું અન્ન-જળ મેલીને દેહ શા સારુ પાડી નાંખે છે ? સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે, તેનો આશરો કર તો કલ્યાણ થાશે." એમ ત્રણ વાર શબ્દ થયો.

પછી માવા ભક્તે જાણ્યું જે, ભગવાન પ્રગટ થયા છે ખરા. પછી ઘેર આવ્યા ને મહારાજના સમાચાર પૂછીને ધરમપુરમાં મહારાજનાં દર્શન કર્યાં. ને જે વખત મહારાજ મૂળજીને દર્શન દઈને આવતા હતા, તે સમે માવો ભક્ત બોલ્યા જે, "મહારાજ, મને વર્તમાન ધરાવો." પછી મહારાજે માથે હાથ મેલ્યો ને કહે, "આ વર્તમાન." એમ માવો ભક્ત તે સમે મહારાજનો નિશ્ચય કરીને ઘેર ગયા. ॥૧૭૧॥

૧૭૨. લક્ષ્મીરામને શ્રીહરિનો નિશ્ચય અને તેની માને ધ્યાનમાં શ્રીહરિનો ઉપદેશ

અને ગામ **લુણાવાડા**ના લક્ષ્મીરામ જાની ગિરનાર તીર્થ કરવા ગયા હતા. ને ત્યાં ગુરુ દત્તાત્રેયનાં પગલાંનાં દર્શન કરીને પાછા વળ્યા. ત્યારે તે પર્વતમાં તપસ્વી જોઈને મનમાં એમ થયું જે, 'આમના ભેળું તપ કર્યું હોય તો સારું; પણ ઘેરે પરવારીને આવું.' એમ વિચાર કરીને ઘેર આવ્યા. પછી કોઈક સમે સુથરામપરે ચીબુટા નદીએ ના'વા ગયા ને ત્યાં દાતણ કરતા હતા. તેને મહારાજે આકાશવાણી કરીને પોતાનો નિશ્ચય કરાવ્યો જે, 'સ્વામિનારાયણ ભગવાન છે.' એમ ત્રણ વાર શબ્દ થયો. એટલે તેણે ચારેકોર જોયું, પણ કોઈ મનુષ્ય ન દીઠું. પછી વળી શબ્દ થયો જે, 'સ્વામિનારાયણ ભગવાન છે.' એમ ફેર ત્રણ વાર આકાશવાણી થઈ.

પછી તો તે નાહી, ઘેર જઈને મંદિરમાં આવ્યા ને કૃષ્ણાનંદસ્વામી રામપરાના મંદિરમાં હતા, તેમની પાસે વર્તમાન ધારીને મહારાજનો નિશ્ચય કરીને ઘેર ગયા. એટલે એમની મા કહે, "તું સત્સંગ મેલે તો હું ખાઉં, નહિ તો નહિ ખાઉં." પછી તે કહે, "તું મરી જાય તોય સત્સંગ નહિ મેલું." ત્યારે તે ડોસી બોલી જે, "તું મને કોલ દે જે મારે સાધુ ન થાવું." પછી તે બોલ્યા જે, "જા, હું સાધુ નહિ થાઉં." એમ ઘણાંક વિઘ્ન આવ્યાં તોય સત્સંગ ન મેલ્યો. તે તેમની માએ લક્ષ્મીરામને એમ કહ્યું જે, "લક્ષ્મીરામ, તું સ્વામિનારાયણને ભગવાન કહે છે, તે જો મને દર્શન આપે તો હું ભગવાન માનું." પછી લક્ષ્મીરામ કહે, "ધ્યાન કરો તો દર્શન આપે."

પછી તે ડોસી એકાદશીને દિવસે રાત્રીએ ચોકો કરીને[૧] ઘીનો દીવો કરીને સોળે મહારાજના ધ્યાનમાં બેઠી તે ઊંઘી ગઈ. પછી મહારાજે દર્શન દીધાં ને એમ બોલ્યા જે, "તું લક્ષ્મીરામનો કેમ દ્રોહ કરે છે ? ને આ તારી છોડી છે તે તારી બીકે કરીને છાનું અમારું ભજન કરે છે. માટે એ પણ અમારી ભક્ત છે. તેનો દ્રોહ કરીશ મા." એમ મહારાજે કહ્યું. એટલે દ્રોહ મેલીને પાંચ માળા ફેરવવા લાગી. પણ ગોસાઈજીમાં મોટેરી હતી એટલે પ્રસિદ્ધ સત્સંગ કરી શકી નહીં. ॥૧૭૨॥

૧૭૩. આકાશવાણીથી કડવાલની કણબીબાઈને શ્રીહરિનાં દર્શન અને નિશ્ચય

અને ગામ ઝાલોદ પાસે **કડવાલ** ગામની કણબી બાઈ પોતાને ખેતરે ગઈ હતી. ને ત્યાં 'સ્વામિનારાયણ ભગવાન છે' એમ ત્રણ વાર આકાશવાણી થઈ. પછી તે બાઈ જાણે જે, ભગવાન પ્રગટ થયા ને હું રહી જઈશ. એમ જાણીને ગામ ગોઠીપ આવી ને ત્યાંથી મહારાજને દર્શને ગામ મછિયાવ સંઘ આવતો હતો, તેના ભેળી તે બાઈ મહારાજને દર્શને આવી. ને મહારાજનાં દર્શન કરીને તેને નિશ્ચય થયો. ॥૧૭૩॥

૧૭૪. પાણવીના પૂંજા ડોડિયાને આકાશવાણી

અને તેમજ ગામ **પાણવી**ના પૂજા ડોડિયાને સમુદ્રમાં શિવના લિંગને બાથ ભરી ત્યારે આકાશવાણી થઈ હતી. ॥૧૭૪॥

૧૭૫. ધોરાજીમાં હઠીસિંહ પર શ્રીહરિની કૃપા

અને કોઈક સમયમાં શ્રીજીમહારાજ ગામ **ધોરાજી**માં વિરાજમાન હતા. ને ગોંડલના રાજા હઠીભાઈ ધોરાજીમાં પોતાની કચેરીમાં બેઠા હતા. ત્યાં કોઈકે એમ કહ્યું કે, "સ્વામિનારાયણ આ ગામમાં પધાર્યા છે." ત્યારે તે રાજા બોલ્યા જે, "ચાલો, આપણે સ્વામિનારાયણ પાસે

૧.નીચે બેસવાની જગ્યા લીંપીને

જાઈએ." ત્યારે કોઈક ગરાસિયો બોલ્યો કે, "સ્વામિનારાયણ તો સાધુ છે, ત્યાં આપણે રાજાને શું કરવા જાવું પડે ?" ત્યારે તે રાજા બોલ્યા જે, "સાધુ પાસે તો જાવું."

પછી રાજા પોતાની કચેરીના માણસો સહિત મહારાજ પાસે ચાલ્યા. ત્યારે જે ગરાસિયાને ઘેર મહારાજ વિરાજમાન હતા, તે પણ કચેરીમાં બેઠો હતો. તે એમ વિચારીને ઊઠીને આગળથી ચાલ્યો જે, 'દરબાર મારે ઘેર મહારાજને દર્શને આવશે ત્યારે કસુંબો કઢાવવો પડશે ને પથેણાં પાથર્યાં જોઈશે ને પાંચ રૂપિયાનું મારે ખરચ પણ થાશે.' એમ સંકલ્પ કરીને તે આવીને મહારાજને એમ કહેવા લાગ્યો કે, "મહારાજ, દરબાર અહીં પધારે છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "અહીં દરબાર પધારે છે, ત્યારે ચાલો આપણે કુંભારને ઘેર."

પછી મહારાજ તે ગરાસિયાનો સંકલ્પ જાણીને સત્સંગી કુંભારને ઘેર પધાર્યા. ને દરબારને કોઈકે માર્ગમાં કહ્યું જે, "સ્વામિનારાયણ તો કુંભારને ઘેર પધાર્યા છે." ત્યારે જે ગરાસિયો ના પાડતો હતો, તે બોલ્યો જે, "સ્વામિનારાયણનું કાંઈ ઠેકાણું નહીં. એ તો કુંભારને ઘેર ગયા, તે આપણાથી કાંઈ ત્યાં જવાય ?" ત્યારે તે રાજા બોલ્યા જે, "ચાલો, આપણે પણ ત્યાં જાઈએ." પછી ત્યાં ગયા. ત્યારે કોઈકે મહારાજને આગળથી કહ્યું જે, " દરબાર અહીં પધારે છે." પછી મહારાજ કુંભારને કહે, "તારી પાસે ગુણો હોય તો દરબાર સારુ નાખ." ત્યારે તેણે નાંખ્યો. પછી દરબાર પધાર્યા ને મહારાજનાં દર્શન કરીને મહારાજની આગળ ગુણા ઉપર બેઠા.

પછી મહારાજ અને દરબાર વાતો કરવા મંડ્યા. તે વાતો કરતા જાય અને પાણી કમંડલુમાંથી પીતા જાય. પછી મહારાજ બોલ્યા જે, "લ્યો, દરબાર પાણી પીશો ?" ત્યારે દરબાર બોલ્યા જે, "મહારાજ, તમારું પાણી કેમ પિવાય ?" પછી મહારાજ બોલ્યા જે, "લ્યો, એ તો પિવાય." પછી તેણે પાણી પીધું. તેણે કરીને તેની બુદ્ધિ નિર્મળ થઈ ગઈ.

પછી તે બોલ્યા જે, "મહારાજ, તમે ભગવાન ખરા. ને તમારો આશ્રય કરીએ તો કલ્યાણ થાય, પણ તમે પળાવો તે અમારાથી પળે નહીં." પછી મહારાજ બોલ્યા જે, "જાઓ, તમે બે વાનાં કરજો. ને તમારું મુક્તાનંદસ્વામીની હારે કલ્યાણ કરશું. ને આજથી તમારું ધર્મરાજ !" પછી તે મહારાજનો આશ્રય કરીને પોતાને ઉતારે પધાર્યા. ને એ દરબાર દારૂ-માંસભેર રહેતા એવા વ્યસની હતા, પણ વ્યસન માત્રનો ત્યાગ કરીને પરમ એકાંતિક થયા. એમ સત્સંગે કરીને શું ન થાય ? તે કહ્યું છે જે - **'सत्सङ्गतिः कथय किं न करोति पुंसाम्?'**[1] ॥૧૭૫॥

૧૭૬. મયારામ ભટ્ટની રામાનંદસ્વામીમાં દૃઢ નિષ્ઠા

અને **મયારામ ભટ્ટ** જ્યારે ઘરભંગ થયા ત્યારે તેમના સંબંધી ફેર સગપણ કરવાનો અતિશે આગ્રહ કરવા મંડ્યા. ત્યારે મયારામ ભટ્ટે રામાનંદસ્વામીને એમ પૂછ્યું જે, "સર્વે સંબંધી મને સગપણ કરવાનો આગ્રહ કરે છે, તે હું કેમ કરું ?" ત્યારે તેમણે એમ કહ્યું જે, "ત્રણ ફેરા ફર્યો હોય ને તે સમે અમે જાઈ પૂગીએ ને જો અમારું માને તો તેને ચોથો ફેરો ફરવા ન દઈએ. એ અમારો સિદ્ધાંત છે." પછી તે મયારામ ભટ્ટે ફરી ઘર ન કર્યું. ॥૧૭૬॥

૧૭૭. ગોપાળાનંદસ્વામીએ ખુશાલભાઈની સ્ત્રીની વાસના ટાળી નાખી.

અને ગામ વાડાસિનોરના ખુશાલભાઈ ઘરભંગ થયા એટલે એમનાં સંબંધી સર્વે કહેવા લાગ્યા જે, "ફરી ઘર કરો." અને પોતાને પણ સ્ત્રીની વાસના, તે સારા સારા હરિજન ફરી સ્ત્રી કરવાનો નિષેધ કરે, ત્યારે તે એમ બોલે જે, "તમે ના પાડો છો પણ અંતરમાં બેઠી છે, તે કર્યા વિના કેમ ચાલે ?" ત્યારે હરિભક્ત બોલ્યા જે, "આપણે ગોપાળાનંદસ્વામી પાસે જાઈએ ને તે સ્વામીને પૂછીએ. ને સ્વામી

૧.સત્સંગથી મનુષ્યને શું પ્રાપ્ત નથી થતું ? કહેતાં બધું જ પ્રાપ્ત થાય છે.

હા પાડે તો ફરી લગ્ન કરજો." પછી હરજીવનભાઈ, મોરલીધરભાઈ, ખુશાલભાઈ એ આદિક હરિજન ગામ ઉમરેઠમાં ગોપાળાનંદસ્વામી પાસે આવ્યા. ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "આવો જીભાઈ." ત્યારે હરજીવનભાઈ બોલ્યા જે, "સ્વામી, આ ખુશાલભાઈ ઘરભંગ થયા છે. તે અમે સર્વે ના પાડીએ છીએ તોપણ પોતે ફરી વિવાહ કરવા તૈયાર થયા છે. તે સારુ આંહીં તમને પૂછવા આવ્યા છીએ. તે તમો કહો તેમ કરીએ."

ત્યારે સ્વામી બોલ્યા જે, "હવે પચાસ વર્ષે થાય ?" ત્યારે ખુશાલભાઈ બોલ્યા જે, "સ્વામી, ના પાડો છો, પણ અંતરમાં બેઠી છે, તે કર્યા વિના કેમ ચાલે ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "અમારે પાસે એક મહિનો રહો, ને જો અંતરમાં દેખાય તો કરજો, નહિ તો ન કરશો." ત્યારે તે બોલ્યા જે, "લ્યો આ રહ્યા."

પછી સ્વામીની વાર્તાઓ સાંભળીને દશ દિવસ થયા ત્યારે તે બોલ્યા જે, "સ્વામી, હવે અંતરમાંથી નાશ પામી ગઈ, તે નથી દેખાતી." પછી ખુશાલભાઈએ લગ્ન ન કર્યું અને પોતાનું સર્વસ્વ નરનારાયણદેવને અર્પણ કરીને અમદાવાદમાં બ્રહ્મચારી ભેળે રહ્યા. ને ગોપાળાનંદસ્વામી પૂર્વાશ્રમમાં હરજીવનભાઈને ઘેર રહ્યા હતા, તેથી સ્વામીને હેત હતું. તે તેમને જીભાઈ કહીને બોલાવતા. એમ ગોપાળાનંદસ્વામીએ ખુશાલભાઈનો મોહ નિવારણ કર્યો. ॥૧૭૭॥

૧૭૮. ભગવત્સ્વરૂપમાં દૃઢ નિષ્ઠાવાન અક્ષરધામને પામશે.

ગઢપુરમાં સમૈયામાં ગામ લાલિયાદના રતનસિંહે મહારાજને પાઘમાં મોતીનો તોરો ધરાવ્યો. ને પછી મહારાજે આરતી-ધૂન કરીને મંચ ઉપર ઊભા રહીને તોરાની લટો મુક્તાનંદસ્વામી આદિક મોટા મોટા સાધુને આપી. ને ઊભા રહીને એમ વાર્તા કરી જે, **"અમે અક્ષરધામમાંથી આવ્યા છીએ. ને રામ-કૃષ્ણાદિક સર્વે અવતારના**

કારણ છીએ. તે સારુ જે ચાર વર્તમાન પાળશે ને અમને ‘પુરુષોત્તમ અક્ષરધામના પતિ ને સર્વાવિર્ભાવ કારણ’ જાણીને ભજશે તેને અમે અક્ષરધામમાં લઈ જાશું. ને ત્રણ પાળશે ને અમને અક્ષરધામના પતિ જાણીને ભજશે તેને લઈ જાશું. ને બે નહિ પાળે ને બે પાળશે ને અમને અક્ષરાતીત પુરુષોત્તમ જાણીને ભજશે તેને પણ અક્ષરધામમાં લઈ જાશું. ને ત્રણ નહિ પાળે ને એક પાળશે ને અમને પુરુષોત્તમ જાણીને ભજશે તેને પણ અક્ષરધામમાં લઈ જાશું. કેમ જે, **જેને એવી દૃઢ નિષ્ઠા ભગવાનના સ્વરૂપમાં છે, તેમાં સર્વે શુભ ગુણ આવશે ને અંતે અક્ષરધામને પામશે. તે વિના તો ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય તોપણ તેનું આત્યંતિક કલ્યાણ થાવું કઠણ છે, એ સિદ્ધાંત વાર્તા છે.”** ॥૧૭૮॥

૧૭૯. સુરા ખાચરે રમૂજ કરીને મહારાજને હસાવ્યા.

કોઈક સમે મહારાજ રિસાઈને બેઠેલા ને કોઈને બોલાવે નહિ ને જમવા પણ ઊઠે નહીં. તે સમે સુરા ખાચર આવ્યા ને પગે લાગ્યા, પણ મહારાજ બોલ્યા નહીં. ત્યારે સુરા ખાચરે ચારણના નેહડામાં[૧] નાગો બાવો રહેતો તેની વાત કરી જે, “ચારણના નેહડામાં નાગો બાવો રહેતો હતો. તેને દર્શને ચારણિયાણીઓ હાથમાં ભેટ લઈને નિત્યે આવે. એક દિવસ તે બાવો તે ચારણની સ્ત્રીને ખાલી હાથે છેટેથી જોઈને અવળો ફરી બેઠો. પછી તે ચારણિયાણી તે પાસે સન્મુખ આવી, એટલે ફરી બેઠો. પછી તે બોલી જે, ‘ભણે બાવલિયા, આમ કાણું કરતા છે ? સન્મુખ કા દર્શન દે.’ ત્યારે તે બોલ્યો જે, ‘હે રંડી કુછ ભેટ-બેટ તો લાઈ નહિ હે, ને સન્મુખ કા દર્શન માગતી હે ? કર લે પૂંઠ કા દર્શન.’ એમ બોલીને બાવો વાંકો થયો.” એમ સુરા ખાચરે દેશી કરીને[૨] મહારાજને અતિશે હસાવ્યા. ॥૧૭૯॥

૧.ઘાસના ઝૂંપડામાં ૨.નકલ; કોપી

૧૮૦. સુરા ખાચરે બાપદાદાની રમૂજી વાત કરી.

અને ક્યારેક **સુરત**માં મહારાજ બોલ્યા જે, "સુરા ખાચર, કાંઈક વાત કરો." પછી તે બોલ્યા જે, "અમારા બાપ દાદા મેલીકારે ગયા હતા. ને તે લૂંટીને પાછા વળ્યા ને કેડે વાર ચડી. તે ચાલતાં ચાલતાં સૂર્ય અસ્ત પામવાના સમયે મોટી સાબરમતી જેવી કોઈક નદી આવી. બે કાંઠામાં પૂર, તે હવે કોણ પ્રથમ ઘોડું નાખે ? ને ન નાખે તો પાછળ વાર આવી પહોંચે.

પછી સર્વે ભેળા થઈને આડા કાઠીને બળાત્કારે કરીને નાખ્યો. ને બીજા પૂછે જે, 'ભણે, કેમ છે ? ઉતરાશે કે ?' પછી તે તો ઊંડા પાણીમાં તણાવા મંડ્યો, એટલે 'ત્રોહ ત્રોહ'[1] કરવા મંડ્યો. એટલે બીજાએ જાણ્યું જે ઘોડીને પાણી પાય છે. એમ જાણીને એક જણે ઘોડી નાંખી એટલે તે તણાવા મંડ્યો. ત્યારે તે પણ ત્રોહ ત્રોહ કરવા મંડ્યો. પછી તો બધાયે ધબોધબ પડ્યા ને ત્રોહ ત્રોહ કરતા મારા દીકરા બધાય તણાઈ ગયા." પછી મહારાજ બોલ્યા જે, "જુઓને, પોતાના બાપદાદાની વાત કરે છે, ને દીકરા કરીને ગાળ દે છે. તેની ખબર નથી."

❋ કાઠીઓની ખંભાત રહેવાની ઇચ્છા યુક્તિથી ટાળી.

પછી મહારાજ ગામ **સુરત**થી કાઠીના અસ્વારે સહિત ચાલ્યા, તે ગામ **બોચાસણ** થઈને **ખંભાત** આવ્યા. ને ત્યાંના હરિજનોએ મહારાજને રાખવા સારુ બહુ તાણ કરી તોપણ મહારાજ રહ્યા નહીં. ને કાઠીઓને તો રહેવાની ઇચ્છા હતી, તેથી મર્મ કરવા મંડ્યા જે, "મહારાજ, ભણે સૂતરફેણી કીમી હશે ?" તે સાંભળીને મહારાજ મુખકમળ આડો રૂમાલ દઈને મરક મરક હસતા જાય ને દેવા ભક્તને કહે, 'હું.' એમ સનકારે કહેતા જાય ને દેવા ભક્ત મહારાજની ઘોડી આગળ તલપું

૧.પશુને પાણી પાવા માટે બોલાતો શબ્દ

દેતા જાય. તેને જોઈને કાઠી બોલવા મંડ્યા જે, "ભણે બંધૂક બાંધીને આગળ તલપ્યો જાય છે, પણ આગળ ખાણની ખોરી જાર તૈયાર કરી મેલી છે." એમ બોલતાં બોલતાં મહારાજની કેડે ચાલ્યા આવે.

❋ ગુડેલમાં રીંગણાનું શાક કરી સર્વને જમાડ્યા.

પછી મહારાજ ગામ **ગુડેલ** પાસે કોઈકની વાડીએ ના'વા ઊતર્યા ને કૂવાવાળાની પાસેથી બે મણ વંતાક લીધાં. તેને બે રૂપિયા આપવા સારુ કાઠીને મહારાજે કહ્યું જે, "આને આપણે બે રૂપિયા આપવાના છે, તે કોઈની પાસે હોય તો આપો." પણ એવો સમો બન્યો જે કોઈની પાસે ખોટો જનાદી[1] પણ નહીં. પછી સોમલા ખાચર બોલ્યા જે, "મહારાજ, ભણે વંતાક રહેવા દ્યો." પછી મહારાજ બોલ્યા જે, "હમણાં રહો." એમ કહે છે, ત્યાં તો કોઈક હરિજને મહારાજને પગે લાગીને બે રૂપિયા પગે મેલ્યા.

પછી મહારાજ બોલ્યા જે, "આ બે રૂપિયા એને આપીને વંતાક લઈ લો." પછી તેને બે રૂપિયા આપીને બે મણ વંતાક લઈ લીધાં. ને ગુડેલમાં પોતાને હાથે બે મણ વંતાકનું શાક કરીને પોતે જમ્યા ને સર્વેને જમાડ્યા. ને ત્યાંથી ગઢપુર પધાર્યા. ॥૧૮૦॥

૧૮૧. મહારાજે સુરા ખાચરને થાળ આપ્યો.

અને **ગઢપુર**માં મહારાજ થાળ જમતા હતા. તે સમે સુરા ખાચર લોયેથી આવ્યા ને મહારાજને પગે લાગીને બેઠા. તેને મહારાજ કહે, "જમીને આવ્યા હશો ?" ત્યારે સુરા ખાચરે કહ્યું જે, "ભણે બા, ત્રણ દિવસથી અન્ન કોણે દેખ્યું છે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "બ્રહ્મચારી, આ સુરા ખાચરને પ્રસાદી આપજો." ત્યારે સુરા ખાચર બોલ્યા જે, "ભણે બા, એ બ્રાહ્મણે આપ્યો ને આ ઉદર ભરાણો." પછી મહારાજે સુરા ખાચરને થાળ આપ્યો ને તે ત્યાં જ જમવા બેઠા. ॥૧૮૧॥

૧.હલકી કિંમતનો એક સિક્કો; પૈસો

૧૮૨. કાઠિયાવાડ જવા ઈચ્છતા કાઠીઓને શ્રીહરિનો મીઠો ઠપકો

અને ક્યારેક મહારાજ **વડતાલ**માં સર્વે સાધુ તથા કાઠીના અસ્વાર સહિત બે મહિના રહ્યા. ને કાઠી તો વારેવારે મહારાજને કાઠિયાવાડ જવાનું કહે. ત્યારે મહારાજ બોલ્યા જે, "તમારે દુઃખ શું છે ? જે દુઃખ હોય તે કહો. ને અમારાં દર્શન થાય છે, ને આ મુક્તાનંદસ્વામી જેવા સંતનાં દર્શન થાય છે, ને આ લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન થાય છે. પછી દુઃખ શું છે ? તમને તો બાયડી-છોકરાં સાંભરતાં હશે, પણ બીજું કાંઈ દુઃખ નથી લાગતું, ને હોય તો કહોને. તમને સર્વે વાતનું સાનુકૂળ કરી આપીએ." એમ કહીને આનંદસ્વામીને બોલાવ્યા ને સર્વેના સાંભળતાં બોલ્યા જે, "આ સર્વે કાઠીઓને અમારા થાળમાંથી જમાડો ને એમના ઘોડાને અમારી માણકીની બરોબર ખડ-જોગાણ આપજો." ત્યારે સ્વામી કહે, "ઠીક મહારાજ." પછી મહારાજ બોલ્યા જે, "જુઓ, હવે કાંઈ દુઃખ છે ? સુખે રહો ને દર્શન કરો." પછી કોણ મહારાજની આગળ બોલે ? પણ ઉતારે નાન ખાચરને નિત્યે પૂછે જે, "મહારાજ, કાંઈ બોલે છે ?" ત્યારે તે કહે, "કાંઈ બોલતા નથી."

પછી એક દિવસ નાના ખાચરે કહ્યું, "આજ મહારાજે કહ્યું છે જે, આપણી ઘોડી તૈયાર રાખજો." પછી કાઠી રાજી થયા. પછી મહારાજે લક્ષ્મીનારાયણની આરતી કરીને નાના ખાચરને કહ્યું, "લાવો, આપણી ઘોડી." પછી તે ઘોડી લાવ્યા ને મહારાજ અસ્વાર થઈને ચાલ્યા, એટલે કાઠી પણ ચાલ્યા. તે આગળ ચાલતાં સુરો ખાચર પડી ગયા એટલે મહારાજ બોલ્યા કે, "જો જો બોલજો, હજી ઘેર બેઠા છીએ. બહુ વાગ્યું હોય તો પાછા વળીએ." ત્યારે કહે, "ના મહારાજ, કાંઈ વાગ્યું નથી."

પછી ચાલ્યા તે અરધી રાત્રીએ સિંજીવાડે પૂગ્યા. ને કહે, "ભણે, ઢીંઢો ભાંગી ગયો છે." ત્યારે મહારાજે કહ્યું જે, "ત્યાં કેમ

બોલ્યા નહીં ?" ત્યારે સુરો ખાચર બોલ્યા જે, "જો હું ત્યાં બોલું તો વળી તમે પાછા વળો." ત્યારે મહારાજ કહે, "જુઓને, કેવા વાસનિક છે !" ।।૧૮૨।।

૧૮૩. મૂળજીશેઠે રમૂજ કરીને શ્રીહરિને હસાવ્યા.

મહારાજ કોઈક સમે રિસાઈને બેઠા ને કોઈને બોલાવે નહીં. તે સમે મૂળજી શેઠે કમલા ધમલાની વાત કરીને હસાવ્યા. તે કેવી રીતે ? તો કમલો ને ધમલો એ બે વાણિયાના છોકરા હતા. ને તેનું કોળીવાડમાં ઘર હતું. તે કોળીવાડો લાગો[1] તે ભેળું તેમનું ઘર પણ બળી ગયું. ને તેની માને તો ખબર પડી એટલે જતી રહી, પણ કૂતરી માંહી હતી તે બળી ગઈ. ને તે બે છોકરા ગામમાંથી આવીને તેની માને ખોળવા મંડ્યા તે કૂતરી હાથ આવી. તેને બાળવા માટે ઉપાડીને ઝોળીમાં લીધી. ત્યારે એક બોલ્યો જે, 'આને તો પૂંછડું છે, તે આપણી માને તો પૂંછડું નહોતું.' ત્યારે બીજો કહે જે, "હતું, આપણા બાપ કે'તા જે તારી માનું પૂછડું !" એમ કહ્યું એટલે મહારાજ બહુ હસ્યા. ।।૧૮૩।।

૧૮૪. રિસાયેલા શ્રીહરિને રમૂજ કરીને બોલાવ્યા.

અને કોઈક સમયને વિશે **ગઢડામાં** મહારાજને ઝીણાભાઈ તેડવા આવ્યા. અને કહ્યું જે, "મહારાજ, તમે ને કાઠીના અસ્વાર ને મોટી બાઈઓ એ સર્વે પંચાળે પધારો !" ત્યારે મહારાજ બોલ્યા જે, "બાઈઓનું શું કામ છે ? અમે આવશું." એમ કહીને અસ્વાર ભેળે લઈને ચાલ્યા. તે મોકા ખાચરને **વાંકિયે** પધાર્યા. ને વાંસેથી ઝીણોભાઈ બાઈઓને વેલમાં બેસાડીને મહારાજ ભાગોળે આરતી કરે છે, તે સમે આવ્યા. તેમને છેટેથી જોઈને મહારાજ બોલ્યા જે, "આ કોણ આવ્યું ?" ત્યારે ઝીણાભાઈ બોલ્યા જે, "મોટી બાઈઓ આવી છે." ત્યારે મહારાજ રિસાઈને ઘોડીએ બેસીને પાછા ચાલી નીસર્યા. ઝીણાભાઈએ ઘણી

૧.સળગ્યો

પ્રાર્થના કરી ને રસ્તામાં આડા સૂતા ને રોયા પણ ન રહ્યા. ને સર્વે અસ્વાર પણ ભેળા ચાલ્યા, પણ મહારાજ કોઈને બોલાવે નહીં. ત્યારે કાઠી મર્મ કરવા મંડ્યા. તેમાં સુરા ખાચર બોલ્યા જે, "ભણે સોમલા, ધ્રુવ તે આ ઉગમણે દેખાય છે તે ?" ત્યારે બીજો કહે, "ભણે, આ આથમણો રહ્યો તે." ત્યારે માતરો બોલ્યા જે, "ભણે, એ ક્યાં ધ્રુવ છે ? આ દક્ષણાદો દેખાય તે." ત્યારે મહારાજ બોલ્યા જે, "જુઓને, આમને ધ્રુવની યે ખબર નથી. આ ઉત્તરાદો રહ્યો તે ધ્રુવ." ત્યારે તે કાઠી બોલ્યા જે, "મહારાજ, ભણે તમે કહો નહીં ત્યારે અમે કાઠી તે ગોવાળિયા કે'વાઈએ, તે અમને શી ખબર ?" એમ રમૂજ કરીને મહારાજને બોલાવ્યા. ॥૧૮૪॥

૧૮૫. પંચાળામાં હુતાશણીના સમૈયે રંગોત્સવ

અને મહારાજે ગામ **પંચાળા**માં હુતાસણીનો સમૈયો કર્યો. તે હુતાસણીની રાત્રિએ પાંચસો પરમહંસ રાસ રમવા માંડ્યા. તે એક ચોસર કીર્તન બોલી લે એટલે મહારાજ એમ બોલે જે, "હજુ એક બોલો." એમ બોલાવતાં બોલાવતાં અરધી રાત્રિ વીતી ગઈ. પછી બ્રહ્માનંદસ્વામીના મનમાં એમ થયું જે, 'મહારાજ તો આળશ્યા નહીં, પણ કાલે ફૂલદોલનો ઉત્સવ છે, તે કાલે રમવું પડશે. તે આ સર્વે સંત થાકી જાશે.' એમ જાણીને કળા કરી, તે જિજ્ઞાસાનંદસ્વામીને એમ કહ્યું જે, "તમે સાધુની પર્ણકુટીમાં જઈને 'ચોર...ચોર...' એમ બોલો. એટલે રમત આળસી જાશે." પછી તેણે તેમ કર્યું એટલે રમત આળસી ગઈ ને મહારાજ પણ ત્યાં પધાર્યા.

અને બીજે દિવસે મહારાજ સાધુ સાથે દરબારમાં રંગે રમવા માંડ્યા. તે બ્રહ્માનંદસ્વામી તથા ચૈતન્યાનંદસ્વામી તથા હર્યાનંદસ્વામીએ કોઈક સાધુ પાસે ઊના રંગનો ઘડો ઉપડાવીને મહારાજ ન જાણે તેમ કેડેથી મહારાજ ઉપર રેડ્યો. પછી મહારાજ એમ બોલ્યા જે, "આ તો માણસમારા છે, તે અમે નહિ રમીએ." એમ કહીને રિસાઈને બેઠા.

પછી સર્વેએ કહ્યું જે, "મહારાજ, તમો રિસાઈને બેઠા, પણ ઝીણાભાઈને બહુ તાણ છે, તે રમો."

પછી ગામ બારા જઈને સાધુના બે સામસામા ટોળાં કરાવીને રમાડ્યા. પછી રમતાં રમતાં રંગ ખૂટ્યો એટલે તેમાં પાણી રેડ્યું અને પાણી સારુ પખાલો ચાલતી કરી. તેમાં નિત્યાનંદસ્વામીના પક્ષવાળા પાડો દોરીને ચાલ્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામીના પક્ષવાળા ઉપરથી પખાલ ઉપાડી ગયા. પછી રમતાં રમતાં રંગ ખૂટ્યો એટલે રંગના કીચડે કરીને રમ્યા. પછી મહારાજ બોલ્યા જે, "અમને બોલ્યા પણ હવે કેવા હેરાન થયા !" એમ પોતાના ભક્તના મનોરથ પૂરા કરતા હતા. ॥૧૮૫॥

૧૮૬. મછિયાવમાં તારાસ્નાન ને દદૂકામાં ભેટણલીલા

અને ગામ **મછિયાવ**માં ફઈબાનાં દીકરી ગામ આડેસરવાળાં તેમણે મહારાજને હુતાસણીનો સમૈયો કરાવ્યો હતો. તે સમૈયામાં મહારાજે એવું પ્રકરણ કર્યું હતું જે, સર્વેને તારાસ્નાન[૧] કરવું. અને પોતે પણ રાત્રિએ કોરાં માટલાં ભરાવી રખાવીને તે પાણીએ સ્નાન કરતા હતા. તે સમયમાં એવી ટાઢ પડે તે પાણી પણ દહીંની પેઠે જામી જાય, એવું હિમ પડતું. પછી વે'લા ઊઠીને સર્વે કાઠી આદિક હરિજન ના'વા જાય.

તે ના'તાં ના'તાં મહારાજના કોઠારી પ્રભાશંકર એમ બોલ્યા જે, "હે કૃપાનિધે ! હે કૃપાનિધે !" તે સાંભળીને સુરો ખાચર મહારાજ પાસે આવીને એમ બોલ્યા જે, "મહારાજ, આ પ્રભાશંકર એમ ભણતો છે જે, 'કૃપા નથી, કૃપા નથી, જે મહારાજ આવી ટાઢમાં નવરાવે છે." એમ રમૂજ કરતા હતા.

પછી મહારાજ **દદૂકે** પધાર્યા. ત્યાં તે બાઈ બોલ્યાં જે, "મહારાજ, તમે ત્યાં સર્વે લીલા કરી, પણ સાધુને મળ્યા નહિ તે મળો." પછી મહારાજ ગાડા ઉપર ઊભા રહીને પાંચસે પરમહંસને મળ્યા. તે સાધુ

૧.વહેલી સવારમાં તારા અદૃશ્ય થયા પહેલા કરાતું સ્નાન.

એક કોરની પીંજડીએ[1] થઈને ગાડા ઉપર ચઢે, તે મહારાજને મળીને બીજી કોરે બીજી પીંજડીએ થઈને ઊતરી જાય. એમ મહારાજે અલૌકિક લીલા કરી. ને ત્યાંથી **શ્રીનગર** પધાર્યા. ||૧૮૬||

૧૮૭. ભણનારા સંતો સાથે સંવાદ કરતા બાપુશાસ્ત્રી થર થર કાંપવા લાગ્યા.

અને જ્યારે ગામ **સુંદરિયાણે** મહારાજે વસંતપંચમીનો સમૈયો કર્યો, ત્યારે તે ગામની ભાગોળે મંચ ઉપર ગાદી-તકિયો નંખાવીને સભા મધ્યે વિરાજમાન થયા. ને ચૂડાના ઋગનાથ ભટ્ટ ભીમનાથમાં કથા કરતા હતા, તે મહારાજને સાંભળીને ત્યાં સભામાં આવ્યા. ને વિરમગામના બાપુશાસ્ત્રી તે પણ ચૂડેથી ત્યાં આવ્યા હતા. તે બે જણા સાથે ભગવદાનંદસ્વામી આદિક ભણનારા સંવાદ કરવા મંડ્યા. એટલે બાપુશાસ્ત્રી થરથર કાંપવા મંડ્યા. એટલે મહારાજ બોલ્યા જે, “બાપુશાસ્ત્રી, કેમ કંપો છો ?” ત્યારે તે બોલ્યા જે, “મહારાજ, ટાઢ વાય છે.” પછી મહારાજ કહે, “આ લ્યો અમારો ચોફાળ.” એમ કહીને પોતાનો ચોફાળ આપ્યો. ને તે વખતે મહા મહિનો હતો, એટલે ટાઢનું મળતું આવ્યું.

❋ ભાંથરિયાના માવજી ગાંધી અને તેમના ભાઈની વાત

પછી મહારાજે ગામ **ભાંથરિયા**ના માવજી ગાંધીને અતિશે તેજમાં પોતાની અતિ તેજોમય મૂર્તિ દેખાડી. એવાં મહારાજનાં અલૌકિક દર્શન કરીને અતિશે આશ્ચર્ય પામ્યા અને તેમને નિશ્ચયમાં સંશય હતો તે ટળી ગયો. ને મહારાજ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણ છે, એમ દૃઢ નિશ્ચય થયો.

પછી તેમના ભાઈ મહારાજના કોઠારી થઈને વડતાલમાં રહેતા હતા. પછી તે કોઠારી કોઈક દિવસ કોઠારનો સામન લેવા સારુ ખંભાત

૧.ગાડાની ધરીના બહારના ભાગ ઉપર રાખેલ લાંબા લાકડા પર

જતા હતા. ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારા સારુ કાંઈક લેતા આવજો." પછી તેણે ત્યાં જઈને સર્વ કોઠારનો સામાન લીધો. પછી તે જાણે મહારાજ સારુ કાંઈક લેતો જાઉં. પછી તેણે સૂતરફેણીની માટલી મહારાજ સારુ લીધી. પછી એ માટલી વડતાલ સભામાં મહારાજને આપી. તે મહારાજ ત્યાં જ જમવા માંડ્યા. પછી જમીને મહારાજે તેને પ્રસાદી આપી તે લઈને ચાલ્યા. એટલે સુરો ખાચર બોલ્યા જે, "ભણે, આપણી મોરલી ચાલ કરી જોઈશે." એમ કહીને એ બોલ્યા જે, "એ વાણિયા, મહારાજની પ્રસાદી આપતો જા. નહિ તો અમે અમારી મોરલી ચાલ કરીશું." એમ કહ્યું તોય એ તો ચાલ્યો ગયો. પછી મહારાજ બોલ્યા જે, "વાણિયો કાંઈ કાઠીનો છેતર્યો જાય એમ નથી !" એમ રમૂજ કરી. ॥૧૮૭॥

૧૮૮. મોકા ખાચરને અંતસમયે પાલખીમાં તેડી ગયા.

અને મોકા ખાચરે મહારાજને એમ કહ્યું જે, "મને પાલખી લઈને તેડવા આવજો." તે તેમને મહારાજ અંતકાળે તેવી રીતે તેડી ગયા. ॥૧૮૮॥

૧૮૯-૧૯૦. સુરા ખાચરની રમૂજ

કોઈક સમે ગામ **વાંકિયા**ના મોકા ખાચર મહારાજ પાસે માથે વસ્ત્ર ઓઢીને માનસી પૂજા કરવા બેઠા. ત્યારે સુરા ખાચર બોલ્યા જે, "તારો બાપ મોઢા આગળ બેઠો છે, ને ઓઢણું ઓઢીને કેને દેખે છે ?" પછી ઓઢણું પરું કર્યું. ॥૧૮૯॥

અને ક્યારેક સુરો ખાચર વેલે બેઠા હતા. ને તે વેલ ઊંધી પડી ને વાગ્યું. પછી મહારાજને સુરે ખાચરે કહ્યું જે, "મને પગે દોરડું બાંધીને ઢરડીને ધામમાં લઈ જાજ્યો, પણ ભણે વેલ લઈને આવશો નહીં." ॥૧૯૦॥

૧૯૧-૧૯૩. સુરા ખાચરે રમૂજ કરીને શ્રીહરિને હસાવ્યા.

અને મહારાજ **સુરત** પધારતા હતા. ને રેવા નદી વટીને ચાલ્યા ને નાગમાલો ઘોડે બેઠા મમરા જમતા હતા. ને જે ગામ જાવું હતું, તેનો માર્ગ ભૂલી ગયા. ને "ભણે બા, મમરાનો માર્ગ કી શે ?" એમ કોઈકને પૂછ્યું. ત્યારે સુરો ખાચર બોલ્યા જે, "તારું મોઢું !" એમ રમૂજ કરીને મહારાજને હસાવ્યા. ॥૧૯૧॥

અને સુરા ખાચરને મહારાજ કહે, "કાંઈક વાત કરો." ત્યારે તેમણે વાત કરી જે, "એક ગામમાં ભારે ધનાઢ્ય જાલમગર બાવો હતો. ને તેને ભલુ નામે સ્ત્રી હતી. ને વૈકુંઠો એ નામે એનો ચેલો હતો. એક વખત ધણી-ધણિયાણીને ટંટો થયો, એટલે ભલુ રિસાઈ ગઈ. તે બાવાએ તેને ઘણી ખોળાવી પણ જડી નહીં. ત્યારે ચેલાને બાવો કહે, "વૈકુંઠા કેમ કરીએ તો ભલુ આવે ?" ત્યારે ચેલો કહે, "રૂપિયા પચીસ હજાર ખરચ થાય, પણ જો મેળો કરીએ ને મંડપ કરીએ તો ભલુ આવે." ત્યારે બાવો કહે, "પચીસ હજાર રૂપિયા કુરબાન, પણ મેળો કરો."

પછી કંકોતરીઓ લખીને દેશ-દેશાંતરમાંથી સર્વે બાવાનાં મંડળ તેડાવ્યાં. તે આવે ત્યારે ઝાંઝ-મૃદંગ વગાડતાં આવે. તે છોકરો આગળથી એની માને જોઈ વળે ને ન દેખે ત્યારે ઢીલો થઈને પાછો વળે. એટલે બાવો બોલ્યો જે, "વૈકુંઠા મેળો ખાલી જાશે કે શું ?" પછી છોકરે છેલ્લા ટોળામાં એની માને દેખી ને તેને બાઝી પડ્યો. ને બાવો બોલ્યો જે, "પચીસ હજાર રૂપિયા ખરચ તો થયું, પણ રૂપિયા લેખે લાગ્યા, જે ભલુ આવી." ને બાવો કૂદ્યો. એમ સુરા ખાચરે બાવાની વાત કરી મહારાજને રાજી કર્યા. ॥૧૯૨॥

અને કોઈક સમયમાં સુરા ખાચરને મહારાજ કહે, "વાત કરો." ત્યારે તેમણે વાત કરી જે, "બે કાઠી ભાઈબંધ હતા. ને ત્રણ ગાઉને છેટે જુદે જુદે ગામ રે'તા હતા. ને જ્યારે ભેળા થાય ત્યારે એકબીજાને

તાણ કરીને કહે જે, “મારે ગામ આવજો.” ત્યારે એક જણ બીજા ભાઈબંધને ઘેર ગયો. ત્યારે તે ભાઈબંધે પોતાના ભાઈબંધને જમવા સારુ પોતાને ઘેર કંસાર કરાવ્યો. પછી તે બે ભાઈબંધ સાથે જમવા બેઠા. એટલે તે બે જણાને કંસાર પીરસ્યો એટલે તેઓ જમવા મંડ્યા. પછી તે ઘરનો ધણી પોતાની સ્ત્રી પ્રત્યે બોલ્યો જે, “મારા ભાઈબંધને કંસાર મૂક.” એમ બહુ તાણ કરીને કે'વા મંડ્યો, પણ કંસાર થઈ રહેલો તે તેને શું મેલે ? પછી રીસે કરીને તે સ્ત્રીએ કંસારનું હાંડલું પોતાના ધણીના માથા ઉપર જ ફોડ્યું. એટલે તે બે જણા લજ્જા પામીને બહાર જઈને બેઠા.

પછી તે સ્ત્રી હાંડલાનાં ઠીકરાં વાળીને નાખી આવી. તે જોઈને પેલો મહેમાન થયેલો ભાઈબંધ એમ બોલ્યો જે, “તમારી સ્ત્રી સારી છે હો ! બાકી મારી સ્ત્રી તો ઠીકરાં પણ મારી પાસે વળાવે છે.” ત્યારે ઘરનો ધણી એમ બોલ્યો જે, “હાંડલા તો ઘણીક વાર ફોડે છે, પણ ઠીકરાં તો એની મેળે નાંખી દે છે.” એમ ગુણ લેતાં લેતાં બંને જણ સૂઈ ગયા.

પછી બીજે દિવસે સવારમાં તે સ્ત્રી વે'લી ઊઠીને પોતાના ધણીને ઊંધો નાંખીને તે ઉપર બેસીને દળવા મંડી. તે દળી રહી એટલે તે કાઠી આવીને બહાર બેઠો. ત્યારે પોતાને ઘેર આવ્યો હતો, તે બોલ્યો જે, “મને પણ મારી સ્ત્રી ઊંધો નાંખી દે છે અને એક દાણો પણ મોઢામાં નાંખવા દેતી નથી.” ત્યારે તે ઘરનો ધણી બોલ્યો, “હું તો ભણે બા, પડ્યો પડ્યો બૂકડા દઉં તોય કશું બોલતી નથી.” ત્યારે બીજો બોલ્યો જે, “તમારી સ્ત્રી તો ઘણી સારી.” એમ સુરા ખાચરે વાર્તા કરીને મહારાજને હસાવ્યા. ॥૧૯૩॥

૧૯૪. સુંદરજીભાઈ ત્રણ દિવસમાં ભાગવત ભણ્યા.

અને જ્યારે **ભૂજ**ના સુંદરજીભાઈ મહારાજ ભેગા થાય ત્યારે એમ બોલે જે, “મહારાજ, મારે ભાગવત ભણવું છે.” ત્યારે મહારાજે

કહ્યું જે, "સત્સંગ જેમ છે, તેમ સમજશો તો ભાગવત એની મેળે આવડશે." પછી તેમણે દેહ મેલ્યો ત્યારે મહારાજનો ભારે અલૌકિક પ્રતાપ કહીને દેહ મેલ્યો. ને **ગઢપુર**માં મહારાજે કહ્યું કે, "સુંદરજીભાઈ અહીં આવ્યા છે, ને એમ કહે છે જે, 'મહારાજ, ત્રણ દિવસમાં મને ભાગવત આવડ્યું." ॥૧૯૪॥

૧૯૫. જૂનાગઢમાં ગોપાળાનંદસ્વામીએ ગઢડેથી આવતા સાધુની વાત અગાઉ કહી.

અને **જીર્ણગઢ**માં ગોપાળાનંદસ્વામીએ બ્રહ્માનંદસ્વામીને એમ વાત કરી જે, "આજ ગઢડેથી ત્રણ સાધુ આવે છે. ને મહારાજની એમણે પૂજા કરીને છાતીમાં ચરણારવિંદ લીધાં છે, તે એમનાં એમ દેખાય છે. ને થાળ જમતાં મહારાજે મોટાં મોટાં છાબડાં પ્રસાદીનાં તમારા સારુ આપ્યાં છે, તે લઈને સાધુ પરમ દા'ડે આવશે." તે ત્રીજે દિવસે સાધુ આવ્યા, ને તે બેયને ગોપાળાનંદસ્વામીએ મળીને તે સાધુની છાતીમાં મહારાજનાં ચરણારવિંદ હતાં, તે પોતાની છાતીમાં લીધાં. ॥૧૯૫॥

૧૯૬. મુક્તમુનિ અને બ્રહ્મમુનિનો નિશ્ચય તપાસ્યો.

અને કોઈક દિવસે મહારાજે મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને એમ કહ્યું જે, "તમારો નિશ્ચય તો હું રખાવું છું, ત્યારે રહે છે." એમ કહીને એમ બોલ્યા જે, "જેમ તમે ત્યાગી છો, તેમ અમે પણ ત્યાગ રાખીએ છીએ; પણ અમે બે-ચાર બાયડીઓ રાખી હોય ને છોકરાં ઘણાં થાય ને તેને ખોળામાં લઈને રમાડતા હોઈએ ને તે ખોળામાં હંગતાં હોય તો તમને ઠીક પડે ?" ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "જેવું આમ દેખીને ઠીક પડે છે, એવું ન પડે." ને બ્રહ્માનંદસ્વામી કહે, "મહારાજ, અમે તો તમારાં છોકરાં રમાડવા માંડીએ. જેમ લોકમાં વાંઢા હોય તે લોકનાં છોકરાં રમાડે તેમ." એમ કહીને હસ્યા. ॥૧૯૬॥

૧૯૭. જીવને માથે પાપની કરોડ કોટડીઓ છે.

અને શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, “આ જીવને માથે પાપની કરોડ કોટડીઓ છે. એમાંથી એક કોટડી લઈને ભગવાને અરધી કોટડીનો દેહ કર્યો છે ને અરધી કોટડીનાં સગાં-સંબંધી, વિષય, દ્રવ્યાદિક અનેક પદાર્થ કર્યાં છે. તે પાપે પાપ મલી જાય છે, ને એ પાપ છે તે જીવને નડે છે, ને પરમેશ્વરને ભજવા દેતાં નથી. ॥૧૯૭॥

૧૯૮. શ્રીહરિએ સંસારને તુચ્છકાર્યો.

અને ક્યારેક શ્રીજીમહારાજને દીનાનાથ ભટ્ટે કહ્યું જે, “મારે બે દીકરીઓ પરણાવવી છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “બે દીકરીઓ પરણાવતા કેટલા રૂપિયા થાય ?” ત્યારે ભટ્ટે કહ્યું જે, “ઉત્તમ વિવાહ કરીએ તો આઠસો રૂપિયા થાય ને જો મધ્યમ વિવાહ કરીએ તો છસો રૂપિયા થાય ને જો કનિષ્ઠ વિવાહ કરીએ તો ચારસે રૂપિયા થાય.” ત્યારે મહારાજ કહે, “આ તો મહાદુઃખ. ને ગરીબ બ્રાહ્મણ હોય તે આટલા રૂપિયા ક્યાંથી લાવે ? ને આમ હોય તો અમે બાયડી-છોકરાંને ઘરમાં પૂરીને તેને કાંટા વીંટીને સળગાવીને નાસી જઈએ.” ત્યારે બ્રહ્માનંદસ્વામી કે, “એવી દાનત હોય તેને બાયડી છોકરાં ક્યાંથી હોય ?” ॥૧૯૮॥

૧૯૯. કાઠીઓને પ્રગટ સ્વમૂર્તિનો મહિમા કહ્યો.

અને શ્રીજીમહારાજને સર્વે કાઠીએ કહ્યું જે, “સાંખ્ય-યોગ એ અધ્યાત્મ જ્ઞાનમાં અમે કાંઈ સમજતા નથી.” ત્યારે મહારાજ કહે, “તમારે તમારી સાખી પ્રમાણે રહેવું જે, **હું ને મારો ઠાકોર બીજું જગત કાંણું, ઠાકોર બેઠા પારણે ને હું રહ્યો દોરી તાણું.** એમ તમને મળી જે મૂર્તિ તેને ઝાલી રાખો. એટલે સર્વે સમજી રહ્યા.” ॥૧૯૯॥

૨૦૦ થી ૨૦૩. શ્રીજીમહારાજની મનુષ્ય-ચેષ્ટા

અને અકસ્માત ચકલી ઊડી તેણે કરીને બેઠા હતા જે મહારાજ તે ભડક્યા. ત્યારે સોમલા ખાચર બોલ્યા જે, “અરે ચકલી, મારા પ્રભુને બિવરાવ્યા.” ॥૨૦૦॥

અને મહારાજે કાંઈક મનુષ્યચેષ્ટા કરી. ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, "મનુષ્ય ન હોય તે મનુષ્ય થવા જાય તે ઉઘાડું પડી જાય." ॥૨૦૧॥

ક્યારેક શ્રીજીમહારાજ નીચી ટટ્ટુ ઘોડીએ બેઠા હતા. ને તે ભડકી તેથી મહારાજ પડી ગયા. ને કાંઈ વાગ્યું નહિ, પણ પડ્યા પડ્યા, "વોય રે, બાપ રે, મરી ગયો રે..!" એમ રાડો પાડવા માંડી. ત્યારે સોમલા ખાચર બોલ્યા જે, "કાંઈ વાગ્યું નથી, અમથા શા સારુ રાડો પાડો છો ?" એમ મનુષ્યચેષ્ટા કરી. ॥૨૦૨॥

અને શ્રીજી મહારાજ દીવાનજીને આવવો જાણીને ગઢડેથી પોતાના અસ્વારો લઈને સારંગપુર, બોટાદ, નાગડકું, લોયા ઈત્યાદિક ગામોમાં ફરવા ઊપડી ગયા. પછી જાણ્યું કે દીવાનજી હવે ગઢડેથી અમરેલી ગયા હશે, એમ જાણીને પાછા ગઢપુર આવતા હતા. તે ગઢપુરની સમીપે આવ્યા ત્યારે કલકલાટ સાંભળીને બોલ્યા જે, "આ શેનો શબ્દ થાય છે ?" એમ કહીને નાજા જોગિયાને કહે, "આઘેરા જઈને જોઈ આવો."

પછી નાજા જોગિયા આઘેરા જઈને કોઈક મનુષ્ય આવતો હતો તેને પૂછ્યું જે, "આ શેનો શબ્દ થાય છે ?" ત્યારે તે બોલ્યા જે, "દીવાનજી ઊતર્યો છે, તેની સેનાનો શબ્દ થાય છે." તેને સાંભળીને નાજા જોગિયા પાછા વળ્યા. તેને જોઈને મહારાજ છેટેથી બોલ્યા જે, "નાજા જોગિયા, શું છે ?" પછી નાજા જોગિયા બોલ્યા જે, "મહારાજ ! એ તો દીવાનજી આવ્યો છે, તેની સેનાનો કોલાહલ થાય છે." પછી મહારાજ બોલ્યા જે, "ગજબ થયો હોત નહીં ! ને એના મોઢામાં આવ્યો હોત નહીં !" એમ કહીને ઘોડી પાછી વાળીને ઘોડીના કાઠડામાં નીચા નમીને નાઠા. તે નાસતાં નાસતાં સોમલા ખાચરની ઘોડીનો તંગ[૧] તૂટી ગયો. એટલે તે બોલ્યા જે, "મારી ઘોડીનો તંગ તૂટી ગયો, તે ઊભા રહો." પછી મહારાજ બોલ્યા જે,

૧.ઘોડાને પેટે બાંધવાનો પટ્ટો

"અમને મરાવવા છે કે શું ?" ત્યારે સોમલા ખાચર બોલ્યા જે, "તમને કોઈ મારતું નથી, શા સારુ દોડો છો ?"

પછી અર્ધી રાત્રીએ નિંગાળે આવ્યા. ત્યાં તો દીવાનજી નિંગાળે હતો. અને અર્ધી સેના આગળથી ગઢપુર ગઈ હતી. ને મહારાજ તેની સેના સોંસરા ચાલ્યા, તે જ્યાં દીવાનજી ઊતર્યો હતો, ત્યાં તંબુ આગળ ઊતર્યા ને બોલ્યા જે, "અમારે શૌચ જવું છે." પછી કાઠીએ પોટલિયામાંથી[1] પાણી આપ્યું એટલે શૌચ જઈ આવ્યા. પછી બોલ્યા જે, "આપણને કોઈએ જાણ્યા નહીં, માટે જાણ કરો." પછી ગોચેરો[2] કરીને ચાલી નીસર્યા. એમ મનુષ્યભાવ જણાવે, પણ એ તો કાળના કાળ છે. ॥૨૦૩॥

૨૦૪. કરિયાણામાં સાધુ આવ્યા એટલે વરસાદ આવ્યો.

શ્રીજીમહારાજ જ્યારે **કરિયાણે** હતા, ત્યારે હરિભક્તોએ પૂછ્યું કે, "વરસાદ કયારે થશે ?" ત્યારે મહારાજ કહે, "જો સાધુ તેડાવીએ અને તે જો આવે તો વરસાદ આવે." પછી મહારાજે સાધુને તેડાવ્યા. ને તે સાધુ આવ્યા એટલે વરસાદ પણ ઘણો આવ્યો. ॥૨૦૪॥

૨૦૫. શ્રીહરિ મુક્તમુનિ ભેળા એક થાળમાં જમ્યા.

ક્યારેક ઘોડશાળની ઓસરીમાં શ્રીજીમહારાજ જમતા હતા. તે સમે મુક્તાનંદસ્વામી ફરવા ગયા હતા, ત્યાંથી આવ્યા અને મહારાજનાં દર્શન તથા પ્રણામ કરીને આગળ બેઠા. મહારાજે તેમને સમાચાર પૂછ્યા. મુક્તાનંદસ્વામીએ સમાચાર કહેવા માંડયા. તે સાંભળીને મહારાજે તેમને થાળ આપ્યો. તે મુક્તાનંદસ્વામી ત્યાં જ જમવા બેઠા ને સ્વામી જમવા માંડ્યા ત્યારે મહારાજ બોલ્યા, "સ્વામી, હું તો સમાચાર પૂછવા રહ્યો ને ભૂખ્યો રહી ગયો." એમ કહીને ઓરા ખસીને સ્વામીની ભેળા જમવા માંડ્યા અને થાળમાંથી બે ગ્રાસ જમ્યા. ॥૨૦૫॥

૧.ચપટા ઘાટની ચામડાની પાણી ભરવાની કોથળી-મશકમાંથી ૨.ગોકીરો; હાહાકારો; શોરબકોર

૨૦૬-૨૦૭. મહારાજે સાધુના પાત્રમાંથી પ્રસાદી પોતે લીધી તથા માંદાને અપાવી.

જે સમયે ગઢડામાં દાદા ખાચરની દીકરી માંદી હતી, તે સમયે સાધુની પંક્તિ જમવા બેઠી હતી. ત્યારે મહારાજ પોતે તાંસળી હાથમાં લઈને સાધુ જમતા હતા, તે પંક્તિમાં ફરીને સાધુના પાત્રમાંથી સર્વની પ્રસાદી પોતાના હાથે લઈને બે ગ્રાસ જમ્યા અને કહ્યું કે, “આ પ્રસાદી છોડીને ખવરાવો એટલે એનું કલ્યાણ થાય.” ॥૨૦૬॥

અને દાદા ખાચરની ઘોડી માંદી હતી. તે માટે સર્વ સાધુના પગના અંગૂઠા બોળાવીને, તેને મહારાજ પોતાના હાથમાં લઈને તે ચરણામૃતની બે અંજલી પીતા હતા ને કહેતા હતા કે, “આ ઘોડીને પાઓ, તેનું કલ્યાણ થશે.” ॥૨૦૭॥

૨૦૮. મહારાજે સાધુને બુદ્ધાવતાર કહ્યા.

મહારાજને કોઈએ પૂછ્યું કે, “તમે બુદ્ધાવતાર છો ?” તે વખતે સાધુની સભા આગળ બેઠી હતી. તેને બતાવીને મહારાજે કહ્યું જે, “બુદ્ધાવતાર તો આ છે, અમે નથી.” ॥૨૦૮॥

૨૦૯. ગોવર્ધનભાઈની મહારાજમય અલૌકિક સ્થિતિ

મુક્તાનંદસ્વામી માંગરોળમાં ગયા, ત્યાં ગોવર્ધનભાઈએ ‘હસ્તે સ્વામિનારાયણ’ એમ ચોપડે લખીને લોકોને રૂપિયા આપ્યા. તેને તેમનાં સંબંધીએ જોઈને ઉપાધિ કરી. ત્યારે મુક્તાનંદસ્વામી **માણાવદર**માં મહારાજ પાસે આવ્યા, અને એ સમાચાર મહારાજને કહ્યા. તે સાંભળીને મહારાજ એમ બોલ્યા કે, “અરેરેરે! બહુ ખોટું થયું ! **‘समलोष्टाश्मकाञ्चनः’**[૧] એમ થયું.” એટલે મુક્તાનંદસ્વામીએ એમ જાણ્યું કે, આ મહારાજને ગમે છે. ॥૨૦૯॥

૧.જેને માટી, પથ્થર ને સોનું સમાન છે એવો મહાભક્ત.(ગીતા : ૬/૮)

૨૧૦. મુક્તાનંદસ્વામીને ઠપકો આપ્યો.

ક્યારેક મુક્તાનંદસ્વામી સુરતથી ગઢડે આવ્યા. ત્યાં મહારાજનાં દર્શન કરીને, તેમને મળીને સમાચાર કહેતા જાય અને સુરતના હરિજનોએ હમીરજીને રૂપિયા ત્રણસો મહારાજને ભેટ કરવા સારુ બંધાવ્યા હતા, તે પોતે સાને કરીને હમીરજીને સમજાવતા જાય. એને જોઈને મહારાજ મુક્તાનંદસ્વામીને કહે કે, "સ્વામી ! તમે પણ બગડી ગયા દેખાઓ છો. કેમ કે, તમારા હૈયામાં રૂપિયા પેસી ગયા છે, જે દર્શન મૂકીને તેને સંભારો છો !" ત્યારે સ્વામી કહે, "હા મહારાજ, ભૂલી ગયો." ॥૨૧૦॥

૨૧૧. રૂપની આસક્તિથી પાળાને ઘોડાનો અવતાર

કોઈક દિવસ **ગઢપુર**માં કોઈ બાઈ શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવી. તે રૂપાળી અને જુવાન હતી. તેને જોઈને પાસે એક પાળો બેઠો હતો, તેની મનોવૃત્તિ તેમાં જોડાણી. એટલે તે પાળો થોડાક દિવસમાં માંદો થયો અને તેને ક્ષય રોગ થઈ દેહ મેલીને દાદા ખાચરની ઘોડીનો વછેરો થયો. તે અગિયાર મહિનાનો થયો. તેને જોઈને મહારાજે કહે, "આને વાલી કરો." ત્યારે બીજા માણસો કહે, "હજી કાચો છે, તે નાસી જાય ને બગડી જાય." ત્યારે મહારાજ કહે, "ભલે બગડી જાય, પણ વાલી કરો." પછી તેને વાલી કર્યો ને માંદો થઈને મરી ગયો. પછી મહારાજે કહ્યું કે, "તે ફલાણો પાળો હતો." ॥૨૧૧॥

૨૧૨. ભુજમાં સ્ત્રીમાં આસક્ત હરિજનને રામાનંદ સ્વામીનો ચોટદાર ઉપદેશ

કોઈક સમયે **ભૂજ**માં રામાનંદસ્વામી પાસે એક બાઈ દર્શન કરવા આવી. તે રૂપવાન અને જુવાન હતી. તેને ત્યાં બેઠેલો એક હરિભક્ત વારેવારે જુએ. એને જોઈને રામાનંદ સ્વામીએ એ સ્ત્રીને ભારે રેચની ગોળી આપી. અને એમ કહ્યું કે, "રેચ લાગે તેનાં કુંડાં ભરી રાખજે." એટલે તે બાઈએ કુંડાં ભરી રાખ્યાં. તેને બહુ રેચ લાગ્યો અને અતિ

કૃશ થઈ ગઈ. ને આંખે ખાડા પડી ગયા અને કુરૂપ થઈ ગઈ. પછી તે બાઈ રામાનંદસ્વામી પાસે આવી. ત્યારે એ બાઈને જે હરિભક્ત જોતો હતો તે બોલ્યો જે, "તમે આમ કેમ થઈ ગયાં છો ?" ત્યારે રામાનંદસ્વામી કહે જે, "જેમાં તું મોહ પામ્યો હતો, એ તો રાખી મેલ્યું છે, તે આને બતાવો." એમ કહીને તે ભરેલાં કુંડાં દેખાડ્યાં. તે કહ્યું છે કે, **'त्वङ्मांसरुधिरस्नायु...'**[1] ॥૨૧૨॥

૨૧૩. પીપળાવમાં બ્રાહ્મણોના પ્રશ્નનો ચોટદાર ઉત્તર

કોઈક સમયમાં ગામ **પીપળાવ**ની ભાગોળે પાંચસો પરમહંસની સભા સહિત મહારાજ વિરાજમાન હતા. ત્યાં વટેમાર્ગુ વીસ બ્રાહ્મણ આવ્યા અને એમ વિચાર કર્યો કે, 'શાસ્ત્રે કરીને આમને કોઈ પહોંચી શકે એમ નથી, માટે ઉત્તર ન થાય એવો આમને પ્રશ્ન પૂછીએ.' એમ ધારીને સભામાં આવ્યા ને બોલ્યા કે, "આટલા ત્યાગી થયા છો, એમ બધાય સંસાર મૂકી દે તો સૃષ્ટિ કેમ ચાલે ?" ત્યારે મહારાજ કહે, "તમે કેટલા છો ?" તેમણે કહ્યું જે, "અમે વીસ જણા છીએ." મહારાજ બોલ્યા, "તમે વીસ જણા સાધુ થાઓ અને એવા ને એવા વીસ જણા અમે આ ઝાડથી ઉતારીએ. ઊઠો, વાર શું લગાડો છો ? અમે ભગવાન છીએ, તેનું પારખું તો લો ! ને સર્વે સાધુ ન થાઓ તો દસ જણા તો થાઓ, ને દસ જણા અમે આ વૃક્ષથી ઉતારીએ. ને દસ જણા ન થાઓ તો પાંચ જણા તો થાઓ, ને પાંચ જણા વૃક્ષથી એવા ને એવા ઉતારીએ. શું જોઈ રહ્યા છો ? એક તો થાઓ ! ને અમારું પારખું તો લો." પછી તે વિપ્રો બોલ્યા જે, "આમને કોઈ રીતે જિતાય નહીં." એમ બોલીને ચાલી નીકળ્યા. ॥૨૧૩॥

૧.ત્વચા, માંસ, રુધિર, નાડીઓ, મેદ, મજ્જા, હાડકાંના કટકા, વિષ્ટા, મૂત્ર, જરા અવસ્થા તથા નાના પ્રકારના રોગ આદિક ભૂંડી અપવિત્ર વસ્તુઓથી ભરેલા આ દેહને વિષે શી વસ્તુ રૂડી છે ? કોઈ વસ્તુ રૂડી નથી, સર્વે ભૂંડી જ વસ્તુ છે.(સત્સંગિજીવન : ૪/૬૭/૮)

૨૧૪. દ્રવ્ય માંગતા બ્રાહ્મણને કુબેરજી પાસે જવા કહ્યું.

વડતાલમાં એક બ્રાહ્મણે મહારાજને કહ્યું કે, "તમે ભગવાન છો, તે મને દ્રવ્ય આપો." ત્યારે મહારાજ કહે, "દ્રવ્ય તો કુબેર ભંડારી પાસે છે, તે આપશે ત્યાં જાઓ. અમે તો દ્રવ્ય નથી આપતા." ॥૨૧૪॥

૨૧૫. પર્વત ધારવાની વાતનો યુક્તિથી ઇનકાર

કોઈક માણસે મહારાજને કહ્યું કે, "શ્રીકૃષ્ણ ભગવાને ગોવર્ધન પર્વત ધાર્યો હતો. તમે ભગવાન કહેવાઓ છો, તે પર્વત ધારો તો ભગવાન ખરા." ત્યારે મહારાજે કહ્યું કે, "ઈન્દ્રે વરસાદ કરીને વ્રજ બોળવા માંડ્યું ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને પર્વત ધાર્યો હતો. એમ કોઈક વરસાદ કરીને અમને બોળે તો અમે પર્વત ધારીએ." ॥૨૧૫॥

૨૧૬. ધનેશ્વર તરવાડીને શ્રીહરિનો નિશ્વય

ગામ **નાંદોલ**ના ધનેશ્વર તરવાડીને પુત્ર નહીં. તે સ્ત્રીપુરુષ બંનેએ કાશી જઈને, ત્યાં બાર વરસ રહી ગાયત્રી પુરશ્ચરણ કર્યું. તેણે કરીને ગાયત્રીએ પ્રસન્ન થઈને ચતુર્ભૂજ દેવીરૂપે દર્શન આપ્યું અને કહ્યું જે, "વર માંગ." ત્યારે તેણે વર માગ્યો કે, "અમને પ્રગટ ભગવાન મળે." ત્યારે તે ગાયત્રી કહે કે, "સ્વામિનારાયણ પ્રગટ ભગવાન છે. તેમણે કસુંબલ વસ્ત્ર પહેરેલાં છે અને તે ગઢડામાં છે, ત્યાં તમે જાઓ. તે તમને કહેશે કે, તમને ગાયત્રીએ મોકલ્યો છે."

ગાયત્રી દેવીની આવી વાત સાંભળીને તે ગઢડે આવ્યા. અને દેવીએ કહ્યા પ્રમાણે મહારાજનાં દર્શન કર્યાં. ત્યારે મહારાજ એમ બોલ્યા કે, "તમને ગાયત્રીએ મોકલ્યા છે." પછી ધનેશ્વર તરવાડીને પરિપક્વ નિશ્ચય થયો અને એ પરમ ભક્ત થયા. ॥૨૧૬॥

૨૧૭. વિસનગરના પાનાચંદની ભજને કરીને દિવ્યદષ્ટિ

ગામ **વિસનગર**માં પાનાચંદ ભાવસાર શ્રીજીમહારાજનું નિરંતર ધ્યાન-ભજન કરતાં દિવ્ય દષ્ટિ પામ્યા. તે બધા ધામને અત્ર બેઠા થકા દેખે

અને જે હરિજનને તથા સાધુને અંત સમયે મહારાજ તેડવા આવે તેને પણ દેખે તથા મહારાજ તેને જે ધામમાં મૂકે તે પણ દેખે; એવી સ્થિતિ પામ્યા. જેના ભજનથી એવા સામર્થીવાન થવાય છે, તે પુરુષોત્તમનું અસાધારણ લક્ષણ છે. ।।૨૧૭।।

૨૧૮. વિસનગરના ઝૂમખરામ અને મુકુટરામની વાત

ગામ **વડતાલ** મધ્યે સમૈયામાં ઉગમણી દિશાએ આંબલા નીચે દશ હજાર મનુષ્યોની સભામાં ઊભા થઈને રાતના દસ વાગતા સુધી મહારાજ વાર્તાઓ કરતા હતા. તે સભામાં વિસનગરના શેઠ ઝૂમખરામ નિદ્રાને લીધે ડોલાં મારતા હતા. મહારાજે હાથ લાંબો કરીને તેને સોટી મારીને જાગ્રત કર્યા. પછી સભા ઊઠી, ત્યારે ઝૂમખરામે મહારાજનાં ચરણારવિંદ ઝાલીને પૂછ્યું કે, "મહારાજ, તમે મને સોટી કેમ મારી ?" મહારાજ બોલ્યા કે, "હિરણ્યકશિપુ પ્રહ્લાદજીને મારવાની તને આજ્ઞા કરતો, ત્યારે તું ભક્ત જાણીને તેમની રક્ષા કરતો. તે પુણ્યે કરીને તે દિવસથી તું ભક્ત થયો છું. તે તારાં અનેક જન્મનાં પાપ મારી કાઢ્યાં."

અને મહારાજે ઝૂમખરામને સોટી મારી ત્યારથી સર્વે ક્રિયામાં અખંડ મૂર્તિ દેખાવા માંડી. તે વાતની તેને મૂંઝવણ થઈ. તેથી મહારાજ પાસે આવીને તે રોવા માંડ્યા. ત્યારે મહારાજ બોલ્યા કે, "શા સારુ રૂએ છે ?" ત્યારે તે બોલ્યા કે, "તમારી મૂર્તિ સર્વે ક્રિયામાં દેખાય છે, તે હું વ્યાવહારિક ક્રિયા કેમ કરું ? અને મારા માતાપિતા વૃદ્ધ છે, ને મારો ભાઈ પણ નાનો છે. એ સર્વેનું પોષણ શી રીતે કરું ?"

પછી મહારાજ બોલ્યા જે, "તને ઠીક ન પડ્યું ? તો જા, હવે નહિ દેખાય." એટલે ઝૂમખરામે કહ્યું કે, "ના મહારાજ, જ્યારે હું કલાક બે કલાક ધ્યાન કરું ત્યારે તો દેખાવી જોઈએ." ત્યારે મહારાજ કહે, "જાઓ ત્યારે દેખાશે."

પછી તે ઝૂમખરામ પોતાના દેહનિર્વાહને માટે ઘરબાર સહિત દક્ષિણ દેશમાં ગયા. ત્યાં પોતાનો નાનો ભાઈ મુકુટરામ માંદો થયો.

તેને મહારાજે દર્શન દઈને કહ્યું કે, "આજથી દશમે દિવસે અર્ધી રાત્રે તને અમે તેડી જઈશું. અમ ભેળા પચીસ પાર્ષદો લાવશું. તે પાર્ષદો બંદૂકના અવાજ કરશે, તે સમે જે હાજર હશે તેને અમારાં દર્શન થશે." આ વાત મુકુટરામે ઝૂમખરામને કહી. અને એમ કહ્યું કે, "આ ડોસી-ડોસાને મારી પાસે આવવા દેશો નહિ. અને આવશે તો હું બટકું ભરીશ. શા સારુ ? તો રામાવતારમાં એ બે ક્ષત્રિય હતા ને હું ઋષિ હતો. તે વખતે ભરતજી જ્યારે રામચંદ્રજી પાસે આવ્યા, ત્યારે એ બે જણાં ભરતજીની સેનામાં હતાં. તેણે મારી પર્ણકુટી તાણી હતી. તે દિવસથી મારે એમની સાથે વેર છે."

પછી ઝૂમખરામે ડોસા-ડોસીને મુકુટરામ પાસે જવાની ના પાડી. તોપણ માબાપનું હેત એટલે રહેવાય નહિ. તે મુકુટરામને જ્યારે બહુ દુઃખ થયું ને ઊંહકારા કરવા મંડ્યો, ત્યારે તેઓ તેની પાસે ગયાં અને બોલ્યાં, "કેમ છે મુકુટ ? બહુ દુઃખ થાય છે કે ?" એમ ખબર પૂછી એટલે મુકુટે ઊછળીને બટકું ભર્યું. એટલે ડોસા-ડોસીએ રાડ પાડી. પછી ઝૂમખરામે દુકાનેથી દોડી આવીને કહ્યું જે, "આ શું કર્યું મુકુટરામ ?" પછી તે બોલ્યા, "હવે વેર મટી ગયું." પછી દસમે દિવસે અર્ધી રાત્રે આવીને મહારાજ મુકુટરામને તેડી ગયા. તે વખતે જે પાસે હતા, તે સર્વે જનોએ મહારાજનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં. ને પાર્ષદોએ કરેલા બંદૂકના અવાજ પણ સર્વેએ સાંભળ્યા અને અતિશે આશ્ચર્ય પામ્યાં.

અને મુકુટરામ દિવ્ય દેહે કરીને દસ ગાઉ દૂર પોતાની બહેન રહેતી હતી ત્યાં આવ્યા અને કહ્યું કે, "હું વડતાલ મહારાજનાં દર્શને જાઉં છું, તે તમારે આવવું હોય તો ચાલો." પછી બહેન બોલ્યાં કે, "અમને તો નિવૃત્તિ નથી, પણ તમારી ભાણેજને લઈ જાઓ." પછી તે છોડી બજારે રમતી હતી, ત્યાંથી વડતાલ તેડી ગયા અને ત્યાં મહારાજનાં દર્શન કર્યાં. મહારાજે તે છોડીને હજારી ફૂલનો હાર આપ્યો. ત્યાંથી લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરીને બ્રહ્મચારીએ આપેલાં

પ્રસાદીનાં પતાસાં તે છોડીને આપ્યાં. અને પછી તે છોડીને પોતાની બહેનના ઘરના મેડા ઉપર મૂકીને મુકુટરામ અદૃશ્ય થઈ ગયા.

તે છોડીને તેની માએ મેડા ઉપર બેઠેલી દીઠી એટલે પૂછ્યું કે, "તું મામા ભેળી વડતાલ ગઈ હતી ને અહીં ક્યાંથી આવી ?" ત્યારે તે છોડી બોલી કે, "મામા ભેળી હું ગઈ હતી. જુઓ, આ મહારાજે મને હાર આપ્યો છે, ને આ જુઓ, મને મામાએ પ્રસાદીનાં પતાસાં અપાવ્યાં છે. ને મામા મને અહીં મૂકી ગયા છે." એ જોઈને બધાં અતિશે આશ્ચર્ય પામ્યાં.

પછી ત્રીજે દિવસે મુકુટરામે દેહ મૂક્યાની ખબર આવી. એમ અનેક જન્મે કરીને એકાંતિક થવાય છે. તે ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે - **'अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम्।'**[1] ॥૨૧૮॥

૨૧૯. શ્રીપાતવામનસ્વામીના જીવનના પ્રસંગો

અને હળવદ ગામમાં શ્રીપાતવામનસ્વામી કે, "હું જમદગ્નિનો અવતાર છું ને પરમ દા'ડે હું દેહ મૂકીશ એમ મુને મહારાજે કહ્યું છે." એમ કહીને દેહ મૂક્યો.

તે પ્રથમ પૂર્વાશ્રમમાં માળવામાં પ્રતિવર્ષ કથા કરી આવીને ત્રણસો રૂપિયા લાવે. ત્યારે તેમનું ઘરનું મનુષ્ય બે દિવસ સારી પેઠે સેવા કરે, એટલે તેને રૂપિયા આપી દે, એટલે સ્ત્રી સેવા ન કરે. પછી ત્યાંથી મહારાજ પાસે જઈને સમાગમ કરે. ને જ્યારે જેઠ માસ આવે ત્યારે તેવી રીતે કથા કરવા જાય. પછી મહારાજનો સમાગમ કરે.

એમ કરતાં કરતાં કોઈક દિવસ ગઢડે પોતાના ભત્રીજા વિરાભાઈએ કહ્યું જે, "તમારે સ્નાન આવ્યું છે." ત્યારે તે બોલ્યા જે, "ફલાણી છોડીની મા તો નથી મરી ગઈ ?" ત્યારે તે કે, "હા." પછી બહુ રાજી થયા ને ઊભા થઈને કૂદ્યા. ને પછી સંન્યાસી થયા.

૧.મુમુક્ષુ મોક્ષ માટે અનેક જન્મ પ્રયત્ન કરે છે, ત્યારે ભગવદ્કૃપાથી તેનાં સર્વે પાપ બળી જાય છે ને એકાંતિક ભક્ત થાય છે, પછી સર્વથી શ્રેષ્ઠ એવું જે ભગવાનનું ધામ તેને પામે છે. (ગીતા : ૬/૪૫)

ને કોઈક દિવસ સભામાં આવ્યા, તે મોઢા આડું વસ્ત્ર દઈને દંડને ખભા સુધી ઊંચો રાખીને મહારાજને દર્શને આવ્યા. ને દર્શન કરીને સભામાં આગળ બેસવા સારુ માગ ચારે કોરે જોવા મંડ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "સ્વામી, શું જોઈ રહ્યા છો ? એક કોરથી મારવા મંડો." પછી લાજે કરીને સભામાં બેસી ગયા. તે જ્યારે કોઈ ખૂંખારે ત્યારે ભડકે ને ચારે કોરે જોયા કરે જે, રખે કોઈકનું મારા ઉપર થૂંક પડે ! પછી કોઈક ખૂંખાર્યા એટલે તે બોલ્યા જે, "મહારાજ, સાધુ મારા ઉપર થૂંકે છે." ત્યારે બ્રહ્માનંદસ્વામી કે, "મહારાજ, કોઈ થૂંકતું નથી. એનો તો સંશયવાળો સ્વભાવ છે, તે કોઈક ખૂંખારે ત્યારે સંશય પડે છે."

પછી વળી કોઈક દિવસ સભામાં ઊભા થઈને બોલ્યા જે, "મહારાજ, આ સાધુ મારા ઉપર થૂંકે છે." ત્યારે મહારાજ કે, "કોણ થૂંક્યું ?" ત્યારે કે, "આ ધ્યાનાનંદ." ત્યારે મહારાજ બોલ્યા જે, "ધ્યાનાનંદસ્વામી, થાઓ ઊભા. આ વામનસ્વામી ઉપર કેમ થૂંક્યા ?" પછી તે બોલ્યા જે, "મહારાજ, હું તો થૂંક્યો નથી, પણ ગોમતી ગાળતાં સર્વે ગાર લેતા હતા, ત્યારે માર્ગમાં મુને ખોંખારો આવ્યો હતો, પણ થૂંક્યો તો નથી." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ, એનો સંશયદાર સ્વભાવ છે. ધ્યાનાનંદ તો અતિ શાંત છે, તે થૂંકે એવા નથી."

પછી મહારાજ બોલ્યા જે, "વામનસ્વામી, તમારે સભામાં ન બેસવું ને છેટે બેસીને અમારાં દર્શન કરવાં." પછી છેટેથી મહારાજનાં પૂરાં દર્શન થાય નહીં ને વાતો પણ સંભળાય નહીં. એટલે તેમણે મહારાજને કહ્યું જે, "મહારાજ, મુને છેટે તો તમારાં દર્શન નથી થાતાં." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે મુને કેવો જાણો છો ?" ત્યારે કે, "તમને તો સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ ભગવાન જાણું છું." ત્યારે મહારાજ બોલ્યા જે, "કલ્યાણ કોના હાથમાં છે ?" ત્યારે કે, "તમારા હાથમાં." ત્યારે

મહારાજ બોલ્યા જે, “જાઓ તમે ઢેઢનું ખાશો તોય કલ્યાણ કરીશ.” ત્યારે તે બોલ્યા જે, “જરૂર ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “જાઓ જરૂર.” ત્યારે તે બોલ્યા જે, “જો જો હો નક્કી ?” ત્યારે મહારાજ કે, “જાઓ નક્કી.” ત્યારે તે કહે, “હવે મારે ફકર નહીં.” પછી સંતની પંક્તિ જમી ઊઠી તે એંઠમાં ખભે દંડ લઈને દોડે ને બોલે જે, “હવે મારે ફકર નહીં. મહારાજે કહ્યું છે જે, ‘તું ઢેઢનું ખાઈશ તોય કલ્યાણ કરીશ.”

પછી કોઈક દિવસે ઉમરેઠમાં નિત્યાનંદસ્વામીને ભાગવતના શ્લોક પૂછવા ગયા, ત્યારે નિત્યાનંદસ્વામી ઊભા થઈને મળ્યા. પછી કહે, “સ્વામી, હું સંન્યાસી થયો તોય તમને નડતો રહ્યો જે, તમને આ રુદ્રાક્ષનો મણકો ખૂંચ્યો.” પછી રુદ્રાક્ષની માળા કાઢીને મળ્યા. પછી ભાગવતના શ્લોક પૂછીને લુણાવાડે આવ્યા. ત્યારે કોઈકે પૂછ્યું જે, “સ્વામી, તમે કેટલાક સાધુને ભાગવત ભણાવ્યું ને નિત્યાનંદસ્વામીને પૂછવા ગયા હતા તે શું ?” ત્યારે તે બોલ્યા જે, “તારા ઘરમાં વસ્તુ હોય તેને તું જાણે, પણ બીજો શું જાણે ? તેમ એમણે ભાગવત કર્યું છે, તે એમને ખબર એટલી મુને ક્યાંથી ખબર ?”

પછી કોઈકે કહ્યું જે, “દલપો આમ કહેતો હતો જે, ‘વામનસ્વામી આટલું કમંડલું ઢાંકવાનું યત્ન કરે છે, તે ટોપલો ને ગોદડું ઊંચું કરીને ડુંગળીના દડા બે હેઠે મેલી ગયા હોઈએ તો શું કરે ?” પછી કહે, “અરેરે ! ગજબ થયો નહીં ?”

પછી તે વિપ્રને ચોરે જઈને લાંઘવા[1] બેઠા ને બ્રાહ્મણ સર્વેને ભેગા કર્યા. ને રૂપરામને એમ કહ્યું જે, “જેણે ડુંગળી ખાધી હોય તેનું પ્રાયશ્ચિત શું ?” પછી તેણે કહ્યું જે, “તમે તો નથી ખાધી ?” ત્યારે તે કહે, “ખાધી તો નથી, પણ દલપો આમ બોલતો હતો.” પછી સર્વે બોલ્યા જે, “તમે જમો અને તેનું પાપ અમારે માથે.” ત્યારે તે કે, “જરૂર ?” ત્યારે તે વિપ્ર બોલ્યા જે, “જાઓ જરૂર.” પછી જમ્યા.

૧.ઉપવાસ કરવા

પછી કોઈક દિવસ બોલ્યા જે, "આપણા આંબાના રક્ષક કે, 'સાખો[1] જમવા આવજો' એમ કહ્યું હતું, તે ચાલો." ત્યારે કોઈકે પૂછ્યું જે, "ક્યારે કહ્યું'તું ?" ત્યારે તે બોલ્યા જે, "ત્રણ વર્ષ થયાં." ત્યારે તે કહે, "એ તો એ આંબાના વૃક્ષ હશે કે નહિ હોય ?" એવા ભોળા હતા ને સમર્થ તો વળી આવા. ॥૨૧૯॥

૨૨૦. સંતનિષ્ઠા રાખતાં આવેલ મહાસંકટમાં નાજા જોગિયાની રક્ષા

અને ગામ ગોખલાણામાં બે સાધુ કાઠીના ઉતારાની ડેલીએ ઊતર્યા હતા. તે સાધુને ગામના ગરઢેરે કાઠીએ કાઢી મેલ્યા. તે સર્વે સમાચાર નાજો જોગિયો ગઢડે મહારાજને કહીને એમ બોલ્યો જે, "મહારાજ, એ કાઠીને અમે મારશું." ત્યારે મહારાજ કે, "તમે એને પૂગશો ?" ત્યારે તે કે, "પૂગીએ કે ન પૂગીએ પણ એકવાર તો એને મારીએ." ત્યારે મહારાજ કહે, "મારજો." પછી વળી, મહારાજ બોલ્યા જે, "પાછા વળો અને જો એને મારો તો એક લાકડી મારજો ને તરવાર પાસે રાખજો. એકલો હોય ત્યારે મારજો."

પછી કોઈક દિવસ તે અવિદ્યાવાળો કાઠી લોકના ખળા ભરવા સારુ આવીને એકલો ખળામાં બેઠો હતો. ત્યારે તેને બે ભાઈઓએ[2] કેડેથી કડિયાળી લાકડી મારી. તેનો હોંકારો થયો એટલે પોતાનું ખળામાં ધાન્ય પડ્યું મૂકીને તે નાશી ગયા. ને જસદણ ભોંયરાના વાસુર ખાચર પાસે જઈને રહ્યા. ને ત્યાં નાજા જોગિયાએ મહારાજના નિશ્ચયની વાસુર ખાચરને વાતુ કરી. ત્યારે તે વાસુર ખાચર કે, "નાજા જોગિયા, તારા સ્વામિનારાયણ ભગવાન તો ખરા, જો સવારે દિવસ ઊગ્યા પહેલાં મુને દર્શન દે તો, નહિ તો તારાં ઘૂંટણ ભંગાવી નંખાવું." ત્યારે તે બોલ્યા જે, "એ તો અમદાવાદની કોરે છે." ત્યારે તે બોલ્યા જે, "ભગવાનને શું દૂર છે."

૧.આંબા ઉપર જ પાકી ગયેલી કેરીઓ ૨.નાજો જોગિયો તથા તેના ભાઈ રામ જોગિયાએ

પછી નાજા જોગિયાએ આખી રાત્રી ભજન કર્યું જે, 'ભગવાન છે તે આવે કે ! ન આવે તો મારી શી વલે !' પછી છેલ્લે પરોઢિયે ઊઠીને અંધારે મહારાજને જોવા સારુ ઊંચે ટેકરે બેઠા. ને છેટેથી તાપણી જેવું તેજ જણાય, તે જાણે પાસે ચાલ્યું આવે છે. તે જેમ જેમ સમીપે આવે તેમ તેમ તે પ્રકાશમાન દેખાય. ને અતિશે સમીપે આવ્યું ત્યારે તો તેજમાં મહારાજ ચાલ્યા આવે. તે જોઈને નાજા જોગિયા પ્રણામ કરીને પગે લાગ્યા. પછી મહારાજ નાજા જોગિયાને ઘેર પધાર્યા ને નાજે ભક્તે મહારાજને ઢોલિયે પધરાવીને મહારાજની પગચંપી કરી.

પછી મહારાજ બોલ્યા જે, "અમારે વાસુર ખાચરને દર્શન દેવા જાવું છે." એમ કહીને મહારાજ ચાલ્યા તે ઊંચા ટેકરા ઉપર ચડ્યા. એટલે હેઠે પડખે ચારે કોરે ચોર પડેલા, તે બોલ્યા જે, "સ્વામિનારાયણ, એ પાપીને ઘેર તમે ક્યાં જાવ છો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "એ શું કરે છે ?" પછી નાજા જોગિયા બોલ્યા જે, "આ રાજાના રાજ્યમાં જે કોઈ ચોર ચોરી કરે તેના ઘૂંટા આ રાજા ભંગાવી નાખે છે. એટલે એના રાજમાં ચોરી થતી બંધ થઈ ગઈ છે." ત્યારે મહારાજ કહે, "અરર.., એવો પાપી છે ! ત્યારે આપણે વળો પાછા." ત્યારે નાજા જોગિયા બોલ્યા જે, "મહારાજ, તમે તો પાછા વળો છો, પણ મારી પણ એ વલે છે."

પછી મહારાજ તે વાસુર ખાચરના ઊઠ્યા મોર ત્યાં પધાર્યા. ને મહારાજ એમ બોલ્યા જે, "ઊઠો, તમને દર્શન દેવા સારુ આવ્યા છીએ." ત્યારે તે બોલ્યો જે, "મેં તમારા નાજા જોગિયાને કહ્યું હતું જે, 'સ્વામિનારાયણ જો મુને સવારમાં દર્શન આપે તો ભગવાન ખરા, ને ન આવે તો તારાં ઘૂંટણ ભંગાવી નખાવું. તે તમે દર્શન દીધાં માટે ભગવાન ખરા." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમને ભગવાન જાણ્યા ત્યારે અમે કહીએ તેમ કરવું પડશે." ત્યારે તે બોલ્યા જે, "સર્વે કરું, પણ એક ન કરું." ત્યારે મહારાજ કહે, "એક જ કરાવવું છે." પછી

તેણે ઘૂંટણ ન ભાંગવાનો નિયમ લીધો. ને મહારાજ પાછા વળ્યા. ને ભાગોળ સુધી નાજા જોગિયા વળાવવા ગયા ને મહારાજ અદશ્ય થઈ ગયા. ।।૨૨૦।।

૨૨૧. એભલ ખાચરને ઘેર રહેવાનું શ્રીહરિનું પ્રાક્કથન

અને કોઈક દિવસ **ગઢડામાં** સુથારણ બાઈને શ્રીકૃષ્ણ ભગવાને દર્શન દઈને એમ કહ્યું જે, "અમે એભલ ખાચરને ઘેર રહીશું ને એમને ઘેર દીકરો થશે." પછી તે વાતના સમાચાર એભલ ખાચરને કહેવા સારુ તે બાઈ આવી, તેને જોઈને ધોકો લઈને ડોઢીએથી[1] ઊઠ્યા. ત્યારે તે બાઈ બોલી જે, "આપા, આપા, વધામણી છે !" ત્યારે તે બોલ્યા જે, "ભણ." ત્યારે તે બોલી જે, "આજ મને કનૈયોલાલ રાત્રિએ એમ કહી ગયા છે જે, 'અમે એભલ ખાચરને ઘેર રહીશું ને એમને દીકરો થાશે." એમ કહ્યું એટલે રાજી થયા ને પોતાના ચાકરને કહીને જારની ગાંઠડી બંધાવી આપી. ને એમને પુત્ર થયા ને મહારાજ એમને ઘેર રહ્યા. ।।૨૨૧।।

૨૨૨. વ્યાપકાનંદસ્વામીએ સંયમિની પુરી ખાલી કરી.

અને કોઈકવાર વ્યાપકાનંદસ્વામી સંયમીની પુરીમાં જઈને 'સ્વામિનારાયણ' એ નામ ઉચ્ચારણ કર્યું. તેને સાંભળીને અનેક પતિત જીવનો ઉદ્ધાર થઈ ગયો ને દેવ થઈને દેવલોકમાં ગયા. ।।૨૨૨।।

૨૨૩. પરમજ્ઞાનાનંદસ્વામીએ પ્રાપ્ત થયેલ અંતર્યામી પણું પ્રાર્થના કરી ટળાવ્યું.

અને વડતાલમાં બપોરે બંગલામાં મહારાજમાં પોઢયા હતા. તે સમે નૃસિંહાનંદસ્વામી ને પરમજ્ઞાનાનંદસ્વામી મહારાજનાં દર્શન કરવા આવ્યા. તે મહારાજનાં ચરણારવિંદમાં સોળ ચિહ્ન છે, તેને જોવા મંડ્યા.

૧.ડેલીથી; પ્રવેશદ્વાર આગળ પહેરાના માણસોને બેસવા માટેની પડાળી-ઓસરીએથી

ત્યારે મહારાજ મુખારવિંદ ઉપરથી વસ્ત્ર કાઢીને બોલ્યા જે, "શું જુઓ છો ?" ત્યારે નૃસિંહાનંદસ્વામી બોલ્યા જે, "ચરણારવિંદમાં ચિહ્ન છે, તેનાં દર્શન કરીએ છીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ ચિહ્ને સહિત ચરણારવિંદનું ધ્યાન કરે તો સમાધિ થાય."

પછી પરમજ્ઞાનાનંદસ્વામીએ સમાધિની ઈચ્છા રાખીને એમ ધ્યાન કર્યું. તેણે કરીને સમાધિ થઈ ને સિદ્ધિઓ પ્રગટી. તે આંહીં બેઠા થકા અક્ષરાદિક ભગવાનનાં ધામ તથા બ્રહ્માદિક સર્વે દેવનાં ધામ, તથા સર્વ જીવ પ્રાણી માત્રના ઘાટ સંકલ્પ તેને જાણતા હતા. તે વાત તેણે ગોપાળાનંદસ્વામીને કહી ત્યારે સ્વામીએ કહ્યું જે, "તમારું ભૂંડું થાવાનું થયું. જે સર્વના સંકલ્પ જાણવા તેણે કરીને સારા સારા ભગવાનના ભક્તોના અવગુણ આવશે. કેમ કે, રજોગુણને યોગે કરીને તે સમે એના અંતઃકરણમાં મલિન ઘાટ થાતા હોય ત્યારે તમારા મનમાં એમ થાય જે, આ તો મહારાજ વખાણે છે, તેવા નથી. પછી તમે પણ અવગુણ લઈને તેવા થઈ જાશો ને એ તો ભગવાન સહન કરી શકે, પણ તમારાથી સહન નહિ થાય."

ત્યારે તે પરમજ્ઞાનાનંદસ્વામી કહે, "હવે કેમ કરું." પછી સ્વામી કહે, "મહારાજની પ્રાર્થના કરો." પછી પ્રાર્થના કરી જે, "હે મહારાજ ! તમારી મૂર્તિ વિના કાંઈ દેખાય નહિ." એમ છ માસ સુધી પ્રાર્થના કરી એટલે ટળી ગયું. ॥૨૨૩॥

૨૨૪. ખુશાલ ભટ્ટે ટોરડામાં આપેલ પરચા

અને મમ ગુરુ ગોપાળાનંદસ્વામી પૂર્વાશ્રમમાં ઈડર દેશને વિષે પાડા ટોયડા ગામના ઔદિચ્ય બ્રાહ્મણ છઠ્ઠા પદિયા ઠાકર હતા. તે નભોઈ ગામમાં ભણવા આવ્યા હતા અને મહારાજના સાધુ સર્વેશ્વરાનંદ સ્વામી પણ ત્યાં આવ્યા હતા. તેને યોગે કરીને તેમને સત્સંગ થયો. પછી પૂર્વ જન્મના યોગીરાજ એવા જે ગોપાળાનંદસ્વામી તથા સર્વેશ્વરાનંદસ્વામી તથા પ્રભુરામ એ સર્વે નાંદોલ આવ્યા. ને તે પ્રભુરામને ઘેર જમીને સર્વે ડભાણ મહારાજને દર્શને આવ્યા.

ને મહારાજનાં દર્શન કરીને ઘેર આવ્યા. ને પછી સ્વામી નિશાળ ભણાવતા ને નિશાળિયાને સમાધિ કરાવતા હતા. ને ત્યાં પાડા ગામનો એક છોકરો ભણવા આવતો હતો, તેને સમાધિ થઈ. પછી તેનો બાપ સ્વામીને વઢવા આવ્યો ને કહ્યું જે, “મારા છોકરાને તમે બગાડી નાખ્યો.” પછી સ્વામીએ કહ્યું જે, “તું તારા છોકરાને આંહીંથી લઈ જા, હું નહીં ભણાવું.” પછી તે ઘેર લઈ ગયો અને વળી કોઈક દિવસ તે છોકરાને સમાધિ થઈ. પછી તેને બાપે જાણ્યું જે, ‘આ ખુશાલ તો મહા કામણ-ટુમણિયો છે. તે આ છોકરાને કાંઈક કર્યું ખરું ! માટે છોકરો જરૂર મરી જાશે.’ એમ જાણીને તે બ્રાહ્મણ ખુશાલભાઈની પ્રાર્થના કરવા મંડ્યો જે, “ખુશાલ, તું ભલો થઈને મારા છોકરાને ઉઠાડ.” પછી તે સ્વામી બોલ્યા જે, “એ છોકરાને તું કે જે, ‘ખુશાલે કહ્યું છે, તે ઊઠ.” પછી તે છોકરાને બાપે એવી રીતે કહ્યું એટલે એ છોકરો ઊઠ્યો.

અને વળી કોઈક સમયને વિષે ટોયડા ગામમાં એક જંત્ર-મંત્રવાળો કોઈક બ્રહ્મચારી આવ્યો. તેને તે ગામના સર્વે લોક નોતરું દઈને પોતાને ઘેર જમવા બોલાવે. ત્યારે તે બ્રહ્મચારી વિષ્ણુ ભેળા લઈને જમવાને આવે ને તે વિષ્ણુને નૈવેદ્ય કરીને પોતે જમીને વિષ્ણુ તેને ઘેર મેલીને તે એમ બોલે જે, “આ વિષ્ણુ તમો ઘેર સાચવીને રાખજ્યો, પણ કોઈને આપશો નહિ.” એમ કહીને પોતે પોતાને ઉતારે આવે ને તે બ્રહ્મચારી સવારમાં વિષ્ણુને બોલાવી લે. એમ એ તો ગામમાં બહુ ચમત્કાર દેખાડવા મંડ્યો. એટલે એ તો ગામમાં નોતરે ચડ્યો ને ગામમાં બહુ માનગત[૧] વધી. પછી ખુશાલભાઈએ પોતાને ઘેર નોતરું દઈને જમાડ્યો. ને તે બ્રહ્મચારી ખુશાલભાઈને ઘેર વિષ્ણુ મેલી ગયો. પછી તેણે વિષ્ણુ બોલાવવા સારુ તે રાત્રીમાં ઘણાય પ્રયત્ન કર્યા ને તેણે ઘણીક પ્રકારની માયા પ્રેરી તોપણ વિષ્ણુ ન આવ્યા. પછી તો સવારમાં વહેલો ઊઠીને તે નાશી ગયો.

૧.કીર્તિ

અને વળી કોઈક સમયને વિષે તે દેશમાં વર્ષાત તાણી ગયો. ત્યારે તે ગામનાં સર્વે મનુષ્ય ખુશાલભાઈને આવીને પ્રાર્થના કરવા મંડ્યા, "જો વર્ષાત નહિ થાય તો સર્વે મરી જાશું. માટે કૃપા કરો તો વર્ષાત થાય." પછી ખુશાલભાઈએ મહારાજની પ્રાર્થના કરી એટલે વર્ષાત થયો.

❋ રામાનંદસ્વામી ખુશાલભટ્ટને લઈને જેતલપુર આવ્યા.

વળી કોઈક દિવસે પોતાના એક નિશાળિયાને સમાધિ કરાવી ને કહ્યું જે, "તું જો, કોઈ આંહીં આવે છે ?" ત્યારે તે છોકરે સમાધિમાં જોઈ આવીને કહ્યું જે, "ત્રણ ગાઉ છેટે એક બ્રાહ્મણ આવે છે." પછી વળી પુનઃ સમાધિ કરાવીને પૂછ્યું. ત્યારે કહે, "એક ગાઉ છેટે છે." ને વળી તેને સમાધિ કરાવીને પૂછ્યું. ત્યારે તે છોકરો બોલ્યો જે, "તે નદીમાં આવ્યો છે." પછી સ્વામીએ ફેર પુછાવ્યું ત્યારે તે છોકરો કહે, "ગામમાં લોટ માગવા મંડ્યો છે." પછી તે વિપ્ર લોટ માગતાં માગતાં ખુશાલભાઈને ઘેર આવ્યો. ને તે ખુશાલભાઈએ તેને લોટ આપ્યો. ને તે વિપ્ર ગામના ચોરામાં રોટલા કરીને જમ્યો.

પછી ખુશાલભાઈ પોતાના વિદ્યાર્થી ભેળા લઈને તેની પાસે આવ્યા ને તેને પૂછ્યું જે, "તમને સમાધિ કરાવતાં આવડે છે ?" ત્યારે તે વિપ્રે કહ્યું જે, "હા." ત્યારે સ્વામીએ કહ્યું જે, "એક છોકરાને સમાધિ કરાવો. પછી તે વિપ્રે એક છોકરાને સમાધિ કરાવી. તે છોકરાને સ્વામીએ સમાધિમાંથી ઉઠાડ્યો. ને સ્વામીએ એકને સમાધિ કરાવીને તે વિપ્રને કહ્યું જે, "આને તમે સમાધિમાંથી ઉઠાડો." પછી તેણે સમાધિમાંથી તે છોકરાને ઉઠાડવા માંડ્યો, પણ તે છોકરો તેનાથી ન ઊઠ્યો. પછી તેને ખુશાલભાઈએ ઉઠાડ્યો.

પછી તે વિપ્ર ને ખુશાલભાઈ બે જણા જેતલપુર આવતા હતા. માર્ગમાં ખુશાલભાઈનો ભાર તો વિપ્ર ઉપાડે ને રસોઈ કરે ને તે બે જણા જમે. એમ ચાલતાં ચાલતાં જેતલપુરને સમીપે આવ્યા. એટલે તે વિપ્ર જેતલપુરની રાયણમાં અદૃશ્ય થઈ ગયો.

પછી તે ખુશાલભાઈએ મહારાજનાં દર્શન કર્યાં. પછી મહારાજે પૂછ્યું જે, "કોના ભેળા આવ્યા ?" ત્યારે તે બોલ્યા જે, "મહારાજ, એક વિપ્ર ભેળો હતો, તે આ રાયણોમાં ક્યાંઈ અદૃશ્ય થઈ ગયો." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ રામાનંદસ્વામી હતા, તે તમને તેડવા સારુ અમે મોકલ્યા હતા."

❃ ખુશાલભટ્ટ ભાવનગરથી મહાભારતનું પુસ્તક લાવ્યા.

વળી કોઈક સમયને વિષે ગઢપુરમાં મહારાજ એમ બોલ્યા જે, "આપણે ભારતનું પુસ્તક જોઈએ છીએ તે કોણ લેવા જાશે ?" એમ કહીને મહારાજે લખીરામ દેરાસરીને ભારતનું પુસ્તક લેવા સારુ ભાવનગર મોકલ્યા. ને તે લખીરામ ભાવનગર જઈને તે પુસ્તકનું ત્રણસેં રૂપિયા મૂલ્ય ઠેરાવીને ને સાટુ કરીને[1] ગઢપુર આવ્યા. પણ પોતાને શુદ્ધાશુદ્ધ સારા-નરસા અક્ષરની માલમ નહિ, તે સારુ ન લાવ્યા. પછી મહારાજે હરજી ઠક્કરને કહીને ભાવનગરના શાહુકાર ઉપર ત્રણસેં રૂપિયાની ચિઠ્ઠી લખાવીને લખીરામને આપીને પુસ્તક જોવા સારુ જગન્નાથને ભેળા મોકલ્યા.

પછી તે બે જણા ભાવનગર ગયા ને તે વિપ્રને કહ્યું જે, "લ્યો રૂપિયાને લાવો પુસ્તક." ત્યારે તે વિપ્ર બોલ્યા જે, "મારા ઉપર કોઈનું ત્રણસેં રૂપિયાનું કરજ હતું, તે સારુ હું પુસ્તક વેચતો હતો, ને હવે તો નહિ આપું. શા સારુ ? જે મેં હમણાં એક પારાયણ કરી તે સાતસેં રૂપિયા આવ્યા. ને ચારસેં રૂપિયા ઘરમાં લાભ રહ્યો. ને મારે કાંઈ બીજી ખેતીવાડી નથી ને એ જ એક આધાર છે." એમ એ વિપ્રે કહ્યું એટલે તે બે જણા ગઢપુર આવ્યા ને તેણે તે સર્વે સમાચાર મહારાજને કહ્યા.

પછી મહારાજ બોલ્યા જે, "એ છોને ના પાડે, પણ અમારે તેની પાસેથી પુસ્તક લેવું છે." એમ કહીને બોલ્યા જે, "પ્રાગજી દવે, તમે તથા લખીરામ ને જગન્નાથ એ ત્રણે જણા જાઓ."

૧.કરાર કરીને; ખરીદવાનું નક્કી કરીને

પછી પ્રાગજીને દશ દશ રૂપિયાના જોટાવાળાં હિરકોરી પનાવાળાં ધોતિયાં પહેરવા આપ્યાં ને ભારે શેલું, પાઘડી, અંગરખું ને બે હાથમાં સોનાનાં કડાં-ઊતરી ઇત્યાદિક પોશાક પહેરવા આપ્યો. ને ભગુજી આદિક સરબંદી[1] ચાર પાળા ભેળા મોકલ્યા ને પચીસ રૂપિયા ખરચી બંધાવી. ને ભગુજીને પ્રાગજીની ખાધા પીધાની ભલામણ કરી ત્યારે પ્રાગજી બોલ્યા જે, "મહારાજ, તમે જ્યારે મને રોઝકે મેલ્યો હતો, ત્યારે ત્યાં મને ઢોલિયો ઢાળી આપ્યો. એટલે આ લખીરામ ને જગન્નાથ એ બે મારા ભેળા ચડી બેઠા, તે તમે એને કહો જે, મારા ભેળા ન બેસે." ત્યારે મહારાજ બોલ્યા જે, "લખીરામ, તમે આ દવે ભેળા બેસશો નહિ." ત્યારે લખીરામ કહે, "મહારાજ, ત્યાં તો હેઠળ બહુ જૂવા હતા, તે સારુ બેઠા હતા." ત્યારે મહારાજ બોલ્યા જે, "જૂવા હોય તો તો બેસજો."

પછી પ્રાગજી બોલ્યા જે, "મહારાજ, આ લખીરામ ને જગન્નાથ એ બે જણા ગાડીમાં ચડી બેસે છે, તે ગાડીમાં બેસવાનો માગ રહેતો નથી. તે ના પાડો, જે મારા ભેળા બેસે નહિ." ત્યારે લખીરામ બોલ્યા જે, "મહારાજ, અમારે દશ ગાઉ ચાલીને થાક લાગે ને ત્યાં રસોઈ કરવી હોય તે રસોઈ કેમ થાય ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "ત્યારે તો બેસજો."

પછી તે ગાડીમાં બેસીને ભાવનગર ગયા ને એક શ્રીમાળી સત્સંગી બ્રાહ્મણ ઝીણાને ઘેર ઊતર્યા. ને તેણે જમવા નોતરું દીધું ત્યારે પ્રાગજી બોલ્યા જે, "ભગુજીને પૂછો." ત્યારે તે વિપ્રે ભગુજીને પૂછ્યું, ત્યારે ભગુજીએ ના પાડી. ત્યારે પ્રાગજી બોલ્યા જે, "એ ભગુજી, એવો એ બ્રાહ્મણ ઝેર નહિ ખવારે ઝેર ! લાડુ જમાડશે." પછી ભગુજીએ પ્રાગજીની મરજી જોઈને હા પાડી.

પછી પુસ્તકની ખબર કઢાવી ત્યારે તે વિપ્ર કહે, "મારે પુસ્તક આપવું નથી ને મારે વાંસે શા સારુ પડ્યા છો ? ને મારા પુસ્તકના

૧.હથિયારધારી

કાંઈ તમે ધણી છો ?" એમ ના પાડી એટલે શ્રીમાળી બ્રાહ્મણને ઘેર જમીને તે ગઢડે આવ્યા. ને તેમણે સર્વે સમાચાર મહારાજને કહ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "પુસ્તક તો અમારે જરૂર લેવું છે." પછી મહારાજે લખીરામને કહ્યું જે, "તમે જાઓ ને આ ખુશાલભાઈ તમારા ભેળા આવશે." ત્યારે તે લખીરામ બોલ્યા જે, "મહારાજ, હું તો ત્રણ વાર જઈ આવ્યો પણ મને આશા નથી જે, એ વિપ્ર પુસ્તક આપે. ને તમે કહેતા હો તો હું ચોથી વાર જઈ આવું. અને આ ખુશાલભાઈનું શું પ્રયોજન છે, તે એમને ઠાલો ફેરો પાડવો ?" પછી મહારાજ બોલ્યા જે, "એ આવશે ત્યારે જ એ વિપ્ર પુસ્તક આપશે, ને એ તો બહુ મોટા છે." ત્યારે લખીરામ કહે, "ખુશાલભાઈને પગમાં પહેરવા જોડાં પણ નથી." ત્યારે મહારાજ કહે, "ખુશાલભાઈ, આ અમારી મોજડીઓ પહેરીને જાઓ."

પછી તે મોજડીઓ પહેરીને ચાલ્યા તે આગળ જઈને ખુશાલભાઈ બોલ્યા જે, "મારા પગમાં તો તલી[૧] પડી છે, તે પગ પણ નથી બળતા ને કાંટા પણ નથી વાગતા. ને મહારાજની પ્રસાદીની આ મોજડીઓ છે, તે લૂગડે વીંટીને જાળામાં ખોસી મેલો, તે વળતાં આપણે લઈ લેશું." પછી મોજડીઓ જાળામાં મેલીને ચાલ્યા ને માર્ગમાં એક ગામ આવ્યું. ત્યાં રાત્રિએ વાણિયાની દુકાનમાં રહ્યા ને લખીરામ ગામમાં ભિક્ષા માગવા ગયા, પણ અન્ન ન મળ્યું. પછી લખીરામ બોલ્યા જે, "ખુશાલભાઈ, કાલ એકાદશી છે, તે મારે તો ખાધા વિના નહિ ચાલે."

પછી ખુશાલભાઈ વાણિયા પાસે ગયા ને વાતો કરીને સમાધિ કરાવી. એટલે શેઠ તો પડી ગયો. એટલે તેના ગુમાસ્તાએ[૨] નેત્ર દબાવ્યાં એટલે ખુશાલભાઈ બોલ્યા જે, "શેઠને કાંઈ વાઈ આવે છે કે શું ?" ત્યારે તે બોલ્યો જે, "વાઈ તો નથી આવતી." આ તો હમણાં જ કાંઈક ઓચિંતાનું થઈ ગયું છે. પછી તે શેઠને સમાધિમાંથી જગાડ્યો ને તે શેઠે સમાધિમાં આશ્ચર્ય દેખીને એમ જાણ્યું જે, "આ કોઈક

૧.જોડાંની તળી જેવા કઠણ થઈ ગયા છે ૨.મહેતાએ; કારકુને

ચમત્કારી છે." પછી તે ઊઠીને પગે લાગ્યો ને બોલ્યો જે, "મહારાજ, તમારે કાંઈ જોઈએ છીએ." પછી ખુશાલભાઈ બોલ્યા જે, "મારે તો નથી જોઈતું, પણ આ બ્રાહ્મણને સીધું અપાવો." ત્યારે તે શેઠ બોલ્યા જે, "મારા ભેળા ચાલો." પછી ખુશાલભાઈએ લખીરામને કહ્યું જે, "કાંઈ ધાતુ-પાત્ર લાવશો નહિ, ને મૃતિકાના વાસણમાં સીધું લાવજો, એટલે સવારે સોંપ્યા વિના જાઈએ તો ચિંતા નહિ. ને સોંપવા રહીએ તો તે તાણ કરીને જાવા ન દે." પછી તે ગયા ને શેઠે તેને પાકું સીધું આપ્યું ને તે બોલ્યો જે, "સવારે મારા ભેળા થઈને ચાલજો, પણ ભેળા થયા વિના જાશો નહિ."

પછી તે લખીરામ સીધું લાવી રસોઈ કરીને ઠાકોરજીને જમાડીને પોતે જમ્યા. ને સવારે વહેલા ચાલ્યા તે ભાવનગર સમીપે એક સરોવર આવ્યું ત્યાં ના'વા ઊતર્યા. પછી લખીરામે કહ્યું જે, "ખુશાલભાઈ, હું ત્રણ વાર જઈ આવ્યો." ને આ ચોથી વાર આપણે જાઈએ છીએ, પણ એ બ્રાહ્મણ પુસ્તક આપશે નહિ. ત્યારે ખુશાલભાઈ બોલ્યા જે, "સૂઝે તેમ કરે તોપણ પુસ્તક લીધા વિના આવવું નથી." ત્યારે લખીરામ કહે, "રાત્રિએ ઓલ્યા વાણિયાને કર્યું, એમ કાંઈક ચમત્કાર બતાવો તો આપે." પછી તે ખુશાલભાઈ બોલ્યા જે, "લખીરામ, તું મારા સામું જો." ત્યારે લખીરામે ખુશાલભાઈ સામું જોયું એટલે તેને અંધકારમાં ઊંડા ઉતારી દીધા. ને પછી તેને અંધારાથી બાર કાઢ્યા. પછી લખીરામ બોલ્યા જે, "આમ કાંઈક બીક દેખાડો તો તો આપે."

પછી ત્યાંથી ભાવનગર આવ્યા ને શ્રીમાળી વિપ્રને ઘેર ઊતર્યા. શ્રીમાળીએ રસોઈ કરાવીને તે બેને જમવા બોલાવ્યા. ત્યારે લખીરામ માંહી ચોકામાં જમવા બેઠા ને ખુશાલભાઈ તો બહાર બેઠા. ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે, "માંહી આવો." ત્યારે ખુશાલભાઈ બોલ્યા જે, "હું તો ગાંડા જેવો છું ને અરધો વટલેલા જેવો છું, તે સારુ બહાર બેસીશ." પછી જમ્યા, ને તે જમીને તે પુસ્તકની ખબર કાઢી ત્યારે તે બ્રાહ્મણે ના પાડી. એટલે બીજે દિવસ સવારમાં તે વિપ્રને ઘેર ગયા,

ત્યારે તે પૂજા કરતો હતો. તેને સામા જઈને બેઠા એટલે તે વિપ્રના ઠાકોરજી જે બાલમુકુંદજી તે કૂદીને ખુશાલભાઈ સામા બેસે. ત્યારે તે વિપ્ર ઠાકોરજીને પોતાના સન્મુખ પધરાવે. એમ વારેવારે વિપ્ર ઠાકોરજીને પોતા સામા પધરાવે તોપણ ઠાકોરજી ખુશાલભાઈ સામા થઈ જાય. પછી ખુશાલભાઈ બોલ્યા જે, "અમે અતિથિ તમારે ઘેર આવ્યા ને તમે અમારું કાંઈ સન્માન ન કર્યું, તે ભગવાન તમારા ઉપર રિસાણા." એમ ભારતમાં કહ્યું છે, તે ઉપર ખુશાલભાઈ ભારતનો શ્લોક બોલ્યા. પછી તે બ્રાહ્મણ બોલ્યો જે, "તમે મારા ઘેર આંટા શા સારુ ખાઓ છો ? મારે પુસ્તક નથી આપવું." ત્યારે તે ઉતારે આવ્યા.

ને રાત્રીમાં બે જમ આવીને તે બ્રાહ્મણને મારવા મંડ્યા, ને એમ બોલે જે, "આ બ્રાહ્મણ મહારાજને પુસ્તક નથી આપતો તે મારી મારીને એનો દમ કાઢી નાંખીએ." ત્યારે બીજો બોલ્યો જે, "આજ એટલું રહેવા દ્યો ને કાલ પુસ્તક ન આપે તો પછી એની વાત છે." એમ કહીને તે યમદૂત ગયા.

ને સવારે તે બ્રાહ્મણ ઊઠીને ખુશાલભાઈ પાસે આવીને કહે, "ભારતનું પુસ્તક તો તમને આપું, પણ વેચાતું નહિ આપું, ને એને સાટે કાંઈક આપીને લઈ જાઓ તો આપું." ત્યારે ખુશાલભાઈએ શ્રીમાળી બ્રાહ્મણને કહ્યું જે, "પુસ્તકનો ધણી એમ કહે છે જે, પુસ્તક સાટે કાંઈક આપો તો આપું." ત્યારે તે વિપ્રે પોતાની સ્ત્રીનું નવસેં રૂપિયાનું ઘરેણું આપ્યું. ત્યારે ખુશાલભાઈ બોલ્યા જે, "એમ ને એમ બધું એને ન અપાય ને સોની પાસે જોખાવીને તેનું મૂલ્ય કરાવીને ને સારા સારા નાત પટેલિયાને સાયદી રાખીને ને લેખ કરાવીને પુસ્તકની કિંમત થાય એટલું ઘરેણું આપવું."

પછી તે શ્રીમાળી બ્રાહ્મણ એવી રીતે નક્કી કરીને ત્રણસેં રૂપિયાનું ઘરેણું તે બ્રાહ્મણને આપીને પુસ્તક લઈ આવ્યો. ને તે એમ બોલ્યો જે, "ખુશાલભાઈ કહે 'હું તો ગાંડા જેવો છું' પણ એ તો બહુ ડાહ્યા છે."

પછી તે પુસ્તકને પોઠિયા[૧] ઉપર ભરીને દુર્ગપુર આવ્યા ને મહારાજનાં દર્શન કરીને સર્વે સમાચાર મહારાજને કહ્યા. તે સાંભળીને મહારાજ બહુ રાજી થયા. આવી અપાર સામર્થી ખુશાલભાઈમાં હતી.

❃ ગોપાળાનંદસ્વામીની સ્થિતિ

ને તે ખુશાલભાઈને મહારાજે વડોદરે વાર્તાઓ કરવા મોકલ્યા. તે હરિજનોને મહારાજની વાર્તાઓ કરીને ભારે ભારે ચમત્કાર દેખાડતા હતા ને ત્યાં સમાધિઓ કરાવતા હતા. ને સદાશિવ નિત્ય ખુશાલભાઈને પોતાને ઘેર જમવા તેડી જાતા હતા. ને ખુશાલભાઈ ભેળા મહારાજ દિવ્યરૂપે જમવા પધારતા હતા, ને બીજા જન થાળમાંથી ભોજન ઓછાં થાય તેને દેખતા હતા. ને ખુશાલભાઈ નિત્ય મહારાજને પ્રત્યક્ષ જમતા દેખતા હતા. એમ વડોદરામાં આશ્ચર્ય દેખાડતા હતા.

ને કોઈક સમે મહારાજ ખુશાલભાઈને સાધુ કરીને વડોદરે મોકલતા હતા. ને મહારાજ તેમની પ્રીતિને વશ થયા થકા જન્માષ્ટમીને દિવસે હિંડોળામાં બેસીને સર્વેને પ્રત્યક્ષ દિવ્ય દર્શન દેતા હતા. ને ત્યાં અનેક પરચા હરિજનોને દેતા હતા.

ને તે ગોપાળાનંદસ્વામી મૂળ અક્ષરનો અવતાર હતા, એમ પોતે મહારાજે અક્ષરઓરડીમાં શ્રીમુખે મુક્તાનંદસ્વામી તથા શુકમુનિ તથા મૂળજી બ્રહ્મચારી તથા રતનજી તથા મિયાંજી એટલા આગળ કહ્યું હતું. ને વળી છેલ્લા પ્રકરણના એકવીશમા વચનામૃતમાં પણ એ વાત છે, તે શુદ્ધ સંપ્રદાયે કરીને જો સમઝે તો સમજાય, નહિ તો ન સમજાય. ને વળી તે કેવા હતા ? તો સર્વે ક્રિયામાં નિરંતર મહારાજને અક્ષરધામમાં દેખતા. ને સર્વે જીવોને ને તેને વિષે રહ્યા જે પુરુષોત્તમ નારાયણ તેને પ્રત્યક્ષ દેખતા, જેમ ફાનસમાં દીવો દેખે તેમ. તોય પણ પોતાને મુખે સ્વશ્લાઘા ન કરતા હતા. એકવાર મારી આગળ કહ્યું હતું જે, “હું આવી રીતે દેખું છું.”

૧.ભારવાહક બળદ

❋ સ્થિતિવાળા વિજ્ઞાનદાસજીસ્વામીની વાતો

ને કોઈક દિવસે ગોપાળાનંદસ્વામી પોતાને આસને બેઠા હતા. ને આગળ સભા બેઠી હતી. ને પોતે ભગવાનની વાર્તાઓ કરતા હતા. ને પોતાના સાધુ જમવાનું લાવ્યા એટલે સ્વામી સભામાંથી ઊઠીને સભાથી આથમણી કોરે ઉગમણે મુખે જમવા બેઠા. એટલે કેટલાક સાધુ તથા વૃંદાવનદાસજી તથા હું તે સર્વે પાસે જઈને બેઠા. ને સ્વામી રોટલી, દાળ, કઢી, અથાણું ને પાપડ એ સર્વે એક પત્રમાં[૧] ચોળીને માંહી પાણીની તુંબડી રેડીને હલાવીને પ્રથમ પી ગયા. ને પછી કોળિયે કોળિયે જમવા મંડ્યા ને જમતાં જમતાં વાતો કરવા મંડ્યા. ને એમ બોલ્યા જે, “આજ આપણા સત્સંગમાં મહારાજના સાધુ એવા સ્થિતિવાળા છે જે, આંહીં સર્વ ક્રિયામાં નિરંતર મહારાજને અક્ષરધામમાં દેખે છે.” ત્યારે મેં કહ્યું જે, “એવા હમણાં કોઈ હશે.” ત્યારે સ્વામી બોલ્યા જે, “હા છે ખરા !” એમ કહીને પછી પોતાના સાધુને કહે, “વિજ્ઞાનદાસજીને બોલાવી લાવો.”

પછી તે સાધુ વિજ્ઞાનદાસજીને બોલાવી લાવ્યા ને તે સ્વામીને પગે લાગીને સન્મુખ બેઠા. પછી સ્વામીએ મને કહ્યું જે, “તું બોલાવ.” ત્યારે મેં કહ્યું જે, “વિજ્ઞાનદાસજી, વિજ્ઞાનદાસજી એમ ત્રણ વાર બોલાવ્યા તોય ન બોલ્યા.” ત્યારે સ્વામી બોલ્યા જે, “હે વિજ્ઞાનદાસજી !” ત્યારે તે બોલ્યા જે, “હા મહારાજ !” પછી સ્વામી બોલ્યા જે, “વાણિયાની વણથળીની વાર્તા કરો.”

ત્યારે તે બોલ્યા જે, “રાઘવજી સોનીની સ્ત્રીએ દેહ મેલ્યો, તેને મહારાજ તેડવા જતા હતા, ત્યારે મને મહારાજનાં દર્શન થયાં. ને મહારાજે મને રથમાં બેસારીને રથ હાંક્યો તે ત્યાં ગયા. ને રથ હાટ[૨] સોંસરો હાંક્યો ને મને તે હાટમાં બેસાર્યો ને રાઘવજીની સ્ત્રીને મહારાજ તેડી ગયા. તે સારું ખાપણ લાવીને રાત્રીએ દુકાનમાં મેલ્યું

૧.રામપાત્રમાં; શકોરામાં ૨.દુકાન.

હતું, તેને લેવા સારુ બેચર શ્રીમાળી દુકાન ઉઘાડીને માંહી ગયા એટલે અંધારામાં ભટકાણા. એટલે એ બોલ્યા જે, 'આ કોણ છે ?' ત્યારે મેં કહ્યું જે, 'એ તો હું રતનો.' ત્યારે તે બોલ્યા જે, 'તમે આંહીં કયાંથી ?' ત્યારે મેં કહ્યું જે, 'મને મહારાજ પોતા ભેળો લાવ્યા હતા, તે મને હાટમાં મેલીને ગયા છે.' એમ કહીને પછી હું પણ તે ભેળો બાળવા ગયો ને બાળીને ત્યાંથી ઘેર ગયો."

પછી વળી સ્વામી બોલ્યા જે, "ઓલ્યા છોકરાની વાર્તા કરો." ત્યારે તેમણે વાર્તા કરી જે, "મેં એક છોકરાને વર્તમાન ધરાવીને સત્સંગ કરાવ્યો હતો. તે છોકરો માંદો થયો ને ચાર લાંઘણું[૧] થયું ને પછી તેણે દેહ મેલ્યો. ત્યારે તે છોકરાની મા રોતાં રોતાં એમ બોલી જે, 'અ..રે..રે..રે.. છોકરો ચાર લાંઘણું કરીને ભૂખ્યો ને ભૂખ્યો દેહ મેલી ગયો તે ક્યાં ખાશે ?' પછી તે છોકરો બોલ્યો જે, 'જુઓ, હું કાંઈ ભૂખ્યો નથી ને મહારાજે આ મને આપ્યું છે, તે હું જમ્યો છું.' તે શબ્દ સાંભળીને બહાર જોયું એટલે સુવર્ણના રથ ઉપર મહારાજે ભેળો બેસાડેલો ને હાથમાં મહારાજે તેને સપેત[૨] સાકરના ધોળા લાડુ જમવા આપેલા, તેને જમે છે; એવાં દર્શન થયાં. પછી તે છોકરે કહ્યું જે, 'મહારાજ ભગવાન છે. ને તેનો તમે આશ્રય કરજો ને તમારું કલ્યાણ થાશે.' એવો ચમત્કાર જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા." એ વાર્તા સ્વામી પાસે કરી.

પછી સ્વામીએ પૂછ્યું જે, "તમે મારા આગળ વાર્તા કરો છો ને મહારાજની મૂર્તિ અક્ષરધામમાં દેખો છો ?" ત્યારે કહે, "હા દેખું છું." ત્યારે સ્વામી કહે, "કાંઈ વિક્ષેપ નથી થાતો ?" ત્યારે તે કહે, "ના." પછી સ્વામીએ મને કહ્યું જે, "જો સર્વે ક્રિયામાં દેખે છે."

પછી ત્યાંથી તેમને આસને અમે સર્વે ગયા. ત્યારે તે બોલ્યા જે, "ગોપાળાનંદસ્વામીને પ્રતાપે મને આવી સ્થિતિ થઈ છે. ને એમને

૧.ઉપવાસ ૨.મેલ વિનાની સફેદ

તો સદાય આવી સ્થિતિ વર્તે છે. ને મારા જેવા તો સ્વામીને યોગે કરીને ઘણાક થયા છે." ॥૨૨૪॥

૨૨૫. શુકદેવજી થયા શુકાનંદસ્વામી

અને કોઈ એક સમયને વિષે ગઢડામાં મહારાજ સ્નાન કરતા હતા ને પાસે રતનો ભક્ત બેઠા હતા. તેને મહારાજ કહે, "આ છોકરાને તમે ઓળખો છો ?" ત્યારે તેમણે એમ કહ્યું જે, "નથી ઓળખતો." ત્યારે મહારાજ કહે, "એણે પરીક્ષિતનું કલ્યાણ કર્યું હતું."

પછી એ બ્રહ્મચારી થયા ને પછી સોમલા ખાચર પાસે મહારાજને પોતાને સાધુ થવાનું પુછાવ્યું. ત્યારે સોમલે ખાચરે મહારાજને કહ્યું જે, "મહારાજ, આ બ્રહ્મચારીને પરમહંસ થાવો છે, તે એને પરમહંસ કરો." ત્યારે મહારાજ બોલ્યા જે, "એમને ઉપાધિ નથી ?" ત્યારે તે બોલ્યા જે, "ના મહારાજ, હું વર્ષ દહાડાથી બ્રહ્મચારી થયો છું." ત્યારે મહારાજે સોમલા ખાચરને એમ કહ્યું જે, "એમને મુક્તાનંદસ્વામી પાસે લઈ જાઓ એ સાધુ કરશે."

ત્યારે સોમલો ખાચર તે બ્રહ્મચારીને મુક્તાનંદસ્વામી પાસે લઈ ગયો ને તેમને સ્વામીએ સાધુ કર્યા. ને સોમલો ખાચર મહારાજ પાસે આવ્યો. તેને મહારાજ કહે, "એમને સાધુ કર્યા ?" ત્યારે કહે, "હા, કર્યા." ત્યારે મહારાજે કહ્યું જે, "શું નામ પાડ્યું ?" ત્યારે તેમણે કહ્યું જે, "શુકમુનિ નામ પાડ્યું." ત્યારે મહારાજ બોલ્યા જે, "મુક્તાનંદસ્વામી પણ જાણતા દીસે છે, તે જે એનું પૂર્વનું નામ હતું, તે પાડ્યું." ॥૨૨૫॥

૨૨૬. મૈત્રેય ઋષિનો અવતાર નારાયણ બ્રહ્મચારી

અને મહારાજે "નારાયણ બ્રહ્મચારી મૈત્રેય ઋષિનો અવતાર છે." એમ કહ્યું હતું. ॥૨૨૬॥

૨૨૭. શ્રીહરિનું કોસિયા પ્રત્યે માર્મિક વચન

અને મહારાજ સુરતથી આવતાં વાટમાં રામૈયો કોસ[1] ફરતો હતો, ત્યાં ઘોડા પાવા ગયા. ત્યારે કોસિયો બોલ્યો જે, "રામ, ભલે આવ્યા." ત્યારે મહારાજ કહે, "રામ તો આવ્યા છે, પણ ઓળખો તો !" ॥૨૨૭॥

૨૨૮. ગુણાતીતાનંદસ્વામીની વાત

અને 'આ ગુણાતીતાનંદસ્વામી ચારમાં મોટા સનકાદિક તેનો અવતાર છે,' એમ ગોપાળાનંદસ્વામીએ કહ્યું હતું. અને એ ગુણાતીતાનંદસ્વામી અખંડ મહારાજની મૂર્તિ દેખતા અને એમ બોલતા જે, **"મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તથા આત્માનંદસ્વામી તથા કૃપાનંદસ્વામી એ જે પાંચ સાધુ તેમનો રાત્રિપ્રલય લગી સમાગમ કરીએ ત્યારે સંપૂર્ણ સાધુ થાઈએ," તો બીજા સાધારણની તો શી વાર્તા કહેવી !** ॥૨૨૮॥

૨૨૯. શ્રીહરિ રાપરથી ટટ્ટુ ઉપર બેસી આધોઈ આવ્યા.

અને કોઈક દિવસ મહારાજને રાપરથી **આધોઈ**એ સામંતસિંહના અસવાર તેડવા આવ્યા ને મહારાજને ટટ્ટુ ઉપર બેસાડ્યા. તે એમણે એમ જાણ્યું જે, 'આ બાવો અસવાર નહિ હોય,' પણ ટટ્ટુ તો એવું ચાલ્યું જે, એનાં મોટાં મોટાં ઘોડાં પણ કોઈ પહોંચી શક્યાં નહીં. પછી મહારાજ રાપરની સમીપે ઊતર્યા, ત્યારે અસવારો ભેળા થયા ને અતિ આશ્ચર્ય પામ્યા. ॥૨૨૯॥

૨૩૦. પીપળિયાના ગણેશ ભક્ત હરિમરજીમાં ભળ્યા.

ગઢડે મહારાજ આગળ મોરબી પાસેના **પીપળિયા** ગામના ગણેશ ભક્તે ત્રણસો રૂપિયા મેલ્યા ને એમ કહ્યું જે, "મહારાજ, સાધુને

૧.આ નામનું કૂવામાંથી પાણી ખેંચવાનું ચામડાનું કે લોખંડનું સાધન, જેમાં બળદ હાંકનાર ને કોસ ખાલી કરનાર બે માણસ હોય છે. તેમાં કોસ કૂવાની ઉપર આવે ત્યારે કોસ ચલાવનારો 'આવ્યા રામ' એવો શબ્દ ઉચ્ચારે છે.

આની રસોઈ જમાડો.” ત્યારે મહારાજે કહે, “રસોઈ દેવી છે, કે અમે કહીએ તેમ કરવું છે ?” ત્યારે ભક્ત બોલ્યા કે, “તમે કહો તેમ કરવું છે.” ત્યારે મહારાજ કહે, “કડિયાના પગારમાં દેવા છે.” ત્યારે ગણેશ ભક્તે કહ્યું જે, “ઠીક મહારાજ.” એમ તેમણે મહારાજની મરજી પ્રમાણે કર્યું. ॥૨૩૦॥

૨૩૧. વ્રજલાલે શ્રીહરિ પાસે પોતાનું ગમતું કરાવ્યું.

ને અમદાવાદના વ્રજલાલ મહારાજની પૂજા કરવા માટે સર્વ કપૂરના અલંકાર કરાવીને અને બે બે શેરના સાકરના બે પેડા[૧] કરાવીને શ્રીવડતાલે મહારાજને દર્શને આવ્યા. ને ત્યાં મહારાજનાં દર્શન કરીને મંદિરથી આથમણી વાડીમાં ના’વા ગયા. ને ત્યાં નાહીને, આ કોળી વાડીનો ધણી છે, એમ જાણીને તેને પૂછ્યું જે, “આંહીં દેવતા મળશે ?” ત્યારે તેણે કહ્યું જે, “પેલી વાડીએ મળશે.”

પછી તે વ્રજલાલ તે કોળીને પોતાના સામાનની ભલામણ કરીને રસોઈ સારુ દેવતા લેવા ગયા. એટલે તે કોળી તેનો સામાન લઈ ગયો. એટલે વ્રજલાલે મંદિરમાં આવીને આનંદસ્વામીને તે વાત કહી ને સ્વામીએ મહારાજને તે વાત સંભળાવી. ને મહારાજે જોબનપગી અને મૂળજી પટેલને સંભળાવ્યું. એટલે તેમણે બહુ જ શોધન કરાવ્યું, તોપણ તેનાં પદાર્થ હાથ ન આવ્યાં.

ત્યારે તેમણે વ્રજલાલને કહ્યું જે, “તમારી એ કેટલા રૂપિયાની મત્તા[૨] હતી ?” ત્યારે તે કહે, “પાંચ રૂપિયાની.” ત્યારે કહે, “પાંચના સાત તમને અપાવીએ.” તોય તેણે ન માન્યું. પછી જોબનપગીએ ને મૂળજી પટેલે મહારાજને કહ્યું જે, “તે ભક્તનો માલ તો જડતો નથી. તે માલથી અધિક રૂપિયા આપવાના તે ભક્તને કહ્યા, ત્યારે તે કહે, ‘મારે તો મારો સામાન જોઈએ.’ માટે રાત્રિએ સર્વેને ભેગા કરીને તપાસ કરીશું.”

૧.મોટા પતાસા ૨.મિલકત

પછી રાત્રિએ સર્વે કોળીને બોલાવીને પૂછ્યું, પણ કોઈએ હા ન પાડી. પછી સર્વેને એક હારે ઊભા રાખ્યા. પછી તે ભક્તને બોલાવીને કહ્યું જે, “આમાંથી જેણે તમારો પદાર્થ લીધો હોય તેને ઓળખો.” પછી મશાલ લઈને જોવા મંડ્યા, તે જોતે જોતે તેને વ્રજલાલે ઓળખ્યો ને એમ બોલ્યા જે, “આ મારો દીકરો !”

ત્યારે તે કોળી કહે, “મારા ઉપર જૂઠી તોબત[1] નાખે છે.” એટલે મૂળજી પટેલ કહે, “ફેર એક થઈને હવે હાર થાઓ.” પછી તે કોળી વેશ બદલીને વચ્ચે જઈને ઊભો રહ્યો, તોપણ તેને ઓળખ્યો. એટલે તે કહે, “હું તો તેલમાંથી વીંટી કાઢું જો મેં લીધું હોય તો.” તે સમયમાં મહારાજ સુતારને ઘેર જમીને આવતા હતા, તે ઊભા રહ્યા ને એમ બોલ્યા જે, “તું તેલના કઢાયામાં બેસે તોય તું લેનારો છે.” પછી મૂળજી પટેલે તેની પાસેથી તેનો સામાન લઈને મહારાજને સોંપ્યો.

પછી બીજે દિવસે મહારાજે શુકમુનિને કહ્યું જે, “એને બોલાવો, અમારી પૂજા કરે.” પછી તેને બોલાવી લાવ્યા ને પછી હાર લાવ્યા. એટલે વ્રજલાલે મહારાજની પૂજા કરી ને મહારાજને કહે, “આ પેડામાંથી જમો.” પછી મહારાજ એક ચપટી ભરીને જમ્યા. ત્યારે તે વ્રજલાલ બોલ્યા જે, “મેં તો એવો સંકલ્પ કર્યો હતો જે, ‘એક પેડામાંથી મહારાજ એક ફડશ[2] જમે અને બીજા પેડામાંથી એક ફડશ જમે’ તે મારો તમે સંકલ્પ ખોટો કર્યો.” પછી મહારાજ કહે, “અમે તો જમ્યા છીએ, તે નહિ જમાય.” પણ બહુ હઠ કરીને પરાણે મહારાજને જમાડ્યા. એમ કેટલાક ભક્ત તો ભગવાનને પણ પોતાનું ગમતું કરાવે છે. ॥૨૩૧॥

૨૩૨. ભૂજમાં લુવાણા ભક્તનો દંડ ઓછો કરાવ્યો.

અને ભૂજમાં એક લુવાણા (મહિલા) ભક્તે મહારાજને પોતાને ઘેર તેડાવી ને તે લુવાણા ભક્તે મહારાજની પૂજા કરીને પ્રાર્થના કરીને કહ્યું જે, “અમારા પતિને રાયે પચીસ હજાર કોરી દંડ ઠેરાવ્યો છે,

૧.આળ; આરોપ ૨.થોડો ટૂકડો

એટલો દંડ અમે ક્યાંથી લાવીએ ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે કેટલાં નાળિયેર મેલ્યાં છે ?" ત્યારે તે કહે, "દસ." ત્યારે મહારાજ કહે, "દસ હજાર કોરી ઓછી લેશે." ત્યારે તે કહે, "બીજા લાવીએ ?" ત્યારે મહારાજ કહે, "હવે નહીં." ॥૨૩૨॥

૨૩૩. હળવદના અમરશી ભક્તને શ્રીહરિનો કેફ

અને કોઈક દિવસ મહારાજની આગળ ત્રણસો રૂપિયા મેલીને હળવદના ખત્રી અમરસી ભક્ત એમ બોલ્યા જે, "મહારાજ, ભગવાનને જીવોની કાંઈ ખોટ હશે ? જે ભક્ત જ્યારે ગરઢો થાશે ને નહિ દેખાય ત્યારે કોણ દોરશે ? માટે બે જીવડા આણિકોર નાખી દ્યો તો ભક્તની સેવા તો કરે." ત્યારે મહારાજે ચાર પુત્રો તેમને દીધા.

તે ભક્ત ગઢડેથી મહારાજનાં દર્શન કરીને આવતાં વાટમાં ગામ મૂળી વચ્ચેથી નીસર્યા. ત્યાં ચોરે ગરાસિયા વાતો કરતાં એમ બોલ્યા જે, "ભગવાન પાસે કોણ જઈ આવ્યો છે ?" ત્યારે તે ભક્ત કહે, "આ હું ભગવાન પાસેથી આવું છું, કેમ છે ?" ॥૨૩૩॥

૨૩૪. મૂળજી લુવાણા ચોરમાંથી સમાધિનિષ્ઠ ભક્ત થયા.

અને સોરઠ દેશમાં કોઈક ગામમાં મહારાજ હરિજન બાઈને ઘેર ઊતર્યા હતા. મૂળજી લુવાણો મહારાજ પાસે બેઠો હતો. તે સમયમાં તે બાઈએ મહારાજની પૂજા કરીને પોતાના ઘરેણાંનો ડબ્બો ભરીને મહારાજ આગળ ભેટ મેલી. ત્યારે મહારાજ તે બાઈને કહે જે, "તમે હમણાં તમારા ઘરમાં મેલો ને અમારે જ્યારે જોઈશે, ત્યારે તમારી પાસેથી માંગી લઈશું. પછી તે બાઈએ ડબ્બો પોતાના ઘરમાં મેલ્યો.

પછી તે મૂળજી લુવાણે મહારાજ પાસે વર્તમાન ધાર્યાં. પછી થાળ થયો ને મહારાજ જમવા બેઠા ને જમીને બોલ્યા જે, "ઓલ્યો હરિભક્ત નવો થયો છે, તેને જમાડો." પછી તેને જમવા બેસાર્યો ને જમતાં તેણે જોઈ મેલ્યું જે, 'ઘરેણાંનો ડબ્બો એણે આંહીં મેલ્યો છે, ને આણિકોરથી લઈને જવાશે.'

પછી રાત્રિએ તે મૂળજી ડબ્બાને ચોરીને દશ-પનર ગાઉ ગયો, ત્યાં મહારાજ દિવ્યરૂપે સામા મળ્યા ને બોલ્યા જે, "ઘરેણાંનો ડબ્બો લઈ આવ્યો ? અને આટલા સારુ જ તે વર્તમાન ધાર્યા હતાં ? અને તે ડબ્બો પાછો આપી આવ, જા." એમ કહ્યું ત્યાંથી જ એના જીવમાં નિશ્ચય થઈ ગયો. ને એ તો પૂર્વનો મુક્ત હતો, પણ સંગે કરીને એવો સ્વભાવ હતો. પછી તે મૂળજી ત્યાં જઈને ડબ્બો આપી આવ્યો. ને મહારાજ ભેળા પાર્ષદ થઈને રહ્યા ને સમાધિનિષ્ઠ થયા. ॥૨૩૪॥

૨૩૫. વેરાભાઈ ભરાડીમાંથી નિર્દોષ ભક્ત થયા.

અને વેરાભાઈ પ્રથમ ચોરમાં મોવડી હતા. તે ધાડો ચલાવે ને કોઈની નજરે પડી વસ્તુ લીધા વિના રહે નહિ, એવા સ્વભાવે યુક્ત હતા. ને તે પછી સત્સંગી થયા. તે કોઈક સમે મહારાજને દર્શને આવતા હતા, તે માર્ગમાં કોઈકના ઉપાડામાંથી[૧] દાતણ લીધું. પછી પોતાને વિચાર થયો જે, 'કોઈકના ધણિયાતા કાંટામાંથી તેના ધણીને પૂછ્યા વિના દાતણ લીધું, તે મેં ચોરી કરી.'

પછી ગામમાં જઈને તેના ઘણીને પૂછીને એક દંડવત કર્યો ને એમ કહ્યું જે, "તમને પૂછ્યા વિના તમારા ઉપાડામાંથી દાતણ લીધું, તે મેં તમારી ચોરી કરી, તે અપરાધને ક્ષમા કરજો."

પછી ત્યાંથી મહારાજ પાસે આવ્યા ને મહારાજનાં દર્શન કરીને ત્યાં રહ્યા. ને પછી જ્યારે મહારાજનાં દર્શન કરીને ચાલ્યા, ત્યારે મહારાજને કહે, "મહારાજ તમે કૃપા કરો તો સર્વ બંધન નાશ પામી જાય, એટલે તમારી સેવામાં રહેવાય." પછી મહારાજે એવી કૃપા કરી જે, એક વર્ષમાં બાવીશ મનુષ્યો નાશ થઈ ગયાં. એટલે પરવારીને મહારાજ પાસે આવીને ત્યાગી થઈને સેવામાં રહ્યા ને પછી સાધુ થયા. પણ ક્ષાત્ર[૨] પ્રકૃતિવાળા હતા, તેથી ખોખરા મેમદાવાદની લડાઈમાં કોઈની તરવાર લઈને ને પોતાની ગોદડીની ઢાલ કરીને મંડ્યા, પણ

૧.કાપી નાખેલા ઝરડાં-ઝાંખરાના જથ્થામાંથી ૨.ક્ષત્રિય

કોઈને છોઈવા[1] પણ કાપી શકયા નહિ, ને સામા પક્ષવાળાએ ઝટકો મેલ્યો, તે એનો કાન ઊડી ગયો. પછી મહારાજે તેમને ધોળાં પે'રાવીને પોતાની સેવામાં રાખ્યા.

કોઈક દિવસ તે વેરાભાઈ પાછલી પહોર રાત્રિએ ઊઠીને મહારાજનું ધ્યાન કરતા હતા. તે પોતાના દેહમાંથી મૂર્તિમાન કામાદિક દોષ જે તે પોતપોતાના સૈન્ય સહિત અનુક્રમે કરીને નીસરતા હતા. પછી તેને તે વેરાભાઈ એક એકને પૂછતા હતા જે, "તમે કોણ છો ?" ત્યારે તે સર્વે પૃથક પૃથક કહેતા હતા જે, "અમે કામાદિક દોષ છીએ, તે હવે તમારામાં અમારાથી નથી રહેવાતું, તે સારુ અમે ઉચાળા ભરીને જઈએ છીએ." તે વાતને વેરાભાઈએ સવારમાં મહારાજને કહી, ત્યારે મહારાજ કહે, "હવે તમારામાં તે દોષ રહી શકે નહિ." ॥૨૩૫॥

૨૩૬. શ્રીહરિનું માનુષી ચરિત્ર તથા રઘુનાથદાસ વિમુખ

અને રામાનંદસ્વામી દેહોત્સોવ કરી ગયા. પછી સ્વામીનું તેરમું કરીને મહારાજે સર્વે સાથે એમ વિચાર કર્યો જે, 'રામાનંદસ્વામી તો અક્ષરધામમાં પધાર્યા, હવે આપણે સ્વામીનો સત્સંગ આબાદ રાખવો.' તે સારુ મુક્તાનંદસ્વામીને કચ્છ દેશમાં વાતો કરવા મોકલ્યા ને રઘુનાથદાસને અમદાવાદમાં મોકલ્યા. રામદાસભાઈને ચરોતરમાં મોકલ્યા ને પોતે સોરઠ દેશમાં રહ્યા થકા સમાધિઓ કરાવીને ભારે પ્રતાપ દેખાડતા હતા.

પછી મહારાજ સર્વે સંતને ભેળા લઈને અમદાવાદ પધાર્યા, ત્યારે રઘુનાથદાસે ચાર ગાદીઓ નાખી હતી. તેમાં મોટી ગાદી પોતાના સારુ નાખી હતી, તે ઉપર મહારાજ આવીને વિરાજમાન થયા. એક ગાદી ઉપર મુક્તાનંદસ્વામીને મહારાજે બેસાર્યા ને એક ગાદી ઉપર શ્રીપાતદેવાનંદસ્વામીને બેસાર્યા. સર્વેથી છેલ્લી ને સર્વેથી નાની ગાદી તે ઉપર રઘુનાથદાસ બેઠા.

[1] થોડું અમથું

પછી જે જે મહારાજ પાસે આવતા હતા, તેને તેને મહારાજ સમાધિઓ કરાવતા હતા. તે આખું શહેર હલકીને[૧] આવ્યું. તે કેટલાક તો 'અંબે અંબે' કરતા આવતા હતા, ને કેટલાક તો 'જંબે[૨] જંબે' કરતા આવતા હતા. વળી કેટલાક તો 'હર હર મહાદેવ' કરતા આવતા હતા. એમ જે જે આવતા હતા, તે સર્વેને સમાધિઓ કરાવતા હતા.

ને પછી મહારાજ કહે, "આ તો ઢૂંઢાં[૩] ને બાજરી એક થઈ ગયાં, તે ઢૂંઢાં ઉપણીએ." પછી મહારાજ બોલ્યા જે, "તમે અંબે અંબે કરો છો, પણ અંબાનો ખાવંદ[૪] દીઠો છે ?" ત્યારે તે અંબાના ઉપાસક બોલ્યા જે, "અંબાનો ખાવંદ કોણ ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "આ સૂતો છે તે." એમ કહીને સમાધિ કરીને સૂતો જે મૂળજી તેને બતાવ્યો. ત્યારે તે બોલ્યો જે, "આ તો માણસ છે, તેને અંબાનો ખાવંદ કેમ કહો છો ?" એમ કહીને લોક શહેરમાંથી ખાખી ને વૈરાગીને લઈને ને ધૂળની પોટલીઓ ને ઢેખાળા નાંખતા નાંખતા આવ્યા. એક વૈરાગી આવ્યો તે મહારાજને માથેથી પીતાંબર લઈ ગયો.

પછી મહારાજને આનંદાનંદસ્વામીએ ઓરડામાં લઈ જઈને સાંકળ વાસી દીધી ને બીજા સર્વે આડાઅવળા થઈ ગયા. તે રઘુનાથદાસને માર્યો. ને એક ખાખીને હિરાચંદ ચોકસી બાઝી પડ્યા, તેને સમાધિ થઈ ગઈ. તે ખાખી નીસરવા સારુ ઘણીએ મહેનત કરવા મંડ્યો, પણ નીસરાણું નહિ. તે એવો ભીસણમાં આવ્યો, તે હાડકાં સર્વ ભાંગી ગયાં. પછી હિરાચંદ સમાધિમાંથી જાગ્યા, એટલે તે ખાખી પોતાની શિંગડી[૫] લઈને નાશી ગયો. ને પછી તે સર્વે ઉપાધિની શાંતિ થઈ ગઈ.

પછી મહારાજ મનુષ્યચેષ્ટા કરવા મંડ્યા જે, "મને કોઈક મારી નાખશે, માટે ખડના ભારામાં અથવા ગરનાળેથી મને જીવતો કાઢો." તે સાંભળીને રઘુનાથદાસ બોલ્યા જે, "જો ભગવાન થઈને બેઠા હતા ને હવે કેવા બીએ છે ? ને જુઓને, હવે કેવી મહાપુરુષાઈ વેરાણી." એમ

૧.ઉત્સાહપૂર્વક ૨.જય અંબે ૩.બાજરીના દાણા કાઢી લીધેલાં ખાલી ફોફા ૪.સ્વામી ૫.બંદૂકમાં દારૂ ભરવાની નળી

અવગુણ લઈને તે રઘુનાથદાસ તથા અંબામા વિમુખ થઈને મહારાજથી નોખાં રહ્યાં. એમ મહારાજે અમદાવાદમાં રહીને ઘણીક અલૌકિક લીલા કરી છે. તે કે'તાં પણ પાર ન આવે. ॥૨૩૬॥

૨૩૭. સચ્ચિદાનંદસ્વામીને જળ પાવાથી શ્રીહરિની તૃષાની નિવૃત્તિ

અને સચ્ચિદાનંદસ્વામીની તૃષા મહારાજે પોતાને વિષે દેખાડીને તેમને જળ પાયું એટલે પોતે તૃપ્ત થયા. તે કેવી રીતે પોતાને વિષે મહારાજે તૃષા દેખાડી, તો મહારાજ દાદાખાચરના દરબારમાં અક્ષર ઓરડીમાં રાત્રિએ પોઢ્યા હતા. પછી મહારાજ બોલ્યા જે, "અમને તરસ લાગી છે." ત્યારે લખા નામના પાળે મહારાજને જળપાન કરાવ્યું. પછી વળી મહારાજ બોલ્યા જે, "પાણી લાવો." પછી વળી તેણે પાણી પાયું. પછી મહારાજ બોલ્યા જે, "અમારી તરસ છીપતી નથી, તે સચ્ચિદાનંદસ્વામી તરસ્યા હશે, તે તેમને પાણી પાઈ આવો તો અમને તરસ છીપે."

પછી તે પાળા જળનો લોટો ભરીને સચ્ચિદાનંદસ્વામીને પાવા સારુ વંડામાં લાવ્યા ને તેમને ઉઠાડીને તેણે કહ્યું, "પાણી પીશો ?" ત્યારે તે બોલ્યા જે, "હા લાવો, હું તરસ્યો થયો હતો." પછી સ્વામીને પાણી પાઈને પાળા મહારાજ પાસે આવ્યા, એટલે મહારાજે બોલ્યા જે, "હવે અમારી તૃષા નિવૃત્તિ પામી." ॥૨૩૭॥

૨૩૮. ઝીંઝાવદરમાં હૈદરાબાદના જમાદારને મનની શાંતિ તથા શ્રીહરિદર્શનથી સમાધિ

અને કોઈક સમયને વિષે ઝીંઝાવદરમાં અલૈયા ખાચરના દરબારને વિષે શ્રીજીમહારાજ છાના રહેતા હતા. તે સમે હૈદ્રાબાદનો કોઈક જમાદાર ઘોડા લેવા સારુ કાઠિયાવાડમાં આવ્યો હતો. તે ઝીંઝાવદરની સીમમાં આવ્યા, ત્યાંથી તેના મનમાં સંકલ્પ બંધ થઈ ગયા ને શાંતિ થઈ. ત્યારે

તેણે એમ જાણ્યું જે, 'મારા મનના સંકલ્પ બંધ થઈ ગયા ને શાંતિ થઈ, માટે આંહીં કોઈક મોટા ઓલિયા પુરુષ છે. કેમ કે, કુરાનમાં એમ કહ્યું છે જે, જ્યાં સત્પુરુષ હોય, ત્યાં મનનાં સંકલ્પ બંધ થઈ જાય ને શાંતિ થઈ જાય.' એમ જાણીને ગામમાં પૂછતો પૂછતો અલૈયા ખાચરની ડોઢિયે આવીને પૂછ્યું જે, "આંહીં કોઈ ઓલિયા સત્પુરુષ છે ?" ત્યારે અલૈયા ખાચરના પિતા જે સામંત પતંગ તે બોલ્યા જે, "ભણે માંહી બાવો બેઠો છે, પણ હું ભણું તો મોસે[1] અલૈયો મારે."

એમ તે પૂછે છે ત્યાં અલૈયો ખાચર દરબારમાંથી બહાર આવ્યો. ત્યારે તેણે અલૈયા ખાચરને પૂછ્યું, ત્યારે અલૈયા ખાચરે દરબારમાં જઈને મહારાજને પૂછ્યું જે, "એક જમાદાર આવીને બહાર ઊભો છે, ને તે એમ કહે છે જે, 'હું આ ગામના સીમાડામાં પેઠો, ત્યાંથી મારા મનના સંકલ્પ બંધ થઈ ગયા છે ને શાંતિ થઈ ગઈ છે, તે કોઈ ઓલિયા સત્પુરુષ આંહીં છે ?' એમ પૂછે છે. તે જો આપની મરજી હોય તો તેને આપને દર્શને લાવું." ત્યારે મહારાજ કહે, "આવવા દ્યો."

પછી અલૈયા ખાચરે બહાર આવીને કહ્યું જે, "સત્પુરુષ આંહીં છે, તે તમે દર્શન કરો." પછી તે જમાદારે આવીને મહારાજનાં દર્શન કર્યાં. તે મહારાજનાં દર્શન કરીને તેને સમાધિ થઈ ગઈ ને તેને સમાધિમાં અલૌકિક આશ્ચર્યકારી દર્શન થયાં. પછી સમાધિમાંથી જાગીને તેણે મહારાજને પગે લાગીને એમ કહ્યું જે, "તમે તો સાક્ષાત્ ખુદા છો." એમ પ્રાર્થના કરીને ગયો. ॥૨૩૮॥

૨૩૯. ગોવર્ધનભાઈની શ્રીહરિ સાથેની એકતા

અને ગામ શ્રી**કારિયાણી**માં મહારાજ તળાવને કાંઠે વિરાજમાન હતા ને આગળ સભા ભરાઈને બેઠી હતી. પછી કાઠીએ મહારાજને પૂછ્યું જે, "આ ગોવર્ધન સમાધિવાળા કહેવાય છે ને એને છોકરાં તો બહુ થાય છે ?" ત્યારે મહારાજ બોલ્યા કે, "એ તો ભેળા રહે ત્યારે

૧.મને

બાધિતાનુવૃત્તિએ કરીને થાય." ત્યારે કાઠી બોલ્યા જે, "બીજી ક્રિયા તો થાય, પણ આવી ક્રિયા કેમ થાય ?" ત્યારે મહારાજ કહે, "એ તો થાય." એમ કહીને મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું કે, "તમે ગોવર્ધનને કહો જે, તળાવમાં પાણી જોઈ આવે."

પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "ગોવર્ધનભાઈ, આ તળાવમાં તમે જોઈ આવો જે, પાણી છે કે નથી ?" પછી તે જોઈ આવીને કહે, "નથી." ત્યારે કહે, "ફેર જોઈ આવો." પછી ફેર ગયા ને કાંઠે ઊભા રહીને નીચું જોઈને જોયું, પણ પાણી ન દીઠું ને પાણીમાં પગ પણ ન બોળ્યો. પછી મહારાજ પાસે આવીને બોલ્યા જે, "મહારાજ, પાણી તો નથી." પછી મહારાજ બોલ્યા જે, "કાંઠે જઈને જોયું તે પાણી પણ દીઠું નહિ ને જાણે જોડો પલળી જાશે, એમ જાણીને માંહી પગ પણ બોળ્યો નહિ." એમ એને સર્વે ક્રિયા બાધિતાનુવૃતિએ કરીને થાય છે, ને ભગવાનની મૂર્તિ નિરંતર દેખે છે.

પછી મહારાજ ત્યાંથી વરતાલે આવતા હતા. તે માર્ગમાં એક પાણીનો વોકળો આવ્યો. તેને કેટલાક તો ફરીને ચાલ્યા ને કેટલાક જોડાં ઉતારીને ચાલ્યા ને કેટલાક તો જોડાં સહિત ટપીને ચાલ્યા ગયા. પછી નિત્યાનંદસ્વામી એમ બોલ્યા જે, "અમે તો સર્વે સાધુ ગોવર્ધનભાઈને જોવા ઊભા થઈ રહ્યા જે, સમાધિવાળા ગોવર્ધનભાઈ કેમ કરશે ?" ત્યાં તો ખરા ઉપાડ[૧] નવાં જોડાં પહેરેલાં ને ચમ ચમ બોલે છે, એમ ચાલ્યા આવે. તે પાણી આવ્યું એટલે ઊભા થઈ રહ્યા. પછી પાછા વળીને છેટે જઈને દોડીને આવ્યા, પણ જાણે નહિ ટપાય ને જોડાં પલળશે એમ જાણીને ખમચાઈ ગયા. પછી વળી પાછા વળીને છેટે જઈને દોડ્યા, તે વોકળાની સામે કાંઠે જઈ પડ્યા. પછી સર્વે હસ્યા. જે જુઓ, સમાધિવાળા કહેવાય છે, પણ જોડાં પલળી જાય, તે સારુ કેવા દોડ્યા. એમ સર્વે ક્રિયા બરોબર થાય ને ભગવાનની મૂર્તિ વિના બીજું દેખે પણ નહિ.

૧.ઊંચી એડીવાળાં

પછી ત્યાંથી મહારાજ વરતાલે આવ્યા ને સમૈયામાં સભામાં કોઈક હરિજન મહારાજની પૂજા કરવા સારુ ચંદનનો ડબ્બો ભરીને લાવ્યો ને મહારાજને કહ્યું જે, "મહારાજ, તમારી પૂજા કરવા સારુ લાવ્યો છું." પછી મહારાજ કહે, "એ ગોવર્ધન, આ ચંદનના ડબ્બામાં પગ બોળ." પછી તે ગોવર્ધનભાઈએ ઊભા થઈને ડબ્બામાં પગ બોળ્યો. એટલે કાઠી બોલ્યા જે, "ભણે, ગોવર્ધન ગાંડા ! આ મહારાજને પૂજા કરવાનું ચંદન બગાડ્યું." પછી મહારાજ બોલ્યા જે, "એને ભગવાનની મૂર્તિ વિના સર્વે બીજું સમ થઈ ગયું છે."

પછી મહારાજ બોલ્યા જે, "ગોવર્ધન, આ ઢોલિયા ઉપર બેસ." એટલે એ તો મહારાજના ઢોલિયા ઉપર મહારાજને પૂંઠ વાળીને બેઠા. એટલે કાઠી બોલ્યા જે, "ભણે, એ ગોવર્ધન, મહારાજને પૂંઠ પડે છે, તે સમો બેસ સમો." પછી મહારાજ બોલ્યા જે, "એમને તો પૂંઠ જ નથી સદા સન્મુખ જ છે." પછી મહારાજ બોલ્યા જે, "ગોવર્ધન, સૂઈ જા." પછી તે તો સૂઈ ગયો. પછી મહારાજ બોલ્યા જે, "આ ગોવર્ધનના પગ દાબો." ત્યારે સર્વે ગોવર્ધનભાઈના પગ દાબવા મંડ્યા. ત્યારે મુક્તાનંદસ્વામી પણ દાબવા મંડ્યા, ત્યારે કાઠી બોલ્યા જે, "ભણે, ગોવર્ધન ગાંડા ! આ મુક્તાનંદસ્વામી તારા પગ દાબે છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "એને ક્યાં ખબર છે ? એ તો અમારી મૂર્તિને જ એક દેખે છે."

પછી મહારાજે મીઠું ને સાકર મંગાવ્યાં ને એક થાળીમાં નોખાં નોખાં મેલાવ્યાં. પછી મહારાજ બોલ્યા જે, "ગોવર્ધન, આ ખા." ત્યારે તે ખાવા મંડ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "આ સાકર ને મીઠું છે, તેમાં સાકર કઈ ? ને મીઠું કયું ?" પછી તે ખાવા મંડ્યા ને બોલ્યા જે, "બેય સાકર છે." એમ કહીને એક મૂઠી સાકરમાંથી જમવા મંડ્યા ને એક મૂઠી મીઠામાંથી જમવા મંડ્યા, એમ મીઠું ને સાકર ખાઈ ગયા. પછી મહારાજ બોલ્યા જે, "જુઓ, આને સાકર ને મીઠું બેય તુલ્ય થઈ ગયાં છે." તે જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા.

એક સમે મહારાજ વરતાલમાં ગોમતીજીને કાંઠે સભા કરીને વિરાજમાન હતા. ને ખંભાતના હરિભક્તે સૂતરફેણીની માટલી લાવીને મહારાજ આગળ મેલી. પછી સંઘમાંથી થાળી લાવીને ને ઊગટીને(સાફ કરીને) માટલીમાંહીથી સૂતરફેણી થાળીમાં કાઢીને મહારાજને કહે, “મહારાજ, આ સૂતરફેણી જમો.” પછી મહારાજ બોલ્યા જે, “આજ તો ગોવર્ધન જમાડે તો એને હાથે જમીએ.”

પછી ગોવર્ધનભાઈ દાતણ કોરે મેલીને કોગળા કરીને હાથપગ ધોઈને પોતે જમવા બેઠા. તે જમતાં જમતાં થાળી ખાલી થાય ત્યારે પૂછતા જાય જે, “મહારાજ, સૂતરફેણી જમશો ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “તમારી ઈચ્છા.” પછી વળી તે ગોવર્ધનભાઈ માટલીમાંથી સૂતરફેણી થાળીમાં કાઢીને પોતે જમતા જાય ને મહારાજને પૂછતા જાય. પછી મહારાજ બોલ્યા જે, “ગોવર્ધન, તું જમને.” ત્યારે તે બોલ્યા જે, “મહારાજ, મેં તો હજી દાતણ કર્યું નથી, તે દાતણ કરીને નાહીશ ને પૂજા કરીશ ત્યારે જમીશ.” પછી વળી જમવા મંડ્યા, તે દસ શેર સૂતરફેણી જમી ગયા. ને પછી ચળુ કરી પાણી પીને પછી તે દાતણ કરવા બેઠા.

ને મહારાજ થાળ જમવા પધાર્યા ત્યારે બોલ્યા જે, “આજે તો ગોવર્ધનભાઈને હાથે સૂતરફેણી બહુ જમ્યા છીએ, તે ભૂખ નથી. ને ગોવર્ધનભાઈ તો બ્રહ્મચારીને ચોકે સારી પેઠે જમ્યા ને સાંજ સારુ લાડુ માગી લીધા. એમ એવા ભક્તને ને ભગવાનને એકતા થઈ જાય છે. ॥૨૩૯॥

૨૪૦. અલૈયા ખાચર દ્વારા લોકોને સમાધિ તથા શ્રીહરિએ તેમની પ્રતિજ્ઞા પૂરી કરી.

અને કોઈક સમયમાં અલૈયા ખાચરને મહારાજે પોતાનો પોશાક પે’રાવીને વાળાક દેશમાં વાતો કરવા મોકલ્યા. તે બીજાઓને સમાધિઓ કરાવીને અક્ષરાદિક ધામોમાં મોકલતા હતા. તે સોટીનો એક છેડો અડાડે

એટલે સમાધિ થાય ને બીજો છેડો અડાડે એટલે સમાધિમાંથી જાગે. એમ મહારાજ અલૈયા દ્વારા ભારે ચમત્કાર દેખાડતા હતા.

અને વળી અલૈયા ખાચર પાસે એક મતવાદી આવ્યો. તેના આગળ યમપુરીની વાત કરી, ત્યારે તે બોલ્યો જે, “યમપુરી તમે સ્વામિનારાયણવાળાએ ઊભી કરી છે, પણ યમપુરી સાચી નથી, ખોટી છે.” ત્યારે અલૈયા ખાચર કહે, “તું મારા સામું જો.” પછી તેણે સામું જોયું એટલે તેને સમાધિ કરાવીને યમપુરીમાં મોકલ્યો. ત્યાં ચારે કોરથી યમ તેને મારવા સારુ દોડી આવ્યા. તે મારવા મંડ્યા, તે મારી મારીને તેનાં હાડકાં ભાંગી નાખ્યાં. પછી તે ત્યાંથી નાઠો તે સમાધિમાંથી બહાર આવ્યો ને પગે લાગીને એમ બોલ્યો જે, “યમપુરી સાચી છે ને મારાં યમદૂતે હાડકાં ભાગી નાખ્યાં, માટે તમે મને વર્તમાન ધરાવો.” પછી તે વર્તમાન ધારીને સત્સંગી થયો.

એક સમે અલૈયા ખાચરના ચાકરે દેહ મેલ્યો અને તેને સ્મશાને લઈ ગયા ને ચિતામાં સુવાડ્યો. અલૈયા ખાચર કોઈક ગામ ગયા હતા ત્યાંથી ઘેર આવ્યા. પછી અલૈયાનો કાકો બોલ્યો જે, “ભણે અલૈયા, તું ભણતો હતો જે, ‘અમારા સત્સંગી દેહ મેલે ત્યારે સ્વામિનારાયણ તેડવા આવે ત્યારે જ દેહ મેલે, તે વિના ન મેલે.’ તે ભણે જેહલે દેહ મેલ્યો, તે પૂંઠેથી જીવ નીસરી ગયો, તે બોલ્યો નહિ ને સ્વામિનારાયણ તેડવા આવ્યા વિના મરી ગયો.”

ત્યારે અલૈયો ખાચર બોલ્યા જે, “સ્વામિનારાયણ તેડવા આવ્યા વિના દેહ પડે જ નહીં.” એમ કહીને તેને સ્મશાન લઈ ગયો ને તે જેહલાને ચિતામાં સુવાડ્યો હતો, ત્યાં ઊભા રહીને અલૈયા ખાચરે તેને કાનમાં ‘જેહલા, જેહલા’ એમ બે-ત્રણ શબ્દ કર્યા, એટલે જેહલો બેઠો થયો. પછી તે અલૈયા ખાચરે જેહલાને પૂછ્યું જે, “તું ક્યાં ગયો હતો ?” ત્યારે તે બોલ્યો જે, “મહારાજ ભેળો અક્ષરધામમાં ગયો હતો ને તમે બોલાવ્યો એટલે મહારાજ મને કહે કે, ‘તું જા, ને અલૈયાની પ્રતિજ્ઞા જૂઠી પડશે, તો તે દેહ નહિ રાખે.’ એમ મને

મહારાજે કહ્યું, તે સારુ આવ્યો ને હવે હું જાઉં છું ને તમે સર્વે ધૂન કરો." એમ ધૂન કરીને પાછો સૂઈ ગયો. એમ મહારાજે અલૈયાની પ્રતિજ્ઞા પૂરી કરી. ॥૨૪૦॥

૨૪૧. જમપુરીને ખોટી કહેનારા કાઠીને પરચો

કોઈક સમયને વિશે મહારાજ ગામ **કરિયાણે** કાળા મકવાણાને ઘેર વિરાજમાન હતા અને હરિજન આગળ યમપુરીની વાર્તા કરતા હતા. ત્યાં એક કાઠી બેઠો હતો, તે સાંભળીને ત્યાંથી ગયો. પછી તે પરપૂંઠે બીજા આગળ એમ બોલે જે, "સ્વામિનારાયણે યમપુરી ને યમદૂત નવીન ઊભું કર્યું છે, પણ એ તો ખોટું છે."

પછી કોઈક દિવસ એ કાઠી કોઠાના વચલા માળમાં ગોખમાં બેઠો હતો, ત્યારે કાળા શાહી જેવા ને પર્વત જેવા ભયંકર યમને અચાનક જોઈને તેના મનમાં એમ થયું જે, "આ તે કોણ હશે ?" એમ વિચારતાં તે તો તેને સમીપે આવ્યા. તે જોઈને એ કાઠી એમ બોલ્યો જે, "આ તો ગજબ થયો." ત્યાં તો તે યમ તત્કાળ આવીને તેના ઉપર ચડીને મારવા મંડ્યા, ત્યારે તે તો અતિશે બકોર પાડવા મંડ્યો અને તેને પેશાબ અને ઝાડો થઈ ગયો. તે વખતે કડિયા ઉપરનો માળ ચણતા હતા, તે તેની બુમરાણ સાંભળીને એમ વિચાર થયો જે, "આ તે કોણ બરકા પાડે છે ?" એમ જાણીને તેની પાસે આવ્યા.

અને તે કાઠી કડિયાને જોઈને એમ બોલ્યો જે, "તમે મને સ્વામિનારાયણ પાસે લઈ જાઓ, નહિ તો આ મને જીવથી મારી નાખશે." પછી તે તેને ઝોળીમાં ઘાલીને મહારાજ પાસે લાવતા હતા, તેને છેટેથી જોઈને મહારાજ એમ બોલ્યા જે, "એને આંહીં લાવશો મા." ત્યારે તે બોલ્યો જે, "મને યમ જીવથી મારી નાખશે." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ અશુદ્ધ છે, તે એને નવડાવીને લાવો." ત્યારે તે બોલ્યો જે, "બાપજી, એટલામાં તો મારો જીવ કાઢી નાખશે." ત્યારે મહારાજ કહે, "જા, તારે અત્યારથી જ એનો ભય ગયો."

પછી તે નાહી આવીને એમ બોલ્યો જે, "મહારાજ, તમે વાત કરતા હતા, તે વાત સાચી થઈ ને આજથી હું તમારો આશ્રિત છું. તમે મારા ઉપર એવી કૃપા કરો જેણે કરીને એ પાપીનાં મારે ફેર દર્શન ન થાય." પછી મહારાજ બોલ્યા જે, "હવે નહિ થાય." એમ રક્ષા કરી. ॥૨૪૧॥

૨૪૨. આણંદજી સંઘાડિયાને શ્રીહરિની વાતોમાં લગની

અને ગામ **માંગરોળ**માં આણંદજી સંઘાડિયે શ્રીજીમહારાજને એમ કહ્યું જે, "તમે મારે ઘેર સદાય રહો." ત્યારે શ્રીજી કહે, "તું ન ઊંઘે ત્યાં લગી રહીએ." પછી તે આણંદજી સંઘાડિયો દિવસે પોતાના સંઘાડિયાનું કામ કરે ને મહારાજ તેને વાતો કરે ને રાત્રિએ મહારાજ પાસે બેસીને મહારાજની વાતો સાંભળે. એમ વાતો સાંભળતાં છ મહિના મહારાજ ભેળે બેસી રહ્યા ને એક દિવસ એને ડોલું આવ્યું કે મહારાજ ઊઠીને ચાલી નીસર્યા. ॥૨૪૨॥

૨૪૩. બોદા કમાનગરે કઠિન પ્રાયશ્ચિત કર્યું.

અને કોઈક સમયને વિષે ગામ સરધારમાં મહારાજ સભા કરીને વિરાજમાન હતા. તે સમે તે ગામનો કારભારી બોદો કમાનગર પોતાના ચાકર સહિત મહારાજ પાસે આવ્યો. ત્યારે મહારાજ તે પ્રત્યે બોલ્યા જે, "આપણે સર્વે રામાનંદસ્વામીના આશ્રિત છીએ. તે રામાનંદસ્વામીની આજ્ઞા પાળીએ, તો રામાનંદસ્વામી રાજી રહે, પણ તેં રામાનંદસ્વામીની આજ્ઞા લોપી છે, તે તારા ઉપર રામાનંદસ્વામી કચવાણા છે. વળી તેં સત્સંગની મર્યાદા લોપી છે, માટે તું સત્સંગી પણ નથી."

ત્યારે તે બોલ્યો જે, "તમે કહો તે હું તેનું પ્રાયશ્ચિત કરું." પછી મહારાજ બોલ્યા જે, "દેહાભિમાની જે તું તે તારાથી શું થાય ?" ત્યારે તે કહે જે, "તમે કહો તે કરું." ત્યારે મહારાજ બોલ્યા જે, "આ તેં વસ્ત્ર પહેર્યાં છે, તે ઉતારીને કોરે મેલ." પછી તેણે સર્વે વસ્ત્ર ઉતાર્યાં.

પછી મહારાજ બોલ્યા જે, "આ પહેર્યાનું વસ્ત્ર છે, તે પણ ઉતારી નાખ." પછી તેણે તે પણ કાઢી નાખ્યું. પછી મહારાજ બોલ્યા જે, "હવે તું આખા શહેરમાં શેરીએ શેરીએ ફરી આવ." પછી તે ફરી આવ્યો ને મહારાજ આગળ હાથ જોડીને ઊભો રહ્યો. એટલે મહારાજ બોલ્યા જે, "હવે વસ્ત્ર પહેર." પછી તેણે વસ્ત્ર પહેર્યાં.

પછી મહારાજ બોલ્યા જે, "અમારે વચને કરીને તું નગ્ન ફરી આવ્યો એટલે હવે તારે કોઈ યોનીમાં પણ નગ્ન નહિ રહેવું પડે." એમ એની પાસે મહારાજે પ્રાયશ્ચિત કરાવ્યું. ॥૨૪૩॥

૨૪૪. બેચર પંચોળીને શ્રીહરિનો દૃઢ મહિમા

શ્રીજીમહારાજને જ્યોતિષનું પુસ્તક જોઈતું હતું. તે મહારાજે લખીરામ ને શિથા ગામના બેચર પંચોળીને ગામ શિથે પુસ્તક લેવા મોકલ્યા. ત્યારે જે બ્રાહ્મણને ઘેર પુસ્તક હતું તે બોલ્યો કે, "એ પુસ્તક તો હળવદના શિવ જાની લઈ ગયા છે."

ત્યારે તે બંને જણા ત્યાં ગયા ને તેને પૂછ્યું, ત્યારે તે શિવ જાની બોલ્યા જે, "મેં તો તેને ઘેર પુગાડ્યું છે." પછી તે બે જણા શિથે આવ્યા ને તેને તે વાત કહી. ત્યારે તે પુસ્તકનો ધણી કહે, "મેં તો વાંકાનેર આપ્યું છે." ત્યારે ત્યાં જઈને ખબર કઢાવી, ત્યારે તે પણ શિવ જાનીની પેઠે બોલ્યો. એટલે એ શિથે આવ્યા ને તે બ્રાહ્મણને કહ્યું જે, "તેણે તો આંહીં મોકલ્યું છે." ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે, "મોરબીમાં મકનજીને ત્યાં આપ્યું છે." પછી ત્યાં લેવા ગયા ત્યારે તેણે પણ એમ કહ્યું જે, "મેં તો એને ઘેર પુગાડ્યું છે."

પછી લખીરામ ને બેચર બે જણા શિથે આવીને તેને એમ કહ્યું જે, "તારે આપવું હોય તો આપ નહિ તો ના પાડ, પણ અમને ઠાલા ધક્કા શા સારુ ખવડાવે છે ?" ત્યારે તે બોલ્યો જે, "પુસ્તક તો મારે ઘેર છે, પણ આ બેચર પંચોળી મને પાંચસો દંડવત કરે તો આપું." ત્યારે બેચર બોલ્યા જે, "મહારાજને પુસ્તક આપતો હોય તો કહે

એટલા દંડવત કરું." પછી પંચોળીએ પાંચસો દંડવત કર્યા એટલે તે પુસ્તક આપ્યું. તે વેવાઈ હતો અને તે સંબંધને લઈને તેને વેર હતું. એમ માહાત્મ્યવાળાથી શું ન થાય ?

❋ ભૂજમાં સુંદરજીભાઈ તથા ગંગારામ મલ્લને ઘેર શ્રીહરિ

અને ક્યારેક મહારાજ ભૂજમાં સુંદરજીભાઈ ને હીરજીભાઈને ઘેર વિરાજમાન હતા. પછી તે બંને ભાઈઓએ મહારાજને કહ્યું જે, "તમે સદાય અમારે ઘેર વિરાજમાન રહો." ત્યારે મહારાજ બોલ્યા જે, "જ્યાં સુધી તમે રાખશો ત્યાં સુધી રહીશું, ને રજા આપશો ત્યારે જઈશું." પછી મહારાજની તેમણે બહુ સેવા કરી. તે હીરજી ને સુંદરજી તો દિવસે દરબારમાં જાય ને મહારાજ તેમને ઘેર રાત-દિવસ રહેતા હતા. ને તે હીરજીભાઈના ઘરનાં જે અમરબાઈ તે સમયને વિશે મહારાજને જમાડવા, જળપાન કરાવવું ઇત્યાદિક ભારે સેવા કરતાં હતાં, તે જેમ પોતાના પુત્રની બરદાસ રાખે તેમ. અને મહારાજ પણ પોતાના માતા પિતાની પેઠે તેમને વશ થઈ જતા હતા.

પછી એક દિવસ તે બાઈ નિત્યની પેઠે બોલ્યાં જે, "ચાલો મહારાજ, વાળુ કરવા." ત્યારે મહારાજ બોલ્યા જે, "આજ તો ભૂખ નથી." પછી હીરજીભાઈએ નિત્યની પેઠે ઘરવાળાંને પૂછ્યું જે, "મહારાજે વાળુ કર્યું ?" ત્યારે તે બાઈ બોલ્યાં જે, "આજ તો મહારાજે વાળુ કરવાની ના પાડી છે." પછી હીરજીભાઈ મહારાજ પાસે આવીને બોલ્યા જે, "ચાલો મહારાજ, વાળુ કરવા પધારો." પછી મહારાજ બોલ્યા જે, "આજ તો અમારે ભૂખ નથી." ત્યારે હીરજીભાઈ બોલ્યા જે, "મહારાજ, હું દરબારમાંથી આવતો હતો, તે મૂળજી કંદોઈને ત્યાં જલેબી બહુ સારી હતી, તે મંગાવું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "તમારી ઈચ્છા."

પછી હીરજીભાઈએ એક કોરી આપી, તે ચાકર જઈને જલેબી લઈ આવ્યો. પછી હીરજીભાઈએ મહારાજને આપી, તે મહારાજે જમીને

હીરજીભાઈને લોટકું[1] ખાલી કરીને આપ્યું. પછી સુંદરજીભાઈએ મગાવી, તેને પણ જમી ગયા. પછી જે જે હરિજન જલેબી લાવતા હતા તેને તેને મહારાજ જમી જતા હતા. એમ તેર કોરીની જલેબી જમ્યા. પછી બીજે દિવસે વહેલા ઊઠીને ચાલ્યા તે અંજાર-ભચાઉ એ આદિક ગામોમાં ફરી આવીને આઠમે દિવસે હીરજીભાઈને ઘેર જમ્યા, પણ આઠ દિવસ સુધી બીજે ક્યાંય જમ્યા નહીં.

ને કોઈક દિવસ મહારાજને ગૂમડું થયું હતું. તે મહારાજ સુંદરજીભાઈની મેડી ઉપર વિરાજમાન હતા. મહારાજે તે સુંદરજીભાઈ ને હીરજીભાઈને કે'વરાવ્યું હતું જે, "જગજીવન મહેતો પૂછે, તો ના પાડજો જે, મહારાજ આંહીં નથી."

પછી કોઈ સમે સુંદરજીભાઈ માંદા હતા, તેમને જોવા સારુ તે જગજીવન આવ્યો. તેણે પૂછ્યું જે, "તમારા સ્વામિનારાયણ આંહીં છે ?" ત્યારે તેમણે ના પાડી, "જે નથી." એમ કહે છે, ત્યાં મહારાજ મેડા ઉપરથી ઊતરીને મહેતાની સન્મુખ આવીને બેઠા. ત્યારે તે મહેતો બોલ્યો જે, "તમે કહેતા હતા જે, 'સ્વામિનારાયણ આંહીં નથી,' તે આ ક્યાંથી આવ્યા ?" પછી સુંદરજીભાઈ કાંઈ બોલી શક્યા નહીં.

પછી મહેતો બોલ્યો જે, "તમારા સેવક તમને કહે છે કે, 'સ્વામિનારાયણ તો રાધિકાના પતિ છે, લક્ષ્મીના પતિ છે,' તે વાત સાચી છે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "હા, અમે રાધિકાજીના પતિ છીએ, લક્ષ્મીજીના પતિ છીએ, તમારે કેમ છે ?" તે સાંભળીને મહેતો બળીને ઊઠી નીસર્યો.

પછી સુંદરજીભાઈ બોલ્યા જે, "મહારાજ, તમે ના પાડતા હતા જે, 'કે'શો નહિ,' ને તમે ઉપરથી ઊતરીને કહેવા મંડ્યા કે, 'અમે લક્ષ્મીજીના પતિ, રાધિકાજીના પતિ છીએ.' તે મહેતો ઉપાધિ કરશે તે કેમ કરશું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "જો ઉપાધિ કરે ને તમને

૧.માટીનું નાનું વાસણ

કઠણ પડે તો અમે બે દિવસ ગંગારામભાઈને ઘરે જઈ આવીએ." ત્યારે તે બોલ્યા જે, "બે દિવસ જઈ આવો તો બહુ સારું."

પછી મહારાજે ગંગારામભાઈને બોલાવીને કહ્યું જે, "જગજીવન મહેતો અમારા ઉપર કોપ્યો છે, તે હલ્લા લઈને આવશે. તે સુંદરજીભાઈ ને હીરજીભાઈ અમને કહે છે જે, 'બે દિવસ ગંગારામભાઈને ઘેર જઈ આવો તો સારું.' તે અમે તમારે ઘેર આવીએ ?" ત્યારે તે બોલ્યા જે, "ભલે પધારો ! મહેતાનો શો ભાર છે !"

પછી મહારાજે તે મહેતાની સ્ત્રી સત્સંગી હતી, તેને ખબર મોકલી જે, 'ગાડી મોકલજો, અમારે ગંગારામભાઈને ઘેર જવું છે.' પછી તેણે ગાડી મોકલી. તેમાં બેસીને મહારાજ ગંગારામભાઈને ઘેર પધાર્યા. પછી મહેતાએ હલ્લા મેલી એટલે ગંગારામભાઈ અને માનકુવાના અદોભાઈ એ બે જણા ઉઘાડી તલવારો લઈને ખડકીની બહાર ઊભા રહ્યા ને બોલ્યા જે, "આવો, જેની માએ શેર સૂંઠ ખાધી હોય તે, અમે ઊભા છીએ." એમ બોલ્યા એટલે તે પાછા વળ્યા જે, 'આ તો મારી નાખશે.' ॥૨૪૪॥

૨૪૫. વસ્તારાવળનો હરિનિષ્ઠાનો કેફ તથા તેમની સાળીનો શ્રીહરિમાં ભાવ

અને મહારાજ ક્યારેક એમ કહેતા જે, "અમને નારદ-સનકાદિકની ઉપમા દેવી, પણ રામકૃષ્ણાદિકની ઉપમા દેવી નહીં." તે સમયમાં ગામ ગાંફના વસ્તો રાવળ નવા સત્સંગી થયેલા. તે ઉત્સરંગમાં ને ઉત્સરંગમાં એમ બોલે જે, "મહારાજ તો લક્ષ્મીજીના પતિ છે, રાધિકાજીના પતિ છે." ને બીજા હરિજનો ના પાડે તોય એમ ને એમ બોલ્યા કરે. ત્યારે બીજા સત્સંગીઓએ તેને વિમુખ કર્યા ને જય સ્વામિનારાયણ કહેવાની ને મંદિરમાં પેસવાની ના પાડી.

પછી કોઈક સમે મહારાજ ગાંફમાં પધાર્યા ને સર્વે હરિજન મહારાજને દર્શને આવ્યા. તે સર્વે પગે લાગીને મહારાજ પાસે બેઠા.

ને વસ્તો રાવળ તો ઓશિયાળો થઈને છેટે ઊભો થઈ રહ્યો. એટલે મહારાજ બોલ્યા જે, "ઓ છેટે ઊભા એ હરિભક્ત છે ?" ત્યારે હરિજન બોલ્યા જે, "હરિભક્ત તો છે, પણ બેક વેવલા જેવા છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "વેવલા જેવા કેમ ?" એટલામાં તો તે રોવા મંડ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "શા સારુ રુઓ છો ?"

ત્યારે તે બોલ્યા જે, "મને કોઈ હરિજન મંદિરમાં પેસવા દેતા નથી ને જય સ્વામિનારાયણ કે'તા નથી." ત્યારે મહારાજ બોલ્યા જે, "શા સારુ ?" ત્યારે વસ્તો રાવળ બોલ્યા જે, "હું તમને રાધિકા-લક્ષ્મીના પતિ કહું છું, તે સારુ." ત્યારે મહારાજ બોલ્યા જે, "જાઓ, તમને છૂટી છે ને તમે કહેજો." એમ કહીને રાજી થયા.

પછી ક્યારેક એ વસ્તો રાવળ ઘરભંગ થયા, તે સારુ એની સાળી ઘરનું કામકાજ કરતી. કોઈક દિવસ તે વસ્તો રાવળ પોતાની ભેંસને એંસી રૂપિયે વેચીને ઘેર આવીને તે બાઈને કહ્યું જે, "આપણી ભેંસ તો મેં એંસી રૂપિયે વેચી." ત્યારે તે બાઈ બોલી જે, "ભેંસ શા સારુ વેચી ? એ ભેંસના દૂધનો મારે દૂધપાક કરીને એક વાર મહારાજને જમાડવા હતા, એવો સંકલ્પ હતો; એટલા સારુ તો તમારા ઘરનું કામકાજ કૂટતી હતી. તે હવે નહિ કરું."

પછી વસ્તો રાવળ બોલ્યા જે, "આજનું તો દૂધ છે, તેનો દૂધપાક કરો ને થાળ કરો ને મૂર્તિને ધરો ને મહારાજ જમશે. મહારાજે એમ કહ્યું હતું જે, **'અતિશે પ્રેમે કરીને અમને જમાડે તો અમે મૂર્તિ દ્વારાએ પણ પ્રત્યક્ષ આવીને દિવ્યરૂપે જમીએ છીએ."**

પછી તે બાઈ થાળ કરવા મંડ્યાં ને વસ્તો રાવળ બજારમાં સાકર લેવા ગયા. તે ત્યાં હાટ સન્મુખ બેસીને સાકરને ખાંડતા હતા, ત્યારે દિવ્યરૂપે મહારાજ પાંચ અસ્વાર સહિત આવ્યા ને બોલ્યા જે, 'વસ્તા રાવળ !' ત્યારે તેણે પાછું વાળીને જોયું તો ત્યાં મહારાજને દેખ્યા. ને એ એમ બોલ્યા જે, "મહારાજ, તમે અત્યારે ક્યાંથી ?" એમ કહીને પછી વસ્તો રાવળ સાકરને લઈને ઘેર આવ્યા ને તે બાઈને કહ્યું જે, "થાળ તૈયાર કરો, મહારાજ પધાર્યા છે."

પછી મહારાજ ઘરમાં આવીને બોલ્યા જે, “શું કરો છો ?” ત્યારે તે બાઈ કહે, “મહારાજ, તમારા સારુ થાળ કરું છું.” ત્યારે મહારાજ કહે, “અમે ભૂખ્યા છીએ.” એમ કહીને થાળ થયો એટલે જમવા પધાર્યા. ને તે બાઈએ અતિ હેતે કરીને મહારાજને જમાડ્યા. પછી મહારાજ જમી ચળુ કરીને મુખવાસ લઈને વિરાજમાન થયા. ને પછી અસ્વાર જમવા બેઠા. તે જમી રહ્યા એટલે મહારાજ અસ્વાર સહિત ચાલ્યા ને ભાગોળે જઈને અદૃશ્ય થઈ ગયા. ॥૨૪૫॥

૨૪૬. મહારાજે દાદા ખાચરને હાથગરણું આપ્યું.

અને શ્રીજીમહારાજ દાદાખાચરને પરણાવવા ગયા ને ત્યાં મહારાજે એમને હાથગરણું[૧] પૂછ્યું જે, “દાદાખાચર, સર્વેએ તમને હાથગરણું કર્યું, તે અમે તમને શું હાથગરણું કરીએ ?” ત્યારે તેમણે કહ્યું જે, “તમારા ભક્તને અંતઃકાળે તમારે એના સર્વે ગુના માફ કરવા, પણ એ જોવા નહીં ને તેને ધામમાં તેડી જવો, એ હાથગરણું આપો.” ત્યારે મહારાજ કહે, “એ તમને આપ્યું.” ॥૨૪૬॥

૨૪૭. માંડવીમાં ખત્રીનું ચિત્ત ફેરવીને બોલતી બંધ કરી.

અને કોઈક સમયને વિષે **માંડવી**માં શ્રીજીમહારાજ ખૈયાના કારખાનામાં ઊતર્યા હતા. ત્યાં એક ખત્રીને શ્રીજીમહારાજે વાતો કરવા માંડી. ત્યારે તે ખત્રી એમ બોલ્યો જે, “તમે જાણો જે અમારા થાય, તે અમે તો વાઘ જેવા છીએ, તે તમારા વાડામાં ન આવીએ. ને બકરાં હોય તે તમારા વાડામાં આવે ને અમે ન આવીએ.”

પછી ત્રીજે દિવસે ખૈયાને ભેળો લઈને શ્રીજી સાધુએ સહિત એને ઘેર પધાર્યા. ને બીજા મનુષ્ય પાંચ-સાત પણ ભેળા હતા. ને તે ખત્રી ઘેર એકલો હતો. ને શ્રીજીમહારાજ એના ફળિયામાં એક ઢાળિયું હતું, ત્યાં જઈને બેઠા ને પછી તે ભક્તને બોલાવ્યો. ત્યારે તે ભક્ત

૧.લગ્નપ્રસંગે અપાતી ભેટનું; ચાંલ્લાનું

આવીને બેઠો. ત્યારે શ્રીજીમહારાજે તેના ચિત્તને ફેરવી નાખ્યું. પછી તેને બોલાવ્યો જે, "ભક્ત, અમારું કહ્યું કરશો ?" ત્યારે તે ભક્તે કહ્યું જે, "મહારાજ, જેમ કહો તેમ કરું." ત્યારે મહારાજે સાધુનાં ભગવાં વસ્ત્ર લઈને તેને આપ્યાં ને કહ્યું જે, "તમારાં ધોળાં વસ્ત્ર ઉતારીને આ ભગવાં વસ્ત્ર પહેરો." પછી તેણે ભગવાં વસ્ત્ર પહેર્યાં.

ને તેને મહારાજે કહ્યું જે, "હવે તારા ઘરમાં જે વસ્તુમાત્ર હોય, તેને લાવીને ચોકમાં મેલ." પછી તેણે સર્વ પદાર્થ બા'ર લાવીને મેલ્યાં. પછી મહારાજ કહે, "હવે તું એને અગ્નિ મેલીને સળગાવી દે." પછી તે બાળવા તૈયાર થયો ત્યારે ખૈયો બોલ્યો જે, "મહારાજ, એનું ચિત્ત તમે હમણાં ફેરવી નાખ્યું છે, તે સારુ બાળવા તૈયાર થયો છે, પણ પછી એ રોવા મંડશે; માટે રહેવા દ્યો." પછી મહારાજે એ ખત્રીને કહ્યું જે, "કેમ, અમારું કહ્યું કરશો ?" ત્યારે તે કહે, "અમે તો વાઘ તે તમારા વાડામાં આવીએ નહિ, ને બકરાં હોય તે વાડામાં આવે."

ત્યારે શ્રીજી કહે, "તારાં વસ્ત્રો સામું તો જો." પછી તેણે વસ્ત્ર ઉતારી નાખ્યાં. પછી ખૈયો બોલ્યો જે, "તારા પદાર્થ ઘરમાં મેલ. સ્વામિનારાયણ તો ભગવાન છે અને અનંતકોટિ બ્રહ્માંડના જીવેશ્વરનાં નાડી-પ્રાણ એમના હાથમાં છે. માટે આપણે વાદ કરીને એમને ન પૂગીએ." પછી મહારાજ ખૈયાને કારખાને પધાર્યા. ॥૨૪૭॥

૨૪૮. વહેલાલમાં જેસંગભાઈ આદિને વરદાન તથા અઢાર ઘેર થાળ જમ્યા.

કોઈક દિવસ મહારાજ ગામ **વે'લાલ**માં જેસંગભાઈના પિતા જે રઘુનાથદાસ તેના ઉપર પ્રસન્ન થઈને બોલ્યા જે, "તમે વર માગો." પછી તે બોલ્યા જે, "મહારાજ, અંત સમે આવીને તમે મને દર્શન દેજો ને તેડવા આવજો, એ વર માંગું છું."

પછી જેસંગભાઈ અને વખતબા બોલ્યાં જે, "મહારાજ, એમને એ વર તમે આપ્યો, પણ અમને શું વર આપો છો ?" ત્યારે મહારાજ

બોલ્યા જે, "આ તમારા માઢ હેઠળથી નીકળશે તેનું કલ્યાણ થાશે." એમ મહારાજે પ્રસન્ન થઈને વર આપ્યો.

ને રઘુનાથદાસને અંત સમે મહારાજ ભગુજીને લઈને દર્શન દેવા પધાર્યા. ને તેમનો[૧] શોક જોઈને પાછા ગયા. ને તેના માસિયા[૨] ઉપર વળી આવ્યા, ત્યારે એક માસ રહ્યા.

અને વળી કોઈક સમયને વિષે મહારાજ વે'લાલમાં જેસંગભાઈના માઢ ઉપર ઊતર્યા, ને એમ બોલ્યા જે, "અમારે સવારે ચાલવું છે." ત્યારે જેસંગભાઈ આદિક હરિજન બોલ્યા જે, "મહારાજ, અમારે થાળ કરવા છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "થાળ કરવો હોય તો કરો." પછી સર્વે હરિજનોએ થાળ કરાવ્યા ને મહારાજ જમવા પધાર્યા. તે પ્રથમ જેસંગભાઈના કાકાના દીકરા બાજીભાઈ અમીનને ઘેર જમવા પધાર્યા. તે ત્યાં જમીને મહારાજ બોલ્યા જે, "સર્વેને ઘેર એક એક લાડુ જમશું." પછી જેસંગભાઈએ સર્વેને ઘેર ખબર મોકલી જે, 'મહારાજ એક એક લાડુ જમશે, તે સારુ લાડુ મોટા વાળજો.' એટલે સર્વેએ ત્રણ લાડુનો એક લાડુ વાળ્યો.

પછી મહારાજ બીજે ઘેર જમવા પધાર્યા, ત્યાં જમતાં બોલ્યા જે, "ઓલે ઘેર નાના લાડુ હતા ને આ ઘેર મોટો લાડુ કેમ ?" ત્યારે જેસંગભાઈ બોલ્યા જે, "પ્રથમના ઘરની બાઈ શહેરની રહેનારી હતી, તે શહેરમાં નાના લાડુ કરવાની રીતિ તે નાના હતા. ને આ બાઈ તો ગામડિયાની છે, તે મોટા લાડુ કર્યા છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ત્યારે તો ઠીક." એવી રીતે મહારાજ અઢાર ઘેર જમ્યા અને પછી માઢ ઉપર પોઢી રહ્યા.

ને પછી ત્રીજે પહોરે જાગ્યા ત્યારે જેસંગભાઈનાં બહેન વખતબા બાજરીના લોટનો રોટલો કરીને તેના ઉપર માખણ ચોપડીને ડોડીની ભાજી કરીને લાવ્યાં. એટલે મહારાજ મુખશુદ્ધિ કરીને તે બાઈની પ્રીતિને

૧.તેમના કુટુંબી જનોનો ૨.મરણ બાદ મહિને કરાતા શ્રાદ્ધ

વશ થકા જમતા હતા. ને મહારાજ કહે, “બહુ સારા રોટલા છે.” એમ કહીને અર્ધ રોટલો જમ્યા અને અતિ પ્રસન્ન થયા. અને તે માઢ ઉપર મહારાજે અઢાર પરમહંસ કર્યા હતા. ॥૨૪૮॥

૨૪૯. ખટરસના વર્તમાનની આજ્ઞા તથા વૃંદાવનના લાલાબાબુની વાત

અને મહારાજે કાલાતળાવ ને તેરા ગામથી સર્વે સંત ઉપર કાગળ લખ્યા જે, ‘સર્વે ખટરસનાં વર્તમાન રાખજો ને જે કહેવાનું છે, તે ભેળા થાશો ત્યારે કહેશું.’ તે કાગળ વાંચીને કેટલાક સંત ચાલી નીસર્યા જે, ‘ખટરસનાં વર્તમાન પાળજો ને જે કહેવાનું છે, તે તો બાકી છે.’ ‘ત્યારે તે દિવસ જાવું પડશે, ત્યારે મોરથી જાઈએ તે ઠીક,’ એમ વિચારીને ચાલ્યા ગયા.

તે સમયમાં મોટા સુખાનંદસ્વામી જે લોજમાં વાવ ઉપર મહારાજને ભેળા થયા હતા, તે પણ ચાલી નીસર્યા. ને તેમણે માળવામાંથી બે સાધુ કર્યા, તે નાના ગોપાળાનંદસ્વામી અને રામાનુજાનંદસ્વામી. તેને ભેળા લઈને વૃંદાવનમાં આવીને લાલાબાબુ નામે શાહુકારને મહારાજના પ્રગટ પ્રમાણના નિશ્ચયની વાર્તાઓ કરતા હતા. ત્યારે તે લાલાબાબુ બોલ્યો જે, “મહારાજ ભગવાન ખરા ને એમનો આશ્રય કરીએ તો કલ્યાણ થાય, પણ મારાથી ત્યાં અવાય નહિ ને તમે મહારાજ ઉપર કાગળ લખો ને મહારાજ અત્ર પધારે તો માર્ગનું સર્વે ખરચ હું આપું.” ત્યારે સ્વામી બોલ્યા જે, “તમારે ગરજ નથી, ત્યારે ભગવાનને શી ગરજ ? એ તો સ્વતંત્ર છે.”

પછી તેમણે એક અત્તરની શીશી ભરીને કાગળ લખીને આપ્યો, તે લઈને ચાલ્યા. તે સુખાનંદસ્વામીએ તો વળતાં માળવામાં દેહ મેલ્યો ને તે બે સાધુ મહારાજ પાસે આવ્યા. તેમણે કાગળ ને શીશી મહારાજને આપ્યાં. અને મહારાજે તે અત્તર સર્વે સંતની નાસિકાએ ચરચ્યું ને કાગળ વાંચીને મહારાજ બોલ્યા જે, “આ જન્મે લાલાબાબુનું મુમુક્ષુપણું ઉદય થાય તેમ નથી.”

ને તે લાલાબાબુ તે સમયમાં મંદિર કરાવતો હતો. તે બે કરોડ રૂપિયાનું ભગવાનનું મંદિર કરાવીને તેના સેવા-પ્રવાહને અર્થે બે કરોડ રૂપિયા આપ્યા હતા. ને કેટલાંક સદાવ્રત પણ કરાવતો હતો ને બે કરોડ રૂપિયા પોતાની સ્ત્રીના દેહનિર્વાહને માટે આપીને પોતે ત્યાગી થઈ ગ્યો'તો. ને પોતે તો તીર્થવાસીના સંઘ ઊતર્યા હોય ત્યાં માગી ખાતો હતો, એવો એ પુણ્યવાન હતો; તોપણ પ્રગટ ભગવાનનો યોગ ન મળ્યો. ॥૨૪૯॥

૨૫૦. સાળંગપુરમાં કણબી બાઈનું કલ્યાણ

અને એક દિવસ **સાળંગપુર**માં મહારાજ પાસે બે'રી કણબી બાઈ આવી. તેને મહારાજ કહે, "વર્તમાન ધારવાં છે ?" ત્યારે બીજા જને એમ કહ્યું જે, "એ તો સાંભળતી નથી." ત્યારે મહારાજ કહે, "એનું કલ્યાણ કરવું છે." એમ કહીને નિયમ ધરાવ્યા ને અંતકાળે વિમાન લઈને એને તેડવા આવ્યા. બાઈએ પોતાને હાથે ચોકો કરીને તેમાં બેસીને તેણે દેહ મેલ્યો. ॥૨૫૦॥

૨૫૧. શ્રીહરિમાં સુખ ને વિષયમાં દુઃખ

કારિયાણીમાં એક વખત મહારાજ કેરીઓ જમતા હતા ને વસ્તાખાચરનો દીકરો જોઈતો ખાચર તે આગળ આવીને ઊભો રહ્યો. ત્યારે મહારાજે હાથમાં કેરી લઈને તેની સામો હાથ લાંબો કર્યો. ત્યારે તેણે પણ કેરી લેવા હાથ લાંબો કર્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, "તારા કંઠમાં ઊતરી છે, તે આપે તો કેરી આપું." ત્યારે તેણે ઊતરી આપીને કેરી લીધી. ત્યારે મહારાજ બોલ્યા કે, "જીવ કેવો ડાહ્યો છે, પણ એમ નથી જાણતો જે, ભગવાનમાં તો ઘણો માલ છે ને ઘણું સુખ છે, ને વિષયમાં તો કેવળ દુઃખ જ છે." ॥૨૫૧॥

૨૫૨. જૈગિષવ્ય અને અવટ્ય ઋષિનો સુખ વિષે સંવાદ

અને ઉપનિષદમાં એમ વાર્તા છે જે, જૈગિષવ્ય ઋષિને દસ મહાકલ્પનું જ્ઞાન હતું. તેમને અવટ્ય ઋષિએ પૂછ્યું જે, "તમને દસ મહાકલ્પનું જ્ઞાન છે, તે તમે સુખ ક્યાં ક્યાં દીઠું ? તે મને કહો." ત્યારે તેમણે એમ કહ્યું જે, "મેં તો સર્વત્ર દુઃખ જ દીઠું છે, પણ સુખ તો ક્યાંય દીઠું જ નથી." ત્યારે તેમણે એમ કહ્યું જે, "તમે જ્યારે દેવ થયા હશો ત્યારે સ્વર્ગનાં સુખ ભોગવ્યાં હશે, ને જ્યારે મોટા રાજા થયા હશો ત્યારે પૃથ્વીના ભોગને ભોગવ્યા હશે, છતાં દુઃખ દીઠું છે, એમ કેમ કહો છો ?" ત્યારે તેમણે કહ્યું જે, "તત્ર સર્વત્ર અપાર દુઃખ જ છે ! ને દુઃખ રહિત અવિનાશી સુખ તો આત્મા-પરમાત્માને વિશે છે, બીજે નથી. તે શ્રુતિમાં કહ્યું છે જે, "**...तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां शांतिः शाश्वती नेतरेषाम्**"[૧] ॥૨૫૨॥

૨૫૩. જનકરાજાની અદ્‌ભુત સમજણ

અને શાસ્ત્રમાં એમ વાર્તા છે જે, નારદજી જનકરાજા પાસે આવ્યા. તે સાંભળીને જનકરાજાનો પુત્ર ઘોડે ચડીને સામો આવ્યો. તેને નારદજીએ યોગકળાએ કરીને મૃત્યુને પમાડ્યો. પછી તે જનકરાજા ને એ જનકની સ્ત્રી ને એ છોકરાની સ્ત્રી એ સર્વે અનુક્રમે કરીને નારદજીની સામાં આવ્યાં. તેમને નારદજીએ એમ કહ્યું જે, "તમે સર્વે દૂર રહેજો. તમારા પુત્રને સર્પ કરડ્યો ને તે મૃત્યુને પામ્યો છે, તે સારુ તમારે સૂતક છે."

પછી તે જનકરાજા તથા જનકરાજાની સ્ત્રી તે એમ બોલ્યાં જે, "મહારાજ ! તમે પધાર્યા તે બહુ સારું થયું. તમારાં દર્શન દુર્લભ છે. પુત્રાદિકની પ્રાપ્તિ તો અનંતવાર ચોરાસી લક્ષ યોનિમાં થઈ છે. એ કાંઈ દુર્લભ નથી." પછી છોકરાની સ્ત્રી પણ એમ બોલી જે, "તમારાં દર્શન

૧.જીવાત્મામાં રહેલા તે પરમાત્માને જે ધીર પુરુષો અનુભવે છે, તેમને જ સંસારની નિવૃત્તિરૂપ શાશ્વત શાંતિ મળે છે, બીજાઓને નહીં.(કઠોપનિષદ : ૨/૨/૧૩)

દુર્લભ છે. પતિ તો ચોરાસી લક્ષ યોનિમાં પ્રાપ્ત થાય જ છે." એવી જનકરાજાની તથા તેમના ઘરનાં સર્વ મનુષ્યની જ્ઞાનસ્થિતિને જોઈને નારદજી આશ્ચર્ય પામીને સ્વર્ગમાં જઈને ઇન્દ્રને કહ્યું જે, "મૃત્યુલોકને વિશે જેવા જનકરાજા જ્ઞાની છે, એવા કોઈ જ્ઞાની નથી."

ત્યારે ઇન્દ્રે જાણ્યું જે, 'રાજ્ય કરે છે, તેમાં તે શું જ્ઞાન હશે ?' એમ માનીને સુલભા નામે અપ્સરાને પરીક્ષા કરવા મોકલી. ત્યારે એ અપ્સરા જનકરાજાને મોહ પમાડવા સારુ પોતાના હાવભાવ કરતી હતી.

તે જોઈને જનકરાજાએ તેને એમ કહ્યું જે, "મેં સાંખ્ય ને યોગ એ બે સિદ્ધ કર્યાં છે. તેણે કરીને મારા અર્ધા શરીરને ચંદન ચર્ચે ને અર્ધું શરીર તરવારે કરીને કાપે, એ બેય મારે સરખું છે. તથા દેશિક અને ઉપદેશિક એ બે વાર્તાને સિદ્ધ કરી છે. તે દેશિક વાર્તા તે શું ? તે વાર્તા એવી છે કે આ લોકમાં અમારે ભવાઈયા રમે છે ત્યારે એક વાણિયાનો વેશ લાવે અને એક વાણિયણનો વેશ લાવે. ને એક જંદાનો[૧] વેશ લાવે. પછી વાણિયો વાણિયણને પાસે બેસાડીને રાજી થાય ને તેને કહે કે, "હું તારો શેઠ ને તું મારી શેઠાણી." તેટલામાં જંદો આવીને બોલ્યો જે, "તમે કોણ છો ?" ત્યારે વાણિયો બોલ્યો જે, "હું શેઠ છું ને આ મારી શેઠાણી છે."

પછી જંદો બોલ્યો કે, "અમારા ભેળી ફોજ છે, તે અમારે મોદીખાનું જોખાવવું છે, તે તમે જોખી આપશો ?" ત્યારે તે બોલ્યો જે, "હા." એમ કહીને તે વાણિયો બજારમાંથી માલ લેવા ગયો. તેટલામાં તે જંદો વાણિયણને લઈ ગયો. અને શેઠ બજારમાંથી પાછો આવીને જુએ ત્યાં તો શેઠાણી ન મળે. એટલે તે શેઠે બીજાને પૂછ્યું જે, "મારી શેઠાણી ક્યાં ગઈ ?" ત્યારે બીજો બોલ્યો જે, "એ તો જંદો લઈ ગયો."

પછી તે શેઠ માથું કૂટવા માંડ્યો ને એમ બોલ્યો જે, "હું જાણતો હતો જે, જંદાના પગ ભૂંડા છે, તે કાંઈક કરશે જ. તે શેઠાણીને

૧.બધાને હસાવે એવા એક બોલકા રાજાનો

લઈ ગયો.” તે જે સમયમાં એ વાણિયો વાણિયણને પાસે બેસાડીને તે સામું જોતો હતો ને મનમાં આનંદ પામતો હતો તેવો ને તેવો રુએ છે, તોપણ મનમાં એને એવો ને એવો આનંદ છે. કેમ જે, એ ભવાયો પોતાના મનમાં એમ જાણે છે જે, ‘હું શેઠ નથી ને એ મારી શેઠાણી નથી. એ જંદો નથી ને એ મારી શેઠાણીને લઈ ગયો નથી. અમે સર્વે ભવાયા છીએ. ને દેહનિર્વાહને અર્થે ઉપરથી વેશમાત્ર ધારણ કર્યો છે.’ તેમ આ સંસારમાં કોઈક પુત્રાદિક પદાર્થની વૃદ્ધિ થાય છે. ત્યારે ગીત-વાજિંત્ર વજાડીને ઉત્સવ કરીએ છીએ. અને કોઈક સ્ત્રી આદિક પદાર્થ નાશ પામી જાય ત્યારે ઉપરથી ઓ..હો..હો..હો.. હો..! એમ કરીને રોઈએ છીએ, પણ અંતરમાં એમ જાણીએ છીએ જે, આત્માને અને સાંસારિક પદાર્થ જે સ્ત્રી-પુત્રાદિક તેને કોઈ પ્રકારે સંબંધ જ નથી, પણ લોક ભેળા રહીએ છીએ, તે તેના જેવો ઉપરથી વ્યવહાર રાખીએ છીએ.

અને ઉપદેશિક વાર્તા તે શું ? જે, આ લોકમાં અમારે અતિશે રૂપવંતી સ્ત્રી હોય, તેને લોકમાં એમ કહે જે, આ તો અપ્સરા જેવી છે, પણ અપ્સરા જેવી હોય જ નહીં. અને કદાપિ અપ્સરા જ હોય અને તેને એમ કહે છે જે, આ તો ઇન્દ્રાણી જેવી છે, પણ ઇન્દ્રાણી જેવી હોય જ નહીં. અને ઇન્દ્રાણીમાં અને અપ્સરામાં કેટલો ભેદ છે ? તો જેટલો મૃત્યુલોકની સ્ત્રીમાં ને અપ્સરામાં ભેદ છે, તેટલો ભેદ છે. તે એક તો એ ઇન્દ્રાણી છે તેમાં ને આ લોકમાં અતિશે કુરૂપવંતી સ્ત્રી હોય તેને ભૂંડણ જેવી કહે છે, પણ ભૂંડણ કરતાં મનુષ્ય સારું હોય, ને તે કદાપિ ભૂંડણ જ હોય ને તે મરી ગઈ હોય ને તેમાં કીડા પડ્યા હોય ને અતિશે ગંધાતી હોય તે ભૂંડણમાં અને ઇન્દ્રાણીમાં એ બેમાં માલ તો સરખો જ છે, તેમ જાણીએ છીએ. તેણે કરીને મને સારા નરસા વિષય તુલ્ય વર્તે છે. હવે તારે જે પરાક્રમ કરવું હોય તે સુખેથી કર.”

પછી તે અપ્સરા પગે લાગીને ઇન્દ્ર પાસે ગઈ. આવા જ્ઞાની ભક્ત તો આત્માનાત્માનો[૧] યથાર્થ નિર્ણય જાણે છે. તે ગીતામાં કહ્યું છે જે - **नासतो विद्यते भावो नाभावो विद्यते सतः।**

उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः॥[૨] ॥૨૫૩॥

૨૫૪-૨૫૬. દેહનું ખંડન કરી આત્મારૂપે ભજન કરવું.

અને એક દિવસ શ્રીજીમહારાજે સર્વે સાધુ તથા સર્વે હરિજન ઉપર કાગળ લખાવીને મોકલ્યો જે, "અમારા સર્વે આશ્રિતોએ નિત્ય એમ વિચાર કરવો જે, **આ દેહ માંડવીની શેરી તથા સુરતના પાયખાના જેવો છે.** ત્યાં શ્લોક છે જે -

त्वङ् मांस रुधिर स्नायु मेदो मज्जास्थि संहतौ।
विण्मूत्रपुये रमतां कृमीणां कियदंतरम्॥१॥[૩]
क्वायं मलिमसः कायो दुर्गंध्याद्यात्मकोऽशुचिः।
क्व गुणाः सौमनस्याद्या अध्यासोऽविद्यया कृतः॥२॥[૪]

એમ કાગળ લખાવીને મોકલાવ્યો. ॥૨૫૪॥

અને મહારાજ નાજા જોગિયા પ્રત્યે એમ બોલ્યા જે, "તમારે કોઈક સ્ત્રી આદિકનું રૂપ દેખાઈ જાય, ત્યારે એમ સાંખ્ય વિચાર કરવો જે, જાણે કોઈકે તેને ઝટકા[૫] માર્યા છે. તેણે કરીને તેનાં નાક-ઓષ્ઠ આદિક અંગ કપાઈ ગયાં છે ને તેને ચારે કોર રુધિર ચૂએ છે. એમ વિચાર કરીએ એટલે તુરત વૃત્તિ પાછી વળી જાય. જાડા લોકને માટે એ સુગમ ઉપાય છે અને સૂક્ષ્મ બુદ્ધિવાળાને તો '**त्वङ्मांसरुधिरस्नायुमेदोमज्जा-स्थिसंहतौ...**' એમ વિચાર કરવો." ॥૨૫૫॥

૧.જીવાત્મા ને દેહનો **૨.**નાશવંત એવા દેહનું અવિનાશીપણું કોઈ કાળે છે જ નહિ. અને અવિનાશી એવા આત્માનો કોઈ કાળે નાશ છે જ નહિ. તેથી આવા આ દેહ અને આત્માના યથાર્થ સ્વરૂપને જાણનારા જ્ઞાની પુરુષોએ એ બેયનાં સ્વરૂપનો ઉપર કહ્યો તે યથાર્થ નિર્ણય કર્યો છે.(ગીતા : ૨/૧૬) **૩.**ચામડી, માંસ, લોહી, નાડીઓ, મેદ, મજ્જા અને હાડકાંના ઢગલારૂપ એવા દેહમાં આનંદ માનનારા જીવો તથા વિષ્ટા, મૂત્ર અને પરૂ-પાચમાં આનંદ માનનારા કૃમિઓમાં શો તફાવત છે ? અર્થાત્ બેઉ સરખા જ છે. **૪.**દુર્ગંધ વગેરે હલકા પદાર્થોથી ભરેલો અને અપવિત્ર એવો આ મલીન દેહ ક્યાં અને આત્માના સુંદરતા આદિક ગુણો ક્યાં ? પરંતુ અજ્ઞાને કરીને દેહ અને આત્માની એકતારૂપ ભ્રમ થઈ ગયો છે. **૫.**હથિયારના ઘા

વડતાલમાં મહારાજ ગોમતીને કાંઠે ઓટા ઉપર બેઠા હતા. પાસે મોટા મોટા સાધુ બેઠા હતા ને બીજા સર્વે સાધુ તથા સર્વે હરિજન ગોમતી ગાળતા હતા. તે સમે મહારાજ એમ બોલ્યા જે, **"દેહરૂપ થઈને પરમેશ્વરને ભજે તો અહંગ્રંથી વૃદ્ધિને પામે છે, ને પોતાને વિશે પૂજ્યબુદ્ધિ વૃદ્ધિ પામે છે; એટલે પોતાના ગુણદોષ ઓળખાતા નથી. ને આત્મારૂપ થઈને અંતર્વૃત્તિ કરીને પરમેશ્વરને ભજે તો ગુણદોષ યથાર્થ ઓળખાય અને કોઈ વાતની ખોટ રહે નહીં ને શુદ્ધ એકાંતિક ભક્ત થવાય."** ॥૨૫૬॥

૨૫૭. શ્રીહરિનો દ્વેષી રજપૂત આંધળો થયો.

અને ગામ **ખોલડિયાદ**માં એક રજપૂત છરી ઘસીને એમ બોલતો હતો કે, "આ છરીએ કરીને સ્વામિનારાયણનાં નાક-કાન કાપવાં છે." ને તે ગામમાં કોઈક સમે મહારાજ પધાર્યા ને તળાવની પાળે બેઠા હતા. ત્યાંના હરિજન પાસે બેઠા હતા, તેમણે મહારાજને એ રજપૂતની વાત કહી. તે સમે એ રજપૂત પણ ત્યાં આવ્યો. તેને મહારાજ કહે, "જેણે ભૂંડાં કર્મ કર્યાં હોય તેનાં નાક-કાન કપાય છે. તે અમે શું એવું ભૂંડું કર્મ કર્યું ? જે તમે નાક-કાન કાપવાનું કહો છો ?" ત્યારે તેણે કહ્યું જે, "તમે ભગવાન કહેવાઓ છો, તે અમથી કેમ દેખ્યું જાય ?" ત્યારે મહારાજ કહે, "હવેથી તમને નહિ દેખાય." ત્યારે તે સમયમાં જ એને ન દેખાણું ને અંધ થયો, તે મરણપર્યંત આંધળો રહ્યો. ॥૨૫૭॥

૨૫૮-૨૬૦. શ્રીહરિએ ભક્તોની વ્યાવહારિક રક્ષા કરી.

અને શ્રીજીમહારાજે રામજીભાઈને સ્વપ્નમાં દર્શન દઈને એમ કહ્યું જે, "તમે દસ હજાર રૂપિયા જે વાણિયા પાસે માગો છો, તે વાણિયો વીસ દિવસમાં દેવાળું કાઢશે. માટે તે તમારા રૂપિયા વેળાસર લઈ લેજો." એમ કહ્યું. તે સાંભળીને રામજીભાઈએ પોતાના રૂપિયા લઈ લીધા. પછી તે વાણિયાએ દેવાળું કાઢ્યું. ॥૨૫૮॥

અને ક્યારેક કાશીદાસને[૧] રાજાએ કોઈક ગુનાએ કરીને બેડીઓ પહેરાવીને બંદીખાને નાખ્યા. ને તે બેડી સહિત સિપાઈ ભેળો લઈને નાહવા ગયા. તે જળમાં ડૂબકી મારી તે મહારાજનાં દર્શન થયાં એટલે મહારાજે બેડીઓ ભાંગીને તેમને દસ ગાઉ છેટે કાઢ્યા. ને તે ત્યાંથી ગઢડે દર્શને ગયા ને મહારાજનાં દર્શન કર્યાં. મહારાજે કાશીદાસને એમ કહ્યું જે, "તમને સરકાર હવે કાંઈ નહિ કરે તમે ઘેર જાઓ." પછી ઘેર આવ્યા, પણ સરકારે કાંઈ કર્યું નહિ. ॥૨૫૯॥

અને **વડનગર**માં ઉજમ નામનો એક વિપ્ર હતો. તે ડભાણના યજ્ઞમાં મહારાજનાં દર્શને આવ્યો. તેને મહારાજ કહે, "તારી પાસે રૂપિયા કેટલા છે ?" ત્યારે તેણે કહ્યું જે, "પાંચસેં છે, તે વાણિયાને ઘેર મેલ્યા છે." ત્યારે મહારાજ કહે, "અમને દેશો ?" ત્યારે તેણે કહ્યું જે, "મહારાજ, તમને આપીશ." ત્યારે મહારાજ કહે, "તું હમણાં જા ને તે વાણિયા પાસેથી રૂપિયા લઈને પછી તારે ઘેર જજે." પછી તે વડનગર જઈને વાણિયા પાસેથી રૂપિયા લઈને ઘેર ગયો. પછી રૂપિયા લઈને ડભાણ મહારાજ પાસે આવીને મહારાજને કહ્યું જે, "આ રૂપિયા લો." ત્યારે મહારાજ કહે, "અમારે જોઈતા નથી. એ વાણિયો તો દસ દિવસમાં દેવાળું કાઢનારો હતો. તે તારા રૂપિયા જશે એમ જાણીને કહ્યું હતું. માટે રૂપિયા પાછા લઈ જા." ॥૨૬૦॥

૨૬૧. દોષવાળાના સંગે દોષ આવે.

અને મહારાજને વસ્તા ખાચરે કહ્યું જે, "મારી ઘોડીને કાણાં વછેરાં કેમ આવે છે ?" ત્યારે મહારાજ કહે, "ઘોડીને ચાકરી કરનારા ઉપર હેત છે ને તે કાણો છે, માટે એને કાઢી મેલો તો સારાં વછેરાં આવે." એમ દોષવાળાના સંગે કરીને દોષ આવે છે. તે કહ્યું છે જે, **'यादृशां यस्य संगः स्याच्छास्त्राणां वा नृणामपि। बुद्धिः स्यात् तादृशी तस्य...।'**[૨] ॥૨૬૧॥

૧.બોચાસણના ૨.મનુષ્ય જેવાં શાસ્ત્રો કે જેવા મનુષ્યોનો સંગ કરે છે, તેવી તેની બુદ્ધિ થઈ જાય છે.

૨૬૨. પ્રતિલોમ વૃત્તિએ કરીને કરેલ ભજનની મહત્તા

અને સિદ્ધાનંદસ્વામીએ વાત કરી જે, "ત્રણ શરીર ને ત્રણ અવસ્થાઓ થકી પર સત્તારૂપ એવો જે આત્મા, તેને પોતાનું સ્વરૂપ માનીને તેની અક્ષર સંગાથે એકતા કરીને, તેને વિશે શ્રીજીમહારાજને ધારીને ને પ્રતિલોમ વૃત્તિ કરીને ને જ્યાંથી સંકલ્પ ઊઠે છે, ત્યાં ભગવાનનું નામ ઉચ્ચારણ કરીને ભજન કરવું. એ ભજન કેવું છે ? તો ત્રણે શરીરમાંથી વાસના બાળી નાખે એવું છે. ને એવું ભજન થોડું કરે તોપણ બહુ સમાસ થાય. જેવું મહારાજે ધર્મદેવનું શ્રાદ્ધ કરીને મૂળજી બ્રહ્મચારીને જમાડ્યા ને સાકરનું સીધું દીધું એવું છે.

અને પોતાને દેહરૂપ માનીને બહાર વૃત્તિએ કરીને બહુ ભજન કરે, પણ તેણે કરીને બહુ સમાસ ન થાય ને શાંતિ ન થાય ને અતિ શુદ્ધ પણ ન થાય ને ઉદ્‌ઘોષ તો ઘણો જણાય. જેમ અમદાવાદની ચોરાસી કરે તે ઉપરથી ઘણો ઉદ્‌ઘોષ થાય, પણ સમાસ પૂર્વે કહ્યો એટલો ન થાય તેમ. ॥૨૬૨॥

૨૬૩. આસક્તિથી ભોગવેલું ધ્યાન-ભજનમાં સ્ફૂરે છે.

અને સર્વે જન વખાણ કરે જે, ભાણ ખાચર કાળો શાહી જેવો ને પાંચ હાથ ઊંચો છે. ત્યારે નાજા જોગિયાના મનમાં એમ થાય જે, 'એ કેવો હશે ?' પછી કોઈક દિવસ કોઈક કાર્ય પ્રસંગે, તે નાજા જોગિયા ગામ ભડલી ગયા ત્યાં ભાણ ખાચરને આસક્તિયુક્ત જોયો. પછી મહારાજનું ધ્યાન કરવા બેઠા ત્યારે તેને ભાણ ખાચર દેખાયો. પછી વારંવાર એનો નિષેધ કર્યો, પણ ન ટળ્યો. પછી એ તો મૂંઝાયા ને રોવા લાગ્યા.

પછી કોઈકે મહારાજને કહ્યું જે, 'નાજા જોગિયા તો રડે છે.' ત્યારે મહારાજે નાજા જોગિયા પાસે આવીને કહ્યું જે, "નાજા જોગિયા, શા સારુ રડો છો ?" પછી તે બોલ્યા જે, "તમારું ધ્યાન કરું છું, ને ભાણ

ખાચર દેખાય છે." પછી મહારાજ કહે, "શા સારુ એને જોયો ?" એમ જે જે આસક્તિપૂર્વક જોયું-સાંભળ્યું હોય તે સ્ફૂરે છે. તે ભાગવતમાં કહ્યું છે જે, **"अदृष्टादश्रुताद्भावान्न भाव उपजायते।"**[૧] ॥૨૬૩॥

૨૬૪. સિધ્દ્ધાનંદસ્વામીની સબીજનિર્બીજ સાંખ્ય યોગની વાત

અને સિદ્ધાનંદસ્વામીએ ગોપાળાનંદસ્વામીની આગળ નિર્બીજ સાંખ્ય ને નિર્બીજ યોગ ને સબીજ સાંખ્ય ને સબીજ યોગ, તે ગોપીનાથના મંદિરને દૃષ્ટાંતે કરીને કહ્યાં. તે કેવી રીતે ? તો પ્રથમ ગોપીનાથજીનું મંદિર તથા પ્રદક્ષિણા એ સર્વેનો પાયો લાગઠ ખોદીને પૂર્ણ બહાર કાઢી નાખવું, એ તો નિર્બીજ સાંખ્યને ઠેકાણે જાણવું. ને તે પાયાને કાળમીંઢ પથ્થર, ચૂનો ને રેતી ને પાણી, તેણે કરીને મજબૂત દૃઢ કરીને તે ઉપર સરખો પરથાર કર્યો, તે તો નિર્બીજ યોગને ઠેકાણે છે. ને ઓટા ઉપર સુંદર શોભાયમાન મંદિર કર્યું, તે તો સબીજ સાંખ્યને ઠેકાણે જાણવું. ને તે મંદિરમાં ગોપીનાથજી પધરાવ્યા, તે તો સબીજ યોગને ઠેકાણે જાણવું. તે કેવી રીતે ? તો આત્મા વિના દેહાદિ માયાનાં કાર્યનો નિષેધ કરી નાખવો એ નિર્બીજ સાંખ્ય છે. પછી આત્માકારે અંતઃકરણની વૃત્તિ કરવી તે નિર્બીજ યોગ છે. ને **અક્ષરાધિપતિ સર્વાવિર્ભાવ કારણ જે સહજાનંદસ્વામી, તેમને પ્રકૃતિપુરુષાદિક સર્વે થકી સર્વે પ્રકારે અતિશે વિલક્ષણ જાણવા; એવો જે મહિમા જાણવો, તે સબીજ સાંખ્ય છે. ને અક્ષરરૂપ પોતાના આત્માને વિશે ભગવાનને માહાત્મ્ય સહિત ધારવા, તે સબીજ યોગ છે; તેમ જાણવું.** ॥૨૬૪॥

૨૬૫. શુકજી જેવા વક્તા કલ્યાણ કરે.

અને મુક્તાનંદસ્વામીને કોઈએ પૂછ્યું જે, "ભાગવતની સપ્તાહ કરાવે તેનું કલ્યાણ થાય ?" ત્યારે તેમણે કહ્યું જે, "શુકજી જેવા

૧.જે પદાર્થોને ક્યારેય જોયા કે સાંભળ્યા જ ન હોય, તેનો મનમાં ક્યારેય ક્ષોભ પેદા થાતો નથી.(ભાગ.૧૧/૨૬/૨૩)

વક્તા હોય તો કલ્યાણ થાય." ત્યાં જયમંગલ હાથીના દંતશૂળનું દૃષ્ટાંત દીધું. કે કોઈક રાજા પાસે જયમંગલ નામે હાથી હતો. તે જ્યારે રાજાને શત્રુ સાથે યુદ્ધ કરવાનો સમય આવે ત્યારે તેની સૂંઢમાં તરવાર આપીને તેને આગળ કરે એટલે તે હાથી તેનો જય કરી આપે. પછી તે જયમંગલ મૃત્યુને પામ્યો એટલે તે રાજાએ તેનાં દંતશૂળ રાખી મૂક્યાં. પછી તેને જ્યારે યુદ્ધનો સમય આવ્યો ત્યારે તેના દંતશૂળ ઉપર તરવાર મૂકીને એમ જાણ્યું જે, પ્રથમની પેઠે જય થાશે; પણ એ શું જય કરે ? તે તો જયમંગળ હાથીનો પ્રતાપ હતો. એમ શુકજી જેવા હોય તે કલ્યાણ કરે. ॥૨૬૫॥

૨૬૬. સુરા ખાચરની પૂર્વદશા અને શ્રીહરિમાં નિષ્ઠા

અને **લોયા**માં મહારાજ પાંચસે પરમહંસ સહિત પોણા બે માસ રહ્યા. પછી મહારાજ બોલ્યા જે, "સુરા ખાચરને આપણો ઘણો ઘસારો છે." ત્યારે સુરા ખાચરે પોતાની પૂર્વની દશા કહી દેખાડી. કેવી રીતે ? તો મહારાજને કહે, "મહારાજ ! અમે ઘરમાં ત્રણ માણસ હતા ને રાતું લૂગડું પણ ન હતું. ને કુંવરજી વાણિયાને ઘેરથી કઢારે[૧] જાર લાવતા. ને તેની રાબ કરીને હું ને મારો આપો જમતા હતા, ત્યારે મારો ભાઈ નાપો ઝોકી[૨] કરે. ને મારો ભાઈ નાપો જમે, ત્યારે હું ઝોકી કરું.

પછી કાળુડી કૂતરી આવીને પૂંછડીને ટડપડ ટડપડ કરે. ત્યારે હું ભણું જે, 'બા તારો આમાં ભાગ નથી. હું તો કુંવરજી વાણિયાને ઘરેથી લાવ્યો છું, ને તું પણ ત્યાં જા.' એવા અમારા દિવસ હતા. આજ તો તમારા પ્રતાપથી હજાર હજાર રૂપિયાની દસ ઘોડીઓ બાંધી છે ને રૂપિયાના પટારા ઉભરાઈ જાય છે. તે સર્વે પ્રથમ ક્યાં હતું ? એ તો તમે મળ્યા પછી થયું છે.

પછી મહારાજ ત્યાંથી **પંચાળે** પધાર્યા. ને પાછળથી નિર્વિકારાનંદ સ્વામીનું મંડળ જાતું હતું, તે ભેળે કહી મોકલ્યું જે, "મહારાજને કહેજો

૧.વધારીને પાછું આપવાની શરતે ઉછીની લાવેલ ૨.લાંઘણ

જે, સુરા ખાચરને જરાય તમારો ઘસારો લાગ્યો નથી. ને જેટલાં દાણાનાં કોઠારિયાં ભર્યાં હતાં, તેટલાં ને તેટલાં જ ભરેલાં છે. ને પટારામાં રૂપિયા હતા એટલા ને એટલા છે, પણ જરાય ઓછા થયા નથી.” એ સર્વે સમાચાર નિર્વિકારાનંદસ્વામીએ પંચાળે જઈને મહારાજને કહ્યા. ॥૨૬૬॥

૨૬૭. લીલાધર સોનીને સમૃદ્ધિ મળી ત્યારે સત્સંગ ઘટી ગયો.

અને લોયામાં મહારાજે કહ્યું કે, “આ લીલાધરને સત્સંગીનો ઘણો ઘસારો છે.” એમ કહીને કૃપાદૃષ્ટિ કરી એટલે વૃદ્ધિ પામ્યો. કેવી રીતે ? તો મહારાજ પાંચસો પરમહંસ સહિત લોયામાં પોણા બે માસ રહ્યા હતા. તે સમયે જેટલા સોની હરિજન મહારાજને દર્શને આવે, તેને લીલાધર સોની પોતાના ઘેર કંસાર કરાવીને જમાડે. તે જેટલા દિવસ રહે તેટલા દિવસ જમાડે. એમ મહારાજ લોયે રહ્યા ત્યાં સુધી એવી સેવા કરી. તે જોઈને મહારાજ બહુ રાજી થયા. તેણે કરીને તે વ્યવહારમાં એવા વૃદ્ધિ પામ્યા કે, તે લોકમાં બીજા ભગા દોશી કહેવાયા. ને પોતાને ઘેર ઈજારે ગામ લાવે એવા સમૃદ્ધિવાન થયા. પછી એવી સમૃદ્ધિએ કરીને તે ઢીલા પડી ગયા ને પૂજા કરવાનો કોઈ નિયમ પણ ન રહ્યો, એટલે ઘટી ગયા. ॥૨૬૭॥

૨૬૮. વાણિયાને સમૃદ્ધિ મળી ત્યારે સત્સંગ ઘટી ગયો.

અને **વડતાલ**માં મહારાજે વણિક ઉપર દયાદૃષ્ટિ કરી એટલે તે વૃદ્ધિ પામ્યો. પછી એવો ન રહ્યો, એટલે ઘટી ગયો. તે વાણિયો મહારાજની ને સંતની રાત-દિવસ સેવા કરતો હતો. જ્યારે મહારાજ ગઢપુરથી વડતાલે આવે ત્યારે મહારાજ સન્મુખ દસ-બાર ગાઉ આવે. મહારાજ ત્યાંથી પાછા ગઢપુર પધારે, ત્યારે મહારાજને દસ-બાર ગાઉ વળોટાવવા[1] આવે.

૧.વળાવવા

પછી એક દિવસ વડતાલમાં મહારાજ પાસે મુક્તાનંદસ્વામી બેઠા હતા. તે સમયમાં તે વાણિયો પણ આવીને બેઠો. ત્યારે મહારાજ કહે, “આ ભક્ત બહુ સારા છે ને બહુ પ્રેમી છે.” ત્યારે મહારાજની મરજી જોઈને મુક્તાનંદસ્વામી બોલ્યા જે, “મહારાજ ! ભક્ત તો સારા છે ને પ્રેમી છે, પણ વ્યવહારમાં બહુ દુર્બળ છે.” ત્યારે મહારાજે જાણ્યું જે, ‘મુક્તાનંદસ્વામીની આના ઉપર આમ મરજી છે.’ તેમ જાણીને મહારાજે તેના સામું જોયું એટલે તે મહારાજની કૃપાદૃષ્ટિએ કરીને થોડા દિવસમાં દસ હજાર રૂપિયાનો આસામી થઈ ગયો. ને સંસારમાં બહુ જ ગૂંચવાણો.

પછી કોઈક દિવસ મહારાજ ગઢપુરથી વડતાલે પધાર્યા. ત્યારે તે વાણિયો રાત્રીના દસ વાગે મહારાજનાં દર્શને આવ્યો. તે સમે મુક્તાનંદસ્વામી પણ મહારાજ પાસે બેઠા હતા. પછી મહારાજ કહે, “કેમ ભક્ત આટલા મોડા આવ્યા ? ક્યાંય ગયા હતા કે શું ?” એમ મહારાજે પૂછ્યું. ત્યારે તે કહે, “મહારાજ, વ્યવહારમાં ગૂંચવાણો હતો, તે નિવૃત્તિ ન આવી, તેથી આવી શકાયું નહીં.” પછી મહારાજ કહે, “આપીએ તોય દુઃખી થાય છે, ને ન આપીએ તોય દુઃખી થાય છે.” એમ મહારાજ બોલ્યા એટલે એ ઘટી ગયો. ॥૨૬૮॥

૨૬૯. મેથાણનો કણબી મહારાજને રૂપિયા આપી ન શક્યો ને અસદ્‌ગતિ પામ્યો.

અને **મેથાણ**ના કણબીને મહારાજે ડભાણના યજ્ઞમાં કહ્યું જે, “તારી પાસે કેટલા રૂપિયા છે ? અમને તે રૂપિયા આપશો ?” ત્યારે કહે, “પાંચસો રૂપિયા છે.” પણ આપવાની હા ન પાડી. ને તેને મહારાજે કહ્યું જે, “તારું આયુષ્ય પાંચ દિવસનું છે.” ત્યારે તે કણબીએ જાણ્યું જે, ‘મહારાજે કહ્યું, માટે હું જરૂર મરી જઈશ.’ એમ જાણીને ડભાણથી ચાલ્યો, તે ચોથે દિવસે સાંજે ગામ ખેરવે ગયો. ત્યાં પોતાની બહેનને ઘેર રાત્રીએ રહ્યો, ને ત્યાં માંદો થયો. ત્યાં જ તેણે સવારમાં દેહ મૂક્યો.

તે કણબીએ મેથાણમાં કોઈક વાણિયાને ઘેર કૂંચી મેલી હતી. તેને તે કણબીનો ભાણેજ મેથાણમાં કૂંચી લેવા ગયો, ત્યારે તે ગામનો વાણિયો કહે, "એના ઘરની કૂંચી તને એકલાને નહીં મળે. ને ગામનો પટેલ આવશે ત્યારે મળશે."

પછી તે ત્રણ જણે થઈને ઘર ઉઘાડ્યું. ને રૂપિયાની વટલોઈનું[૧] ઢાંકણું ઉઘાડ્યું, ત્યાં તો તેમાં તે સર્પનો કણો થયેલો. તેને ઝાલીને નાખી દીધો. ને તે રૂપિયા એકસો વાણિયે લીધા, ને એકસો તે પટેલે લીધા, ને ત્રણસે રૂપિયા તે તેના ભાણેજે લીધા. તેમ દ્રવ્યાદિક પદાર્થ અસદ્‌ગતિને પમાડે એવા છે. તે કહ્યું છે જે, **'यं यं चापि स्मरन्भावं... ।।'**[૨] ।।૨૬૯।।

૨૭૦. ભૂત થયેલ પાટીદારને પીતાંબર તરવાડીએ સદ્‌ગતિ આપી.

અને ગામ **ઉનાવા**નો પાટીદાર હતો. તેને મૃત્યુ સમે સ્ત્રી સાંભરી તેણે કરીને તે ભૂત થયો. પછી કોઈક દિવસ મહાનુભાવાનંદસ્વામી ગામ ઉનાવે આવ્યા. ત્યારે પટેલ રામદાસભાઈએ સ્વામીને એમ પૂછ્યું જે, "સ્વામી ! અમારા ગામમાં તો મહા ફજેતી થાય છે જે, હરિજનને ઘેર ડાકલા વાગે છે ને ભૂત ધૂણે છે તેનું કેમ કરીએ ?" ત્યારે સ્વામી કહે, "તમારા ગામમાં ગામ વ્યારના પિતાંબર ત્રવાડી જ્યારે આવે ત્યારે તેને કહેજો. તે ગોપાળાનંદસ્વામીના શિષ્ય છે અને તે ભૂત કાઢવાનું જાણે છે એટલે તે કાઢશે."

પછી તે પિતાંબર ત્રવાડી ઉનાવે આવ્યા ત્યારે હરિભક્તોએ પિતાંબર ત્રવાડીને કહ્યું જે, "ફલાણો હરિજન ભૂત થયો છે." ત્યારે પિતાંબર ત્રવાડીએ તે હરિભક્તને પૂછ્યું જે, "તું શા માટે ભૂત થયો છો ?

૧.મોટો લોટો કે બોઘરણી જેવા વાસણનું **૨.**જે કોઈ મનુષ્ય અંતકાળે ધન કે સ્ત્રી-પુત્રાદિ જે જે ભાવનું સ્મરણ કરતો થકો દેહ છોડે છે, તે તેની વાસનાવાળો હોવાથી ભરતજીની જેમ તે તે દેવ-મનુષ્યાદિ ભાવને જ પામી જાય છે. (ગીતા : ૮/૬)

ને તું કોણ છે ?" ત્યારે તે કહે, "તમે સારા મનુષ્ય થઈને આટલા માણસ વચ્ચે મારી લાજ લેશો ?" ત્યારે પિતાંબર ત્રવાડી બોલ્યો જે, "તું મને કાનમાં કહે." પછી તે ભૂતે પિતાંબર ત્રવાડીને કાનમાં કહ્યું જે, "અંત સમે સ્ત્રી સાંભરી તેમાંથી હું ભૂત થયો છું. ને હું ફલાણો પાટીદાર છું." એમ નામ લીધું.

પછી પિતાંબર ત્રવાડીએ રામદાસભાઈને કહ્યું, ત્યારે રામદાસભાઈ બોલ્યા જે, "ભૂત તો જૂઠું બોલે ને બીજાનું નામ લે. ને જેનું એ નામ લે છે, તેણે તો કેટલાય મહારાજના સમૈયા જોયા છે. ને જૂનેગઢ મહારાજે સમૈયો કર્યો ત્યારે તે મારા ભેળા મહારાજને દર્શને આવ્યા હતા. તે ભૂત થાય તેવા ન હતા." ત્યારે તે ભૂત બોલ્યો જે, "રામદાસકાકા, આપણે ફલાણા વર્ષમાં ગોધરે ગોળ ભરવા ગયા હતા. પછી ત્યાંથી ગોળ ભરીને પાછા વળ્યા ત્યારે તમારી તપેલી રહી ગઈ તેને હું ત્રણ ગાઉ જઈને લઈ આવ્યો." એવી એવી ઘણીક એંધાણીઓ દીધી, ત્યારે સર્વેએ સાચું માન્યું.

પછી પિતાબંર ત્રવાડીએ કહ્યું જે, "તું બીજાને શા સારુ વળગે છે ? તારી બાયડીને વળગને !" ત્યારે તે ભૂત કહે, "તમે ડાહ્યા થઈને આમ શું બોલો છો ? અંત સમે એક સ્ત્રી સાંભરી તેમાં તો હું ભૂત થયો, હવે એને વળગું તો મારા શા હાલ થાય ?" પછી પિતાંબર ત્રવાડીએ વાતો કરીને તેને સદ્ગતિને પમાડ્યો. ॥૨૭૦॥

૨૭૧. સંબંધીમાં હેતે કરીને લિંબડીનો સોની ભૂત થયો.

અને નીલો સોની અંતકાળે સંબંધીમાં હેતે કરીને મહારાજને મેલીને રહ્યો ને ભૂત થયો. તે કેવી રીતે ? તો ઝાલાવાડ દેશમાં લિંબડી ગામના નીલો સોનીને બ્રહ્માનંદસ્વામીએ વર્તમાન ધરાવ્યાં. તે સમયને વિશે એ એમ બોલ્યો જે, "સ્વામી ! તમે મને તેડવા આવો તો હું વર્તમાન ધારું." પછી સ્વામી બોલ્યા જે, "જા, હું મહારાજને લઈને તને તેડવા આવીશ, માટે વર્તમાન ધાર."

પછી તેના અંત સમયને વિશે મહારાજને લઈને બ્રહ્માનંદસ્વામી તેને તેડવા સારુ આવ્યા. ત્યારે તે દેહત્યાગ કરીને મહારાજ ભેળો ચાલ્યો, પણ એનાં સંબંધી કેટલાંક મરીને ભૂત થયાં હતાં. તે આગળ આવીને તૈયાર થઈને ઊભાં રહ્યાં ને એમ બોલ્યાં જે, "નીલા, અમે સર્વે અહીં છીએ તે અમને મેલીને તું એકલો ક્યાં ચાલ્યો ?" પછી તે નીલો આડોઅવળો તેને જોવા રહ્યો એટલે મહારાજ ચાલ્યા ગયા. ને નીલો ત્યાં જ તેના ભેળો રહ્યો.

પછી સાંજે પોતાની સ્ત્રીમાં આવીને બોલ્યો ત્યારે તેને તેનાં સર્વે સંબંધીએ પૂછ્યું જે, "તું તો કહેતો હતો કે, મહારાજ અને બ્રહ્માનંદસ્વામી તેડવા આવ્યા છે, ને તે ભેળો હું જાઉં છું, તે કેમ થયું ?" પછી તેણે સર્વે વાત કહી દેખાડી. ॥૨૭૧॥

૨૭૨. મેવાસાના નથુભાઈ દીકરામાં હેતે કરીને ભૂત થયા.

અને ઝાડી દેશને વિશે સુથરામપરાના પરગણામાં મેવાસા ગામના પટેલ નથુભાઈને મહારાજ તેડવા આવ્યા. તે મહારાજ ભેળે દેહનો ત્યાગ કરીને ચાલ્યા, પણ દીકરાને વિશે અતિશે પ્રીતિ હોવાથી તેની વાસનાએ કરીને પોતાની વાડીમાં જઈને બેઠા. ને એમ ધાર્યું કે, 'મારો ભાઈ વિઠ્ઠલ આ વાડી, કૂવો ને ગામની પટલાઈ તેને મારા નારાયણિયા પાસે નહીં રહેવા દે.' એમ વિચારીને મહારાજને મેલીને ભૂત થઈને રહ્યા.

પછી વિઠ્ઠલમાં આવીને બોલ્યા. આ વાત રાજદરબારમાં તથા પરગણામાં પણ પ્રસિદ્ધ થઈ. એટલે તે સર્વે એમ બોલ્યા કે, "સ્વામિનારાયણના સત્સંગી ભૂત થયા છે !" આ વાત સાંભળીને નથુભાઈ પોતાના મનમાં બહુ પશ્ચાતાપ કરવા લાગ્યા ને બહુ લાજ પામ્યા. ને એમ બોલ્યા જે, "અમદાવાદમાં નરનારાયણના મંદિરમાં મને મૂકી આવો હું ત્યાં રહીશ." પછી સમૈયા વખતે તેમને ત્યાં નરનારાયણના મંડપમાં મૂક્યા. ને બીજે સમૈયે વિઠ્ઠલભાઈ અમદાવાદ આવ્યા, ત્યારે તે પ્રત્યે નથુભાઈ બોલ્યા જે, "મને તો આંહીં ગોઠતું નથી, ને હું તો ત્યાં આવીશ." એમ કહીને તેના ભેળા ઘેર આવ્યા.

પછી તે સમૈયો કરીને જ્ઞાનસ્વરૂપાનંદસ્વામી આદિક સાધુ અને હું લુણાવાડે ફરવા ગયા હતા. ત્યારે તે ગામડામાં લક્ષ્મીરામ જાની અમારી સાથે ફરવા આવ્યા હતા. તે ગામ મોવાસામાં હું વચનામૃત વાંચીને વાત કરી રહ્યો, એટલે લક્ષ્મીરામ જાની બોલ્યા કે, "વિઠ્ઠલભાઈ, નથુભાઈ આંહીં છે કે ગયા ?" ત્યારે વિઠ્ઠલભાઈ બોલ્યા કે, "ચાર દિવસ પહેલાં એમ કહી ગયા છે કે, વરસોવરસ તો સુખદાતાનંદસ્વામીનું મંડળ આવતું, ને ઓણ તો નવા સાધુ આવ્યા છે, તે મને ખીજે, તે સારુ હું નહીં આવું." એમ કહીને ગયા છે.

પછી લક્ષ્મીરામ જાની બોલ્યા કે, "સાધુનાં તો દર્શન કર્યે પાપ જાય, ને વહેલો છૂટકો થાય. માટે સાધુથી છેટે શા સારુ રહેવું જોઈએ ?" એમ કહે છે ત્યાં તો તે નથુભાઈ વિઠ્ઠલભાઈમાં આવ્યો, એટલે લક્ષ્મીરામ જાની બોલ્યા જે, "નથુભાઈ, સાધુથી છેટા શા સારુ ફરો છો ? સાધુનાં દર્શન કરો ને મહારાજની પ્રાર્થના કરો." પછી તે બોલ્યા કે, "લક્ષ્મીરામ જાની, મેં તો મારુંય ભૂંડું કર્યું ને સત્સંગનુંય ભૂંડું કર્યું, ને સત્સંગને વગોવ્યો." ત્યારે લક્ષ્મીરામ બોલ્યા કે, "હવે જાઓ, શા સારુ પડી રહ્યા છો ?" ત્યારે તે કહે કે, "હવે હું ક્યાં જાઉં ? ને હવે શું નીસરણી છે તે ચઢીને જાઉં ?" એમ કહીને રોવા મંડ્યા. ત્યારે લક્ષ્મીરામ જાની બોલ્યા કે, "મહારાજને સંભારો. મહારાજ તમારી સહાય કરશે." ॥૨૭૨॥

૨૭૩. લાંઘણોજમાં સોનાબાઈનો થાળ જમી તેને રાજી કર્યા.

અને **કરજિસણ**માં નાનાભાઈને કૂવે ઓરડીમાં મહારાજ વિરાજમાન હતા. ત્યાં ગામ લાંઘણોજનાં ભાવસાર બાઈ સોના ચાર શેર રાયતી કેરી અથાણું લાવ્યાં. તેને તે સમે મહારાજ બધું જ જમી ગયા.

મહારાજ સંવત ૧૮૭૫ની સાલમાં પાંચસો પરમહંસ સહિત દંઢાવ્ય દેશમાં ફરવા પધાર્યા ને ગામ લાંઘણોજમાં આવ્યા. ત્યાંના હરિજન ભાવસાર નાગરદાસ ને તેમનાં બેન સોનાબાઈએ પાંચસો પરમહંસ

સહિત મહારાજને ખાંડના લાડુની રસોઈ આપી. ત્યારે ગંગામા એમ બોલ્યાં કે, “સોના, તારું સીધું સારું નથી, તે મહારાજને સારુ અમારી પાસે સીધું છે, તેનો થાળ કરશું.” એમ કહીને તેનું સીધું ન લીધું. પછી મહારાજ રોઝે ઘોડે ચઢીને એમને ઘેર સાધુની રસોઈ થતી હતી ત્યાં પધાર્યા. અને ઘોડેથી ઊતર્યા ત્યારે સોનાબાઈ મહારાજનાં ચરણોમાં માથું મેલીને રોવા લાગ્યાં.

પછી મહારાજ બોલ્યા કે, “સોના, શા સારુ રુએ છે ?” એમ કહીને તેને માથે હાથ મેલ્યો. પછી તે સોના બોલ્યાં કે, “મહારાજ, તમે અમારે ઘેર પધાર્યા, ને સર્વે સંત મારી રસોઈ જમે ને તમે ન જમો ત્યારે મારું તે શા કામમાં આવ્યું ?” ત્યારે મહારાજ કહે, “આજ તો તમારી રસોઈ છે ને ?” ત્યારે તે બોલ્યા જે, “ગંગામાએ એમ કહ્યું જે, ‘તારો લોટ સારો નથી, ચોખા, દાળ સારાં નથી. તે મહારાજ માટે તારું સીધું નહીં લઈએ.”

પછી મહારાજ સાધુના ચોકામાં પધાર્યા ને નિષ્કુળાનંદસ્વામીએ કામળી પાથરી આપી તે ઉપર બિરાજમાન થયા. નિષ્કુળાનંદસ્વામીએ પતરાવળીમાં ખાંડના બે લાડુ મૂક્યા, ને રામપાતરમાં અડદની દાળ પીરસી, તે મહારાજ જમવા માંડ્યા. તે જોઈને દામોદરભક્ત ગંગામાને કહે, “મહારાજ તો જમવા બેઠા છે !” પછી ગંગામાએ દામોદર ભક્તને માથે થાળ ચઢાવીને ઉતાવળા ઉતાવળા મોકલ્યા. તેમણે આવીને કહ્યું જે, “લ્યો મહારાજ ! થાળ જમો.”

ત્યારે મહારાજ બોલ્યા જે, “જા, તું ને તારી ગંગામા જમો.” એમ કહીને ન જમ્યા. ને સોનાબાઈને ઘેર બે લાડુ ને બે રામપાત્ર દાળ જમ્યા. અને એમ બોલ્યા જે, “દાળ બહુ સારી થઈ છે.” એમ મહારાજે સોનાબાઈને રાજી કરી. પછી મહારાજે તેના ફળિયામાં સંતની પંક્તિ કરાવી, ને સંતને સારી પેઠે પીરસીને અતિશે જમાડ્યા. પછી નિષ્કુળાનંદસ્વામીએ ઊનું પાણી કર્યું, તે વડે સ્નાન કરીને વસ્ત્ર પહેરીને ઘોડે ચઢીને ચાલ્યા.

ત્યારે તે ગામના પટેલિયા બોલ્યા જે, “હે મહારાજ ! તમે ભગવાન કહેવાઓ છો તે પરચો આપો.” ત્યારે મહારાજ કહે, “અમે શું પરચો આપીએ ? તમારો બાવો તમને પરચો દેશે.” એમ કહીને મહારાજ ત્યાંથી પધાર્યા. પછી તે બાવો તે પટેલની દીકરીને લઈને ભાગી ગયો, તે પરચો બાવે એને દીધો. ॥૨૭૩॥

૨૭૪. શ્રીહરિની સેવા કરનારને દીકરો અને પરચો માગનારને બાવા થકી પરચો.

અને કોઈક સમયને વિશે શ્રીજીમહારાજ ગુજરાતમાં જતા હતા ને ભેળા કાઠીના અસવાર હતા. સાંજ પડી ને ગામ આવ્યું, તેમાં કોઈ સત્સંગી નહીં. ત્યારે ગામના મનુષ્યને મહારાજે પૂછ્યું કે, “આંહીં અમારે રાત રહેવું છે, તે ઉતારો કરીએ એવું કોઈ ઘર છે ?” ત્યારે તે મનુષ્યે કહ્યું કે, “એક પટેલિયો સારો છે, તે તમારી ચાકરી કરશે, ત્યાં જાઓ.” ત્યારે મહારાજ ત્યાં ગયા.

ત્યારે પટેલે સન્માન કરીને ઉતારો આપ્યો ને ખડજોગાણ આપી કંસાર કરીને જમાડ્યા, ને ચાકરી સારી કરી. ત્યાં બીજો મોટો પટેલ હતો. તે પોતાને ઘેર બાવો રહેતો હતો, તેને તેડીને મહારાજ પાસે આવીને એમ બોલ્યો જે, “આ સ્વામિનારાયણ તો ભગવાન કહેવાય છે, તે કાંઈ પરચો દેતા હશે ખરા ?” ત્યારે મહારાજ બોલ્યા કે, “અમે તો કાંઈ પરચો દેતા નથી. તમારે પરચો જોઈતો હશે તો આ બાવાજી તમને પરચો દેશે.” ત્યારે એ પટેલ બોલ્યો જે, “એ તો રઘુનાથજી જાણે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “એ તો રઘુનાથજી જ કહે છે.”

પછી પટેલ તો ત્યાંથી ઊઠી ચાલ્યો ગયો અને મહારાજ રાત્રી રહીને સવારમાં તૈયાર થઈને ઘોડેસ્વાર થઈને બહાર નીસર્યા. ને એ ગામના માણસો આગળ એમ બોલ્યા જે, “આ પટેલે અમારી બહુ ચાકરી કરી.” ત્યારે તે માણસો બોલ્યા જે, “એ પટેલ બહુ સારા છે, પણ એમને દીકરો નથી.” ત્યારે મહારાજ બોલ્યા જે, “એમને દીકરો

થાશે.” એમ કહીને મહારાજ પધાર્યા. ને જે પટેલે પરચો માગ્યો હતો, તે પટેલની દીકરીને લઈને તે બાવો ભાગી ગયો. એવો પરચો એને મળ્યો. ॥૨૭૪॥

૨૭૫. માનકૂવામાં ચાર શેર મરચાવાળી કઢી જમ્યા.

અને કોઈક દિવસ ગામ **માનકૂવા**માં મહારાજ સુતારને ઘેર ચાર શેર લીલાં મરચાં પોતે ખાંડીને કઢીમાં નંખાવીને પોતે જમવા બેઠા. તે જેટલી કઢી તે બાઈએ પીરસી તેટલી જમી ગયા. પછી મહારાજ જમીને તૈયાર થયા ને ભાગોળે આવ્યા, અને એમ બોલ્યા જે, “તમે અમને બધી કઢી જમાડી નહીં.” ત્યારે તે સુતાર બાઈ બોલ્યાં જે, “મેં જાણ્યું જે કઢીમાં મરચાં ઘણાં છે, તે મહારાજને બહુ જ કઠણ પડશે. એમ જાણીને મેં ભદૂડામાં[૧] અર્ધી કઢી ભરીને કોઠલામાં મેલી દીધી.” પછી મહારાજ બોલ્યા જે, “એ કઢી અમને આપો તો અમે પાછા આવીએ.” પછી બાઈ કહે, “બધી કઢી તમને જમાડીશ. પાછા આવો.” પછી મહારાજ તે સુતારને ઘેર પધાર્યા, ને કઢી જમીને પછી ચાલ્યા. ॥૨૭૫॥

૨૭૬. પ્રાગજીદવેને વિદ્વાન બનાવી વક્તૃત્વશક્તિ આપી.

અને મહારાજ કચ્છ દેશમાં **તેરા** ગામને વિશે બ્રાહ્મણ પાસે કથા વંચાવતા હતા. કથા વાંચવા બેસે ત્યારે તે બ્રાહ્મણ એમ બોલે જે, “મહારાજ ! તમને કાંઈ શંકા થાય તો પૂછજો.” એમ નિત્ય બોલે. પછી એક દિવસ મહારાજે એવો પ્રશ્ન પૂછ્યો તે એ બ્રાહ્મણને આવડ્યો નહિ. એટલે કચ્છ દેશનો ને વળી ભણેલો બ્રાહ્મણ, તે એમ બોલ્યો જે, “તમે સભામાં મારી લાજ લીધી.” એમ કહીને પોથી બાંધીને રિસાઈને ચાલી નીસર્યો. પછી બીજે દિવસે મહારાજે એને માણસ મોકલીને બોલાવ્યો, તોય તે ન આવ્યો.

૧.માટીના નાના વાસણમાં

ત્યારે શ્રીજીમહારાજ કહે, "અમારે તો કથા વિના નહીં ચાલે." પછી ત્યાંથી ચાલ્યા તે શ્રી**ભૂજનગર** પધાર્યા. ત્યાં પ્રાગજી દવેની મા મહારાજનાં દર્શને આવ્યાં. તેમને મહારાજે પૂછ્યું જે, "અમારી પાસે પ્રાગજી કથા કરશે ?" ત્યારે ડોસી બોલ્યાં જે, "મહારાજ ! એ તો હમણાં સારસ્વત[૧] ભણી રહ્યો છે. તે કાંઈક કાવ્ય-પુરાણના ગ્રંથ ભણે ત્યારે ઊક્તિ[૨] થાય, ને કથા કરી શકે."

પછી મહારાજ બોલ્યા જે, "એને બોલાવોને, જેવી આવડશે તેવી કથા અમારી આગળ કરશે." પછી તેને બોલાવ્યા ને તે મહારાજ પાસે આવ્યા. તેને મહારાજે પૂછ્યું જે, "પ્રાગજી, તું અમારા પાસે કથા વાંચીશ ?" ત્યારે તેણે પોતાની માની પેઠે ઉત્તર દીધો. ત્યારે મહારાજ બોલ્યા જે, "જેવું આવડે તેવું તું તારે વાંચને !" પછી તે કથા વાંચવા મંડ્યા.

પછી તે ભૂજનગરથી જ્યારે મહારાજ ગઢપુર પધાર્યા ત્યારે તેને ભેળા લાવ્યા. પછી તેની પાસે મહારાજે ભાગવત આદિ અષ્ટાદશ પુરાણ તથા અષ્ટાદશ સ્મૃતિ તથા કેટલાક વેદના ગ્રંથ તથા પદ્મનાભાનંદસ્વામી સંન્યાસી પાસે દેશાંતરમાંથી કેટલાક અજાણ્યા પ્રાચીન ગ્રંથ મંગાવીને વંચાવ્યા. ને તેણે મહારાજ આગળ વાંચ્યા. મહારાજે તેને એવી સામર્થી આપી કે, કેટલાંક 'કાવ્ય પ્રકાશ' આદિક કાવ્યના ગ્રંથ તથા અલંકારના ગ્રંથ, તે ભણ્યા વિના પણ કેટલાકને વંચાવ્યા. નિત્યાનંદસ્વામી જેવા પંડિત હોય તેમનાથી પણ વિચાર્યા વિના કથા થાય નહીં, ને આ તો મહારાજના પ્રતાપથી વિચારવું ન પડે, ને અશુદ્ધ હોય તો શુદ્ધ વંચાય તથા અર્ધો પોણો પા શ્લોક હોય તે સંપૂર્ણ વંચાઈ જાય. મહારાજના પ્રતાપથી એક આસને ને એક પલાંઠીએ મહારાજ આગળ નિત્ય વીસ-પચીસ અધ્યાય વાંચે, છતાં પણ માથું તથા કેડ ન દુઃખે ને થાક પણ ન લાગે. એવી એને મહારાજે સામર્થી આપી. તે કહ્યું છે જે, **'मूकं करोति वाचालं...'**[૩] ॥૨૭૬॥

૧.આ નામનું સંસ્કૃત વ્યાકરણ ૨.સમજપૂર્વકનું વાંચન-ઉચ્ચારણ ૩.ભગવાનની કૃપા મૂંગાને પણ સારો વક્તા કરે છે.

૨૭૭. ગઢડામાં નિર્માની વૈરાગીને પાકું સીધું અપાવ્યું.

અને કોઈ દિવસ **ગઢપુર**માં મહારાજ પાસે ચાર વૈરાગી આવ્યા. તેમને મહારાજે પૂછ્યું જે, “કુછ પઢે હો ?” ત્યારે એક બોલ્યો જે, “સબ પઢા હું.” ત્યારે મહારાજ બોલ્યા જે, “અષ્ટાંગ યોગ જાનતે હો ?” ત્યારે તે બોલ્યો જે, “સબ જાનતા હું.” ત્યારે મહારાજ કહે, “નોળી કરો.” ત્યારે તે જાણ્યા વિના શું કરે ? પછી મહારાજે પોતાના નળ ફેરવીને એક કોરે ચઢાવી દીધા ને એક કોરે પેટ ખાલી કરી નાખ્યું.

તે જોઈને તેમાંના એક વૃદ્ધ વૈરાગી હતા તે બોલ્યા જે, “મહારાજ પેટ સમું કરો. તુમકુ કઠણ પડેગા. એ કાણિયા તો મહામૂર્ખ હે.” એમ એનું નિર્માનીપણું જોઈને મહારાજ બહુ રાજી થયા. ને એમ બોલ્યા જે, “તમારે કાંઈ જોઈએ છે ?” ત્યારે તે બોલ્યા જે, “કુછ આટા હોય તો અપાવો.” પછી મહારાજ બોલ્યા જે, “આમને લોટ, દાળ ને ચોખા આપો.” ત્યારે તે બોલ્યા, “દાલ-ચોખા કા કુછ કામ નહીં હે, ફક્ત આટા અપાવો.” પછી મહારાજ બોલ્યા જે, “નવટાંક[૧] નવટાંક ઘી આપજો.” ત્યારે તે બોલ્યા જે, “ના મહારાજ ! ઘી કા કુછ કામ નહીં હે.” ત્યારે મહારાજ કહે, “ખાંડનાં પાકાં સીધાં આપો.” પછી કહે, “સાકરનાં આપો.” પછી તે આપ્યાં ને તે લઈને ગયા. પછી મહારાજ બોલ્યા જે, “આપણે ઓલ્યો વૃદ્ધ હતો, તેના મોઢાને પાકાં સીધાં આપ્યાં, ને ઓલ્યો કાણિયો તો ધરાઈને માર ખાય એવો છે.” ॥૨૭૭॥

૨૭૮. રામાનંદસ્વામીની કૃપાથી સોનીએ દીકરાને ધવરાવી મોટો કર્યો.

અને રામાનંદસ્વામીનો ભક્ત સોની હતો. તેની સ્ત્રી મરી ગઈ એટલે તે છોકરાને કોઈ ધવરાવનાર નહિ. તે વાત તેણે રામાનંદસ્વામીને કહી. ત્યારે રામાનંદસ્વામી કહે, “તું ધવરાવને !” ત્યારે તેણે કહ્યું જે,

૧.સાડા બાસઠ ગ્રામ

"મને તે ધાવણ આવે ?" ત્યારે સ્વામી કહે, "સ્ત્રીને ધાવણ કોણે મેલ્યું છે ? એના એ તને પણ ધાવણ મેલશે." પછી તેણે ધવરાવીને મોટો કર્યો ને તે છોકરો સાધુ થયો. તેનું બાળાનંદ નામ પાડ્યું. ॥૨૭૮॥

૨૭૯. રાણા રાજગર અને તેના પરિવારનો સત્સંગ

અને રાણા રાજગરનો બાપ જગન્નાથથી દંડવત કરતો કરતો દ્વારકાએ આવ્યો. રામાનંદસ્વામીએ એમને ગામ જઈને એમ કહ્યું જે, "પ્રગટ ભગવાન મળ્યા વિના કલ્યાણ નહિ થાય." ત્યારે તે કહે, "આજ કળિયુગમાં પ્રગટ ભગવાન ક્યાંથી હોય ?" પછી સ્વામીએ એમ કહ્યું જે, "તમે અમને નથી માનતા, પણ તમારા પુત્ર અમારા ભક્ત છે, તે તમારું કલ્યાણ કરશે." પછી તેના ચારે પુત્ર ભક્ત થયા. પછી જ્યારે રાઘવને એની મા સાધુ થાવા રજા નહોતી આપતી, ત્યારે રાણે કહ્યું જે, "રાઘવને તું સાધુ થવા દે, હું તારી સેવા કરીશ." પછી તે રાઘવાનંદસ્વામી નામે સાધુ થયા.

પછી રાણો દેહ મેલવા તૈયાર થયો ત્યારે ડોસી બોલી જે, "રાણા, તું કહેતો હતો જે, હું તારી ખબર રાખીશ, ને તું તો દેહ ત્યાગ કરવા તૈયાર થયો છે." ત્યારે રાણો બોલ્યો જે, "મારા બારમાને દિવસે હું તને લઈ જઈશ. મારા બારમાને દિવસે નાત જમે ત્યારે ઊભી થઈને કહેજે કે, 'આજ અર્ધી રાત્રીએ હું દેહ મેલીશ, મને રાણો તેડી જશે. માટે રાણાના બારમા ભેળું મારું પણ બારમું જાણજો.' એમ કહેજે ને હું આજ અર્ધી રાત્રીએ દેહ મેલીશ."

પછી અર્ધી રાત્રીએ રાણો બોલ્યો જે, "જેને ધામમાં આવવું હોય તેને લઈ જાઉં ને હું મહારાજ ભેળો જાઉં છું." પછી કોઈ ન ગયું ને ભત્રીજાને રાણો તેડી ગયો. પછી ડોસી રાણાના બારમાને દિવસે નાત જમવા બેઠી હતી ત્યારે બોલી. ત્યારે ખળ પુરુષ બોલ્યા જે, "અલ્યા, ડોસી તો ભિષ્મપિતા જેવી થઈ ! તે કહે છે જે, 'હું અર્ધી રાત્રીએ દેહ મેલીશ." પછી તે વાત સત્ય થઈ. ॥૨૭૯॥

૨૮૦. ધુંધણી મલ્લની વાત

અને કોઈક ધુંધણીમલ્લ યોગી હતો. તેને લોક કદર્જની પેઠે બહુ ઉપદ્રવ કરવા લાગ્યા. પછી તેણે શાપ દઈને 'પટણ સો ડટણ' એમ કહ્યું એટલે સર્વે પટણ ડટાઈ ગયા. તે પાપમાં એણે કેટલાક જન્મ ધર્યા.

પછી રામાનંદસ્વામીનો કોઈક ભક્ત હતો, તેનો પુત્ર થયો ને સદા રોયા કરે. પછી એ ભક્તે રામાનંદસ્વામીને એ વાત કહી. ત્યારે સ્વામીએ જોઈને એમ કહ્યું જે, "આ તો ઓલ્યો પાપી ધુંધણીમલ્લ જન્મ્યો છે. ત્યાં પણ સર્વે લોકનો કચ્ચરઘાણ કાઢીને આંહીં પણ હરિજનને સુખ આવવા દેતો નથી." એમ કહીને એનો દેહ મુકાવ્યો. તે પછી એ સત્સંગીનો છોકરો થયો. ॥૨૮૦॥

૨૮૧. આજ્ઞાથી અધિક કરવાથી બાઈ વિમુખ થઈ.

અને રામાનંદસ્વામીએ કોઈક બાઈ વાંકમાં આવી, તેને પાંચ ખાસડાં મારવાની બીજી બાઈને આજ્ઞા કરી. તેણે તેને છ ખાસડાં માર્યાં. ત્યારે સ્વામી કહે, "પાંચ ખાસડાં તો મારી આજ્ઞાએ કરીને તેં એને માર્યાં, તે તો હું ભોગવીશ; પણ છઠ્ઠું ખાસડું તેં એને અધિક માર્યું, તે તારે ભોગવવું પડશે." પછી તે પાપમાં તે વિમુખ થઈ. ॥૨૮૧॥

૨૮૨. જગન્નાથના ફેરા ખાતો વૈરાગી રામાનંદસ્વામીની કૃપાથી સાધુ થયો.

અને કચ્છમાં વૈરાગી રહેતો. તે ચાર ફેરા જગન્નાથ જઈ આવ્યો. તે મણિકર્ણિકાના ઘાટથી કાવડ ભરીને દ્વારિકાનાથને ચઢાવે. દ્વારિકાથી પાછો વળે તે મણિકર્ણિકાના ઘાટથી કાવડ ભરીને જગન્નાથ ચઢાવે. એમ ચાર વાર જઈ આવ્યો. ને પાંચમે ફેરે જાવા તૈયાર થયો ત્યારે એના શિષ્યોએ ચાલીસ રૂપિયાની બે સોનામહોરું કરીને આપી. ત્યાંથી ચાલી તે કોઈક ગામમાં પોતાના શિષ્યોનાં સંબંધી જાણીને ત્યાં સત્સંગીને ઘેર

રાત રહ્યો. તેને પાટલો નાખીને જમવા બોલાવ્યો. ત્યારે તે વૈરાગી પાણી છાંટીને બેઠો. ત્યારે તે બાઈએ પૂછ્યું જે, “આ પવિત્ર ચોકામાં પાણી છાંટીને બેઠા, તે તમે અંતરમાં ચોકો દીધો છે ?” પછી વૈરાગીએ પૂછ્યું જે, “તમે અંતરમાં ચોકાનું કહ્યું, તે સમજાણું નહીં. એ તે શું કહ્યું ?” પછી તે બાઈ બોલ્યાં જે, “અમારે અન્ય પુરુષ સાથે વાતું કરવાની મહારાજની આજ્ઞા નથી. બહાર મારા સસરા બેઠા છે, તેમને પૂછજો. તે તમને કહેશે.”

પછી તે વૈરાગીએ જમીને એ સત્સંગીને પૂછ્યું જે, “હું પાણી છાંટીને જમવા બેઠો, ત્યારે માંહીં બાઈએ કહ્યું જે, ‘અંતરમાં પાણી છાંટ્યા વિના બહાર પાણી છાંટ્યા કરો, પણ કાંઈ નહિ.’ તે શું સમજવું ?” પછી બોલ્યા જે, “પ્રગટ ભગવાનનો આશ્રય કરીને, શુદ્ધ અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય પાળીને, દેહાદિકને વિશે અહંમમત્વનો ત્યાગ કરીને શુદ્ધ નિર્વાસનિક થાશો, ત્યારે જ મોક્ષ થાશે. તે વિના તો ઉપરથી પાણી છાંટ્યા જેવું છે.”

પછી તે બોલ્યા જે, “આજ પ્રગટ ભગવાન ક્યાંથી હોય ?” ત્યારે હરિજન બોલ્યા જે, “આજ રામાનંદસ્વામી પ્રગટ ભગવાન છે.” એમ કહીને તેને રામાનંદસ્વામી પાસે લાવ્યા. ને સ્વામીને કહ્યું જે, “સ્વામી, આને વાત કરો.” ત્યારે સ્વામી તે વૈરાગી પ્રત્યે એમ બોલ્યા જે, “તારી પાસે પાપ છે, તે તને શી વાત લાગે ?” એમ કહીને એ સોનામહોરું નાખી દેવરાવી. પછી વાત કહી ને પછી તે સાધુ થયો. ॥૨૮૨॥

૨૮૩. રામાનંદસ્વામીને મારવા આવેલા પાછા ગયા.

અને **કેરા** ગામમાં રામાનંદસ્વામીને વૈરાગી મારવા આવ્યા. ત્યારે તે વૈરાગી રામાનંદસ્વામીને આકાશમાં ઊંચા દેખીને આશ્ચર્ય પામીને પાછા ગયા. ॥૨૮૩॥

૨૮૪. નૃસિંહાનંદસ્વામી(નાના)ને ભૂતનું ટોળું મળ્યું અને પોતે સાધુ થયા તે વાત

અને નૃસિંહાનંદસ્વામી(નાના)ને વૃંદાવનમાં સાધુનું વૃંદ મળ્યું. કેવી રીતે ? તો નૃસિંહાનંદસ્વામીએ વૃંદાવનની પ્રદક્ષિણા ચોવીસ વર્ષ સુધી કરવી એવો નિયમ રાખ્યો હતો. તે ફરતાં ફરતાં જ્યાં તીર્થવાસીને ઊતરવાનાં સ્થાનક આવે ત્યાં માગી ખાય ને રાત્રિએ સૂઈ રહે. તે કોઈક દિવસ અર્ધી રાત્રીએ વૈરાગીની જમાત આવી. ને સર્વે અધિકારીઓ પોતપોતાનાં ગાદીતકિયા નંખાવીને સભા કરીને બેઠા. ને રસોઈ થઈ રહી, એટલે 'હરો..હર..' કરીને પંક્તિમાં સર્વે બેસી ગયા.

અને નૃસિંહાનંદસ્વામીએ એમ જાણ્યું જે, 'મારે પંક્તિમાં મળતું આવે તેવું છે, તે માટે હું પણ આના ભેળો જમી લઉં.' પછી તે પણ બેઠા. ને પીરસવા મંડ્યા. સર્વેને પીરસીને જમવાની આજ્ઞા આપી. એટલે એક વૈરાગી નૃસિંહાનંદસ્વામી પાસે બેઠેલો, તે બોલ્યો જે, "તમે બીશો નહીં, તમને એક વાત કહું. આ તમને મોતૈયા-જલેબી જેવું પીરસ્યું છે, તે મોતૈયા-જલેબી નથી. એ તો વિષ્ટા આદિક અપવિત્ર વસ્તુ છે. તે ખાશો નહીં. સવારે જોજો. આ સર્વે વૈરાગી જણાય છે, પણ સર્વે ભૂત છે. તે તીર્થમાં નિવાસ કરીને તથા મંદિરોમાં અધિકાર પામીને સ્ત્રીપ્રસંગ-ચોરી આદિક પાપકર્મ કર્યાં ! તેણે કરીને અસદ્ યોનીને પામ્યા છે. ને આવાં બીજાં કેટલાંક ટોળાં ફરે છે." એમ કહીને તે વૈરાગી જમીને પંક્તિ ભેળો ઊઠીને પોતાને આસને ગયો. એ સર્વે વૈરાગીઓ તે પોતાનાં ઘોડા-ઊંટ આદિક વાહન ઉપર બેસીને ગયા. નૃસિંહાનંદસ્વામી તો સૂઈ રહ્યા. સવારે ઊઠીને જોયું, ત્યાં તો તે સર્વે વાત સત્ય થઈ.

પછી નૃસિંહાનંદસ્વામીના મનમાં એમ થયું જે, 'તીર્થનિવાસી સર્વે ભૂત થયા છે, તો મારું કલ્યાણ ક્યાંથી થાય ?' એમ ઉદાસ થઈને ચાલી નીકળ્યા. પછી ફરતાં ફરતાં મહારાજના સદાવ્રતમાં આવ્યા.

મહારાજનાં દર્શન કરીને એમને એમ નિશ્ચય થયો જે, 'આ તો સાક્ષાત્ ભગવાન છે.' એમ જાણીને સાધુ થઈને રહ્યા. ॥૨૮૪॥

૨૮૫. પ્રગટ પ્રભુને ખોળતા નૃસિંહાનંદસ્વામી(મોટા) ભૂજમાં શ્રીહરિને મળ્યા ને સાધુ થયા.

અને બીજા નૃસિંહાનંદસ્વામી(મોટા) અયોધ્યાને વિશે કોઈક ઠાકોરજીના મંદિરમાં બાર વર્ષ સુધી ઠાકોરજીની પૂજા કરવી એવો નિયમ ધારીને રહ્યા. પછી કોઈક દિવસ વૈરાગી દ્વારિકાની યાત્રા કરીને અયોધ્યામાં આવીને જેમાં નૃસિંહાનંદસ્વામી રહ્યા હતા, તે મંદિરમાં ઊતર્યા. ને એમ બોલવા માંડ્યા જે, "પશ્ચિમ દેશમાં એક જીવનમુક્તાકા પંથ ચલા હે, સો ભગવાન કેવાતે હે, ને એસા પાખંડ કરતે હે જે, સબકું સમાધિઓ કરાવતે હે." એ તો એમ નિંદા કરતા હતા, પણ માંહી અવતારી સ્વામિનારાયણનું નામ લેવાણું. તેણે કરીને મંદિરમાં અંધકાર ટળીને પ્રકાશ પ્રકાશ થઈ ગયો. તે વૈરાગી નિંદા કરતાં રહી ગયો, એટલે પ્રકાશ ન દેખાણો.

ત્યારે ઠાકોરજીના શણગાર કરતાં નૃસિંહાનંદસ્વામીના મનમાં એમ થયું જે, 'જેના નામમાં આવો પ્રતાપ છે. માટે જરૂર ભગવાન પ્રગટ થયા. ને હું રહી જાઈશ.' એમ જાણીને ત્યાંથી ચાલી નીકળ્યા.

તીર્થમાં ફરતાં ફરતાં દ્વારિકાએ આવીને પૂછ્યું જે, "આંહીં કોઈ સત્પુરુષ છે ?" ત્યારે કોઈકે માંડવીમાં ખયો ખત્રી સત્પુરુષ છે, એમ બતાવ્યા. એટલે તે માંડવીમાં આવીને પૂછતાં પૂછતાં ખયાને કારખાને આવ્યા, ત્યારે ખયાએ પૂછ્યું જે, "કેમ સાધુ મહારાજ ! ભેખ શા સારુ લીધો છે ?" ત્યારે તે બોલ્યા જે, "ભગવાન મળે તે સારુ. તે હું તમને સત્પુરુષ જાણીને આવ્યો છું. તમે મને ભગવાન બતાવો." ત્યારે તે બોલ્યો જે, "હેકડો[૧] ચરાચર[૨] નિરાકાર બ્રહ્મ જોઈતો હોય તો હું બતાવું, ને મૂર્તિમાન સાકાર બ્રહ્મ જોઈતો હોય તો ભુજમાં ગંગારામને

૧.એકલો ૨.જડચેતનરૂપ

ઘેર બેઠા છે. તે ત્યાં જા.” ત્યારે તે કહે, “મારે સર્વવ્યાપક બ્રહ્મનું કામ નથી. મારે તો મૂર્તિમાન બ્રહ્મનું કામ છે.”

પછી પૂછતાં પૂછતાં ગંગારામને ઘેર આવ્યા. નિસરણી ચડતે મહારાજનાં મેડા ઉપર દર્શન થયાં. એટલે સમાધિ થઈ ગઈ. એટલે મહારાજ બોલ્યા જે, “ઝાલો ઝાલો, એ પડી જાશે.” પછી હરિજનોએ ઝાલીને ઉપર લીધા.પછી સમાધિમાંથી જાગીને મહારાજનો અલૌકિક પ્રતાપ જાણીને નિશ્ચય કરીને સાધુ થઈને મહારાજ પાસે રહ્યા. ॥૨૮૫॥

૨૮૬. જિજ્ઞાસાનંદસ્વામીને આજ્ઞાલોપનું ફળ

અને **વડતાલ**ને વિશે ફૂલવાડીમાં જિજ્ઞાસાનંદસ્વામી માળીને ફૂલ વેચાતાં આપતા. તે નિમિત્ત કાંઈ થોડા ઘણા પૈસા પોતા પાસે હતા. પછી તે દેહ મેલી ગયા ને તેને મહારાજે વિરજા[૧] નદીને તટે મેલ્યા. પછી કોઈક સમાધિવાળા સાધુ ધામમાં જાતા હતા, તેને જોઈને જિજ્ઞાસાનંદસ્વામી દોડીને મળ્યા. પછી તે સાધુએ પૂછ્યું જે, “સ્વામી ! તમે આંહીં ક્યાંથી ?” પછી તેણે વાત કરીને કહ્યું જે, “સસુર ધામમાં પેસવા દેતા નહિ હે.” પછી સમાધિવાળા સાધુએ આંહીં આવીને વાત કહી. ॥૨૮૬॥

૨૮૭. શ્રીગુરુસ્વામીનો દેહાંતે પાંચ દી બાદ ધામમાં પ્રવેશ

અને **વિસનગર**ના રામેશ્વરે ભાવસાર પાનાચંદને પૂછ્યું જે, “વડનગરમાં શ્રીગુરુ સ્વામીએ દેહ મેલ્યો, તે કયા ધામમાં ગયા છે ?” પછી પાનાચંદે સમાધિ કરીને જોયું, પણ કોઈ ધામમાં દીઠા નહીં. પછી રામેશ્વરને કહ્યું જે, “મેં તો કોઈ ધામમાં દીઠા નહીં.” ત્યારે રામેશ્વરે કહ્યું જે, “એ તો મહામુક્ત હતા, ને ક્યાંય રહે તેવા નો’તા. તે ક્યાં ગયા ?” પછી પાનાચંદે કહ્યું જે, “આજ અક્ષરધામમાં આવ્યા.” ત્યારે રામેશ્વરે કહ્યું જે, “પાંચ દિવસ ક્યાં હતા ?” ત્યારે તે બોલ્યા જે, “કાંઈક રસાસક્તિ હતી, તે સારુ બારણે બેસાડ્યા હતા.”

૧.ગોલોકધામની આ નામની નદીને

આ વાર્તા મુમુક્ષુના ઉપદેશ સારુ લખી છે, પણ એ કાંઈ ધામથી ઓરા રહે તેવા નો'તા. એ તો જેના ઉપર કૃપાદષ્ટિ કરે તેના કષાયમાત્ર[૧] નાશ પામી જાય, તો એના ક્યાંથી હોય ? ॥૨૮૭॥

૨૮૮. માંચાભક્તને બમણો કપાસ થયો.

અને માંચા ભક્ત પાંચસેં વીઘા પોતાનો કપાસ હતો, તેને ભેળાવીને[૨] મહારાજનાં દર્શને સોરઠ દેશમાં ગયા. તે એમ જાણીને કે, 'તે કપાસને વીણવા સારુ વહેલું આવવું ન પડે તે સારુ.' પછી હિમ પડ્યું તે સર્વે લોકના કપાસ બળી ગયા. માંચા ભક્તનો કપાસ સાંઠિયુંમાંથી પાલવ્યો[૩], તે બમણો થયો. ॥૨૮૮॥

૨૮૯. પર્વતભાઈની સમજણથી મહારાજ રાજી થયા.

અને પર્વતભાઈના પુત્રનો કંઠે પ્રાણ હતો, પણ તેને મેલીને મહારાજનાં દર્શને આવ્યા. પછી મહારાજે કહ્યું જે, "આવો માંદો પુત્ર મેલીને કેમ આવ્યા ?" પછી તે બોલ્યા જે, "મરી જાશે તો કેડે છે, તે બાળી આવશે. કાંઈ અટકાવ નથી. ખાટલાનો પાયો ભાંગે તો તેનો કેટલો યત્ન કરવો પડે છે. આ કાંઈ તેની પેઠે યત્ન કરવો પડે તેમ નથી. આ તો છાણમાં કીડાની પેઠે છે. તે ઉપજે ને નાશ પામે છે." પછી મહારાજ બહુ રાજી થયા. ॥૨૮૯॥

૨૯૦. નેનપુરના દેવજીભક્ત ને તેમનાં ઘરનાની સમજણ

અને **નેનપુર**ના દેવજીભક્તનો પુત્ર મરી ગયો. એટલે તેણે એમ જાણ્યું જે, 'આપણે ઘેર રહેશું તો લોક આવશે. તેના ભેળું રોવું પડશે.' તે સારુ પોતે પોતાને ખેતરે ગયા. ને તે છોકરાની માને ઘીનો ભરેલો ગાડવો[૪] માથા ઉપર ચઢાવીને ગઢડે મહારાજ પાસે કોઈક

૧.રાગ-વાસનામાત્ર ૨.ભરવાડના પશુ દ્વારા ચરાવી દઈને ૩.ફરીવાર ખીલ્યો-વિકસ્યો
૪.ઘી-તેલ ભરવાનું ઘડા જેવું માટીનું ગોળ વાસણ

સંગાથ કરીને મોકલી. પછી તે બાઈએ આથમણા બારના ઓરડાની ઓસરીએ મહારાજ જમતા હતા, તે પાસે ઘીનો ગાડવો મેલ્યો.

અને તે બાઈએ કહ્યું જે, "મહારાજ ! ભક્તે 'નારાયણ' કહ્યા છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ભક્ત સુખી છે ને ? ભક્ત શું કરે છે ?" ત્યારે તે બાઈ બોલ્યાં જે, "ભક્ત સદા સુખિયા હતા. ને હવે તો અતિશે સુખી થયા." પછી મહારાજ બોલ્યા જે, "અતિશે કેમ ?"

પછી તે બાઈ કહે, "મહારાજ, પ્રથમ એ ભક્તને દીકરો હતો, તે કાંઈક ઉપાધિ હતી. તેને તમે ધામમાં તેડી ગયા, એટલે પરમ સુખિયા થયા છે. ને ધ્યાન-ભજનમાં વિક્ષેપ પડતો, ને હવે તો સુખે તમારું ભજન કરશે." એમ કહીને સર્વે વાત કહી.

તે સાંભળીને મહારાજે સાંખ્યયોગી બાઈઓને કહ્યું જે, "તમે માથાં મુંડાવીને બેઠી છો, પણ તમે ત્યાગી કે આ ત્યાગી ?" એમ કહીને તે બાઈની વાત કરી દેખાડી. ને બોલ્યા જે, "જુઓને, પોતાનો એક જ છોકરો હતો, તે છોકરો મરી ગયો, પણ તેનો જરાય શોક નથી. તમે તો દાદા ખાચરની એક વેંત જેવડી છોડી મરી ગઈ, તે સારુ રોઈ રોઈને મરી ગયાં. ને અમને દૂધ પાવું પણ ભૂલી ગયાં." એમ કહીને તે ગાડવામાંથી ઘીને રોટલા ઉપર લઈને જમ્યા. ને મુક્તાનંદસ્વામી આદિક સર્વેને પ્રસાદી આપી. ॥૨૯૦॥

૨૯૧. ધોળકાના ભક્તો શ્રીહરિની મરજીમાં ન રહી શક્યા.

અને **ધોળકા**ના હરિભક્ત વડતાલ સમૈયે મહારાજને દર્શને આવ્યા હતા. તેઓ ઘેર જાવા સારુ મહારાજ પાસે રજા માગવા આવ્યા. તેમને મહારાજ કહે, "આજ રહો ને કાલ જાજો." પછી ઉતારે આવીને કેટલાક બોલવા મંડ્યા જે, "અમારે રહેવાય તેમ નથી." ત્યારે બીજા કહે, "મહારાજને પૂછ્યા વિના જવાય નહીં." ત્યારે બીજા કહે, "મહારાજને પૂછીએ તો ના પાડે." ત્યારે કહે, "ચાલો પરભારા." પછી તે ગયા. ને બોટાદના શ્રીમાળી બ્રાહ્મણને ના પાડી તે ન ગયો. માટે વાસનાવાળાને ભગવાન પાસે રાખે તોય રહેવાય નહીં. ॥૨૯૧॥

૨૯૨. સ્વભાવ ટાળ્યા વિના મહારાજની સેવામાં રહેવાય નહીં.

અને કોઈક દિવસ **ગઢડા**માં મહારાજે પાળા પાસે નિશાન પડાવ્યાં. તેમાં ચાર જણે તો પ્રથમને ભડાકે નિશાન પાડ્યાં. તેને ખબરદાર જાણીને મહારાજે પોતા પાસે રહેવાની આજ્ઞા કરી. એટલે તે રાજી થયા ને બીજા પણ રાજી થયા જે, કૃપા કરીને મહારાજે એમને પાસે રાખ્યા, પણ મહારાજ પાસે તો હસવું-બોલવું ઈત્યાદિક પોતાની રાજસી ક્રિયા તે સર્વે બંધ થઈ એટલે મૂંઝાણા.

એક દિવસ એક જણો પોતાની સરખી રુચિવાળા સાથે સુવાણ કરીને આવ્યો. બીજે દિવસે બે જઈને આવ્યા. ત્રીજે દિવસ ત્રણ જઈને આવ્યા. ને ચોથે દિવસે ચારે ઊઠીને ગયા. પછી મહારાજ બોલ્યા જે, "આપણે તો દયા કરીને પાસે રાખ્યા, પણ તેના સ્વભાવ આપણી પાસે રહે તેવા નહીં. તે કેમ કરીને રહે ?" એમ કહે છે ત્યાં તે આવ્યા. ત્યારે મહારાજ કહે, "ઊઠો રતનજી, કમાડ વાસો." પછી તે વાસવા ગયા એટલે તે બોલ્યા જે, "અમે આવીએ છીએ, વાસશો નહીં." ત્યારે મહારાજ કહે, "જાઓ, ડોઢીએ બેસો." પછી તેણે ડોઢીએ આસન કર્યાં. ॥૨૯૨॥

૨૯૩. શંકરાનંદસ્વામી અને નારાયણદાસની વાત

અને ગામ **વસો**માં શંકરાનંદસ્વામીએ નારાયણદાસને એમ કહ્યું જે, "બેલની પેઠે ક્યું સૂતા હે, સમા સૂ." ત્યારે તેમને સ્વપ્નમાં મહારાજે એમ કહ્યું જે, "તમે એને બેલ કહ્યા, તે તમારે બેલ થાવું પડશે." પછી તે શંકરાનંદસ્વામીએ દંડવત કરીને અપરાધ ક્ષમા કરાવ્યો. પછી તે નારાયણદાસ કહે, "કાંઈ બેલ થાવું નહીં પડે." ને મહારાજ કહે, "એ નારાયણદાસ તો કોઈક મોટા ઋષિ છે." એમ કહ્યું હતું ને લોકવ્યવહારે જુઓ તો ભોળા હતા. ॥૨૯૩॥

૨૯૪. ભૂજમાં ગામડાના હરિભક્તોને ઉપદેશ

અને કોઈક સમયને વિશે મહારાજ **ભુજ**માં બિરાજમાન હતા. ને મહારાજનાં દર્શને ગામડાંના હરિભક્ત આવ્યા. ને પછી થોડા દિવસ રહીને ચાલવાના સમયને વિશે મહારાજનાં દર્શન કરીને બોલ્યા જે, “મહારાજ, દયા રાખજો.” ત્યારે મહારાજ બોલ્યા જે, “તમે પણ દયા રાખજો.” પછી ત્યાંથી ચાલ્યા ને બહાર જઈને એમ વિચાર કર્યો જે, ‘આપણે મહારાજને કહ્યું જે, દયા રાખજો, એ તો ઠીક, પણ મહારાજે કહ્યું એ સમજાણું નહીં.’

પછી પાછા આવીને મહારાજને એ વાત પૂછી. ત્યારે મહારાજ બોલ્યા જે, “આ દેહ સાડા ત્રણ હાથનો છે. તેમાં ત્રણ આંગળનું હૃદય છે. ત્યાં અમે રહીએ છીએ. તે અમારું સ્થાન ચોખ્ખું રાખજો, ને ત્યાં જો સ્ત્રી-દ્રવ્યાદિક માયિક પદાર્થ ઘાલશો, તો અમારાથી નહીં રહેવાય. એટલી દયા રાખજો.” એમ મહારાજે પોતાનો સિદ્ધાંત કહ્યો.

અને ગઢડામાં ભીમડે સાંગરિયું[૧] બહુ ખાધી. તેણે કરીને પેટ ઢમઢોલ થઈ ગયું ને નેત્ર ફરી ગયાં. પછી તેને મહારાજ પાસે લાવ્યા, ને તેને મહારાજે પોતાની આંગળીએ કરીને સાંગરિયુંને ગળામાંથી તાણી કાઢીને માગ કરીને મીઠું પાયું, એટલે ઊલટી થઈ. પછી સારું થયું. એમ જીવના હૈયામાં જગત ઠસાઠસ ભરાણું છે, માટે તેને જ્ઞાન-વૈરાગ્યને વિચારે કરી અંતરમાંથી કાઢી નાખવું. ॥૨૯૪॥

૨૯૫. દેહાભિમાનીનું ધ્યાન-ભજન

અને સિદ્ધાનંદસ્વામી કહે, “દેહાભિમાનીનું ધ્યાન ને ભજન તો વિહામણના મેળા જેવું છે.” ॥૨૯૫॥

૨૯૬. એકાંતિક ભક્તનો સંબંધ જન્મ-મૃત્યુને ટાળી નાખે.

અને ગોપાળાનંદસ્વામીની ટીકાવાળું એકાદશ સ્કંધનું પુસ્તક લેવા સારુ નિર્મળાનંદસ્વામી અને વ્રજવલ્લભદાસજી વસો ગામમાં

૧.ખીજડાની શીંગો

ગોપાળાનંદસ્વામી પાસે ગયા હતા. તે સમયમાં નવસારી ગણદેવીના પરગણામાંથી વડોદરાના ગોપાળરાવે શ્રાવણિયા આંબાની કેરીઓ મોકલાવી'તી, તેને સ્વામી જમતા હતા. તે સ્વામીએ બે બે કેરીઓ તે બે જણાને આપી, ને બે મારા સારુ આપી. પછી સ્વામીના જમેલા ગોટલા વાવવા સારુ લીધા. ત્યારે તેમના સાધુ બોલ્યા જે, "શા સારુ લ્યો છો ? એ તો સ્વામી જમ્યા છે. તે નહીં ઊગે." પછી ધોળકાની વાડીએ વાવ્યા, પણ ન ઊગ્યા. એવી રીતે ભગવાનના એકાંતિક ભક્તના સંબંધે કરીને જન્મ-મૃત્યુ ટળી જાય છે. ॥૨૯૬॥

૨૯૭. અભેરામનીમાનેશ્રીહરિનોનિશ્ચયઅનેદેહાંતેદર્શન

અને ગામ **વાડાશિનોર**ના અભેરામ મહારાજનાં દર્શન કરીને પોતાને ઘેર જઈને પોતાની માને મહારાજના ભગવાનપણાના નિશ્ચયની વાત કરે, ત્યારે તે ડોસી બોલે જે, "અભેરામ, કાં તો સ્વામિનારાયણ ભગવાન નથી, ને કાં તો તેં સ્વામિનારાયણને ભગવાન જાણ્યા નથી. જાણ્યા હોય તો ભગવાનને મેલીને અહીં શા સારુ દોડ્યો આવે ?" એમ નિત્યે મા-દીકરાને સંવાદ થાય.

પછી કોઈક દિવસ તે અભેરામ વડતાલે મહારાજને દર્શને આવ્યા. ત્યારે પોતાના મનમાં એમ થયું જે, 'ડોસી પીજ ગામમાં મારે મોસાળે આવ્યાં છે, ને તેમને તેડી આવીને મહારાજનાં દર્શન કરાવ્યાં હોય તો સારું.' પછી ડોસીને તેડી આવીને મહારાજનાં દર્શન કરાવ્યાં. મહારાજનાં દર્શન કરીને તે ડોસીને ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો. પછી ઉતારે ગયાં ને તેમને તાવ આવ્યો.

પછી તે ડોસી બોલ્યાં જે, "અભેરામ ! મને મહારાજનાં દર્શન કરાવ." તે પછી અભેરામ મહારાજને કહે કે, "મારી ડોસીને તાવ આવ્યો છે. તે તમે તેને દર્શન દેવા પધારશો ?" પછી મહારાજ કહે, "ચાલો." પછી મહારાજ ડોસીને દર્શન દેવા પધાર્યા. તે તેમને દર્શન દઈને ઉતારે પધાર્યા ને ડોસીએ દેહ મેલ્યો. ॥૨૯૭॥

૨૯૮. મહારાજે બેચર દેરાસરીની સ્ત્રીને જીવતી કરી.

અને ગઢડામાં બેચર દેરાસરીની સ્ત્રીને કોગળિયું આવ્યું હતું. તેને મહારાજ જોવા સારુ પધાર્યા. તે ખડકીમાં પેસતાં એક બાઈ બોલી જે, "મહારાજ ! એ તો દેહ મેલી ગઈ છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "મનુષ્યના દેહ તરત પડે નહીં." એમ કહીને મહારાજ ઘરમાં પધાર્યા. ને એમ બોલ્યા જે, "માખણ લાવો." પછી માખણ લાવ્યા. પછી મહારાજે તેના મોઢામાં માખણ ઘાલ્યું, એટલે તે આંખ ઉઘાડીને બેઠી થઈ, ને મહારાજને પગે લાગી. પછી મહારાજ બોલ્યા જે, "આ તો દાંત બંધ થઈ ગયા હતા." એમ જીવતી કરીને મહારાજ ઉતારે પધાર્યા. ॥૨૯૮॥

૨૯૯. ગઢડામાં ખીમા સુતારને જિવાડ્યો.

ગઢડામાં ખીમો સુતાર અતિ માંદો થયો. તેને જોવા સારુ શ્રીજીમહારાજ તેને ઘેર પધાર્યા. તેને જોઈને દાદા ખાચરના દરબારમાં આવ્યા. ને મહારાજ જીવુબા પ્રત્યે એમ બોલ્યા જે, "જીવુબા, ખીમા સુતારનો દેહ તો નહીં રહે. એને બે બાયડી છે. તે એ મરે ત્યારે એ બેઉ રાંડે કે એક રાંડે ?" ત્યારે જીવુબા કહે, "બેય રાંડે." ત્યારે મહારાજ કહે, "એ તો બહુ ખોટા." ત્યારે જીવુબા કહે, "એને શીદ મરવા દ્યો છો ? જિવાડોને ! જિવાડવું-મારવું તે તમારા હાથમાં છે." પછી તેને જિવાડ્યો ને મરવા ન દીધો.

❋ વાસુદેવ બ્રહ્મચારીને થયેલ સ્વપ્ન સત્ય થયું.

અમદાવાદમાં વાસુદેવ બ્રહ્મચારીને એમ સ્વપ્ન થયું જે, ગોપાળાનંદસ્વામીના પિતા મોતીરામ ઠાકરે દેહ મેલ્યો; તેને તેડવા પોતે તથા સર્વજ્ઞાનંદસ્વામી તથા કૃષ્ણાનંદસ્વામી તથા ભૂમાનંદસ્વામી એ ચાર જણા આજ ગયા; ને તેડીને ધામમાં મૂક્યા. એ વાત પ્રાતઃકાળે બીજાને કહીને લખાવી રાખી હતી. તિથિવાર તે પ્રમાણે સત્ય થઈ.

❋ ગઢડામાં નિર્વાસનિક બાઈને દેહાંતે શ્રીહરિ તેડી ગયા.

ગઢડે પ્રાતઃકાળમાં મહારાજ દાતણ કરતા હતા. તે સમયમાં દશ વિપ્ર આવ્યા. તેમને મહારાજે સીધાનું કહ્યું જે, “લાધા ઠક્કર, આમને સીધું અપાવો.” ત્યારે તે કહે, “અમે સીધું લેવા નથી આવ્યા. અમે અમારું માણસ લેવા સારુ આવ્યા છીએ.” ત્યારે મહારાજે કહ્યું જે, “તમારું માણસ કોણ છે ?” ત્યારે તે બોલ્યા જે, “અમારા ભાઈની સ્ત્રી છે.” ત્યારે મહારાજે દરબારમાં તે બાઈની ખબર કઢાવી. ને તે બાઈને બોલાવીને કહ્યું જે, “તારાં સાસરિયાં તેડવા આવ્યાં છે. તે માટે તું જા.” પછી તે બાઈ તેના ભેગી ગઈ. ને મહારાજે લાધા ઠક્કરને કહીને તે વિપ્રને સીધાં અપાવ્યાં.

તે લઈને હરજી ઠક્કરને ઘેર ગયા. ને તે રસોઈ કરવા મંડ્યા. ને તે બાઈએ મહારાજ પાસે આવીને કહ્યું જે, “મને શા સારુ મેલો છો ? મને લેશમાત્ર સંસારની વાસના નથી. હું વર્ષ દહાડાથી તો સાંખ્યયોગી થઈને રહી છું.” ત્યારે મહારાજ બોલ્યા જે, “તારે મુદ્દલ વાસના નથી ?” ત્યારે કહે, “ના મહારાજ.” ત્યારે મહારાજ કહે, “તારે વાસના નહીં હોય, તો ભગવાન તારી રક્ષા કરશે.”

પછી તે ઉતારે ગઈ. ને તેને તાવ આવ્યો. પછી હરજી ઠક્કરે આવીને મહારાજને કહ્યું જે, “તે બાઈને તો તાવ આવ્યો છે. તે દેહ નહીં રહે. માટે દર્શન દેવા સારુ તમે પધારો.” પછી મહારાજ તે બાઈને દર્શન દેવા સારુ પધાર્યા. મહારાજનાં દર્શન કરીને તે બાઈએ દેહ મેલ્યો. પછી મહારાજ તે વિપ્ર પ્રત્યે બોલ્યા જે, “હવે તમે તમારું માણસ લઈ જાઓ. અમે અમારું માણસ લઈ લીધું.” પછી તે બ્રાહ્મણ તેનો અગ્નિસંસ્કાર કરીને ઘેર ગયા. ॥૨૯૯॥

૩૦૦. હળવદના નારાયણ જોષીને ઘેર શ્રીહરિ પધાર્યા.

અને સંવત ૧૮૬૨ની સાલને વિશે ગામ હળવદમાં નારાયણ જોષીએ ભારતમાં શાંતિપર્વ છે, તેમાં મોક્ષ ધર્મ છે, તેમાં ‘નારાયણી આખ્યાન’ છે,

તેમાં એમ વાર્તા કરી છે જે, માઘ માસમાં '**ૐ नमो भगवते वासुदेवाय**' એ મંત્ર જપે તેને ભગવાન મળે, એમ સાંભળીને માઘ માસમાં એ મંત્ર તેણે જપ્યો. ને તે મહિનામાં વદી એકાદશીને દિવસ મહારાજ '**जय जय जह्यजामजित ! दोषगृभितगुणां...**'[1] એ આદિક વેદસ્તુતિના ગદ્ય તેને બોલતા બોલતા તળાવની ઊભી પાળે મહારાજ ચાલ્યા આવતા હતા. ને નારાયણ જોષી તળાવ ઉપર સાયંસંધ્યા કરવા આવ્યા હતા.

ત્યાં મહારાજ તેમને સાધુરૂપે મળ્યા. એમના મનમાં એમ થયું જે, 'આ સાધુ બહુ સારા છે.' એમ જાણીને તેમણે પૂછ્યું જે, "અમારે ઘેર તમે પધારશો ?" ત્યારે મહારાજે હા પાડી. પછી તેમને ઘેર આવતાં માર્ગમાં ગામના આથમણા દરવાજા પાસે માંહિલી કોરે શિવનું મંદિર છે. ત્યાં નિત્ય દર્શનનો તેમને નિયમ હતો. તે સારુ તે દિવસ પણ તે દર્શને ગયા ને મહારાજ પણ ભેળા ગયા. તે પગથિયાં પાસે જોડાં ઉતારીને મહારાજને કહે, "તમે જોડાની ખબર રાખજો. હું દર્શન કરી આવું."

પછી દર્શન કરીને ત્યાંથી ચાલ્યા, તે આગળ લક્ષ્મીનારાયણનું મંદિર આવ્યું. ત્યાં ગયા ત્યારે મહારાજ કહે, "લક્ષ્મીનારાયણનાં દર્શન કરવા તો અમે પણ આવશું." પછી મહારાજ દર્શન કરવા સારુ ઉપર ચઢ્યા ને પોલિયા[2] ઉપર હાથ મૂક્યો. પછી દર્શન કરીને નારાયણ જોષી ભેળા તેમને ઘેર પધાર્યા. નારાયણ જોષીએ ઢોલિયો પાથરી આપ્યો, તે ઉપર મહારાજ વિરાજમાન થયા.

પછી તે બ્રાહ્મણે બાલમુકુંદની મૂર્તિની આગળ દીવો કરીને આરતી કરી. તે સમયમાં મહારાજની મૂર્તિમાંથી તેજપુંજ દેખાણો. ને આરતી થઈ ત્યાં સુધી તે સ્થાનકમાં પ્રકાશ પ્રકાશ થઈ રહ્યો, ને પાછો મહારાજની

૧.કાળમાયાદિથી ન જિતાય એવા અને પુરુષકાળમાયાદિક શક્તિઓને પ્રકાશનારા હે ભગવન્ ! તમે જયકારી પ્રવર્તો જયકારી પ્રવર્તો. તથા સત્ત્વ,રજ અને તમ એ ત્રણ દોષરૂપ ગુણોવાળી માયાનો નાશ કરો. કેમ જે, તમે સમગ્ર દિવ્ય અસાધારણ ઐશ્વર્યવાળા હોવાથી તે સર્વ કાર્ય કરવાને સમર્થ છો.(ભાગ.૧૦/૮૭/૧૫) ૨.દ્વારપાળ

મૂર્તિમાં સમાઈ ગયો. તે જોઈને નારાયણ જોષી આશ્ચર્ય પામ્યા. ને એમ જાણ્યું જે, 'આ તો કોઈક સમર્થ ઈશ્વરમૂર્તિ છે.' પછી તેમણે પૂછ્યું જે, "સાધુરામ ! અમારે તો આજ એકાદશી છે, પણ તમે કાંઈ જમશો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારે પણ એકાદશી છે."

પછી મહારાજે ઘણી વાર સુધી વાતો કરી. તેને સાંભળીને તે પરમ આનંદ પામ્યા. પછી તેમણે પોતાનો ચોફાળ ઓઢવા આપ્યો, તે ઓઢીને સૂઈ રહ્યા. સવારમાં ઊઠીને ના'વા ચાલ્યા તે ઉગમણી કોરે ધ્રાંગધ્રાને માર્ગે ચાલ્યા. ત્યારે નારાયણ જોષી બોલ્યા જે, "સાધુરામ ! આણીકોર તળાવે ના'વાનું સારું છે." તોય પણ મહારાજ ન વળ્યા. એટલે તે પણ દોરી-લોટો લઈને ભેળા ચાલ્યા જે 'જાણે આગળ વાવ છે ત્યાં ના'શે,' પણ મહારાજ તો તે વાવ મેલીને ચાલ્યા. ત્યારે તે બોલ્યા જે, "બાવા આગળ ક્યાં જાઓ છો ? ના'વાનું નથી ?" એમ કહીને કેડે ચાલ્યા, પણ મહારાજ તો દોડવા મંડ્યા ત્યારે તે પણ દોડ્યા.

ત્યારે મહારાજે ચોફાળ પડતો મેલ્યો ને દોડ્યા. પછી નારાયણ જોષી કહે, "બાવા ! પારણાં કરીને પછી જાજો." એમ કહીને કેડે દોડ્યા એટલે મહારાજ પથ્થરા લઈને સામા થયા. એટલે જોષી થાકીને ઘેર ગયા.

❋ મેથાણ પધાર્યા તથા કાકાભાઈ અને જીજીબાને દિવ્ય દર્શન

મહારાજ ધ્રાંગધ્રે પધાર્યા ને ત્યાં રાત્રી રહ્યા. ને તે રાત્રીએ ગામ મેથાણમાં જીજીબાને સ્વપ્નમાં મહારાજનાં એવાં દર્શન થયાં જે, જાણે મહારાજ ધ્રાંગધ્રેથી મેથાણ આવે છે.

પછી સવારે જીજીબાઈ કાકાભાઈને કહે, "આ ઘોડો વસમો છે. તેને ધ્રાંગધ્રે વેચી આવો." પછી તે ઘોડો તૈયાર કરીને જીજીબાની આજ્ઞા લઈને ગયા. ગામ ગાળાને સમીપે આવ્યા ત્યારે દિવસ ઊગ્યો ને મહારાજ ચાલ્યા આવતા હતા. ત્યાં મહારાજની મૂર્તિમાં પ્રકાશ દેખાણો. તે જોઈને કાકાભાઈના મનમાં એમ થયું જે, 'હું આથમણો જાઉં છું ને આ સૂર્ય આથમણા ઊગ્યા મને જણાય છે. તે મને દિશભ્રમ થયો કે શું ?'

પછી તેમણે પૂર્વ દિશામાં જોયું, ત્યારે તે દિશામાં સૂર્યોદય દીઠો. પછી વળી પશ્ચિમ દિશામાં જોયું, ત્યાં તો મહારાજે તે તેજને પોતાને વિશે લીન કરીને મનુષ્યરૂપે તેમને દર્શન દીધું. પછી સમીપે આવ્યા એટલે કાકાભાઈએ મહારાજને ઓળખ્યા. પછી ઘોડેથી ઊતરીને મહારાજને દંડવત કરીને મળ્યા. ને કાકાભાઈએ મહારાજને ઘોડે બેસાડ્યા. ત્યાંથી ચાલ્યા, તે માર્ગમાં મેલીકારના ઘોડા પચાસ ઊભા હતા. તે જોઈને મહારાજ કાકાભાઈને કહે જે, “આપણે માર્ગ મૂકવો નહીં.” પણ તે મહારાજને જોઈને ત્યાંથી ચાલી નીસર્યા.

પછી ગામ મેંથાણથી સામૈયું આવ્યું. તે મહારાજને સન્માન કરીને મેંથાણ લાવ્યા. મહારાજ પૂજાજી ને કાકાભાઈના ઉતરાદા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. સર્વે હરિજન મહારાજને દર્શને આવતા હતા.

મહારાજ ત્યાં પાંચ દિવસ રહીને પછી દેશાંતરમાં સાધુ ઉપર કાગળ લખાવીને મોકલ્યો જે, ‘અમે ફૂલદોલનો ઉત્સવ સિદ્ધપુર કરશું. તમો સર્વે ગામ ઊંઝે અમારા ભેળા થાજો.’ અને કોઈક દિવસ મહારાજ પ્રથમ મેંથાણ પધાર્યા. ત્યારે પૂજાભાઈ ને કાકાભાઈના ઉતરાદા બારના ઓરડાની ઓસરીએ બિરાજમાન થયા. સર્વે હરિજન દર્શન કરીને ઘેર ગયા. મહારાજ આગળ ગોવિંદરામ તથા દેવરામ તથા પૂંજોજી બેઠા હતા. બીજા ઓરડામાં કમાડ વાસીને જીજીબા બેઠાં હતાં. તે મહારાજને જોઈને પોતાના મનમાં એમ થયું જે, ‘આ કાંઈ રામાનંદસ્વામી જેવા ચમત્કારી નથી જણાતા.’

પછી મહારાજે પોતાની મૂર્તિમાંથી તેજપુંજ દેખાડ્યો. તેણે કરીને પ્રકાશ પ્રકાશ થઈ ગયો ! ને કમાડની સાંધુમાંથી ઓરડામાં પણ પ્રકાશ પ્રકાશ થઈ ગયો. તે જોઈને તે બાઈને મહારાજનો નિશ્ચય થયો.

❋ઊંઝામાં નિત્યાનંદસ્વામી આદિ બાર સંતોને પ્રથમ દર્શન

પછી મહારાજ મેંથાણથી સર્વે સંઘને ભેળા લઈને પોતે ગાડીએ બેસીને ગામ ઊંઝે પધાર્યા. અને ત્યાં ગામના તળાવથી ઉત્તર દિશે

ઊતર્યા. ને ત્યાં સભા કરીને બિરાજમાન થયા. ત્યાં નિત્યાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી તથા મોટા પરમાનંદસ્વામી એ આદિક બાર મૂર્તિએ મહારાજનાં પ્રથમ દર્શન કર્યાં. તેમાં નિત્યાનંદસ્વામીને મહારાજના દંતની પંક્તિ જોઈને મનમાં એમ થયું જે, ‘મનુષ્યના દાંત આવા હોય નહીં. આ તો જરૂર ભગવાન છે.’ એમ નિશ્ચય થયો ને મહારાજ ભેળા રહ્યા. પછી ગામ મેઘપુરમાં મહારાજે તેમને સાધુ કર્યા.

અને મહાનુભાવાનંદસ્વામીએ દ્વારિકામાં ઠાકોરજીના પૂજારી સાથે એવો ઠેરાવ કર્યો જે, ‘મારે આંહીં રહીને ચોવીસ વર્ષ સુધી ઠાકોરજીનું જળ ભરવું.’ એવો નિયમ રાખીને રહ્યા. તે પૂજારીએ પણ સર્વે પોતાનાં મનુષ્ય તથા વહાણવાળાને કહી રાખ્યું જે, ‘આ અમારું મનુષ્ય છે. તેને અમારી આજ્ઞા વિના ક્યાંય જાવા દેશો મા.’ પછી મહારાજે મહાનુભાવાનંદસ્વામીને રાત્રીએ દર્શન દઈને એમ કહ્યું જે, “તું આંહીં ક્યાં રહ્યો ? આંહીં તો તારું કલ્યાણ નહિ થાય.” પછી તે મહાનુભાવાનંદસ્વામી વહેલા ઊઠીને કોઈ ન જાણે તેમ વહાણે બેસીને ચાલી નીસર્યા. તે આ કાંઠે આવીને મહારાજના સંત ભેળા થયા, ને ઊંઝે મહારાજનાં દર્શન કર્યાં.

અને પરમાનંદસ્વામી પૂર્વાશ્રમમાં વૈરાગી હતા. તેમને કાનમાં એવો રોગ હતો જે, નિરંતર ‘ઘરરાટ’ એવો શબ્દ થયા કરે. તેણે કરીને નિદ્રા પણ આવે નહિ. પછી તેમણે રામાયણમાંથી એવું સાંભળેલું જે, ‘જ્યાં કાગભુશંડી જેવા સંત હોય, ત્યાં મહારોગ હોય તે પણ નાશ પામી જાય.’ એમ જાણીને તીર્થમાં ફરતાં ફરતાં કાઠિયાવાડને વિશે જેતપુરમાં મહારાજના સદાવ્રતમાં આવ્યા. ત્યાં સદાવ્રતમાં જમીને આડે પડખે થયા. એટલે તે પ્રણવનો શબ્દ મટી ગયો. ને નિદ્રા આવી એટલે ઊંઘી ગયા.

મહારાજના સાધુ તો તીર્થવાસીને જમાડીને કથાવાર્તા કરી રહ્યા એટલે તે પરમાનંદસ્વામી જાગ્યા. પછી તેમના મનમાં એમ થયું જે, ‘મને નિદ્રા આવી ગઈ ને પ્રણવનો શબ્દ નાશ થઈ ગયો. માટે આ

સાધુ કાગભુશંડી જેવા ખરા.' એમ મનમાં થયું. પછી એક હરિજન પાસે બેઠો હતો. તે બોલ્યો જે, "મહાપુરુષ, ભગવાનનું ભજન કર્યા વિના પારકું અન્ન ખાઈને સમી સાંજમાંથી સૂઈ રહ્યા, તે પારકા ટુકડા પચવા કઠણ છે." એમ કહીને તે સાખી બોલ્યા જે, **"સંસારીકા ટુકડા, નવ નવ આંગળ દંત; ભજન કરે તો ઊગરે, નહિ તો કાઢે અંત."** તે પરમાનંદસ્વામી કહેતા જે, 'દો દો આંગળ દંત તો સાંભળ્યું હતું, પણ તેણે તો સાત આંગળ વધાર્યા.' પછી સ્વામી સાધુ પાસે જઈને બેઠા. ને વાતું સાંભળી તે સારી લાગી. પછી બીજે દિવસ રહ્યા ને તે સાધુએ મહારાજનાં પ્રતાપ-ઐશ્વર્યની વાતો કરીને નિશ્ચય કરાવ્યો. પછી સાધુ ભેળા રહ્યા.

❋ સિધ્ધપુર જતાં રસ્તામાં ભરવાડને ઐશ્વર્ય બતાવ્યું.

ને નિત્યાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી, પરમાનંદસ્વામી આદિક બાર મૂર્તિએ ઊંઝાની ભાગોળે મહારાજનાં દર્શન કર્યાં. ત્યાંથી શ્રીજીમહારાજ ઘોડે ચઢીને સર્વ સાધુ મંડળ તથા હરિજનના સંઘ ભેળા લઈને સિદ્ધપુર જાતા હતા. આગળ સાધુ ઝાંઝ-મૃદંગ વગાડતા જાય ને ગુલાલ ઉડાડતા જાય ને ગાતા જાય. ને અતિ આનંદે કરીને ઠેકડા ભરતા જાય ને 'હોરિ હે...' એમ ઊંચે સાદે હોંકારા કરતા જાય ને દોડ્યા જાતા હતા. તે ગામ કામળીને સમીપે ગયા.

તે સમે વગડેથી ભરવાડની ગાયોનું ટોળું પૂંછડાં ઊંચાં કરીને દોડીને આવ્યું. ત્યારે મહારાજે સર્વેને એમ કહ્યું જે, "કોઈ બોલશો નહીં, હાલશો નહીં, ચાલશો નહીં. સર્વે ભેળા ઊભા રહો." પછી એવી રીતે સર્વે ઊભા રહ્યા. પછી ગાયોનું ટોળું બે પ્રદક્ષિણા કરીને આવ્યું હતું તે માર્ગે પાછું ગયું. પછી ભરવાડ આવીને એમ બોલ્યો જે, "માનો કે ન માનો, પણ મારી ગાયો મારી વાંભ[1] ઓળંગે નહીં.

૧.ગાયોને એકઠી કરવા કરાતો અવાજ.

આ તો મારી રોકી પણ ન રહી. માટે આ ટોળામાં કાનજી છે. તે વિના આમ ગાયો કરે નહીં." પછી મહારાજ હસ્યા ને એમ બોલ્યા જે, "ભરવાડ બહુ ડાહ્યો છે." ॥૩૦૦॥

૩૦૧. ભૂજના મુસલમાનને શ્રીહરિની ચાલ જોઈને નિશ્ચય થયો.

મહારાજ અને નારાયણજી સુતાર ગામ **માનકૂવેથી ભૂજ** આવતા હતા. ભૂજથી બકાલાની ગાંસડી ઉપાડીને આવતો મુસલમાન બકાલી માર્ગમાં સામો મળ્યો. તે મુસલમાનની ભાષામાં એમ બોલ્યો જે, "આ જાય છે, તે માડુ[૧] નથી. કેમ જે, આવી ચાલ માડુની હોય નહીં. આવી ચાલ તો ખુદાની હોય. માટે આ તો ખુદા છે." પછી મહારાજે નારાયણજીને કહ્યું જે, "આ મુસલમાન બહુ જ ડાહ્યો છે." ॥૩૦૧॥

૩૦૨. બુધેજમાં ખોડાભાઈને ત્યાં સદાવ્રતમાં જુવાર લીધી.

બુધેજમાં ખોડાભાઈ અને એમનાં સંબંધીએ એમ સાંભળ્યું જે, "જે સદાવ્રત કરે છે, તેના સદાવ્રતમાં ભગવાન એક ફેરો આવે છે." એમ સાંભળીને એમણે જારનું સદાવ્રત કર્યું હતું. મહારાજ વનમાંથી આવતાં પ્રથમ ત્યાં આવ્યા ને ખોડાભાઈની માએ તેમને ટોયું[૨] જાર આપી. ત્યારે મહારાજે કહ્યું, "અમે જાર નહિ લઈએ." ત્યારે તે બાઈ કહે, "મોટા મોટા જટાળા ને પાંચ પાંચ હાથ ઊંચા એવા આવે છે એ લે છે, ને તમે કેમ નથી લેતા ?" ત્યારે મહારાજ કહે, "અમ જેવો કોઈ આવ્યો નથી." એમ કહીને બે દાણા જાર મુખમાં નાખી. ને બીજી જારનો ઓટા ઉપર ઢગલો કરીને ત્યાંથી ચાલી નીકળ્યા. પછી ખોડાભાઈને સત્સંગ થયો. તે મહારાજને દર્શને આવ્યા, ત્યારે મહારાજે ખોડાભાઈને એમ કહ્યું કે, "તમારે ઘેર અમે આવ્યા હતા. તમારી માએ જાર આપી તેમાંથી બે દાણા જમીને ચાલી નીસર્યા." ॥૩૦૨॥

૧.મનુષ્ય ૨.અરધો શેર; ૨૫૦ ગ્રામ

૩૦૩. ગોપાળાનંદસ્વામીએ હરજી ઠક્કરની રક્ષા કરી.

મહારાજ દેહોત્સવ કરવા તૈયાર થયા તેથી પહેલાં સર્વેએ પૂછ્યું જે, "હે મહારાજ ! અમને શી આજ્ઞા કરો છો ?" પછી મહારાજે જેમને જેમ ઘટે તેમ કહ્યું. પછી હરજી ઠક્કરે પૂછ્યું ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે ગોપાળાનંદસ્વામીનો સમાગમ રાખજો." પછી છ મહિના સ્વામીનો સમાગમ કરતા ને છ મહિના વ્યવહાર કરતા, ને છાનો અફીણનો વેપાર કરતા. પછી એમના પિતરાઈ જે પ્રેમજી ઠક્કર તેણે સરકારમાં ચાડી ખાધી જે, હરજી ઠક્કરના ઘરમાં અફીણ છે. પછી સરકારની જપ્તી આવી તેથી મોર[૧] ગોપાળાનંદસ્વામીએ દિવ્યરૂપે આવીને બપોરે કહ્યું જે, "સૂઈ કેમ રહ્યો છે ? પ્રેમજી ઠક્કરે સરકારમાં અફીણની ચાડી ખાધી છે જે, હરજી ઠક્કરના ઘરમાં અફીણ છે. તે સારુ જપ્તી આવે છે. માટે અફીણ સંતાડી દે, નહિ તો તારું ઘર જપ્ત કરશે."

પછી હરજી ઠક્કર ઊઠીને કપાસિયાની વખારમાંથી અફીણ કાઢીને ત્રીજા ઘરમાં છાણાના મોઢવા[૨] હેઠળ ઘાલી દીધું. પછી જપ્તીવાળાએ ઘર જપ્ત કરીને ઘરનો ઝાદો[૩] લીધો, પણ અફીણ નીસર્યું નહીં. એટલે હરજી ઠક્કરે એને એમ કહ્યું જે, "મારી લોકમાં લાખ રૂપિયાની આબરું છે, તેને તમે લીધી; તે સારુ હું સરકારમાં અરજી કરીશ." પછી જપ્તીવાળા ચાલ્યા ગયા. એમ ગોપાળસ્વામીએ સહાય કરી. ॥૩૦૩॥

૩૦૪. ગઢડામાં શ્રીહરિએ સાધુ તથા મુક્તોને શીરો જમાડ્યો.

અને ગઢડામાં દાદા ખાચરની ફોઈ સોમબાઈની ખાંડના શીરાની રસોઈ હતી. તે મહારાજે જમનારા સાધુના વરાથી[૪] અઢી ગણી અધિક કરાવી અને પોતે સાધુને પંક્તિમાં પીરસ્યું, પણ શીરો ઘણો વધ્યો. પછી

૧.અગાઉ ૨.જેના ઉપર લીંપણ કર્યું હોય એવો છાણાનો ઢગલો. ૩.કબ્જો ૪.ભોજનના વપરાશથી

તે બાઈએ મહારાજને એમ કહ્યું જે, "આટલું અધિક રંધાવીને મારું બગાડ્યું !" પછી મહારાજે આકાશમાં દૃષ્ટિ કરી. પછી હાથ ઊંચા કરીને મુક્તોને બોલાવીને શીરો ફેરવવા મંડ્યા, તે બધોય શીરો ખુટાડી દીધો. અને બીજી બાઈઓ નોતરી હતી, તે સારુ ફેર કરવો પડ્યો. ॥૩૦૪॥

૩૦૫. દાસપણે સેવા કરે તે મુક્ત થાય છે.

અને કોઈક દિવસ સર્વે સાધુને જીવા ખાચરની રસોઈ એમના દરબારમાં હતી. સાધુની પંક્તિ બેઠી ને મહારાજ પીરસવા આવ્યા. ને જીવા ખાચર ઊભા ઊભા બીજા જનને એમ કહે જે, "આણીકોર પાણી લઈ જઈને તુંબડાં ભરાવો... આણીકોર ભરાવો..." ત્યારે મહારાજ કહે, "તમે હાથમાં ઘડો લઈને ભરાવો, બીજા ભરાવશે તેમાં તમારે શું પુણ્ય ?" ત્યારે જીવા ખાચર કહે, "આ મારું જ પુણ્ય છે તો !" ત્યારે મહારાજ કહે, "નારદને સાધુની સેવામાં મૂક્યા, તે સેવાએ કરીને મુક્ત થઈ ગયા. અને જેણે એ સાધુને ચાર માસ રાખ્યા ને જમાડ્યા તેનું તો કોઈ નામય જાણતું નથી, ને નારદજી તો ભગવાનનું મન થયા." પછી જીવા ખાચર પાણી ભરાવવા મંડ્યા. તે ભાગવતમાં કહ્યું છે જે - **'ન હ્યલ્પતપસાં પુંસાં સેવા વૈકુંઠવર્ત્મસુ'**[૧] ॥૩૦૫॥

૩૦૬. ધમડકામાં ત્રીસ જણની રસોઈ બેને જમાડી દીધી.

અને **ધમડકા**માં રાયધણજીને ઘેર પરોણા આવ્યા હતા. તે સારુ રસોઈ કરાવીને પ્રથમ મહારાજને ને પરમહંસાનંદસ્વામી તથા સુખાનંદસ્વામીને જમવા બેસાડ્યા. તે જેટલું પીરસે તેટલું બે પડખે બે જણને મહારાજ આપી દે. તે ત્રીસ મનુષ્ય સારુ રસોઈ કરી હતી, તે સર્વે ખુટાડી દીધી. પછી ઘીનું તપેલું ભરીને લાવ્યા, તે પણ બે જણને

૧.दुरापा ह्यल्पतपसः सेवा वैकुण्ठवत्मर्सु। यत्रोपगीयते नित्यं देवदेवो जनार्दनः॥
જેઓ અખંડ ભગવાનના ભજનપરાયણ રહે છે અને બીજા અનેકને પણ પ્રભુ પમાડે છે. એવા સંતોની સેવા અલ્પ પુણ્યવાળા જીવને મળવી અતિ દુર્લભ છે.(ભાગ.૩/૭/૨૦)

પાઈ દીધું. પછી જે પરોણા આવ્યા હતા તે રાયધણજીને કહે, "તમે ભગવાન કહો છો, ત્યારે તેને તમે કેમ પૂગશો ? માટે રહેવા દ્યો." પછી રે'વા દીધું ને પરોણા સારુ બીજી રસોઈ કરીને જમાડ્યા. ॥૩૦૬॥

૩૦૭. ગઢડામાં મીણબાઈએ દેહ મૂક્યો.

અને જ્યારે **ગઢડા**માં મીણબાઈએ રાત્રિએ દેહ મેલ્યો, ત્યારે મહારાજ મુક્તાનંદસ્વામી આદિ સર્વે સાધુને તેડાવીને એમ કહ્યું જે, "આ દેવહુતિનો અવતાર છે, તેનાં દર્શન કરો." પછી એના દેહ થકી અપાર તેજ નીકળ્યું. તે તેજે કરીને આખો ઓરડો ભરાઈ ગયો. તે જોઈને બધા અતિશે આશ્ચર્ય પામ્યા. ॥૩૦૭॥

૩૦૮. ધ્યાન કરે રામાનંદસ્વામીનું અને દેખાય વર્ણી

અને માંચોભક્ત તથા નાજો જોગિયો તથા મીણબાઈ એ સર્વે રામાનંદસ્વામીનું ધ્યાન કરે, ત્યારે ધ્યાનમાં મહારાજ દેખાય. તે માથે સુંદર શોભાયમાન નાના કેશ શોભી રહ્યા છે ને સુંદર બુટ્ટાવાળી અલફી ધારણ કરી છે જેણે, એવી તપસ્વી મૂર્તિ જોઈને એમ વિચાર કરે જે, 'એ તે કોણ હશે ?'

પછી મહારાજ રામાનંદસ્વામી પાસે પધાર્યા અને સ્વામી દેહ મેલી ગયા. તે કેડે ક્યારેક એ સર્વે ફણેણીએ મહારાજને દર્શને ગયા. ત્યારે મહારાજને પૂછ્યું જે, "અમે સ્વામીનું ધ્યાન કરતા ત્યારે તમારી મૂર્તિ દેખાતી, તે રૂપે અમને દર્શન દ્યો." પછી મહારાજે કોઈકને ઘેર અલફી બંધાવી મૂકી હતી, તેને મંગાવી ને પહેરીને બેઠા. ત્યારે તે સર્વે બોલ્યા જે, "અમે સ્વામીનું ધ્યાન કરતા ત્યારે અમને તમારાં આવાં દર્શન થાતાં હતાં."

❋ કરિયાણાનાં મીણબાઈની ભવિષ્યવાણી

અને ગામ **કરિયાણા**ના દેહા ખાચરના ભાઈ ઉન્નડ ખાચર નાનપણમાં મૃત્યુને પામ્યા, એટલે મીણબાઈ સાંખ્યયોગી રહ્યાં. તે એમ

કહેતાં જે, "આ ગામની નદીને સામે ટેકરે લિંબડા હેઠળ ભગવાન આવીને બેસશે." એમ છ મહિના મોરથી કહેતાં. પછી મહારાજ ત્યાં આવીને બેઠા. એમ ભવિષ્યનું કહેતાં.

❋ નિરાવરણ દૃષ્ટિવાળા નરાનંદસ્વામી

અને ગામ **વ્યાર**ના નરાનંદસ્વામી ઘેર હતા, ત્યારે પીતાંબર તરવાડીએ તેમને મહારાજના પ્રતાપ-ઐશ્વર્યની વાર્તા કરીને મહારાજનો નિશ્ચય કરાવ્યો. પછી મહારાજ વ્યાર ગામમાં પધાર્યા ત્યારે પીતાંબર તરવાડીએ તેમને કહ્યું જે, "મહારાજનાં દર્શન કરો." પછી તે મહારાજનાં દર્શન કરીને એમ બોલ્યા જે, "આ મહારાજને તો હું છ મહિનાથી દેખું છું. નિત્યે મારી સગડીએ તાપવા આવે છે." એમ આગળથી તેમને મહારાજનાં દર્શન થાતાં હતાં, એવા એ સમર્થ હતા. ॥૩૦૮॥

૩૦૯. મહારાજે વડતાલમાં મુગટ ધાર્યો.

અને જ્યારે **વડતાલ**માં મહારાજ મુગટ ધારણ કરીને હિંડોળે ઊભા રહ્યા, ત્યારે બે પડખે બે છોકરાને સમાધિવાળા સાધુએ દીઠા. ત્યારે તેમણે રામદાસભાઈને પૂછ્યું જે, "મહારાજને બે પડખે બે છોકરા કોણ છે ?" ત્યારે ભાઈએ એમ કહ્યું જે, "એ બેને મહારાજ ગાદીએ બેસારીને સર્વે સત્સંગ તેમને સોંપીને ધામમાં પધારશે." ॥૩૦૯॥

૩૧૦. પાતળભાઈ શ્રીહરિની મરજી ન સમજ્યા.

અને ક્યારેક મહારાજ **ભાડેર**માં પધાર્યા ને ભેળા પંદર-વીસ સાધુ- પાળા હતા. પાતળભાઈ કહે, "શીરાની રસોઈ કરો." મહારાજ કહે, "ખીચડી રોટલા કરશું." એમ બે-ત્રણ વાર તાણ કરીને કહ્યું. પછી મહારાજ કહે, "અમારે ના'વા જાવું છે." એમ કહીને આનંદસ્વામીને ભેળા લઈને ના'વા ચાલ્યા. તે ભેળા પાતાળભાઈ પણ ગયા. મહારાજ નદીમાંથી લોટો ભરીને ચાલ્યા, ત્યારે પાતાળભાઈ કહે, "આણીકોર જવાય એવી જાયગા છે." એમ બતાવતા વાંસે ગયા, ત્યારે મહારાજે

દોડવા માંડ્યું. ત્યારે તે પણ વાંસે દોડ્યા. ત્યારે મહારાજ પથ્થરા લઈને મારવા મંડ્યા, પણ પાછા ન વળ્યા ને બીજે ગામ ગયા. અને પાતાળભાઈ રોઈને પાછા વળ્યા. ॥૩૧૦॥

૩૧૧-૩૧૨. ભક્તો ઉપર ચડી શ્રીહરિ ધૂબકા મારતા.

અને **માણાવદર**માં મહારાજ આળસી ભક્ત ઉપર બેસીને ના'વા જાતા. તેના ઉપર ચઢીને નદીમાં ધૂબકા મારતા ને એમ કહેતા જે, "આ તો ગરુડ છે." મહારાજ સુરા ખાચર ઉપર ચઢીને ઘેલામાં ધૂબકા મારતા. ॥૩૧૧-૩૧૨॥

૩૧૩. મહારાજે એક આહિરનું અભિમાન ઉતાર્યું.

ને ક્યારેક મહારાજ ભૂજથી કાઠીને ભેળા લઈને માનકૂવે જાતાં કાઠી વારાફેરી મહારાજને ખભે બેસાડીને ઉપાડતા હતા. ત્યારે એક આહીર જબરો સાથે ચાલ્યો હતો. તે કહે, "મારે ખભે બેસો." ત્યારે મહારાજ કહે કે, "તારાથી નહિ ઊપડે." ત્યારે તે નાજા જોગિયાને જોઈને એમ બોલ્યો જે, "આ ઉપાડે છે, ને હું નહિ ઉપાડી શકું ?" ત્યારે મહારાજ કહે, "એ તો અમારો ભક્ત છે, તે ઉપાડે, પણ તું તો ન ઉપાડી શકે." ત્યારે તે કહે, "મારે ખભે બેસો." ત્યારે તેને ખભે મહારાજ બેઠા. ત્યારે તે ઊભો થઈ શક્યો નહિ ને પડી ગયો. પછી નાજા જોગિયા ઉપાડીને લઈ ચાલ્યા. ॥૩૧૩॥

૩૧૪. મહારાજે ઊંટની સવારી કરી.

મહારાજ માનકૂવેથી કરલે[૧] બેસીને દહીંસરે જાતાં લંકીમાં[૨] રાત્રિએ વરખડે[૩] કરલો બાંધીને સૂતા. ત્યારે ભેળો એક ભક્ત હતો. તે પગ ચાંપવા મંડ્યો. તેને મહારાજ કહે, "કોઈક સમે ભગવાન ગરુડ ઉપર બેસીને જતા હતા. તે ગરુડને કદંબે[૩] બાંધીને પોતે સૂઈ રહ્યા." ॥૩૧૪॥

૧.ઊંટ ઉપર ૨.બંને બાજુ પર્વત કે ટેકરા હોય તેવી સાંકડી કેડીમાં ૩.આ નામના ઝાડ સાથે

૩૧૫. મહારાજનું ભાડેર ગામમાં ચરિત્ર

મહારાજ **ભાડેર** ગયા ત્યાં માણાવદરના મુંડા[૧] ભાગોળે પડ્યા હતા. તેમનો ભીંછ[૨] બાંધ્યો હતો. તેને મહારાજે બરછી ઘોંચી, ત્યારે તે ઉછળવા મંડ્યો. ત્યારે મુંડા બોલ્યા જે, "આ તો નવો લાવ્યા છીએ. તે જો છૂટશે તો કોઈકને મારી નાખશે." પછી મહારાજ કે, "જ્યારે રામચંદ્રજી લંકા ગયા, ત્યારે ભીંછ ને રીંછ હતાં તેમણે રાક્ષસોને કરડી ખાધા. બાકી વાંદરા તો બહુ બળિયા નહીં. ॥૩૧૫॥

૩૧૬. મહારાજે સુરા ખાચર સાથે રમૂજ કરી.

અને ક્યારેક મહારાજ ગામ **કરિયાણે** પધાર્યા. ત્યાં ખાંડના શીરાની રસોઈ હતી. તે મહારાજે જમીને સર્વેને પીરસીને જમાડ્યા. પછી કાઠીના ઓરડાની ઓસરીએ ઢોલિયામાં મહારાજ પોઢ્યા. ઢોલિયા અને ભીંત વચ્ચે સુરા ખાચર સૂતા. ને ઢોલિયા બરોબર તેનું પેટ થયું. મહારાજ પોતાનાં ચરણારવિંદની પાનીને સુરા ખાચરની ડૂંટીમાં મૂકીને હલાવે, ને દબાવીને એમ કહે જે, "સુરા ખાચર, કીર્તન ગાઓ." તે કીર્તન ગાય ત્યારે મહારાજ પાની હલાવે. તેણે કરીને 'હો...હો... હો...' એવો મોટો શબ્દ થાય ને મહારાજ બહુ હસે. ત્યારે સુરા ખાચર કહે, "હે મહારાજ! તમારી પાની તો ભણે લાઠીની બરછી જેવી લાગે છે." ॥૩૧૬॥

૩૧૭-૩૧૮. મહારાજે સુરા ખાચરને કોપીન પહેરાવી.

અને મહારાજ કાઠીને ભેળા લઈને પગપાળા જાતા હતા. તે સુરા ખાચરને મહારાજે કહ્યું જે, "તમે લંગોટી વાળીને કાશીએ જાઓ." ત્યારે સુરા ખાચરે પોતાના ફેંટાની કોપીન વાળી. ત્યારે મહારાજ કહે, "અમે વાળી દઈએ એટલી કોપીન વાળો." પછી મહારાજે ચાર આંગળની કોપીન ફાડી દીધી. તે વાળીને ચાલ્યા. ને મહારાજ ને બીજા સર્વે

૧.આ નામની એક મુસ્લિમ કોમના માણસો ૨.હિંસક પ્રાણી

હસતા જાય. ગામ ઢૂંકડું આવ્યું ત્યારે સર્વેએ એમ કહ્યું જે, “મહારાજ, આ તો બહુ ભૂંડો લાગે છે. મોટા ઢગરાં દેખાય છે, તે લૂગડું પહેરાવો તો ઠીક.” પછી મહારાજે વસ્ત્ર પહેરાવ્યું. ॥૩૧૭॥

અને મહારાજને બીજા કાઠીએ કહ્યું કે, “સુરા ખાચર તો ભણે કાળજીભો[૧] છે. તે જ્યારે અમે જેતલપુર સાધુ થાવા જાતા હતા, ત્યારે સુરા ખાચરે એમ કહ્યું જે, ‘માતરાનો[૨] છોગલો એમ ભણતો છે કે પાછો વળું, પાછો વળું,’ તે જેતલપુરથી પાછો વળ્યો.” ॥૩૧૮॥

૩૧૯. મૂળજી બ્રહ્મચારી પરીક્ષામાં પાસ થયા.

અને ગામ **ભાદરા**માં મૂળજી બ્રહ્મચારી પોતાના જોડા ચોપડતા હતા. તે વશરામ સુતાર તેના પાસેથી બળાત્કારે લઈને ચોપડવા મંડ્યા. મહારાજ ઓરડામાંથી બહાર આવ્યા ને તેને જોડા ચોપડતા જોઈને બોલ્યા જે, “વશરામ, કોના જોડા ચોપડે છે ?” ત્યારે તે ન બોલ્યા. પછી મહારાજ કહે, “અલ્યા બ્રહ્મચારી, તું ચોપડાવે છે કે ?” ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, “મેં તો ઘણીય ના પાડી, તોય બળાત્કારે મારા હાથમાંથી લઈને ચોપડવા મંડ્યા છે.” પછી મહારાજ કહે, “આજથી જોડા પહેરે તો હરામ ખાય.” ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, “સાત વાર હરામ ખાઉં, આજથી જોડા પહેરું તો !”

પછી વળી કોઈક દિવસ બ્રહ્મચારીને વાંકમાં લાવીને મહારાજે ઘી-ગોળ ખાવાની પણ બંધી કરી અને પોતાની સેવામાંથી દૂર કર્યા. ત્યારે બ્રહ્મચારી ત્યાંથી ડભાણ જઈ રામદાસભાઈ ભેળા રહ્યા. પછી કોઈક દિવસ રામદાસભાઈ ડભાણિયા આંબાની પાકી દોઢ મણ કેરીનો ટોપલો ભરીને તૈયાર કરીને બોલ્યા જે, “આ મહારાજ પાસે કોણ લઈ જાશે ?” ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, “લાવો, હું લઈ જાઉં.”

પછી તે ઉનાળાના તાપમાં સાઠ ગાઉ ઉપાડીને ગઢડે લાવ્યા. બ્રહ્મચારીએ મહારાજ આગળ કેરીનો ટોપલો મૂકીને પગે લાગીને જય

૧.કોઈનું મોત કરી નાખે એવું કડવાશભર્યું બોલનાર ૨.માતરા ધાધલનો

સ્વામિનારાયણ કહ્યા. તોય મહારાજ બોલ્યા નહિ, ને બ્રહ્મચારીને જય સ્વામિનારાયણ કહ્યા નહીં.

પછી બ્રહ્મચારી ગામમાં જઈને સુતારણ બાઈને ઘેર ઊતર્યા. ત્યારે તે સુતારણ બાઈ બોલી જે, "બ્રહ્મચારી, હમણાં કેમ જણાતા[૧] નથી ?" ત્યારે બ્રહ્મચારી બોલ્યા, "મને પાસે ક્યાં રહેવા દે છે ? છ મહિનાથી કાઢી મેલ્યો છે. હું સાઠ ગાઉથી આવા તાપમાં દોઢ મણ કેરીનો ટોપલો ઉપાડી લાવ્યો, તોપણ બોલ્યા નહિ ને નારાયણ પણ કહ્યા નહીં." ત્યારે સુતારણ બાઈ દરબારમાં મહારાજ પાસે આવીને બોલવા માંડી જે, "મહારાજ, મહારાજ, આવા નમેરા કેમ થયા છો ? ઓલ્યા બાપડા બ્રહ્મચારી સાઠ ગાઉથી દોઢ મણ કેરીનો ટોપલો ઉપાડીને આવા તાપમાં અડવાણે પગે આવ્યા, તેને તમે બોલાવ્યા પણ નહિ ને નારાયણ પણ કહ્યા નહિ !"

પછી મહારાજ બોલ્યા જે, "ડોસી, બ્રહ્મચારીને સીધું આપજે." પછી તે ડોસીએ બ્રહ્મચારીને પાકું સીધું આપ્યું. એટલે બ્રહ્મચારી કેવળ રોટલા કરી જમ્યા. ત્યારે ડોસી બોલી જે, "કેમ બ્રહ્મચારી, ઘી-ગોળ પડ્યું મેલ્યું ને કેવળ રોટલા જમ્યા ?" ત્યારે બ્રહ્મચારી કહે, "ક્યાં ખાવા દે છે ? છ મહિનાથી બંધ કર્યું છે."

પછી બ્રહ્મચારીએ આવીને રસ કાઢીને તૈયાર કર્યો. ને રસોઈ તૈયાર થઈ એટલે મહારાજ જમવા પધાર્યા ને ઓરડામાં જમવા બેઠા. તે રોટલી જમતા જાય અને મહારાજ બ્રહ્મચારી સામે જોતા જાય. ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "ભાઈ, મહારાજ એકલી રોટલી જમે છે, તે કોઈક હો તો રસ આપો ! હું આપીશ તો રિસાશે ને જમશે નહીં."

ત્યારે મહારાજ બોલ્યા જે, "બ્રહ્મચારી, તમે જ લાવોને !" ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "મહારાજ, હું તો તૈયાર જ છું તો !" પછી રસ મહારાજને આપ્યો. મહારાજ રસ-રોટલી જમ્યા. પછી વળી

૧.દેખાતા

સાંજને સમે મહારાજ સભામાં આવીને વિરાજમાન થયા. ને એમ બોલ્યા જે, "પ્રાગજી, તું અને આ બ્રહ્મચારી બાથોબાથ આવશો ?" ત્યારે તે બોલ્યા જે, 'હા.' પછી તે બન્ને બથોબાથ આવ્યા, ત્યારે બ્રહ્મચારીએ પ્રાગજીને પાડી નાખ્યા. ત્યારે પ્રાગજી બોલ્યા જે, "હું ડુકાણો[૧], તે ફરીને બાથોબાથ આવો." પછી ફરીને આવ્યા. એટલે પ્રાગજીએ આંટી નાખીને બ્રહ્મચારીને પાડી નાખ્યા. એટલે મહારાજ બોલ્યા જે, "પ્રાગજીએ દગો કરીને બ્રહ્મચારીને પાડી નાખ્યા." એમ કહીને મહારાજે બ્રહ્મચારીને નીચેથી કાઢીને પ્રાગજી ઉપર કર્યા.

પછી મહારાજ બોલ્યા જે, "જુઓને, બ્રહ્મચારીને તો છ મહિનાથી ઘી-ગોળ બંધ કર્યાં છે, તોય પ્રાગજીને બ્રહ્મચારી જીત્યા. પ્રાગજી તો પાંચ શેર દૂધમાં શેર સાકર નાખીને સવારમાં કઢીને પીએ છે, ને શેર ઘીનો લાડુ જમી જાય છે. એટલું જો બ્રહ્મચારીને જમાડ્યું હોય, તો તો પ્રાગજીને જીતવા ન દે !"

પછી બ્રહ્મચારીને કહ્યું જે, "હવે તમે અમારી સેવામાં રહો." ત્યારે તે બોલ્યા જે, "હું તો તૈયાર છું." પછી તે બ્રહ્મચારી સેવામાં રહ્યા. કહેવાનું કે **ગમે તેટલું અપમાન થાય, તોપણ સત્સંગથી પાછા ન પડવું.** ॥૩૧૯॥

૩૨૦. શ્રીહરિ કરજીસણથી ફરતાં ફરતાં ગઢડે પધાર્યા.

મહારાજ **કરજીસણ**માં જન્માષ્ટમીનો સમૈયો કરીને ચાલ્યા, તે ગામ ધોળકા પાસે ગામ **મોડાસર** છે ત્યાં પધાર્યા. ત્યાં એક બ્રહ્મજ્ઞાની ગરાસણીના ફળિયામાં ઊતર્યા. મહારાજ ગાડા ઉપર સૂતા ને બે કોરે ભગુજી ને જેસાજી મછરિયાં ઉડાડવા મંડ્યા. મહારાજ સૂતાં સૂતાં વાતો કરતા હતા. તે સાંભળીને તે ગરાસણી બાઈ બોલી જે, "હે મહારાજ! તમે વચન તો અમૃત સરખાં સુંદર બોલો છો, પણ તમારા મુખનાં દર્શન નથી થાતાં." એમ કહીને દીવો લાવીને મહારાજના મુખારવિંદનાં

૧.ચૂકી ગયો

દર્શન કરવા મંડી. તે સ્થિર થઈ ગઈ ને હાથમાંથી દીવો પડી ગયો, ને આખી રાત ઊભી થઈ રહી. પછી મહારાજ કહે, "કૂકડા બોલ્યા, હવે ચાલો."

પછી ત્યાંથી **દેવળિયે** પધાર્યા ને કેશાબાના દરબારમાં ઊતર્યા. ત્યાંથી મહારાજ **શિયાણી**એ પધાર્યા. ત્યાં શિવરામ ભટ્ટને ઘેર ઊતર્યા. મહારાજ ના'વા પધાર્યા. ત્યાં કોઈક ચારણે પૂછ્યું જે, "હે મહારાજ! તમે દૂધ જમો છો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "હા, જમીએ છીએ." પછી તે દૂધ લાવ્યો. શિવરામ ભટ્ટે તેનો દૂધપાક કર્યો ને મહારાજ જમ્યા. પછી પાળાને જમાડ્યા. શિવરામ ભટ્ટને મહારાજ કહે, "તે દૂધવાળાને પ્રસાદી આપજો."

એમ કહીને મહારાજ ત્યાંથી ચાલ્યા તે **લિંબડી** સમીપે આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "ભગુજી, આ લિંબડીમાંથી ભાતું લેતા આવો." પછી ભગુજી ભાતું લાવ્યા ને ચાલતાં માર્ગમાં રાંક બેઠાં હતાં, તેમને તે ભાતું તથા એકસો રૂપિયા મહારાજે દીધા. ભગુજી તથા જેસાજી તથા મૂળજી બ્રહ્મચારી એ સર્વે પ્રત્યે મહારાજ બોલ્યા જે, "અમારે કારિયાણીમાં છાનું રહેવું છે, તમો સર્વે ગઢડે ચાલ્યા જાજો." એમ કહીને પોતે છાના રહ્યા ને બીજા સર્વે ગયા.

પછી મહારાજ જમીને અરધી રાત્રિએ બોલ્યા જે, "અમારે ચાલવું છે." એમ કહીને ચાલ્યા, તે ગામ **ઝીંઝાવદર**ની ભાગોળે મહારાજ એમ બોલ્યા જે, "એ સર્વે થાક્યા-પાક્યા આંહીં સૂતા હશે, તે ઉઠાડો." પછી ઉઠાડ્યા ને ત્યાંથી ઠેઠ **ગઢડે** આવીને જમ્યા. એમ દેહનાં સુખ ન ગણીને પણ મહારાજની સેવામાં રાતદિવસ તત્પર રહેતા હતા. ॥૩૨૦॥

૩૨૧. દુષ્ટ વૈરાગીઓ સાથે સંતોની સાધુતા

અને કોઈક સમયને વિષે મહારાજે સાધુને ધ્રાંગધ્રે જવાની આજ્ઞા કરી અને એમ કહ્યું જે, "તમે ત્રણ દિવસ ત્યાંના રામમહોલમાં રહેજો." પછી તે સાધુ ત્યાં આવ્યા ને રામમહોલમાં ઊતર્યા. અને તે સાધુને

પ્રથમ તો એણે એમ જાણ્યા જે, ‘આ તો કોઈક સંપ્રદાયના સાધુ છે.’ એમ જાણીને ભોજન સત્કાર કર્યો. પછી આ સાધુ તો ‘સ્વામિનારાયણ સ્વામિનારાયણ’ ભજન કરવા મંડ્યા. એટલે તેણે જાણ્યું જે, ‘આ તો સ્વામિનારાયણના છે.’ એમ જાણીને કાઢવાનો ઉપાય ઘણો કર્યો, પણ એ સાધુ તો ત્યાંથી નીસર્યા જ નહીં. અને એમ બોલ્યા જે, “તમે સૂઝે તેટલા ઉપાય કરશો, તોપણ અમે ત્રણ દિવસ સુધી તો નહિ જઈએ. શા સારુ જે, અમારા ગુરુએ આજ્ઞા કરી છે.”

પછી તે ગોપાળદાસે સાધુને ખાવા ન દીધું ને માર્યા, તોપણ ભૂખ્યા પડી રહ્યા. પછી તે વાતની ગામના મહાજનને ખબર પડી. એટલે તેણે ખીચડી અપાવી. પછી તે સાધુ ત્યાંથી ત્રીજે દિવસે ચાલી નીકળ્યા. પછી ગામ મેથાણ આવતાં સાધુને વૈરાગીએ લૂંટ્યા ને માર્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામી તે પ્રત્યે એમ બોલ્યા જે, “તું તારી તરવારને ભોંય મેલીને સાધુનો સામાન બાંધે છે, પણ કોઈક તારું કામ કાઢી નાખશે; ને સાધુ નિર્માની વર્તમાન ચૂકશે.”

પછી તે વૈરાગી સાધુને લૂંટીને ગયા. ને આનંદાનંદસ્વામીએ ધ્રાંગધ્રે જઈને રાજાને કહ્યું, ત્યારે તે બોલ્યા જે, “ગાયો ગાયો લડી, તેમાં અમે શું કરીએ ?” એમ તેણે ન્યાય કર્યો. પછી આનંદાનંદસ્વામી આદિક સાધુએ માળિયે જઈને વડોદરાના બાબાજી પાસે ફરિયાદ કરી. એટલે તે બાબાજીએ રાજ ઉપર અગિયારસો અગિયારસો રૂપિયાના બે મોસલ કર્યા[૧]. તેના રૂપિયા દરબારે વૈરાગી પાસેથી અપાવ્યા.

પછી તો ધ્રાંગધ્રા, વઢવાણ, લિંબડી, વાંકાનેર એ સર્વેના રામમહોલના વૈરાગી મળીને તેત્રીસ હજાર રૂપિયા લઈને માળિયે ગયા. ત્યાં જઈને બાબાજીની ફોજમાં ગામ ભાવનગરનો એક નાગર કારભારી હતો, તેને બે હજાર રૂપિયા આપ્યા અને પાંચ હજાર રૂપિયા તે નાગરના ઉપરી અને ગામ વસોના કસિયાજીના પિતા રામદાસ તેને આપ્યા. અને દસ હજાર બાબાજીને આપ્યા અને તેને એમ કહ્યું જે,

૧. તત્કાળ દંડના રૂપિયા લેવા સિપાઈ મોકલ્યા

“સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે, તે તમારા રાજ્યને માથે ભાર છે. કેમ જે, મનુષ્યને ભગવાન કહેવા તે અતિશય મોટું પાપ છે. માટે એના જે સત્સંગી છે, તેનાં નાક-કાન કાપીને ગધેડે બેસાડો, તો તે હમણાં સત્સંગ મૂકી દે, અને એનો મત નાશ પામી જાય.” એમ કહ્યું એટલે તેણે હુકમ લખાવીને તૈયાર કર્યો.

એટલે ભાવનગરના નાગરના હાથ હેઠળના ગામ સાયલાના નાગરને ગામ લિંબડીના મૂળજી શેઠે રામાયણ ભણાવી હતી. તેણે કરીને તેને સત્સંગનો ગુણ હતો. તે માટે તેણે પોતાનો સગો જે ભાવનગરનો નાગર તેને કહ્યું જે, “તમે સ્વામિનારાયણનો મત ઉખેડવા બેઠા છો, તે એ સ્વામિનારાયણે અને તેના સત્સંગીએ શું પાપ કર્યું છે ? જે એમનું નિકંદન કરવા બેઠા છો ? એ તો રાવણાદિકની પેઠે તમારું પોતાનું નિકંદન થઈ જાશે. અને તમારા રાજ્યમાં કેટલાક પાપી કસાઈ પણ રહ્યા છે.”

તે વાત સાંભળીને તે નાગર એમ બોલ્યો જે, “અમારે એમનો દ્રોહ કરવો નથી.” એમ કહીને તેણે તે વાત રામદાસને કહી. અને તે સર્વએ મળીને સર્વે વાત બાબાજીને કહી, એટલે બાબાજી બોલ્યા જે, “આપણે એ વાત રહેવા દ્યો.” પછી તે વાત આળસી ગઈ, પણ લોકમાં તો બહુ પ્રવર્તી.

❋ લીંબડીના મૂળજીભાઈએ કસણીમાં સત્સંગ રાખ્યો.

પછી કોઈક દિવસ બાબાજીએ ગામ સમઢિયાળાના કાઠી ઉપર બે મોસલ[૧] મોકલ્યા. તે ગામ કૂકડાના ઝાંપા આગળ આવીને ગામ લીંબડીનો માર્ગ પૂછ્યો. એટલે મૂળજીભાઈને સગે કોઈક વાણિયે એમ જાણ્યું જે, ‘આ મૂળજીભાઈનાં નાક-કાન કાપવા જાય છે, માટે હું આગળથી ખબર કરું. એટલે એ આઘાપાછા થઈ જાય.’ એમ વિચારીને એને તાણ કરીને છાસ પીવા રોક્યા. અને મૂળજીભાઈને તે વાણિયે

૧. તત્કાળ તેડી લાવવા માટે સિપાઈ

આગળથી તે વાતની ખબર કરી. એટલે તે ગામના સત્સંગી એમ કહેવા મંડ્યા જે, "અમે તો કંઠીઓ તોડીને સત્સંગ મેલીએ છીએ." ત્યારે મૂળજીભાઈ બોલ્યા જે, "તમે શા સારુ આકળા થાઓ છો ? પ્રથમ મારાં નાક-કાન કાપે એટલે તમે સર્વે કંઠીઓ તોડીને સત્સંગ મેલી દેજો."

પછી તે અસ્વારોને છેટેથી જોઈને સર્વે લોક એમ કહેવા મંડ્યા જે, "મૂળજી, હવે તો સત્સંગ મેલો." ત્યારે મૂળજીભાઈ બોલ્યા જે, "કેટલાક મનુષ્ય અવળાં કર્મ કરે છે, તેણે કરીને તેનાં નાક-કાન કપાય છે, અને આ તો ભગવાનને અર્થે છે. જેમ ભગવાનની ઇચ્છા હશે તેમ થાશે." એમ કહે છે ત્યાં તો તે આવ્યા. તેમને મૂળજીભાઈએ છેટેથી ઓળખ્યા જે, આ તો મેં ગામ માલોદમાં રામાયણ ભણાવી હતી, તે છે. તેથી કાંઈ ચિંતા નથી. પછી તેમને પોતાને ખાટલે બેસાડ્યા. પછી તેઓ જાણે, મૂળજીભાઈ તો આપણા ગુરુ છે, એમ જાણીને ખાટલાની પાંગતે બેઠા. પછી તેમને આ સર્વે વાત પૂછી ત્યારે તેમણે કહ્યું જે, "તે વાત તો સાચી, પણ આવી રીતે આળસી ગઈ છે." પછી મૂળજીભાઈએ તેમને કહ્યું જે, "આ સર્વે લોક એટલા સારુ જોવા ભેગા થયા છે." પછી તે અસ્વાર સર્વે સમાચાર કહીને ગયા. અને મૂળજીભાઈને ઘેર કોઈએ એમ કહ્યું જે, "મૂળજીભાઈનાં નાક-કાન કાપતાં બે ઉષ્ઠ પણ કપાઈ ગયા !" તે સાંભળીને ઘેર રોવા લાગ્યાં ને કોલાહલ કરવા મંડ્યાં. એમ અતિશે કસણીમાં પણ સત્સંગ રાખ્યો. ॥૩૨૧॥

૩૨૨. વિસનગરના અદેકુંવરે સત્સંગીનો પક્ષ રાખ્યો.

અને ગામ **વિસનગર**ના શોભારામે કેશવરામ દેસાઈને પોતાના પક્ષમાં લઈને પોતાના ભત્રીજા મોતીરામ આદિક સત્સંગીને સાત વર્ષ સુધી નાત બહાર મેલ્યા. અને વળી કોઈક સમયને વિષે કાંઈક વાંકમાં લાવીને તેને કેશવરામ દેસાઈ પાસે કેદમાં બેસાડ્યા. ત્યારે તે દેસાઈનાં ફોઈ જે અદેકુંવર તે પણ સત્સંગી ભેળાં જઈને બેઠાં. ત્યારે કેશવરામ બોલ્યા જે, "ફોઈ, તમે કેમ અહીં બેઠાં છો ?" ત્યારે અદેકુંવર બોલ્યાં

જે, "તમે સત્સંગીને કેદમાં બેસાડ્યા છે, તે હું શું સત્સંગી નથી ? જે ન બેસું ?" ત્યારે દેસાઈ કહે, "તમે ઘેર જાઓ." ત્યારે અદેકુંવર બોલ્યાં જે, "આ સર્વે સત્સંગી ઘેર જશે ત્યારે હું પણ જઈશ, ત્યાં સુધી બેઠી છું." એમ કહ્યું એટલે તે દેસાઈએ સર્વેને કેદમાંથી કાઢ્યા. એટલે અદેકુંવર ઘેર ગયાં.

પછી કોઈક સમયને વિષે મોતીરામે ગઢડે જઈને મહારાજને પૂછ્યું જે, "હે મહારાજ ! અમારી નાતમાં તડાં પડવાનાં છે, તે અમને તેડવા આવે ત્યારે અમે કેના તડમાં જઈએ ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "પ્રથમ તેડવા આવે તેના તડામાં જાજો." પછી તે ભાડિયાના તડામાં ગયા. ત્યારે શોભારામ બોલ્યા જે, "મોતીરામ, અમને મેલીને એના તડામાં ક્યાં ગયો ?" ત્યારે મોતીરામ બોલ્યા જે, "મેર[૧] ચાંડાળ, પ્રથમ અમને નાત બહાર મેલીને હવે તેડવા આવ્યો છે ?"

❋ વિસનગરના સત્સંગના દ્વેષી શોભારામ ઉપર મહારાજની દયા

પછી જ્યારે મહારાજ પંચોતેરની સાલમાં દંઢાવ્ય દેશમાં પધાર્યા ત્યારે દેસાઈના તડાવાળાને ચાર દિવસ પકવાન જમાડીને દક્ષિણા આપી. એમ મહારાજે પાંચ હજાર રૂપિયા સત્સંગીને સારુ વાવર્યા.પછી શોભારામ બોલ્યો જે, "મોતીરામ, તમારા સ્વામિનારાયણ મને શું કરશે ? જો હું કેટલા દિવસથી દ્રોહ કરું છું, તોપણ સાજો ફરું છું. અને તેમાં કાંઈ સામર્થી હોય તો હું આંધળો કેમ થાતો નથી ?" પછી તે ચાર દિવસમાં જ આંધળો થયો.

એવી જીવની અવળાઈ છે, તોપણ ભગવાન દયાળુ છે, તે જીવનાં કૃત સામું જોતા નથી. તે જ્યારે મહારાજ વિસનગરમાં પધાર્યા ત્યારે માર્ગમાં તેનું ઘર આવ્યું એટલે હજારો મનુષ્યમાંથી રોઝે ઘોડેથી ઊતરીને તેનું સારું કરવા માટે તેના ઘરમાં પધાર્યા. અને એમ બોલ્યા જે, "ક્યાં

૧.મર; તારું અશુભ થાઓ

ગયા શોભારામ વ્યાસ ? અમે તેમને દર્શન દેવા સારુ આવ્યા છીએ." ત્યારે તે ઊઠીને ઓરડામાં સંતાઈ ગયો અને બીજા પાસે એમ કહેવરાવ્યું જે, "સ્વામિનારાયણને કહો જે, 'શોભારામ વ્યાસ તો જમવા બેઠા છે." એમ કહ્યું એટલે મહારાજ પાછા વળ્યા. ll૩૨૨ll

૩૨૩. મુક્તાનંદસ્વામીનો ગૃહત્યાગ

અને મુક્તાનંદસ્વામી અમરેલી ગામમાં મૂળદાસ વૈરાગીની દીકરીના દીકરા હતા. ને પોતાના પિતા જે સરવરિયા બ્રાહ્મણ તે થકી ગાનવિદ્યા શીખતા હતા. ને રામાયણ સરોદામાં ગાતા, એવા ગાનકળામાં મહાકુશળ હતા. પોતે પૂર્વના સંસ્કારી હતા, એ હેતુ માટે અતિશે તીવ્ર જ્ઞાનાંશના વૈરાગ્યને યોગે કરીને સંસારમાંથી ઉદાસ થઈને જડભરતની પેઠે ગાંડા થઈને વર્તતા હતા. ત્યારે મૂળદાસ તે મુકુંદદાસજીનો ભાઈબંધ એક ગરાસિયો હતો તેને કહેતા હતા જે, "મુકુંદદાસજી ગાંડા થયા છે, તેને તમે સમજાવો."

પછી તે ગરાસિયે મુકુંદદાસજીને કહ્યું જે, "મુકુંદદાસજી, તમે મહા ડાહ્યા છો, મને એમ જણાય છે જે, તમે જાણીને ગાંડા થયા છો. માટે તમારે જે દુઃખ હોય તે મને કહો, હું તમારું દુઃખ ટાળી નાખું." ત્યારે તે બોલ્યા જે, "મને તીર્થ કરવાની રજા અપાવો." ત્યારે તે બોલ્યા જે, "તમે તીર્થ કરીને પાછા આવો તો રજા અપાવું." પછી તેમણે આવવાની હા પાડી. પછી મૂળદાસને કહીને રજા અપાવી.

પછી મુકુંદદાસજી જેટલાં તીર્થમાં મહારાજ ફર્યા તેટલાં તીર્થમાં બ્રહ્મચર્ય વ્રત રાખીને ફર્યા. પછી ધ્રાંગધ્રાના રામમહોલમાં દોઢ વર્ષ રહ્યા. ત્યાંથી વાંકાનેરના રામમહોલમાં રહ્યા. ત્યાંથી સરધારમાં માર્ગીની જાયગામાં રહ્યા. અને ત્યાં રામાનંદસ્વામીના સાધુ પોતાના મંદિરમાં કથાવાર્તા કરે, તેને મુકુંદદાસજીએ સાંભળી. અને એમના ગુરુને એમ કહ્યું જે, "મોક્ષ તો રામાનંદસ્વામીના સાધુનો થાય તેમ છે. કેમ કે તે બ્રહ્મચર્ય વ્રત પાળે છે અને બીજા તો સર્વ ધર્મભ્રષ્ટ છે." ત્યારે તેમના

ગુરુ બોલ્યા જે, "આજ કળિયુગમાં સ્ત્રીનો ત્યાગ કોણ કરી શકે ? કારણ કે મેં એક સ્ત્રીને ખાત્રોજની ભાગોળે ઉજ્જૈનનો માર્ગ પૂછ્યો, ત્યારે તેણે લાંબો હાથ કરીને બતાવ્યો. તેને ચાલીસ વર્ષ થયાં પણ એ હાથ ભુલાયો નથી. માટે એ વાત ખોટી છે." પછી તેનો ત્યાગ કરીને રામાનંદસ્વામી પાસે સાધુ થઈને રહ્યા હતા. ॥૩૨૩॥

૩૨૪. મહારાજે ગઢડામાં ગંગાજળિયો કૂવો કરાવ્યો.

મહારાજે **દુર્ગપુર**માં ગંગાજળિયો કૂવો કરાવ્યો. પછી જે મહારાજનાં દર્શને આવે તેને મહારાજ પોતે ભેળા આવીને કૂવો બતાવે જે, "આ અમે કૂવો કરાવ્યો છે." એવો સહજ સ્વભાવ છે.

પછી કોઈક પટેલ આવ્યો તેને કૂવો બતાવવા સારુ લઈ ગયા. ત્યારે પટેલ જોઈને એમ બોલ્યો જે, "મહારાજ, આ કૂવામાંહી લટકે છે, તે શું છે ?" ત્યારે મહારાજ કહે, "એ તો સાંકળ છે. તે કોઈક પડી જાય તેને ઝાલવા સારુ મૂકી છે." એમ કહીને અક્ષરઓરડીમાં આવીને બેઠા અને વાતો કરવા મંડ્યા.

❋ મહારાજના મનુષ્યભાવ અને દિવ્યભાવની વાત

પછી નાજા જોગિયાના મનમાં એમ થયું જે, 'પટેલના છોકરાને સાકરનો કાંકરો આપું તો તેને સારું લાગે.' પછી ઢોલિયા હેઠળ થાળીમાંથી સાકર લેવા સારુ હાથ લાંબો કરીને જાણે જે લઉં, ત્યારે મહારાજ તેના સામું જુએ, એટલે પાછો હાથને તાણી લે જે 'રખે મહારાજ દેખી જાય !' એમ બે-ત્રણ વાર કર્યું, પણ એમ ન જણાય જે, **'यो वेत्ति युगपत्सर्वं प्रत्यक्षेण सदा स्वतः।'**[1] તથા **'सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम्।'**[2] આટલી સામર્થી તો પોતાના મુક્તોને વિષે રહી છે, તો તેમના સ્વામી પુરુષોત્તમ નારાયણ તેમને

૧.શ્રીહરિ હંમેશા સર્વ જડ-ચેતનને એક સાથે જ સ્વયં સાક્ષાત્ જુએ છે. ૨.શ્રીહરિનાં હાથ, પગ, આંખ, મુખ, મસ્તક આદિ અવયવો સર્વત્ર છે, અર્થાત્ તેઓ સર્વત્ર બધું જ કરી શકે છે.

વિષે હોય એમાં શું આશ્ચર્ય છે ! પણ મનુષ્યભાવ ધારણ કર્યો હોય ત્યારે સહવાસે કરીને એમ થાય; પણ યથાર્થ મનુષ્યભાવ ને દિવ્યભાવ જાણ્યો હોય તો ન થાય.

❋ મહારાજનાં મનુષ્યભાવવાળાં ચરિત્રો

અને વળી કોઈક દિવસ મહારાજ **ભૂજ**ને વિષે સાધુની પંક્તિમાં પેંડા ફેરવતા હતા. તે જ્યારે ફેરવતાં ફેરવતાં સમીપે આવે ત્યારે એક છોકરો બોલે જે, "અદા[૧], મને પેંડો..!" ત્યારે તે છોકરાનો બાપ એમ બોલે જે, "હમણાં મહારાજ આપશે." એમ મહારાજ પંક્તિમાં ફરીને સમીપે આવે એટલે એમ બોલે. એમ ચાર વાર બોલ્યો, એટલે મહારાજ બોલ્યા જે, "અમે અમારા છોકરાને આપીએ છીએ, તું તારા છોકરાને બજારમાંથી લઈ આવીને આપ." એમ ક્યાંઈક કંજૂસપણું કરે, ક્યાંઈક ગણતી નહિ ! તે રાવળને પાંચસો રૂપિયાની મતા[૨] આપી. અને ક્યારેક આસક્ત સરખા પણ જણાય.

વડતાલમાં સુરતના હરિભક્ત પોશાક લાવ્યા. તેમાં કુંડળ કાનમાં પહેરાવવા મંડ્યા, પણ કાનના સાર[૩] પુરાઈ ગયા'તા, તે આવ્યાં નહીં. પછી મહારાજ બોલ્યા જે, "અમારા કાન નાનપણમાં વીંધ્યા હતા, તે ઘાલો આવશે." પછી દામોદરભક્તે હડસેલીને ઘાલ્યાં ને રુધિર નીસર્યું. પછી મહારાજ કહે, "કાંઈ નહીં." એમ કહીને લૂછી નાખ્યું, એમ પણ કરે. ॥૩૨૪॥

૩૨૫. બ્રહ્માનંદસ્વામીનું અને મહારાજનું મનુષ્યચરિત્ર

અને શ્રીજીમહારાજ વડતાલે સમૈયો કરીને **ગઢડે** પધાર્યા. ત્યાં પોતાને પગે ભેટના રૂપિયા બારસો આવ્યા હતા. તેને વડતાલમાં બ્રહ્માનંદસ્વામીના કોઠારમાં મેલ્યા હતા. તેને લેવા સારુ મહારાજે કાગળ લખાવી આપીને ભીમભાઈને ગઢડેથી મોકલ્યા. ભીમભાઈએ વડતાલ

૧.આતા; બાપા ૨.ઘરેણા વગેરે વસ્તુ; મિલકત ૩.કાણાં; વીંધ

આવીને બ્રહ્માનંદસ્વામીને કાગળ આપ્યો. ત્યારે સ્વામી બોલ્યા જે, "હવે રૂપિયા શેના માગે ? આ સર્વે એમનું જ છે તો !" એમ કહીને કહે, "રૂપિયા હવે નહિ મળે. આ અયોધ્યાપ્રસાદજી મહારાજ, રઘુવીરજી મહારાજ અને એમનો ખટલો[૧] એ સર્વેને મહારાજ પાસે લઈ જાઓ."

પછી તેમના ભેળા બીજા પાળા મોકલ્યા, એટલે તે ધર્મકુળને લાવ્યા. પછી તે કારિયાણીએ આવતાં ભીમભાઈએ આગળથી મહારાજને સમાચાર કહ્યા જે, "અયોધ્યાવાસી સર્વે આવે છે." તે સાંભળીને મહારાજ જમી રહ્યા એટલે કહે, "અમારી ઘોડી લાવો." પછી ઘોડી લાવ્યા. તે ઉપર અસ્વાર થઈને કહે, "હવે જય સ્વામિનારાયણ ! અમે હવે ચાલી નીકળશું. કેમ કે, આ સર્વેને અમે શું ખવરાવીએ ? ને અમારે પાસે શું ગામ-ગરાસ છે ?" પછી વસ્તો ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! આ અમારું છે તે સર્વે તમારું છે." એમ કહીને ઘોડીની લગામ ઝાલીને મહારાજને રોક્યા.

પછી સામૈયું કરીને સામા ગયા. રઘુવીરજી મહારાજના મામા સુફલ અને કનઈને ગાડીએ બેસાડ્યા, ને બીજા સર્વે સાધુ ચાલ્યા આવતા હતા. તે જોઈને સુફલ મામા બોલ્યા જે, "સ્વામી આવશો ?" એમ કહીને તે બેય ઊતર્યા ને વિશ્વચૈતન્યાનંદ તથા હરિયાનંદસ્વામી એ આદિક ચાર સાધુ બેઠા. તે જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે, "જોને આ બાપડા અમારા સારુ પાંચસો ગાઉથી આવ્યા છે, તેને ઉતારી પોતે ચઢી બેઠા." એમ કહીને જે તડાક તડાક સોટીઓ મારી, એટલે તે સાધુ હેઠે ઊતર્યા. ને સુફલને ને કનઈને બેસાડ્યા.

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા, તે અયોધ્યાવાસીને ભેળા થયા ને તેમને મળ્યા. પછી સર્વે ભેળા ભેળા કારિયાણી આવ્યા. તેમાં થોડી સમજણવાળાના મનમાં એમ થયું જે, 'મહારાજને પણ પોતાના સંબંધી ઉપર હેત છે;' પણ એ તો **'असुराणां विमोहाय, विष्णौ दोषा नहि क्वचित्।'**[૨] ॥૩૨૫॥

૧.કુટુંબ કબિલા તથા સરસામાન ૨.શ્રીહરિનો મનુષ્યભાવ તો અસુરોને મોહ પમાડવા માટે છે, પણ તેમનામાં ક્યારેય કોઈ દોષ નથી.

૩૨૬. શ્રીહરિ આપણને શીખવાડવા સારા પદાર્થનો ત્યાગ રાખતા.

અને **ગઢડા**ને વિષે મહારાજને ઉનાળામાં અક્ષરઓરડીને વિષે બહુ તાપ લાગે; તે સારુ નળિયા ઉપર કડબના પૂળા નાંખીને છાંયો કરતા. તે સારુ સર્વે હરિભક્તે મળીને વિચાર કર્યો જે, 'મહારાજને રહેવા સારુ બંગલો કરાવવો.' તે નિમિત્તે મહારાજથી છાની લખણી[૧] કરાવી. તેના રૂપિયા હજારેક થયા. તેની ખબર મહારાજને પડી એટલે મહારાજ કહે, "અમે હવે નહિ રહીએ." તે માંડ માંડ મનાવીને રાખ્યા. શા સારુ ? તો પોતે ભક્તને શીખવ્યું જે સારા પદાર્થ બંધનકારી છે. પણ પોતે તો સદા નિર્બંધ છે.

અને કોઈક સમયને વિશે **ગઢડા**માં મહારાજ વિરાજમાન હતા. અને પોતા આગળ સોમલા ખાચર, અલૈયા ખાચર, સુરા ખાચર એ આદિક હરિભક્તો બેઠા હતા. માંહોમાંહી એમ પ્રસંગ નીસર્યો જે 'વાહન કયું સારું ?' ત્યારે સૌએ પોતપોતાની રુચિ પ્રમાણે રથ, પાલખી, મેનો, હાથી ઈત્યાદિક કહ્યાં. પછી કાઠી બોલ્યા જે, "આજ જેવો રોઝો ઘોડો છે, એવું તો પૃથ્વી ઉપર વાહન જ નથી." ત્યારે મહારાજ બોલ્યા જે, "એવો રોઝો ઘોડો છે !" ત્યારે કહે, "હા મહારાજ."

પછી મહારાજ બોલ્યા જે, "ચાલો, સર્વે ઘેલે નાવા જઈએ." એમ કહીને રોઝો ઘોડો મંગાવ્યો. પછી તેના ઉપર સોનેરી સાજ માંડીને લાવ્યા. મહારાજ તે ઉપર અસ્વાર થઈને સર્વે સંઘ સહિત ના'વા પધાર્યા. ત્યાં નાહીને પછી ત્યાંથી જીવા ખાચરના દરબારમાં પધાર્યા. ત્યાં ઘોડેથી ઊતરીને ઘોડાની સરક પ્રાગજી દવેના હાથમાં આપીને 'શ્રીકૃષ્ણાર્પણ' એમ મહારાજ બોલ્યા. ત્યારે કાઠી કહે, "મહારાજ, આ બ્રાહ્મણ બાંધશે ક્યાં ? ને ખવાડશે શું ?" મહારાજ બોલ્યા જે, "ફાવે તેમ કરે. આપણે સારું પદાર્થ ન જોઈએ. કેમ કે સારું બંધનકારી છે." એમ પોતે તો નિર્બંધ છે, પણ પોતાના ભક્તને શિક્ષા[૨] માટે છે, એમ જાણવું. ॥૩૨૬॥

૧.ફંડ-ફાળાની નોંધણી ૨.શીખવવા

૩૨૭. જેરીતા અને ગવાડા ગામનું શ્રીહરિનું ચરિત્ર

અને કોઈક સમયમાં મહારાજ સર્વે સાધુ તથા કાઠીના અસવારો સહિત ગામ **જેરીતે** પધાર્યા. મહારાજે હરિજનોને કહ્યું જે, “તમારે અમારા સન્મુખ સામૈયું લાવવું નહીં.” તોપણ હરિભક્ત સામૈયું લાવ્યા. તે જોઈને મહારાજ બોલ્યા જે, “અમારે આણીકોર ના’વા જાવું છે.” એમ કહીને મૂળજી બ્રહ્મચારીને લઈને ગામ **ગવાડે** પધાર્યા. સર્વે સાધુ-હરિજન વાટ જોઈ જોઈને થાક્યા, એટલે સર્વે જેરીતે ગયા.

મહારાજ ગવાડે વાણિયાને હાટે ઊતર્યા. ને વાણિયાને કહ્યું જે, “અમે ભૂખ્યા છીએ, તે ખાવા આપશો ?” ત્યારે તે વાણિયો બોલ્યો જે, “અત્યારે નહીં, ચોવિહાર[૧] થઈ ગયા.” ત્યારે મહારાજ બોલ્યા જે, “અમે અતિશે ભૂખ્યા થયા છીએ તે ખાવા આપ. તને તારા તીર્થંકર દેખાડીએ.” ત્યારે વાણિયો બોલ્યો જે, “અત્યારે ચોવિહાર થઈ ગયા, તે સવારે આપીશ.” પછી એમ ને એમ મહારાજ ભૂખ્યા સૂઈ રહ્યા. અને વાણિયે મહારાજને ખાવા તો ન આપ્યું, પણ મહારાજની સેવા સારુ કોઈક હરિજને અર્ધો રૂપિયો આપ્યો હતો, તે ઉમાભાઈના વસ્ત્રમાંથી વાણિયે લઈ લીધો. અને મહારાજ ને ઉમાભાઈ સવારે ઊઠીને જેરીતે પધાર્યા. તે લીલાનાં કીર્તન બ્રહ્માનંદસ્વામીએ કર્યાં છે જે,

નવલ પ્રીતમ ગતિ કોન લખે તેરિયા, નવલ પ્રીતમ...
રોમ કોટિ બ્રહ્માંડ વિરાજત સો નરરૂપ અનુપ ભયેરિયા. ॥૩૨૭॥

૩૨૮. ભુજના સુંદરજીભાઈનો ગર્વ ઉતાર્યો.

અને ક્યારેક સુંદરજીભાઈ મહારાજને જોડિયેથી વહાણે બેસાડીને કચ્છમાં લઈ ચાલ્યા. સમુદ્રમાં દોઢ ગાઉ ચાલ્યા ને સુંદરજીભાઈ એમ ગાવા મંડ્યા જે, “આજ અમે ઈડરિયો ગઢ જીત્યા રે...” ત્યારે એ સાંભળીને મહારાજ ધૂબકો મારીને પાછા આ કાંઠે આવ્યા ને

૧.જૈનોનું સૂર્યાસ્ત પછી નહિ જમવાનું નિયમ-વ્રત

રવજીભાઈ પણ પાછા આ કાંઠે આવ્યા. સુંદરજીભાઈ પડવા તૈયાર થયા ત્યારે મહારાજ કહે, "તમે પડશો નહીં." પછી સુંદરજીભાઈ પાછા વળીને કચ્છમાં ગયા. ॥૩૨૮॥

૩૨૯. શીરો જમવામાં કપિલેશ્વરાનંદસ્વામીએ મહારાજને હરાવ્યા.

અને મહારાજ **ગઢડા**માં સાધુની પંક્તિમાં ખાંડનો શીરો પીરસતા હતા. વારંવાર પંક્તિમાં ફર્યા. પછી બ્રહ્માનંદસ્વામી કહે, "તમે જેટલો શીરો જમો તેટલો અમે જમીએ." એમ કહીને એક તાંસળી શીરો મહારાજને દીધો, ને એક તાંસળી શીરો કપિલેશ્વરાનંદને દીધો. તે વીરભદ્ર તો જમી ગયા ને બોલ્યા જે, "લાવો, મને બીજી તાંસળી શીરો આપો. ને મહારાજને પણ તાંસળી ભરીને શીરો આપો." પછી મહારાજ બોલ્યા જે, "અમારાથી તો શીરો ન જમાય." ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, "શાબાશ છે વીરભદ્ર તને ! તેં તો ભગવાનને જીત્યા." ॥૩૨૯॥

૩૩૦. શ્રીહરિ પ્રાંતિજની એક બાઈને ધામમાં તેડી ગયા.

અને ગામ **પ્રાંતિજ**માં એક બાઈને મહારાજ રાત્રીમાં રથ લઈને તેડવા આવ્યા. તે માઢ[૧] ઉઘડાવીને તેને ઘેર જઈને બાઈને તેડીને વળ્યા ને ફરીથી માઢ ઉઘડાવીને રથ હાંકી ગયા. તે માઢ ઉઘાડનારે જાતાં વળતાં રથ સહિત મહારાજને દેખ્યા. ને રથનાં પૈડાંના ચીલા પણ એણે ભાગોળ સુધી પરોઢિયે જોયા. ॥૩૩૦॥

૩૩૧. શ્રીહરિ વિપ્રરૂપે ગામ મધવાસના કૃપારામની ખોવાયેલી થાળી દઈ ગયા.

અને કોઈક સમયમાં ગામ **મધવાસ**ના વિપ્ર કૃપારામ તથા લુણાવાડાના વિપ્ર ખુશાલભાઈ એ બે જણ વડતાલ મહારાજનાં દર્શને

૧.ઉપર માળવાળો ગામનો મુખ્ય દરવાજો

આવતાં બોરિયાવીની ભાગોળે રસોઈ કરીને જમ્યા. ત્યાંના તળાવમાં વાસણ ધોતાં કૃપારામની થાળી પાણીમાં ખોવાઈ ગઈ. પછી એ તો વડતાલ ગયા અને મહારાજનાં દર્શન કર્યાં. અને મહારાજ વિપ્રરૂપ ધરીને એની થાળી એની માને દેવા ગયા અને બોલ્યા જે, "તમારા દીકરાએ થાળી મોકલી છે, તે લો." એમ કહીને દીધી.

પછી મહારાજનાં દર્શન કરીને તે કૃપારામ પોતાને ગામ ગયા, ત્યારે તેની માએ તેને કહ્યું જે, "બ્રાહ્મણ સાથે થાળી પાછી શા સારુ દઈ મોકલી ? મારા મનમાં એમ થયું જે, એ શામાં ખાશે ?" પછી કૃપારામે આ વાત કહી કે, "થાળી તો પાણીમાં ખોવાઈ ગઈ હતી, પણ એ તો મહારાજ વિપ્રરૂપે દેવા પધાર્યા હતા." ॥૩૩૧॥

૩૩૨-૩૩૪. ગોપાળાનંદસ્વામીના સંકલ્પો પ્રમાણે થયું.

અને કોઈક દિવસ **વડોદરા**માં ગોપાળાનંદસ્વામી દિવસે ઓરડીમાં ધ્યાન કરતા હતા. તે એવો ઘાટ થયો જે 'પ્રલય થતો હશે ત્યારે કેમ થતો હશે !' ત્યારે તે જ સમયમાં વાદળાંની ઘટા થઈ ગઈ. ગર્જનાદ ને વીજળીના ઝબકારા થવા લાગ્યા. અને સર્વે જન આકુળ-વ્યાકુળ થઈ ગયા. પછી સ્વામીએ તે જોઈને એમ સંકલ્પ કર્યો જે, 'આ બધું મટી જાઓ.' એટલે તત્કાળ મટી ગયું. ॥૩૩૨॥

અને ગોપાળાનંદસ્વામી **વડોદરા** હતા અને દીવાનજી સોમયાગ કરતો હતો. તેની પૂર્ણાહુતિને દિવસે સ્વામીએ એવો સંકલ્પ કર્યો જે, 'આ મહારાજનો દ્રોહી છે, એનો યજ્ઞ નિર્વિઘ્ને પૂરો ન થાય તો ઠીક. જો વરસાદ બહુ થાય તો એનો યજ્ઞ વિખાઈ જાય.' પછી અતિવૃષ્ટિ થઈ અને યજ્ઞ પૂરો ન થયો. ॥૩૩૩॥

અને વળી ગોપાળાનંદસ્વામી **વડોદરા** હતા અને વરસાદ ન વરસ્યો. તેણે કરીને પ્રજા પિડાવા માંડી. અને કરાલીના હરિજન સ્વામી પાસે આવ્યા ને સ્વામીને પ્રાર્થના કરવા મંડ્યા જે, "દયા કરીને વરસાદ કરો તો જીવીએ, નહિ તો સર્વે મરી જઈશું." ત્યારે સ્વામીએ સંકલ્પ કર્યો તે બહુ જ વરસાદ થયો. ॥૩૩૪॥

૩૩૫. ઉમરેઠનો શાસ્ત્રી બ્રહ્મરાક્ષસ થયો.

અને કોઈક સમયમાં શ્રીજીમહારાજ ગામ **ઉમરેઠ**માંથી હરિજન પાસે હજાર રૂપિયા લેવરાવીને ગાડીએ બેસી, ત્યાંના હરિજનને ભેળા લઈને ડાકોરજી પધાર્યા. ઠાકોરજીનાં દર્શન કરીને પછી ચોકમાં વિરાજમાન થયા. ત્યારે ભણેલા બ્રાહ્મણ આવીને પાસે બેઠા. તેને મહારાજે પ્રશ્ન પૂછ્યો, તેનો ઉત્તર શાસ્ત્રી કરવા મંડ્યો તોપણ થયો નહીં.

પછી એ એમ બોલ્યો જે, "મૌડી, મૌડી." પછી મહારાજ નંદુભાઈને કહે, "આ શું કહે છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "ગાંડો થાય તેને લોકો એમ કહે." ત્યારે મહારાજ કહે, "આપણને ગાંડા કહ્યા ત્યારે આપણે ચાલો." એમ કહીને દક્ષિણા ન દીધી ને પાછા આવ્યા. પછી મૌડી કહેનારો શાસ્ત્રી બ્રહ્મરાક્ષસ થયો, તે પોતાની હવેલીમાં કોઈને પેસવા દેતો નહીં. ॥૩૩૫॥

૩૩૬. ભાદરામાં લાખો કીડી દેવલોકને પામી.

અને ગામ **ભાદરા**માં વશરામ સુતાર ખેતરમાં ગયા હતા. ત્યાં લાખો કીડીઓ જોઈને એમ સંકલ્પ થયો જે, 'આટલા જીવનું ક્યારે સારું થશે ?' એ સમયે લાખો વિમાન આવ્યાં. તે સર્વે કીડીઓ દેવ થઈને વિમાનમાં બેસી દેવલોકમાં ગઈ. તે જોઈને આશ્ચર્ય પામીને ત્યાં મહારાજ પાસે આવીને આ વાત કહી. તે સાંભળીને મહારાજ બોલ્યા જે, "તારે ઘેર રહેલા જે ભગવાન, તે પોતાના ભક્તના સંકલ્પને સત્ય કરે છે." ॥૩૩૬॥

૩૩૭. માંડવીમાં શ્રીહરિ વાંસેલા દરવાજા સોંસરા ચાલ્યા ગયા.

અને ગામ **માંડવી**માં અરધી રાત્રીએ મહારાજ કહે, "અમારે ડોણ જાવું છે." ત્યારે હરિભક્તોએ એમ કહ્યું જે, "હે મહારાજ ! આ વખતે તો દરવાજા વાસેલા હશે, તે નહિ જવાય." તોપણ મહારાજ

પોતાની સાથે બે-ચાર સેવક લઈને ચાલ્યા. ત્યારે ત્યાંના ચાર-પાંચ હરિજન વળાવવા આવ્યા હતા. દરવાજે તાળાં વાસેલાં હતાં, છતાં મહારાજ સેવક સહિત કમાડ સોંસરા ચાલ્યા ગયા. અને ત્યાં તે આશ્ચર્ય જોઈને હરિજન ઘેર ગયા. ॥૩૩૭॥

૩૩૮-૩૩૯. માંડવીમાં કબૂતર તથા ચકલાંને સમાધિ

અને કોઈક સમયમાં મહારાજ ખયાના કારખાનામાં બેઠા હતા ને ચોકમાં કબૂતર ચણતાં હતાં. તે સામું મહારાજે જોયું એટલે તે સર્વેને સમાધિ થઈ અને પડી ગયાં. પછી મહારાજે ખયાને કહ્યું જે, “એ કબૂતરને લાવો.” એટલે તે કબૂતર લાવ્યા ને જોયાં. તેને ખયો કહે જે, “આ તો મરી ગયાં છે.” પછી મહારાજે ચપટી વગાડી એટલે બધાં કબૂતર ઊડી ગયાં. ॥૩૩૮॥

અને કોઈક દિવસ મહારાજને **માંડવી**માં લીલાધર શેઠે દરબારમાં તેડાવ્યા. ત્યાં સામંતસિંહ સરવરિયો તથા ખયો ખતરી પણ હતા. એમણે મહારાજને એમ કહ્યું જે, “તમે બીજાને સમાધિઓ કરાવો છો તે કેમ થાય ? યોગી હોય તે પોતે સમાધિ કરે, પણ બીજાને કેમ કરાવાય ?” ત્યારે મહારાજ કહે કે, “સમર્થ હોય તે અનેકને સમાધિ કરાવે.” એમ કહીને ચોકમાં ચકલાં ચરતાં હતાં તે સામે જોયું. ત્યારે સર્વેને સમાધિ થઈ ગઈ અને તે પડી ગયાં.”

પછી મહારાજ કહે, “એ ચકલાંને લાવો.” ત્યારે તેમને લાવ્યા અને તે સર્વે તેને હાથમાં લઈ જોવા લાગ્યા અને બોલ્યા જે, “આ તો બધાં મરી ગયાં છે !” ત્યારે મહારાજ કહે, “એ મરી ગયાં નથી, એમને સમાધિ થઈ છે.” એમ કહીને ચપટી વગાડી એટલે બધાં ઊડી ગયાં. તે જોઈ સર્વે આશ્ચર્ય પામ્યા હતા. ॥૩૩૯॥

૩૪૦. માંડવીના શિવરામ મહેતાની અલૌકિક સમજણ

અને વળી મહારાજે **માંડવી**માં પોતાની પાસે બેઠેલા હરિજનોને પૂછ્યું જે, “તમે અમને ભગવાન જાણો છો, માટે અમારે અર્થે તમારાથી

શું શું થાય ? તે કહો.” ત્યારે કેટલાકે તો એમ કહ્યું જે, ‘તમે કહો તો સંસાર ત્યાગ કરીને ચાલી નીસરીએ.’ કેટલાકે તો એમ કહ્યું જે, ‘તમે કહો તો અમારું માથું ઉતારીને આપીએ.’ અને કેટલાકે તો એમ કહ્યું જે, ‘તમે કહો તો ઘરબાર સર્વે લૂંટાવી દઈએ.’

પછી શિવરામ મહેતા બોલ્યા જે, “આ બોલ્યા એમાં તો મને કાંઈ અધિક જણાતું નથી.” એ તો ઘરમાં ટંટો થાય છે એટલે બધાંને મૂકી ચાલી નીકળે છે. ને ભૂજથી પાંચ કોરીનો વળાવિયો લીધો હોય તે પણ માથું દે છે. કેટલાક પોતાનાં વખાણ સારુ ઘરબાર લૂંટાવી દે છે અને હું તો તમને અક્ષરધામમાં જેવા નિર્ગુણ ને દિવ્ય મૂર્તિ છો એવા ને એવા જ જાણું છું. તમે સૂઝે એવી ઊતરતી ક્રિયા કરો અને હું પાસે બેઠો હોઉં તોપણ મને લેશમાત્ર સંશય થાય નહીં. માહાત્મ્યજ્ઞાન સહિત જે તમારા સ્વરૂપનો નિશ્ચય તે ડગે નહીં.” પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “શિવરામ મહેતાની સમજણ ભારે ! એવી બીજાની નહીં.” ॥૩૪૦॥

૩૪૧. સારંગપુરમાં હનુમાનજી પધરાવ્યા.

અને **સારંગપુર**માં ગોપાળાનંદસ્વામીને વાઘા ખાચરે એમ કહ્યું જે, “અમે નિર્ધન છીએ અને મંદિર કરવું છે, તે દ્રવ્ય વિના કેમ થાય ?” ત્યારે સ્વામીએ એમ કહ્યું જે, “તમારું મંદિર કરાવી દે એવા હનુમાન પધરાવીએ.” એમ કહીને હનુમાન પધરાવ્યા. ॥૩૪૧॥

૩૪૨. ધોળી ગામમાં સત્સંગના દ્રોહીને યમદૂત લઈ ગયા.

અને કોઈક સમયને વિશે ગામ **ધોળી**માં મોટે ચાવડે ગામ જવારજના ગોગા ભટ્ટના ભત્રીજા નથુ ભટ્ટને સત્સંગી જાણીને, તેનું તે ગામમાં અનાદિનું કથા કરવાનું શાસન બંધ કર્યું. એ આદિક ઘણો સત્સંગનો દ્વેષ કરતો. પછી કોઈક દિવસ ગોપાળાનંદસ્વામી ત્યાં આવ્યા. ત્યારે હરિભક્તે સ્વામીને કહ્યું. ત્યારે સ્વામીએ તે મોટા ચાવડાને કહ્યું જે, “સત્સંગનો દ્વેષ કરો છો, તે યમના દૂત તમને મારશે.” ત્યારે તે કહે,

"યમદૂત ને યમપુરી ક્યાં છે ? એ તો તમે ઊભાં કર્યાં છે !" ત્યારે મોટા ચાવડાને ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, "તું સત્સંગનો દ્રોહ કરે છે એટલે બીજાને બે યમ તેડવા આવે છે, ને તને ચાર યમ લેવા આવશે." પછી એને અંતઃકાળે ચાર યમ લેવા આવ્યા, ને એણે એમ કહ્યું જે, "આ ચાર યમ મને મારે છે." એમ કહીને તેણે દેહ મૂક્યો. ॥૩૪૨॥

૩૪૩. શ્રીહરિએ અયોધ્યાપ્રસાદજીને નચિંત કર્યા.

એક સમયે **ગઢડાને** વિશે શ્રીજીમહારાજ પોતાનો ઉતારો જે અક્ષરઓરડી તેને વિષે રાત્રિને સમે પોઢ્યા હતા. ત્યાં અયોધ્યાપ્રસાદજી મહારાજ શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "આ ટાણે કેમ આવ્યા ?" ત્યારે અયોધ્યાપ્રસાદજીએ કહ્યું જે, "તમને વિનંતી કરવા આવ્યો છું." ત્યારે મહારાજે કહ્યું જે, "કહો." ત્યારે બોલ્યા જે, "અમારા નરનારાયણના દેશમાં સાધુ, બ્રહ્મચારી તથા સત્સંગી થોડા છે, તે વ્યવહાર શી રીતે ચાલશે ?"

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમારા પક્ષમાં હું છું, તે હું તમારી સહાય કરીશ. તમારા નરનારાયણનો દેશ ઘણો વૃદ્ધિ પામશે. તમે કોઈ પ્રકારે ચિંતા રાખશો મા." એમ કહીને શ્રીજીમહારાજ ઊભા થઈને તેમને બાથમાં ઘાલીને બહુ મળ્યા અને ખભો થાબડીને બોલ્યા જે, "જેના પક્ષમાં હું છું, તેને કોઈ પ્રકારનું દુઃખ કે મૂંઝવણ નહિ આવવા દઉં. મારો દૃઢ વિશ્વાસ રાખજો, હું સદાય તમારી સમીપે રહીશ. તમારો બધો વ્યવહાર હું ચલાવીશ." એમ કહીને મહારાજ વિરામ પામ્યા. ॥૩૪૩॥

૩૪૪-૩૪૫. જગન્નાથપુરી તથા માનસપુરમાં પૃથ્વીનો ભાર ઉતાર્યો.

અને શ્રીજીમહારાજે જગન્નાથમાં અસુર ભેખધારી દશ હજારને મોહ પમાડ્યા. તે પરસ્પર લડાઈ કરીને નાશ પામ્યા ને પૃથ્વીનો ભાર

ઉતાર્યો. અને મહારાજે માનસપુરમાં સત્રધર્મા રાજા દ્વારા પૃથ્વીના ભારરૂપ જે સહસ્ર અસુર ભેખધારી હતા, તેમનો નાશ કર્યો. ॥૩૪૪-૩૪૫॥

૩૪૬. મહારાજ ભક્તના સુખાર્થે અંગ્રેજનું રાજ્ય લાવ્યા.

અને શ્રીજીમહારાજે પોતાના ભક્તજનની રક્ષા કરવા સારુ તામ્રમુખને[૧] રાજ્ય આપીને પોતે પ્રવર્તાવ્યો જે એકાંતિક ધર્મ તેના દ્વેષી જે અસુરગુરુ તથા અસુરનૃપતિ આદિક એ સર્વેને દબાવીને અનેક જીવને વિષે એકાંતિક ધર્મ સ્થાપન કરીને અનેક જીવને અક્ષરધામમાં પહોંચાડ્યા અને અપાર પ્રતાપ પ્રગટ કર્યો. ॥૩૪૬॥

૩૪૭. મેઉમાં રુંડમુંડ બાળકને સાજો કર્યો.

અને **મેઉ** ગામમાં ભૂખણદાસના દીકરાને ઘેર રુંડમુંડ[૨] સંતાન અવતર્યું. પછી એ વાત મહારાજને કહી. ત્યારે મહારાજ કહે, “લાવો જોઈએ.” પછી તેને જોઈને મહારાજ કહે, “આ તો સર્વે અંગ છે.” એમ કહીને પોતે સર્વે અંગ તાણીને દેખાડ્યાં.

❋ કારેલામાં સંતોનાં નાક-કાન કપાવાં ન દીધાં.

અને કોઈક સમયમાં મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી ગામ **કારેલા**ની ભાગોળે આવ્યા. તેમને તે ગામના અવિદ્યાવાળા વૈરાગીએ પોતાની જાયગામાં લઈ જઈને બાંધ્યા. ને છરો લઈને નાક-કાન કાપવા તૈયાર થયો. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીને કહ્યું કે, “આ આપણાં નાક-કાન કાપશે, તે લોકમાં આપણને શું કહેશે ?” મુક્તાનંદસ્વામી બોલ્યા કે, “પૂર્વે ભૂંડાં કામ કરીને નાક-કાન કપાવ્યાં હશે, પણ આ તો ભગવાન અર્થે છે. લોક તો તેમને સૂઝે તેમ બોલે, પણ ભગવાન તો જાણે છે ને !”

આમ વાત કરે છે, તે વખતે તે ગામનો એક જત ત્યાં આવ્યો. સ્વામીને જોઈને તેને દયા આવી અને વંડી ટપીને અંદર પડ્યો. ને બે

૧.અંગ્રેજને ૨.બોડું; હાથ-પગ વિનાનું

સાધુને છોડીને વૈરાગીને ધક્કો મારી બાજુએ કાઢીને તેમને છોડાવ્યા. ને આ વૈરાગી ભૂંડો છે, તે પાછળ જઈને સાધુને મારશે. એમ જાણીને તે જત સાધુને બે ગાઉ સુધી મૂકી ગયો.

પછી કોઈક વખતે એ જતે દેહ મૂક્યો, ત્યારે મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તેને તેડવા આવ્યા. ને એ બેનાં દર્શન થયાં ત્યારે તે બોલ્યો કે, "મેં જેમને છોડાવ્યા હતા, તે બે સાધુ મને તેડવા આવ્યા છે, ને હું ધામમાં જાઉં છું." એમ કહીને દેહ મૂક્યો. ॥૩૪૭॥

૩૪૮. ડભાણ-યજ્ઞમાં જોબનપગી ઘોડા ચોરવા આવ્યો.

ડભાણમાં મહારાજે જ્યારે યજ્ઞ કર્યો ત્યારે જોબનપગી આદિક તસ્કર[૧] કાઠીના ઘોડા લેવા સારુ રાત્રીએ આવ્યા. તે ઘોડે ઘોડે મહારાજને દેખ્યા. તે ત્રણ રાત્રી અને ત્રણ દિવસ ઉજાગરો ને ભૂખ-તરસે કરીને બહુ દુઃખ પામ્યા, પણ ઘોડા લેવાયા નહીં. અને જ્યાં દેખે ત્યાં સંઘમાં સર્વત્ર મહારાજને દેખે. એવો મહારાજનો અલૌકિક પ્રતાપ જોઈને પછી મહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય કરીને સત્સંગી થઈને ઘેર ગયા. ॥૩૪૮॥

૩૪૯. મોટાનો મહિમા મોટા જાણે.

અને **ગઢડા**માં મહારાજે ગમાનજી પાળાને કહ્યું કે, "મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદસ્વામીને બોલાવી લાવો." ત્યારે મુક્તાનંદસ્વામી સાધુની જગામાં બેઠા બેઠા પુસ્તક છોડીને વાંચતા હતા. તેમને ગમાનજીએ એમ કહ્યું જે, "સ્વામી, તમને અને બ્રહ્માનંદસ્વામીને મહારાજ બોલાવે છે." ત્યારે મુક્તાનંદસ્વામી પુસ્તક બાંધીને ઊઠ્યા અને ચાલ્યા, એટલે ગમાનજીએ કહ્યું કે, "બ્રહ્માનંદસ્વામીને ઉઠાડોને !" મુક્તાનંદસ્વામીએ કહ્યું કે, "બ્રહ્માનંદસ્વામી તો મહારાજની પાસે જ છે, ને ચાલો હું આવું છું." એમ મોટાનો મહિમા મોટા જાણે છે. ॥૩૪૯॥

૧.ચોર

૩૫૦. ત્રણ મોટા સંતોની સ્થિતિ

અને કોઈક સમયને વિશે મહારાજે આનંદાનંદસ્વામીને, મુક્તાનંદ સ્વામીને અને સ્વરૂપાનંદસ્વામીને પૂછ્યું કે, “તમને કોઈક ક્રિયાને વિશે કે કોઈક પદાર્થ વિશે અમે જોડીએ તો તમને તેનો વિક્ષેપ થાય કે ન થાય ?” ત્યારે તેમણે જેમ પોતાને વર્તતું હતું તેમ કહ્યું. તેમાં આનંદસ્વામી એમ બોલ્યા જે, “અમે તો તમારી આજ્ઞાએ કરીને કરીએ એટલે વિક્ષેપ જણાતો નથી.”

પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, “તમે આજ્ઞા કરો એટલે કરીએ, પણ અંતર્વૃત્તિ કરીને તમારી મૂર્તિને અંતરમાં ધારીએ ને જેવી શાંતિ રહે છે તેવી રહેતી નથી. પછી જો એક વેંત વૃત્તિ બહાર કાઢી હોય તો એક હાથ અંતરમાં ઉતારીએ ત્યારે શાંતિ થાય છે.”

પછી સ્વરૂપાનંદસ્વામીએ કહ્યું કે, “અમે તો તમારી મૂર્તિ વિના બીજું કાંઈ દેખતા જ નથી. જ્યાં જ્યાં જઈએ ત્યાં ત્યાં તમારી જ મૂર્તિ દેખાય છે. તે અમારે તો કશો વિક્ષેપ થતો નથી.” ॥૩૫૦॥

૩૫૧. શ્રીહરિએ પીપલાણાના નરસિંહ મહેતા પાસેથી રૂકમૈનો ભાગ લીધો.

અને ગામ પીપલાણામાં નરસી મહેતા નામે કરીને પલેવાલ બ્રાહ્મણ હતા, ને તે ચાર ભાઈ હતા. તે લાખ રૂપિયાના આસામી હતા. તેમના નાના ભાઈને ગામ પંચાળામાં લાડકીમાની દીકરી રૂકમૈ સાથે પરણાવ્યો હતો. તે મરી ગયો એટલે નરસી મહેતા તે રૂકમૈને દેહનિર્વાહ થાય એટલું અન્ન-વસ્ત્ર આપતા, પણ તેને તેનો ભાગ આપતા ન હતા. એ વાત લાડકીમાએ મહારાજને કહી. ત્યારે મહારાજે કહ્યું, “તમારે ભાગનું શું પ્રયોજન છે ? અન્ન-વસ્ત્ર આપે છે તે ઘણું છે.” ત્યારે લાડકીમા બોલ્યાં કે, “મહારાજ ! અમારે તમારે અર્થે સેવા કરવી હોય તે ભાગ વિના શી રીતે કરીએ ?” ત્યારે મહારાજ બોલ્યા જે,

"તમને તો નહિ આપે, અમને જો લખી આપો તો અમે તેની પાસેથી લઈએ." પછી તેનો ભાગ મહારાજને લખી આપ્યો.

પછી કોઈક દિવસ ગામ **પીપલાણા**માં મહારાજ વિરાજમાન હતા અને પોતાની પાસે તે ગામના હરિજન પણ બેઠા હતા. તે સમયમાં વિવાહ હતા. તે જેમ બીજા દેશમાં ખારેકો વહેંચાય છે, તેમ ત્યાં સોપારીઓ વહેંચવાનો ચાલ[૧] છે. તે સોપારીઓ મહારાજને આપી અને મહારાજ પાસે બેઠેલા જે હરિજન તેમને પણ સોપારીઓ આપવામાં આવી. ત્યારે તેમણે સર્વેએ મહારાજને પગે મેલી. ત્યારે મહારાજ તેને હાથે કરીને ફેરવવા માંડ્યા અને બોલ્યા કે, "આ પ્રસાદીની સોપારીઓ કોણ લેશે ?" ત્યારે સર્વે લેવા તૈયાર થયા એટલે મહારાજે કહ્યું જે, "ભેટ મૂકે તે લે." પછી તો સર્વે ચડવા મંડ્યા[૨]. તે એક કોરીથી ચડતે ચડતે પચાસ કોરી સુધી ચડ્યા.

પછી નરસી મહેતા તો એકસો કોરી સુધી ચડ્યા. ત્યારે મહારાજ કહે, "સો કોરી રહેવા દો, અમારે બ્રાહ્મણ જમાડવા છે, તે મોદીખાનું જોખશો ?" ત્યારે તેમણે હા પાડી. પછી સીધું કર્યું. એટલે મહારાજે મેઘપુરમાં છ માસ સુધી બ્રાહ્મણ જમાડ્યા. તે નિત્ય પંક્તિ ઊઠતી વખતે રામાનંદસ્વામીની જય, ગોપાળાનંદની જય, આત્માનંદની જય, અને સહજાનંદસ્વામીની જય બોલે. પછી મહારાજે આનંદસ્વામીને કહ્યું કે, "છેલ્લે દિવસે સર્વેની જય બોલાવ્યા પછી નરસી મહેતાની જય બોલાવજો." તે છેલ્લે દિવસે નરસી મહેતાની જય બોલાવી. ત્યારે નરસી મહેતા કહે, "મારી જય શાની ?"

ત્યારે મહારાજ કહે, "જેના રૂપિયા વર્યા[૩] તેની જ જય હોય તો !" ત્યારે તે કહે, "મારા રૂપિયા શાના વર્યા ?" ત્યારે મહારાજ કહે કે, "આ રૂકમૈનો ભાગ." ત્યારે તે નરસી મહેતા બોલ્યા, "અરે, કાળિયે ગજબ કર્યો ! ઊઠ ઊઠ કલ્યાણિયા ! આ તો કપટે કરીને બલિરાજાનું સર્વસ્વ લઈ લીધું, તે જ."

૧.રિવાજ ૨.ઉછામણી કરવા લાગ્યા ૩.વપરાયા

એમ કહીને રિસાઈને પોતાના દીકરાને લઈને ગયા. તે છ મહિના સુધી મહારાજને દર્શને ન આવ્યા. ત્યાર પછી મનાણા અને પછી દેહ મૂકી ગયા. પછી મહારાજે નરસી મહેતાના દીકરાને કહ્યું કે, "તમે હિસાબ કરો. અમે હજી રૂકમૈનો ભાગ માગીએ છીએ." ત્યારે તે કલ્યાણજી બોલ્યો કે, "રૂકમૈના ભાગમાં હવે કાંઈ માગતા નથી,' એમ મારા બાપે કહ્યું હતું." એટલે મહારાજ કહે, "તું તારા બાપને પૂછી આવ."

પછી સમાધિ કરાવીને મહારાજે તેને ધામમાં મોકલ્યો અને ત્યાં પૂછ્યું. ત્યારે તે નરસી મહેતાએ કહ્યું કે, "હવે કાંઈ માગતા નથી અને મહારાજનો વિશ્વાસ કરશો નહિ." પછી સમાધિમાંથી આવીને મહારાજને કહ્યું કે, "એ તો ના પાડે છે. ને કહે છે, 'કાંઈ માગતા નથી ને વિશ્વાસ કરશો નહિ." એટલે મહારાજ કહે, "જુઓને, ત્યાં બેઠા થકા ઘરનું કેવું મમત્વ રાખે છે !" ॥૩૫૧॥

૩૫૨. ધ્રોળ અને માંડવીના બે ભક્તોના લોભની પ્રબળતા

મહારાજ જ્યારે ધ્રોળ ગામમાં પધાર્યા ત્યારે ત્યાંના સમાધિવાળા પ્રેમજી વાણિયા આવીને મહારાજનાં દર્શન કરીને બેઠા. ત્યારે મહારાજે કહ્યું જે, "પ્રેમજી, કાલે અમને તું રસોઈ કરી આપ, નહિ તો અમારી છ જણની રસોઈ જમી જા. એ બેમાંથી જે સારું હોય તે તારું." પછી પ્રેમજી કહે, "રસોઈ જમી જાઉં." એમ કહીને જમવા બેઠા. પછી મહારાજ કહે, "જો જો હોં, પડ્યું રહેશે તો અમે કાલે રસોઈ લઈશું !" પછી એ છ જણની રસોઈ જમી ગયા, પણ મહારાજને રસોઈ આપી નહીં.

અને **માંડવી**માં સુંદરજી વાણિયા મહારાજ પધારે ત્યારે બીજા હરિજન પાસે સર્વે પ્રકારે મહારાજની સેવા કરાવે અને પોતે પણ દેહે કરીને સેવા કરે. છતાં પોતાના ઘરમાં બીજા હરિજનોએ મહારાજને ઉતારો આપ્યો, તેનું પણ ભાડું લીધું. એવા લોભાદિ શત્રુ બળવાન છે. ॥૩૫૨॥

૩૫૩. પરિસ્થિતિ આવે ત્યારે ભક્ત ઓળખાય.

અને ક્યારેક મહારાજને કોઈક ભક્તે એમ કહ્યું કે, “ફલાણો ભક્ત બહુ સારો છે.” ત્યારે મહારાજ કહે, “ચતુર્ભુજ[૧] છે ત્યાં સુધી સારા ને દ્વિભુજ[૨] થાય તો ખબર પડે. કહ્યું છે કે - **‘पुंसः स्त्रिया मिथुनीभावमेतं तयोर्मिथो हृदयग्रन्थिमाहुः’**[૩] ॥૩૫૩॥

૩૫૪. શ્રીહરિની બ્રહ્માનંદસ્વામી સાથે ભોજનલીલા

ક્યારેક **ગઢડામાં** મહારાજે લાડુબાને અને જીવુબાને કહ્યું કે, “આપણા સાધુ કાંઈ જમતા નથી, માટે કાંઈક સારી રસોઈ કરાવીએ.” એમ કહી મહારાજે બિરંજની રસોઈ કરાવી. તેમાં તેજાના નખાવવા માટે નાન કોઠારી બજારમાં જાય અને આવે. તે જોઈને બ્રહ્માનંદસ્વામી બોલ્યા કે, “આ શું આઘાપાછા થાઓ છો ?” ત્યારે કોઠારી બોલ્યા જે, “સાંજે તમારી વાત છે.” ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા કે, “જા કહેજે તારા ધણીને કે, જે થાય તે કરી નાખે.”

પછી મહારાજે મોટાં બાઈને પૂછ્યું કે, “તમારાં અતિશે વહાલાં સગાં આવે ત્યારે કઈ રીતે જમાડો ?” ત્યારે તે બોલ્યાં કે, “ખાટલા ઢાળીએ અને તે ઉપર ચાર જણને બેસાડીએ; પછી વચમાં ભોજનપાત્ર મૂકીએ; ને એ ચાર જણ એક પાત્રમાંથી જમે; એમ જમાડીએ.” પછી મહારાજ બોલ્યા કે, “આપણે તો સાધુ એ જ વહાલાં સગાં છે. માટે એવી રીતે જમાડીએ.”

પછી ચોકમાં ખાટલા ઢળાવ્યા અને એકુકે ખાટલે ચાર ચાર સાધુને બેસાડ્યા, ને વચ્ચે ભોજનનો થાળ મેલ્યો. પછી બિરંજ આદિક ભોજન મહારાજ સારી પેઠે પીરસતા જાય અને પાણી પાતા જાય. ને એમ બોલતા જાય કે, “સંતો, પાણી થોડું પીજો.” એમ કહીને વારંવાર પંક્તિમાં ફરીને સંતોને અતિશે તૃપ્ત કર્યા.

૧.પત્ની સહિત ૨.પત્ની રહિત; વિધૂર ૩.સ્ત્રી-પુરુષ બંનેમાં જે અહં-મમત્ત્વરૂપ હૃદયગ્રંથિ છે, તે જ સ્થૂળરૂપે સ્ત્રી-પુરુષને પરસ્પર મૈથુનની આસક્તિરૂપે કહેવાય છે.(ભાગ.૫/૫/૮)

પછી બ્રહ્માનંદસ્વામીએ કોઈને પૂછ્યું કે, “માંહી શું ખૂટ્યું છે ?” તેણે કહ્યું જે, “પૂરી થઈ રહી છે.” ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, “એકલું ગળ્યું શું ભાવે ! પૂરી હોય તો જમાય.” પછી મહારાજ માંહી પૂરી લેવા ગયા, પણ પૂરી તો થઈ રહી હતી; તેથી બિરંજ લાવ્યા ને પીરસ્યો. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું કે, “એકલું ગળ્યું શું ભાવે !” ત્યારે મહારાજે ભાત પીરસ્યો, ને તે ઉપર સાકર ને દૂધ પીરસ્યા. પછી સંતને ચળુ કરાવ્યું. પછી મહારાજે સોપારી-એલચી આદિકની મૂઠીઓ ભરી ભરીને મુખવાસ આપ્યો. એ વખતે શેષજી દર્શને આવ્યા હતા. મહારાજે કહ્યું કે, “શેષજી દર્શને આવ્યા છે, તે કોઈ બીશો મા.” અને શેષજી ઢોલિયા નીચે ફરતા હતા. પછી મહારાજે ગરબી ફરીને સંત પાસે કીર્તન ગવરાવ્યાં. ॥૩૫૪॥

૩૫૫. મુક્તાનંદસ્વામીએ ગુણ લેવાની દષ્ટિ શીખવી.

અને ક્યારેક **ગઢડામાં** મુક્તાનંદસ્વામીએ સોમપ્રકાશાનંદસ્વામી અને દષ્ટપ્રકાશાનંદસ્વામી પાસે પોતાને સુખ થાય અને સમાસ થાય એવી હિતની વાતો કરી. કેવી રીતે ? તો, આપણે વહેલા ઊઠીને ધ્યાન-ભજન કરતા હોઈએ અને બીજા સંત સૂતા હોય તો એમ જાણવું કે, આ બધા પૂર્વે ધ્યાન-ભજન કરીને આવ્યા છે એટલે મોટા છે, અને મારે કરવાનું બાકી છે તેથી હું કરું. એમ ગુણ લેવો, પણ એમ ન જાણવું કે, આ સર્વે પેટભરા ભેગા થયા છે, ને હું જ એક ભગવાનને ભજું છું. એમ **પોતાને વિષે ગુણ પરઠીને બીજાના અવગુણ લે તો પોતે પાપી થઈ જાય અને સર્વેના ગુણ લે તો પોતાનામાં સર્વે ગુણ આવે.** ॥૩૫૫॥

૩૫૬. કાઠીઓને કહેલું સંતોના જેવા કલ્યાણનું રહસ્ય

અને ક્યારેક **ગઢડાને** વિશે સાધુની સભામાં ગોપાળાનંદસ્વામી વાર્તા કરતા હતા. ત્યાં કેટલાક કાઠી આવીને બેઠા. અને તેમણે એમ

પૂછ્યું કે, "અમારું કલ્યાણ સાધુની બરાબર થશે ?" ત્યારે સ્વામીએ કહ્યું કે, "જેટલું હેત સ્ત્રીમાં છે, તેટલું ભગવાનમાં હેત હશે અને જેટલું હેત છોકરાંમાં છે, તેટલું હેત સાધુમાં હશે, તો સાધુના જેવું જ કલ્યાણ થશે." ત્યારે તેઓ બોલ્યા કે, "અમારે તો સાધુમાં અને ભગવાનમાં એવું જ હેત છે." ત્યારે સ્વામી કહે, "જો એવું હેત હશે તો બરાબર કલ્યાણ થશે."

કાઠીના ગયા પછી સાધુ બોલ્યા, "સ્વામી, તમે ત્યાગીનું ને ગૃહસ્થનું કલ્યાણ બરાબર કેમ કહ્યું ? કેમ જે, એને તો પ્રભુભજનમાં અનેક અંતરાય થાય છે અને સાધુ તો સદાય પ્રભુ ભજે છે." ત્યારે સ્વામી કહે, "મેં કહ્યું છે, તે ક્યાં સુગમ છે ? એ તો ઊંડું વિચારીને જુએ તો ગમ પડે. કહ્યું છે કે, '**प्रसङ्गमजरं पाशं...**'[1] ॥૩૫૬॥

૩૫૭. ચૈતન્યમાં કરેલો વિચાર દૃઢ થાય છે.

અને **ગઢડા**માં ગોપાળાનંદસ્વામીને ચૈતન્યાનંદસ્વામીએ પૂછ્યું જે, "દેહને અસત્ય જાણીએ છીએ અને વિષય તથા પદાર્થને દુઃખરૂપ અને અસત્ય જાણીએ છીએ, તોપણ તેમાંથી પ્રીતિ મટતી નથી અને ભગવાનને સર્વે સુખના સિંધુ જાણીએ છીએ, તોપણ ભગવાનમાં અતિશય હેત થતું નથી; તેનું શું કારણ છે ?"

સ્વામી કહે, "મારે પણ તમને એ વાત કહેવી હતી. જે આત્મા અનાત્માના વિચાર કરે છે તથા વૈરાગ્યનો વિચાર કરે છે તથા ભગવાનના માહાત્મ્યનો વિચાર કરે છે, તે ઇન્દ્રિયમાં તથા અંતઃકરણમાં કરે છે, પણ ચૈતન્યમાં કરતો નથી એટલે ભૂલી જવાય છે; પણ જો ચૈતન્યમાં એ વિચાર કરે તો ફરીથી ભુલાય નહીં. જેમ ગરમ વસ્તુ ખાઈને જે ગરમાઈ થઈ હોય, તે જ્યારે ઠંડી વસ્તુ ખાય ત્યારે તે ગરમાઈ ટળી

૧.દેહ ને દેહના સંબંધિમાં જે હેત છે, તે જીવનું અતૂટ બંધન છે, એમ સત્પુરુષો કહે છે; પણ જો તેવી જ પ્રીતિ-આત્મબુદ્ધિ એકાંતિક સંતોમાં થઈ જાય તો તેના માટે મોક્ષનું દ્વાર ખૂલી જાય છે.(ભાગ.૩/૨૫/૨૦)

જાય છે. બે-ચાર માસ થોડી થોડી કસ્તુરી ખાય અને તેની ગરમી હાડકાંમાં પેસી જાય, તો તે પછી નીકળે જ નહીં, તેમ ચૈતન્યમાં જે વાત બેઠી હોય તે દૃઢ થાય છે. ॥૩૫૭॥

૩૫૮. જાતિના અભિમાનથી લોયામાં ઢેઢ થયેલ ગંગાબાઈની વાત

અને ક્યારેક ગામ **લોયા**માં ચૂડા ગામની ગંગા ઢેઢડી મહારાજનાં દર્શને આવી. તેને મહારાજે બાઈઓની સભામાં માગ કરાવીને એક કોરે બેસાડી. પછી બીજી બાઈઓ માંહોમાંહી બોલવા માંડી કે, "મહારાજે આને ક્યાં સભામાં બેસાડી ?" એ સાંભળી મહારાજ સુરા ખાચરના ઘરનાં માણસો પ્રત્યે બોલ્યા કે, "તમારા ચોકમાં ઢોર મરી જાય તો કોણ ઉપાડી જાય ?" ત્યારે તે બાઈ કહે, "ઢેઢ લઈ જાય." મહારાજ કહે, "આ ઢોર બાંધવાના કોડિયામાં[૧] મરી જાય તો કોણ ઉપાડી જાય ?" ત્યારે તે કહે કે, "ઢેઢ ઉપાડી જાય." એટલે મહારાજ કહે જે, "ઘરમાં ઢેઢ પેસે તેનો સંશય નહિ, ને આ ગંગાને કોરે બેસાડી છે, તેમાં આટલા અભડાઈ જાઓ છો ?" એમ કહીને મહારાજે વાત કરી જે, "આ ગંગા પૂર્વજન્મમાં નાગર બ્રાહ્મણી હતી. તે જાતિના અભિમાને કરીને પોતાથી ઊતરતી જાતિના ભગવાનના ભક્ત હોય તેને ગણતી નહોતી. તે દોષે કરીને ભગવાને આ જન્મમાં તેને ઢેઢ કરી છે. ॥૩૫૮॥

૩૫૯. અમદાવાદમાં શ્રીહરિએ શેખજીનું માન ઉતાર્યું.

અને **અમદાવાદ**માં મહારાજને સાહેબને મળવા જવું હતું. તે સારુ શેખજીને મહારાજે એમ કહ્યું કે, "તમે સાહેબને પૂછી આવો જે મહારાજને તમને મળવા સારુ આવવું છે, તે ક્યારે આવે ?" ત્યારે શેખજી બોલ્યા જે, "મહારાજ, મારી પાસે સારાં કપડાં નથી, તે અપાવો અને મારી ભેળા ચાર પાળા મોકલો." પછી મહારાજે તેને

૧.કોઢમાં

સારાં વસ્ત્ર અપાવ્યાં અને તેની સાથે ચાર પાળા મોકલ્યા. શેખજી માણેકચોક વચ્ચેથી થઈને ભદ્રમાં ચાલ્યા અને મહારાજ તો માણકી ઘોડીએ સ્વાર થઈને પાંચ-સાત પાર્ષદ ભેળા લઈને પરબારા ચાલ્યા, તે સાહેબને બંગલે આવ્યા.

મહારાજે સાહેબને બંગલે આવી જાસૂદને કહ્યું કે, "તમે સાહેબને કહો કે, 'સ્વામિનારાયણને મળવા આવવું છે, તે આવે ?" નોકરે સાહેબને કહ્યું, ત્યારે સાહેબે કહ્યું, "સ્વામિનારાયણને આવવા દો અને એ સ્વામિનારાયણ કહે તેટલા માણસોને પણ આવવા દો." પછી મહારાજ અને મહારાજે જેને જેને આજ્ઞા કરી તે દરેકને આવવા દીધા.

પછી શેખજી આવ્યા. ત્યાં તો મહારાજનાં ઘોડાં અને માણસોને જોઈને શેખજીના મનમાં એમ થયું કે, "મહારાજ પધાર્યા છે કે શું !" પછી શેખજી સાહેબના બંગલા ઉપર ચડવા મંડ્યા એટલે જાસૂદે ના પાડી. ત્યારે શેખજીએ કહ્યું, "મારે મહારાજ પાસે જવું છે." એમ કહી બળજબરીથી ચડવા ગયા એટલે જાસુદે ધક્કો માર્યો ને શેખજી પડી ગયા, જેથી દાંતમાં લોહી નીકળ્યું અને મોઢામાં ધૂળ ભરાઈ ગઈ, ને છેટે જઈને ઊભા રહ્યા. પછી સાહેબને મળીને મહારાજ ઉપરથી ઊતર્યા અને શેખજીને જોઈ કહ્યું, "તમે આવ્યા છો કે શું ?" પછી શેખજી બોલ્યા, "મહારાજ, મને તો જાસૂદે ધક્કો માર્યો તે વાગ્યું." એટલે મહારાજ મુખ આડે રૂમાલ દઈને હસતાં હસતાં ઉતારે પધાર્યા. એમ મહારાજે શેખજીનું માન ઉતાર્યું. ॥૩૫૯॥

૩૬૦. શ્રીહરિએ ગઢપુરમાં ઘોડા દોડાવ્યા.

અને ક્યારેક શ્રીજીમહારાજ **ગઢપુર**માં દશરા પૂજવા પધાર્યા હતા. સર્વે અશ્વારે ઘોડાં દોડાવ્યાં ત્યારે જીવા ખાચર પોતાની ઘોડીને મહારાજની ઘોડીથી આગળ કરવા મંડ્યા. અને ઘોડી કાનસૂરીવાર[1] મોર થઈ એટલે સચ્ચિદાનંદસ્વામી સમાધિ કરીને પહોંચ્યા, તે જીવા ખાચરને ઘોડીએથી પાડી નાખ્યા. ॥૩૬૦॥

૧.ઘોડાના બન્ને ઊભા કાન વચ્ચેના અંતર જેટલી

૩૬૧. સચ્ચિદાનંદસ્વામીએ જીવા ખાચરને ઘોડીએથી પાડ્યા.

અને શ્રીજીમહારાજ ગોપીનાથજીના મંદિરનો અને પરથારનો પાયો એકહારે સામટો ભેળા ખોદાવતા હતા. તે જોઈને જીવા ખાચરના મનમાં એમ થયું કે, 'ઓ..હો..હો..હો.. ! આવડું મોટું મંદિર થશે અને દાદાની લોકમાં બહુ જ પ્રસિદ્ધિ થાશે.' એમ જાણી મંદિરનું કારખાનું બંધ કરાવવા સારુ સાબદા થઈને આવ્યા. અને મહારાજને કહ્યું કે, "મહારાજ, મારે કામ આવ્યું છે, તે ભાવનગર જવું પડે એમ છે." મહારાજ બોલ્યા, "શા સારુ જાઓ છો ? રહોને." ત્યારે જીવા ખાચર કહે, "ચાલે એમ નથી." એમ કહીને એ તો ચાલ્યા. તે મારગમાં સચ્ચિદાનંદસ્વામી સમાધિ કરીને પહોચ્યા, તે પથ્થરાની ધાર ઉપર જીવા ખાચરને ઘોડેથી પાડ્યા. તેમને બહુ જ વાગ્યું એટલે ખાટલામાં નાખીને ઘેર લાવ્યા.

પછી મહારાજ તેને જોવા આવ્યા ને બોલ્યા જે, "જીવા ખાચર, તમે તો ભારે અસવાર છો ને પડી ગયા તે ઘોડીએ કાંઈ તોફાન કર્યું કે શું ?" જીવા ખાચર બોલ્યા, "ના મહારાજ, ઘોડીએ તો કાંઈ ઉન્મત્તપણું કર્યું નથી, પણ જાણે મને કોઈકે ઘોડીથી હડસેલી પાડ્યો હોય ! એમ જણાયું." પછી મહારાજ તેને જોઈને દરબારમાં પધાર્યા.

સાંજ વખતે સભામાં મહારાજ બાંધે ભારે[૧] કહેવા લાગ્યા કે, "જેને તેને મારે છે ને પછાડે છે, તે એવી તમને કોણે આજ્ઞા આપી છે ?" એમ સારી પેઠે ખિજાયા. પછી સર્વે સંતના મનમાં એમ થયું કે, 'આ મહારાજ વાંક વિના કોને ખીજે છે ?' પછી સચ્ચિદાનંદસ્વામી બોલ્યા કે, "કોઈ બીશો નહિ, એ તો મારો વાંક છે, તે મને કહે છે." ॥૩૬૧॥

૧.મભમમાં; મર્મમાં

૩૬૨. સચ્ચિદાનંદસ્વામીએ વરસાદ વરસાવ્યો.

અને જ્યારે મહારાજ ગોપીનાથજીનું મંદિર કરાવતા હતા, તે સમયે વરસાદે તાણ્યું. એટલે મહારાજના બળદને ખડની તાણ પડવા માંડી. પછી સચ્ચિદાનંદસ્વામી સમાધિ કરીને ગયા અને ઈન્દ્રને પાટુ મારીને કહ્યું, “કેમ સૂઈ રહ્યો છે ? મહારાજના બળદ ઘાસ વિના દુઃખી થાય છે ને વરસાદ કેમ વરસાવતો નથી ?” એટલે ઈન્દ્રે વરસાદ વરસાવ્યો.

પછી સભામાં મહારાજ બહુ ખિજાયા ને બોલ્યા કે, “જેને તેને પાટુ મારો છો, ને ધમપછાડા કરો છો, તે એવો તમને કોણે અધિકાર આપ્યો છે ?” એટલે સચ્ચિદાનંદસ્વામી બોલી ઊઠ્યા કે, “ભાઈ કોઈ બીશો નહિ. એ તો મારો વાંક છે; તે મહારાજ મને વઢે છે. ॥૩૬૨॥

૩૬૩. લોયામાં શ્રીહરિએ સાયલા તથા લીમડીના શેઠના સંકલ્પો પૂરા કર્યા.

અને ક્યારેક **લોયા**માં મહારાજ પાસે સાયલાના પારેખ માણેકચંદ તથા લીંબડીના તલક શાહ એવો મનસૂબો કરીને આવ્યા કે, ‘જો આપણને એ સૂતરફેણી આપે તો એ ભગવાન ખરા.’ પછી મહારાજ અંતર્યામીપણે એમનો સંકલ્પ જાણ્યો. તે સમે કોઈક હરિજને ખંભાતથી સૂતરફેણીની માટલી લાવીને મહારાજ આગળ મેલી. તે માટલી મહારાજે એ બેને આપી.

પછી એ બે એમ બોલ્યા કે, “હે મહારાજ ! સર્વે સાધુની વૃત્તિ તો તમારા વિષે જોડાઈ ગઈ છે; પણ બીજા સર્વે જનની વૃત્તિ સદા ક્યાં રહેતી હશે ?” પછી મહારાજે કહ્યું કે, “સર્વે પુરુષના મનની વૃત્તિ સદાય સ્ત્રીના ગુહ્યાંગમાં રહે છે અને સર્વે સ્ત્રીઓના મનની વૃત્તિ પુરુષના ગુહ્યાંગમાં સદા રહે છે. તે પાપે કરીને એ બેને પરસ્પર સંસૃતિ થાય છે.” ॥૩૬૩॥

૩૬૪. મહાનુભાવાનંદસ્વામીના આશિષથી વસ્તા ભક્તને પુત્રો થયા.

અને મહાનુભાવાનંદસ્વામીએ વસ્તા કણબીને એમ કહ્યું કે, “તારા બે ભાઈ સાધુ થયા ને તું એકલો રહ્યો, તેથી તને મનમાં ઓછું લાગે છે ?” ત્યારે તેણે એમ કહ્યું કે, “મારે જથ્થો હતો તે એકલો થઈ ગયો, તો ઓછું લાગે જ તો ?” ત્યારે સ્વામી કહે, “તારે ઘેર ત્રણ પુત્ર થશે.” પછી તેને ઘેર ત્રણ પુત્ર થયા. એટલે સ્વામી કહે, “હવે તારે પુત્ર નહિ થાય.” ॥૩૬૪॥

૩૬૫. લૂંટારા મિયાણાને મહારાજનાં અલ્લારૂપે દર્શન

અને કોઈક સમય મહારાજ અને મહારાજ ભેળા પાંચ-સાત ભક્ત, તે આધોઈથી **કંથકોટ** જતા હતા. ત્યાં રાત્રીમાં મિયાણા લૂંટવા આવ્યા. તે મહારાજને જોઈને ‘ઓય અલ્લા, ઓય અલ્લા,’ એમ કહીને પગે લાગ્યા અને માર્ગ બતાવ્યો; પણ લૂંટી ન શક્યા. ॥૩૬૫॥

૩૬૬. લોયામાં શાકોત્સવ

અને **લોયા**માં મહારાજ ઘણા ઘીમાં વંતાકનું શાક પોતે કરે. તે જેટલું મીઠું લાવીને મેલ્યું હોય, ને જેટલાં વાટેલ મરચાં લાવીને મેલ્યાં હોય, ને જેટલી હલદી લાવીને મેલી હોય, તે સર્વને મહારાજ શાકમાં નાખી દે, તોપણ કોઈ જણસ અધિક-ન્યૂન પડે નહીં. અને અતિ અમૃત સરખું સ્વાદિષ્ટ શાક થાય. ॥૩૬૬॥

૩૬૭. ગોપાળાનંદસ્વામીએ ચંદ્રમંડળ ખેંચ્યું.

અને કોઈક સમયમાં ગોપાળાનંદસ્વામીએ પૂર્ણિમાની રાત્રિએ ચંદ્રમાનું મંડળ જોઈને ને તેની શીતળતા જોઈને તે મંડળમાં મહારાજની મૂર્તિ ધારી અને પ્રતિલોમ વૃત્તિએ કરીને મહારાજની મૂર્તિ સહિત ચંદ્રમંડળ ખેંચ્યું. તત્કાળ ચંદ્રમંડળ બાર હજાર યોજન ખેંચાઈ આવ્યું. તેમાંથી મહારાજ તત્કાળ સ્વામી પાસે આવીને એમ બોલ્યા કે, “તમારે

શું અજાણ્યું છે કે આ મંડળને ખેંચ્યું ? માટે તેને રહેવા દો." પછી રહેવા દીધું, ને તે પાછું ઠેકાણે ગયું. ||૩૬૭||

૩૬૮. એભલ ખાચરને શ્રીહરિનાં અલૌકિક દર્શન

અને ક્યારેક મહારાજ **ગઢપુર**માં છાના રહેતા હતા. તે જોઈને લોકના કહેવાથી એભલ ખાચરને સંશય થયો. તે ઢાલ-તલવાર લઈને મહારાજને મારવા સારુ વાડી પાસે ટેકરે બેઠા. ત્યાં એભલ ખાચરને સમાધિ થઈ. તે યથાર્થ રચના સહિત ને વિનયપૂર્વક સત્કાર કરતા જે તે ધામના અધિપતિ ને તે ધામના પાર્ષદ, તે સહિત બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપ તથા વૈકુંઠ તથા ગોલોકને મહારાજે સમાધિમાં દેખાડ્યાં. તથા મહારાજે જીવુબાઈ ને લાડુબાઈને લક્ષ્મીજી ને રાધિકાજીરૂપે દેખાડ્યાં અને પોતાને શ્રીકૃષ્ણરૂપે દેખાડ્યા. તે જોઈને એભલ ખાચરને નિશ્ચય થયો. પછી મહારાજને સાક્ષાત્ શ્રીકૃષ્ણ જાણીને પાસે આવીને પગમાં પડ્યા અને બહુ સ્તુતિ કરીને બહુ પશ્ચાતાપ કર્યો. અને જીવુબાઈ ને લાડુબાઈને પણ વિનય કર્યો. ||૩૬૮||

૩૬૯. શ્રીહરિએ આધારાનંદસ્વામીને તેજ દેખાડ્યું.

અને ક્યારેક આધારાનંદસ્વામીએ મહારાજને કહ્યું કે, "અક્ષરધામમાં અનેક કોટિ સૂર્ય, ચંદ્રમા, અગ્નિ સરખા તેજોમય ભગવાન છે. તેના તે જ મનુષ્યરૂપ થયા છે. તે એવું તેજ પોતાને વિષે ભક્તને કેમ દેખાડતા નથી ?" ત્યારે મહારાજ કહે, "એવું તેજ દેખાડે તો ભક્તને સુખ ન થાય, માટે નથી દેખાડતા. જો જોવાની ઈચ્છા હોય તો દેખાડે." ત્યારે તેમણે કહ્યું કે, "દેખાડો તો ઠીક." પછી મહારાજે તેમને તેજ દેખાડ્યું. ત્યારે તે તેજ જોઈને તે ગાંડા થઈ ગયા, ને તેમને ઘરમાં પૂરવા પડ્યા. પછી તે મહિને સાજા થયા. ||૩૬૯||

૩૭૦. બોટાદના ભગા સોનીને સમાધિમાં સોનાનો મોહ

અને ક્યારેક ગામ **બોટાદ**ના ભગા સોનીએ મહારાજને કહ્યું કે, "મને તમારું ધામ દેખાડો." ત્યારે મહારાજે હાથ તરછોડ્યા, તેથી

તે વિરજાને[૧] કાંઠે જઈ પડ્યા. ત્યાં સુવર્ણના ઓટા ઉપર મહારાજને દેખ્યા. ત્યાં કાંઠાની શોભા જોઈને બહુ રાજી થયા. પછી મહારાજે તેને કહ્યું, "ગોલોક જોવું હોય તો જોઈ આવ." પછી તે ગોલોક જોવા ગયો. ત્યાં ઓટામાંથી સુવર્ણની ઈંટ ઉખાડવા લાગ્યો, પણ ઊખડી નહીં. અહીં મહારાજ કહે, "આ સમાધિમાં ઈંટ ઉખાડે છે." પછી તે સમાધિમાંથી જાગ્યો. ॥૩૭૦॥

૩૭૧. તેરામાં મૂળજી બ્રહ્મચારી તથા ડુંગરજીને સૂતા મૂકીને શ્રીહરિ ચાલી નીકળ્યા.

અને **તેરા** ગામમાં અરધી રાત્રિએ મહારાજે હરિભક્તને કહ્યું કે, "અમારે ચાલવું છે." ત્યારે તે હરિભક્ત બોલ્યો કે, "મહારાજ, અત્યારે તો નાકાં દેવાઈ ગયાં છે." ત્યારે મહારાજ બોલ્યા કે, "નાકાં દેવાઈ ગયાં છે તોય ચાલ્યા જઈશું."

પછી મહારાજ, મૂળજી બ્રહ્મચારી ને ડુંગરજી એ ત્રણ ચાલ્યા ને હરિભક્ત મહારાજને વળોટાવીને પાછા વળ્યા. મહારાજ કૂંચી વિના તાળું ઉઘાડીને ચાલ્યા. તે ચાલતાં ચાલતાં માર્ગમાં મહારાજ મૂળજી બ્રહ્મચારી અને ડુંગરજી પ્રત્યે બોલ્યા, "હજુ રાત્રિ ઘણી છે, તે ક્યાંઈક સૂઈને પછી ચાલીશું." પછી મહારાજ સૂઈ ગયા. ડુંગરજી ને બ્રહ્મચારી જાગતા હતા.

પછી મહારાજ જાગ્યા અને કહ્યું, "હું જાગું છું ને તમે બંને સૂઈ જાઓ." પછી એ બન્ને જણા સૂઈ ગયા. પછી મહારાજ એ બેને સૂતા મૂકીને ચાલી નીસર્યા. તે માર્ગમાં પોતાની મોજડીઓ પડી મૂકી. થોડે આઘે જાતાં ચોફાળ પડ્યો મેલ્યો અને ત્યાંથી ચાલ્યા, તે જખૌના[૨] સમુદ્રમાં ગળા સુધી પાણીમાં જઈને વિચારવા લાગ્યા કે, 'મારા વિના મારા ભક્ત બિચારા વિલખી વિલખીને મરી જશે.' એમ ભક્ત ઉપર દયા આણીને પાછા વળ્યા.

૧.ગોલોકધામમાં આ નામની નદીને ૨.કચ્છમાં આવેલ આ નામના બંદરના

❋ મુસ્લિમને મૂર્તિ અખંડ દેખાતાં મૂંઝાયો.

તે **કાળાતળાવ** આવતાં માર્ગમાં એક સમેજા[૧] પાસે પાણી માગ્યું. ત્યારે તેણે પાણી બતાવ્યું. મહારાજે તે પીધું અને તેને પોતાની મૂર્તિ અખંડ બતાવી. તે હળ હાંકતાં આગળ ને આગળ દેખાય. તે જોઈને તે સમેજો બોલે કે, "બાવા, તમને બળદ મારશે તે સારુ એક કોરે રહો." છતાં મહારાજ તો આગળના આગળ દેખાય. એટલે તે મૂંઝાયો. તે હળ છોડીને બોરડી ખોદવા મંડ્યો, તો ત્યાં પણ મહારાજ આગળ દેખાયા. પછી તે બોલ્યો કે, "બાવા, તમને કોદાળી વાગશે, માટે કોરે ખસો. તોય મહારાજ તો આગળ દેખાય. પછી તે સમેજો મૂંઝાઈને સૂઈ રહ્યો. ત્યારે તેની સોડમાં પણ મહારાજ દેખાયા. એટલે તે બોલ્યો કે, "આ બાવે તો ક્યાંય સાલ છોડ્યો નહિ[૨]. મને કયા ભોગ મળ્યા, તે આને મેં પાણી બતાવ્યું !" પછી તે મૂંઝાયો તે હળ હાંકીને ઘેર ચાલ્યો, ત્યાં મહારાજ આગળના આગળ દેખાય.

ચાલતાં ચાલતાં હરભમ સુથારની શેરી આવી, તેણી કોર મહારાજ પધાર્યા અને સમેજો પોતાની ઘેર ગયો. પછી તે પોતાના બળદ બાંધીને હરભમને ઘેર આવ્યો ને કહ્યું, "તમારે ઘેર અલ્લા આવ્યા છે." હરભમે પૂછ્યું, "ક્યાં છે ?" ત્યારે તે કહે, "આ સંતાઈને ઊભા છે." પછી મહારાજ પ્રસિદ્ધ થયા ને તેમના ચરણારવિંદમાંથી હરભમે અઢાર કાંટા કાઢ્યા.

બીજી બાજુ મૂળજી બ્રહ્મચારી અને ડુંગરજી એ બે જણા ઊઠ્યા તે મહારાજને ખોળવા મંડ્યા. તે આગળ ચાલતાં મહારાજની મોજડીઓ હાથમાં આવી. ત્યાંથી આગળ ચાલતાં ચોફાળ હાથમાં આવ્યો. પછી મહારાજનાં ચરણારવિંદ જોતાં જોતાં આગળ ચાલ્યા. ત્યાં તો ચરણારવિંદ પણ દીઠાં નહીં. એટલે એ તો નિરાશ થઈને પાછા વળ્યા, તે કાળાતળાવ ગયા અને ત્યાં મહારાજનાં દર્શન કરીને રાજી થયા. ॥૩૭૧॥

૧.મુસ્લિમ જ્ઞાતિના ખેડૂત ૨.પીછો ન છોડ્યો

૩૭૨. નારાયણજીભાઈને શ્રીહરિનાં અલૌકિક દર્શન

અને **ગઢડા**માં મહારાજે નારાયણજી પાસે પોતાની મૂર્તિ કરાવી. તે યથાર્થ અવયવ, આકાર ને ભાવે સહિત કરીને મહારાજને દેખાડી. ત્યારે મહારાજ કહે, "મૂર્તિ સારી થઈ પણ માંહી થોડોક વાંધો રહ્યો છે, તે આવો દેખાડીએ." એમ કહીને અક્ષરઓરડીમાં તેડી ગયા અને કોટી કોટી સૂર્ય સરખો પ્રકાશ પોતાની મૂર્તિમાં દેખાડ્યો. પછી એમ બોલ્યા કે, "અમે તો તેજમાં સદાય મૂર્તિમાન છીએ, તે તેજ ક્યાં છે ? તે સારુ મૂર્તિ ફરતું તેજનું મંડળ કરો." પછી નારાયણજીએ મૂર્તિ ફરતું તેજનું મંડળ કર્યું. ।।૩૭૨।।

૩૭૩. શ્રીહરિને સંતાડીને ગાવાનું બ્રહ્માનંદસ્વામીને દુ:ખ

અને કોઈ સમયને વિષે **ગઢપુર**માં બ્રહ્માનંદસ્વામી અક્ષરઓરડીમાં મહારાજ પાસે આવ્યા. મહારાજનાં ચરણારવિંદમાં મસ્તક મૂકીને રુદન કરવા લાગ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "સ્વામી ! શા સારુ રુઓ છો ?" ત્યારે તે એમ બોલ્યા કે, "સાક્ષાત્ અક્ષરધામના પતિ એવા જે તમે, તે તમને સંતાડીને ગાવા પડે છે, તેનું અંતરમાં અમને બહુ દુ:ખ થાય છે." ત્યારે મહારાજ બોલ્યા કે, "સ્વામી ! આપણે તો અનેક જીવનાં કલ્યાણ કરવા સારુ આવ્યા છીએ, તે જેમ સમાસ થાય અને અનેક જીવનાં કલ્યાણ થાય એમ ગાવવું અને જેમ છે તેમ યથાર્થ સમજવું." ।।૩૭૩।।

૩૭૪. નંદસંતો પરોક્ષના નામે પ્રગટને ગાતા

અને ક્યારેક અક્ષરઓરડીમાં મહારાજ પાસે એક ભક્ત પ્રસાદી કરવા સારુ મૂર્તિ લાવ્યો. તેને હાથમાં લઈને 'કુંજવિહારી' એવું નામ વાંચીને મહારાજ બોલ્યા કે, "અમે કોઈ દિવસ કુંજમાં વિહાર કર્યો નથી, માટે આ નામને ફેરવો." પછી નામ ફેરવ્યું. પછી સભામાં આવીને વિરાજમાન થયા અને બોલ્યા જે, "મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તથા પ્રેમાનંદસ્વામીનાં કીર્તન ગવાય છે અને તેમાં

ગોકુળ, મથુરા, વૃંદાવન, યમુના, ગોપી, ગોવાળ એવાં નામ આવે છે, ત્યારે સર્વે ત્યાં જતા રહે છે અને અમે એકલા જ અત્રે બેસી રહીએ છીએ; પણ ગાનારા તો પ્રગટ મૂર્તિને અને તેના સંબંધને પામ્યાં જે ભક્તજન, સ્થાનક કે તીર્થ તેને જ તે તે નામે કરીને ગાય છે. એમ સમજતા નથી." ॥૩૭૪॥

૩૭૫-૩૭૬. વિમુખ થયેલ દીનાનાથ ભટ્ટને નિશ્ચય કરાવ્યો.

દીનાનાથ ભટ્ટને નિર્વિકલ્પાનંદે અવગુણ ઘાલીને વિમુખ કર્યા. પછી એમની પુત્રીને ભૂત વળગ્યું. તે અનેક ઉપાય કર્યા પણ ન નીસર્યું. એટલે એ મહારાજ પાસે આવ્યા ને તરત જ ભૂત તેમાંથી નીસરી ગયું. પછી ભટ્ટને મહારાજે પોતાની મૂર્તિ અખંડ પાળા, કાઠી સહિત દેખાડી. તે સર્વે કાળ ને સર્વે ક્રિયામાં દેખાય. એમ બહુ દિવસ દેખાડીને તેમને પોતાનો નિશ્ચય કરાવ્યો. ॥૩૭૫॥

અને દીનાનાથ ભટ્ટને મહારાજે કહ્યું કે, "તમારે કેટલા શ્લોક કંઠે છે ?" પછી તે બોલ્યા, "અઢાર હજાર." મહારાજ કહે, "તમારા કલ્યાણ માટે કેટલા શ્લોક માન્યા છે." ત્યારે ભટ્ટે કહ્યું, "એ વાતની તપાસ કરી નથી." ॥૩૭૬॥

૩૭૭. ભાદરાના ડોસાભાઈનાં થાક ને ઊંઘ ટાળ્યાં.

અને ગામ **ભાદરા**ના ડોસાભાઈ દિવસે ખેતીનું કામ કરીને થાકીને રાત્રીએ મહારાજ પાસે બેઠા અને ડોલાં મારતા હતા. એ જોઈને મહારાજે તેમને કહ્યું કે, "તને બહુ ઊંઘ આવે છે ?" ત્યારે ડોસાભાઈ બોલ્યા કે, "થાક લાગ્યો છે, એટલે ડોલાં આવે છે." મહારાજ બોલ્યા કે, "જે પ્રથમ સૂતો હશે એને તારો થાક અને ઊંઘ જાશે અને તને તે નહિ નડે." એમ તેમને જીવનપર્યંત સદાય રહ્યું. ॥૩૭૭॥

૩૭૮. અમદાવાદમાં એક વિપ્ર શ્રીહરિનો આશ્રિત થયો.

અને શ્રીનગરને વિષે મહારાજ ખાડિયામાં ઊતર્યા હતા. ત્યાં એક બ્રાહ્મણ અને એક ખાખી એ બે આવ્યા. તે ખાખી તો મહારાજની ગાદી

ઉપર બેઠો ને વિપ્ર તો પાસે બેઠો. અને ખાખી તો એમ બોલ્યો જે, "પાખંડ ક્યું કરતે હો ?" ત્યારે મહારાજ કહે, "અમે તો ભગવાનની ભક્તિ કરતે હે, ધર્મ પાલતે હે." ત્યારે વિપ્ર તો એમ બોલ્યો કે, "તમે તો સાક્ષાત્ ઈશ્વર છો ને ભગવાન છો." ત્યારે ખાખી એમ બોલ્યો જે, "ઓય, સાલેકું ચોટ લગાઈ !" એમ કહીને ચીપિયો લઈને ભાગી ગયો. ને વિપ્ર તો પ્રાર્થના કરવા મંડ્યો કે, "હે પ્રભો ! મેં આ ઉપાધિ કરાવીને તમારો દ્રોહ કર્યો, તે મારો ગુનો માફ કરો." એમ કહીને પોતાને હાથે પોતાના મુખે થપાટો મારી ને નિયમ ધારીને આશ્રિત થયો. ॥૩૭૮॥

૩૭૯. ગઢપુરમાં પરમાનંદસ્વામીએ વરસાદ વરસાવ્યો.

અને કોઈક સમયમાં **ગઢપુર**ને વિષે વાડીમાં લંગડા પરમાનંદસ્વામી પાસે માનકૂવાવાળા હરિભક્ત પગે લાગવા આવ્યા. સ્વામીએ તેને એમ કહ્યું કે, "મોડો કેમ આવ્યો ?" ત્યારે તે હરિભક્તે કહ્યું કે, "વરસાદ નથી એટલે ચીભડાંના વેલા સુકાય છે, તેને પાણી પાતો હતો એટલે વાર થઈ." ત્યારે તેમણે એમ કહ્યું કે, "જાઓ, દરબારમાં ખબર કાઢીને આવો. મહારાજ ગાડીઓ જોડાવીને માંડવધાર ગયા છે, તે પાછા આવ્યા હોય તો વરસાદ થાય." ત્યારે તે હરિભક્ત દરબારમાં જોઈને આવ્યા ને કહ્યું જે, "મહારાજ આવ્યા છે." ત્યારે પરમાનંદસ્વામીએ મોટાં ફોરે અતિશે વરસાદ કર્યો. ને નદીમાં અતિ પૂર આવ્યું. મહારાજ કહે, "આ તો કોઈ બીજો વરસે છે, ઈન્દ્ર નથી વરસતો."

પછી એમણે હરિભક્તને મહારાજ પાસે ખબર કહેવા મોકલ્યો કે, 'લંગડા પરમાનંદસ્વામી પોતાના રૂપે કરીને તમારાં દર્શને આવે છે.' એમ ખબર કહેવડાવી. ને વંટોળિયા રૂપે મોટાં મોટાં ફોરાં નાખતાં નાખતાં મહારાજને દર્શને આવ્યા. મહારાજે કહ્યું કે, "આ ઈન્દ્રનો અવતાર છે." ॥૩૭૯॥

૩૮૦. સંતદાસજીહમીરસરોવરમાંથી બદરિકાશ્રમમાં ગયા.

અને **ભૂજમાં** મહારાજ મોટા મોટા સાધુ તથા ત્યાંના હરિજનને ભેળા લઈને હમીર તળાવમાં નાહવા પધાર્યા. ત્યાં ઘણી વાર સુધી નાહીને બહાર નીકળીને વસ્ત્રો પહેર્યાં. એ વખતે સાધુ એમ બોલ્યા કે, "સંતદાસજી હજી નીકળ્યા નથી." ત્યારે મહારાજે કહ્યું, "સંતદાસજી તો બદરિકાશ્રમમાં પહોંચ્યા ને ત્યાંથી પાછા જેતલપુરમાં આવે છે."॥૩૮૦॥

૩૮૧. કરજીસણમાં કૂવામાં ડૂબકી મારી ગઢડેથી એક ભક્તને શ્રીહરિ ધામમાં મેલી આવ્યા.

અને કોઈક સમયને વિષે મહારાજ કરજીસણમાં વરખડા પાસે નાનાભાઈના કૂવામાં ધૂબકા મારીને ના'તા હતા. તે પાણીમાં ડૂબકી મારીને પહોર વાર સુધી જળથી બારા ન નીસર્યા. તેને જોઈને ગોવિંદજીભાઈ આદિક હરિજન ત્યાં હતા, તે ચિંતા કરવા મંડ્યા. ત્યારે મહારાજ જળથી બહાર નીસર્યા. ત્યારે તે ભક્તે પૂછ્યું કે, "આટલી વાર કેમ થઈ ?" ત્યારે મહારાજ બોલ્યા કે, "ગઢડે એક હરિભક્તે દેહ મૂક્યો, તેને તેડવા ગયા હતા. તે તેને અક્ષરધામમાં મેલીને આવ્યા માટે વાર થઈ." ॥૩૮૧॥

૩૮૨. દેવળાના હરખશાની દુષ્કાળમાં રક્ષા કરી.

અને કોઈક સમયને વિષે મહારાજ ગામ **દેવળા**માં પધાર્યા. ત્યાંના હરખશા વણિક ભક્તે મહારાજને કહ્યું કે, "મારે ઘેર રસોઈ કરાવું ને ત્યાં જમવા પધારો." ત્યારે મહારાજે કહ્યું કે, "રોટલા-દાળ કરાવજો." ત્યારે તેણે પોતાની સ્ત્રી સાથે વિચાર કર્યો કે, "ભગવાન પરોણા થયા, તેને રોટલા કેમ પિરસાય ?" પછી પોતાની સારી જણસ ઘરાણે મૂકીને ખાંડના લાડુ કર્યા. પછી મહારાજને જમવા બેસાડ્યા ને લાડુ પીરસ્યા

ને જમ્યા. તે કેડે મહારાજ એ પ્રત્યે બોલ્યા જે, “અમે તો તમને ગરીબ જાણતા હતા, પણ તમે તો ગરીબ નથી. માટે અમારે પાંચસો રૂપિયા જોઈએ છે, તે આપો.” પછી તેણે પોતાની સ્ત્રીનું ઘરેણું કોઈને ઘેર મેલીને પાંચસો રૂપિયા લીધા અને મહારાજને કહે, “આ રૂપિયા લો.”

ત્યારે મહારાજ કહે, “તું રૂપિયા લઈને વિસનગર અમારા ભેળો આવ.” ત્યારે તે લઈને ભેળો આવ્યો. ત્યાં મહારાજે તેને કહ્યું કે, “તુવેર એક રૂપિયાની ચાર મણ મળે છે, તે લઈને તું તારે ઘેર ભરી રાખજે. અમારે જોઈશે ત્યારે મંગાવીશું.” એમ કહીને બે હજાર મણ તુવેર લેવડાવી. પછી અગનોતેરો કાળ પડ્યો અને તુવેર ચાર રૂપિયે મણ થઈ. તે વણિકે ગઢડે મહારાજ પાસે આવીને કહ્યું કે, “કાળ પડ્યો છે, તેણે કરીને ચોરનો ભય લાગે છે. માટે તુવેર મંગાવી લ્યો તો ઠીક.” ત્યારે મહારાજ કહે, “અમારે જોઈતી નથી. એ તો તારે સારુ લેવરાવી હતી. માટે તું વેચીને રૂપિયા કરી લેજે.” પછી વેચી તે આઠ હજાર રૂપિયા આવ્યા. એમ મહારાજે કાળમાં રક્ષા કરી. ॥૩૮૨॥

૩૮૩. વડનગરના વિપ્રની દુષ્કાળમાં સહાય કરી.

ગામ **વડનગર**ના વિપ્ર વનમાળીની માએ મહારાજને એમ કહ્યું કે, “મહારાજ, અમારા ઘરમાં દાણા નથી. તે આ અગનોતેરો કાળ કેમ ઉલ્લંઘાશે ?” પછી મહારાજ બોલ્યા જે, “તારા ઘરમાં કાંઈ દાણા છે?” ત્યારે ડોસી બોલી કે, “આ નાની કોઠીમાં બે મણ મઠ છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “કોઠીને સાણેથી મઠ કાઢજે, પણ ઉપરથી કાઢીશ મા. ને ઢાંકી રાખજે.” પછી તેણે તેવી રીતે કર્યું. તે કોઠીમાંથી મઠ કાઢી કાઢીને વેચીને બીજાં અન્ન-વસ્ત્ર લીધાં. પછી કાળ ઊતર્યો અને સર્વેના દાણા પાક્યા, ત્યારે ડોસીએ કોઠીને ઉપરથી ઉઘાડીને જોયું, ત્યાં તો પૂર્વે હતી તેટલી જ ભરેલી રહી. રંચ જેટલી પણ ઓછી ન થઈ.

અને કરજિસણ આવીને મહારાજે ગોવિંદભાઈને એમ કહ્યું કે, “આ તમારી મોટી કોઠીઓ છે, તેને તમે ઉપરથી મોઢાં બીડીને સાણેથી

દાણા કાઢજો.” પછી તેવી રીતે કર્યું. પછી મહારાજે કેટલાયને તેમને ઘેર અગનોતેરો કાળ ઉલ્લંઘાવવા મોકલ્યા. એમ ભક્તોની રક્ષા કરી. માટે - **भोजने छादने चिंतां वृथा कुर्वन्ति वैष्णवाः।**

योऽसौ विश्वंभरो देवः स्वभक्तान् किमुपेक्षते॥[1] ॥૩૮૩॥

૩૮૪. લીંબડીના સોનીને શ્રીહરિનાં દિવ્ય દર્શન

અને ગામ લીંબડીના રણછોડ સોનીએ **લોયા**માં મહારાજ પાસે આવીને દર્શન કર્યું, તો તેમને ચતુર્ભુજ દીઠા. એટલે ગોપાળજી તરવાડીને એમ કહ્યું જે, “મહારાજને ચાર ભુજા છે ?” ત્યારે તેમણે એમ કહ્યું કે, “અમે બે ભુજા દેખીએ છીએ.” પછી ફેર સાંજ વખતે પણ એવું ચતુર્ભુજ દર્શન થયું. પછી બીજે દિવસે એમણે મહારાજને કહ્યું કે, “તમારે ચાર ભુજા છે ?” ત્યારે મહારાજ કહે, “અમે તો સદા દ્વિભુજ છીએ.”

પછી મહારાજે એમ આજ્ઞા કરી જે, “આમને મુક્તાનંદસ્વામી પાસે લઈ જાઓ.” ત્યારે ત્યાં લઈ ગયા. ત્યાં સ્વામી પાસે એમણે વાતો સાંભળી અને નિયમ ધારીને પછી મહારાજ પાસે દર્શન કરવા આવ્યા. એટલે મહારાજનાં દ્વિભુજ દર્શન થયાં. ને એમને ચતુર્ભુજની ઉપાસના હતી, માટે મહારાજે ચતુર્ભુજ બતાવીને નિશ્ચય કરાવ્યો. ॥૩૮૪॥

૩૮૫. શ્રીહરિ ભોગાવો નદી પાણી પર ચાલીને ઊતર્યા.

અને કોઈક દિવસ વઢવાણમાં ભોગાવો બે કાંઠે ભરપૂર હતો. તે મહારાજ પાણી ઉપર ચાલીને ઊતર્યા. એમ ત્યાં સર્વે જને દીઠા, તે જોઈને આશ્ચર્ય પામ્યા. ॥૩૮૫॥

૩૮૬. શ્રીનગરમાં શ્રીહરિએ શાસ્ત્રીઓને નિશ્ચય કરાવ્યો.

અને **શ્રીનગર**માં મહારાજ પાસે સભામાં શાસ્ત્રી-પુરાણી આવીને બેઠા ને એમ બોલ્યા કે, “તમે સમાધિ કરાવો છો, તે જેને સમાધિ

૧.ભગવાનના ભક્તો અન્નવસ્ત્રાદિકની ખોટી ચિંતા કરે છે; કેમ જે, જે ભગવાન સમગ્ર વિશ્વનું ભરણપોષણ કરે છે, તે શું પોતાના ભક્તોની સંભાળ નહિ રાખે ?

થાય તેને ષડૂર્મિ ન વ્યાપે ?” ત્યારે મહારાજે ગોપાળાનંદસ્વામીને સમાધિ કરાવીને તેમના હાથ ઉપર બળતાં કોયલા મેલ્યા. ને એમ બોલ્યા જે, “આમને કોઈ ઊર્મિ છે ? જુઓ.” પછી એ સર્વે એમ બોલ્યા જે, “આ તો દેહમાં જ નથી. માટે એમને વિષે શી ઊર્મિ કહેવાય ?” એમ કહીને આશ્ચર્ય પામ્યા. અને મહારાજનો નિશ્ચય કરીને સમાશ્રમ કર્યો. ॥૩૮૬॥

૩૮૭. મહારાજે મહાપુરુષદાસજીનો સંકલ્પ સત્ય કર્યો.

અને મૂળીવાળા મહાપુરુષદાસજી મહારાજનાં દર્શન કરવા પ્રથમ વડતાલે આવ્યા. ત્યારે મનમાં એમ સંકલ્પ થયો જે, ‘મહારાજની મૂર્તિમાં તેજ છે, એમ કહે છે, તે તેજ કેવું હશે ?’ તે જ્યારે દર્શન કર્યું ત્યારે પ્રથમ એકલું તેજ દેખાણું અને પછી મનુષ્યાકારે મહારાજ દેખાણા. ॥૩૮૭॥

૩૮૮. મેમકાના રામજીભાઈના બળદનો સેવાથી ઉદ્ધાર

અને ગામ **મેમકા**માં દલવાડી રામજીને એવો નિયમ હતો કે, પોતાના ગામમાંથી જ્યારે સાધુ બીજે ગામ જાય ત્યારે ગાડું જોડીને સાધુને બેસાડીને મેલવા જાય. તે જ્યારે એ માંદો થયો ત્યારે એને મહારાજે દર્શન દઈને એમ કહ્યું કે, “હમણાં તને નહિ તેડી જાઈએ. તારા બળદને તેડી જઈશું.” એમ કહીને બળદને તેડી ગયા. ॥૩૮૮॥

૩૮૯. તલસાણાની દાસીનો સંતને છાણાં આપ્યાથી ઉદ્ધાર

અને ગામ **તલસાણા**માં ચારણની દાસીને એવો નિયમ હતો કે, જે સાધુ ત્યાં આવે તેને રસોઈ કરવા છાણાં આપે. તેને અંતકાળે મહારાજે દર્શન દઈને એમ કહ્યું કે, “તું સત્સંગી તો નહોતી, પણ અમારા સાધુને છાણાં આપતી હતી, માટે તને તેડી જઈશું.” એમ કહીને તેડી ગયા. ॥૩૮૯॥

૩૯૦. નિષ્કુળાનંદસ્વામીની શ્રીહરિને વિષે નિષ્ઠા

અને નિષ્કુળાનંદસ્વામીને રામાનંદસ્વામી ઉપર હેત હતું. તે જ્યારે ધોલેરામાં એ માંદા થયા ત્યારે પ્રથમ રામાનંદસ્વામી તેડવા આવ્યા. ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ રામાનંદસ્વામીને ના પાડી જે, "તમારી ભેળો હું નહિ આવું, જ્યારે મહારાજ તેડવા આવશે ત્યારે આવીશ." પછી રામાનંદસ્વામી ઘંટિયા બળદને તેડી ગયા અને બીજે દિવસે મહારાજ આવ્યા. તેમની ભેળા એ અક્ષરધામમાં ગયા. ॥૩૯૦॥

૩૯૧. બ્રહ્માનંદસ્વામી સાથે હેત હોવાથી સાધુનું સારું થયું.

અને એક સાધુને મહારાજ તેડી ગયા ને એમ આજ્ઞા કરી કે, "આને દેવલોકમાં મેલો." ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, "મહારાજ, એ સાધુએ મારી આજ્ઞા માની હતી, માટે એને બદરિકાશ્રમમાં મેલો, એટલે એ વહેલો અક્ષરધામમાં આવે." એમ કહીને એમને ત્યાં મૂક્યા. તે આ વાત એક હરિભક્તને તેડીને સાધુ બદરિકાશ્રમમાં લઈ ગયા. ને તેણે ત્યાં એ સાધુને દીઠા ને એ સાધુને તેણે પૂછ્યું, ત્યારે તે સાધુએ આ વાત કહી. તે કેડે મહારાજે એ સાધુને એમ કહ્યું જે, "આ ભક્તને શા સારુ લાવ્યા છો ? એનું આયુષ્ય બાકી છે. તે એને પાછો મેલી આવો." પછી એણે દેહમાં આવીને આ વાત કહી. ॥૩૯૧॥

૩૯૨. કૃપાનંદસ્વામીમાં હેતથી ભક્તને અક્ષરધામ મળ્યું.

અને એક ભક્તને અંત સમયે મહારાજ બદરિકાશ્રમમાં લઈ ગયા. અને ત્યાં એને મેલવા માંડ્યો, ત્યારે બોલ્યો કે, "હું આંહીં નહીં રહું. જ્યાં કૃપાનંદસ્વામી હશે ત્યાં રહીશ." પછી એને અક્ષરધામમાં કૃપાનંદસ્વામી પાસે મેલ્યો. માટે એકાંતિક સાધુ સાથે જીવ બાંધ્યો હોય તો બહુ મોટું કામ સિદ્ધ થાય. ॥૩૯૨॥

૩૯૩. ચોખ્ખી ઉપાસના વિના અક્ષરધામ ન મળ્યું.

અને એક ભક્ત જૂનો ને અવતાર-અવતારીની રીતની વાતોને જાણે, ને ચોખ્ખી ઉપાસનાની વાર્તાઓમાં રુચિ નહીં. મહારાજનાં દર્શન અને સમૈયા ઘણા કરેલા. એક ભક્ત તો નવો ને મોટા એકાંતિક સાધુનો સમાગમ કરીને, ચોખ્ખી ઉપાસનાની વાતો દૃઢ સમજીને મહારાજને ભજતો. એ બંને ભેળા થાય ત્યારે એ બંનેને પરસ્પર સંવાદ થાય. એમ કરતાં કોઈક સમયે તે વૃદ્ધ ભક્ત માંદો થયો, ત્યારે તેને નવા ભક્તે કહ્યું કે, "તમે મને કોલ આપો કે, તમે જે ધામમાં જાઓ ત્યાંથી મને કે'વા આવશો."

પછી જૂના ભક્તે દેહ મેલ્યો. પછી થોડા દિવસ કેડે એ ઘરડા ભક્તે નવા ભક્તને શંખ-ચક્ર-ગદા-પદ્મ ધારી ને અતિ તેજોમય અને ચતુર્ભુજ એવે રૂપે દર્શન દીધું અને કહ્યું કે, "હું અક્ષરધામમાંથી આવ્યો." ત્યારે નવા ભક્તે કહ્યું કે, "તમે વૈકુંઠમાંથી આવ્યા છો એમ જાણાય છે. કેમ કે, અક્ષરમાં ચતુર્ભુજ પાર્ષદ નથી. ચતુર્ભુજ પાર્ષદ તો વૈકુંઠમાં છે. અને તમે પણ ચતુર્ભુજ છો, માટે તમે અક્ષરધામમાં પહોંચ્યા નથી." પછી વૃદ્ધ ભક્તે એમ કહ્યું જે, "તું માને એવો નથી." એમ કહીને અંતર્ધાન થઈ ગયા. ॥૩૯૩॥

૩૯૪. સંતસમાગમથી સમજણ સુધારે તે તરત તરે.

અને ભગવાનના એકાંતિક મોટા સાધુના સમાગમે કરીને એક ભક્તને સત્સંગની દૃઢ સમજણ થઈ. તે રાજકાર્યમાં રહે એટલે રુચિ રાજસિક, તેને ઉત્તમ દૃઢ સમજણવાળા અને ઉત્તમ રુચિવાળા બીજા એક ભક્ત સાથે અતિ હેત હતું. તેને મંદવાડ થયો. પછી તેને પોતાના મિત્રે પાસે આવીને ભગવદ્‌વાર્તાઓ કરીને સ્મૃતિ રખાવી. પછી તેણે દેહ મેલ્યો. તેને તેડીને મહારાજ સ્વર્ગલોકમાં થઈને ચાલ્યા. તે ભક્ત તો દેવલોકની શોભા જોવામાં આસક્ત થયો, તેથી મહારાજ તેને મેલીને ગયા. તેને જ્ઞાન સાંભળીને ઉત્તમ સમજણ થઈ હતી, એટલે દેવના

ભોગમાં ન જોડાણો. તેણે એ મિત્રને સ્વપ્નમાં આવીને કહ્યું કે, "હું તો દેવલોકમાં રહી ગયો છું." પછી તેને એ મિત્રે કહ્યું કે, "કોઈ વિષયમાં જોડાશો નહિ અને મહારાજને નિરંતર સંભારજો. એટલે મહારાજ દયા કરીને તેડી જશે. જ્યારે તમે ધામમાં જાઓ ત્યારે મને ખબર મોકલજો."

પછી મહારાજ એ ભક્તને ધામમાં તેડી ગયા. પછી સમાધિવાળા સાધુ સાથે એ ભક્તે પોતાના મિત્રને ખબર મોકલી કે, "મહારાજ મને ધામમાં લાવ્યા છે, તે મારા મિત્ર જે એ ભક્ત તેને કહેજો." એમ સમાગમે કરીને સારી સમજણ થઈ હતી, તેથી મોટું કામ થયું. ॥૩૯૪॥

૩૯૫. ભગવાન ન ભજે તે સર્વે ગાંડા છે.

અને કોઈક દિવસ ગામ **માંગરોળ**માં હરિજનોએ રામાનંદસ્વામીને એમ કહ્યું કે, "ખબોશા ગાંડો થયો છે. તે બજારમાં નગ્ન બેઠો થકો ધૂળના પદાર્થનાં નામ કહીને વેપાર કરે છે." તે સાંભળીને રામાનંદસ્વામી બોલ્યા કે, "સર્વે ખબાશા છે અને સર્વે ધૂળનો વેપાર કરે છે." ॥૩૯૫॥

૩૯૬. અસલાલીના વેણીભાઈએ કહીને દેહ મૂક્યો.

અને ગામ **અસલાલી**ના વેણીભાઈએ એમ કહ્યું કે, "આજ દિનથી અઢી મહિને હું દેહ મેલીશ." તે અઢી મહિના સંપૂર્ણ થયા, ત્યારે મહારાજ તેડવા આવ્યા ને દેહ મેલ્યો. ॥૩૯૬॥

૩૯૭. જેતલપુરના આસજીભાઈનો સંતસ્નેહ

અને ગામ **જેતલપુર**ના આસજીભાઈ મંદિરમાં સાધુને વાગ્યું હતું તે પાટો બાંધતા હતા. તે સમયે ઘેર જુવાન દીકરો મરી ગયો. ત્યારે ઘેરથી દોડતું મનુષ્ય તેડવા આવ્યું અને કહ્યું કે, "તમારો દીકરો મરી ગયો છે, ને ઘેર બોલાવે છે." ત્યારે તે આસજીભાઈ બોલ્યા કે, "મારું શું કામ છે ? એને બાળી આવો." એમ કહીને ન ગયા અને લગાર પણ શોક ન કર્યો. ॥૩૯૭॥

૩૯૮. લખતરના સુરચંદશાની સમજણ

અને ગામ લખતરમાં સુરચંદશાનો દીકરો પરણતો હતો, ત્યારે કોઈએ કહ્યું કે, "હવે માણેકસ્થંભ રોપો અને ગણેશ બેસાડો." ત્યારે બીજા બોલ્યા જે, "હજી મુહૂર્તની વાર છે. મુહૂર્ત આવે ત્યારે ગણેશ પધરાવવા." ત્યારે સુરચંદશા એમ બોલ્યા કે, "હું બરોબર મુહૂર્ત જાણું છું. કાં લાલો પ્રથમ રાંડશે, કાં એની સ્ત્રી પ્રથમ રાંડશે. બેમાંથી એક જરૂર રાંડશે. માટે માણેકસ્થંભ રોપો અને ગણેશનું સ્થાપન કરો." પછી ગણેશને બેસાડ્યા. ॥૩૯૮॥

૩૯૯. માંગરોળમાં ગોવર્ધન શેઠની ફઈનો ઉદ્ધાર

અને શ્રીનીલકંઠ બ્રહ્મચારી જે શ્રીજીમહારાજ તે જે તે પંચતીર્થોમાં સાડા ત્રણસો તીર્થ છે, તેને પવિત્ર કરતા ને ત્યાંના રહેનારાને દર્શન દઈને કૃતાર્થ કરતા થકા પ્રથમ શ્રીગોપનાથ થઈને, પ્રભાસ થઈને શ્રીમાંગરોળ બંદરે આવ્યા. અને તેના આથમણા દરવાજાથી દક્ષણાદિ વાવ્યના રમણા ઉપર ઉગમણે મુખારવિંદે ધ્યાનમુદ્રાએ કરીને વિરાજમાન થયા હતા. તે જ દિવસ ગોવર્ધનભાઈ સવારમાં દિશાપાણી જઈ આવીને મહારાજને સન્મુખ દાતણ કરવા બેઠા. તેમની વૃત્તિઓ ચકમકની સમીપે લોઢું ખેંચાય તેમ મહારાજની મૂર્તિમાં ખેંચાઈ ગઈ. પછી ગોવર્ધનભાઈએ એમ જાણ્યું કે, 'આ મોટા પુરુષ છે.' એમ જાણીને પાસે જઈને બે હાથ જોડીને દંડવત્ પ્રણામ કરીને બોલ્યા કે, "હે મહારાજ ! મારે ઘેર દયા કરીને ભિક્ષા કરવા પધારો." એવી રીતે ઘણીક વાર પ્રાર્થના કરી, પણ મહારાજે હા કે ના કહી નહિ, ને તે તો થાકીને છેટે જઈને બેઠા. પછી મહારાજે ધ્યાનમાંથી જાગીને ચારે બાજુ જોયું. ત્યારે ગોવર્ધનભાઈએ હાથ જોડીને કહ્યું, ત્યારે મહારાજ બોલ્યા કે, "અમે વસ્તીમાં જતા નથી. માટે તમે અહીં લાવો તો જમીએ."

ત્યારે તે ગોવર્ધનભાઈ ઘેર જાઈને પોતાની ફઈ મરી ગઈ હતી તેનું ખરચ કર્યું હતું, તેની જલેબી ઘણી વધી હતી, તે જલેબીનો થાળ

ભરીને અને નવા તરતના કરેલા ગાંઠિયા થાળમાં મેલીને મહારાજ પાસે જઈને આગળ થાળ મેલ્યો. પછી મહારાજ નાહીને જમવા બેઠા. થાળમાંથી ગાંઠિયા જમ્યા અને એમ બોલ્યા જે, “અમને ગળ્યું ખાવાની રુચિ નથી.” ત્યારે ગોવર્ધનભાઈ બોલ્યા કે, “બીજા ગાંઠિયા લાવું ?” ત્યારે મહારાજે ના પાડી. પછી પ્રસન્ન થઈને મહારાજ બોલ્યા કે, “વર માગો.” ત્યારે ગોવર્ધનભાઈ બોલ્યા કે, “મારે રામાનંદસ્વામીનો સત્સંગ છે અને તેમની દયાએ કરીને મને સમાધિ થાય છે. તે હું લોકાંતર સુધી જાઉં છું, પણ મારી ફઈ યમપુરને વિષે નરકના કુંડમાં પડ્યાં છે. તે જ્યારે હું ત્યાં જાઉં છું, ત્યારે હાથ ઊંચો કરીને એમ કહે છે જે, ‘હે ગોવર્ધન, હે ગોવર્ધન, મને કાઢ.’ પણ હું પાસે જઈ શકતો નથી. કેમ કે યમદૂત મારવા ઊઠે છે. માટે મારી ફઈ પૂતળીનો મોક્ષ કરો, એ માગું છું.”

ત્યારે મહારાજ બોલ્યા કે, “પૂતળી રામાનંદસ્વામીનાં સત્સંગી નહોતાં ?” ગોવર્ધનભાઈ બોલ્યા જે, “એ સત્સંગી તો હતાં, પણ એક દિવસ સ્વામીનાં દર્શને કોઈક ગામના હરિભક્ત આવ્યા. તેમણે સ્વામી આગળ સોનાનો પાસલો મૂક્યો. ત્યારે સ્વામીએ પૂતળીને કહ્યું કે, ‘તું એને લઈને તારી પાસે રાખ. જ્યારે અમે માગીએ ત્યારે પાછો આપજે.’ ત્યારે તે કહે, ‘ઠીક,’ એમ કહીને પાસલો લીધો.

પછી ઘણા દિવસે સ્વામીએ એ પાસલો પાછો માગ્યો. ત્યારે પૂતળીએ કહ્યું જે, ‘મેં લીધો જ નથી.’ ત્યારે સ્વામી બોલ્યા કે, ‘તું પાસલો નથી આપતી, તે પાપે કરીને તારે યમપુરીમાં જવું પડશે.’ એમ કહ્યું તોપણ ન આપ્યો. પછી મરીને એ યમપુરીમાં ગઈ છે.”

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, “હે ગોવર્ધન, મારું ધ્યાન કરીને સમાધિ કરીને તું યમપુરીમાં જા અને પૂતળીનો હાથ પકડીને નરકમાંથી કાઢ.” ત્યારે તેણે ત્યાં જઈને હાથે ઝાલીને તેને કાઢી. ને પડખે જોયું ત્યારે વિષ્ણુના પાર્ષદ દેખ્યા ને તે એમ બોલ્યા જે, “કાંઈ ફિકર કરશો

નહીં. અમે તો ધણીએ મોકલ્યા આવ્યા છીએ." પછી ગોવર્ધન પૂતળીને મહારાજ પાસે લાવ્યા અને મહારાજે તેને બદરિકાશ્રમમાં મોકલી. ॥૩૯૯॥

૪૦૦. ગોવર્ધનભાઈને સમુદ્રમાં ફેંકીને બ્રહ્માંડની રચના બતાવી.

કોઈક દિવસ ગામ **માંગરોળ**માં મહારાજ, મુક્તાનંદસ્વામી તથા ગોવર્ધનભાઈ એ ત્રણ જણા સમુદ્રમાં ના'વા ગયા. તે કાંઠે વસ્ત્રો ઉતારીને ઘણી વાર ના'યા. પછી મહારાજે ગોવર્ધનભાઈને ધક્કો માર્યો. એટલે તે પાણીમાં પેસી ગયા અને બહુ વાર થઈ પણ નીકળ્યા નહિ. ત્યારે મુક્તાનંદસ્વામી ઉદાસ થઈ ગયા. ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "કાંઈ ચિંતા કરશો નહિ, એ તો હમણાં આવશે." તોય સ્વામી કહેવા લાગ્યા કે, "લોકો આપણને શું કહેશે ?" એમ કહે છે તેટલામાં તો ગોવર્ધનભાઈ જળમાંથી નીકળીને જ્યાં મહારાજ અને મુક્તાનંદસ્વામી બેઠા હતા ત્યાં જઈને હાથ જોડીને ઊભા રહ્યા. ત્યારે મહારાજ કહે, "ગોવર્ધન, તમે ક્યાં ગયા હતા ?" ત્યારે તેમણે કહ્યું કે, "હું તો સાત સમુદ્ર, સાત દ્વીપ અને લોકાલોકનું ઉલ્લંઘન કરીને બ્રહ્માંડની રચના જોઈ આવ્યો." એમ કહ્યું ને જુદી જુદી વિક્તિએ સહિત વાર્તા કરી. તે સાંભળીને મુક્તાનંદસ્વામી આશ્ચર્ય પામ્યા. ॥૪૦૦॥

૪૦૧.મેઘપુરમાં રામાનંદસ્વામીએ ભાટની જુવાર બચાવી.

મેઘપુરમાં રામાનંદસ્વામી તુંબડી હાથમાં લઈને કૃષ્ણ ભાટની વાડીએ ના'વા પધાર્યા. તે સમે કૃષ્ણ એમ બોલ્યો જે, "હે સ્વામી ! ઓણ તો ઉનાળુ જાર બગડી છે. તે છોકરાં જાર વિના રહેશે." ત્યારે સ્વામીએ તુંબડીનું જળ જારને છાંટ્યું ને એમ બોલ્યા જે, "તારી જાર આખા ગામની જાર કરતાં સારી થાશે, પણ આવતાં ચોમાસામાં વરસાદ ઘણો છે, માટે ઝટ લણી લેવરાવજો." એમ કહીને કૃષ્ણની ઘોડીએ બેસીને ગામ ભાડેર ગયા.

પાતળભાઈ ઘોડી લઈને સ્વામીને તેડવા આવતા હતા. તે માર્ગમાં ભેળા થયા. ત્યારે સ્વામીએ કૃષ્ણને ઘોડી સહિત પાછો વાળ્યો. ને સ્વામીએ વારંવાર એમ કહ્યું જે, "જાતાંવેંત જાર લણી લઈને ઘરમાં ઘાલી દેજો, ને કડબ પણ ઘરમાં ઘાલી દેજો." ત્યારે તેણે પણ સ્વામીના કહેવા પ્રમાણે કર્યું. પછી વરસાદ બહુ વરસ્યો. તેણે કરીને લોકોની જાર સડી ગઈ ને કોઈને મૂઠી જેટલી પણ ન થઈ. ॥૪૦૧॥

૪૦૨. મેઘપુરમાં મહારાજે કૃષ્ણભાટ પાસે કુરાન બોલાવ્યું.

કોઈક સમયને વિશે મહારાજ મેઘપુરમાં બિરાજમાન હતા. ને પાસે કૃષ્ણ ભાટ બેઠો હતો. તે સમયમાં કોઈક ફકીર મહારાજ પાસે આવ્યો. તેને મહારાજે કહ્યું જે, "આવો સાંઈ[૧], તુમારી બગલમાં ક્યા હે ?" ત્યારે તેણે કહ્યું જે, "કુરાન હે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "આ હમારે પાસે બેઠા હે સો સાંઈ હે, ને ખલબલસા ઈસકા નામ હે, ને કુરાન પઢે હે." ત્યારે તે સાંઈ કહે, "એહી ગભરુ[૨] કહા કુરાન જાને!" ત્યારે મહારાજ બોલ્યા જે, "સબ કુરાન જાનતા હે, તુમ તુમારી પોથી ખોલો." પછી તેણે પોથી છોડી. એટલે મહારાજ બોલ્યા જે, "બોલ ખલબલસા." ત્યારે તે બોલ્યો ને ફકીર પાનાં ફેરવવા મંડ્યો. તે જોઈને તે ફકીર આશ્ચર્ય પામ્યો ને એમ બોલ્યો જે, "એ તો તુમ બોલતા હે. એહી ગભરુ કહા બોલે ? ને તુમ ખુદા હો." એમ કહીને પગે લાગીને તે ગયો. એમ મહારાજે કૃષ્ણ ભાટ પાસે કુરાન બોલાવ્યું ॥૪૦૨॥

૪૦૩. કચ્છના રણમાં શ્રીહરિએ સાંઈને સમાધિ કરાવી.

એક વખત મહારાજ અને કાળાતળાવના રવજીભાઈ અને તેરા ગામના માવજીભાઈ કચ્છમાં આવતા હતા. તે રણ ઊતરીને કોઈક ગામના તળાવ તટે ઊતર્યા હતા. તે સમયમાં કોઈક ફકીર કચ્છમાંથી

૧.સંતપુરુષ ૨.બિચારો; બાળોભોળો

સામે કાંઠે જાતો હતો. તે મહારાજ પાસે આવીને ઊભો રહ્યો. એટલે મહારાજ બોલ્યા જે, "સાંઈ, ક્યાં રહેતે હો ?" ત્યારે સાંઈ બોલ્યો જે, "દિલકે ભીતર." ત્યારે મહારાજ બોલ્યા જે, "દિલકે ભીતર સાહેબકા તબેલા હે. સો તુમ દેખ્યા હે ?" ત્યારે તે કહે, "નહિ દેખ્યા હે." પછી મહારાજે તેને ધામ દેખાડ્યું અને તેને સમાધિ થઈ ગઈ. ત્યાં મહારાજનું અલૌકિક ભારે ઐશ્વર્ય જોઈને તે અતિશે આશ્ચર્ય પામ્યો. પછી સમાધિમાંથી જાગીને મહારાજને પગે લાગીને એમ બોલ્યો કે, "તુમ તો ખુદા હો."

પછી મહારાજ બોલ્યા કે, "સાંઈ તુમ જાઓ." ત્યારે એ જાણે જે એ ભગવાનને કેમ પૂંઠ થાય ? એટલે એ પાછે પગે ચાલ્યો. તે થોડોક ચાલે એટલે મહારાજની મૂર્તિ જોઈને જે તેની વૃત્તિ તણાય તે પાછો મહારાજ પાસે આવે. એમ બે-ચાર વાર થયું, એટલે મહારાજ બોલ્યા કે, "આડું વસ્ત્ર ઝાલો." પછી રવજીભાઈએ વસ્ત્ર ઝાલ્યું. એટલે તે સાંઈ ગયો. એમ મહારાજ અનંત ઐશ્વર્ય દેખાડતા. ॥૪૦૩॥

૪૦૪. પ્રભુદષ્ટિથી પવિત્ર બુદ્ધિવાળી થયેલ પટલાણીએ કાઠીઓને છાશ પાઈ.

કોઈક સમયે શ્રીજીમહારાજ કાઠીના અસ્વારે સહિત કાઠિયાવાડમાં કોઈક ગામની ભાગોળમાં થઈને ચાલ્યા. ત્યારે કોઈક પટેલિયો બોલ્યો કે, "છાસ પીધા વેળા થઈ છે, તે છાસ પીતા જાઓ." ત્યારે મહારાજે ના પાડી, તોપણ મહારાજને તાણ કરીને પોતાને ઘેર લઈ ગયો.

પછી પટેલે પોતાની સ્ત્રીને કહ્યું જે, "રોટલા ઘડ." ત્યાં તો તે સ્ત્રી તેને ગાળો દેવા માંડી. પછી બહાર આવીને જોયું, ત્યાં તો ઘોડીથી ઊતરીને મહારાજ ઊભા હતા તેમને દેખ્યા. એટલે મહારાજ તે પટલાણી સામે જોઈને બોલ્યા જે, "પટલાણી, અમારા ભેળા બહુ મનુષ્ય નથી અને છે તે પણ થોડું થોડું જમનારા છે." એમ કહી સામે જોઈને એની ચિત્તવૃત્તિ પોતાને વિશે હરી લીધી અને તેને પવિત્ર

કરી મેલી. એટલે તે બોલી કે, "મહારાજ, તમે ભલે પધાર્યા." એમ કહીને બધાને જમાડ્યા. અને તે બોલી કે, "રાત્રિ રહીને પધારજો." પછી મહારાજ બોલ્યા કે, "અમારે ઉતાવળ છે, તે રાત્રિ તો નહિ રહીએ." એમ કહી મહારાજ પધાર્યા. એમ સર્વનાં નાડીપ્રાણ મહારાજના હાથમાં છે. ॥૪૦૪॥

૪૦૫. લોજમાં શ્રીહરિની અલૌકિક લીલા

અને શ્રીજીમહારાજ લોજમાં મીંઢી આવળ ને મરચાંનો ગોળો કરાવીને જમતા. ગામથી આથમણે જૂની પડેલી વાવ છે. તેમાં જંગલ જાતા હતા. તેની સમીપે વડ-લીંબડા હતા. તેની છાયાએ બેસતા હતા. ત્યાં જે જાય તેને સમાધિઓ કરાવતા. ને તેને ના પાડતા જે, "રામાનંદસ્વામીને કહેશો નહિ." એમ ચમત્કાર જણાવતા હતા. ॥૪૦૫॥

૪૦૬. પીપલાણામાં રામાનંદસ્વામી પાસે જતા વર્ણિરાજની યોગકળા

અને રામાનંદસ્વામી ભૂજથી પીપલાણે આવ્યા. તે સમાચાર સાંભળીને લોજથી મુક્તાનંદસ્વામી જાવા તૈયાર થયા. ને મહારાજને એમ કહ્યું જે, "ચાલો." ત્યારે સર્વે ચાલ્યા. પછી શ્રીજીમહારાજથી ચલાણું નહિ, ત્યારે બધા હાથપગ ચાંપવા મંડ્યા. ત્યારે અયોધ્યાદાસ નામે સાધુ કહે જે, "ઘનશ્યામકું હમ ઉઠા લેંગે." એમ કહી મહારાજને કહે જે, "હમેરા કાંધ ઉપર બેઠો." ત્યારે મહારાજે કહ્યું, "તુમ ઉપાડી શકશો ?" ત્યારે અયોધ્યાદાસ કહે, "પર્વતકું ઉઠાયકે ચલા જાઉં ઐસા હું." ત્યારે મહારાજ એમના કાંધ ઉપર બેઠા અને વિશ્વનો ભાર મેલ્યો. તેથી અયોધ્યાદાસથી ઉઠાણું નહિ ને બોલ્યા જે, "ઊતરો, ઊતરો, મહારાજ ! મર ગયે."

પછી મહારાજે ઊતરીને તુંબડી બગલમાં મારી. અને જેમ તીર જાય તેમ ઓઝત નદીએ પોતા, ને તેના પૂરમાં બાણની પેઠે પાંસરા

ઊતર્યા. અને વાંસેથી સર્વે સાધુ ભેળા થઈને રામાનંદસ્વામી પાસે આવ્યા. એ અયોધ્યાદાસ બાર મણની મેથીની કોઠી ભરેલી ઉપાડીને કોરે મેલતા એવા બળિયા હતા. ॥૪૦૬॥

૪૦૭. જેતપુરમાં રામાનંદસ્વામીનો સિદ્ધાંત જાણવા વિપ્ર આવ્યો.

અને જ્યારે જેતપુરમાં એક વિપ્ર રામાનંદસ્વામીનો સિદ્ધાંત જાણવા માટે નિત્ય આવે, ત્યારે સ્વામી હરિજન આગળ જ્ઞાનવાર્તા કરતા હોય, તેને રહેવા દઈને બીજી વાતો કરે. એમ એક માસ આવ્યો, પણ સ્વામીના હાર્દની કાંઈ ખબર પડી નહિ. ત્યારે એ વિપ્રે એમ જાણ્યું જે, 'જ્યારે એ ના'તા હશે, ત્યારે પોતાના ઈષ્ટદેવનું ભજન કરતા હશે.' એમ વિચારીને સ્વામી ના'વા ગયા ત્યારે એ વિપ્ર લોટો-દાતણ લઈને ભાદર નદીએ ગયો. અને રામાનંદસ્વામી ના'તા હતા ત્યાં કાંઠે દાતણ કરવા બેઠો. ત્યારે સ્વામી ના'તાં ના'તાં, "ઓય બાપ, ઓય મા, ઓય બાપ, ઓય મા." એમ બોલતા જાય ને માથે પાણીના ખોબા નાંખતા જાય. ત્યારે એ વિપ્ર બોલ્યો જે, "હે સાધુ મહારાજ ! શું ભજન કરો છો ?" ત્યારે સ્વામીએ એમ કહ્યું જે, "તું એક મહિનાથી આવે છે, પણ તેં ન પૂછ્યું એટલે ન કહ્યું. તેં આજ પૂછ્યું એટલે કહું છું કે, ઓય જે એ ભગવાન તે જ બાપ છે અને મા છે. બીજા સર્વે જૂઠાં છે." પછી એ વિપ્ર સ્વામીની વાતો સાંભળીને આશ્રિત થયો. ॥૪૦૭॥

૪૦૮. દામોદર ભક્તની શ્રીહરિમાં વિશુદ્ધ ભક્તિ

શ્રીનગરના દામોદર ભક્તે મહારાજ પાસે એમ માગ્યું કે, "હે મહારાજ ! તમારા હોઠે શ્વેત બિંદુ છે તે મને આપો. અને તમારે એ બિંદુ મટી જાય." ત્યારે એ એમને આપ્યું. તે એમને હોઠે થયું ને મહારાજને મટી ગયું. ॥૪૦૮॥

૪૦૯. રામપ્રતાપભાઈના અધિક ભાગ માટે રીસામણાં

ગઢપુરમાં રામપ્રતાપભાઈએ શ્રીજીમહારાજને એમ કહ્યું કે, "હમકું કુછ ભાગ ન દિયા, સબ રઘુવીરકું દે દિયા, ને એસે ભાગ તુમ કિયા જે કાહા નાન, કાહા માન, કાહા કેસર, કહા બીછું, કહા ધોતી, કહા લંગોટી એસે ભાગ તુમને દિયા. માટે હમકું ગઢડામાં અર્ધા ભાગ આપો, નહિ તો હમ હમારા દેશમાં ચલ્યા જાઈએ."

ત્યારે મહારાજે કહ્યું કે, "ગઢડામાં ભાગ નહિ મળે." એટલે રામપ્રતાપભાઈ ચાલી નીકળ્યા. ત્યારે મહારાજે નાજા જોગિયાને કહ્યું કે, "ભાઈને પાછા વાળી લાવો." ત્યારે નાજા જોગિયા ઉગામેડીએ જાતા ભાઈને પૂગ્યા ને એમ કહ્યું જે, "તમને મહારાજ પાછા બોલાવે છે." ત્યારે ભાઈએ પાછા ફરીને નાજા જોગિયાની ઘોડીને લાકડી મારી.

પછી નાજા જોગિયાએ પાછા મહારાજ પાસે આવીને એ સર્વે વાત કહી. એટલે શ્રીજીમહારાજ માણકી ઉપર અસ્વાર થઈને બે આચાર્ય, બ્રહ્માનંદસ્વામી વગેરે સાધુ, પાળા તથા હરિભક્તો એ બધાને સાથે લઈને રામપ્રતાપભાઈને મનાવવા ઉગામેડીએ ગયા. મહારાજે ત્યાં બહુ તાણ કરી, પણ ભાઈએ માન્યું નહિ. એટલે મહારાજે રઘુવીરજી મહારાજને એક કોરે લઈ જઈને એમ કહ્યું કે, "રામપ્રતાપભાઈ તો માનતા નથી, માટે કેમ કરશું ?" ત્યારે રઘુવીરજી મહારાજે એમ કહ્યું કે, "તમારી મરજી હોય તો ગઢડું બધું એમને આપો, હું રાજી છું." એટલે મહારાજે રામપ્રતાપભાઈને એમ કહ્યું કે, "ગઢડામાં તો ભાગ નહિ મળે, પાછા વળો." પણ ભાઈએ ન માન્યું એટલે મહારાજ સર્વે હરિજનો સહિત ગઢડે પધાર્યા. પછી કેડેથી બ્રહ્માનંદસ્વામી મનાવીને લાવ્યા હતા. ॥૪૦૯॥

૪૧૦. વડતાલમાં દામોદર ભક્ત અને જેરામ બ્રહ્મચારીનો ઝઘડો

અને કોઈક સમયે શ્રીજીમહારાજ **વડતાલ**માં રામપ્રતાપભાઈના બંગલામાં વિરાજમાન હતા. અને સમૈયામાં મહારાજે દામોદર ભક્તને

એમ કહ્યું કે, "જેના થાળ હોય તેમને પૂજા કરવા આવવા દેવા." એટલે દામોદર બંગલાના દાદરાને પાસે ઊભા રહેતા. તે જેનો થાળ હોય તેને જાવા દે, પણ બીજા કોઈને જાવા દે નહીં.

પછી ગામ મેઉના ભાવસાર ભૂખણદાસના દીકરા મંછારામ ને તુલસીદાસ, તે મહારાજની પૂજા કરવા સારુ ચંદન, પુષ્પ, વસ્ત્ર, આભૂષણ ઈત્યાદિક સામગ્રીને લઈને જેરામ બ્રહ્મચારીને સાથે લઈને આવ્યા. પણ દામોદરે તેમને રોક્યા અને એમ કહ્યું જે, "જેનો થાળ હોય તેને પૂજા કરવાની આજ્ઞા છે." ત્યારે જેરામ બ્રહ્મચારીએ કહ્યું કે, "આમની તો રસોઈ છે ને થાળ પણ છે." તોય દામોદરભક્તે જવા દીધા નહિ. એમ ખેંચતાણ કરતાં બંને જણા બથોબથ આવ્યા. તે જેરામ બ્રહ્મચારી દામોદરને નીચે પાડીને ઉપર ચડી બેઠા. આ બધો વૃતાંત મહારાજ ઊભા ઊભા જોતા હતા. પછી તે બ્રહ્મચારી ઊઠીને એમ બોલ્યા કે, "મહારાજ તો રૂપિયા રૂપિયાનો થાળ કરાવે છે, તેને પૂજા કરવા દે છે. તમે બસો રૂપિયાની રસોઈ આપી તેમાં શું પૂજા કરાવે ?" એમ બોલીને ચાલી નીસર્યા. એટલે મહારાજ બોલ્યા કે, "જેરામ બ્રહ્મચારી, આવો આવો, પૂજા કરાવો." ત્યારે તે હરિભક્તે મહારાજની પૂજા કરી.

પછી બીજે દિવસે નિત્યાનંદસ્વામીના બંગલામાં મહારાજે જેરામ બ્રહ્મચારીને બોલાવીને કહ્યું કે, "તમારે પાડોશ કેનો હતો ? કારણ કે બ્રાહ્મણમાં આટલો ક્રોધ હોય નહિ. માટે કોળીનો કે મુસલમાનનો પાડોશ હશે." એટલે બ્રહ્મચારી લાલચોળ થઈને રિસાઈ ગયા. તે જોઈને મહારાજે દામોદરને કહ્યું કે, "જેરામ બ્રહ્મચારી આકરા છે, તે કૂવે પડીને મરશે; તેની બ્રહ્મહત્યા દામોદરને લાગશે."

આ સાંભળી દામોદર આકુળવ્યાકુળ થઈને બ્રહ્મચારીને ખોળવા ગયા, પણ ક્યાંય મળ્યા નહિ. પછી સાંજના વખતે કોઈકે એમ કહ્યું કે, "બ્રહ્મચારી ધર્મશાળાના ભંડકિયામાં સૂતા છે." એટલે દામોદર ત્યાં જઈને તેડી આવ્યા. પછી મહારાજ એ બેને દંડવત કરાવીને મળાવતા હતા. ।।૪૧૦।।

૪૧૧. સૂર્યાનંદસ્વામીએ બુધેજના લુહારનું કલ્યાણ કર્યું.

સૂર્યાનંદસ્વામીએ બુધેજમાં લુહાર પાસે દાતરડાં કરાવ્યાં હતાં. પછી જ્યારે સમૈયો આવ્યો અને સૂર્યાનંદસ્વામી વડતાલ જવા તૈયાર થયા, ત્યારે લુહારને બોલાવીને કહ્યું કે, "તારા પૈસા ચુકાવી લે." ત્યારે તે લુહારે એમ કહ્યું કે, "સ્વામી, એ પૈસા હું નહિ લઉં. તમે મારા ઉપર રાજી થાઓ." ત્યારે સ્વામી કહે, "જા તારું કલ્યાણ થાશે."

પછી સૂર્યાનંદસ્વામી વડતાલ પધાર્યા. અને એ લુહારનો જ્યારે અંતકાળ આવ્યો ત્યારે તે એમ બોલ્યો કે, "આ સૂર્યાનંદસ્વામી અને સ્વામિનારાયણ, તે મને તેડવા આવ્યા છે. હું તેમની સાથે જાઉં છું. તમે સર્વે સ્વામિનારાયણનો આશ્રય રાખજો. તમારું કલ્યાણ થાશે." એમ કહીને પછી દેહ મેલીને મહારાજના ધામમાં ગયો. એવી રીતે સૂર્યાનંદસ્વામીના વચનથી મહારાજ લુહારને તેડી ગયા. ॥૪૧૧॥

૪૧૨. ગઢડામાં પાર્ષદોને પ્રગટ અને ધામસ્થ મૂર્તિની એકતા જણાવી.

અને એક દિવસ શ્રીગઢડામાં મહારાજ મેડા ઉપર રહેતા હતા. ત્યારે પાળાએ મહારાજને હેઠે પધરાવીને નવરાવ્યા. મહારાજ એક ધોતિયું પહેરીને બીજું ધોતિયું ઓઢીને સાદડી ઉપર ઉત્તર મુખે બેઠા. પછી એ પાળાએ મહારાજને એમ પૂછ્યું જે, "ધામમાં ભગવાનની મૂર્તિ કેવી હશે ?" ત્યારે મહારાજે કહ્યું કે, **"ધામમાં ભગવાન નાહીને એક ધોતિયું પહેરીને ને બીજું ધોતિયું ઓઢીને સાદડી ઉપર બેઠા છે."** ત્યારે એ પાળાના મનમાં એમ થયું જે, મહારાજે પૂછ્યું તેનો ઉત્તર ન કહ્યો.

પછી એણે મુક્તાનંદસ્વામીને વાર્તા કહી જે, "મેં મહારાજને એમ પૂછ્યું જે, ધામમાં મહારાજની મૂર્તિ કેવી હશે ? પણ મહારાજે ઉત્તર ન કર્યો." ત્યારે મુક્તાનંદસ્વામી કહે, "કેમ કહ્યું ?" ત્યારે એ પાળે એમ કહ્યું જે, "મહારાજ કહે, 'નાહીને એક ધોતિયું પહેરીને બીજું ધોતિયું

ઓઢીને સાદડી ઉપર બેઠા છે.' એમ કહ્યું." ત્યારે મુક્તાનંદસ્વામી કહે, **"જેવા ધામમાં છે તેવા આંહીં છે અને આંહીં છે તેવા ધામમાં છે. એમ મનુષ્ય સ્વરૂપ અને ધામમાં જે સ્વરૂપ એ એક જ છે. એવું મહારાજે કહ્યું, એમ જાણવું."** ॥૪૧૨॥

૪૧૩. આત્માનંદસ્વામીની દેવની માયાથી રક્ષા

અને એક વખતે આત્માનંદસ્વામી મંડળ લઈને કાનમ દેશમાં ફરવા ગયા. તે કોઈક ગામમાં ચોરામાં રાત્રિએ સૂતા હતા. તે કોઈકે ઉપાડીને, સ્ત્રી-પુરુષ બે નગ્ન ખાટલામાં ભેળે સૂતાં હતાં, તેની ભેળે મેલ્યા. તે કેડે એ જાગ્યા અને ઊઠીને ખડકી ઉઘાડીને ચોરે આવીને બીજા સાધુને જગાડીને આ વાત કહી. પછી મહારાજ પાસે આવીને એ વાત કહી. ત્યારે મહારાજે કહ્યું કે, "એ તો દેવે તમને વિઘ્ન કરવા માટે ઉપાડીને ત્યાં મેલ્યા હતા." એમ મહારાજે રક્ષા કરી. તે તેમને ખબર ન પડી. ॥૪૧૩॥

૪૧૪. બલદાણાના જૂઠાભાઈની મહાનુભાવાનંદ સ્વામીએ રક્ષા કરી.

અને ક્યારેક મહાનુભાવાનંદસ્વામી મંડળ સહિત ગામ બલદાણે ગયા. તેમને જૂઠા આચાર્યે જમાડીને ગાડા ઉપર બેસાડીને પોતાના બળદ જોડીને હાંકવા બેઠા હતા. તે બળદ ભડક્યા એટલે સ્વામી તો ઊતરી ગયા અને જૂઠો આચાર્ય પડી ગયા. તેમના પેટ ઉપર પૈડું ફરી વળ્યું, તેથી મૂર્છિત થઈ ગયા. પણ મહાનુભાવાનંદસ્વામીની કૃપાદૃષ્ટિથી મહારાજે તેમની રક્ષા કરી. એમને સારણગાંઠ હતી, તે પણ નાશ કરી નાંખી. ॥૪૧૪॥

૪૧૫. રામાનંદસ્વામી સાધુનાં વૃત્તાંત જોવા દિવ્યરૂપે ફરતા.

અને કોઈક ગામમાં મોટા સાધુનું મંડળ હતું. તે ભાગોળે ગોળા કરીને જમતા હતા. ત્યાં એક પુરુષે આવીને હાથ ધર્યો. તેને પણ એક

ગોળો આપ્યો, તે ઊભો ઊભો જમ્યો. પછી સાધુએ તેને પૂછ્યું, પણ એ કાંઈ બોલ્યો નહિ. પછી એ સાધુમંડળ જ્યારે મહારાજ પાસે આવ્યું ત્યારે મહારાજને પૂછ્યું. એટલે મહારાજે કહ્યું કે, "રામાનંદસ્વામી સાધુનાં વૃત્તાંત જોવા સારુ ફરે છે, તે આવ્યા હતા." ૪૧૫.

૪૧૬. શ્રીહરિએ સ્ત્રીઓને આશ્ચર્ય બતાવ્યું.

અને મહારાજ જન્મ ધરીને પ્રથમ પૃથ્વી ઉપર સૂતા. પછી મુખારવિંદ ઊંચું કરીને સર્વે દિશાઓને જોઈને નેત્રને મીંચી ગયા. તે સમે ત્યાં જે સ્ત્રીઓ હતી, તે આશ્ચર્ય પામતી હતી. ॥૪૧૬॥

૪૧૭. ધ્રાંગધ્રાના મૂળજી ઓઝાને નિશ્ચય કરાવ્યો.

અને કોઈક સમયમાં ગામ **ધ્રાંગધ્રા**ના મૂળજી ઓઝો તથા બે સોની, તે લોયામાં લીલાધર સોની પાસે રૂપિયાની ઉઘરાણી કરવા આવ્યા હતા. તેમણે એમ વિચાર કર્યો જે, 'આંહીં સ્વામિનારાયણ છે તે આપણે જોવા નહિ. શા માટે ? જે એ તો જાદુ કરીને ભ્રમાવે છે.' તેમાં મૂળજી ઓઝાના મનમાં એમ થયું જે, 'એ કેવા હશે ? જોઈએ તો ખરા !' પછી એ બેથી છાના મહારાજ પાસે આવ્યા અને ચતુર્ભુજ મૂર્તિ ને તેજોમય મહારાજને જોઈને એમ વિચાર થયો કે, 'આ તો સાક્ષાત્કાર પુરુષોત્તમનારાયણ ભગવાન છે.'

પછી મહારાજ **નાગડકે** ગયા. ત્યારે તે પણ વાંસે નાગડકે ગયા ને મહારાજ સામે જોઈને આગળ બેઠા. એટલે મહારાજ કહે, "કેમ, તારે વાતો સાંભળવી છે ?" ત્યારે મૂળજી ઓઝાએ કહ્યું જે, "હા." એટલે એમને ઓરડામાં મુક્તાનંદસ્વામી પાસે મોકલ્યા. વાતો સાંભળીને સવારે મહારાજ પાસે આવીને એમ કહ્યું કે, "મને નિયમ ધરાવો." ત્યારે મહારાજે પૂછ્યું, "તું કોણ છે ?" ત્યારે મૂળજીએ કહ્યું, "હું શ્રીમાળી બ્રાહ્મણ છું." ત્યારે મહારાજે કહે, "શ્રીમાળી કાંઈ ઘેલો હોય નહિ !" ત્યારે મૂળજીએ કહ્યું, "મહારાજ, તમે તો શ્રીકૃષ્ણ ભગવાન

છો !" પછી નિયમ ધરાવીને મહારાજે પોતાના કંઠમાં કંઠી હતી, તે તેમના કંઠમાં નાખી અને તે સહકુટુંબ અનન્ય ભક્ત થયા. ॥૪૧૭॥

૪૧૮. ગઢપુરમાં પાર્ષદોની કાળથી રક્ષા

અને કોઈક સમયે ચોમાસામાં દાદા ખાચર અને ભાણ ખાચરને લડાઈ થઈ. તેમાં પાળા ઘવાયા. તે ટેભા લઈને ઘા ભાંગ્યા. બીજા જનોએ એમ કહ્યું કે, "જો મેઘ ગાજે અને વીજળી થાય તો ટેભા તૂટી જાય અને ચમક થાય તો મરી જાય." એટલે મહારાજે ગર્જનાદ અને વીજળી થાવા ન દીધી. ને અમથો વરસાદ વરસે.

મહારાજે પાળાને પૂછ્યું જે, "તમારે જીવવાની ઈચ્છા છે ?" ત્યારે પાળે એમ કહ્યું જે, "જીવવાની ઈચ્છા નથી, પણ એમ કહેવાય જે, ભાણ ખાચરે સ્વામિનારાયણના પાળા મારી નાખ્યા. એમ લાજ જાય એ ફિકર થાય છે." પછી મહારાજે બેચર ચાવડાને પૂછ્યું કે, "તારે જીવવાની ને સંસારના સુખની વાસના છે ?" ત્યારે તેણે પણ પાળાની પેઠે કહ્યું. પછી મહારાજ એમ બોલ્યા જે, "આવરદા આવી રહી હશે, તોપણ આ સમયમાં કોઈ પાળાને મરવા દેવા નથી." એમ કહીને પછી સચ્ચિદાનંદસ્વામીને એમ આજ્ઞા કરી જે, "આજ રાત્રિએ કાળ આવવાનો છે, એટલે તમો લાકડી લઈને દરવાજે બેસો. અને જ્યારે કાળ આવે ત્યારે મારીને કાઢી મેલજો." પછી સ્વામી આખી રાત દરવાજે બેઠા અને કાળને મારી કાઢ્યો. ને કોઈને મરવા ન દીધા. ॥૪૧૮॥

૪૧૯. પૂજાજી કહે તો વરસાદ થાય.

અને ગઢડામાં મહારાજને સુરા ખાચર વગેરે કાઠીએ એમ કહ્યું કે, "બાજરો આદિક મોલ વરસાદ વગર સુકાય છે. તે જો વરસાદ થાય તો પાકે, નહિ તો કાંઈ નહિ પાકે." ત્યારે મહારાજ કહે, "કેટલો વરસાદ થાય તો મોલ પાકે ?" ત્યારે એ ભક્ત બોલ્યા કે, "આ ખાડ ભરાય એટલો વરસાદ થાય તો પાકે."

ત્યારે ત્યાં મેથાણના પૂજાજી હતા, તે સામું જોઈને મહારાજ બોલ્યા જે, "જો પૂજાજી કહે તો વરસાદ થાય." એટલે બધા કાઠી કહેવા મંડ્યા જે, "પૂજાજી બોલો, પૂજાજી બોલો." પણ પૂજાજી ન બોલ્યા. એટલે કાઠી કહે, "તને કાળો નાગ ડસે. શા સારુ નથી બોલતો ? વરસાદ નહિ વરસે તો આ તારા ફાંદામાં શું ભરીશ ? સર્વે મરી જાશું, માટે બોલ." પણ એ તો ન બોલી શક્યા.

પછી બીજે દિવસે કાઠીએ કહ્યું જે, "કેમ કાલ બોલ્યા નહિ ?" ત્યારે પૂજાજી કહે, "મેં તો બોલવાનું કર્યું, પણ મારાથી બોલાયું જ નહિ, એટલે કેમ કરીને બોલું ?" ॥૪૧૯॥

૪૨૦. શ્રીહરિએ મેથાણના મહાશંકર વિપ્રની ઇચ્છા પૂરી કરી.

અને કોઈક સમયે ગામ **મેથાણ**ના મહાશંકર પંચોળી લોયામાં મહારાજને સાંભળીને પોતાનો પુત્ર જે રાજારામ, તેને પગે લગાડવા સારુ રૂપિયા દસ લઈને તેનો એમ ઠરાવ કર્યો જે, પાંચ રૂપિયા મહારાજને પગે મેલવા અને પાંચના સંન્યાસી જમાડવા, એમ ધારીને ત્યાં આવ્યા. પણ મહારાજ ત્યાંથી ચાલી નીકળ્યા, તે એક ગાઉ જઈને પાછા આવીને છાના રહ્યા. તે વાતની ગામના લોકને ખબર નહોતી, એટલે મહાશંકર પંચોળીએ પૂછ્યું. ત્યારે લોક બોલ્યા જે, "મહારાજ આંહીં નથી."

પછી મહારાજ જે ઘરમાં છાના રહ્યા હતા, તેને કરેકર[૧] ઘર હતું. તેમાં પંચોળી રાત રહ્યા અને આખી રાત્રિ એમ ચિંતા કરી કે, 'મહારાજનાં દર્શન થયાં નહિ.' તેને સાંભળીને સવારે મહારાજ સુરા ખાચર આદિક ભક્તને કહ્યું જે, "એ ઘરમાં કોણ ઊતર્યા છે ?" ત્યારે તેમણે કહ્યું કે, "એ તો મેથાણના બ્રાહ્મણ છે." એટલે મહારાજ કહે, "એમને બોલાવો, જે એ દર્શન કરે." પછી એમને કહ્યું ત્યારે એ આવીને દર્શન કરીને પાંચ રૂપિયા મહારાજને પગે મેલ્યા. ત્યારે

૧.એક દિવાલે દિવાલ; અડીને જ

મહારાજે અંતર્યામીપણે એમને કહ્યું કે, "ઓલ્યા પાંચ પણ મેલો." પછી તે પાંચ રૂપિયા પણ મેલ્યા. ॥૪૨૦॥

૪૨૧. મેમકાના મકાભક્તની સંભાળ લીધી.

અને ગામ **મેમકા**ના કણબી મકોભક્ત ગઢડે મહારાજનાં દર્શન કરીને પછી કારિયાણીના સુરદાસ કેશવદાસ સાથે ત્યાં જાવા તૈયાર થયા. ત્યારે મહારાજે કેશવદાસને કહ્યું જે, "આ તમારો સગો છે, તેમને વરસાદ થાય ત્યાં સુધી તમારે ઘેર રાખજો." એમ વારંવાર ત્રણ ફેરા કહ્યું. એટલે એમણે એમ જાણ્યું કે, 'ચોમાસું તો ઘણું છેટે છે, ત્યાં લગી કેમ રખાય ?' પછી ત્યાં ગયા કેડે બીજે દિવસે માવઠું થયું. ત્યારે એ વાત સમજાણી. ॥૪૨૧॥

૪૨૨. કાળમાં ઢોર વેચાવી મૂળજી શેઠની રક્ષા કરી.

અને અગનોતેરાના ચોમાસામાં મહારાજ લીંબડીમાં મૂળજીભાઈને ઘેર આવ્યા. તેમનાં ઝાઝાં ઢોર દેખીને મહારાજ એમ બોલ્યા જે, "મૂળજી, આ ઢોરાં વેચીને પછી રોટલા ખાજે." ત્યારે મૂળજી કહે, "એને કોણ લે ?" ત્યારે મહારાજ કહે, "હરાજી કરીને અર્ધા મૂલે આપી દેજે." પછી મૂળજીએ તેમ જ આપી દીધાં, પછી રોટલા ખાધા. એમ મહારાજે કાળમાં મૂળજીભાઈની રક્ષા કરી. ॥૪૨૨॥

૪૨૩. આણંદમાં અપમાન બાદ શ્રીહરિનો ભક્તોને ઉપદેશ

અને જ્યારે શ્રીજીમહારાજ **આણંદ** ગામ આવ્યા ત્યારે લોકે ઉપાધિ કરીને ગામમાં પેસવા દીધા નહિ, એટલે ત્યાંથી વડતાલે આવ્યા. ત્યારે તખો પગી બોલ્યો જે, "અમારા ગુરુ જે તમે, તે તમને માર્યા અને ગામમાં પેસવા પણ દીધા નહિ, તે અમારી લાજ ગઈ. માટે તેમને અમે મારશું." ત્યારે મહારાજે મુઠ્ઠી ભરીને બાજરી ચોકમાં નાખી. તે ચકલાં આવીને ચણવા મંડ્યાં. તેને સમાધિ કરાવીને એમ બોલ્યા

જે, "સર્વેનાં નાડી-પ્રાણ અમારા હાથમાં છે. જો તાણી લઈએ તો આટલી વાર લાગે. માટે અમારી ઈચ્છાએ થયું છે, તે સારુ તમે કાંઈ કરશો નહીં." ॥૪૨૩॥

૪૨૪. શ્રીહરિનીદૃષ્ટિમાત્રથીબ્રહ્માંડોના અધિપતિઓની બદલી

અને ગઢડામાં મહારાજ સભામાં વિરાજમાન હતા. ને પોતાના ડાબા નેત્રને જમણી કોર કર્યું, ને જમણા નેત્રને ડાબી કોર કર્યું. તેને મુક્તાનંદસ્વામીએ જોઈને મહારાજને પૂછ્યું જે, "હે મહારાજ ! એ શું ચરિત્ર કર્યું ? તે સમજાણું નહિ, માટે કૃપા કરીને કહો." એમ બે વાર કહ્યું, ત્યારે મહારાજ કહે, "સત્સંગ કરશો ત્યારે સમજાશે."

પછી વાડીમાં સ્વરૂપાનંદસ્વામી રહેતા હતા. મુક્તાનંદસ્વામી તેમની પાસે ગયા, ને તેમને પૂછ્યું. ત્યારે સ્વરૂપાનંદસ્વામીએ પણ એમ કહ્યું કે, "સત્સંગ કરશો ત્યારે સમજાશે." પછી ફેર મહારાજ પાસે આવીને પૂછ્યું. ત્યારે મહારાજે કહ્યું કે, "આ બ્રહ્માંડના બ્રહ્મા, વિષ્ણુ, શિવને અને પ્રજાને બનતું નહોતું. તેથી એમને બીજા બ્રહ્માંડમાં મેલ્યા, ને બીજા બ્રહ્માંડના બ્રહ્મા, વિષ્ણુ ને શિવને આ બ્રહ્માંડમાં મેલ્યા. એમ અમે કર્યું." આ સાંભળી મુક્તાનંદસ્વામી આશ્ચર્ય પામ્યા. ॥૪૨૪॥

૪૨૫-૪૨૬. પર્વતભાઈ તથા ગોપાળાનંદસ્વામીની સ્થિતિ

અને પર્વતભાઈ અષ્ટાવરણ થકી પર અક્ષરધામમાં મહારાજની મૂર્તિ તથા પાર્ષદ તથા ઐશ્વર્ય, તેને હસ્તામલ સદાય દેખતા.

અને ગોપાળાનંદસ્વામી અષ્ટાવરણ થકી પર અક્ષરધામમાં શ્રીજીમહારાજને અનેક કોટિ અક્ષરમુક્ત ને અનેક ઐશ્વર્ય સહિત સર્વે ક્રિયાને વિષે સદાય દેખતા. ॥૪૨૫-૪૨૬॥

૪૨૭. આત્માનંદસ્વામીને શ્રીહરિના અંતર્ધાનનાં એંધાણ

અને છ્યાંસીની સાલમાં શ્રીગઢડામાં શ્રીજીમહારાજ માંદા હતા. પૂજાજીએ આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે ધોલેરે જાઓ ને મંદિરમાં કોઈ માણસ નથી." એટલે તે આત્માનંદસ્વામી ત્યાં ગયા. અને એક રાત રહીને બીજે દિવસ રોજકે રાત રહ્યા. એ રાત્રિમાં બ્રહ્માંડ ભરાઈ જાય તેટલું તેજ દેખાણું. તે જોઈને આત્માનંદસ્વામીના મનમાં એમ થયું કે, 'મહારાજે દેહ મેલ્યો કે શું ?' એમ શોકાતુર થઈને ગઢડે આવ્યા અને તે દિવસે મહારાજે દેહત્યાગ કર્યો. ॥૪૨૭॥

૪૨૮ થી ૪૩૧. સ્વરૂપાનંદસ્વામી-વ્યાપકાનંદસ્વામી આદિકની સ્થિતિનું વર્ણન

અને સ્વરૂપાનંદસ્વામી તથા વ્યાપકાનંદસ્વામી દૂર હોય તોપણ દિવ્ય દૃષ્ટિએ કરીને આશ્ચર્યકારી અલૌકિક જે જે ચરિત્ર મહારાજ કરે, તેને નિરંતર સર્વત્ર દેખતા. ॥૪૨૮॥

અને ગોવર્ધનભાઈ તથા પર્વતભાઈ ત્રણ અવસ્થામાં મહારાજને નિરંતર સર્વ ક્રિયા કરતા દેખતા. અને અક્ષરાદિક ધામોમાં સ્વતંત્ર જાતા ને આવતા. ને મહારાજ બસો ગાઉ છેટે જે જે લીલા કરે, તેને જીવુબા નિરંતર હસ્તામળ દેખતાં. ને તે સર્વેને અંતર્યામીપણે કરીને જાણતાં. ॥૪૨૯॥

અને મૂળજી લુવાણાને મહારાજ મળ્યા ત્યારથી તે સમાધિવાન થયા. ને સર્વે લોકોમાં તથા અક્ષરાદિ સર્વે ધામમાં સ્વતંત્રપણે જાય ને આવે, ને તેની વાત સર્વેને કહે. એવા મહામુક્ત થયા. ॥૪૩૦॥

અને સંતદાસજી આ દેહે કરીને બે ફેરા બદરિકાશ્રમમાં નરનારાયણ પાસે ગયા અને પાછા આવ્યા. તે મહારાજનો પ્રતાપ ના હોય તો હિમાલય પર્વત ઉલ્લંઘીને કેમ જવાય ! ॥૪૩૧॥

૪૩૨. લાલજી સુથાર માટે ખારો સાગર મીઠો કર્યો.

અને શ્રીજીમહારાજ એક સેવક જે નિષ્કુળાનંદસ્વામી, તેને ભેળે લઈને કચ્છના રણમાં ચાલ્યા. તેમની પાસે થોડુંક જળ હતું. તે કોઈક પુરુષે માગ્યું તેને આપી દીધું. પછી નિષ્કુળાનંદસ્વામીને અતિ તરસ લાગી. કંઠ સુકાઈ ગયો ને મૂર્છિતવત્ થઈને એ ખારા જળમાં પડી ગયા. ત્યારે મહારાજે એ સમુદ્રનું ખારું જળ હતું, તે ગંગાજળ જેવું મીઠું કર્યું. ને એમ કહ્યું કે, "આ જળ પીઓ." ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ કહ્યું, "ખારું જળ કેમ પિવાય ?" ત્યારે મહારાજ કહે, "ખારું નથી." પછી તે પીધું ને શાંતિ થઈ, પછી ચાખ્યું ત્યારે ખારું થયું.

પછી ચાલ્યા ત્યારે જળમાં એક પુરુષ વંદના કરીને ગયો. ત્યારે સેવકે પૂછ્યું જે, "એ કોણ હતો ?" ત્યારે મહારાજ કહે, "એવા અનેક અલૌકિક પુરુષ અમારા દર્શને આવે છે ને જાય છે." પછી રામાનંદસ્વામી આવીને મહારાજને વંદના કરીને ગયા.

ક્યારેક સચ્ચિદાનંદસ્વામી વહાણે બેસીને કચ્છ દેશમાં મહારાજને દર્શને જાતા હતા. તે સ્નેહે કરીને દેહત્યાગ કરી ગયા, તેને ત્રણ દિવસ થઈ ગયા. ને પછી દેન દેવા સારુ સ્મશાનમાં લઈ ગયા, ને ચિતામાં સુવાર્યા ને અગ્નિ મેલવા વખતે મહારાજે જીવાડ્યા. તે જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા. ॥૪૩૨॥

૪૩૩. શ્રીહરિની રીસ ને દાદા ખાચરની નિષ્ઠાની પરીક્ષા

અને મહારાજ **ધર્મપુર** પધાર્યા[૧] ત્યારે ગઢડેથી રિસાઈને અને કર્મ(કરીમ)ભાઈ પાસે ગાડું જોડાવીને તેમાં બેસીને ત્યાંથી રાધાવાવે પધાર્યા. અને ત્યાં આવીને મહારાજ ટેકરા ઉપર બેઠા. અને દાદા ખાચર તથા બીજા હરિજન પણ મહારાજ વાંસે આવ્યા. અને દાદા ખાચર મહારાજ પાસે હાથ જોડીને બેઠા. ને મહારાજનું ચરણારવિંદ ઝાલ્યું. એટલે મહારાજે ચરણારવિંદનું ઠેબું માર્યું, તે ગડથોલું ખાઈ ગયા.

૧.જવા નીકળ્યા

પછી મહારાજ ત્યાંથી **સારંગપુર** રાત્રિ રહ્યા. અને સવારમાં પોતાનો નિત્યવિધિ કરીને તૈયાર થયા. એ વખતે દાદા ખાચર મહારાજ પાસે આવીને હાથ જોડીને તડકે ઊભા રહ્યા ને કહ્યું જે, "હે મહારાજ ! પાછા ગઢડે પધારો." છતાં મહારાજે માન્યું નહિ અને એમ બોલ્યા કે, "તું મારી વાંસે શા સારુ પડ્યો છું ? હું બ્રાહ્મણ ને તું કાઠી. તારે ને મારે શું છે ?" એમ આકળા થઈને મહારાજ ખિજાયા, તોપણ દાદા ખાચર તો છાંયે ન બેઠા.

પછી મહારાજે ગાડું જોડાવ્યું અને કર્મ(કરીમ)ભાઈને કહે, "હાંકો." ત્યારે કર્મ(કરીમ)ભાઈ કહે, "મહારાજ, ગાડા આગળ દાદા ખાચર સૂતા છે તે કેમ હંકાય ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "ફેરવીને હાંકો." ત્યારે તેમણે ફેરવીને હાંક્યું, તોપણ ત્યાંથી ઊઠીને વળી આડા સૂતા. એટલે મહારાજ બોલ્યા જે, "આણીકોરથી ફેરવીને હાંકો." ત્યારે એણીકોર ફેરવીને હાંક્યું, તોપણ ત્યાંથી ઊઠીને આડા સૂતા. એટલે મહારાજ બોલ્યા જે, "ઉપરથી હાંકો." એમ કહે છે ત્યાં તો આનંદાનંદસ્વામી ક્યાંઈકથી આવ્યા. તેમને મહારાજ કહે, "આમને સમજાવો જે અમને જાવાની રજા આપે." પછી સ્વામીએ સમજાવ્યા. ત્યારે દાદા ખાચર કહે, "પાછા આંહીં આવવાની હા પાડે ને કોલ દે તો જાવા દઉં." પછી મહારાજે હા પાડી ને કોલ દીધો.

કાણોતરના શાર્દુલ ભક્તને મોજડી આપી.

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે બરોલ આવ્યા. ત્યાંના લોકોએ કહ્યું જે, "કાણોતર જાતાં માર્ગમાં ભય આવે છે." પછી ત્યાંથી ભય સારુ આઠ-નવ સરબંદી[૧] રજપૂત લીધા. અને જ્યારે ભયસ્થાનક આવ્યું ત્યારે તેને અર્ધ ગાઉથી મોર પાછા વાળ્યા. ત્યારે રજપૂતોએ કહ્યું, "મહારાજ, ભયસ્થાનક તો હવે આવ્યું છે." એટલે મહારાજે કહ્યું કે, "કાંઈ ભય નથી, તમે પાછા વળો." પછી તે રજપૂતો પાછા વળ્યા.

૧.હથિયારધારી

પછી કોઈ એક ગામ લૂંટીને કોળીનું ધાડું જાતું હતું. તે મહારાજ વગેરેને જોઈ લૂંટવા આવ્યું. એટલે મહારાજે હાથમાં તરવાર લઈને ગાડામાં ઊભા થઈને હાકોટો માર્યો, અને એવું આશ્ચર્ય બતાવ્યું તેણે કરીને એ ધાડ અતિ ભય પામીને નાસી ગઈ. પછી મહારાજ કાણોતર આવ્યા. અને ત્યાં રાત્રિએ જમીને મહારાજ આગળ ગામ કણભાના નાથભક્ત અને ઉમાભાઈ કીર્તન ગાવા લાગ્યા. તે સાંભળીને શાર્દૂલ ભક્તને ઘેર પરોણા આવ્યા હતા, તે પણ આગળ આવીને બેઠા. તેમાંથી એક એમ બોલ્યો જે, "એક સુધો તાણે છે, ને એક ઘામાર છે." એટલે મહારાજ બોલ્યા કે, "ભગવાનનાં કીર્તન ગાય છે, તેને તમે બળદ જેવા કહ્યા, ત્યારે તમે કેવા ?" એટલે સુરા ખાચરે કહ્યું, "તું ભણ જે, 'હું પ્રજાપતિનો હાથી."

પછી શાર્દૂલભક્ત મહારાજને કહે, "મહારાજ, સવારે રસોઈ જમીને ચાલજો." એમ તેનો આગ્રહ જોઈને મહારાજે હા પાડી, પણ મહારાજ સવારમાં વહેલા ઊઠીને બોલ્યા કે, "આપણે ચાલો પરબારા, નહિ તો રોકશે." એમ કહીને વંડી ઊતરતાં એક મોજડી પડી ગઈ, એટલે બીજી પડતી મેલી. ત્યાંથી મહારાજ **જેતલપુર** પધાર્યા. ત્યાં ગઢડેથી આવીને નાજા જોગિયાએ મહારાજને કહ્યું કે, "બાઈઓએ તો અન્ન મેલી દીધાં છે અને એમ કહ્યું છે કે, 'જો મહારાજને દયા આવતી હોય તો અમને દર્શન દેવા વહેલા પધારજો; નહિ તો ચાર ચાર હાથનાં દોરડાં દઈ મેલજો. એટલે ગળાફાંસો ખાઈને મરીએ." તે સાંભળીને મહારાજ **ગઢડે** પધાર્યા. ને ત્યાં સર્વેને અન્ન જમાડીને શાંતિ પમાડી.

❋ ધર્મપુરમાં શ્રીહરિ સાથે દિવ્યરૂપે સચ્ચિદાનંદસ્વામી

ત્યાં એક રાત્રિ રહીને પાછા **જેતલપુર** આવ્યા. ત્યાંથી કર્મભાઈનું ગાડું પાછું વાળીને પોતે **ધર્મપુર** પધાર્યા. ગાડું પાછું આવ્યું તેને જોઈને રાધાવાવે સાંતેડું હાંકતા જે સચ્ચિદાનંદસ્વામી, તે સામા દોડ્યા ને

કહે જે, "મહારાજ ક્યાં ?" ત્યારે વેરોભાઈ બોલ્યા જે, "મહારાજ તો ધર્મપુર પધાર્યા." તે સાંભળીને પ્રેમે કરીને ત્યાં જ પડી ગયા ને અવસ્થા ફરી ગઈ. અને બેડીઓ પગમાં ઘાલીને ઘરમાં બંધીખાને ઘાલ્યા ને તાળું વાસીને ચોકી રાખી; પણ તાળું-કમાડ દીધાં રહ્યાં, ને તેમનો દેહ દિવ્ય થઈને તેમાંથી નીસરી ગયો. તેમને પાછા ઝાલી લાવ્યા ને ઘરમાં પૂર્યા.

પછી જ્યારે એમને ખાધાનું પૂછે ત્યારે તે એમ કહે જે, "મહારાજ બે વખત થાળ જમીને પ્રસાદી આપે છે, તે હું જમું છું." ત્યારે લાધે ઠક્કરે કહ્યું જે, "તમે જૂઠું બોલો છો." ત્યારે તેમણે એમ કહ્યું જે, "મહારાજે બિરંજ હમણાં જમીને મને પ્રસાદી દીધી છે, તેને હું જમ્યો છું." એમ કહીને ઊલટી કરીને બિરંજ કાઢી દેખાડ્યો. તે જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા. ॥૪૩૩॥

૪૩૪. સચ્ચિદાનંદસ્વામીનો ગાંડો સ્નેહ

અને કોઈક ગામના હરિભક્ત મહારાજને પોતાને ગામ પધરાવવા સારુ ગઢડે તેડવા આવ્યા. પછી મહારાજે સાંજે ઠેરાવ કર્યો જે આટલા આંહીં રહે ને આટલા અમારા ભેળા આવે. ને સચ્ચિદાનંદસ્વામીને કહ્યું જે, "તમે આંહીં રહેજો." પણ એમનાથી તો મહારાજ વિના રહેવાય નહિ. તે સારુ મહારાજ સવારમાં ચાલ્યા, એટલે તે પણ મહારાજ ન દેખે એમ કેડે કેડે છેટે ચાલ્યા આવે. પછી કોઈક નદી આવી ત્યાં મહારાજ ના'વા સારુ ઊતર્યા ને દાતણ કરવા બેઠા. ત્યારે સચ્ચિદાનંદસ્વામીને છેટેથી જોઈને એમ બોલ્યા જે, "આ કોણ આવે છે ?" ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "સચ્ચિદાનંદસ્વામી આવે છે."

પછી તે સમીપે આવ્યા એટલે મહારાજે દાતણ કોરે મેલીને દંડવત કર્યો ને એમ બોલ્યા જે, "આ અમારા જીવનો તરસ્યો છે. તેને ના પાડી હતી તોપણ વાંસે વાંસે આવ્યો." એમ કહ્યું એટલે તે પડી ગયા ને રુંવાડે રુંવાડે રુધિર નીકળ્યું.

પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ, સચ્ચિદાનંદસ્વામીનો કાંઈ વાંક છે ? તમારા વિના રહેવાય નહિ તેથી એ શું કરે ? અને જુઓને એમને શરીરમાં રુંવાડે રુંવાડે રુધિર આવી ગયું છે. માટે તમે એને બોલાવો." પછી મહારાજ બોલ્યા જે, "સચ્ચિદાનંદસ્વામી, ચાલો અમારા ભેળા." એટલે તુરત ઊભા થઈને ભેળા ચાલ્યા. તે માર્ગમાં આગળ-પાછળ ચાલે તો મહારાજના મુખનાં દર્શન ન થાય. તે સારુ પડખેના પડખે જાળાં-પથ્થરા ઉલ્લંઘતા આવે. ને મહારાજના મુખનાં દર્શન કરતા આવે. તે મહારાજ બોલ્યા જે, "અમારા ઘોડા થાક્યા પણ આ થાકતા નથી."

કોઈક સમયમાં મહારાજ ને સંત બેઠેલા. સચ્ચિદાનંદસ્વામી આવીને મહારાજનાં દર્શન સારુ ઉપર ઝઝૂમે[૧]. તે જોઈને મહારાજ બોલ્યા જે, "ભૂત થાઈશ ભૂત !" ત્યારે તે કહે, "ભૂત થાઈશ તોય તમને વળગીશ." એમ કહ્યું અને ગોપાળાનંદસ્વામીને કહે, "સ્વામી, તમને મહારાજ વારંવાર બોલાવે છે, ને પૂછે છે, તે તમારું હૈયું ભલું હાથ રહે છે ? અને મને એટલું બોલાવે તો હું ગાંડો થઈ જાઉં." ત્યારે સ્વામી કહે, "અમારાં હૈયાં તમારાં જેવાં પોચાં નહિ, જે હાથ ન રહે." એમ કહ્યું. અને એવા જે પ્રીતિવાળા તે ભગવાન વિના અન્ય પદાર્થને નથી ઈચ્છતા. તે ભાગવતમાં કહ્યું છે જે,

न पारमेष्ठ्यं न महेन्द्रधिष्ण्यं न सार्वभौमं न रसाधिपत्यम्।
न योगसिद्धीरपुनर्भवं वा मय्यर्पितात्मेच्छति मद्विनाऽन्यत्॥[૨]

અને આવા પ્રીતિવાળા ભગવાનને અતિ પ્રિય છે. તે પણ ભાગવતમાં કહ્યું છે કે,

૧.આકળા થાય; તડપ્યા કરે ૨.ભગવાન કહે છે, 'હે ઉદ્ધવ ! જેણે પોતાનો આત્મા પણ મને અર્પણ કરી દીધો છે, એવો મારો પ્રેમી ભક્ત એક મારા સિવાય ન તો બ્રહ્માનું પદ ઈચ્છે, ન તો ઈન્દ્રનું; ન તો સાર્વભૌમ સમ્રાટ થવા ઈચ્છે, કે નથી પાતાળનો અધિપતિ થાવા ઈચ્છતો. અરે..! યોગની મોટી મોટી સિદ્ધિઓને પણ નથી ઈચ્છતો એટલું જ નહીં, પરંતુ એ નિષ્કામ ભક્ત જન્મ-મરણથી છૂટવારૂપ પોતાના મોક્ષને પણ નથી ઈચ્છતો.'(ભાગ.૧૧/૧૪/૧૫)

न तथा मे प्रियतम आत्मयोनिर्न शंकरः।
न च संकर्षणो श्रीर्नैवात्मा च यथा भवान्॥[૧] ॥૪૩૪॥

૪૩૫. કૃપાનંદસ્વામીની શ્રીહરિમાં ગાઢ પ્રીતિ

અને કોઈક સમયને વિશે મહારાજ **નાગડકેથી લોયે** પધારતા હતા. તે સમયમાં કૃપાનંદસ્વામી, સચ્ચિદાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી એટલામાં ફરતા હતા. તે મહારાજને દર્શને આવ્યા. મહારાજનાં દર્શન કરીને મહારાજ ચાલતા હતા તે વળાવવા આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "હવે તમે પાછા વળો." ત્યારે તે ઊભા થઈ રહ્યા. અને મહારાજ પર્વતની ધાર ઉલ્લંઘી ગયા. ને મહારાજનાં દર્શન ન થાય એટલે કૃપાનંદસ્વામી તો પડી ગયા. ત્યારે તે જોઈને મહારાજનાં દર્શન વિના રોમે રોમે રુધિર નીસરે એવા જે સચ્ચિદાનંદસ્વામી તે બોલ્યા જે, "મારી તો પથ્થર જેવી છાતી છે, પણ કૃપાનંદસ્વામીના જેવું મારે ભગવાનમાં હેત નથી." પછી ગુણાતીતાનંદસ્વામી આદિક સાત મૂર્તિ[૨] તે કૃપાનંદસ્વામીને ઉપાડીને લઈ ગયા. એમ મહારાજને વિયોગે કરીને સદાય માંદા રહેતા એવા પ્રીતિવાન હતા. તે ભાગવતમાં કહ્યું છે જે,

दानव्रततपोहोम जपस्वाध्यायसंयमैः।
श्रेयोभिर्विविधैश्चान्यैः कृष्णे भक्तिर्न साध्यते॥[૩] ॥૪૩૫॥

૪૩૬. શ્રીહરિ અને તેમાં ગાઢ પ્રીતિવાળા સંતોની એકતા

શ્રીજીમહારાજ કહે, "સચ્ચિદાનંદસ્વામી જેવા ભક્ત સારુ બ્રહ્માંડનો પ્રલય થઈ જાય તોય પણ ભગવાનને ખટકે નહિ. અને એવા અતિ

૧.હે ઉદ્ધવ ! તારા જેવા પરમ નિષ્કામ જ્ઞાની ભક્ત મને જેટલા પ્રિય છે, તેટલા પ્રિય તો સ્વયંભૂ બ્રહ્મા, શંકર, મારા સગા ભાઈ બલરામ નથી અને ખુદ મારી અર્ધાંગના લક્ષ્મી પણ મને એટલી વહાલી નથી. એટલું જ નહીં, પરંતુ સ્વયં મારું પોતાનું સ્વરૂપ પણ મને તારા જેવું પ્રિય નથી. (ભાગ.૧૧/૧૪/૧૬) **૨.**મહારાજની મૂર્તિરૂપ સંતો **૩.**દાન, વ્રત, તપ, હોમ, ભગવાનના નામનો જપ, વેદાદિક સત્શાસ્ત્રનો અભ્યાસ, ઇન્દ્રિયોનો સંયમ અને આ સિવાય બીજા અનેક શુભ સાધનોએ કરીને પણ પ્રભુમાં પ્રગાઢ પ્રીતિ પ્રાપ્ત થતી નથી. એટલી એ ભગવદ્‌ભક્તિ દુર્લભ છે.(ભાગ.૧૦/૪૭/૨૪)

પ્રીતિવાળા ભક્તને ને ભગવાનને એકતા થઈ જાય છે. નિમિષ માત્ર પણ એવા ભક્તના હૃદયમાંથી ભગવાન દૂર જાતા નથી. એવા ભક્તને પૂજે તો ભગવાન પૂજ્યા તુલ્ય ફળ થાય છે. ને એવાને દર્શને કરીને પ્રગટ ભગવાનનાં દર્શન તુલ્ય ફળ થાય છે. ને એવાને દુઃખવે તો ભગવાન સ્વયં દુઃખાય છે, એમ જાણવું." ॥૪૩૬॥

૪૩૭. વિશ્વાસી દાદા ખાચરનું કામ શ્રીહરિએ પતાવ્યું.

અને કોઈક સમયમાં દાદા ખાચર એક માસ લગી વ્યવહારના કામ સારુ સાહેબ ભેળે વઢવાણમાં રહ્યા. ત્યારે જીવુબાઈએ મહારાજને એમ કહ્યું જે, "દાદો માસ થયા સાહેબ ભેળે ફરે છે, ને કામ તો નથી થયું, એ તો તમારા હાથમાં છે. માટે દાદાને તેડાવો તો ઠીક." પછી મહારાજે વઢવાણ દાદા ખાચર ઉપર કાગળ લખ્યો જે, 'ઘોડે સાજ માંડીને કેડ બાંધીને સાબદા થઈને સાહેબ પાસે જાઈને કામ કરાવીને વે'લા આવજો." પછી એ કાગળ આવ્યો ને વાંચીને દાદો ખાચર તૈયાર થઈને સાહેબ પાસે ગયા. તેને સલામ કરીને એમ કહ્યું જે, "ઘેરથી કાગળ લઈને મનુષ્ય મને તેડવા આવ્યું છે." ત્યારે સાહેબ કહે, "લાવો, તમારું કામ હાલ કરી દઉં, પછી તમે જાઓ." એમ કહીને તુરત કામ કરી દીધું. ને દાદો ખાચર મહારાજ પાસે ગઢડે આવ્યા. ॥૪૩૭॥

૪૩૮. લુણાવાડામાં ભગવદાનંદસ્વામીએ સભા જીતી.

અને કૃષ્ણાનંદસ્વામી લુણાવાડે સભા કરવા સારુ ભગવદાનંદ સ્વામીને તેડવા ઉમરેઠ ગયા. ત્યાંથી તેમને તેડીને લુણાવાડે આવતા હતા. તે દિવસ ગામ દીનાવાડે દષ્ટપ્રકાશાનંદસ્વામીનું મંડળ હતું. તેમાં સુખદાતાનંદસ્વામીને મહારાજનાં દર્શન થયાં જે, જાણે ભગવદાનંદસ્વામી ભેળે મહારાજ લુણાવાડે સભા કરવા આવે છે. પછી દીનાવાડાથી સુખદાતાનંદસ્વામી આદિ સાધુએ તે દિવસ લુણાવાડે

આવીને ભગવદાનંદસ્વામીને આ વાર્તા કરી. પછી દરબારમાં સભા થઈ ને બ્રાહ્મણોએ ભગવદાનંદસ્વામીને કપટના તેર પ્રશ્ન પૂછ્યા. તેને ભગવદાનંદસ્વામીએ તરત મુખપાઠે ઉત્તર આપ્યો. તે જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા ને જય થયો. ॥૪૩૮॥

૪૩૯. સ્વયંપ્રકાશાનંદસ્વામીનું આખ્યાન

અને દેશ બંગાળામાં સ્વયંપ્રકાશાનંદસ્વામી રહેતા. તે જગ્યામાં તીર્થવાસી વેરાગી આવીને ઊતર્યા હતા. તે બીજા વેરાગી આગળ એમ વાર્તા કરવા લાગ્યા જે, 'પશ્ચિમ દેશમાં જીવનમુક્તા પ્રગટ થયા છે, તે ભગવાન કહેવાય છે.' એવો શબ્દ સાંભળીને પોતે રહેતા તે ઓરડીમાં પ્રકાશ પ્રકાશ થઈ ગયો. તે જોઈને એમના મનમાં એમ ઘાટ થયો જે, 'રાત્રિને વિશે આવો પ્રકાશ કેમ થયો ? આ તે લાય થઈ કે શું ?' એમ વિચારીને ઓરડીમાંથી બારણે નીસરીને જોયું. ત્યારે ચંદ્રમાના પ્રકાશને દેખ્યો પણ લાય તો નહિ. પછી પાછા ઓરડીમાં ગયા ત્યાં પણ પ્રકાશ એવો ને એવો દેખ્યો. તે જ્યાં સુધી એ વાત કરી ત્યાં સુધી દેખાણો. જ્યારે વાત કરી રહ્યા ત્યારે અંધકાર થઈ ગયો.

પછી એમના મનમાં એમ વિચાર થયો જે, 'જેની વાત સાંભળીને આવું ઐશ્વર્ય જણાયું ને સુખ થયું, ત્યારે તેમનાં દર્શન કરીને તો બહુ ઐશ્વર્ય જણાશે ને સુખ થાશે.' એમ વિચારીને પોતાના દશ-બાર ચેલાઓને એમ કહ્યું જે, "આપણે ચાલો તીર્થ કરવા જાઈએ." પછી બે-ત્રણ ઊંટ ને ચાર-પાંચ ઘોડા ભેળા લઈને ચાલ્યા. તે તીર્થમાં ફરતાં ફરતાં લોજપુર આવ્યા. ત્યાં સદાવ્રત લેવા સારુ મહારાજ પાસે આવ્યા. તે મહારાજનાં દર્શન થયાં કે તેમને સમાધિ થઈ. તે બદરિકાશ્રમમાં નરનારાયણરૂપે મહારાજનું દર્શન થયું. ત્યાંથી ચાલ્યા તે શ્વેતદ્વીપમાં ગયા. તે નિરન્નમુક્તે સહિત ત્યાં વાસુદેવરૂપે મહારાજનું તેમને દર્શન થયું. ત્યાંથી ચાલ્યા તે વૈકુંઠલોકને વિશે ગયા. ત્યાં તેમને ગરુડ ને વિષ્વક્સેનાદિ પાર્ષદ સહિત લક્ષ્મીનારાયણરૂપે મહારાજનું દર્શન થયું.

ત્યાંથી ચાલ્યા તે ગોલોકને વિશે ગયા. ત્યાં નંદ, સુનંદ ને રાધિકાદિક પાર્ષદ સહિત શ્રીકૃષ્ણરૂપે મહારાજનું દર્શન થયું. ત્યાંથી તે ચાલ્યા તે અક્ષરમાં ગયા. ત્યાં અતિ તેજોમય સિંહાસન ઉપર વિરાજમાન ને અતિ તેજોમય છે મૂર્તિ જેની, ને અતિ તેજોમય જે અનેક અક્ષરમુક્ત તેમણે સેવ્યા એવા શ્રીજીમહારાજને જોઈને અતિશે સુખ ને આશ્ચર્ય પામ્યા.

પછી તેમના ચેલાને મહારાજે એમ કહ્યું જે, “બાવાજીને આવું ક્યારેય થાય છે ?” ત્યારે તે બોલ્યા જે, “આવું તો કોઈ દિવસ નથી થયું. આ તો આજ જ આમ થઈ ગયું.” પછી સમાધિમાંથી પાછા દેહમાં આવીને મહારાજને વંદના કરતા હતા. પછી મહારાજે એમને સીધું અપાવ્યું, તે લઈને એ ઉતારે ગયા.

પછી સ્વયંપ્રકાશાનંદસ્વામીએ એકલા મહારાજ પાસે આવીને એમ કહ્યું જે, “હે મહારાજ ! તમે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છો. મારે તમારી પાસે રહેવું છે.” ત્યારે મહારાજે એમ કહ્યું જે, “તમારા ચેલા ટંટો નહિ કરે ?” ત્યારે તેમણે એમ કહ્યું જે, “એ ટંટો કરશે તોય પણ હું નહિ જાઉં. અને મારી પાસે પાંચસે રૂપિયાની સોનામહોરો છે, તે મારે તમને આપવી છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “અમારે એ સોનામહોરો જોઈતી નથી. એ સોનામહોરો તમારા ચેલાને આપીને એમને સમજાવીને વિદાય કરો, પછી તમે રહો.” પછી એમણે એક ચેલાને સમજાવી મહાંત કરીને સોનામહોરો આપી અને વિદાય કરીને પોતે રહ્યા. મહારાજે એમને સાધુ કરીને ‘સ્વયંપ્રકાશાનંદસ્વામી’ નામ પાડ્યું. ॥૪૩૯॥

૪૪૦. ત્યાગી તથા ગૃહીના સરખા કલ્યાણની વાત

અને ભૂજના સુંદરજીભાઈએ મહારાજને એમ કહ્યું કે, “મહારાજ, ત્યાગીની માફક અમારું કલ્યાણ થાય એમ જણાતું નથી. કેમ જે, એ તો આઠો પહોર ભગવાન ભજે છે અને ગૃહસ્થને તો પ્રભુ ભજ્યામાં અનેક વિઘ્ન થાય છે.” ત્યારે મહારાજ બોલ્યા કે, “ગૃહી-ત્યાગીનું

કલ્યાણ સરખું થાય છે. કેમ જે, ત્યાગીને અન્ન, જળ, વસ્ત્ર, પુસ્તક દેવું તેણે કરીને ગૃહસ્થ સહાય કરે છે. તેણે કરીને ત્યાગી સુખે પરમેશ્વરને ભજે છે. માટે ભગવાન બેયનું સરખું કલ્યાણ કરે છે.

જેમ આ શહેર ઉપર લશ્કર લડવા આવે ત્યારે રાજાના યોદ્ધા સન્મુખ લડવા બહાર નીસરે અને લડાઈ કરીને તે સેનાને જીતે, અને રૈયત અન્ન-જળાદિકે કરીને સહાય કરે તેને બળે કરીને જીતે છે. તે જોઈને એ રાજા રાજી થઈને એ રૈયતને અને એ યોદ્ધાને મોજ આપે છે તેમ." ॥૪૪૦॥

૪૪૧. પ્રાંતિજના ખુશાલ પટેલ અને તેમની પત્નીનો અક્ષરવાસ

અને **પ્રાંતિજ**ના પટેલ ખુશાલભાઈએ એમ કહ્યું જે, "આ મહારાજ મને તેડવા આવ્યા છે. તે આજ હું દેહ મૂકીશ અને મહારાજના ભેગો અક્ષરધામમાં જઈશ." ત્યારે એમની સ્ત્રીએ એમ કહ્યું કે, "તમે જાશો ત્યારે મારો કોણ આધાર ?" ત્યારે ખુશાલભાઈએ એમ કહ્યું જે, "કાલ હું મહારાજને લઈને તને તેડી જઈશ. તું કાંઈ ચિંતા કરીશ મા." એમ કહીને પોતે દેહ મૂક્યો અને બીજે દિવસે એને તેડી ગયા. ॥૪૪૧॥

૪૪૨. ખુશાલ પટેલને શ્રીહરિનાં દિવ્ય દર્શન

અને તે ખુશાલભાઈને એવો નિયમ હતો કે, પ્રતિવર્ષ સમૈયે સમૈયે મહારાજનાં દર્શને જવું. તે જ્યારે મહારાજ દેહોત્સવ કરીને સ્વધામમાં પધાર્યા ત્યારે તે નિયમ પડ્યું મેલ્યું. એટલે મહારાજે એમને દર્શન દઈને એમ કહ્યું કે, **"અમે તો સત્સંગમાં સદા પ્રત્યક્ષ વિરાજીએ છીએ,** અને તમે તમારો નિયમ મેલીને કેમ મોળા પડ્યા ? અને હું તો આ જે મેં નરનારાયણ આદિક જે મૂર્તિઓ પધરાવી છે, તેમાં તથા આ બે આચાર્યોમાં અને સાધુ-હરિજનમાં રહીને સર્વેની સદાકાળ પૂજા ગ્રહણ કરીશ." એમ તે ખુશાલભાઈને દિવ્ય દર્શન દઈને કહ્યું. ॥૪૪૨॥

૪૪૩. સવિકલ્પ અને નિર્વિકલ્પ નિશ્ચયના ભેદ

અને શુકમુનિએ વાર્તા કરી જે, “આત્માને સાક્ષાત્કાર દેખતો હોય તોય પણ આત્મારૂપે વર્તવું તે બહુ કઠણ છે. અને આત્મનિષ્ઠાની તારતમ્યતાએ કરીને નિર્વિકલ્પ નિશ્ચયમાં ત્રણ ભેદ છે. ને દેહાભિમાનની તારતમ્યતાએ કરીને સવિકલ્પ નિશ્ચયમાં ત્રણ ભેદ છે.

તેમાં **કનિષ્ઠ નિર્વિકલ્પ** નિશ્ચયવાળાને આત્મનિષ્ઠાની અતિ દૃઢતા છે. અને દેહાદિક માયાના કાર્યને નાશવંત ને તુચ્છ ને દુઃખરૂપ જાણે છે. તેણે કરીને તેમાં પ્રીતિ નથી ને ભગવાનનો મહિમા બહુ સમજે છે. તેને નૈમિત્તિક પ્રલયને વિષે ભય થાતો નથી, પણ પ્રાકૃત પ્રલયમાં ભય થાય છે.

અને **મધ્યમ નિર્વિકલ્પ** નિશ્ચયવાળાને તે કરતાં આત્મનિષ્ઠાની અતિશે દૃઢતા છે. અને માયાનું કાર્ય જે અનેક બ્રહ્માંડ, તેને નાશવંત ને દુઃખરૂપ અને કાળગ્રસ્ત જાણીને તેમાં ક્યાંઈ પ્રીતિ નથી. માટે નૈમિત્તિક પ્રલય અને પ્રાકૃત પ્રલયમાં તેને ભય થાતો નથી, પણ આત્યંતિક પ્રલયને વિષે ભય થાય છે, તેને જ્ઞાનનો વિચાર કરીને ટાળી નાખે છે. અને તે ભગવાનનો મહિમા અતિ અપાર સમજે છે.

અને **ઉત્તમ નિર્વિકલ્પ** નિશ્ચયવાળો તો પોતાને સદા અક્ષરબ્રહ્મરૂપ સમજે છે. ને ભગવાનનો મહિમા અતિ અલૌકિક અપાર સમજીને ભગવાનના સ્વરૂપનું અતિ અપાર સુખ પામ્યા છે. માટે પ્રકૃતિપુરુષ અને પ્રકૃતિપુરુષનાં કાર્ય તેમાં ક્યાંય પ્રીતિ નથી. અને તે સર્વેને અસત્ય અને મિથ્યા જાણીને સદાય ભગવાનની સેવાને કર્યા કરે છે. અને તેમને ચારે પ્રકારના પ્રલયને વિષે લેશમાત્ર પણ ભય થાતો નથી. જેમ વીસનગરમાં સાધુ સલાટના ચોરામાં ઊતર્યા હતા. તેમને અસુર મારવા મંડ્યા એટલે સાધુ નાસવા મંડ્યા. ત્યારે સંતદાસજી એમ બોલ્યા કે, “મહાપુરુષો, મહાપ્રલયમાં ક્યાં જાઓગે ?”

અને દેહાભિમાનની તારતમ્યતાએ કરીને સવિકલ્પ નિશ્ચયમાં ત્રણ ભેદ થયા. તેમાં **કનિષ્ઠ સવિકલ્પ** નિશ્ચયવાળો પોતાને દેહરૂપ માને છે. તે જડતાએ કરીને ભગવાનનો મહિમા યથાર્થ સમજતો નથી. માટે બીજા મનુષ્ય બરોબર કામ-ક્રોધાદિક વિકારયુક્ત દિવ્ય એવાં મનુષ્ય ચરિત્ર જોઈ-સાંભળીને ભગવાનનો નિશ્ચય રહે, પણ તેથી અધિક જોઈ-સાંભળીને સંશય થાય.

અને **મધ્યમ સવિકલ્પ** નિશ્ચયવાળાને પ્રથમ કહ્યો તેથી દેહાભિમાન ઓછું છે. માટે તેથી ભગવાનનો મહિમા અધિક સમજે છે. તેણે કરીને બીજા મનુષ્ય કરતાં ભગવાનનાં બમણા કામ-ક્રોધાદિક વિકારયુક્ત દિવ્ય મનુષ્ય ચરિત્ર દેખી સાંભળીને નિશ્ચય રહે, પણ તેથી અધિક દેખે-સાંભળે તો સંશય થાય.

અને **ઉત્તમ સવિકલ્પ** નિશ્ચયવાળાને, મધ્યમ સવિકલ્પ નિશ્ચય-વાળા કરતાં દેહાભિમાન ઓછું છે અને જડચૈતન્યનો વિવેક છે. માટે ભગવાનનો મહિમા અધિક સમજે છે. તેણે કરીને મનુષ્યદેહ ધરીને ભગવાન હિંસા, મદ્ય-માંસનું ભક્ષણ, પરસ્ત્રી સંગાદિક અયુક્ત દિવ્ય ચરિત્ર કરે તોપણ નિશ્ચય રહે ને સંશય ન થાય. કેમ જે, એ એમ સમજે છે જે, એ જ સર્વેકર્તા છે ને ભોક્તા છે ને તેજસ્વી છે ને સમર્થ છે. ।।૪૪૩।।

૪૪૪. સમજણરૂપી સમાધિ શ્રેષ્ઠ છે.

અને એક સાધુને સમાધિ થાતી અને ચાર-પાંચ દિવસ સમાધિમાં રહેતા. તે સત્સંગમાંથી બહાર ગયા અને સુરતમાં જઈને બે સ્ત્રીઓ રાખી. વળી, તે વડતાલમાં સમૈયામાં મહારાજને દર્શને આવ્યા. તે સાધુની પંક્તિમાં મહારાજ લાડુ પીરસતા હતા, તે તેને પણ મહારાજે લાડુ આપ્યા. તેણે મહારાજ સામે જોયું અને મહારાજે તેની સામે જોયું ત્યારે તેને સમાધિ થઈ. પણ પછી મહારાજ બોલ્યા જે, "અમને જોઈને સમાધિ થાય છે અને સ્ત્રીને જોઈને પણ સમાધિ થાય છે. માટે જ્ઞાનસમાધિ સાચી ને જ્ઞાન-વૈરાગ્ય વિના સમાધિનો નિર્ધાર નહિ." ।।૪૪૪।।

૪૪૫. લોટા પાણીમાં કણબીનું કલ્યાણ

અને કોઈક સમયમાં શ્રીજીમહારાજ કાઠીના અસ્વારો સાથે કોઈ ગામ જતા હતા. એ વખતે મહારાજ અતિશે તરસ્યા થયા અને સુરા ખાચરને મહારાજે કહ્યું જે, “અમને તરસ બહુ લાગી છે, અમારો દેહ પડી જશે. માટે તત્કાળ ક્યાંક થકી જળ લઈ આવો તો જ અમારો દેહ રહે.”

એ વચન સાંભળીને સુરા ખાચર વગેરે અસ્વાર જળ લેવા માટે દોડ્યા. તે એક કણબી નવી બતકમાં પાણી લઈને આવતો હતો. તેને સુરા ખાચરે એમ કહ્યું કે, “અમારા મહારાજ તરસ્યા થયા છે, તે પાણી આપીશ ?” ત્યારે તેણે એમ કહ્યું જે, “હા.” એમ કહીને તે બતક લઈને સુરા ખાચર ભેળે મહારાજ પાસે આવ્યો. તેને વાટે આવતાં સુરા ખાચરે એમ કહ્યું કે, “તને મહારાજ એમ કહે જે તું વર માગ. ત્યારે તું એમ માગજે કે મારું કલ્યાણ થાય, પણ બીજું કાંઈ માગીશ મા.”

પછી મહારાજ પાસે આવીને પાણી પાયું. પછી મહારાજે અતિ રાજી થઈને એમ કહ્યું કે, “તું વર માગ.” ત્યારે તેણે પોતાનું કલ્યાણ માગ્યું. મહારાજે તેને એ વર આપ્યો. પછી એમ મહારાજ બોલ્યા જે, “સુરા ખાચર, આજ અમારો દેહ રહે તેમ નહોતું, પણ આણે પાણી પાયું એટલે રહ્યો. માટે આજથી અમારા દેહે કરીને જેટલા જીવનો ઉદ્ધાર થાય તેનું પુણ્ય અમે એને આપીએ છીએ.” એમ અતિ કૃપા કરીને વર આપ્યો. ॥૪૪૫॥

૪૪૬. વસોના વાઘજીભાઈને દર્શન દઈ રોગ ટાળ્યો.

અને ગામ **વસો**ના પાટીદાર વાઘજીભાઈ અઢાર વર્ષના હતા, ત્યારે બહુ માંદા થયા. મનમાં એમ ઘાટ થયો જે, ‘સત્સંગી થાય છે તેનાં કર્મ બળી જાય છે. ત્યારે કર્મ વિના આ કોણ દુઃખ દેતું હશે ? અને એ દુઃખ ક્યાં લગી રહેશે ? ને મહારાજ ભગવાન હશે કે નહિ

હોય ? મહારાજ પોતાના ભક્તને અંતસમે દર્શન દે છે ને તેડી જાય છે, પણ કેમ હજી લગણ કાંઈ જણાતું નથી ? ને આ તો આંહીંનું સુખ પણ કાંઈ દીઠું નહિ.'

ત્યારે મહારાજ આવ્યા. તે એમણે અઢારસે રૂપિયાનો અને નગરમાં વણાવેલ ઝગઝગતો રેંટો માથે બાંધ્યો છે. ને જરિયાની ડગલી અને જરિયાની સુરવાળ પહેર્યો છે. અને કેડે જરિયાની શેલું બાંધ્યું છે. ને ખભે પણ જરિયાની શેલું ધારણ કર્યું છે. ને અંગોઅંગને વિષે આભૂષણો ધારણ કર્યાં છે. એવી રીતે શોભાયુક્ત ને ભેળે શ્રીકૃષ્ણ ભગવાનને લઈને આવ્યા. તે મહારાજ આવીને ઢોલિયા ઉપર બેઠા ને શ્રીકૃષ્ણ ભગવાન સાંગામાંચી ઉપર બેઠા. ને મહારાજને રાજી કરવા સારુ વાંસળી વજાડતા હતા.

પછી મહારાજે વાઘજીભાઈના ચાર ઘાટ કહ્યા કે, "ભગવાનના ભક્તને પ્રારબ્ધકર્મ તો ભોગવવું પડે છે, તે ન બળે." પછી મહારાજ પોતાની છાતીએ હાથ દઈને એમ બોલ્યા કે, "અમે ભગવાન છીએ અને આ તમને દર્શન દીધું. તમારો દેહ નહિ પડે અને અમે તમને મેલી જાશું અને હવે દુઃખ નહિ રહે." એમ કહીને માથે હાથ મેલ્યો. તેણે કરીને શરીરમાં ઘણી શાંતિ થઈ ને પોતે અંતર્ધાન થઈ ગયા. એટલે તેમના પગના અંગૂઠામાંથી રોગ પીળા સર્પ જેવો થઈને નીકળી ગયો અને તે સાજા થયા. ॥૪૪૬॥

૪૪૭. વડતાલમાં પૂતના માસીનો ઉદ્ધાર કર્યો.

અને કોઈ એક સમયે **વડતાલ**ને વિશે સમૈયામાં રાત્રિએ સભા કરીને મહારાજ વિરાજમાન હતા. તે સમયને વિશે અભિચાર મંત્ર જાણનારી અને તેથી મનુષ્યને મારનારી એવી સ્ત્રી આવી. અને મંત્રેલા અડદના દાણા મહારાજ ઉપર નાખવા મંડી. તેને મહારાજ અંતર્યામીપણે જાણીને એમ બોલ્યા કે, "માસી પૂતના આવી છે. અમને મારવા માટે અડદ નાખે છે, પણ અમે તો પરમેશ્વર છીએ; તે અમને

કાંઈ નહિ થાય. અડદ શા સારુ નાખે છે ?" ત્યાં તો એનું શરીર બળવા લાગ્યું. ને આગળ આવીને ઊભી રહી અને એમ બોલી કે, "હે મહારાજ ! તમે તો ભગવાન છો અને હું તો બહુ પાપણી છું. સત્તાવીસ માણસો મેં મંત્રે કરીને માર્યા છે. હું તમારે શરણે આવી છું, તે મારું તમે કલ્યાણ કરો." પછી મહારાજે એને નિયમ ધરાવીને ભક્ત કરીને એનું કલ્યાણ કર્યું. તે ભાગવતમાં કહ્યું છે કે, '**कं वा दयालुं शरणं व्रजेम**।'[1] ॥૪૪૭॥

૪૪૮. મગ્નિરામ શ્રીહરિને શરણે જઈ સાધુ થયા.

અને ક્યારેક શ્રીજીમહારાજ સોરઠ દેશમાં વિચરતા હતા. ત્યાં દેવીવાળા મગ્નિરામ વૈરાગી આવ્યા. તે કેવા હતા ? તો જેને દેવી પ્રત્યક્ષ આવીને દર્શન દેતી, અને તે જે કહે તે કામ તત્કાળ સિદ્ધ કરતી.

તે મગ્નિરામે દેવીને એમ કહ્યું જે, "આ સ્વામિનારાયણ ને તેમનો મત, તેને તું નાશ કરી નાંખ." ત્યારે એ દેવી એમ બોલી કે, "એ તો ભગવાન છે. અનેક કોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કર્તા પરમેશ્વર છે. તે ઉપર અને એમના ભક્ત ઉપર મારું કાંઈ સામર્થ્ય ચાલે નહિ. એમની આગળ હું શા લેખામાં છું ? જેમ સૂર્ય આગળ પતંગિયું, તેમ એમની આગળ હું છું. અને એ થકી જે વિમુખ હોય તે ઉપર મારું સામર્થ્ય ચાલે, પણ એમના ઉપર ન ચાલે."

ત્યારે મગ્નિરામ એમ બોલ્યા જે, "મારે તો એ ભગવાનનો આશ્રય કરીને મારું કલ્યાણ કરવું છે. માટે મારે તારું કામ નથી." એમ કહીને મગ્નિરામ મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને સાધુ કરીને મગ્નિરામ દેવીવાળાં(નું અદ્વૈતાનંદ) નામ પાડ્યું. ને મહારાજ પાસે રહ્યા. ॥૪૪૮॥

૧.પાપી એવી પૂતનાને પણ જેમણે પોતાની માતા તુલ્ય સદ્‌ગતિ આપી તેવા દયાળુ ભગવાનને છોડીને અન્ય કોને શરણે જઈએ ? (ભાગ.૩/૨/૨૩)

૪૪૯. ગોપાળાનંદસ્વામીએ વરસાદ વરસાવ્યો.

અને **વડતાલ**માં સભા મધ્યે ત્યાંના પાટીદારોએ ગોપાળાનંદ સ્વામીને એમ પ્રાર્થના કરી જે, "હે સ્વામી ! જો એક વરસાદ થાય તો બાજરી તથા તમાકુ આદિક સર્વે નીપજે."

પછી બીજે દિવસે બપોરે ઘણો વરસાદ વરસવા લાગ્યો અને ભેળો વાયરો પણ ઘણો. તે જોઈને સ્વામી પાસે બેઠેલા એવા જે હરજી ઠક્કર તે એમ બોલ્યા જે, "હે સ્વામી ! આ વાયરે કરીને બાજરીઓ સર્વે ભોંય પડી જશે. માટે વાયરો બંધ થાય ને એકલો વરસાદ વરસે તો ઠીક." પછી સ્વામીએ આકાશ સામી દૃષ્ટિ કરી એટલે વાયુ બંધ થયો અને વરસાદ ઘણો વરસ્યો. ॥૪૪૯॥

૪૫૦. ગઢડામાં મોટી બાઈઓએ માણકીની વૃત્તિ ખેંચી.

અને કોઈક સમયમાં શ્રીજીમહારાજ સાધુ તથા પાળા સાથે તથા કાઠીના અસ્વાર ભેળે લઈને ગઢડેથી ચાલ્યા તે વડતાલ જાતા હતા. તે ગઢડામાં મોટી બાઈઓએ અતિ હેતે કરીને મહારાજનું ધ્યાન કરીને માણકી ઘોડીની વૃત્તિ પાછી ખેંચી લીધી. તેણે કરીને ઘોડી પાછી વળીને ગઢડા સન્મુખ થઈ જાય. ત્યારે મહારાજ ઘોડીને પાછી ફેરવીને ચલાવે ત્યારે વળી ઘોડી ગઢડા સન્મુખ થઈને ચાલે. એમ ઘણી વાર ઘોડી પાછી વળી. એ જોઈને મહારાજ બોલ્યા જે, "ગઢડાના ભક્ત આ ઘોડીની વૃત્તિ ખેંચી લે છે. માટે આપણને નહિ જાવા દે. ચાલો પાછા વળો." એમ કહીને પાછા ગઢડે આવ્યા. તે કહ્યું છે કે - **'अनुव्रजाम्यहं नित्यम्।'**[૧] ॥૪૫૦॥

૪૫૧. ભાડેરના પાતળભાઈના પત્નીનો શ્રીહરિમાં પ્રેમ

અને ગામ **ભાડેર**માં મહારાજ પાતળભાઈને ઘેર વિરાજમાન હતા. પછી તેમના ઘરનાં મનુષ્ય મહારાજને કહે, "મહારાજ જમવા પધારો."

૧.શ્રીહરિ કહે છે, 'મારા સિવાયની અન્ય ઇચ્છાઓથી રહિત અને સર્વત્ર મને જ જોનારા એવા મારા પ્રેમી ભક્તની પાછળ પાછળ હું ફરું છું.'(ભાગ.૧૧/૧૪/૧૭)

પછી મહારાજ જમવા બેઠા એટલે મહારાજને ભોજન પીરસ્યું. પછી તે બાઈ કહે, "મહારાજ દૂધ લાવું ?" ત્યારે મહારાજ કહે, "લાવો." પછી તે પ્રેમમાં ને પ્રેમમાં ઊઠ્યાં અને છાશની દોણી લઈ આવ્યાં અને મહારાજને દૂધની જગ્યાએ છાશ આપી. તેને મહારાજ પીવા મંડ્યા અને એમ બોલ્યા કે, "આ દૂધ તો ભારે ગળ્યું છે, માંહિ સાકર નાખી છે." એમ કહીને ત્રણ વાર માંગી ને દોણીની બધી છાસ પી ગયા.

પછી એ બાઈ બીજા સારુ છાસ લેવા ગયાં ત્યારે ખબર પડી એટલે ઘણો પશ્ચાત્તાપ કર્યો. અને મહારાજને કહે, "મહારાજ ! મેં તમને છાસ પાઈ અને દૂધ રહી ગયું." ત્યારે મહારાજ કહે, "ના, એ તો દૂધ હતું." પછી મહારાજને બતાવ્યું. ત્યારે મહારાજ બોલ્યા કે, "તમે અતિ હેતે કરીને પાઈ, તે દૂધ કરતાંય ગળી લાગી."

❋ ઉપલેટામાં મહારાજ પ્રેમી આહીરને ઘેર જમ્યા.

અને કોઈ સમયને વિષે ગામ **ઉપલેટા**માં મહારાજ આહીરને ઘેર જઈને કહે કે, "શું કરો છો ?" ત્યારે તે કહે, "મહારાજ જમીએ છીએ." ત્યારે મહારાજ કહે, "અમે પણ ભૂખ્યા થયા છીએ, તે ખાવા આપો." પછી તે કહે, "મહારાજ, અમારા તો હાથ એંઠા છે. તે તમે તમારા હાથે લઈને જમો." પછી મહારાજે પોતાના હાથે કોઠલામાંથી ઘેંસ[૧] ને દૂધ લઈને થાંભલાને ઓઠીંગણ દઈને જમ્યા. એમ પ્રેમીને ઘેર અણતેડ્યા આવે છે અને બીજાને તો ધ્યાનમાં પણ દુર્લભ છે. ॥૪૫૧॥

૪૫૨. દુષ્ટોએ સંતોને માર્યા તેથી શ્રીહરિનો કોપ

જે સમયમાં શ્રીજીમહારાજ લોયાની નદીને કાંઠે સભા ભરીને બેઠા હતા, તે સમયમાં બે સાધુ બીજે ગામથી ફરીને આવ્યા અને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. તેના કપાળમાં રાતોચોળ સળ જોઈને મહારાજ એમ બોલ્યા કે, "આ તમારા કપાળમાં શું વાગ્યું છે ?"

૧.છાસ કે પાણીમાં બાજરો-બાવટાદિકનો લોટ નાખી બનાવેલ ચાટણ-ભડકું.

એમ કહીને સાધુના શરીર ઉપરથી ઓઢેલ લૂગડાં ઉતરાવીને જોયું. ત્યારે કોઈ પાપી પુરુષોએ બાવળના સોટા મારેલા, તેના રાતાચોળ સળ શરીર ઉપર જોઈને મહારાજ એમ બોલ્યા કે, "મારા સાધુને દુષ્ટે આવા માર્યા !" એમ અતિશે કુરાજી થઈને પોતાના બે હાથ પૃથ્વી પર પટક્યા. તેણે કરીને પૃથ્વી થરથર કંપી. તેનો ગર્જનાદ ઘણી વાર રહ્યો અને કેટલાક લોકોનાં ઘર પડી ગયાં. ॥૪૫૨॥

૪૫૩. ધનેરાવે ભૂમાનંદસ્વામીને ભગવાન ભેટાડ્યા.

અને ભૂમાનંદસ્વામીને ધનેરાવે એમ કહ્યું જે, "તમે ભક્ત કહેવાઓ છો અને કવિ પણ છો, પણ પ્રગટ ભગવાન મળ્યા વિના કલ્યાણ તો નહિ થાય." ત્યારે તેમણે એમ કહ્યું જે, "આજ પ્રગટ ભગવાન ક્યાંથી હોય ?" ત્યારે ધનેરાવે કહ્યું કે, "મને પ્રગટ ભગવાન મળ્યા છે." ત્યારે તેમણે એમ કહ્યું કે, "એમ તો હું ન માનું. નજરે દેખું તો માનું."

પછી સમૈયામાં ધનેરાવ એમને તેડીને ગઢડે લાવ્યા. તે સમયે મહારાજ ભારે ભારે વસ્ત્ર-આભૂષણ પહેરીને રોઝે ઘોડે બેસીને ને આગળ હજારો સાધુ-હરિજન કીર્તન ગાય છે, એવા થકા દાદા ખાચરના દરબારમાંથી લક્ષ્મીવાડીએ જાતા હતા. તે સમયે એમને શેરીમાં મહારાજનાં દર્શન થયાં કે તત્કાળ અંતરમાં નિશ્ચય થયો જે, 'આ સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન છે !' પછી નિયમ ધાર્યો અને **"સર્વે સખી જીવન જોવાને ચાલો રે"** એ કીર્તન કર્યાં. પછી થોડેક દિવસે એ સાધુ થયા અને ભૂધરાનંદસ્વામી નામ પાડ્યું. ભૂમાનંદસ્વામી પણ તેમનું જ નામ કહેવાયું. ॥૪૫૩॥

૪૫૪. વઢવાણના દેવકૃષ્ણ માટે સમુદ્ર મીઠો કર્યો.

અને ક્યારેક શ્રીજીમહારાજ ઘણાક સાધુને ભેળે લઈને કચ્છમાં જતા હતા. વઢવાણના ઉપાધ્યાય દેવકૃષ્ણ પણ ભેળે હતા. રણમાં ચાલ્યા એટલે દેવકૃષ્ણ બહુ તરસ્યા થયા. પાસે જળ નહીં. તેથી પીડા

પામ્યા, ને મહારાજને કહ્યું કે, "મને ઘણી તરસ લાગી છે અને પ્રાણ જાય એમ થાય છે." ત્યારે મહારાજ એમ બોલ્યા જે, "ગંગા-યમુના સમુદ્રમાં ભળે છે, તેની સેરો સમુદ્રમાં આવે છે, ત્યાં પાણી મીઠું હોય છે, તે જુઓ." પછી દેવકૃષ્ણે પાણી ચાખી જોયું તો ખારું લાગ્યું. પછી દસ-વીસ પગલાં ચાલીને જોયું ત્યારે ગંગાજળ જેવું હતું. તે પીધું ને બીજાએ પણ પીધું. પછી ચાખ્યું ત્યારે ખારું લાગ્યું. ॥૪૫૪॥

૪૫૫. શ્રીહરિને જેવા જાણે તેવી પ્રાપ્તિ થાય.

અને શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, "અક્ષરધામના પતિ ભગવાન પૃથ્વીમાં પ્રગટ થાય છે, ત્યારે જેને જેટલો એમનો મહિમા સમઝાય છે, તેને તેટલું સુખ પ્રાપ્ત થાય છે. જેમ માનસરોવરને વિષે કમળના નાળમાં ચંદ્રકાન્તમણિ થાય છે, તેનો જેને જેટલો માલ સમઝાણો છે, તેને તેટલું ફળ મળ્યું. કેવી રીતે ? તો માનસરોવરનો હંસ ને એક બીજા સરોવરનો હંસ, તે બે ભેળા થાય ત્યારે પરસ્પર પોતપોતાને તળાવે આવવાની તાણ કરે છે. પછી માનસરોવરનો હંસ પોતાના ભાઈબંધ સારુ ચંદ્રકાન્તમણિની ભેટ લઈને ત્યાં ગયો. તે માર્ગમાં રાત્રિએ દૂધી કોચીને તેમાં મણિ મૂકીને તે વૃક્ષ ઉપર સૂઈ ગયો. સવારે મણિને ભૂલીને ચાલ્યો. પછી કોઈક કઠિયારાએ તે નયું[૧] લઈને ને કાષ્ઠનો ભારો ગામમાં વેચીને તેના દાણા લઈને ઘેર ગયો.

પછી તે કઠિયારે શાક સારુ નયું સુધાર્યું અને તેમાંથી મણિ નીસર્યો. તે અડધા શેર મસાલા સારુ વાણિયાને આપ્યો. પછી તે વાણિયાએ કોઈક શહેરમાં તેને બતાવ્યો. ત્યારે તેને કોઈકે પાંચ રૂપિયા આપીને લીધો. પછી તેને કોઈક પારખુએ પાંચસો રૂપિયે રાખ્યો. પછી તે તેણે તેથી મોટા શહેરમાં બતાવ્યો. ત્યારે તેને કોઈક ઝવેરીએ પાંચ હજાર રૂપિયે રાખ્યો. પછી તેણે તેથી મોટા શહેરમાં બતાવ્યો. ત્યારે તેને કોઈ પરીક્ષાવાળે લાખ રૂપિયે રાખ્યો. પછી તેણે તેથી કોઈક મોટા

૧.નાની દૂધી

શહેરમાં બતાવ્યો, ત્યારે કોઈ ભારે પરીક્ષાવાળે તે મણિના ધણીને કહ્યું કે, 'અમારે સોનામહોરની સાઠ કોટડીઓ ભરેલી છે. તેમાંથી દિવસ ઊગ્યાથી તે આથમ્યા સુધી તમારાથી લેવાય એટલું લઈ જાઓ. અને તેનું મૂલ્ય પૂનમને દિવસે બતાવીશ.'

પછી પૂનમની રાતે ચન્દ્રમા માથે આવ્યો ત્યારે થાળીમાં પાણી ભરીને અંદર મણિ મૂક્યો. અને થાળી અગાસીમાં મૂકી એટલે ચંદ્રમામાંથી કિરણો નીકળી. પછી બંનેનાં કિરણો એક થયાં એટલે સુવર્ણે કરીને ચોક ભરાઈ ગયો. આટલું સોનું પૂનમે પૂનમે તેમાંથી નીકળે, એટલી કિંમતનો આ મણિ છે. તેમ પુરુષોત્તમનારાયણને જેવા સમજે તેટલી તેને પ્રાપ્તિ થાય છે." ॥૪૫૫॥

૪૫૬. જૂનાગઢના નવાબના દેહત્યાગની વાત

અને કોઈક સમયને વિષે શ્રીજીમહારાજ શ્રીકારિયાણીમાં વસ્તા ખાચરના દરબારમાં દસ ઘડી રાત્રી જતાં ઓરડામાં આડે પડખે પોઢ્યા હતા. અને આગળ મૂળજી શેઠ તથા સુરા ખાચર આદિક થોડાક ભક્તજનો બેઠા હતા. તે સાથે વાતો કરતાં કરતાં મહારાજ બેઠા થયા.

તે મુખ આડો રૂમાલ દીધો ને ઊંચું જોઈ રહ્યા. ત્યારે તે જોઈને ભક્તોએ એમ પૂછ્યું કે, "હે મહારાજ ! એ શું ચરિત્ર કર્યું ?" ત્યારે મહારાજ કહે, "આ સમયમાં જૂનાગઢના નવાબે દેહ મૂક્યો. તે એને અમે તેડવા ગયા હતા. એણે દારૂ પીધો હતો. તેનો દુર્ગંધ આવ્યો, તે સારુ મુખ આડો રૂમાલ દીધો હતો. અને નવાબે દીવાનનું ન માનીને અમારો પક્ષ રાખ્યો, તે માટે અમે એનું કલ્યાણ કર્યું." ॥૪૫૬॥

૪૫૭. કારિયાણીમાં શ્રીહરિએ મૃત સ્ત્રીને જિવાડી.

અને કોઈક સમયને વિષે કારિયાણીમાં મહારાજ વિરાજમાન હતા. તેમના ઉતારાને સમીપે એક કણબીની સ્ત્રીએ દેહ મૂક્યો. તેનો પુત્ર મરેલી માને ધાવતો હતો. અને તે ઉપરથી એને બીજા લઈ લે

ત્યારે એ ઊંચે સ્વરે બહુ રોવા લાગે. એમ ચાર-પાંચ વખત લીધો, પણ રોતો રહે નહીં. અને જ્યારે એની માને ધાવે ત્યારે જ છાનો રહે. ત્યારે મહારાજે રુદન સાંભળીને એમ કહ્યું કે, "આ બાળક કેમ રુએ છે ?" ત્યારે બીજા માણસોએ કહ્યું કે, "એ છોકરાની મા મરી ગઈ છે, તેને એ ધાવે છે અને ત્યાંથી લઈ લે છે ત્યારે રુએ છે." એટલે મહારાજ કહે, "અરેરે ! નાના બાળકને તો ધાવણનો જ આધાર છે, માટે એ જીવે તો ઘણું સારું." ત્યારે એ સ્ત્રી નેત્ર ઉઘાડીને બેઠી થઈ અને જીવી. ॥૪૫૭॥

૪૫૮. શ્રીહરિએ બુરાનપુરના સંઘની રક્ષા કરી.

અને બુરાનપુરના સંઘને ઝાડીમાં લૂંટ્યો. ત્યાં અનેક અસવારે સહિત જઈને મહારાજે તેમની રક્ષા કરી. અને સર્વે પદાર્થ ચોર પાસેથી લઈને ભક્તોને પાછા અપાવ્યા. તે વખતે એક બાઈએ જાળામાં વેઢ નાખી દીધો હતો, તે ન જડ્યો.

પછી એ સંઘ વડતાલ આવ્યો અને મહારાજનાં દર્શન કર્યાં. પછી સંઘના માણસોએ મહારાજની પૂજા કરી. તે સમયે વેઢવાળી બાઈ રોવા લાગી. ત્યારે મહારાજ કહે કે, "એ શા સારુ રુએ છે ?" ત્યારે બીજા ભક્તે કહ્યું કે, "તમને પહેરાવવા એણે એક વેઢ કરાવ્યો હતો, તે માર્ગમાં ખોવાઈ ગયો એટલા સારુ રુએ છે." ત્યારે મહારાજે કહ્યું કે, "તે વેઢ તો અમે લાવ્યા છીએ. જુઓ, આ રહ્યો." એમ કહીને તેને તે પાછો આપ્યો અને તેણે મહારાજને પહેરાવ્યો. ॥૪૫૮॥

૪૫૯. બ્રહ્માનંદસ્વામીના મલાર રાગથી વરસાદ થયો.

શ્રીજીમહારાજ ગઢડામાં દાદા ખાચરના દરબારમાં આથમણા બારના ઓરડામાં વિરાજમાન હતા. અને આગળ દાદો ખાચર, સોમલો ખાચર, સુરો ખાચર વગેરે ભક્તો બેઠા હતા. એ સમયે એક ભક્ત વગડેથી આવ્યો અને એમ બોલ્યો કે, "મોલ સુકાય છે, તે વરસાદ

કરો તો નીપજે.” ત્યારે મહારાજ બોલ્યા કે, “નરસૈ મહેતે મલાર ગાયો એટલે વરસાદ થયો. તે બ્રહ્માનંદસ્વામીને બોલાવો, જો એ મલાર ગાય તો વરસાદ થાય.”

પછી બ્રહ્માનંદસ્વામીને બોલાવ્યા, તે આવ્યા અને પ્રેમાનંદસ્વામી પણ આવ્યા. વાજિંત્ર વગાડીને મલાર ગાયો. પ્રથમ પદ ગાયું એટલે આકાશમાં વાદળાં થયાં અને બીજું પદ ગાયું એટલે ગાજવીજ થઈ, ત્રીજે પદે વરસાદ વરસ્યો. ત્યારે મહારાજ બોલ્યા કે, “આ બ્રહ્માનંદ સ્વામી બહુ સમર્થ છે. તે જુઓને, એમણે વરસાદ વરસાવ્યો.” ॥૪૫૯॥

૪૬૦. ગોપાળાનંદસ્વામીના પત્રથી શ્રીહરિએ વરસાદ કર્યો.

અને ગોપાળાનંદસ્વામી વડતાલમાં હતા ને ચરોતર દેશમાં વરસાદની બહુ તાણ હતી. તે ઘણા હરિજન આવીને એમ કહેવા લાગ્યા કે, “સ્વામી ! વરસાદ ક્યારે થશે ?” ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, “લ્યો મહારાજ ઉપર કાગળ લખીએ.” એમ કહીને પત્ર લખીને કાશીદાસને પત્ર આપીને ગઢડે મહારાજ પાસે મોકલ્યા. તે ત્યાં ગયા ને પત્ર આપ્યો.

તે પત્ર વાંચીને મહારાજ બોલ્યા કે, “આ કાશીદાસ બહુ મોટા હરિજન છે. તે ગોપાળાનંદસ્વામીનો પત્ર લઈ વરસાદ લેવા માટે આવ્યા છે. માટે ચાલો, આપણે સર્વે ઘેલે ના’વા જઈએ.” એમ કહીને સર્વેને ભેળા લઈને મહારાજ ચાલ્યા. ત્યારે બીજા ભક્તોને એમ ઘાટ થયો કે, ‘ઘેલામાં પાણી નથી, તે મહારાજ ક્યાં ના’શે ?’ ત્યારે ઘેલામાં ગયા તે સમયે બહુ વરસાદ થયો અને સર્વે પલળી ગયા. ને મહારાજ ઉપર છત્રી ઝાલી હતી, તે પણ તૂટી ગઈ અને મહારાજ પણ પલળી ગયા.

ઘેલામાં પાણી પણ અતિ ડહોળું આવ્યું. તેને જોઈ મહારાજ બોલ્યા કે, “આમાં નવાશે નહીં. આપણને તો વરસાદે નવરાવ્યા છે; માટે ચાલો પાછા જઈએ.” એમ કહીને પાછા આવ્યા. એમ ગોપાળાનંદ સ્વામીને કાગળે કરીને સર્વે દેશમાં વરસાદ કર્યો. ॥૪૬૦॥

૪૬૧. માણકીના વછેરાનું દાન અને તેના પૂર્વજન્મની વાત

અને ગઢડામાં માણકીને વછેરો આવ્યો. તે ઘણો રૂપાળો. તેને જોઈને મહારાજે એમ કહ્યું કે, "એને સારી પેઠે ખવરાવો." ત્યારે સારી પેઠે ખવરાવીને વેઢ્યો[૧] અને તે ઘણો સારો થયો. તેને ચાબખે ફેરવીને ચાલ શિખાવી. તે સમયે કોઈ સોદાગર આવ્યો. તેણે સત્તરસો રૂપિયે માંગ્યો, ત્યારે મહારાજે ના પાડી અને એમ કહ્યું કે, "એને અમે ચડવા[૨] રાખીશું." પછી મહારાજે એમ કહ્યું જે, "એના ઉપર શંખલાદિ પલાણ નાખીને લાવો." પછી તેમ કરીને લાવ્યા.

એટલે મહારાજ કેડ બાંધીને તેના ઉપર ચડ્યા. પછી તેને લીંબડાના ફરતે કુંડે નાખ્યો. તે ઘોડો પરસેવે પલળી ગયો અને મહારાજ પણ પરસેવે પલળી ગયા. પછી તે થકી ઊતરીને એક કાઠીનો માગણ ઊભો હતો, તેને એ ઘોડો દીધો. એ જોઈને દરબારમાં બધાં ઉદાસ થઈ ગયાં.

પછી સાંજ વખત સભા થઈ ત્યારે કોઈ બોલે નહીં. એટલે મહારાજ બોલ્યા કે, "ભગુજી ! આપણે બંને ઘોડે ચડીને ગયા હતા અને બાવે ખાવા તાણ કરી, તે વાત કહો." ત્યારે તેમણે એમ વાત કરી જે, "મહારાજ ને હું બે જણ એક ગામમાં ગયા. તે બાવાની જાયગામાં ઝાડને છાંયે ઊતર્યા." ત્યારે બાવાએ અતિ હેતે કરીને જમવા માટે તાણ કરી, પણ મહારાજે ના પાડી અને ચાલી નીકળ્યા.

ત્યારે બાવો રસ્તામાં આવીને બેઠો. પડખેથી અમે ઘોડા હાંકીને ચાલ્યા ત્યારે બાવાએ ઊંચા સ્વરે પોક મેલી જે, 'બાપલિયા રે ! આ મોટા પુરુષ સ્વામિનારાયણ મારી જગામાં આવ્યા ને મારે જમાડવા હતા, પણ ન રહ્યા.' એમ સાચા ભાવે કરીને રોયો ને મહારાજે ઘોડા ઉપાડી મૂક્યા."

એમ વાત કહી રહ્યા કેડે મહારાજ એમ બોલ્યા કે, "એ બાવો ઘણો કામી હતો, તે માટે એનું ન ખાધું ને ન રહ્યા. એ બાવો માણકીનો

---

૧. ઊછેર્યો ૨.ઉપર બેસીને ફેરવવા.

વછેરો થયો છે. એ માગણ એને વાલી કરશે ને દેશપ્રદેશની હજારો ઘોડીઓ આવશે અને તેને એ ભોગવશે. પછી મરીને એ સત્સંગીનો છોકરો થશે. તે પછી નિર્વાસનિક થઈને મોક્ષને પામશે." આ વાત જાણ્યા વિના અમથો શોક કરે છે. એ વાર્તા સાંભળીને સર્વેનો શોક ટળી ગયો. ॥૪૬૧॥

૪૬૨. સૂર્યદેવ શ્રીહરિની પ્રસાદી લઈ ગયા.

અને શ્રીજીમહારાજ **ગઢડા**માં બાજરાનો રોટલો અને વંતાકનું શાક જમતા હતા. તે વખતે બેચર ચાવડે એમ કહ્યું કે, "મહારાજ, મને પ્રસાદી આપો." ત્યારે મહારાજ કહે, "એ પ્રસાદી તારા હાથમાં રહેશે નહીં." ત્યારે તે ચાવડો કહે, "મારા હાથમાંથી કોણ લેનાર છે ?" ત્યારે મહારાજ કહે જે, "જરૂર તારા હાથમાં નહિ રહે." એમ કહીને શાક ને રોટલાની પ્રસાદી આપી. તે લઈને તે પોતાને ઉતારે જતા હતા. તે વખતે એક ગરજ[1] પક્ષી આવ્યો અને ઝડપ નાખીને તે પ્રસાદી લઈ ગયો. પછી બેચર ચાવડે મહારાજ પાસે આવીને એમ કહ્યું કે, "ગરજ પક્ષી મારા હાથમાંથી પ્રસાદી લઈ ગયો. તે એ કોણ હશે ?" ત્યારે મહારાજ કહે, "એ સૂર્યદેવ ગરજ પક્ષીરૂપ થઈને પ્રસાદી લઈ ગયા." ॥૪૬૨॥

૪૬૩. બ્રહ્માનંદસ્વામીમાં હેતવાળા વાણિયાની રક્ષા

અને **ગઢડા**માં જીવા ખાચરનો કારભારી સાવક[2] વાણિયો હતો. તેને બ્રહ્માનંદસ્વામી સાથે હેત હતું. તેને અંતકાળે ચાર યમ તેડવા આવ્યા. તેને જોઈને તે વાણિયો રાડ પાડતો હતો. તેને યમે મારવા માંડ્યો. એ વખતે બ્રહ્માનંદસ્વામી આવ્યા. તેમને જોઈને યમ નાઠા. તેણે કરીને ડેલીનું માળખું ઊડીને બજારમાં પડ્યું અને તે શેઠ સત્સંગી થયો. પછી મહારાજને અને બ્રહ્માનંદસ્વામીને ઘેર તેડીને જમાડ્યા. જ્યારે એણે દેહ મૂક્યો ત્યારે મહારાજ અને બ્રહ્માનંદસ્વામી એને તેડી ગયા. ॥૪૬૩॥

૧.ગીધ જેવું એક પક્ષી ૨.જૈન મતને માનનારો

૪૬૪.સંતને જમાડવાથી ધ્રાંગધ્રાના સોનીનો ઉદ્ધાર

અને કોઈ એક સમયને વિષે **ધ્રાંગધ્રા**માં એક સોનીએ પોતાને ઘેર રસોઈ કરાવીને મહાનુભાવાનંદસ્વામીને જમાડ્યા. પછી સ્વામી ત્યાંથી હળવદ પધાર્યા. પછી કેટલેક દિવસે મહારાજે પોતાની સાથે બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી એટલા સંતને પોતા ભેળા લઈને સોનીને દર્શન દીધાં. ત્યારે સોનીએ પૂછ્યું કે, "આ કોણ છે ? આ બ્રહ્માનંદસ્વામી તો અહીં પથ્થર લેવા આવે છે તે ઓળખ્યા, અને સ્વામી તમે તો અમારે ઘેર જમવા પધાર્યા હતા એટલે તમને ઓળખ્યા, પણ આ બે ઓળખાતા નથી."

એટલે મહાનુભાવાનંદસ્વામી બોલ્યા કે, "આ તો જેને અમે સ્વામિનારાયણ ભગવાન કહીએ છીએ તે છે અને આ નિત્યાનંદસ્વામી છે." ત્યારે તે બોલ્યા કે, "બહુ સારું થયું." ત્યારે મહારાજે કહ્યું, "તું અમારો સત્સંગી તો નથી, પણ અમારા સાધુને જમાડ્યા છે, તે માટે આજથી દસમે દિવસે તને ધામમાં તેડી જઈશું." એમ કહીને મહારાજ અદૃશ્ય થઈ ગયા.

પછી એ વાત એણે જેઠા દોશીને કહી. એટલે તેણે કહ્યું કે, "આ વાત તમારા મનમાં રાખજો. ભગવાન તો સ્વતંત્ર છે. તે જો ન આવે તો ગામમાં ઉપહાસ થાય." પછી તે સોનીએ પોતાના બે પુત્રોને કહ્યું કે, "જેનું તમે લગન લીધું છે, તેને પાંચ દિવસમાં પરણાવી લો અને બીજાનું લગન લેશો નહીં. અને મારે દેહ મૂકવો છે." પછી દસમે દિવસે ગામનાં સર્વે માણસો જોવા આવ્યાં અને મહારાજ સર્વેને દર્શન દઈને સોનીને ધામમાં તેડી ગયા. ॥૪૬૪॥

૪૬૫. સંતને બે રોટલા આપવાથી ઉદ્ધાર થયો.

કોઈ એક દિવસ મહારાજના સાધુ કચ્છ દેશમાંથી ગુજરાતમાં જતા હતા. તે રણ ઊતરીને રતના ભક્તના ભાણેજની વાડીએ ઊતર્યા. ત્યારે તેણે પોતાના મામાના સાધુ જાણીને બે રોટલા આપ્યા. તે જમીને

સાધુ તો ગયા. પછી કોઈક દિવસે તેનો અંતસમો આવ્યો. ત્યારે તેને યમ તેડવા આવ્યા અને તેને યમપુરીમાં લઈ ગયા. ત્યારે યમરાજાએ તેનાં પાપ-પુણ્યની તપાસ કરીને કહ્યું કે, "તારું પાપ તો ઘણું છે અને પુણ્ય તો સાધુને બે રોટલા આપ્યા એટલું જ છે. તેથી દેવલોકમાં થોડા દિવસ તું દેવ થાય એમ છે. તે તું પ્રથમ દેવ થાઈશ કે પાપ ભોગવીશ ?" ત્યારે તે બોલ્યો જે, "હું પ્રથમ દેવ થાઈશ." પછી તે દેવ થયો અને વિમાને ચડીને ફરે છે.

એટલામાં મહારાજના સાધુ કોઈક હરિજનને તેડીને દેવલોક સોંસરા થઈને ભગવાનના ધામમાં જતા હતા. ત્યારે એણે તેમને ઓળખ્યા અને તે સાધુને પૂછ્યું કે, "તમે ક્યાં જાઓ છો ?" ત્યારે તે બોલ્યા કે, "અમે તો મહારાજના ધામમાં જઈએ છીએ." ત્યારે તે દેવ બોલ્યો જે, "આથી વળી બીજું ભગવાનનું ધામ કેવું છે ?" ત્યારે તે સાધુ બોલ્યા કે, "ભગવાનના ધામની આગળ આ તો નરક તુલ્ય છે, ને એ તો બહુ ભારે છે." ત્યારે તે બોલ્યો કે, "મને ત્યાં લઈ જાઓને !" ત્યારે સાધુ બોલ્યા જે, "તું હજુ મહારાજનો આશ્રિત થયો નથી અને વર્તમાન પણ ધાર્યાં નથી, તે વર્તમાન ધારીને મહારાજનો આશ્રિત થઈશ ત્યારે તને ત્યાં લઈ જઈશું."

દેવે કહ્યું કે, "તમે મને વર્તમાન ધરાવો." ત્યારે તે સાધુ બોલ્યા જે, "ધોલેરામાં તારો મામો છે, તેને કહેજે વર્તમાન ધરાવે." એટલે તે દેવ વિમાનમાં બેસીને આકાશમાં અદ્ધર રહીને 'રતના... રતના...' કહીને બોલાવે, પણ તે તો સાધુ તે શી રીતે બોલે ? એટલે તે નિત્ય સાદ પાડીને જતો રહે. પછી ગોપાળાનંદસ્વામીએ દિવ્યરૂપે કહ્યું કે, "તમને જે બોલાવે છે, તે તો તમારો ભાણેજ છે. તેને તમે વર્તમાન ધરાવીને મહારાજનો આશ્રિત કરજો." પછી વિજ્ઞાનદાસજીએ તેને વર્તમાન ધરાવીને મહારાજની વાર્તાઓ કરી અને મહારાજનો આશ્રિત કરીને ધામમાં મોકલ્યો. એમ **स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्।**[1] ॥૪૬૫॥

૧.શ્રીહરિના સંબંધવાળા ધર્મનો અલ્પાંશ પણ જન્મ-મરણરૂપી મોટા ભયથી રક્ષા કરે છે. (ગીતા : ૨/૪૦)

૪૬૬. ગઢપુરમાં અસુર સાંઢથી સભાની રક્ષા કરી.

અને શ્રીજીમહારાજ **ગઢડા**માં દાદા ખાચરના દરબારમાં લીંબડા હેઠે વિરાજમાન હતા. આગળ સાધુ-હરિજનની સભા બેઠી હતી. તે સમે એક મોટો સાંઢ આવ્યો, તે સભા સોંસરો દોડ્યો. મહારાજે હાથ ઊંચો કરીને હાકોટો માર્યો, તેણે કરીને એ ઊંચો ઊછળીને પાછો પડ્યો. એમ ત્રણ વાર પડીને ભાગી ગયો. એમ સર્વે સભાની રક્ષા કરી. પછી સાધુએ પૂછ્યું જે, “એ કોણ હતો ?” ત્યારે મહારાજ કહે, “એ અસુર હતો.” ॥૪૬૬॥

૪૬૭. બ્રાહ્મણનું છાનું પાપ કહી દીધું, તેથી તેને નિશ્ચય થયો.

અને મહારાજ **ગઢડા**માં પોતાના ઉતારે પોઢ્યા હતા. તે વખતે એક બ્રાહ્મણે આવીને એમ કહ્યું કે, “મને નિયમ ધરાવો.” ત્યારે મહારાજે કહ્યું કે, “મુંબઈથી આવતા તારા કાકાને મારીને તેં એના પાંચસો રૂપિયા લઈ લીધા છે, તે એને ઘેર આપીને આવીશ તો નિયમ ધરાવશું.” ત્યારે એણે એમ જાણ્યું જે, ‘મારી આ છાની વાત જાણી, માટે જરૂર આ ભગવાન છે.’ એમ જાણીને તે રૂપિયા તેને ઘેર દઈ આવીને નિયમ ધાર્યા. ॥૪૬૭॥

૪૬૮. ગઢપુરમાં આખી સભાને સમાધિ થઈ.

અને શ્રીજીમહારાજ **ગઢડા**માં રાત્રીને વખતે લીંબડા નીચે વિરાજમાન હતા. આગળ સાધુ તથા હરિજનની સભા બેઠી હતી, ને મહારાજ વાતો કરતા હતા. એ વખતે મહારાજની મૂર્તિમાંથી તેજનાં કિરણો નીકળવા લાગ્યાં. તે મહારાજની અતિ તેજોમય મૂર્તિ જોઈને એક મુક્તાનંદસ્વામી વિના સર્વે સભાને લક્ષ થયો. પછી એ સર્વેને જોઈને મહારાજ મુક્તાનંદસ્વામી પ્રત્યે એમ બોલ્યા કે, “સ્વામી, તમને લક્ષ થયો હોત તો અમે વાતો કોની સાથે કરત ?” પછી બધા જાગ્યા અને મહારાજને પગે લાગ્યા. ॥૪૬૮॥

૪૬૯. લાડકીબાઈએ સમાધિસ્થ વિપ્રની શિવલોકમાંથી શોધ કરી.

અને કોઈક દિવસ **ગઢડામાં** શ્રીજીમહારાજને દર્શને ઉમરેઠના સાઠ-સિત્તેર બ્રાહ્મણ આવ્યા. તે હરજી ઠક્કરને ઘેર ઊતર્યા હતા. તેમણે લાડુ આદિક રસોઈ તૈયાર કરીને જમવા માટે પંક્તિ કરી. એ વખતે એક જણને સમાધિ થઈ, એટલે પંક્તિ બંધ કરીને મહારાજ પાસે આવીને એ વાત કહી, એટલે મહારાજે લાડકીબાઈને કહ્યું કે, "તમે સમાધિ કરીને જાઓ ને એ વિપ્ર જે લોકમાં ગયો હોય ત્યાંથી તેને તેડી લાવો. તેમાં પ્રથમ તમે શિવલોકમાં જજો." ત્યારે તે ત્યાં કૈલાસમાં ગયાં ને ત્યાં એ વિપ્ર હતો. તેને એમ કહ્યું કે, "તમારા સંબંધી તમારી વાટ જોઈને બેઠા છે, માટે તમે જશો ત્યારે જમશે. માટે વહેલા દેહમાં જાઓ." પછી એણે દેહમાં આવીને આ વાત કહી. ॥૪૬૯॥

૪૭૦. દેવો ભમરારૂપે મહારાજનાં દર્શને નિત્ય આવતા.

અને શ્રીજીમહારાજ **ગઢડામાં** દાદા ખાચરના દરબારમાં લીંબડા નીચે ઢોલિયા ઉપર વિરાજમાન હતા. આગળ સાધુ-હરિજનની સભા બેઠી હતી. પાઘને વિષે પુષ્પના ઘણાક તોરા ધારણ કર્યા હતા. પાઘના પેચમાં ઘણાંએક પુષ્પ ખોસ્યાં હતાં. તે વખતે કાળાં અને પીળાં છે મુખ જેમનાં, એવા જે ભમરા તેનો જે સમૂહ, તે પાઘ ઉપર ઝુંમકારવ[૧] કરતો સતો ભમતો જાય અને સુગંધ લેતો જાય. તેને જોઈને વીરાભક્તે ઉડાવવા માંડ્યા, તેને મહારાજે ના પાડી.

પછી એની મેળે ભમરાનો સમૂહ આકાશમાં ઊંચો ગયો ને અદશ્ય થઈ ગયો. પછી એ જોઈને ભક્તજને મહારાજને પૂછ્યું કે, "એ કોણ હતા ?" ત્યારે મહારાજે કહ્યું કે, "એ દેવ હતા, તે ભ્રમરરૂપે અમારે દર્શને નિત્ય આવે છે." ॥૪૭૦॥

૧.ગુંજારવ

૪૭૧. પૂર્ણાનંદસ્વામી તથા સ્વરૂપાનંદસ્વામીને શ્રીહરિનાં છેલ્લાં દર્શન

અને છાસીની સાલમાં મહારાજ માંદા હતા. પૂર્ણાનંદસ્વામી તથા સ્વરૂપાનંદસ્વામીના મંડળને મેથાણ આદિક ગામમાં ફરવા જવાની મહારાજે આજ્ઞા કરી, એટલે તે મંડળ ત્યાં ગયું. પછી કોઈક હરિભક્ત ગઢડેથી આવ્યો તેણે મહારાજના બહુ મંદવાડના સમાચાર કહ્યા. તે સાંભળીને અતિ ઉદાસ થઈને ચાલ્યા, તે ગઢડે ગયા. મહારાજનાં દર્શનની બંધી હતી, પણ મહારાજને ખબર મોકલી એટલે એમને દર્શન કરાવ્યાં.

તે દિવસે મહારાજે દેહોત્સવ કર્યો ને લક્ષ્મીવાડીએ અગ્નિસંસ્કાર કરીને સર્વે નાહી-ધોઈને મંદિરમાં ગયા. ને પૂર્ણાનંદસ્વામી આદિ મંડળ તો વાડીમાં રાત્રી રહ્યા. મહારાજની ચિતા ફરતા બેઠા થકા અતિ વિરહે કરીને રોતા હતા. તે અર્ધી રાત્રિએ મહારાજે ચિતામાંથી પ્રગટ થઈને એમને દર્શન દીધાં, ને એમ બોલ્યા કે, "તમે મને બીજા મનુષ્યોની પેઠે મરેલો જાણો છો, પણ હું તો અખંડ અવિનાશી છું. તમારો અતિ વિરહ જોઈને તમને મેં દર્શન દીધું." પછી એ સાધુ વંદના કરતા હતા. ને મહારાજ અંતર્ધાન થઈ ગયા. ॥૪૭૧॥

૪૭૨. જેતલપુરમાં વેશ્યાનું કલ્યાણ

અને **જેતલપુર**ના યજ્ઞમાં મહારાજ ઘર દીઠ મણ મણ ઘઉં દળવા સારુ આપતા હતા. ત્યારે ગામમાં એક વેશ્યા હતી, તેણે મહારાજને એમ કહ્યું જે, "હું મણ ઘઉં દળી આપું, તમે મારું કલ્યાણ કરશો ?" ત્યારે મહારાજ કહે, "તું તારે હાથે દળી દે તો તારું કલ્યાણ કરીએ." પછી તેણે એ ઘઉં દળી દીધા ને મહારાજે તેનું કલ્યાણ કર્યું. ॥૪૭૨॥

૪૭૩. લોયામાં વૃદ્ધ વિપ્રનો એક રૂપિયામાં ઉદ્ધાર

અને કોઈક સમયમાં શ્રીજીમહારાજ **લોયા**માં સુરા ખાચરના દરબારમાં મંચ ઉપર વિરાજમાન હતા. આગળ સર્વે સાધુ-હરિજનની

સભા ભરાઈને બેઠી હતી. તે સમયે ઝાલાવાડનો એક અતિ વૃદ્ધ, નિર્ધન, ઝીણાં વસ્ત્ર જેણે પે'ર્યાં છે ને કંપતાં છે અંગ જેનાં એવો વિપ્ર આવીને મહારાજ સન્મુખ ને સભા કેડે ઊભો રહ્યો. માથે અતિ જીર્ણ પાઘ બાંધેલ તેની ગાંઠો હાથે કરીને સંભાળે. તેને મહારાજ એક નજરે જોઈ રહ્યા.

તે ગાંઠ છોડીને તેમાંથી એક રૂપિયો હાથમાં લઈને તે મહારાજ પાસે આવ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, "એને માર્ગ કરીને આવવા દ્યો." ત્યારે તે મહારાજ પાસે આવ્યો. ત્યારે મહારાજે હાથ લાંબો કરીને તેણે જે રૂપિયો આપ્યો તે લીધો. પછી એમ બોલ્યા જે, "ડોસા, આ રૂપિયો ક્યાંથી લાવ્યા છો ?" ત્યારે તેણે કહ્યું કે, "હું ઝંઝવાડાની કાસદી[1] ગયો હતો. ત્યાંથી મળ્યો'તો, તે તમને આપવા સારુ રાખી મૂક્યો હતો, તે તમને આપ્યો." ત્યારે મહારાજ કહે, "તમારી પાઘડી ફાટી ગઈ છે, તે લઈએ નહિ ?" ત્યારે તે કહે, "પાઘડી લઉં તો તમને શું આપું ? મારા ઘરમાં બીજો રૂપિયો નથી. ને આવી પાઘડીએ તો ચાલ્યું જાય છે."

પછી મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "સ્વામી, આ બ્રાહ્મણને કાંઈ કરવાનું બાકી રહ્યું ?" ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, "એણે પોતાનું કામ સંપૂર્ણ સિદ્ધ કરી લીધું છે." ॥૪૭૩॥

૪૭૪. વડતાલ જતા શ્રીહરિ દ્વારા સિપાયણનું કલ્યાણ

અને કોઈક સમયમાં શ્રીજીમહારાજ **વડતાલ** જાતા હતા. ભેળા સોમલા ખાચર, સુરા ખાચર તથા અલૈયા ખાચર આદિ અસ્વાર પણ હતા. માર્ગમાં એક સિપાયણ એમ બોલી કે, "સ્વામિનારાયણ..! મેરી પર નજર રખિયો..!" ત્યારે મહારાજે કહ્યું, "સારું..!" પછી થોડે છેટે મહારાજ ગયા ત્યારે તેણે ઊંચે સાદે કરીને ફરીથી કહ્યું, "જે સ્વામિનારાયણ..! મેરી પર નજર રખિયો..!" ત્યારે મહારાજ ઊંચા સાદે કરીને કહે, "સારું..!"

૧.સંદેશો દેવાના કામે

વળી, છેટે ગયા ત્યારે અતિ ઊંચા સાદે કહ્યું, "જે મારી પર નજર રખિયો..!" ત્યારે મહારાજે અતિ ઊંચા સાદે કહ્યું જે, "સારું..!" ત્યારે સુરા ખાચરે પૂછ્યું જે, "હે મહારાજ ! એ બાઈને તમે ત્રણ વાર સારું સારું કહ્યું. તે એ ઉપર તમે શું નજર રાખશો ?"

ત્યારે મહારાજ બોલ્યા જે, "તારી બરોબર કલ્યાણ કરીશ." ત્યારે સુરા ખાચર બોલ્યા જે, "અમે તમારા ભેગા જ જાઈએ-આવીએ છીએ, તમ ભેળે ખાઈએ-પીએ છીએ, ને તમને ભજીએ છીએ; તે અમણી બરોબર એનો કલ્યાણ કેમ થાય ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "આ તમે સર્વે છો તેમાં કોઈને એ બાઈએ નજર રાખવાનું ન કહ્યું ને અમને કહ્યું. તે અમારી તો એવી નજર છે જે, જીવનું કલ્યાણ કરવું. માટે એનું કલ્યાણ કરશું." ॥૪૭૪॥

૪૭૫. ખાખીને વૈરભાવે શ્રીહરિસ્મૃતિથી ઇન્દ્રપદ

અને કોઈક સમયને વિષે શ્રીજીમહારાજ **જેતલપુર**માં વડ નીચે સભા કરીને બેઠા હતા. તે સમયે રસ્તામાં એક ખાખી જતો હતો. તે મહારાજને એક નજરે વૈરભાવે રીસે કરીને ઘણી વાર જોઈ રહ્યો. પછી મહારાજ સામે જોતો જોતો ચાલ્યો. તે જ્યાં લગી મહારાજ દેખાણા ત્યાં લગી એક નજરે જોઈ રહ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, "એના હૃદયમાં અમારી મૂર્તિ પેસી ગઈ છે. તે જીવશે ત્યાં લગી સાંભરશે ને એ મરીને ઈન્દ્ર થશે." ॥૪૭૫॥

૪૭૬. પ્રસાદીના પાણીમાં નાતા છોકરાઓને ઇન્દ્રપદ

અને ક્યારેક **વડતાલ**ને વિષે મહારાજ અગાશીમાં ના'તા હતા. ને ખાળેથી પાણી હેઠે પડતું હતું. તેમાં છોકરાં ના'તાં હતાં. તેને જોઈને મૂળજી બ્રહ્મચારી એમ બોલ્યા જે, "હેઠે પ્રસાદીના પાણીમાં છોકરાં ના'ય છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ સર્વે છોકરાં ઈન્દ્ર થશે." ॥૪૭૬॥

૪૭૭. પ્રભુના પગમાંથી કાંટો કાઢનાર પાપી બ્રાહ્મણનો ઉદ્ધાર

અને ક્યારેક શ્રીજીમહારાજ અડવાણા ચાલતા હતા, તે પગમાં કાંટો વાગ્યો. તે સમે એક બ્રાહ્મણ ત્યાં હતો, તે એમ બોલ્યો જે, "હું કાંટો કાઢું." એમ કહીને મહારાજના ચરણારવિંદને ખોળામાં લઈને પોતાને વસ્ત્રે કરીને લૂછીને ચીપિયાએ કરીને કાંટો કાઢ્યો, તે પગ દુઃખવા પણ દીધો નહીં. તેને જોઈને મહારાજ બોલ્યા જે, "તેં મારો કાંટો કાઢ્યો, માટે તારું હું કલ્યાણ કરીશ."

ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે, "મારું કલ્યાણ થાય એવો હું નથી. હું તો બ્રહ્મહત્યારો છું. કેમ જે, હું ને મારો ભાઈ ખેતર વહેંચવા ગયા હતા. ત્યાં વઢ્યા, ત્યારે મારા હાથમાં કોદાળી હતી, તે મેં એને મારી ને એ મરી ગયો. એવું મોટું મેં પાપ કર્યું છે."

ત્યારે મહારાજ બોલ્યા જે, "તારું બ્રહ્મહત્યાનું પાપ તો નાશ થઈ ગયું, પણ તારાં અનેક જન્મનાં પાપ નાશ થઈ ગયાં. ને તારું કલ્યાણ હું કરીશ." એવા એ ઉપર મહારાજ રાજી થયા. ॥૪૭૭॥

૪૭૮. લાડુબા આદિકનાં ભાગ્ય ગોપીઓથી વિશેષ કહ્યાં.

અને શ્રીજીમહારાજ **ગઢડા**માં દાદા ખાચરના દરબારમાં ના'તા હતા, ને ત્યાં બાઈઓ દર્શન કરતી હતી. તે પ્રત્યે લાડુબાઈ બોલ્યાં કે, "વ્રજની ગોપીઓના જેવું આપણું મોટું ભાગ્ય છે, કે નિત્ય મહારાજનાં દર્શન થાય છે."

પછી નાહીને મહારાજ આસન ઉપર વિરાજમાન થઈને બોલ્યા કે, "લાડુબા, તમારે ઘેર અમે રહીએ છીએ, તે તમે અમારો બહુ મહિમા જાણ્યો; પણ જે તમારી ગાયો-ભેંસોનાં દૂધ, દહીં, છાસ ખાય છે તેનાં તમે કહ્યાં એવાં ભાગ્ય છે. ને તમારી ગાયો-ભેંસોનાં ભાગ્ય તો એથી ઘણાં છે. ને તમારાં ભાગ્ય તો હજાર મુખે કરીને શેષજી પણ કહેવા સમર્થ નથી, તો બીજો તો કેમ કહી શકે ?" ॥૪૭૮॥

૪૭૯. નાગડકામાં શ્રીહરિ દ્વારા દુષ્કાળની આગાહી

અને જે સમયને વિષે **નાગડકામાં** સુરા ખાચરના દરબારમાં મહારાજ વિરાજમાન હતા, તે સમયે એક કાઠિયાણી આવીને એમ બોલી જે, "કાશીએથી લખ્યાં આદાં છે[૧], જે વસંતપંચમીને દિવસે ડટણ[૨] આવશે, તે બધું ડટાઈ જાશે; પણ તમે અહીં બિરાજો છો તે મારું નાગડકું નહિ ડટાય ?" ત્યારે મહારાજ બોલ્યા કે, "ડટણ તો નહિ આવે, પણ કોઈને અન્ન નહિ મળે, એવું ડટણ આવશે." એમ કહીને પોતાનો હાથ કરડીને બોલ્યા કે, "અન્ન વિના એક એકને આમ બટકાં ભરશે." એ સાંભળી સર્વે જને એમ જાણ્યું કે, "મહા દુર્ભિક્ષ વર્ષ થાશે." પછી ઓગનોતેરો કાળ પડ્યો. ॥૪૭૯॥

૪૮૦. દાદા ખાચરનું શ્રીહરિ માટે અદ્‌ભુત સમર્પણ

અને ગઢડે મહારાજ ઘેલે ના'વા જતા હતા. નદીને કાંઠે એક વૈરાગી તીર્થવાસી રસોઈ કરતો હતો. તે દેવતા સળગાવે અને વરસાદના છાંટા પડે એટલે ઓલવાઈ જાય. તે જોઈને મહારાજ જીવા ખાચર પ્રત્યે બોલ્યા કે, "તીર્થવાસી દુઃખી થાય છે, તેને ઊતરવા એક જગા કરાવો." ત્યારે જીવા ખાચર બોલ્યા જે, "એવા તો ઘણાયે આથડે છે."

પછી નાહીને પાછા દરબારમાં આવીને સભામાં વિરાજમાન થયા. પછી દાદા ખાચર પ્રત્યે એમ બોલ્યા જે, "તીર્થવાસી દુઃખી થાય છે, તેને રસોઈ કરવા સારુ એક જગા કરાવો." ત્યારે દાદો ખાચર એમ બોલ્યા જે, "મહારાજ, અમારે રહેવાનું ઘર મોટું છે, તે તીર્થવાસીને રસોઈ કરવા આપો." મહારાજે પૂછ્યું કે, "તમે ક્યાં રહેશો ?" ત્યારે દાદા ખાચરે એમ બોલ્યા જે, "હું સાધુની જગામાં રહીશ, અને અમારા ઘરનાં, બાઈઓ ભેળે રહેશે." તે સાંભળીને જીવા ખાચર પ્રત્યે મહારાજ બોલ્યા જે, "તમે કેવો ઉત્તર દીધો અને દાદા ખાચરે કેવો ઉત્તર દીધો ? અમે એટલા સારુ એને ઘેર રહીએ છીએ !" ॥૪૮૦॥

૧.ભવિષ્યના સમાચાર આવ્યા છે ૨.ધરતીકંપ જેવો વિનાશ

૪૮૧. દાદા ખાચરની શ્રીહરિમાં દૃઢ નિષ્ઠા

અને **ગઢડા**માં ગંગાજળિયા કૂવા પાસે રામપ્રતાપભાઈનો ઉતારો હતો. ત્યાં ઉત્તરાયણને દિવસે કોઈક બ્રાહ્મણ આવીને 'સંકરાંત પર્વણી' એમ કહ્યું, એટલે દીદી બોલ્યાં કે, "ભાઈ અમે તો પરદેશી છીએ, તે શું આપીએ ?" તેને મહારાજે અક્ષરઓરડીમાં સાંભળ્યું.

પછી મહારાજ દાદા ખાચર પાસે જઈને બોલ્યા કે, "હજાર રૂપિયા લાવો." પછી દાદા ખાચરે પટારામાંથી રૂપિયા મહારાજને આપ્યા. પછી મહારાજે દાદા ખાચર પાસે ઉપડાવીને દીદીને કહે, "આ લ્યો રૂપિયા ને આપો." પણ દાદા ખાચરના મનમાં એમ ન થયું કે, દાન-પુણ્યને અર્થે સો- બસો રૂપિયા હોય, પણ આટલા શું કરશે ? એવા નિઃસંશય ભક્તને ભગવાન આધીન થઈ જાય છે. ॥૪૮૧॥

૪૮૨. માગણને શ્રીહરિમાં હેત થવાથી ઇન્દ્રપદ મળ્યું.

અને કોઈક સમયમાં શ્રીજીમહારાજે **ગઢડા** મધ્યે જીવા ખાચરના દરબારમાં વિરાજમાન હતા. તે સમયે માગણ બે છોકરા આવીને મહારાજ પ્રત્યે બોલ્યા જે, "બાપા, અમે ભૂખે મરીએ છીએ. તે અમને કાંઈક ખાવાનું આપો. આ કાળ વર્ષનું અમને ગામમાંથી કંઈ મળ્યું નથી." પછી મહારાજે બાજરાના ચાર જાડા રોટલા મંગાવી આપ્યા.

ત્યારે તે છોકરા બોલ્યા જે, "આ ચાર રોટલા બહુ મોટા છે. તે અમે બે રોટલે બે જણ ધરાશું ને બે રોટલા પછી ખાવા થશે. તે તમે તો અમને ન્યાલ કરી નાખ્યા." એમ કહીને ઘણી વાર મહારાજ સામે જોઈ રહ્યા, ને પછી ગયા. ત્યારે મહારાજે કહ્યું કે, "આ છોકરાને અમે રોટલા આપ્યા તેણે કરીને અમારી ઉપર એમને ઘણું હેત થયું છે. માટે એ બે છોકરા ઈન્દ્ર થશે." ॥૪૮૨॥

૪૮૩. મૂળજી બ્રહ્મચારીનો શ્રીહરિમાં ગાઢ પ્રેમ

શ્રીજીમહારાજ **વડતાલે** ચોકમાં સભા કરીને વિરાજમાન હતા. મૂળજી બ્રહ્મચારી મંદિરના પરથાર ઉપર બેઠા હતા. ત્યારે મહારાજે

બ્રહ્મચારી પાસે પાણી માગ્યું. ત્યારે બ્રહ્મચારીએ ત્યાંથી પડતું મૂકીને મહારાજને પાણી લઈ આવીને પાયું. ત્યારે મહારાજ બોલ્યા કે, "આ મૂળજી બ્રહ્મચારીએ પડતું મૂક્યું, તે હાડકાં ભાંગી જાય એનો એને ભય લાગ્યો નહીં. એક અમારાં વચન સામે જ એની દૃષ્ટિ છે, કે રખેને મહારાજને પાણી પાતાં વાર લાગે નહીં ! એવું એને અમારી ઉપર અસાધારણ હેત છે." એમ કહીને બહુ વખાણ કર્યાં. ॥૪૮૩॥

૪૮૪. મૂળજી બ્રહ્મચારીની બ્રહ્મસ્થિતિ

અને એકવાર મહારાજ મૂળજી બ્રહ્મચારીને કહે કે, "તમે બ્રહ્મચારી થઈને બાઈઓ સાથે બોલો છો તે ઠીક નહીં. હવે આજથી બોલશો નહીં." ત્યારે બ્રહ્મચારીએ કહ્યું કે, "હવે નહિ બોલું."

પછી બીજે દિવસે લાડુબાએ કહ્યું કે, "હે બ્રહ્મચારી ! મહારાજનો થાળ થયો છે." ત્યારે બ્રહ્મચારીએ કહ્યું કે, "લાડુબા, હું તમારી સાથે નહિ બોલું, મહારાજે મને બાઈઓ સાથે ન બોલવાનો નિયમ દીધો છે." તે સાંભળીને મહારાજ મુખ આડો રૂમાલ દઈને હસીને એમ બોલ્યા કે, "જુઓને ! બાઈઓ સાથે બ્રહ્મચારી બોલે છે ને એ તો એમ જાણે છે જે, હું નથી બોલતો." એમ કહીને મહારાજે બ્રહ્મચારીને એમ આજ્ઞા કરી જે, "તમે બાઈઓ સાથે બોલજો." ત્યારે બ્રહ્મચારી એમ બોલ્યા જે, "હું તો તમારા સારુ બોલું છું, નહિ તો મારે બાઈઓ સાથે બોલવાનું શું પ્રયોજન છે ?" પછી મહારાજે કહ્યું કે, "આની દૃષ્ટિ તો બ્રહ્મસ્થિતિને પામી છે." એમ બહુ પ્રશંસા કરી. ॥૪૮૪॥

૪૮૫. બ્રહ્મચારીએ કર્મની રેખ પર મેખ મારી.

અને એક દિવસ મૂળજી બ્રહ્મચારી વંતાકનું શાક કરીને તેમાં સારી પેઠે ઘી નાખીને, બાજરાનો રોટલો કરીને તેમાં પણ સારી પેઠે ઘી નાખીને જમવા બેઠા. ત્યાં અચાનક મહારાજ આવીને એમ બોલ્યા જે, "બ્રહ્મચારી શું કર્યું છે ?" ત્યારે તે બોલ્યા જે, "મહારાજ, શાક

ને રોટલો કર્યો છે." ત્યારે મહારાજ કહે, "અમને આપશો ?" ત્યારે તે બોલ્યા જે, "જમો મહારાજ." પછી મહારાજ જમવા બેઠા. પછી મહારાજ બોલ્યા જે, "જુઓને કેવું શાક કર્યું છે ! આ તો કર્મની રેખ પર મેખ મારી છે. કેમ કે જે સ્વાદિયો હોય, તે નિષ્કામી હોય નહીં. અને આ તો ઊર્ધ્વરેતા છે." એમ કહીને બહુ વખાણ કર્યાં.

❋ ડોસીઓએ બ્રહ્માનંદસ્વામીને આયુષ્ય આપી.

અને કોઈક સમયને વિષે ગઢડામાં બ્રહ્માનંદસ્વામી માંદા થયા ને આયુષ્ય પણ આવી રહ્યું. મહારાજ જોવા ગયા ને તેમને જોઈને પાછા પોતાને ઉતારે પધાર્યા. ત્યાં ડોસીઓની આગળ એમ બોલ્યા જે, "બ્રહ્માનંદસ્વામી આજે દેહ મૂકશે." ત્યારે ડોસીઓ બોલી જે, "હે મહારાજ ! બ્રહ્માનંદસ્વામીને મરવા દેશો મા. એમનાથી તો સત્સંગમાં ઘણો સમાસ છે. માટે એવા મોટા સાધુ સત્સંગમાં ઘરેણારૂપ છે."

પછી મહારાજ બોલ્યા જે, "એમનું આયુષ્ય આવી રહ્યું છે, તે કેમ જીવે ?" ત્યારે ડોસીઓએ એમ કહ્યું જે, "તમે ભગવાન છો, તે જિવાડવું-મારવું તમારા હાથમાં છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "જો તમે થોડું થોડું આયુષ્ય આપો તો એ જીવે." પછી ડોસીઓએ પોતાનું થોડું થોડું આયુષ્ય આપ્યું. ને મહારાજે એમને જિવાડ્યા.

પછી કોઈક દિવસ બ્રહ્માનંદસ્વામીને પોતાના સાધુ વાસુદેવાનંદ સ્વામી સાથે બોલાચાલી થઈ હશે, તેણે કરીને તે બે દિવસ નોખા પડ્યા. તેને લહિયા જાણીને મુક્તાનંદસ્વામીએ પોતા ભેળા રાખ્યા. એટલે બ્રહ્માનંદસ્વામી એક દિવસ મુક્તાનંદસ્વામીને દર્શને ન ગયા. ત્યારે મહારાજે એ વાર્તા કરી. પછી બ્રહ્માનંદસ્વામી કહે કે, "મહારાજ, એમાં મારો શો વાંક ? એમાં તો તમે કારણ છો. શા સારુ જે, બાઈઓની આવરદા આપી, તે એમ જ થાય તો !" એમ કહી મહારાજને રાજી કર્યા. ॥૪૮૫॥

૪૮૬. સોઢી ગામની બે બીબડીનું દાતણમાં કલ્યાણ

અને એક ગામમાં એક ઓસરીએ બે સિપાયણો રહે, ને એ બેના આંગણામાં બે નાના બાવળિયા ઊગેલ. તેને એ બેય નિત્યે પાણી પાય ને સાચવે. ને એ બેય એમ બોલે જે, "આ બે બાવળનાં દાતણ તો અલ્લા કરશે."

પછી એ ગામની ભાગોળે કોઈક દિવસે મહારાજ પધાર્યા. ભેળા નાજા જોગિયા આદિક ભક્ત હતા. તેને મહારાજે એમ કહ્યુ જે, "અમારે અહીં દાતણ કરવું છે." ત્યારે નાજા જોગિયાએ એમ કહ્યું જે, "આગળ ચાલો, આંહીં દાતણ ક્યાંથી મળશે ?" પણ મહારાજ ઘોડેથી ઊતર્યા. એટલે નાજા જોગિયા દાતણ લેવા ગયા, પણ તે ન મળ્યું. પછી સિપાઈના વાસમાં ગયા ને પૂછ્યું. ત્યારે એ બે બાઈઓએ કહ્યું જે, "કેને દાતણ જોઈએ છે ?" ત્યારે નાજા જોગિયાએ એમ કહ્યું જે, "સ્વામિનારાયણ ભગવાન છે, તેને દાતણ કરવું છે." ત્યારે એ બે બાઈઓ બે બાવળને કાપીને બે દાતણ લઈને આવી. ને એમ બોલી જે, "સ્વામિનારાયણ, તમે ખુદા છો, ને આ બેય દાતણ તમે કરો ને અમારા બેયનું સારું કરો." પછી મહારાજે બે દાતણ કર્યાં. પછી બોલ્યા જે, "તમારાં બેયનાં કલ્યાણ થાશે." ॥૪૮૬॥

૪૮૭. લાકડીએ મારનાર બાવા સાથે સદાનંદસ્વામીની સાધુતા

અને ધ્રાંગધ્રા સમીપે ગામ બાવલીમાં સદાનંદસ્વામી આવ્યા. તે ગામમાં ભાણદાસ નામે વૈરાગી રહેતો હતો. તેણે ગામમાંથી સાધુને ભૂખ્યા કાઢી મેલ્યા, ને એ સાધુને બાવે લાકડીએ લાકડીએ માર્યા. તેના ફડાકા સાંભળીને ખળામાં માણસ હતાં તે દોડીને આવ્યાં; ને સાધુને મુકાવ્યા. બાવાને લોકે ઠપકો દીધો, પછી સાધુને પૂછ્યું જે, "મહારાજ, તમને કેવું વાગ્યું ?" ત્યારે તે બોલ્યા જે, "આ મેરા દેહકું

લગા, તે દેહ તો કુછ કામકી નહિ હૈ, પર મેરે ગુરુભાઈકી સીસમકી અચ્છી લકડી ભાંગ ગઈ.” પછી તે સાધુ ત્યાંથી ચાલી નીકળ્યા અને બાવાના ઘરમાં નવ માણસો હતાં, તે ત્રણ મહિનામાં સર્વે નાશ થઈ ગયાં. એમ એ મહાદુઃખ પામ્યો. ॥૪૮૭॥

૪૮૮. શ્રીહરિદ્રોહથી આવેલ દુઃખ અયોધ્યાપ્રસાદજી મહારાજને રાજી કરવાથી દૂર થયું.

અને **વડોદરા**ના દીવાનજીએ શ્રીજીમહારાજનો બહુ દ્રોહ કર્યો. તેણે કરીને અંત સમયે તે બહુ દુઃખ પામ્યો. અને તેને સરકારે બાર મહિને સાઠ હજાર રૂપિયાનું નિમનોક[૧] બાંધી આપ્યું હતું, તે પણ સરકારે બંધ કર્યું. અને ત્યાંથી કાઢી મેલ્યા, તે અમદાવાદ જઈને રહ્યા.

પછી તેનો કાકો રાવસાહેબ, તેણે પોતા પાસે રહેતા જે પાળિયાદ ગામના ઝૂમખરામ, તેને આ સર્વે વાત કહી. ને એમ કહ્યું જે, “આનો કોઈ ઉપાય છે ? અને દીવાનજીએ સ્વામિનારાયણનો દ્રોહ કર્યો, તેણે કરીને અમારી આવી દશા થઈ છે.” ત્યારે ઝૂમખરામે કહ્યું જે, “સ્વામિનારાયણ પોતે તો ધામમાં પધાર્યા, પણ તેમના પુત્ર છે, તે અતિશે સમર્થ છે. તે જો રાજી થાય તો તમારો દિવસ પાછો વળે[૨].”

પછી તેણે અયોધ્યાપ્રસાદજી મહારાજની બહુ પ્રાર્થના કરી ને ઘેર પધરાવ્યા અને સંતે સહિત જમાડ્યા. તેના પુત્રે મહારાજ આગળ ખોબો ભરીને રૂપિયા મેલ્યા ને સંતને વસ્ત્ર ઓઢાડ્યાં. એમ રાજી કર્યા. પછી સરકારે તેને વડોદરા બોલાવ્યા અને મહિના પછી રૂપિયા ચાલતા થયા. એવો મોટાનો પ્રતાપ છે. ॥૪૮૮॥

૪૮૯. મેઘપુરમાં મૂળજી મરાણો અને તેથી તે ગામ પર થયેલો શ્રીહરિનો કોપ

કોઈક સમે મહારાજ ગામ આખાથી **મેઘપુર** જતા હતા. તે મૂળજી લુવાણા પ્રત્યે મહારાજ બોલ્યા જે, “મૂળજી, આજ સૂર્ય જોને કેવો

૧.સાલિયાણું; પગાર ૨.નસીબ બદલાય; સુખના દહાડા આવે

ઊગ્યો છે ! રુધિર દેખાડે એવો છે !" એમ કહેતાં કહેતાં મેઘપુર પધાર્યા. ત્યાંનો વૈરાગી નિંદા કરવા મંડ્યો, એટલે મહારાજ મૂળજી પ્રત્યે બોલ્યા જે, "મૂળજી, આ વૈરાગી આપણે જ્યારે અહીં આવીએ છીએ ત્યારે નિંદા કરે છે. તે એને કંઈક ડરાવ્યો હોય તો આપણું વાંકું બોલતો આળસી જાય, પણ મારવો નહીં."

પછી તે મૂળજી મહારાજથી વાંસે રહીને તે વૈરાગીને ડારો દેવા મંડ્યા, પણ તે વૈરાગીએ એવું કર્યું જે, તે મૂળજી જાણે 'વૈરાગી હમણાં મને મારી નાખશે !' એમ જાણી તેને ડરાવવા સારુ મૂળજીએ તરવાર તાણી. તેણે કરીને તે વૈરાગીને હાથે જરાક ઉઝેડો થયો, એટલે તે વૈરાગીએ હોબાળો કર્યો. તે સાંભળીને સર્વે લોક એમ બોલવા મંડ્યા જે, "સ્વામિનારાયણના પાળે આ વૈરાગીને માર્યો."

તે સાંભળી મહારાજે કહ્યું જે, "મૂળજીએ બહુ ખોટું કર્યું. ના પાડી હતી તોપણ ટંટો કર્યો." એમ કહીને પાછા વળ્યા. ને તે સર્વે લોકોને કહ્યું જે, "અમે ભૂલ ખાધી, તમે સર્વે પાસેથી અમે માફી માગીએ છીએ કે રાવ-ફરિયાદ કરશો નહીં. તેના પાટા-પિંડીનું તથા માથે પાણી નાખ્યાનું ખર્ચ થાય તે અમે આપીશું."

આમ મહારાજ સમાધાન કરતા હતા. અને મૂળજી તો એ વૈરાગીએ હોબાળો કર્યો એટલે ગામ ભાડેરને મારગે નાસી ગયો. તેને કેડે એક વૈરાગી અને એક ભાટ દોડ્યા. ને એમ કહેવા માંડ્યા જે, "ઊભો રે... ઊભો રે... અમે તને નહીં મારીએ, પાછો વળ. નહિ પાછો વળે તો તને તારા સ્વામિનારાયણના સમ છે." એમ કહ્યું એટલે મૂળજી પાછા વળ્યા. તે મૂળજીના એક હાથમાં તલવાર અને બીજા હાથમાં માળા હતી. ને તે 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' કહેતાં કહેતાં આગળ ચાલ્યા આવે. તે ગામ પાસે આવ્યા એટલે મૂળજીને વાંસેથી બરછી મારી, એટલે તે 'સ્વામિનારાયણ' કહીને બેસી ગયા.

પછી કોઈકે મહારાજને કહ્યું કે, "તમારા મૂળજીને તો મારી નાખ્યા." તે સાંભળી મહારાજ એમ બોલ્યા જે, "જુઓને ! હજુ અહીં

સમાધાન કરીએ છીએ, એટલામાં તો ઓલ્યાને મારી નાખ્યો. અને એ લોકોને અમારી પણ મહોબત[૧] ન આવી. અમે કેટલી વાર એ ગામને જમાડ્યું. માટે ખાય તેનું જ ખોદે એવું આ ગામ પાપી છે."

પછી ગામ પછવાડે મૂળજી આંખમાં જીવ રાખીને પડ્યા હતા. તેમને મહારાજ દર્શન દઈને ચાલ્યા અને એમ બોલ્યા જે, "જે અમારા આશ્રિત હોય તેણે આ ગામમાં ન રહેવું. ને આ ગામનું અન્નજળ પણ ન લેવું." તેમાં નરસી અને કુંવરજી એ બે ભાઈને આખે-પીપલાણે જવાની આજ્ઞા કરી. ને લાડકીમાને પંચાળે રહેવાની આજ્ઞા કરી, ને મહારાજ ચાલ્યા. પછી તે અપરાધે કરીને તે ગામમાં અન્નને અને દાંતને વેર થઈ ગયું. તે ઘણાક કાળ રહ્યું. પછી તે ગામના ભાટે મયારામ ભટ્ટને પોતાનું પૂર્વાપરનું વૃત્તાંત કહ્યું.

પછી મયારામ ભટ્ટ એમ બોલ્યા જે, "જેનો તમે અપરાધ કર્યો છે, તે તો સ્વધામ પધાર્યા, પણ તેમના પુત્ર રઘુવીરજી મહારાજ અને ગોપાળાનંદસ્વામી ને નિત્યાનંદસ્વામી, તે સર્વે રાજી થાય તો તમારો દિવસ વળે." પછી તેમણે ગઢડે જઈને બહુ પ્રાર્થના કરી. ત્યાંથી પોતાને ગામ લઈ ગયા, ને ત્યાં પધરામણી કરીને રાજી કર્યા અને તેમની કૃપાદૃષ્ટિથી વળતો દિવસ થયો. એમ મોટાના અપરાધથી સર્વનાશ થઈ જાય છે; તેમ ભાગવતમાં કહ્યું છે જે -

आयुः श्रियं यशो धर्मं लोकानाशिष एव च।
हन्ति श्रेयांसि सर्वाणि पुंसां महदतिक्रमः।।[૨] ॥૪૮૯॥

૪૯૦. ગઢપુરમાં શ્રીહરિએ શિવજીને પ્રસાદી આપી.

કોઈક સમયે **ગઢડા**માં મહારાજ સાધુની પંક્તિમાં જલેબી પીરસતા હતા. ત્યાં એક મોટી જટાવાળો ખાખી આવીને નમસ્કાર કરીને ઊભો

૧.પરિચય કે સંબંધની લાજ-શરમ ૨.મોટા પુરુષનો અપરાધ મનુષ્યનાં આયુષ્ય, યશ, સંપત્તિ, પુણ્ય, પુણ્યથી મળતાં ફળ અને સંબંધીજનો આ સર્વેનો નાશ કરે છે. એટલું જ નહિ, સર્વે કલ્યાણકારી સાધનોનો પણ નાશ કરે છે.(ભાગ.૧૦/૪/૪૬)

રહ્યો. તેને મહારાજે કહ્યું, “જમવા બેસો.” ત્યારે તે બેઠો. મહારાજે તેને ટોપલો જલેબી આપી, તેને તે જમી ગયો. પછી ઊઠીને મહારાજને અને સાધુઓને નમસ્કાર કરીને તે ગયો. પછી મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, “એને તમે ઓળખ્યા ?” ત્યારે મુક્તાનંદસ્વામી કહે, “ના, નથી ઓળખ્યા.” ત્યારે મહારાજે કહ્યું કે, “એ શિવજી અમારી પ્રસાદી જમવા આવ્યા હતા, તે ખોળો.” પછી ખોળ્યા પણ ન જડ્યા. ॥૪૯૦॥

૪૯૧. દાદા ખાચરે બહેનોને ગરાસ લખી આપ્યો.

અને ગઢડામાં એક સમે મહારાજે દાદા ખાચરને કહ્યું જે, “તમારો ગરાસ તમારી બે બહેનોને લખી આપો.” ત્યારે લાધા ઠક્કરને તેડાવીને સર્વે ગરાસ જીવુબા ને લાડુબાને લખી આપ્યો, ને તેમાં પોતે સહી કરી આપી.

પછી મહારાજ દાદા ખાચર પ્રત્યે બોલ્યા જે, “હવે તમે કેવી રીતે નિર્વાહ કરશો ?” ત્યારે દાદા ખાચરે એમ કહ્યું જે, “ભાવનગર જઈને ચાકરીનો લેખ કરાવીશ. એ મને વર્ષના સો રૂપિયા આપશે. તેમાંથી અમે બે મનુષ્ય ગુજરાન કરીશું.” એમ કહીને સાબદા થઈને ચાલ્યા. ત્યારે મહારાજે એ બે બાઈઓને કહ્યું જે, “તમારે ગરાસ સાચવવા મનુષ્ય જોઈશે. માટે દાદા ખાચરને લેખ કરાવીને રાખો.” ત્યારે એકસો રૂપિયાનું વર્ષ કરીને રાખ્યા. અને બાર મહિના સુધી એ ગરાસની ઊપજ એ બે બાઈઓએ ખાધી.

બીજે વર્ષે મહારાજે એ બાઈઓને એમ કહ્યું જે, “તમારે સાંખ્યયોગી બાઈઓને એ ગરાસનો ટંટો શા સારુ જોઈએ ? તમે દાદા ખાચરને ગરાસ પાછો આપો.” ત્યારે એ બેય બાઈઓએ કહ્યું જે, “બહુ સારું મહારાજ.” એમ રાજી થઈને ગરાસ પાછો આપ્યો. ॥૪૯૧॥

૪૯૨. શિવજી નિત્ય શ્રીહરિનાં દર્શને આવતા.

અને ગઢડામાં પ્રેમજી ઠક્કર પાછલી પો’ર રાત્રીએ ઊઠીને પોતાના હાટમાં સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... એવું ભજન કરતા હતા.

તે સમયે શિવજી આવીને ઊભા રહ્યા. તેને દીવાને અજવાળે દેખીને પ્રેમજી ઠક્કર એમ બોલ્યા જે, "તમે કોણ છો ?" ત્યારે તે કહે જે, "હું શિવજી છું અને મહારાજનાં દર્શન કરીને જતો હતો. તે તારું ભજન સાંભળીને અહીં આવ્યો. હું નિત્યે મહારાજનાં દર્શન કરવા આવું છું." ॥૪૯૨॥

૪૯૩. શિયાણીના રાજાભક્તની સમાધિની વાત

અને મહારાજની વાર્તાઓ કરવા સારુ રાજોભક્ત શિયાણીથી દેવળિયે દમા કોઠારી પાસે આવતા. તે એક દિવસ રાત્રીએ વાત કરી જે, "સમાધિ કરીને હું ધામમાં જતો હતો, ત્યાં વાટમાં કપર્દીએ[1] મને રોક્યો. તે મારે અને એમને યુદ્ધ થયું. એમને પરાભવ કરીને હું ધામમાં ગયો ને મહારાજનાં દર્શન કર્યાં." તે વાત સાંભળીને ચોરામાં સૂતેલો ગરાસિયો બહુ ખિજાયો, ને દમા કોઠારીને ગામમાંથી કાઢી મેલ્યા. તે તાવીમાં જઈને રહ્યા. ॥૪૯૩॥

૪૯૪. પ્રભુએ પેથાપુરના જેઠા વ્યાસને પંચતીર્થી કરાવી.

અને કોઈક સમયને વિષે **પેથાપુર**ના જેઠા વ્યાસ તીર્થ કરવા ચાલ્યા, તે અમદાવાદ આવ્યા. ત્યાં રામનવમીનો સમૈયો કરી વડોદરા, ભરૂચ, સુરત, ખંભાત થઈ વડતાલ આવ્યા. ત્યારે મંદિરમાં સર્વે સંતે કહ્યું જે, "ઉનાળામાં કોગળિયાનો ઉપદ્રવ છે, તે હવે પાછા ઘેર જાઓ." પણ પોતાને પંચતીર્થી જવાનો સંકલ્પ હતો, તેથી મનમાં ઉદાસ થઈને સૂતા.

ત્યારે શ્રીજીમહારાજે દર્શન દઈને કહ્યું જે, "અમે એક સ્વરૂપે સંત સહિત રઘુવીરજી અમદાવાદ જાય છે તે ભેળા જાશું, ને બીજે સ્વરૂપે તમારા ભેળા આવશું. માટે સુખે પંચતીર્થી કરવા જાઓ." એમ મહારાજે કહ્યું ત્યારે એ રાજી થઈને નિર્વિઘ્ન તીર્થ કરીને ઘેર પહોંચ્યા.

૧.જટાધારી મહાદેવજીએ

❋ ગોપા.સ્વામી દ્વારા વડતાલમાં સર્વેની મરકીથી રક્ષા

બીજું સ્વરૂપ રઘુવીરજી મહારાજ ભેળે અમદાવાદ આવ્યું. અને તે રઘુવીરજી મહારાજ આઠ દિવસ શ્રીનગરમાં રહીને જેતલપુર થઈને ખેડે ગયા. ત્યાં સાંજ વખતે સભામાં સર્વે સાધુ-હરિજન બેઠા હતા. તે સમે ગોપાળાનંદસ્વામીએ નિત્યાનંદસ્વામીને એમ કહ્યું જે, "કંઈક ઉપદ્રવ જેવું જણાય છે." ત્યારે નિત્યાનંદસ્વામીએ એમ કહ્યું જે, "પરમેશ્વરની જેમ ઈચ્છા હશે તેમ થશે." પછી ગોપાળાનંદસ્વામીએ એમ કહ્યું જે, "આપણે પણ ઝપેટામાં આવીશું." ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "આપણે પણ જગતમાં છીએ તે આવશું જ તો."

પછી બીજે દિવસે ડભાણ થઈને વડતાલ ગયા. ત્યાં રાત્રીએ દશ વાગે ગોપાળાનંદસ્વામી એમ બોલ્યા જે, "કોઈક ગૃહસ્થ હોય તો કાઢી મેલો." એમ કહીને એમ બોલ્યા જે, "ધર્મશાળા કેડે પાંચ રાંડો ઊભી છે. તે એમ વિચાર કરે છે જે, 'પેલા મંદિરમાં જાશું કે ગામમાં જાશું ?' ત્યારે એક એમ બોલી જે, 'મંદિરમાં તો એક બાવો વસમો છે, તે કનડે.' એમ કહીને બે ભોઈવાડામાં ગઈ અને ત્રણ કોળીવાડામાં ગઈ." પછી ગામમાં ભારે કોગળિયાનો ઉપદ્રવ થયો. પછી ગામને ઝાંપે લોકે મળીને પાડો માર્યો, એટલે કોગળિયાનો રોગ વૃદ્ધિ પામ્યો.

પછી ગામના સર્વે લોકે મળીને ગોપાળાનંદસ્વામી પાસે આવીને પ્રાર્થના કરી કે, "સ્વામી, અમે તો સર્વે મરી જાશું." ત્યારે સ્વામીએ એમ કહ્યું જે, "અહીં સાક્ષાત્ લક્ષ્મીનારાયણ વિરાજમાન છે તથા રઘુવીરજી મહારાજ તથા નિત્યાનંદસ્વામી જેવા સંત તથા હનુમાનજી વિરાજમાન છે. તેમને મેલીને માતા આગળ પાડો માર્યો, માટે મરવાના જ છો." ત્યારે તે પાટીદારોએ સ્વામીને કહ્યું જે, "બાપજી, ભૂલી ગયા હવે તમે દયા કરો." ત્યારે સ્વામીએ કહ્યું જે, "જાઓ, બ્રાહ્મણની ચોરાશી કરાવો ને હનુમાનજીની રુદ્રી કરાવો." પછી તેમણે તેવી રીતે કરાવ્યું ને રોગ નિવૃત્તિ પામી ગયો. ॥૪૯૪॥

૪૯૫. શ્રીહરિ આખા અને પીપલાણામાં એક સાથે જમ્યા.

અને ગામ આખામાં નરસી મહેતાનાં દીકરી ને નરસી દવેનાં સ્ત્રી લાડકી ડોસી, તે કહે, "મહારાજ, મારે ઘેર જમવા પધારો." ને તે લાડકીનો ભાઈ કલ્યાણજી કહે કે, "મહારાજ, મારે ઘેર જમવા પધારો." પછી મહારાજ તેમની પ્રીતિને વશ થયા સતા, બે રૂપે કરીને બેયને ઘેર જમવા પધાર્યા. તે પીપલાણાના હરિજન જાણે જે, મહારાજ નરસી મહેતાને ઘેર જમે છે. આખાના હરિજન જાણે જે, મહારાજ નરસી દવેને ઘેર જમે છે. અને તે ભાઈ-બહેન જાણે જે, મહારાજ બે સ્વરૂપે કરીને અમારા બેયને ઘેર જમે છે. ॥૪૯૫॥

૪૯૬. ગોપાળાનંદસ્વામીનાં દર્શને શેષજી આવ્યા.

અને કોઈક સમયને વિષે મંડળે સહિત ગોપાળાનંદસ્વામી તથા મૂળજી બ્રહ્મચારી આદિક ગઢડાના સાધુ ને દાદા ખાચર, નાગમાલો એ સર્વે ગઢડેથી વડતાલે જતા હતા. ભાલ દેશમાં ગયા. ગોપાળાનંદ સ્વામી ગાડીમાં બેઠા હતા ને મૂળજી બ્રહ્મચારી ગાડી હાંકતા હતા. ને સર્વે સાધુ ભેળા ચાલ્યા આવતા હતા. ને ચીલો[૧] પણ ઊંડો હતો. તે વગડામાં જતાં એક ભારે નાગ વાંસે દોડીને આવ્યો. ત્યારે સ્વામીએ ગાડી ઊભી રખાવી. એટલે એ નાગ પાસે આવીને ફણા ઊંચી કરીને વારંવાર પગે લાગ્યો.

ત્યારે સ્વામીએ એમ કહ્યું જે, "હવે તમે જાઓ." એમ કહીને ગાડી હંકાવી. ત્યારે તે નાગ પણ ભેળો ચાલ્યો આવે. ત્યારે સ્વામીએ વળી એમ કહ્યું જે, "હવે તમે જાઓ." પછી એ નાગ છેટે જઈને ફેર દોડીને આવ્યો. ફરી ગાડી ઊભી રાખી. તે નાગ ફણા ઊંચી કરીને ગોપાળાનંદસ્વામીને વારંવાર પગે લાગવા માંડ્યો. ત્યારે સ્વામીએ તેને એમ કહ્યું કે, "હવે તમે જાઓ ફેર આવશો નહીં." પછી એ ગયો.

૧.ઘણા સમય સુધી બળદગાડાના પૈડા ચાલવાથી રસ્તામાં થઈ ગયેલ ઉંડાણ

ભેળા સાધુ હતા તેમણે પૂછ્યું જે, "તે કોણ હતો ?" ત્યારે સ્વામીએ કહ્યું કે, "જે એ શેષજી દર્શને આવ્યા હતા." ॥૪૯૬॥

૪૯૭. લક્ષ્મણજી પર આરોપ મૂકવાથી સીતાજીને દુઃખ

કોઈક સમયે મહારાજે **ગઢડામાં** એમ વાત કરી જે, "જ્યારે રામચંદ્રજી ભગવાન મૃગ વાંસે ગયા અને લક્ષ્મણજીને સીતાજીની રક્ષા કરવા સારુ મેલી ગયા, ત્યારે સીતાજીએ લક્ષ્મણજીને એમ કહ્યું જે, "તમારા ભાઈને કષ્ટ આવ્યું છે, તે વાંસે જાઓ." ત્યારે લક્ષ્મણજીએ એમ કહ્યું જે, "મને તો તમારી રક્ષા સારુ અહીં રહેવાની આજ્ઞા કરી છે. તે હું નહિ જાઉં." ત્યારે સીતાજી બોલ્યાં કે, "અરે દુષ્ટ ! તારા મનમાં એમ છે જે, 'રામચંદ્રજી મરશે ત્યારે સીતાને સ્ત્રી કરીને મારે ઘરમાં રાખવી છે.' તે હું મારા પ્રાણ કાઢી નાખીશ, પણ તારી સ્ત્રી થઈને રહેનારી નથી."

એવું સીતાજીનું વચન સાંભળીને લક્ષ્મણજીને મૂર્છા થઈ ગઈ ને પૃથ્વી ઉપર પડી ગયા. નેત્રોમાંથી આંસુની ધારા ચાલી. પછી સચેત થઈને રામચંદ્રજી વાંસે ગયા, પણ સીતાજીને એવો દોષ લાગ્યો જે, રાવણને ઘેર જવું પડ્યું ને ત્યાં મહાકષ્ટ થયું. એ કારણના અંશે કરીને રામચંદ્રજીએ રજકવચન[૧] નિમિત્ત કરીને સીતાજીને વનવાસ મોકલ્યાં. ત્યાં અતિ દુઃખ પામ્યાં અને રામચંદ્રજીનો વિયોગ થયો.

પછી કૃષ્ણાવતારને વિષે એ રુક્મિણી થયાં, ત્યારે પણ તે કારણના અંશે કરીને અન્ય પુરુષ પતિ થાય એવો સંભવ થયો. જે શિશુપાળ સંગાથે વિવાહ સંબંધ થયો. પછી એમની પ્રાર્થના સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણે રક્ષા કરી. એ ત્રીજે જન્મે જીવુબાઈ થયાં. ને તે જ કારણના અંશે કરીને અન્ય પુરુષે પાણિ ગ્રહણ કર્યું[૨] અને પછી તેનો ત્યાગ કરીને ભગવાનની સેવા કરી, ને સંપૂર્ણ નિર્દોષ થયાં. માટે એવાં મોટાંને પણ ભગવદ્‌ભક્તના દ્રોહનું પાપ લાગ્યું, તો સાધારણને લાગે તેમાં શું કહેવું ? માટે કોઈએ ભગવાનના ભક્તનો દ્રોહ ન કરવો." ॥૪૯૭॥

૧.ધોબીનું મેણું ૨.કુંડળના હાથિયા પટગીર સાથે લગ્ન થયું.

૪૯૮. કરમડમાં શ્રીહરિએ વરસાદ વરસાવ્યો.

કોઈક સમયને વિષે શ્રીજીમહારાજ સર્વે સાધુ-હરિજન સહિત સમૈયો કરવા સારુ ગામ **કરમડ** પધાર્યા. ત્યાં જળ નહીં. માટે કોઈક ભક્ત એમ બોલ્યા જે, “મહારાજ, અન્નજળનું બહુ દુઃખ છે.” ત્યારે મહારાજ કહે જે, “ભગવાન અન્ન આપશે, ને જળ પણ આપશે.” એમ કહીને સાંજના સમયે સભા કરીને ભાગોળે વિરાજમાન થયા. તે સમયે અતિ વરસાદ થયો અને તળાવ ભરાઈ ગયું. ને કરા બહુ પડ્યા તેને લઈને સાધુએ મહારાજને જમાડ્યા. ॥૪૯૮॥

૪૯૯. સારંગપુરમાં જીવા ખાચરના બનેવીને દિવ્ય દર્શન

અને **સારંગપુર**માં જીવા ખાચરના બનેવીને શ્રીજીમહારાજ ઉપર ઘણો દ્વેષ હતો. શા માટે જે, પોતાની સ્ત્રી મહારાજને દર્શને જાય, તેને ઘણી ના પાડે તોય તે સ્ત્રી મહારાજને દર્શને જાય. તે સારુ તેને મહારાજનો અભાવ હતો. પછી એક દિવસ મહારાજ જીવા ખાચરના દરબારમાં ના’તા હતા. ને તે કાઠી પણ સાથે બેઠો હતો. પછી મહારાજે નાહીને બીજું કોરું વસ્ત્ર પહેરવા માંડ્યું, ત્યારે મહારાજે પોતાનું અલૌકિક દર્શન દીધું. તે જોઈને અતિ આશ્ચર્ય પામીને તે ઊઠીને મહારાજનાં ચરણારવિંદમાં પડીને બોલ્યો જે, “તમે તો સાક્ષાત્ ભગવાન છો. તે હું આટલા દિવસ જાણતો નહોતો અને અવગુણ લેતો હતો. તે આજથી હું તમારો છું. તે મારો અપરાધ માફ કરો.” ॥૪૯૯॥

૫૦૦. શ્રીહરિને યજ્ઞની ના પાડનાર બાવાનો કરુણ અંજામ

અને **વઢવાણ**માં મહારાજને યજ્ઞ કરવો હતો, તે સારુ ત્યાં પધાર્યા. ત્યાં રાજ્યમાં પ્રતાપગર બાવાનું કર્યું થાતું. તે મહારાજે પુછાવ્યું જે, “અમારે યજ્ઞ કરવો છે, તે જો તમારો હુકમ હોય તો અહીં કરીએ.” ત્યારે તેણે કહ્યું જે, “અહીં સ્વામિનારાયણનો યજ્ઞ નહીં.” તે સાંભળીને મહારાજ એમ બોલ્યા જે, “અહીં તો રુધિરનો યજ્ઞ થાશે.” એમ કહીને

ત્યાંથી ચાલી નીસર્યા. પછી થોડાક દિવસ કેડે એ બાવાના કટકા કરી નાખ્યા, ને રુધિરની છોળ્યું ઊડી; એ યજ્ઞ થયો. ॥૫૦૦॥

૫૦૧. બહારવટિયાઓને રસ્તામાં સ્થિર કરી દીધા.

કોઈક સમયે મહારાજ કોઈ ગામ જતા હતા. નાજા જોગિયા ગાડી હાંકતા ને મહારાજ માથે વસ્ત્ર ઓઢીને સૂતા હતા. તે સમે વગડામાં દાદા ખાચરના બારવટિયા[૧] બે કાઠી ઘોડે ચડીને આવ્યા. તેમણે નાજા જોગિયાને પૂછ્યું કે, "ગાડીમાં કોણ છે ?" ત્યારે તેણે કહ્યું જે, "મહેમાન છે, તેને મૂકવા જાઉં છું." ત્યારે તેમણે કહ્યું જે, "સ્વામિનારાયણ તો નથી ?" ત્યારે મહારાજ તે સાંભળીને માથેથી વસ્ત્ર પરું કરીને એમ બોલ્યા જે, "હા, હું સ્વામિનારાયણ છું. તારે કેમ છે ?" એટલે પેલા બે જણ બરછીઓ તોળીને ગાડીને બે કોરે આવ્યા. ત્યારે મહારાજે એવો હાકોટો માર્યો જે, એ બે જણ સજ્જડ થઈ ગયા અને સૂધબૂધ ભૂલી ગયા. ને ચિત્રામણમાં લખ્યા હોય એવા સ્થિર થઈ ગયા. ત્યારે નાજા જોગિયાને મહારાજે કહ્યું જે, "ગાડી હાંકો."

પછી તેમણે ગાડી હાંકી. તે હાંકતા જાય અને પાછું વાળીને એ બેને જોતા જાય. એમ કરતે ઘણા છેટા નીકળી ગયા, તોય પણ એ બે જણ તો ઊભા જ થઈ રહ્યા ને મહારાજ ચાલ્યા ગયા. ॥૫૦૧॥

૫૦૨. શિયાણીમાં પાનબાઈને શ્રીહરિનાં દિવ્ય દર્શન

ગામ મેમકાના રામજી શેઠની માતા પાનબાઈ તે શિયાણીએ મહારાજનાં દર્શન કરવા ગયાં. તેમણે એવો સંકલ્પ કર્યો જે, 'મહારાજ મને તેજોમય ચતુર્ભુજ મૂર્તિ એવું દર્શન દે તો એ ભગવાન ખરા.' પછી મહારાજ મેઘા પટેલના ફળિયામાં ગાડા ઉપર ઢોલિયે ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા. અને સર્વે શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. તે બાઈએ એવું દર્શન કર્યું. તે જ સમયમાં અતિ તેજોમય ને ચતુર્ભુજ

૧.બહારવટિયા

ને શંખ, ચક્ર, ગદા, પદ્મ, મુગટ આદિક આભૂષણે યુક્ત એવું અલૌકિક દર્શન કરીને શ્રીજીમહારાજને વિષે ભગવાનપણાનો એમને નિશ્ચય થયો. ॥૫૦૨॥

૫૦૩. ગોપાળાનંદસ્વામીની ઇચ્છાથી વરસાદ ચાલુ-બંધ થયો.

અને એક સમયમાં ગોપાળાનંદસ્વામી બોટાદથી ચાલ્યા. તે એક સાધુએ સ્વામીને કહ્યું કે, “તમે ઘણે ઠેકાણે વરસાદ કર્યો છે, એ વાત સાચી છે ?” ત્યારે સ્વામી બોલ્યા જે, “મેઘ તો ભગવાનનો કર્યો થાય છે, એ કાંઈ આપણા હાથમાં નથી.” ત્યાં તો મેઘ વરસવા માંડ્યો ને સર્વે સાધુ પલળવા માંડ્યા. ત્યારે સાધુએ સ્વામીને કહ્યું જે, “અમારાં પૂજા-પુસ્તક પલળી જાશે. મીણિયાં પણ બાંધ્યાં નથી, માટે વરસાદ બંધ થાય તો ઠીક.” ત્યારે સ્વામી બોલ્યા જે, “આ ઋતુ વિનાનો વરસાદ ઝાઝો વરસે નહિ, એ તો હમણાં રહી જાશે.” ત્યાં તો તુરંત રહી ગયો. ॥૫૦૩॥

૫૦૪. અમદાવાદમાં શ્રીહરિએ બાળક પાસે વેદ બોલાવ્યા.

શ્રીજીમહારાજ અમદાવાદને વિષે નવાવાસમાં ઊતર્યા હતા. ત્યાં સભામાં વેદિયા બ્રાહ્મણ આવીને બેઠા ને એમ બોલ્યા જે, “સ્વામિનારાયણ, તમે ભગવાન કહેવાઓ છો તે વેદ બોલો.” ત્યારે મહારાજ બોલ્યા કે, “અમે તો વેદ નથી ભણ્યા, ઓલ્યો છોકરો વેદ ભણ્યો છે.” એમ કહીને મહારાજે તે ભાટના છોકરા પાસે યથાર્થ સ્વરે સહિત ઋગ્, યજુર, સામ ને અથર્વ વેદના મંત્રોને અતિ શુદ્ધ ઉચ્ચારણે કરીને બોલાવ્યા. તે સાંભળીને સર્વે આશ્ચર્ય પામ્યા ને બોલ્યા જે, “હે મહારાજ ! તમે તો સાક્ષાત્ ભગવાન છો.” એમ કહીને વંદના કરી. ॥૫૦૪॥

૫૦૫. મેમકાની બે બાઈઓને કહ્યા મુજબ અંતે તેડી ગયા.

અને ગામ મેમકાની બે બાઈઓ લોયે મહારાજનાં દર્શન કરવા આવી. તે મહારાજનાં દર્શન કરીને એ બેયે એમ માગ્યું કે, "મહારાજ, અંતકાળે તેડવા આવજો." ત્યારે મહારાજ કહે, "સારું આવીશું." પછી એ બેય પાછી મેમકે આવી. તે કણબી બાઈએ દેહ મેલ્યો ત્યારે તેને સોનાનો રથ લઈને મહારાજ તેડવા આવ્યા. તે સમે સર્વે સત્સંગીને તથા તેના સંબંધીને તેડાવીને એમ કહ્યું જે, "મને તેડવા મહારાજ સોનાનો રથ લઈને આવ્યા છે, તે સાથે હું જાઉં છું." એમ કહીને દેહ મેલ્યો. ને રજપૂત બાઈને પણ એવી જ રીતે તેડી ગયા. ॥૫૦૫॥

૫૦૬. રામપ્રતાપભાઈએ ઘેલાનું પાણી રોક્યું.

એક દિવસ **ગઢડા**માં રામપ્રતાપભાઈ ઘેલામાં ના'વા સારુ પાછલી બે ઘડી રાત્રિએ ગયા. મૂળજી શેઠ આદિક પાંચસાત હરિભક્ત પણ સાથે હતા. ઘેલામાં ઘણું પાણી આવ્યું. તે જોઈને એ હરિભક્તે કહ્યું જે, "આ પૂરમાં નવાશે નહીં." ત્યારે રામપ્રતાપભાઈ બોલ્યા જે, "તમે કાંઈ ફકર રાખશો નહીં. હું પ્રથમ પડીને પાણી રોકું, પછી તમે મારી વાંસે રહીને ના'વો." એમ કહીને પોતે પાણીમાં પેસીને બે હાથ પહોળા કરીને હાકોટો કર્યો, "જે ખડે રહો." ત્યાં તો પોતાની આગળ પાણીની મોટી પાળ થઈ. એક ટીપું પાણી પણ આખી નદીમાં ન ચાલ્યું. તેને જોઈને સર્વે હરિજન રામપ્રતાપભાઈની વાંસે રહીને નાહ્યા ને મહા આશ્ચર્ય પામ્યા. ॥૫૦૬॥

૫૦૭. લાલા પાર્ષદને રામપ્રતાપભાઈનો મહિમા સમજાયો.

અને **ગઢડા**માં રામપ્રતાપભાઈને એક લાલો પાળો હતો. તેને કાંઈક આંખ્ય રોહ પડ્યો. તે રામપ્રતાપભાઈ નિત્ય પ્રત્યે એ લાલાને કહે જે, "આંહીંથે ભાગ જા." પણ એ લાલો મહારાજનો હજૂરી સેવક, તે કાંઈ ગણે નહીં. પછી એ લાલાએ મુક્તાનંદસ્વામીને પૂછ્યું

જે, "રામપ્રતાપભાઈ મને એમ કહે છે કે, આંહીંથી ભાગી જા. તે હું કેમ કરું ?" ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, "ભાઈને કાંઈ દુઃખવાય ? એ તો મહાસમર્થ છે. માટે હમણાં મહિનો, પંદર દિવસ બીજા મંદિરમાં જાઓ." એમ એને કહ્યું તોપણ એ ન ગયો. અને મહારાજને તેણે કહ્યું કે, "રામપ્રતાપભાઈ મારા ઉપર રીસ રાખે છે, તે હું કેમ કરું ?"

એ સમયમાં મહારાજે તેને સમાધિ કરાવી. તે મહારાજની મૂર્તિ આગળ અને વાંસે લાલો. એમ ને એમ એને પાતાળમાં લઈ ગયા. ત્યાં એણે એક મોટો મણિમય મંડપ દીઠો. તેમાં એક વેંત લાંબો નાનો સાપ દીઠો. ત્યારે એ લાલાએ મહારાજને પૂછ્યું કે, "આવી ભારે જાયગામાં આ સાપ કોણ હશે ?" ત્યારે મહારાજે એ સાપને સોટી અડાડી, એટલે એ સાપ મોટો મંડપ ભરાય એવડો થયો અને સહસ્ર ફેણો થઈ. ત્યારે લાલાએ પૂછ્યું જે, "હે મહારાજ ! આ કોણ છે ?" મહારાજ કહે, "આ શેષજી તે રામપ્રતાપભાઈ છે. માટે તેમના ઉપર તું રીસ કેમ રાખે છે ?"

પછી સમાધિમાંથી ઊઠીને એ લાલો રામપ્રતાપભાઈ આગળ જઈને દંડવત કરવા લાગ્યો, તે ઘણા દંડવત કર્યા. ત્યારે રામપ્રતાપભાઈએ એને ઉપાડી લીધો અને મળ્યા ને રાજી થયા ને રીસ મૂકી દીધી. ॥૫૦૭॥

૫૦૮. રામપ્રતાપભાઈએ સ્નાન માટે સરસ્વતી બોલાવ્યા.

કોઈક સમયે રામપ્રતાપભાઈ સિદ્ધપુરમાં સરસ્વતીએ ના'વા ગયા. ત્યારે હરિભક્તે કહ્યું કે, "ભાઈ, નદીમાં પ્રવાહ ચાલતો નથી." રામપ્રતાપભાઈ બોલ્યા કે, "બ્રહ્માની દીકરી હમકું નહિ નવરાવે ?" એમ કહીને ના'વા પેઠા કે, અચાનક ઢીંચણ બરાબર પાણીનો પ્રવાહ આવ્યો. તેમાં સર્વે ના'યા ને એવો રામપ્રતાપભાઈનો પ્રતાપ જોઈને સૌ વિસ્મય પામ્યા. ॥૫૦૮॥

૫૦૯. મોટાભાઈએ દેદાદરાના રજપુતને બે પુત્ર આપ્યા.

રામપ્રતાપભાઈ એક વખત અમદાવાદ થકી મૂળી જતા હતા. તે ગામ દેદાદરે આવ્યા, ત્યાં હરભમ નામે નાડોદો[૧] હતો. તેણે રામપ્રતાપભાઈની બહુ ચાકરી કરી. તેણે કરીને ભાઈ બહુ રાજી થયા અને તેનાં વખાણ કરાવ મંડ્યા. એટલે બીજા જનોએ ભાઈને એમ કહ્યું કે, "હે મહારાજ ! હરભમને દીકરો નથી, એ દુઃખ છે." ત્યારે રામપ્રતાપભાઈ બોલ્યા કે, "ઈનકું દો દીકરા હોંગે." પછી એ સ્ત્રી-પુરુષ બંને આધેડ અવસ્થાનાં હતાં અને પ્રજા થતી નહોતી, પણ રામપ્રતાપભાઈના વચને બે પુત્ર થયા. ॥૫૦૯॥

૫૧૦. મૂળીમાં અયોધ્યાપ્રસાદજીની ભવિષ્યવાણી

મૂળીમાં અયોધ્યાપ્રસાદજી મહારાજે સમૈયામાં એમ કહ્યું જે, "આ હઠીભાઈનો મેળો થાય છે, તેમાં કોગળિયું[૨] આવશે અને હજારો મનુષ્ય મરી જાશે; એવો મહાકેર[૩] કેવાશે." ને વળી એમ કહ્યું કે, "વઢવાણનો કારભારી લાધા ઠક્કર સત્સંગનો દ્વેષ કરે છે. તે આજ દિવસથી પંદર દિવસે એનો કારભાર જશે. અને એને એવો રોગ થશે કે ઊઠવું, બેસવું ઇત્યાદિક સર્વે દેહની ક્રિયા બીજા માણસ કરાવશે, પણ એના વતે નહિ થાય. ને એને સર્વે અંગમાં જીવડા પડશે ને મહાદુઃખ ભોગવીને એનો દેહ પડશે." એમ કહ્યું ને પછી એવી જ રીતે થયું. ॥૫૧૦॥

૫૧૧. સસપરના મંગળદાસનો સત્સંગ ભૂતે રખાવ્યો.

ગામ **સસપર**નો પાટીદાર મંગળદાસ, તેને કાશીનો કોટવાળ વળગ્યો. અને તેણે તેને અતિશે જ વિપત્ત પાડી. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજ આગળ આવ્યો. તે ભૂતને અયોધ્યાપ્રસાદજી મહારાજે કાઢ્યું. ને તેને વર્તમાન ધરાવ્યાં. અને તે સત્સંગી થયો એટલે તેના સંબંધીએ

૧.રજપૂતની નાડોદા નામની જ્ઞાતિનો માણસ **૨.**જેમાં તીવ્ર ઝાડા-ઊલટી થાય એવો કોલેરાનો રોગ **૩.**મોટો ઉપદ્રવ; મહાનાશ

ઉપાધિ કરીને સત્સંગ મુકાવી દીધો. એટલે ફેર તેને કોટવાળ વળગ્યો. બહુ જ દુઃખ દેવા મંડ્યો ને એમ બોલ્યો જે, "સત્સંગ મેલ્યો તે હવે તારા પ્રાણ કાઢી નાખીશ." પછી તેણે કહ્યું જે, "હવે કેમ કરીએ ?" ત્યારે તે ભૂત બોલ્યો કે, "ફેર વર્તમાન ધારીને સત્સંગી થઈને પછી નિત્ય નારાયણ ઘાટ નાહીને નરનારાયણ આગળ પચીસ માળા એક પગે ઊભો રહીને ફેરવે તો તને મેલીશ, નહિ તો મારી નાખીશ." પછી તેણે એ રીતે કર્યું, એટલે નાસી ગયો.

❋ ગઢપુરમાં સચ્ચિદાનંદસ્વામી સાઠ માણસનું જમી ગયા.

ગઢડામાં એક વખત લાડુબાઈએ સાઠ માણસની રસોઈ કરી હતી અને મહારાજને જમવા બોલાવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "પ્રથમ મોટાભાઈને જમાડો, પછી બીજાને જમાડજો." પછી મોટાભાઈને જમવા બેસાડ્યા. તે જેટલું પીરસે તેટલું જમી જાય. તે સર્વે રસોઈ જમી ગયા. પછી બે પાલીના[1] નવા રોટલા બનાવ્યા, તે પણ જમી ગયા. પછી લાડુબાઈએ મહારાજને કહ્યું જે, "આ તો જેટલું પીરસીએ છીએ, તેટલું બધું જમી જાય છે." ત્યારે મહારાજે એમ કહ્યું જે, "ચળું કરવાનું જળ આપો એટલે ચળુ કરશે." પછી ચળુ કર્યું. અને બીજા માણસો સારુ ફેર રસોઈ કરીને જમાડ્યા. એમ સચ્ચિદાનંદસ્વામી દ્વારા આશ્ચર્ય બતાવ્યું. ।।૫૧૧।।

૫૧૨-૫૧૩. મૂળજી લુવાણા અને મેઘજીની વાત

મૂળજી લુવાણાને સમાધિમાં ધામમાં જતાં કામારીએ[2] રોક્યો, ત્યારે તેનો પરાભવ કરીને તે ધામમાં ગયા. ।।૫૧૨।।

માંગરોળમાં **મેઘજીને** જૂનાપણાનું અને સિદ્ધપણાનું માન હતું, એટલે મહારાજે એનું સ્વતંત્ર મૃત્યુ ન થવા દીધું. અને એનું માન ઉતાર્યું ને એને જિવાડ્યો. ।।૫૧૩।।

૧.લગભગ બે કિલો લોટના ૨.મહાદેવજીએ

૫૧૪. શ્રીગુરુસ્વામીનો મરકીના ટોળા સાથે વાર્તાલાપ

વિસનગરમાં શ્રીગુરુચરણરતાનંદસ્વામી પિંડારિયે તળાવે ના'વા ગયા હતા. ત્યાં સાવકના સંઘ વાંસે મરકીનું ટોળું જતું હતું. તે જોઈને શ્રીગુરુસ્વામીએ પૂછ્યું કે, "અલ્યા, તમે કોણ છો ?" ત્યારે તે એમ બોલ્યા કે, "અમે કોગળિયું છીએ." ત્યારે શ્રીગુરુસ્વામીએ તેને કહ્યું કે, "તમે ક્યાં જાવ છો ?" ત્યારે તેણે કહ્યું કે, "આ સાવકના મેળામાં અમદાવાદ જઈએ છીએ." ત્યારે શ્રીગુરુસ્વામી કહે, "અલ્યા, તમે ગજબ કરશો કે શું ?" ત્યારે તે બોલ્યા કે, "આજથી ચોથે દહાડે ખબર પડશે." પછી શ્રીગુરુસ્વામીએ મંદિરમાં આવીને રામેશ્વરને એ વાત કહી ને તેમ જ થયું. ॥૫૧૪॥

૫૧૫. શ્રીગુરુસ્વામીએ સાહેબના પુત્રનો તાવ મટાડ્યો.

સાદરામાં બાલાસાહેબના પુત્રને શ્રીગુરુચરણરતાનંદસ્વામીએ માથે હાથ મૂકીને એમ કહ્યું કે, "હવે તાવ નહિ આવે." પછી ન આવ્યો. ને તે મોરે અનેક ઉપાય કર્યા પણ નહોતો ગયો. ॥૫૧૫॥

૫૧૬. લોટા પાણીમાં ભરવાડની ચાર પેઢીનું કલ્યાણ

એક વખત મહારાજ વડતાલ જતા હતા, ને કાઠીના અસ્વારો ભેળા હતા. વગડામાં જતાં મહારાજ તરસ્યા થયા અને કોઈ પાસે પાણી નહીં. ત્યારે અલૈયા ખાચર ઘોડું દોડાવીને પાણી લેવા ગયા. તે સમે એક ભરવાડ કોરા ઘડામાં નદીથી પાણી ભરીને આવતો હતો. તેને પૂછ્યું કે, "આ પાણી કેવું છે ?" ત્યારે તેણે કહ્યું કે, "કોરો ઘડો નદીમાંથી ભરીને લાવ્યો છું." ત્યારે અલૈયા ખાચરે કહ્યું કે, "અમારા મહારાજ તરસ્યા છે, તે પાણી આપીશ ?" ત્યારે તેણે કહ્યું જે, "હા." એમ કહીને એમના ભેળો આવ્યો. તેને વાટમાં અલૈયા ખાચરે કહ્યું કે, "મહારાજ પાસે તું તારા જીવનું કલ્યાણ માગજે, પણ બીજું કંઈ માગીશ મા."

પછી મહારાજ પાસે આવીને તેણે પાણી પાયું. તે પાણી પીને મહારાજ બહુ રાજી થયા અને એ પ્રત્યે એમ બોલ્યા કે, "તું માગ, જે માગે તે તને આપું." તારે તેણે એમ માગ્યું જે, "મારુ કલ્યાણ થાય." ત્યારે મહારાજ કહે, "તારી ચાર પેઢીનું કલ્યાણ થશે." એમ રાજી થઈને વર દીધો. ॥૫૧૬॥

૫૧૭. લોયાના મૂળજી પટેલનો પાણી પાવામાં મોક્ષ

એક સમયે શ્રીજીમહારાજ પાળા ભેળા લઈને ગામ **લોયે** આવતા હતા. તે માર્ગમાં મહારાજ ભગુજી પ્રત્યે એમ બોલ્યા જે, "અમને અતિ તરસ લાગી છે ને કંઠ સુકાઈ જાય છે ને રહેવાતું નથી."

પછી લોયાની સીમમાં આવ્યા. તે સમે તે ગામનો કણબી નામે મૂળજી, તે નવી બતકમાં પાણી ભરીને પોતાના ક્ષેત્રમાં આવીને બતકને મેલી. તે સમે ભગુજીએ તેને એમ કહ્યું કે, "અમારા મહારાજ તરસ્યા થયા છે, તે જળ પાશો ?" ત્યારે તેણે રાજી થઈને જળ પાયું.

પછી કેટલેક વર્ષે તેના અંતકાળે મહારાજ પોતા ભેળા પનર-વીશ સાધુ-પાળા લઈને તેડવા આવ્યા. તે ગામના લોકોએ પ્રત્યક્ષ દીઠા. ને સીધે સુરાણીએ સાંભળ્યું કે, 'મહારાજ મારા વેવાઈને તેડવા પધાર્યા છે.' એમ જાણીને મહારાજને ઊતરવા સારુ જગ્યા તૈયાર કરી. ત્યાં તો તે કણબીએ દેહ મેલ્યો ને મહારાજ તેને તેડીને અદૃશ્ય થઈ ગયા. એ સમે મહારાજ પૃથ્વી ઉપર પ્રત્યક્ષ વિરાજમાન હતા. ॥૫૧૭॥

૫૧૮. મેથાણની ડોશી 'સ્વામિનારાયણ' ન બોલી.

ક્યારેક શ્રીજીમહારાજ ગામ **મેથાણ**માં પૂજાભાઈને ભેળે લઈને બીજા હરિજનને ઘેર જમવા સારુ જાતા હતા. વાટમાં કોઈક બાઈ છાણાં થાપતી હતી. તેને જોઈને મહારાજ એમ બોલ્યા જે, "ડોસી, એક વાર સ્વામિનારાયણ કહો તો જીવનું કલ્યાણ થાય." ત્યારે ડોસી બોલી કે, "જો કહ્યું હોય તો કલ્યાણ થાય."

પછી ફેર મહારાજે એમ કહ્યું કે, "ડોસી, સ્વામિનારાયણ એક વાર કહો તો જીવનું કલ્યાણ થાય." ત્યારે ડોસી કહે, "મહારાજ, કહ્યું હોય તો કલ્યાણ થાય." એટલે પૂજાજી બોલ્યા કે, "અભાગણી, મહારાજ કહે છે ને તું સ્વામિનારાયણ કે'તી નથી ?" ત્યારે ડોસી કહે, "પૂજાજી, તમે ઠીક કહો છો. તે જો એક વાર કહ્યું હોય તો કલ્યાણ થાય." એમ બોલી પણ એનાથી સ્વામિનારાયણ કે'વાણું નહીં. પછી મહારાજ હસતાં હસતાં ત્યાંથી ચાલ્યા. ॥૫૧૮॥

૫૧૯. રાજકોટના રણછોડભાઈ ભટ્ટ કહીને ધામમાં ગયા.

અને શ્રીજીમહારાજે એક માસ આગળથી વાંકાનેરના નિવાસી અને હાલ રાજકોટમાં રહેતા એવા જે રણછોડભાઈ ભટ્ટ, તેને એમ કહ્યું જે, "તમને જ્યેષ્ઠ શુક્લ દસમીને દિવસે રાતે આઠ વાગતે અમે ધામમાં તેડી જાશું."

પછી બે દિવસ બાકી રહ્યા ત્યારે રણછોડ ભટ્ટે પોતાના ઘરમાં પૂડલા કરાવીને ખાધા. અને પોતા સારુ જાડાં લાકડાં હતાં તે ફડાવીને તૈયાર કરાવ્યાં. વિપ્ર રામજી આદિક હરિજનને કહ્યું કે, "તમે મને કથાવાર્તા સંભળાવો, મારે દસમીને દિવસ દેહ મેલવો છે."

પછી તેમણે રાત્રિના સાત વાગ્યા ત્યારે એમ કહ્યું કે, "આ મહારાજ આવ્યા છે, તેમનાં દર્શન કરો અને ચોકો દ્યો[૧]. હું મહારાજ ભેળો ધામમાં જાઉં છું. અને મારા અગિયારમાને દિવસે કંઈક પરચો જણાશે."

❋ દુર્લભરામ ગોલોક અને અક્ષરધામમાં જઈ આવ્યા.

પછી દેહ મેલ્યો ને તેમના અગિયારમાને દિવસે તેમના પુત્રના પુત્ર જે દુર્લભરામ, તેને સમાધિ થઈ. તે એને મહારાજ ગોલોકમાં લઈ ગયા. ત્યાં ગાયો ને વાછરડાં, ગોપીઓ ને ગોપ, ને શતશૃંગ

૧.મારે બેસવા માટે જમીનને છાણથી લીંપો

પર્વત અને તેમાં અનેક રાસમંડપ, વૃંદાવન ને ગોલોકની શોભા દેખી. પછી મહારાજે એમ કહ્યું જે, "તું અહીં રહીશ ?" ત્યારે તેણે એમ કહ્યું જે, "મને અક્ષરધામમાં લઈ જાઓ." ત્યારે તેને ત્યાં લઈ ગયા ને મહારાજની મૂર્તિ તો ધામની મૂર્તિમાં એક થઈ ગઈ. પછી એ તો કોઈને ઓળખે નહિ ને ચારેકોર જોવા મંડ્યો. ત્યારે રણછોડ ભટ્ટને દેખ્યા ને રાજી થયો.

પછી મહારાજે એને કહ્યું કે, "તું પાછો દેહમાં જા." ત્યારે તેણે ના પાડી, અને એમ કહ્યું કે, "હું તો અહીં રહીશ." ત્યારે મહારાજે એમ કહ્યું કે, "તારી આવરદા બાકી રહી છે, તે પૂરી થયા પછી આવજે." ત્યારે તેણે કહ્યું કે, "હે મહારાજ ! તમે ને આ મુક્તાનંદસ્વામી અને મારા પિતામહ, એટલા મને કોલ દ્યો જે અમે તને તેડવા આવશું તો પાછો જાઉં." પછી તે કોલ દીધો. પછી એણે એમ કહ્યું કે, "મને તરસ લાગી છે." પછી મહારાજે એમ કહ્યું કે, "અત્રનું પાણી પીશ તો ત્યાંનું જળ નહિ ભાવે." પછી તેણે એમ કહ્યું જે, "હું એકલો કેમ કરીને જાઉં ?" ત્યારે મહારાજ કહે, "હું મેલવા આવું." એમ કહીને મહારાજ મેલવા આવ્યા. ને તેને મહારાજે એમ કહ્યું જે, "અમે ભૂખ્યા થયા છીએ." પછી તેણે એની માને કહ્યું કે, "સાકરનો શીરો કરો, મહારાજ ભૂખ્યા છે." પછી શીરો કર્યો ને મહારાજ જમ્યા. એમ ત્રણ દિવસ મહારાજ ત્યાં રહ્યા અને જમ્યા. તેને દુર્લભરામે દેખ્યા. ।।૫૧૯।।

૫૨૦. ગઢડામાં દીનાનાથ ભટ્ટ પાસે સત્સંગિજીવન કરાવતા તેની વાત

શ્રીજીમહારાજ એક વખતે ગઢડાથી કારિયાણીએ પધાર્યા અને ત્યાં વસ્તા ખાચરના દરબારમાં ઊતર્યા. પછી એમ બોલ્યા કે, "આપણે દસ દિવસની ખરચી ભટ્ટને[૧] કરી આપીને અત્રે આવ્યા છીએ. તે શું ? જે દસ દિવસ એમને શ્લોક કરતાં થાય, એટલા ખરડા લખી

૧.ગામ આમોદના દીનાનાથભટ્ટને

આપ્યા છે." એમ કહીને એમ બોલ્યા કે, "જેમ આપણે ભટ્ટને પાસે રાખીને સત્સંગિજીવન કરાવીએ છીએ, તેમ શ્રીકૃષ્ણ ભગવાને ભારત-યુદ્ધ થઈ રહ્યા કેડે દ્વારકામાં વ્યાસજીને પાસે રાખીને ભાગવત કરાવીને યુધિષ્ઠિર ચક્રવર્તી રાજા થયા, તે દ્વારાએ ભાગવત પ્રવર્તાવ્યું. તે કેવી રીતે ? તો દેશદેશાંતરથી ભણેલા બ્રાહ્મણોને તેડાવીને, તેમનું સન્માન કરીને જમાડીને, બહુ દક્ષિણાઓ દઈને અને એક એક ભાગવતનું પુસ્તક તેમને આપ્યું. એવી રીતે ભાગવતધર્મ પૃથ્વીમાં પ્રવર્તાવીને પછી યાદવાસ્થળી[૧] કરીને સ્વધામમાં પધાર્યા." ॥૫૨૦॥

૫૨૧. ભુજમાં ફતેહ મહંમદની મહારાજ સાથે મુલાકાત

ક્યારેક શ્રીજીમહારાજ ભૂજથી માનકૂવા જતા હતા. તેમને વળોટાવવા[૨] સારુ હરિભક્ત આવ્યા હતા. તે રા'લાખાની છતરડીએ જતાં અશ્વારીએ સહિત ફતેમહંમદ આવતો હતો. તે ઝાઝાં મનુષ્ય જોઈને ગંગારામભાઈને એમ કહ્યું કે, "આટલાં બધાં માણસો અહીં કેમ આવ્યાં છે ?" ત્યારે ગંગારામભાઈએ કહ્યું જે, "અમારા ગુરુ માનકૂવા જાય છે, તેમને વળાવવા આવ્યા છીએ." ત્યારે ફતેમહંમદે કહ્યું જે, "કિયા તમારા ગુરુ સ્વામિનારાયણ ?" ત્યારે ગંગારામભાઈએ બતાવ્યા કે, "આ." ત્યારે મહારાજને જોઈને તેને બહુ ભાર આવ્યો, અને એમ બોલ્યો કે, "આ કોઈ ઓલિયા પુરુષ છે ! કેમ જે, આટલાં મનુષ્ય જેને માને છે, તેને કાંઈ અભિમાન જ નથી." એમ કહીને મહારાજને વંદના કરીને બોલ્યો કે, "હે મહારાજ ! મારે માંડવી ક્યારે આવશે ?[૩]"ત્યારે મહારાજ કહે, "માંડવી આવો કે ભૂજ જાઓ, એનું અમે કંઈ કે'તા નથી, અમે તો એટલું જ કહીએ છીએ કે જે અમારું વચન માને તેનું અમે કલ્યાણ કરીએ છીએ." એટલે ફતેમહંમદ પગે લાગીને રાજી થઈને વખાણતો વખાણતો ચાલ્યો. ॥૫૨૧॥

૧.યાદવોનો નાશ કરવા કરાવેલી અંદરોઅંદરની લડાઈ ૨.વળાવવા ૩.માંડવી શહેર મારી હકુમતનું ક્યારે થશે ?

પ૨૨. સંગશુદ્ધિની વાત

વડતાલમાં સર્વનિવાસાનંદસ્વામીએ વૃંદાવનદાસજીને અને મને એકાંતમાં બેસાડીને એમ કહ્યું કે, "મારે તમારા ઉપર અતિ હેત છે. માટે તમને એક હિતની વાત કહું જે, તમે ગુણવાન છો, માટે મનુષ્ય જોડ કરીને પાસે રાખવો, તે ધર્મવાળો ને સારો ભગવદ્‌ભક્ત હોય તે રાખવો. કેમ કે, પાસે રહે અને સેવા કરે તેના ઉપર સહેજે હેત થાય. જો તેનું મન અધર્મમાં રમતું હોય તો આપણું અંતઃકરણ પણ બગડી જાય. માટે સારાને પાસે રાખવો." તે કહ્યું છે કે - **उत्तमानेव सेवेत।**[૧] ।।પ૨૨।।

પ૨૩. રામાનંદસ્વામીએ રવજી સુતારને વૈદુ ભણાવ્યું.

એક વખત રામાનંદસ્વામીએ રવજીભાઈને ભૂજના હીરજીભાઈ પાસે વૈદુ ભણવાની આજ્ઞા કરી. ત્યારે તેમણે કહ્યું કે, "એમાં તો બહુ જૂઠું બોલવું પડે, માટે નહિ ભણું." ત્યારે રામાનંદસ્વામીએ તેને વિમુખ કર્યા.

પછી વર્ષ કેડે કોઈકે અમદાવાદથી કઠારી લાવીને હીરજીભાઈને આપીને કહ્યું કે, "આ રામાનંદસ્વામીને પુગાડો." પછી હીરજીભાઈ કહે, "આ કઠારી રામાનંદસ્વામીને કોણ પુગાડશે ?" ત્યારે રવજીભાઈ કહે, "લાવો, હું પુગાડું."

પછી રવજીભાઈ ભૂજથી કઠારી લઈને એક દિવસે ગામ તેરે પહોંચ્યા. રામાનંદસ્વામીની આગળ કઠારી મૂકીને છેટે જઈને હાથ જોડીને ઊભા થઈ રહ્યા, પણ રામાનંદસ્વામીએ જયનારાયણ પણ કહ્યા નહિ. પછી રવજીભાઈ સામું જોઈને રામાનંદસ્વામીએ રવજીભાઈને એમ કહ્યું કે, "સત્સંગમાં રહ્યાનો ખપ છે ?" ત્યારે રવજીભાઈએ કહ્યું જે, "હા." ત્યારે સ્વામી કહે કે, "વૈદુ ભણો." પછી વૈદુ ભણ્યા અને એમને સત્સંગમાં રાખ્યા. ।।પ૨૩।।

૧.ઉત્તમને જ સેવવા.

પર૪. અક્ષરધામના અલૌકિક સુખની વિશેષતા

ગઢપુરમાં અક્ષરઓરડીની આથમણી ઓસરીમાં શ્રીજીમહારાજ વિરાજમાન હતા. અને આગળ મોટા મોટા સાધુ તથા મોટા મોટા હરિભક્તો બેઠા હતા. અને ચોકમાં મોટી મોટી બાઈઓ બેઠી હતી.

એ બાઈઓએ પૂછ્યું કે, "અક્ષરધામને વિષે ભગવાન ભક્તને કેવું સુખ દેતા હશે ?" ત્યારે મહારાજ કહે કે, "એ ભક્તને ભગવાનનું દર્શન થાય છે, તેમાં પંચવિષયનું સુખ એકકાલાવછિન્ન[૧] પ્રાપ્ત થાય છે; તેમ જ સ્પર્શાદિકમાં પણ જાણવું. ને તે ધામમાં જે મુક્ત છે, તેને ભગવાનનું દર્શન કરતાં પ્રથમ એક અંગ જે મુખ, હૃદય, ઉદર, હસ્ત, ચરણ એ આદિક દેખાય છે. તેમાં અતિ હેતે કરીને તે જોડાઈ જાય છે. તેમાં અતિ સુખ આવે છે, તે લાખો કરોડો વર્ષ પર્યંત મટકું મારવાને અને એ અંગ મૂકીને બીજું અંગ જોવાને સમર્થ થતા નથી. એવું અતિ અપાર સુખ થાય છે." ॥પર૪॥

પરપ. આનંદાનંદસ્વામીને શ્રીહરિનો નિશ્ચય થયો.

અયોધ્યામાં આનંદસ્વામીએ અષ્ટાંગ યોગ સાધવાનો અભ્યાસ કર્યો, પણ મનના સંકલ્પ બંધ ન થયા. પછી એમ વિચાર કર્યો કે, 'મનના સંકલ્પ મટતા નથી, માટે હવે તો તીર્થમાં ફર્યા કરશું.' એમ વિચારીને તીર્થમાં ફરતાં ફરતાં લોજપુરના સીમાડામાં આવ્યા, ત્યાંથી મનના સંકલ્પ બંધ થઈ ગયા. ત્યારે એમ વિચાર થયો જે, 'આ ગામમાં કોઈ ઈશ્વરમૂર્તિ સમર્થ પુરુષ છે. શા માટે જે, મારા સંકલ્પ બંધ થઈ ગયા.' એવો વિચાર કરીને મહારાજ મઠ ભરડતા[૨] હતા, ત્યાં પાસે આવીને બેઠા. કાળી કામળી પાસે હતી. ને તે એમ બોલ્યા જે, "મહારાજ ! તમારામાં કાંઈ ઐશ્વર્ય છે ?" ત્યારે મહારાજ બોલ્યા કે, "તમારે કાંઈ જોવું હોય તો ઐશ્વર્ય દેખાડીએ."

૧.એકી સાથે ૨.અધકચરા દળતા

તે સમયે સાધુ આવીને એમ બોલ્યા જે, "આ કોણ છે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "ઘૂડનું બચ્ચું છે, તે ક્યાંકથી ઊડીને આવ્યું છે, તે હમણાં ઊડી જશે." એમ કહીને હસ્યા, પણ આનંદસ્વામીને તો મહારાજને વિષે અતિ હેતે કરીને વૃત્તિ જોડાઈ ગઈ અને 'આ સાક્ષાત્ ભગવાન છે,' એવો નિશ્ચય થઈ ગયો. પછી ત્યાં મહારાજ પાસે જ રહ્યા. ॥૫૨૫॥

૫૨૬. શ્રીહરિએ પૂર્વાવતારોથી અત્યધિક ઐશ્વર્ય દેખાડ્યું.

એક સમયે આનંદસ્વામીએ મહારાજને એમ કહ્યું કે, "પૂર્વે રામાવતાર તથા કૃષ્ણાવતાર ઇત્યાદિક થયા, તેમણે આટલો પ્રતાપ દેખાડ્યો નથી અને તમે તો અનેક જનને સમાધિઓ કરાવીને અનેક ઐશ્વર્ય દેખાડો છો; તેનું કારણ શું ?"

ત્યારે મહારાજ બોલ્યા કે, "આજે તો અમારે ચૌદે લોકમાં ને સાતે દ્વીપમાં અને નવે ખંડમાં જે જે મુમુક્ષુ છે, તે સર્વેનું કલ્યાણ કરવું છે. માટે અતિ ઐશ્વર્ય દેખાડીએ છીએ. ત્યારે તમે કહેશો કે, 'તમે તો અહીં વિરાજો છો અને તે મુમુક્ષુને તમારો સંબંધ શી રીતે થશે ?' તો ત્યાં કહીએ છીએ કે, તે મુમુક્ષુ તે લોકમાંથી પોતાનો દેહ ત્યાગ કરીને અહીં અવતાર લેશે અને તેમને અમારો તથા અમારા સંતનો યોગ થશે. પછી અમને ભજીને મોક્ષને પામશે." ॥૫૨૬॥

૫૨૭. બગડની ખાણમાં શ્રીહરિ ઘોડીએ સહિત ઊતર્યા.

કોઈક સમયે ગામ **બગડ**માં શ્રીજીમહારાજ સાધુ, પાર્ષદ તથા સખા સહિત પધાર્યા હતા. માણકી ઘોડીએ અશ્વાર થઈને ગામ વચ્ચે મેદાનમાં અઢાર ગજ ઊંડી એક જૂની જારની ખાણ ખાલી હતી ને તેના ઉપર લાકડું, કૂચો, ધૂળ વગેરે નાખીને તે ઢાંકી મૂકેલી, તેમાં ઘોડી ફેરવતાં ઘોડીએ સહિત મહારાજ તેમાં પડી ગયા. તે સમયે ત્યાં સર્વે જનને તેજનો બિંબ દેખાણો અને તેમાં ઘોડી સહિત મહારાજ

તેજોમય દેખાણા. અને તુરત ઘોડીએ સહિત બહાર મનુષ્યરૂપે દેખાતા હતા. કેટલાકને તે ચમત્કાર જોઈને મહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય થયો. ।।૫૨૭।।

૫૨૮. ભુજના વાલજી મલ્લને અંતસમયે અલૌકિક દર્શન

ભૂજના વાલજી મલ્લે દ્વારિકામાં દેહ મેલ્યો. તે વખતે શ્રીજીમહારાજ તેજોમય સ્વરૂપે તેમને દેખાયા અને દ્વારિકા પણ તેજોમય સુવર્ણની દેખાણી. એવી રીતે અલૌકિક દર્શન થયાં. તે જોઈને તે એમ બોલ્યા કે, "અતિ તેજોમય સ્વરૂપે મહારાજ મને તેડવા આવ્યા છે, તે ભેળો હું અક્ષરધામમાં જાઉં છું." એમ કહીને દેહ મેલ્યો. તે ચમત્કાર જોઈને કેટલાક જનને નિશ્ચય થયો. ।।૫૨૮।।

૫૨૯. શ્રીહરિએ ધ્યાનનું શ્રેષ્ઠ સ્થાન બતાવ્યું.

શ્રીજીમહારાજ કહે, "અમે ધ્યાન કરવાનું સ્થાનક જોવા ગયા. તે જે પ્રકૃતિપુરુષનું કાર્ય એવાં જે લોકસ્થાન, તે સર્વે નાશવંત અને ભયયુક્ત દેખ્યાં, પણ કોઈ નિર્ભય નહીં. **પછી તો આત્માને અક્ષરરૂપ માનીને તેમાં ભગવાનની મૂર્તિને ધારીને ધ્યાન કરવું, એ ધ્યાન કરવાનું સૌથી શ્રેષ્ઠ સ્થાન છે; એવું બીજું નથી."** ।।૫૨૯।।

૫૩૦. અંતર્દૃષ્ટિવાળાના જ્ઞાનની મહત્તા

સિદ્ધાનંદસ્વામીએ એમ વાત કરી જે, "અંતર્દૃષ્ટિવાળાનું જ્ઞાન તો અલંચ કૂવા જેવું છે. ને બાહ્યદૃષ્ટિવાળાનું જ્ઞાન તો ટાંકા જેવું છે." ।।૫૩૦।।

૫૩૧. સરસવણીના બે પટેલના સંકલ્પ પૂરા કર્યા.

કોઈક સમયે ગામ **સરસવણી**ની ભાગોળે મહારાજ સભા કરીને વિરાજમાન હતા. તે સમયે બે પાટીદાર એમ વિચાર કરીને આવ્યા જે, 'સ્વામિનારાયણનાં ચરણારવિંદમાં સોળ ચિહ્ન છે. તે જો આપણને દેખાડે તો એ ભગવાન ખરા.' એમ ધારીને છેટે ઊભા રહ્યા. ત્યારે મહારાજે

એમ કહ્યું કે, “આ બે પાટીદારને માગ કરીને આવવા દ્યો.” એમ કહીને પોતાની પાસે બોલાવ્યા અને પોતાનાં બે ચરણારવિંદ લાંબાં કરીને તેમાં સોળ ચિહ્ન દેખાડ્યાં. તે બે પાટીદારને મહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય થયો અને તેઓ નિયમ ધારીને આશ્રિત થયા. ।।૫૩૧।।

૫૩૨. ડોણ ગામમાં શ્રીહરિનાં અલૌકિક દર્શન

ગામ **ડોણ**માં શ્રીજીમહારાજે ઊભા ઊભા ધૂન કરતા સાધુ-હરિજનને પોતાનાં નેત્રને વિષે બ્રહ્માંડ સમાઈ જાય એવું પોતાનું અલૌકિક દર્શન દીધું. અને તે ચમત્કાર જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા. ।।૫૩૨।।

૫૩૩. વીજાપુરના વજીબાઈને નિશ્ચય કરાવ્યો.

જ્યારે **વિજાપુર**માં પ્રથમ વજીબાઈને ઘેર શ્રીજીમહારાજ આવ્યા, ત્યારે પોતે સૂતાં-સૂતાં એવું આશ્ચર્યરૂપ દર્શન દીધું કે પોતાના બે હાથ દસ વાંભ[૧] લાંબા દેખાડ્યા. અને બે પગ સત્તર વાંભ લાંબા વધારીને પીપળાને અડાડ્યા. અને અતિ તેજોમય સ્વરૂપ દેખાડ્યું, તે આશ્ચર્ય જોઈને તેમને નિશ્ચય થયો. ।।૫૩૩।।

૫૩૪. વિજાપુરના દેવજીભક્તની સ્થિતિ

અને કોઈક સમયને વિષે **વિજાપુર**ના દેવજીભક્ત ગામ પેથાપુરમાં વાસુદેવાનંદ બ્રહ્મચારીનાં દર્શને આવ્યા. તે સ્વામીએ મહારાજની મૂર્તિ ગઢપુરમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ ધારી, જળપાન કરાવીને પોતે પીધું. પછી તે સમયે વિજાપુરનાં વજી ડોશીના ભાઈ દેવજીભક્તે સ્વામીની વૃત્તિ સાથે વૃત્તિ જોડીને કહ્યું કે, “સ્વામી, તમે ગઢડામાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ મહારાજને પાણી પાયું, ખરું?” ત્યારે સ્વામી કહે, “હા.” એવા તો જેના ભક્ત એમને ભજીને થયા છે. ।।૫૩૪।।

૧.બે હાથ પહોળા કરતાં વચ્ચેનું અંતર;એક વાંભ = લગભગ છ ફૂટ

૫૩૫. પરમાત્માનંદસ્વામીનો સંકલ્પ સત્ય કર્યો.

ક્યારેક ગામ **કટોસણ**માં પરમાત્માનંદસ્વામી રાયજીભક્તને સાથે લઈને કૂવે ના'વા ગયા. તે કૂવામાં જળ નહિ, તે જોઈને સ્વામી બોલ્યા જે, "આ નિર્જળ દેશમાં જળ જ ન મળે, એ તો મહાદુઃખ !" એમ કહીને દિશાએ ગયા ને આવ્યા એટલે કૂવો માથા લગી ભરાઈ ગયો. એવા ભક્તના સંકલ્પ ભગવાન સત્ય કરે છે. ॥૫૩૫॥

૫૩૬. ગોઠીબના કડવા ભક્તની સ્થિતિ

ઝાડી દેશમાં **ગોઠીબ** ગામના કડવોભક્ત, તે જન્મથી નેત્રે અપંગ હતા, પણ મહારાજના પ્રતાપે કરીને મહારાજની મૂર્તિને દેખતા. પછી તે જ ગામના મૂળજીભક્તની સ્ત્રીને મહારાજ તેડવા આવ્યા, તે મહારાજ ચોકમાં ઊભા હતા. પછી કડવોભક્ત પોતાના ઘરમાંથી બહાર આવ્યો. ત્યાં તો ચોકમાં મહારાજનાં દર્શન થયાં. પછી તે પગે લાગ્યો અને પૂછ્યું જે, "હે મહારાજ ! તમે અત્યારે અહીં ક્યાંથી ?" ત્યારે મહારાજ બોલ્યા કે, "મૂળજીની સ્ત્રીને તેડવા માટે આવ્યા છીએ, પણ તે એમ કહે છે કે, 'આ મારા છોકરાને મારી સાસુને સોંપીને પછી આવીશ." ત્યારે કડવાભક્તે તે બાઈને કહ્યું કે, "તું જાને, મહારાજ તારે માટે કેટલી વાર ખોટી થાય ? હું તારા ગોવિંદાને તારી સાસુને સોંપીશ." પછી તે મહારાજ ભેળી ગઈ.

તે કડવો ભક્ત એક સમયે **મછિયાવે** મહારાજનાં દર્શને આવ્યા. ત્યારે મહારાજને પગે લાગીને મહારાજનાં બે ચરણારવિંદને પોતાના બે હાથે ઝાલીને બેસી રહ્યા. મહારાજ તો ત્યાંથી ઊઠીને ગયા. પછી બીજાઓએ કહ્યું કે, "ભક્ત, બેસી કેમ રહ્યા છો ?" ત્યારે તે કહે જે, "હું મહારાજનાં ચરણારવિંદ ઝાલી રહ્યો છું. મહારાજ આ બેઠા." એમ સદાય મહારાજને દેખતા. ને મહારાજ એમની છાતી ભરીને[૧] બોલ્યા કે, "ભક્તની છાતી બહુ પો'ળી છે."

૧.માપીને

કોઈને યમદૂત લેવા માટે આવ્યા હોય અને ભક્ત ત્યાં જાય એટલે યમદૂત પણ નાસી જાય. પોતાના આંબાનાં સાઠ ઝાડ હતાં. તે સરકારી થયાં, પછી વર્તમાન ધરાવીને કહ્યું કે, “તમે હવે શા માટે ઊભાં રહ્યાં છો ? સાધુના ઉપયોગમાં તો આવતાં નથી. માટે ચાલ્યાં જાઓ.” એમ સર્વેને ધામમાં મોકલી દીધાં. તે સુકાઈ ગયાં.

અને તે માંદા થયા ને બહુ ચૂંક આવે અને કાળી રાડ પાડે અને એમ બોલે જે, “કડવાની પરીક્ષા તમે ઊભા ઊભા જુઓ છો, તે તમારે ગમે તેટલું દુઃખ દેજો પણ કડવો મોઢેથી એમ નહિ કહે કે, આ મારું દુઃખ ટાળો.” એમ અતિશે આત્મનિષ્ઠ હતા. ॥૫૩૬॥

૫૩૭. બાબરાનો દ્વેષી બાવો ભાડમાં પડ્યો.

જ્યારે શ્રીજીમહારાજ **કરિયાણા**માં હતા, ત્યારે ગામ બાબરામાં એક બાવો હતો, તે લોકો આગળ એમ બોલતો કે, “સ્વામિનારાયણ અહીં આવે તો મારે મારવા છે.” તે વાર્તા સાંભળીને મહારાજ વેલમાં બેસીને અને મુક્તાનંદસ્વામીને ભેળા લઈને તથા નાજા જોગિયા તથા હાલીકો કાઠી આદિક પાંચ-સાત મનુષ્યોને ભેળા લઈને બાબરા પધાર્યા. ત્યાં ભાગોળે ઊભા રહ્યા ત્યારે ગામના લોકોને ખબર પડી. એટલે ગામના લોક બાવાને આગળ કરીને, તે બાવા ઉપર લૂગડું ઝાલીને હલકીને[૧] ઘણાક આવ્યા. તેમણે મહારાજને વેલ પર બેઠેલા જોયા. તે સમે હાલીકાને સમાધિ થઈ. તે ઓમકારના શબ્દને કરતો થકો તે બાવાની સન્મુખ ચાલ્યો, એટલે બાવો બીનો અને પાછે પગે ભાગ્યો. તે ભાગોળે મોટી ભાડ[૨] પાણી ભરેલી અને માંઈ કાંટા, તેમાં જઈને પડ્યો. પછી ગામના લોક તે બાવાને કાઢવા મંડ્યા. ત્યારે મહારાજ કહે, “આપણે જે કામ કરવું હતું તે થયું, હવે પાછા ચાલો.” એમ કહીને પાછા કરિયાણે આવ્યા.

૧.ઝનૂન સાથે ઉત્સાહથી ૨.બાંધ્યા વગરનો મોટો પહોળો પડી ગયેલો કૂવો

પછી બાબરાના કાઠી એમ બોલ્યા જે, “સ્વામિનારાયણે આપણા ગામમાં આવી બાવાને ભાડમાં નાખ્યો. માટે ચાલો આપણે વાંસે જઈએ અને તેમને મારીએ.” ત્યારે બીજા કાઠી બોલ્યા કે, “તમારો બાપ એ સ્વામિનારાયણ માર્યા જાય એવા નથી. તમે વાંસે મારવા જશો તો તમને ઉપાડીને સ્વામિનારાયણ સમુદ્રમાં નાખી દેશે. કારણ કે આપણા બધાના દેખતાં દિવસે બાવાને એમ ભાડમાં નાખ્યો. માટે કોઈ વાંસે જશો નહીં.” આ સાંભળીને બધા બીના. તે કોઈ મહારાજ વાંસે ગયું નહીં. ॥૫૩૭॥

૫૩૮. શ્રીહરિનો સંકલ્પ જાણી સ્વરૂપાનંદસ્વામી જેતલપુર આવ્યા.

કોઈક સમયે સ્વરૂપાનંદસ્વામીનું મંડળ નગરમાં[૧] હતું. અને મહારાજ જેતલપુરમાં હતા. તે મહારાજે એવો સંકલ્પ કર્યો જે, ‘મંડળે સહિત સ્વરૂપાનંદસ્વામી અહીં આવે.’ ત્યારે સ્વરૂપાનંદસ્વામી મંડળના સાધુ પ્રત્યે બોલ્યા જે, “મહાપુરુષો, ચાલો જેતલપુર જઈએ. મહારાજે આપણને તેડાવ્યા છે.” ત્યારે સાધુ બોલ્યા કે, “સ્વામી, કોઈ મનુષ્ય બી નહિ આવ્યા હે, કોઈ કાગળ બી નહિ આવ્યા હે, ને ક્યું જાણ્યા જે તેડાવ્યા હે ?” ત્યારે સ્વામી બોલ્યા કે, “મહારાજ કે’તા હે.” પછી તે જેતલપુર આવ્યા. પછી મહારાજ બોલ્યા જે, “સ્વરૂપાનંદસ્વામી અમારો સંકલ્પ જાણીને આવ્યા.” ॥૫૩૮॥

૫૩૯. ગોપાળાનંદસ્વામીએ સંતોની વરસાદથી રક્ષા કરી.

ગોપાળાનંદસ્વામી ગાડીમાં બેસીને કોઈ ગામ જતા હતા. ને બીજા સાધુ ભેળા ચાલ્યા આવતા હતા. તે સમે મેઘ વરસવા મંડ્યો, તે ગાડી ઉપર જળનું ફોરું ન પડે અને બીજા સર્વે પલળી ગયા. ॥૫૩૯॥

૧.જામનગરમાં

૫૪૦. સ્વામીનું ન માનવાથી ભગવદાનંદસ્વામીનાં પુસ્તક પલળ્યાં.

કોઈક સમયે ગોપાળાનંદસ્વામી ભેળા ભગવદાનંદસ્વામી હતા. તે ગામથી બીજે ગામ જવા સારુ તૈયાર થયા. ત્યારે ગોપાળાનંદસ્વામી પુરુષાનંદસ્વામી પ્રત્યે બોલ્યા જે, “આપણાં પુસ્તકોને મીણિયાં બાંધજો.” ત્યારે ભગવદાનંદસ્વામી બોલ્યા જે, “સ્વામી, વરસાદ પણ નથી અને વાદળાં પણ નથી. તે પુસ્તકે મીણિયાં કેમ બંધાવો છો ?” એમ કહીને તે હસ્યા, તોપણ સ્વામીએ મીણિયાં બંધાવ્યાં. ભગવદાનંદસ્વામીએ તો ન બાંધ્યાં.

પછી ચાલ્યા તે રસ્તે જતાં વરસાદ થયો. તે ગોપાળાનંદસ્વામીનાં પુસ્તક ન પલળ્યાં અને ભગવદાનંદસ્વામીનાં પુસ્તક પલળી ગયાં. એ જોઈને બધા આશ્ચર્ય પામ્યા. ||૫૪૦||

૫૪૧. સ્વામીને કેદ કરવાની વાત કરનારો કેદખાનામાં

કોઈક સમયને વિષે ગોપાળાનંદસ્વામી ઉમરેઠમાં હતા. ને ત્યાંના કુમાશદારે[૧] મંદિરના ઓટલા ખોદવાનો હુકમ કર્યો, ત્યારે સ્વામીએ ના પાડી. ત્યારે કુમાશદારે એમ હુકમ કર્યો જે, “ના પાડનારને અહીં બોલાવો.” એમ કહીને એક સિપાઈ મોકલ્યો, તોયે ન ગયા. પછી બે સિપાઈ મોકલ્યા, તોયે ગયા નહીં. ત્યારે એમ હુકમ કર્યો કે, “એમને બાંધીને લાવો.” એમ કહીને પાંચ સિપાઈઓ મોકલ્યા.

પછી સ્વામી ત્યાં ગયા. ત્યારે સ્વામીને જોઈને તે કુમાશદાર ત્યાંથી ઊઠીને સંતાઈ ગયો. પછી બીજા સારા લોકો વિનય કરીને સ્વામીને મંદિરમાં લઈ ગયા. અને બીજે દિવસે ખેડાથી સાહેબનો હુકમ આવ્યો કે, કુમાશદારને કેદ કરીને લાવવો. પછી તેવી રીતે કરીને ખેડા લઈ ગયા અને તેની કલમ કાપી નાખી[૨]. ||૫૪૧||

૧.મામલતદારે; વહીવટદારે ૨.નોકરી લઈ લીધી.

૫૪૨. ગોપાળાનંદસ્વામીએ ભૂત ભગાડ્યું.

એક સમયે **ગઢડા**માં ગોપાળાનંદસ્વામી પાસે એક વણિક આવ્યો. તેને ભૂત વળગ્યું હતું. સ્વામીએ ભૂત કાઢી તેને નિયમ ધરાવ્યા. પછી તે સાધુ થયો અને સમાધિ પણ થવા માંડી, પણ જ્ઞાન વિના સત્સંગમાંથી ગયો. ॥૫૪૨॥

૫૪૩. નારાયણ કંસારાની આયુષ્ય વધારી.

વીસનગરમાં નારાયણ કંસારાને જ્યારે મહારાજ તેડવા આવ્યા ત્યારે તેણે મહારાજને કહ્યું કે, "હું તો હમણાં પરણ્યો છું, માટે મને મૂકી જાઓ." ત્યારે મહારાજ કહે, "તારી આવરદા નથી." ત્યારે બ્રહ્માનંદ સ્વામી એમ બોલ્યા જે, "એની સ્ત્રીની અરધી આવરદા એને આપીને એને મેલી જાઓ." પછી એવી રીતે કરીને એને મૂકી ગયા. ॥૫૪૩॥

૫૪૪. વાસનાથી ગોવિંદરામને પાંચ વર્ષનું દુઃખ

ગામ **ધોળકા**માં ગોવિંદરામ જોષીને મહારાજ દિવસે તેડવા આવ્યા. અને પ્રત્યક્ષ પ્રમાણ દર્શન દઈને એમ કહ્યું કે, "ચાલો તૈયાર થાઓ, અમે તમને તેડવા આવ્યા છીએ." ત્યારે તે એમ બોલ્યા કે, "મહારાજ, મારાં છોકરાં નાનાં છે અને સ્ત્રી પણ સમજુ નથી. માટે મને બે વરસ મૂકી જાઓ તો ઠીક." ત્યારે મહારાજ બોલ્યા જે, "જાઓ, પાંચ વરસ કાચલાં કૂટો[૧]." એમ કહીને અંતર્ધાન થઈ ગયા. ને તે પાંચ વરસ રહ્યા. ॥૫૪૪॥

૫૪૫. ધોળકાના જીવરાજશા વાસનાથી બહુ હેરાન થયા.

ધોળકામાં મહારાજ જીવરાજશાને તેડવા આવ્યા અને એમ કહ્યું કે, "અમો તમને તેડવા આવ્યા છીએ, તે ચાલો." ત્યારે તે એમ બોલ્યા જે, "હે મહારાજ ! મારી દીકરીની દીકરીને પરણાવવાની છે

૧.સંસારની મિથ્યા મહેનત કર્યા કરો.

અને કપાસિયાની વખાર ભરેલી છે, તે વેચવાની છે. માટે હમણાં મને મેલી જાઓ તો ઠીક." પછી તેને મૂકી ગયા, તે બાવીસ વરસ સુધી રહ્યા. પછી સ્ત્રી-છોકરો કોઈ ચાકરી કરનાર નહિ, તે બહુ હેરાન થયા ને પછી દેહ મેલ્યો. ॥૫૪૫॥

૫૪૬. ગામ વ્યારનો સત્સંગી પુત્રમાં હેતે કરીને ભૂત થયો.

ગામ **વ્યાર**માં એક સત્સંગી કણબીને મહારાજ તેડવા આવ્યા. ત્યારે તે દેહ મૂકીને મહારાજ ભેળો ચાલ્યો. તે પોતાની વાડીમાં બાજરી ટોવા[૧] સારુ માળો[૨] કર્યો હતો, તે ઉપર જઈને બેઠો. તેણે એમ ધાર્યું કે, 'છોકરો નાનો છે, તે ચકલાં બાજરીને ખાઈ જશે, એટલે છોકરો શું ખાશે ?' એમ છોકરાને વિષે હેતે કરીને ભૂત થયો. ॥૫૪૬॥

૫૪૭. રૂપિયામાં વાસનાથી બ્રહ્મચારીની અસદ્‌ગતિ

કોઈક દેશનો બ્રહ્મચારી ઈડર પાસે સુવેર[૩] ગામમાં આવીને રહ્યો. તેણે ભિક્ષા માગીને બસો રૂપિયા ભેગા કર્યા, અને તેને તેણે મોટા હરિભક્ત ગોવિંદરામને ઘેર મેલ્યા. તે બ્રહ્મચારી મરીને ગોવિંદરામનો પુત્ર થયો. તે જ્યારે જન્મ્યો ત્યારથી રોવા મંડ્યો. તે રોયા જ કરે અને માંદો પણ મટે નહીં.

પછી એક દિવસ ગોવિંદરામ એની પાસે બેસીને મનમાં વિચાર કરતા હતા જે, 'આ તે કોણ જન્મ્યો હશે ?' પછી તેને પૂછ્યું કે, "તું કોણ છે ? અને અમને સંતાપે છે કેમ ?" ત્યાં તો એ બોલ્યો કે, "ઓલ્યા રૂપિયા લાવો." ત્યારે ગોવિંદરામ બોલ્યા કે, "તું બ્રહ્મચારી છે કે શું ?" ત્યારે તે કહે, 'હા.' પછી તેને ગોવિંદરામે કહ્યું કે, "જા તારા રૂપિયા તારા નિમિત્તે પુણ્યમાર્ગે વાવરીશ." એમ કહ્યું એટલે દેહ પડી ગયો. અને ગોવિંદરામે તેના રૂપિયાની અમદાવાદમાં રસોઈ આપી. એમ અન્ય પદાર્થ અસદ્‌ગતિ પમાડે એવા છે. ॥૫૪૭॥

૧.પંખીઓથી બચાવવા ૨.ઊંચો માંચડો-આસન ૩. હાલમાં ઉમેદગઢ કહે છે.

૫૪૮. વરસો ખેર દીકરીમાં હેતથી તેનો દીકરો થયા.

ગામ પેથાપુરના વરસો ખેર મહારાજના મળેલા હતા. અને પોતે ઘણોક સત્સંગ કરાવ્યો. પછી પોતે વૃદ્ધ થયા એટલે પોતાની દીકરી ભેળા રહ્યા. અને તેણે તેની સારી રીતે સેવા કરી. તેથી વરસા ખેરના મનમાં એમ થયું કે, 'અરેરે, મારે પુત્ર નહિ ! પણ આ બાપડી મારી સેવા કરે છે, તેને પણ પુત્ર નહીં !" એમ ચિંતવન કરતાં કરતાં દેહ પડ્યો, એટલે તે જ તેના પુત્ર થયા. પછી કોઈક દિવસ મહારાજ એક હરિજનને દર્શન દઈને બોલ્યા કે, "વરસા ખેર દીકરીના દીકરા થયા છે, તે તેને તેડીને વળતાં તને તેડી જઈશું." આ વાત તે હરિભક્તે બીજાને કહી એટલે જાણ્યું. તે ગીતામાં કહ્યું છે જે -

यं यं चापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरं ।
तं तमेवैति कौन्तेय ! सदा तद्भावभावितः ॥[1] ॥૫૪૮॥

૫૪૯. એકાંતિક સંતો-ભક્તોને સંભારવાથી કામાદિક શત્રુઓ નાસી જાય છે.

અને શ્રીજીમહારાજે એમ વાત કહી કે, "જ્યારે અંતરમાં કામાદિકના સંકલ્પ-વિકલ્પ થાય, ત્યારે ભગવાનને તથા મોટા મોટા એકાંતિક સાધુને તથા મોટા મોટા એકાંતિક હરિજનને સંભારવા, એટલે એ રક્ષા કરવા દોડી આવે; એટલે કામાદિક શત્રુ નાસી જાય. જેમ કોઈકને ચોર લૂંટતા હોય ત્યારે તે બકોર પાડે, ત્યારે બીજા લોક દોડી આવે એટલે ચોર મૂકીને નાસી જાય તેમ." ॥૫૪૯॥

૫૫૦. સૂથા ગામના વિપ્ર સુખરામની શ્રીહરિમાં દૃઢ નિષ્ઠા

સૂથા ગામના રાજાની આગળ સભામાં ભાટ બેઠો હતો. તે શ્રીજીમહારાજનું વાંકું બોલ્યો. ત્યારે ત્યાં વિપ્ર સુખરામ બેઠા હતા.

૧.મનુષ્ય કોઈપણ વ્યક્તિ, વસ્તુ કે ભગવાનની વાસનાથી વાસિત મનવાળો હોઈને અંતકાળે તેને સંભારતો થકો દેહ છોડે છે, તો તે દેહ છોડ્યા પછી તેને જ પામે છે.(ગીતા : ૮/૬)

તેણે શાપ દીધો કે, "અલ્યા લૂંડા, મારા ઈષ્ટદેવને તું ગાળો દે છે; માટે મહિનામાં તું મરી જઈશ." પછી એક જ મહિનામાં તે ભાટ મરી ગયો. ॥૫૫૦॥

૫૫૧. બે ભક્તોની સર્પના ઝેર થકી રક્ષા કરી.

અને ઈડર દેશમાં ઉદા ગઢવીને સર્પ કરડ્યો ને મૃત્યુને પામ્યો. ત્યાં મહારાજે ભૂમાનંદસ્વામીરૂપે આવીને જિવાડ્યો ને રક્ષા કરી. અને ગામ **ચિખલોડ**માં નરસીભાઈને સર્પ કરડ્યો ને તેનું ઝેર બહુ ચડ્યું. તે સમે શ્રીજીમહારાજે આવીને દર્શન દઈને એમ કહ્યું જે, "સર્પ ઊતરી જાશે." એટલે સર્પ ઊતરી ગયો. એમ રક્ષા કરી. ॥૫૫૧॥

૫૫૨. ગામ સોજાના પટેલ નાગરદાસ અને એક કડિયાને મહારાજ ધામમાં તેડી ગયા.

અને ગામ **સોજા**ના પટેલ નાગરદાસ માંદા હતા. તેમના ભાઈ નથુ પટેલ પાસે બેઠા હતા. તે સમે નાગરદાસ ઊંચું જોવા મંડ્યા. ત્યારે નથુભાઈએ એમ કહ્યું જે, "ભાઈ, વળીઓને શું જોઈ રહ્યા છો ? મહારાજને સંભારોને!" ત્યારે નાગરદાસ બોલ્યા જે, "હું તે વળીઓને જોઉં એવો છું ? હું તો મહારાજની મૂર્તિને જોઈ રહ્યો છું. અને હરિચરણદાસજી આદિક પાંચ સાધુ હમણાં આવ્યા હતા. તે એમ કહી ગયા છે જે, 'તમને કાલે મહારાજ તેડવા આવશે. અને અમે તો ઓલ્યા કડિયાને તેડવા જાઈએ છીએ.' ત્યારે મેં કહ્યું જે, 'એ તો સત્સંગી નથી.' ત્યારે એ બોલ્યા જે, 'એ તો સત્સંગી નથી, પણ એની મા સત્સંગી હતી. તેને સાધુને લોટ આપવો હતો, પણ પોતાથી દળાય એમ નો'તું, તેથી એ કડિયે દસ શેર બાજરો દળી દીધો હતો. તે પુણ્યે કરીને એને તેડવા જાઈએ છીએ."

એમ વાત કરે છે, એટલામાં નાગરદાસનો દીકરો આવ્યો. તે એમ બોલ્યો જે, "એ કડિયો ચારનો ભારો લઈને હમણાં જ મને

મળ્યો ને સાજો છે.” પછી તે કડિયો પોતાને ઘેર ભારો નાંખીને તળાવમાં ના’વા ગયો. ત્યાં વાઈ આવી તે પાણીમાં પડી ગયો ને દેહ મેલી દીધો ને સાધુ તેડી ગયા. ને નાગરદાસને બીજે દિવસે મહારાજ તેડી ગયા. ॥૫૫૨॥

૫૫૩. ગામ વ્યારના ત્રવાડી અમુલખને ધામમાં તેડી ગયા.

અને ગામ **વ્યાર**માં ત્રવાડી અમુલખને મહારાજ અંત સમે તેડવા આવ્યા. ને તે દેહ મેલીને મહારાજ ભેળે ચાલ્યો. ત્યારે તેની બેન માનબાઈએ એમ જાણ્યું જે, ‘આ વાસનિક છે, તે મહારાજને મૂકીને કોઈક લોકમાં રહી જાશે.’ એમ જાણીને પંડે સમાધિ કરીને ઠેઠ અક્ષરધામ લગી મેલવા સારુ ગયાં. તે અક્ષરધામમાં મેલીને પાછાં આવ્યાં. ॥૫૫૩॥

૫૫૪. ગામ વ્યારમાં માનબાઈના વચને ભેંસે દૂધ દીધું.

અને કોઈક સમયને વિશે ગામ **વ્યાર**માં પીતાંબર ત્રવાડી નવીન ઘર કરાવતા હતા. ને ઘરમાં દૂઝણું નહીં, તેણે કરીને છાસ વિના હેરાન થાય. ત્યારે માનબાઈએ એમ કહ્યું જે, “આ મૂલી નામે ત્રણ વર્ષનું ઝોટું[૧] છે, તેને બશેર બાજરી મેલીને દોહો, એટલે દોવા દેશે.” પછી એમ કર્યું એટલે બે માસપર્યંત દોવા દીધું. ॥૫૫૪॥

૫૫૫.મહારાજને જીવનો ઉદ્ધાર કરવાનું જ એક તાન છે.

અને કોઈક સમયને વિશે ચોમાસામાં મહારાજ પોતા ભેળા થોડાક પાર્ષદ તથા હરિજન લઈને ગામ **દદૂકે** પધાર્યા. તે મહારાજને વરસાદમાં ચાલતા જોઈને ચોરામાં ગરાસિયા બેઠેલા, તેમાંથી એક ગરાસિયો બોલ્યો જે, “આ બાવાને કેટલા છોકરા જિવાડવા છે, જે આ વરસાદમાં હેરાન થાય છે ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “ડોડિયા, અમારે તો ઘણા છોકરા જિવાડવા છે.” એમ મહારાજને જીવનો ઉદ્ધાર કરવો એ જ એક તાન છે.

૧.પહેલા વેતરવાળી ગાય કે ભેંસ.

❋ દદૂકાના ગરાસિયાઓને સોળ ચિહ્ન દેખાડીને નિશ્ચય કરાવ્યો.

અને વળી ક્યારેક શ્રીજીમહારાજ ગામ **દદૂકા**ની આથમણી ભાગોળે લીંબડા હેઠળ ઢોલિયા ઉપર ગાદી-તકિયા નંખાવીને વિરાજમાન હતા. આગળ ત્યાંના ગરાસિયા તથા બીજા લોક તથા સાધુ, પાળા, કાઠી તેમની સભા ભરાઈને બેઠી હતી. તે સમે ત્યાંના ગરાસિયા એમ બોલ્યા કે, "મહારાજ, લોક એમ કહે છે જે, 'સ્વામિનારાયણનાં ચરણારવિંદમાં સોળ ચિહ્ન છે,' એ વાત સાચી છે ?" ત્યારે મહારાજ બોલ્યા કે, "ભગવાનનાં ચરણારવિંદમાં સોળ ચિહ્ન હોય, બીજા જીવના પગમાં ન હોય." એમ કહીને પોતાનાં ચરણારવિંદમાં સોળ ચિહ્ન દેખાડ્યાં. તે જોઈને તેને શ્રીજીમહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય થયો. ॥૫૫૫॥

૫૫૬. લાંઘણોજમાં સર્વને દર્શન દઈ એક બાઈને તેડી ગયા.

અને ક્યારેક ગામ **લાંઘણોજ**માં રાત્રિના દસ વાગતે, ઘણાક સાધુ ભેળા છે ને આગળ બે મસાલો બળે છે, એવા શ્રીજીમહારાજને ગામના ઘણાક માણસોએ ચૌટામાં તથા શેરીમાં દીઠા. ને તે ભાવસાર ઉમેદ નારાયણને ઘેર જઈને તેની માને તેડી ગયા.

❋ મહારાજે આનંદસ્વામીને સંતોનો મહિમા કહ્યો.

અને સર્વે સાધુનાં મંડળ બાંધવાં તથા તેમને ફરવા મોકલવાં ઈત્યાદિક કાર્યને આનંદસ્વામી કરતા હતા. તેમાં કેટલાક સાધુ હિન્દુસ્તાની તથા કેટલાક સાધુ પંજાબી, તે આનંદસ્વામીની આજ્ઞામાં નો'તા વર્તતા. ત્યારે આનંદસ્વામીએ મહારાજને એમ કહ્યું કે, "સાધુ તો બહોત અડબંગી હે, ને આજ્ઞામાં નહિ વર્તતા હે." ત્યારે મહારાજ એમ બોલ્યા કે, "કેટલાક તો અક્ષર, ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બદરિકાશ્રમાદિક ધામોના મુક્ત છે અને કેટલાક તો ભગવાનના અવતાર છે ને કેટલાક મોટા ઋષિ છે; તે તમારી આજ્ઞામાં કેમ વર્તે ? માટે જેટલું વર્તે તેટલું

વર્તાવો. એમનું સામર્થ્ય તો અમે રોકી રાખ્યું છે એટલે જણાતું નથી, પણ એ તો બહુ સમર્થ છે.” એ વાત સાંભળીને આનંદસ્વામી તથા બીજા સર્વે આશ્ચર્ય પામ્યા. ॥૫૫૬॥

૫૫૭. શુકમુનિએ સંતની કૃપા અને કોપનું ફળ કહ્યું.

અને શુકમુનિએ એમ વાર્તા કરી કે, “**ભગવાનના પરમ એકાંતિક સાધુ હોય, તે જો અતિ મલિન જીવ ઉપર કૃપાદૃષ્ટિ કરે તો તે અતિ શુદ્ધ અને ધર્માદિક રૂડા ગુણે યુક્ત થઈને મોક્ષને પામી જાય. જેમ દત્તાત્રેયની કૃપાદૃષ્ટિએ કરીને પિંગળા વેશ્યા શુદ્ધ થઈ ગઈ. અને એવા જે પરમ એકાંતિક સાધુ તેની જેના ઉપર કુદૃષ્ટિ થાય તો તેનું અંતઃકરણ અતિશય મલિન અને અતિશય દોષે યુક્ત થઈ જાય ને મોક્ષના માર્ગ થકી પડી જાય.**

અને એવા જે પરમ એકાંતિક તેને કોઈ મલિનનો સંગ-દોષ લાગે નહીં. એવાને તો વડવાનળ અગ્નિ તુલ્ય કહ્યા છે. સાધન દશાવાળાને મલિનનો સંગ-દોષ લાગે છે. જેમ રવજીભાઈએ ઢુંઢિયા પૂજ સંગાથે સંવાદ કરીને તેના અંતઃકરણમાં પ્રવેશ કરીને જોયું એટલે મલિન થઈ ગયા અને સમાધિ ટળી ગઈ તેમ.” ॥૫૫૭॥

૫૫૮. શ્રીહરિના પ્રતાપે મૂળજી લુવાણા ઊડ્યા.

અને શ્રીજીમહારાજ આગળ કથા થાતી હતી. તેમાં એમ વાત આવી કે, નારદજી ઊડ્યા તે મેરુ ઉપર પડ્યા. તે વાત સાંભળીને સભામાં બેઠેલા જે કાઠી ભક્ત તેણે મહારાજને કહ્યું કે, “પક્ષી હોય તે ઊડે, પણ મનુષ્યથી કેમ ઉડાય ?” ત્યારે મહારાજે મૂળજી લુવાણાને કહ્યું કે, “તું ઊડ.” ત્યારે તે પ્રથમ દશ-પંદર હાથ ઊડ્યા. પછી વીસ-પચીસ હાથ અને પછી ત્રીસ-ચાલીસ હાથ ઊડ્યા. પછી મહારાજે એને એમ કહ્યું જે, “હવે રહેવા દે. કેમ કે, જો પ્રવાહ વાયુમાં જતું રહેવાય તો પાછું અવાય નહીં.” ॥૫૫૮॥

૫૫૯-૫૬૦. મહારાજ ભક્તોને દર્શન દઈ તેડી ગયા.

અને **વિરમગામ**માં ગિરજાશંકરભાઈને અંતઃકાળે મોટા મોટા સાધુ તથા બે આચાર્ય તથા દાદો ખાચર આદિક મોટા મોટા ભક્ત સહિત મહારાજ તેડવા આવ્યા. તેમને એમ દર્શન દઈને અતિ ચમત્કાર દેખાડીને તેડી ગયા. ।।૫૫૯।।

અને ગામ **ચોબારી**માં દિવસે ભીમજી ઠક્કરને પ્રત્યક્ષ દર્શન દઈને અલૌકિક પ્રતાપ દેખાડીને શ્રીજીમહારાજ તેડી ગયા. ।।૫૬૦।।

૫૬૧. શિયાણીના ભીમા વોરાનું ઘર ઓલવી રક્ષા કરી.

અને **શિયાણી**નો ભીમો વોરો ગઢડે મહારાજનાં દર્શન કરવા ગયો હતો. ત્યાં તેમણે થાળ કર્યો. તેને જમીને મહારાજ વિરાજમાન થયા અને તેમણે મહારાજની પૂજા કરી. તે સમે એમનું ઘર લાગ્યું. તે ત્યાં રહ્યા થકા શ્રીજીએ ઓલાવ્યું. અને તેમને મહારાજે એ વાત કહી કે, “તમારું ઘર ઓલાવવા ગયા હતા.” એમ મહારાજે રક્ષા કરી. ।।૫૬૧।।

૫૬૨. કરજીસણના ત્રિકમજીની ખોટા કલંકથી રક્ષા કરી.

ગામ **કરજીસણ**ના પટેલ ત્રિકમભાઈ પોતાના ઘરમાં સૂતા હતા. એમના બીજા ખડ ભરવાના ઘરમાં કોઈક ઢોર આવીને ખડ ખાવા માંડ્યું. ત્યારે એક બાઈએ તેમને કહ્યું જે, “તમારું ખડ કોઈકનું ઢોર ખાઈ જાય છે.” ત્યારે તે ત્યાં ગયા ને ઢોરને હાંકી મેલ્યું. પછી જે ઘરમાં એ સૂતા હતા તે ઘરમાં આવતાં તેમના સામાવડિયાઓએ તેમના ઉપર જૂઠું કલંક નાખ્યું, એટલે ત્રિકમભાઈ બિના જે ‘આ સર્વે અસુર છે, માટે જરૂર મને મારશે.’ એમ જાણીને ગામ ખોરજ ગયા. ને ત્યાંના ગરાસિયા ચેનજીભાઈને આ વાત કહી. ત્યારે તે બોલ્યા જે, “કાંઈ ફિકર કરશો નહીં. ચાલો હું મૂકવા આવું.”

પછી તે ભેળા કરજીસણ આવ્યા. ત્યારે ત્રિકમજીની માએ તથા તેમની બેને કહ્યું જે, “તમે ગામ કડીએ જઈને ગોળો ઝાલીને

સાચા થઈને આંહીં આવજો, નહિ તો તમારે ફાવે ત્યાં જજો; પણ અમને મોઢું બતાવશો નહીં." પછી તે કડી ગયા ને ત્યાંના દેસાઈ ઈશ્વરભાઈને ફરિયાદ કરી, ને તે કામમાં ત્રિકમજીની જીત થઈ. અને તેમના સામાવડિયાઓને કેદ કર્યા ને ત્રિકમજીને રજા આપી. ત્યારે ત્રિકમજીભાઈ બોલ્યા જે, "સાહેબ, હું કચેરીમાં જીત્યો પણ જ્યારે લોઢાનો ગોળો તપાવીને હાથમાં લઉં ત્યારે સર્વે લોકને પ્રતીતિ આવે. માટે મારે ગોળો ઝાલવો છે."

પછી ગામ બહાર ભાગોળે સર્વે ગયા ને ગોળો તપાવ્યો. તે જોઈને ત્રિકમજીભાઈ દિગ્મૂઢ થઈ ગયા. ત્યારે મહારાજે સાધુરૂપે આવીને તેમને સોટી અડાડીને કહ્યું જે, "કેમ ઊભો થઈ રહ્યો છે? ઝાલ ગોળો." પછી તે ગોળો ઉપાડીને હદ બાંધી હતી, તે મૂકીને આગળ ચાલ્યા. પછી સિપાઈ આગળ ફરી વળ્યા ને ગોળો મુકાવી દીધો. પછી તેમને કચેરીમાં શિરપાવ કર્યો. ને વસંત ઉપર મૂળી ગયા ત્યાં અયોધ્યાપ્રસાદજી મહારાજે સભામાં પંદર રૂપિયાની પાઘડી બંધાવી ને બહુ વખાણ કર્યાં.

પછી કોઈક દિવસ તે વડતાલ ગયા ત્યારે ગોપાળાનંદસ્વામીએ પૂછ્યું કે, "ત્રિકમજી, તારા ઉપર કોણે જૂઠું આળ મૂક્યું ?" ત્યારે તેમણે કહ્યું કે, "અમારા સામા પક્ષના લોકોએ મારી ઉપર જૂઠું કલંક મૂક્યું હતું. તેમાં સાંકળો મુખ્ય હતો." ત્યારે સ્વામી બોલ્યા કે, "એવા પાપીના તો હાથ કપાણા જોઈએ."

તે કોઈ વખતે સાંકળો તથા તેનો બાપ, બે જણ એક ગરાસિયા પાસે રૂપિયા માગતા હતા. તે ઘેર જઈને તેને ગાળો દીધી ને ધક્કો માર્યો. પછી તે ગરાસિયાના દીકરાએ તે બંને જણાઓના તલવારે કરીને હાથ કાપી નાખ્યા.

❋ ભદ્રેશીના સુરચંદશાની નિષ્ઠાની ખુમારી

અને ગામ **ભદ્રેશી**ના સુરચંદશા ગામ સિથાના વૈરાગીનું કારભારું કરતા, તે કોઈક ગુનામાં આવ્યા. તેથી નાસીને વસતડી ગામમાં જઈ

રહ્યા. તેનાં છોકરાંને બાવે કેદમાં નાંખ્યાં. ને તે સુરચંદશા પોતાના સસરાના કપાસના આઢમાં[૧] પોતે ઉતારો રાખતા ને ત્યાં જ સૂઈ રહેતા. તે સમયમાં બીજા માણસો વિસામણ ભક્તને આઢમાં લાવ્યા ને સુરચંદશાના ખાટલા ઉપર બેસાડવા તૈયાર થયા. ત્યારે સુરચંદશા કહે, "મારા ખાટલા ઉપર બેસે એવા એ નથી." એમ કહીને ન બેસવા દીધો.

પછી સુરચંદશા પૂજા કરતાં એક પગે ઊભા રહીને માળા ફેરવતા હતા. તે જોઈને વિસામણ બોલ્યો જે, "આ તો સ્વામિનારાયણિયો છે !" ત્યારે સુરચંદશા કહે, "હા." ત્યારે વિસામણ કહે, "વાણિયા, તારી માળા તો ભણે કાતરણી જેવી છે !" ત્યારે સુરચંદ કહે, "હા, ઠીક કહ્યું. કેમ કે, મારી માળા અધર્મને ને પાખંડને કાપે છે." તે સાંભળીને વિસામણ બહુ ભઠ્યો[૨] ને કહે, "વાણિયા, તારાં છોકરાં કેદમાંથી નહિ નીસરે." ત્યારે સુરચંદશા કહે, "તારો શાપ ને મારું ખાસડું, એ બે તુલ્ય છે. તેમાં મારું ખાસડું વધે. કેમ કે, મારું ખાસડું જેને અડે તેનું કલ્યાણ થાય ને તારો શાપ તો મને લાગે જ નહીં."

પછી ગોપાળજી તરવાડી આદિક હરિજન ગઢડે મહારાજને દર્શને આવ્યા. મહારાજને જય સ્વામિનારાયણ કહ્યા ને સુરચંદશાના સર્વે સમાચાર કહ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "વિસામણના શાપ કરતાં સુરચંદનું ખાસડું વધ્યું." એમ મહારાજે ગોપાળજી તરવાડી આગળ કહ્યું. તે સમે જ તેનાં છોકરાં કેદમાંથી બાર નીસર્યાં. ॥૫૬૨॥

૫૬૩. મુક્તમુનિના ઉપદેશ-શ્રવણથી એક બાઈ આત્મહત્યામાંથી બચી ગઈ.

અને ગામ કંથકોટના ગરાસિયે પોતાની દીકરીને સિંધ દેશમાં મિયરની વેરે[૩] પરણાવી હતી. તે રાંડી એટલે પોતાને પિયર આવી. પછી તેને તેની ભોજાઈઓ મેણું મારે જે, "તું તો મુસલમાની છો." એમ કહે એટલે તેના મનમાં એમ થાય જે, 'ભોજાઈઓ મેણાં મારે

૧.કપાસને લોઢવા માટેના સ્થાનમાં ૨.ખિજાયો ૩.મુસલમાનની સાથે

INDEX

છે, તે આ જીવ્યા કરતાં ઝેર ખાઈને મરી જાવું તે સારું.' પછી અફીણ ઘોળીને તાંસળી ભરીને પીવા તૈયાર થઈ. પછી કોઈક બાઈએ તેને કહ્યું જે, "ચાલો, સ્વામિનારાયણના સાધુ આવ્યા છે, તે દર્શન કરી આવીએ."

પછી તે બાઈના મનમાં એમ થયું જે, 'સાધુનાં દર્શન કરી આવીને પછી અફીણ પીશ.' એમ જાણીને અફીણની ભરેલી તાંસળી કોઠલામાં[૧] મેલીને દર્શને ગઈ. તે સમે સાધુ બાઈઓને વાતો કરતા. તે મુક્તાનંદસ્વામી વાતો કરવા મંડ્યા જે, "આવો દુર્લભ મનુષ્યદેહ ને વળી ભગવાન ભજવામાં સર્વ પ્રકારે સાનુકૂળ ને વળી સંસાર-સમુદ્ર ઊતરવાનો નાવરૂપ, તેને જે ઝેર ખાઈને ગળે ફાંસો ખાઈને પાડી નાખે છે, તે આત્મહત્યારો કહેવાય. તે કહ્યું છે જે, **'न तरेत्स आत्महा।'**[૨] તેને યમયાતના ભોગવતાં પાર આવતો નથી." એમ વાર્તા કરી. તેને સાંભળીને તે બાઈના મનમાં એમ થયું જે, 'આ સાધુએ મારા અંતરની વાત જાણી, માટે એ ભગવાન છે.' એમ જાણીને તેણે કહ્યું જે, "અમારે તમારો આશ્રય કરવો છે."

ત્યારે મુક્તાનંદસ્વામી કહે, "જેને અમે ભગવાન કહીએ છીએ, તે રામાનંદસ્વામી પરમ દા'ડે આંહીં આવશે, ત્યારે આવજો." પછી ત્રીજે દિવસ સ્વામી આવ્યા ને તે બાઈ વર્તમાન ધારીને સત્સંગી થઈ. એમ મુક્તાનંદસ્વામીની વાતમાં હજારોના સંશય નિવૃત્તિ પામી જતા. ॥૫૬૩॥

૫૬૪. મહેસાણામાં વિધિ ગૌણ કરીને ડોસીની ભાવના જાળવી.

અને મહારાજ ગામ **મહેસાણા**માં પધાર્યા. તે ગામની ડોસીએ[૩] ઘીનું ભરેલું કુંડલું આગળ મેલ્યું. પછી મહારાજે અરધું ઘી ખીચડીમાં નાંખ્યું ને અરધું શાકમાં નાંખ્યું. પછી ખીચડી ને શાક જમ્યા ને સર્વે

૧.માટીની કોઠીમાં ૨.મનુષ્યશરીર પામીને જે ભગવાનને ભજી સંસાર-સાગરને તરતો નથી, તે આત્મહત્યારો છે.(ભાગ.૧૧/૨૦/૧૭) ૩. કસળીબાઈ

સંતને અને અસ્વારોને જમાડ્યા, તોય તે બેય વધી પડ્યાં. પછી તેને ઢાંકી મેલ્યાં ને તે સર્વે સૂઈ રહ્યા.

સવારે ચાલવા તૈયાર થયા ત્યારે તે ડોસી બોલી જે, "મારું રાંડીરાંડનું બગાડશો ?" પછી મહારાજ સર્વેને કહે, "જમવા બેસો." ત્યારે સર્વે બોલ્યા જે, "હે મહારાજ ! દાતણ કર્યું નથી, ના'યા નથી. તે દાતણ, ના'યા, પૂજા વિના કેમ જમાય ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "દાતણની, નાયાની એ તો ટેવ પડી છે, પણ આત્માને શો બાધ છે ?" એમ કહીને મહારાજે ખીચડી ને શાક સર્વેને જમાડી દીધાં. એટલે તે ડોસી બોલી જે, "આ રહ્યો માર્ગ." પછી મહારાજ ત્યાંથી પધાર્યા. ।।૫૬૪।।

૫૬૫. ખંભાતના સદાશિવની હવેલી બળી ગઈ.

અને **વડતાલ**ને વિશે સભામાં ગોપાળાનંદસ્વામીએ અંતર્યામીપણે ખંભાતના વિપ્રને જે દિવસ એની હવેલી બળી તે દિવસે એમ કહ્યું જે, "તમારી હવેલી બળે તો તમને શોક થાય કે નહિ ?" ત્યાં બીજે દિવસ તેવી ખબર આવી ને તે વાત સાચી થઈ. ।।૫૬૫।।

૫૬૬. સ્વપ્નામાં પગે લાકડું વાગ્યું ને પગ સાચે સૂણ્યો.

અને જેવી જાગ્રતમાં માનીનતા છે, તેવી સ્વપ્નમાં હોય તો સરખું કર્મ લાગે. તે ઉપર ગોપાળાનંદસ્વામીએ બુધેજના ખોડાભાઈની વાર્તા કરી જે, "ગુડેલમાં એક હરિભક્તે દેહ મેલ્યો; તેને મહારાજ ઘણાક સાધુ ભેળા લઈને તેડવા આવ્યા. એવા બુધેજમાં ખોડાભાઈને સ્વપ્નમાં દર્શન થયાં ને પોતે પણ ભેળા ગયા. તે માર્ગમાં જાતાં બહુ ભીડ, તે માટે પડખે ચાલ્યા. ત્યાં માર્ગમાં મોટું લાકડું પડ્યું હતું, તે ઢીંચણમાં વાગ્યું. ત્યારે તે જાગી ગયા ને પગ સૂણ્યો. એમ સાચું થયું."

❋ મયારામ મહેતાને શ્રીહરિએ સ્વપ્નમાં વર્તમાન ધરાવ્યાં.

અને વળી કોઈક દિવસ ગામ **ચૂડા**ના અંબારામ જાની અને મયારામ મે'તો એ આદિક હરિજન મહારાજને દર્શને ગઢડે જાતા હતા.

તે માર્ગમાં ભડકવા ગામને ગોંદરે ભૃગુઋષિનો આશ્રમ છે, ત્યાં રાત્રિએ સૂઈ રહ્યા. ત્યાં મયારામ મે'તાને સ્વપ્નમાં મહારાજનાં દર્શન થયાં ને મહારાજે તેને વર્તમાન ધરાવ્યાં.

પછી ત્યાંથી ગઢડે ગયા. ત્યાં મહારાજનાં દર્શન કરીને સર્વે હરિભક્તે વર્તમાન ધાર્યાં, એટલે મયારામ મે'તો પણ ધરવા તૈયાર થયા. ત્યારે મહારાજ બોલ્યા જે, "તમને તો વર્તમાન ધરાવ્યાં છે." ત્યારે તે બોલ્યો જે, "એ તો સ્વપ્નની વાત છે." ત્યારે મહારાજ બોલ્યા જે, **"તમારે સ્વપ્ન હતું, પણ અમારે સ્વપ્ન નોતું." એમ મહારાજ સદા પ્રત્યક્ષ છે.** ॥૫૬૬॥

૫૬૭. ગોપાળાનંદસ્વામીના વચને ખેડાના સાકરલાલ સુખી થયા.

અને ગોપાળાનંદસ્વામીએ ખેડાના સાકરલાલને એમ કહ્યું જે, "તમે વૈદુ કરો, તમને આવડશે." પછી તેણે તેમ કર્યું ને તે આવડ્યું. ને વ્યવહારમાં સુખી કર્યા. ॥૫૬૭॥

૫૬૮. જામનગરમાં સ્વરૂપાનંદસ્વામીએ પ્રગટ સંતોને ઓળખાવ્યા.

અને કોઈક સમયને વિશે **નવાનગર**માં સ્વરૂપાનંદસ્વામીની આગળ સાધુની સભા બેઠી હતી. ત્યાં એક ભણેલો બ્રાહ્મણ આવ્યો. તે એમ બોલ્યો જે, "શ્રીકૃષ્ણ આવા હતા ને રામચંદ્રજી આવા હતા ને ઋષભદેવજી આવા હતા તથા કપિલદેવજી આવા હતા ને દત્તાત્રેયજી આવા હતા તથા શુકજી આવા હતા તથા નારદજી આવા હતા તથા યોગેશ્વર આવા હતા તથા વ્યાસજી આવા હતા તથા સનકાદિક આવા હતા." તે સાંભળીને સ્વરૂપાનંદસ્વામી એમ બોલ્યા જે, "હે વિપ્ર ! તેં કહ્યા તે સર્વે આ સભામાં પૂર્વના દેહનો ત્યાગ કરીને આવા દેહને ધરીને બેઠા છે. તે તારા ઓળખ્યામાં કેમ આવે ?" ॥૫૬૮॥

૫૬૯. શ્રીકૃષ્ણ દ્વારા રામદાસભાઈને શ્રીહરિના સર્વોપરીપણાનો નિશ્ચય

અને કોઈક સમયમાં શ્રીજીમહારાજે રામદાસભાઈને ગોલોકાધિપતિ દ્વારે પોતાનો 'અક્ષરધામાધિપતિ સર્વોપરી પુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદસ્વામી છે,' એવો નિશ્ચય કરાવ્યો. તે કેવી રીતે? તો શ્રીકૃષ્ણે એમને સાક્ષાત્ દર્શન દીધું. ત્યારે રામદાસભાઈએ એમ કહ્યું જે, "તમે સર્વોપરી ભગવાન છો ?" ત્યારે એમણે એમ કહ્યું જે, **"સર્વ અવતારના અવતારી, સર્વના કારણ ને અક્ષરાધિપતિ તો શ્રીજીમહારાજ છે. અમે તો એમના અવતાર છીએ ને આજ્ઞાકારી છીએ."** એમ કહીને અંતર્ધાન થયા. ॥૫૬૯॥

૫૭૦. માણકીને વછેરા કરતાં મહારાજમાં વધુ હેત

અને માણકી ઘોડી મહારાજની મરજી પ્રમાણે ચાલે, ઊભી રહે, દોડે પણ લેશમાત્ર પોતાનું ગમતું કરે નહીં. ને મહારાજને વિશે એને અતિશે હેત, એવું પોતાના વછેરા ઉપર પણ નહીં. ॥૫૭૦॥

૫૭૧. જીવા ખાચરના બે ગુણથી તેમને ધામમાં તેડી ગયા.

અને ઓગનોતેરામાં મહારાજ બહુધા જીવા ખાચરના દરબારમાં રહેતા. તે જ્યારે મહારાજ માંદા થયા ને ફેરો[૧] થયો ત્યારે જીવા ખાચરે પોતાના રહેવાના ઘરમાં મહારાજને દિશા જાવા સારુ ખાડો કર્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, "આંહીં કેમ કર્યો ?" ત્યારે તે બોલ્યા જે, "મહારાજ, તમારાથી શું અધિક છે ? ને જ્યારે તમારે અર્થે કામમાં ન આવ્યું, ત્યારે તે શું કામનું છે ?" તે જોઈને મહારાજ બહુ રાજી થયા.

વળી મહારાજ જીવા ખાચરના દરબારમાં શેલડી સુધારીને જમતા હતા. તે છરીએ કરીને મહારાજની આંગળી કપાણી ને રુધિર નીસર્યું. ત્યારે જીવા ખાચરે પોતાને માથે ભારે મૂલ્યવાળું જરિયાની મેકર[૨]

૧.ઝાડા; ડાયેરિયા ૨.કસબી શેલું

બાંધ્યું હતું. તેને માથેથી ઉતારીને ફાડીને મહારાજની આંગળીએ બાંધ્યું. ત્યારે મહારાજ બોલ્યા જે, "હું..હું..હું..! આ શું કર્યું ? આવું વસ્ત્ર ફડાય?" ત્યારે તે બોલ્યા જે, "મહારાજ, તમારાથી શું અધિક છે ? ને જ્યારે તમારા ઉપયોગમાં ન આવ્યું, ત્યારે શા કામનું ?"

એ બે વાત મહારાજના અંતરમાં ખૂંતી રહી હતી. તે જ્યારે જીવે ખાચરે દેહ મેલ્યો ને મહારાજ તેમને તેડવા પધાર્યા, ને દર્શન દઈને દાદા ખાચરના દરબારમાં આવીને સાધુ આગળ મહારાજે એમ કહ્યું જે, "આ બે વાતો અમારા અંતરમાં ખૂંતી રહી હતી. તે સારુ અમે તેને તેડવા ગયા હતા. ને બીજું તો સર્વે અમારા જાણ્યામાં છે." ॥૫૭૧॥

૫૭૨. અયોધ્યાપ્રસાદજીને પ્રથમ દર્શને નિશ્ચય

અને અયોધ્યાપ્રસાદજી મહારાજ આ દેશમાં નો'તા આવ્યા, ને હિંદુસ્તાનમાં પોતાને ઘેર સ્વપ્નમાં મહારાજને જેવા દીઠા હતા, તેવા ને તેવા જ્યારે આ દેશમાં પ્રથમ આવ્યા ત્યારે કારિયાણીમાં વસ્તા ખાચરના દરબારમાં દીઠા. તે જોઈને નિશ્ચય થઈ ગયો. ॥૫૭૨॥

૫૭૩. મયારામ ભટ્ટનું ખેતર મહારાજે સાચવ્યું.

અને કોઈક સમયમાં મહારાજ ગામ **પંચાળેથી માણાવદર** આવતાં મયારામ ભટ્ટને પૂછ્યું જે, "ભટ્ટ, આ કોનું ખેતર છે ?" ત્યારે ભટ્ટ બોલ્યા જે, "મહારાજ, આપણું ખેતર છે." ત્યારે કહે, "આમ કેમ બગડે છે ?" ત્યારે ભટ્ટ બોલ્યા જે, "હું તમારા ભેળો ફરું છું, ને ગોવિંદરામ તમારું ધ્યાન કરીને બેસી રહે છે."

પછી મહારાજ બોલ્યા જે, "એ અમારું ધ્યાન કરે છે, માટે એની ચિંતા અમારે." એમ કહીને સર્વે સંઘને કહે, "લણો બાજરિયાં[૧]." પછી મહારાજ પોતે લણવા મંડ્યા એટલે સર્વે મંડ્યા. એમ ભક્તના વ્યવહારની પણ રક્ષા કરે છે. ॥૫૭૩॥

૧.બાજરીના ડૂંડા

૫૭૪. શિયાણીમાં ખીચડી ને ઘી જમ્યા ને સંતોને જમાડ્યા.

મહારાજ **દુર્ગપુરથી કારિયાણી** પધાર્યા. ત્યાંથી **સારંગપુર** આવ્યા ને ત્યાંથી **સુંદરિયાણે** આવ્યા. ત્યાંથી **કંથારિયે** પધાર્યા ને ત્યાં મેઘા શાહને ઘેર રસોઈ જમીને ત્યાંથી **શિયાણીએ** પધાર્યા. ત્યાં મેઘા પટેલના ફળિયા વચ્ચે નિંબવૃક્ષને હેઠે ગાડા ઉપર ખીચડી ને ઘી જમ્યા. ત્યાં જ ચોકમાં સંતની પંક્તિ કરાવીને મહારાજે ખીચડી પીરસી, ને ઉપર છાસની પેઠે ઘી ફેરવ્યું. તે જોઈને રામપ્રતાપભાઈ અતિશે રાજી થયા ને એમ બોલ્યા જે, “એસે દેશ હે !”

❋ તાવી-દેવળિયામાં મુંડન કરાવવાની લીલા

પછી ત્યાંથી મહારાજ **તાવી**એ પધાર્યા. ત્યાંના હરિજનોએ સાધુ દીઠ બે બે સુખડીના મોદક આપ્યા. મહારાજને વતું કરાવવું હતું, તે સારુ અદેભાઈએ વાળંદને કહ્યું જે, “મહારાજને વતું કરાવવું છે, તે સારુ કોઈનું વતું ન કર્યું હોય એવો કોરો અસ્ત્રો લાવજે.” પછી તે વતું કરવા મંડ્યો. તે એક પટો લીધો એટલે મહારાજ બોલ્યા જે, “રે’વા દે, રે’વા દે. અમારે સંઘ ભેળા થાવું છે, તે ઉતાવળ છે.” એમ કહીને ફેંટો બાંધીને ચાલ્યા.

પછી ગામ દેવળિયાના જાલમસિંહજી બોલ્યા જે, “મહારાજ, અમારા ગામનો વાળંદ બહુ સારો છે.” એમ કહીને તેને બોલાવા ગયા. ને તેની કોથળી પોતે ખભે લીધી ને તેને ઘોડાને પેગડે બઝાડ્યો[૧] ને ઘોડું દોડાવીને આવ્યા. તાવી ને દેવળિયા વચ્ચે તલાવડી ઉપર પીપરનું વૃક્ષ છે, તે હેઠે વતું કરાવવા બેઠા.

પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, “મહારાજ, હું વતું કરાવું ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “ત્યાં તો જીવનું જોખમ હતું. આંહીં જીવનું જોખમ તો નથી, પણ તમો માંદા છો, તે શ્રીનગર કરાવજો.”

૧.પેગડું પકડાવીને દોડાવ્યો.

❁ માનની મૂર્તિ પૂર્ણાનંદસ્વામી

તે સમયમાં મહારાજને ચારેકોર સંત બેઠા હતા ને નાના પૂર્ણાનંદ ચાલ્યા આવતા હતા. તેને જોઈને મહારાજ બોલ્યા જે, “સ્વામી, માનની મૂર્તિ દીઠી છે ?” ત્યારે સ્વામી કહે, “ના મહારાજ.” પછી પરમચૈતન્યાનંદસ્વામીને જોઈને મહારાજ બોલ્યા જે, “સ્વામી, બીજી માનની મૂર્તિ દીઠી છે ?” ત્યારે સ્વામી કહે, “ના મહારાજ.” પછી પરમચૈતન્યાનંદસ્વામી હસીને એમ બોલ્યા જે, “મહારાજ, તુમ અચ્છે કે'તે હો.” એમ કહીને રાજી થયા. અને પૂર્ણાનંદ તો રિસામણીના વૃક્ષની પેઠે કરમાઈ ગયા.

પછી મહારાજ વતું કરાવીને **દેવળિયે** પધાર્યા ને તેની ભાગોળે રઘુવીરજી મહારાજનાં માએ મહારાજને કહ્યું જે, “તમે વહુનો પક્ષ રાખો છો, તે હું જાણું છું.” તે સાંભળીને મહારાજ ઉદાસ થઈ ગયા. પછી રાત્રિએ સંતની પંક્તિ કરાવીને પોતે લાડુ પીરસ્યા અને બીજે દિવસ **તલસાણે** પધાર્યા. ત્યાં પાળા અને વૈરાગીને કજિયો થયો. તેનું સમાધાન નિત્યાનંદસ્વામીએ કર્યું.

❁ શ્રીહરિનું ન માનવાથી મછિયાવના ફઈબા પર કુરાજીપો

પછી ત્યાંથી **દદૂકે** પધાર્યા અને ત્યાંના હરિજન મહારાજની સામા આવ્યા. ત્યારે મહારાજ સીતારામને ખોળામાં લઈને રથમાં બેઠા હતા. ત્યારે એક ગરાસિયો બોલ્યો જે, “લાવો મહારાજ, સીતારામને હું તેડું.” ત્યારે મહારાજ કહે, “એમાં અમારે શો ભાર છે ? આ બળદને ભાર છે.”

પછી ત્યાં અલુજીએ દહીં, દૂધ ભેળાં કરાવ્યાં હતાં, તે મહારાજે સંતને જમાડ્યાં. ને પોતે થાળ જમીને ગામ મેલાહણે જઈને કહે[૧], “તમારે સાસુ-વહુને વિરોધ છે, તેને તમે મેલી દ્યો.” ત્યારે તે બાઈ

૧.ફઈબાના પુત્રવધૂને

બોલ્યાં કે, "મહારાજ, તમે કહેશો તો હું બાજરીનો અર્ધો રોટલો જમીને પણ રહીશ, ને તમારી મરજી પ્રમાણે સમાધાન કરો, હું રાજી છું." એમ મહારાજ તે બાઈનો અભિપ્રાય લઈને **મછિયાવ** પધાર્યા.

ફઈબા મેડીથી હેઠે ઊતરતાં હતાં. તેવામાં મહારાજ ઘોડીથી ઊતરીને મેડી ઉપર પધારતા હતા. તે પગથિયામાં ભેળાં થયાં ને ફઈબા મહારાજને પગે લાગ્યાં. ત્યાં મહારાજ બોલ્યા જે, "અમે તો વહુને તેડી લાવતા હતા." ત્યારે તે બોલ્યાં જે, "મહારાજ, તમે વહુને આંહીં લાવત તો મારે મરવું પડત." તે સાંભળીને મહારાજ પગથિયેથી પાછા વળ્યા. ત્યારે તે બાઈ બોલ્યાં જે, "મહારાજ, કેમ પાછા વળ્યા ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે ઉતારો કરી આવીએ." એમ કહીને પોતે અસ્વાર થઈને સંતને કહી મોકલ્યું જે, 'સર્વે ચાલી નીસરજો.' તે સમાચાર સાંભળીને સર્વે સંત શીરાની રસોઈનો આરંભ કર્યો હતો, તેને મેલીને ચાલી નીસર્યા. તે જોઈને બાઈ બોલ્યાં જે, "કોઈ મારી વહેલ લાવો તો મહારાજને પાછા વાળી લાવું." તે બાઈએ વકીલના કે'વાથી મહારાજનું પણ ન માન્યું. તે સારુ વિમુખનો પ્રસંગ ન રાખવો.

અને મહારાજ ત્યાંથી જમ્યા વિના **કુવારે** પધાર્યા. ત્યાં સરોવર ઉપર ઊતર્યા. ને સંતની ઝોળીઓમાંથી અને ધર્મકુળના ખટલામાંથી[૧] ચવેણું કઢાવીને એક વસ્ત્રમાં ભેળું કર્યું, ને મહારાજે સર્વેને ખોબે ખોબે આપ્યું. તે જમીને **મણીપર** પધાર્યા. ત્યાં શીરાની રસોઈ તૈયાર થઈ એટલે તળાવ સમીપે જમીને સંતની પંક્તિમાં મહારાજે શીરો પીરસ્યો. ને છત્રી છે ત્યાં વિરાજમાન થયા.

❋ નાથભક્તે ઘર વેચી શ્રીહરિ ને સંતોને ઘેબર જમાડયા.

ત્યાંથી **શ્રીનગર** પધાર્યા ને ત્યાં હુતાશણીના સમૈયામાં રંગે રમીને પાંચસો પરમહંસ સહિત રંગભર્યા નારાયણ ઘાટે ના'યા. તે સમયમાં ગંગાજી મહારાજને દર્શને આવ્યાં. ને મહારાજ ત્યાંથી મંદિરમાં પધાર્યા.

૧.સરસામાન-ઘરવખરીમાંથી

તે સમયમાં વડોદરાના નાથભક્તે અમદાવાદમાં પોતાનું ઘર વેચીને સાડા ચારસો રૂપિયાની ઘેબરની રસોઈ આપી. મહારાજે જમીને સંતની પંક્તિમાં ઘેબર પીરસ્યા ને સાધુ સર્વેને ખેસ આપ્યા. એવી રીતે મહારાજ ફૂલદોલનો ઉત્સવ કરીને અસલાલી પધાર્યા. સાધુ સર્વે ભાગોળે ઊતર્યા ને મહારાજ ગામમાં ઊતર્યા.

❁ અંગ્રેજ સાહેબે શંકરાચાર્યને શ્રીહરિ આગળ નમાવ્યા.

તે સમયમાં શંકરાચાર્યનો બ્રહ્મચારી મોરુબાના જાસુદને[૧] ભેળો લઈને આવ્યો. તેણે સાધુને કહ્યું જે, "તમારા સ્વામિનારાયણને શંકરાચાર્યે સભા કરવા તેડાવ્યા છે." પછી તે વાર્તા સાધુએ મહારાજને કહી. ત્યારે મહારાજે સર્વે સદ્ગુરુને ભેળા કર્યા ને વિચાર કરીને સર્વે સત્સંગી સહિત અમદાવાદ પધાર્યા. ને શંકરાચાર્યને કહ્યું જે, "અમને ઉતારો આપો અને હમણાં અમારા ભેળાં બે હજાર મનુષ્ય છે, પણ સાંજ ઓરા તો પાંચ હજાર મનુષ્ય આવશે." ત્યારે તે બોલ્યા જે, "શંકરના ઘરમાં સીધાની તો ખોટ નથી, પણ જગ્યાની સંકડાસ છે; તે તમારી જાયગામાં ઊતરો."

પછી મહારાજ મંદિરમાં પધાર્યા. પછી તે વાતની સાહેબને ખબર થઈ જે, 'સ્વામિનારાયણ અમારી આજ્ઞા લઈને ગયા હતા, તે કોણે પાછા બોલાવ્યા ?' ત્યારે કુબેરસિંહના ભાઈ મોતીરામે કહ્યું જે, "એ તો શંકરાચાર્યે બોલાવ્યા તે સારુ આવ્યા છે." ત્યારે સાહેબ કહે, "એ તો મોટાની આબરુ લીધી કહેવાય." એમ કહીને તેના ઉપર બે મોસલ કર્યા[૨]. એટલે તે શંકરે મોરુબા ને વખતશાના દીકરા હેમાભાઈ એ બેને મહારાજ પાસે રાત્રિએ મોકલ્યા. ત્યારે મહારાજ મંદિરની રૂપચોકી ઉપર વિરાજમાન હતા. ત્યાં તેણે મહારાજનો બહુ વિનય કર્યો એટલે મહારાજે રાજીનામું આપ્યું[૩]. બીજે દિવસ મહારાજ ચાલ્યા. તે સમયમાં

૧.ગુપ્તચરને ૨.તત્કાળ તેડવા માટે સિપાઈ મોકલ્યા ૩.સાહેબને કહીને શંકરાચાર્ય સામે થયેલી ફરિયાદ પાછી ખેંચાવી.

આખા શહેરના હરિજન વાજિંત્ર લાવ્યા. ને મહારાજ મંદિરમાંથી દશ વાગતે ચાલ્યા, તે સૂર્ય અસ્ત થયો તે સમયમાં શહેર બા'ર નીસર્યા.

❋ મહારાજે દેશવિભાગ કરીને બે આચાર્યને સોંપ્યા.

એમ ત્યાં જય કરીને અસલાલીએ પધાર્યા ને ત્યાંની ભાગોળે દેશવિભાગ કરીને જેતલપુર પધાર્યા. ત્યાં પણ દેશ વહેંચીને બે આચાર્યની બે વડના વૃક્ષ હેઠે જુદી સભા કરી. તેમાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આગળ ગોપાળાનંદસ્વામી પાસે કથા કરાવતા ને રઘુવીરજી મહારાજ આગળ નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવતા. ને મહારાજ જુદા બેસતા. એમ દેશ વિભાગ કરીને વડતાલે આવ્યા. ત્યાં ફેર દેશવિભાગ કરીને બે ભાઈને સોંપ્યા.

❋ વ્યારના વિશ્વાસી ભક્તના ખેતરની રક્ષા કરી.

અમદાવાદમાં તે ફૂલદોલનો સમૈયો સાંભળીને વ્યાર ગામના બે હરિજન મહારાજનાં દર્શન કરવા અમદાવાદ આવ્યા. ને મહારાજ જેતલપુર પધાર્યા પછી એક હરિજન બોલ્યો જે, "મારા ખેતરમાં બાજરી સૂની[૧] છે, તેને ચોર લઈ જાય. માટે હું તો પાછો ઘેર જાઈશ." એમ કહીને પાછો વળ્યો ને ઘેર જઈને થાક્યો-પાક્યો સૂઈ રહ્યો. તે જ રાત્રિમાં ચોર બાજરી લઈ ગયા.

બીજો હરિભક્ત ત્યાંથી જેતલપુર ગયો. ત્યાં મહારાજ નો'તા એટલે વડતાલ ગયો ને મહારાજનાં દર્શન કરીને ઘેર આવ્યો. તેની બાજરીને મહારાજે ચોરને ન લેવા દીધી. તે જ્યારે ચોર બાજરીના ઓઘામાંથી[૨] પૂળો તાણે એટલે મહારાજ સોટી મારે. એટલે ચોર ચારેકોર જુએ જે, 'કોણે મને સોટી મારી ?' પણ કોઈને ન દેખે એટલે ફેર તાણે, એટલે મહારાજ સોટી મારે. પછી તે તાણતો રહી જાય. એમ બે-ચાર વાર થયું. એટલે તે થાકીને ઘેર ગયો ને સવારે ખેતરવાળાને ઘેર જઈને તેની

૧.રક્ષણ-સંભાળ વિનાની ૨.પૂળાના ઢગલામાંથી.

માને કહ્યું જે, "તમારા ખેતરમાં કોઈ વાસો[1] રહે છે ?" ત્યારે તે ડોસી બોલી જે, "કોણ વાસો રહે ? છોકરો તો એના બાપનું મુંડાવા ગયો છે." ત્યારે તે ચોરે પોતાના બરડામાં મહારાજે સોટી મારી તે ડોસીને દેખાડી ને તે વાત તેને કહી. એમ મહારાજે રક્ષા કરી. ।।૫૭૪।।

૫૭૫. રામાનંદસ્વામી ઉદ્ધવનો અવતાર હતા.

અને કોઈક સમયમાં ગઢડેથી દામોદરભક્તે અમદાવાદમાં આવીને સાધુ-હરિજન આગળ એમ કહ્યું જે, "મહારાજ સત્સંગિજીવન ગ્રંથ કરાવે છે, તેમાં રામાનંદસ્વામીને ઉદ્ધવનો અવતાર લખ્યો છે." તે સાંભળીને નથુભટ્ટે દામોદરભક્તને થોટ મારી, ને એમ કહ્યું જે, "અલ્યા કણબા, શું બોલ્યો ?" એમ કહીને ગાડી જોડાવી તેમાં બેઠા અને દામોદરભક્તને તેમાં બેસારીને ગઢડે ગયા. મહારાજનાં દર્શન કરીને એમ પૂછ્યું જે, "મહારાજ, આ દામોદર એમ કહે છે જે, 'રામાનંદસ્વામીને તમે ઉદ્ધવનો અવતાર લખાવ્યા,' એ વાર્તા સાચી ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે ધ્યાનમાં બેસો, જેમ હશે તેમ જણાશે."

પછી તે ધ્યાનમાં બેઠા ને સમાધિ થઈ ને અક્ષરધામમાં ગયા. ત્યાં અનેક કોટી મુક્તની સભાને મધ્યે અલૌકિક સિંહાસન ઉપર અતિ તેજોમય મૂર્તિ મહારાજ વિરાજે છે, તેને દેખ્યું. ને આગળ મુક્તની સભામાં બેઠા જે રામાનંદસ્વામી તેમને દેખ્યા. તે અતિશે આશ્ચર્ય પામીને સમાધિમાંથી બા'ર આવીને બહુ રાજી થયા ને મહારાજને નમસ્કાર કર્યા. પછી દામોદરભક્તને વિનય કરીને નમસ્કાર કરીને ને રાજી કરીને ગુનો માફ કરાવ્યો. ।।૫૭૫।।

૫૭૬. સચ્ચિદાનંદસ્વામી આજ્ઞા લોપીને ધામમાં ગયા.

અને જ્યારે શ્રીજીમહારાજે દેહોત્સવ કરવાનો મનસૂબો કર્યો ત્યારે એમ વિચાર્યું જે, 'હું દેહ મેલીશ ત્યારે મારે વિશે અતિ હેતવાળા જે

૧.રાતે ચોકી કરવા રાત્રીવાસ

મારા ભક્ત તે દેહ નહિ રાખે, ને અનેક પ્રકારે કરીને દેહ મેલીને મારી વાંસે આવશે તો લોકમાં બહુ ખોટું કે'વાશે.' એમ ધારીને ત્યાગી, ગૃહસ્થની સભા વારંવાર કરીને એવો પ્રબંધ કર્યો ને એવી શિક્ષા કરી જે, "અમારે કેડે જે આત્મઘાત કરીને દેહ મેલશે તે વચનદ્રોહી-ગુરુદ્રોહી છે. ને તે ઉપર અમે અતિ કુરાજી થાશું. ને તેને અક્ષરધામમાં નહિ પેસવા દઈએ. ને તેને સૂકા કાષ્ઠમાં ઘાલી મેલશું." ઈત્યાદિક વચન કહીને પછી જે દિવસે પોતે દેહોત્સવ કરવાનો આરંભ કર્યો, તે દિવસ પ્રથમ સચ્ચિદાનંદસ્વામી નાડી-પ્રાણ ખેંચીને દેહત્યાગ કરીને અક્ષરધામમાં ગયા.

❋ મુક્તો સાથે મહારાજ ધામમાં પધાર્યા અને સચ્ચિદાનંદ સ્વામીને દેહમાં પાછા મોકલ્યા.

પછી મહારાજને લાખો-કરોડો વિમાન તથા કોટાનકોટી અક્ષરમુક્ત તેડવા આવ્યા. તે ભેળે શ્રીજીમહારાજ અલૌકિક પ્રતાપ દેખાડીને અનેક ભક્તજનને આવાં આશ્ચર્યકારી દર્શન દઈને અક્ષરધામમાં પધાર્યા. ત્યાં સિંહાસન ઉપર વિરાજમાન થયા. ત્યાં અનેક મુક્ત જય જય શબ્દ ઉચ્ચારણ કરે છે; ને અનેક મુક્તો તેમની સ્તુતિ કરે છે, પૂજા કરે છે, નીરાજન[૧] કરે છે, વંદના કરે છે, ને પ્રાર્થના કરે છે.

તે સમયમાં મહારાજ એમ બોલ્યા જે, "આંહીં એક ચોર આવ્યો છે." ત્યારે સચ્ચિદાનંદસ્વામીનો દેહ ઊંચો ઊછળે ને હેઠો પડે. એમ કરતાં કરતાં મહારાજ આગળ હાથ જોડીને ઊભા રહ્યા. પછી મહારાજે એમ કહ્યું જે, "અમારું વચન લોપીને કેમ આવ્યા ? ને હું તો હવે તમને સૂકા કાષ્ઠમાં ખોસી મેલીશ." ત્યારે તે બોલ્યા જે, "મેં તો દેહની નાડીઓ તોડી નાખી છે." ત્યારે મહારાજ કહે, "મર[૨] તોડી નાખી, પણ દેહમાં રહેવું પડશે." ત્યારે તેમણે એમ કહ્યું જે, "મને તરસ લાગી છે." ત્યારે મહારાજ કહે, "એને જળ પાઓ." ત્યારે જળ પાયું ને તે પાછા આંહીં દેહમાં આવ્યા. ને તે આંહીંનું જળ પીએ ત્યારે મૂત્ર જેવું લાગતું. પછી પાછા દેહમાં આવીને છ મહિના રહ્યા. ॥૫૭૬॥

૧.આરતી ૨.ભલે

૫૭૭. ગોપાળાનંદસ્વામીએ મૂંગાને બોલતો કર્યો.

સુરતનો કોઈક સદ્‌ગૃહસ્થ ફારસી હતો અને તેને વૃદ્ધપણામાં એક છોકરો થયો. તે છોકરાની જીભ સારી પણ કાંઈ બોલતાં આવડ્યું નહીં. પછી તે ફારસીએ ઘણાક ઉપાય કર્યા પણ ફેર પડ્યો નહીં. પછી કોઈક હરિભક્તે તેને કહ્યું જે, 'કોઈક સત્પુરુષ મળે ને તે કૃપા કરે તો મૂંગાને પણ વાચાળ કરે; તે વિના નહિ મટે.' પછી તેણે તેને પૂછ્યું જે, "તમારામાં કોઈ સત્પુરુષ છે ?" ત્યારે તે હરિજને ગોપાળાનંદસ્વામીને તેને બતાવ્યા. પછી તે પોતાના પુત્રને લઈને વડતાલે આવ્યો. પછી તે ઠાકોરજીનાં દર્શન કરીને પૂછતો પૂછતો સ્વામીને આસને આવ્યો. તે વખતે સ્વામી પૂજા કરતા હતા. તે સ્વામીને અતિશે વિનય કરીને પગે લાગ્યો. છોકરાને સ્વામીને પગે લગાડીને સમીપે બેઠો.

પછી સ્વામીએ તેના અંતરની વાત જાણીને ઠાકોરજીને પૂજામાં અરધું કેળું ધર્યું હતું, તે તેના છોકરાને આપ્યું. અને બોલ્યા જે, "બચ્ચા જમી જા." ત્યારે તે જમી ગયો ને જમીને તરત એ છોકરો બોલ્યો. તે જોઈને તે ફારસી બહુ રાજી થયો, ને તે સ્વામીની તથા ઠાકોરજીની ઘણીક સેવા કરીને ગયો. અને તેના મનમાં એમ થયું જે, 'આ ગોપાળાનંદસ્વામી પણ ભગવાન જેવા છે.' એમ ભગવાનના તુલ્યભાવને પામ્યા હોય તે પણ **'मूकं करोति वाचालं पङ्गुं लङ्घयते गिरिम्।'**[૧] એમ કરે છે. ॥૫૭૭॥

૫૭૮. પ્રજ્ઞાનંદસ્વામીએ લાડ વાણિયાની સ્ત્રીને જિવાડી.

અને વડોદરામાં હરિજન લાડ[૨] વાણિયાની સ્ત્રીને કોગળિયું આવ્યું. તેણે દિવસના ચાર વાગતે દેહ મેલ્યો. તેના સંબંધી લાકડાં કાઢીને બાળવા તૈયાર થયા. ને તે વાણિયો પ્રજ્ઞાનંદસ્વામી પાસે આવ્યો ને એમ કહ્યું જે, "મારે મહાદુઃખ આવ્યું જે, ચાર નાની દીકરીઓ છે ને સ્ત્રી

૧.મૂંગાને બોલતો ને લંગડાને પર્વત ઓળંગતો કરે છે. ૨.વાણિયાની એક જ્ઞાતિ

અત્યારે મરી ગઈ.” ત્યારે પ્રજ્ઞાનંદસ્વામીએ એમ કહ્યું જે, “એને આ વખતે બાળવા ન દઈશ.” ત્યારે તેણે ઘેર જઈને એ સ્ત્રીને બાળવા દીધી નહીં. પછી લોકે ઘણી અવિદ્યા કરી તોપણ ઘર વાસીને બેસી રહ્યો. પછી રાત્રિના અગિયાર વાગ્યા ત્યારે તે બાઈ જીવતી થઈ. ।।૫૭૮।।

૫૭૯-૫૮૨. ગોપાળાનંદસ્વામીએ લોકોનાં દુ:ખ ટાળ્યાં.

અને વડોદરામાં એક હરિજનને વર્તમાનમાં ફેર પડ્યો એટલે એને બ્રહ્મરાક્ષસ વળગ્યો. ત્યારે તેને ત્યાં ગોપાળાનંદસ્વામી પાસે લાવ્યા, ત્યારે એનો દેહ ઊછળવા મંડ્યો. ત્યારે સ્વામીએ એનામાંથી બ્રહ્મરાક્ષસને કાઢ્યો.

વળી વડોદરામાં ગોપાળાનંદસ્વામીએ દલપાને ને લખાને સમાધિ કરાવી. પછી સભામાં મંદિરમાં સર્વે જન જુએ છે, ને એ બેના દેહ ઊછળે છે. દલપા અને લખા પાસે ધનેશ્વરના ઘરમાંથી બ્રહ્મરાક્ષસને કાઢ્યો. તે રાક્ષસ નાઠો તે વૃક્ષમાં ભટકાણો, તેણે કરીને તેનું ડાળું ભાંગી પડ્યું. તે સર્વે જને દેખ્યું. તે ધનેશ્વર ગામ પામોદના હતા. તેણે વાસુદેવાનંદ બ્રહ્મચારીને સત્સંગ કરાવ્યો હતો ને લૈયા પણ તેણે કર્યા હતા. તે ધનેશ્વરે સોનાના વરખમાં શિયાજીનું ભાગવત લખ્યું હતું. તેને ગોપાળાનંદસ્વામી કહે, “ધનિયા, હજી ક્યાં લગી લખીશ? અમથો શા સારુ ખોટી થાય છે ? બ્રહ્મચારી થાને !” એવા એ ભક્ત હતા તોપણ એમ થયું. ।।૫૭૯।।

અને વડોદરામાં મેરાલ ભાઉના રાવસાહેબ ગોપાલરાવજીને નિદ્રા ન આવે ને કાંઈ ખવાય નહિ, એવો મહારોગ હતો. તે કોઈ ઉપાયે ન મટ્યો. તેને ગોપાળાનંદસ્વામીએ કૃપાદૃષ્ટિએ કરીને કાઢ્યો ને તેને સુખી કર્યા. ।।૫૮૦।।

અને વડોદરામાં બાપુભાઈને મનમાં એમ સંકલ્પ રહેતો જે, ‘મને રાજ્ય સત્કાર થાય તો ઠીક.’ તેને ગોપાળાનંદસ્વામીએ સંપૂર્ણ કર્યો. ।।૫૮૧।।

અને વડોદરામાં હરજી લક્કડને મનમાં એમ સંકલ્પ રે'તો જે, 'મને પુત્ર થાય તો ઠીક.' તે એને ગોપાળાનંદસ્વામીએ સંપૂર્ણ કર્યો ને એમને પાંચ પુત્ર થયા. ॥૫૮૨॥

૫૮૩. મૂળી-મંદિરના કામમાં બ્રહ્મમુનિને શ્રીહરિની દિવ્યરૂપે સહાય

અને કોઈક સમયને વિશે બ્રહ્માનંદસ્વામી મૂળીએ આવીને મંદિર કરાવવા સારુ જાયગાનો લેખ કરાવી ગયા હતા. પછી મૂળીના રઘાભાઈ તથા રામાભાઈએ કાગળ લખીને જેસાપરના વાણિયા માનસંઘને આપ્યો. તેણે જઈને ગઢડે મહારાજને આપ્યો. તે મહારાજે વંચાવીને બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "તમે મૂળીનું મંદિર કરવા જાઓ."

પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ, જૂનાગઢનું મંદિર પૂરું કરાવીને ત્યાં જાઈશ. તે વિના જૂનાગઢને વિષે કોઈને ઉપાધિમાં મંદિર પૂરું નહિ થાવા દે." પછી જૂનાગઢનું મંદિર પૂરું કરવા ગયા. ને મહારાજે દેહોત્સવ કર્યા મોર દાદા ખાચરને અને દીનાનાથ ભટ્ટને બોલાવીને કહ્યું જે, "તમે બ્રહ્માનંદસ્વામીને કહેજો કે, મૂળીનું મંદિર જરૂર કરાવજો. ને આ પક્ષના તો નહિ કહે." એમ કહીને સારી પેઠે ભલામણ કરી.

પછી મહારાજે દેહોત્સવ કર્યો, તે સાંભળીને બ્રહ્માનંદસ્વામી ગઢડે આવ્યા. મહારાજનું ખરચ કરીને જૂનાગઢનું મંદિર પૂરું કરીને મૂળીએ મંદિરનો આરંભ કર્યો. વઢવાણના સલાટ **મોનાને** લઈને મૂળીની સીમમાં પથ્થર જોવા ગયા, પણ પથ્થર કાંઈ નજરમાં ન આવ્યો. પછી મહારાજને પ્રાર્થના કરીને ગામ ઉમરડાના માર્ગમાં ભેડાસર નામે તળાવે પાણી પીતા હતા. તે સમયમાં બ્રહ્માનંદસ્વામીએ મહારાજની મૂર્તિ દીઠી એટલે ઘોડી દોડાવીને વાંસે ગયા. ત્યારે મહારાજ ખાટડી ને મૂળી વચ્ચે પોતાની સોટી અડાડીને પથ્થર બતાવીને અદૃશ્ય થઈ ગયા. ત્યાં પથ્થર ઘણો જ સારો અને બહુ જ નીસર્યો.

બ્રહ્માનંદસ્વામી મંદિરના પાયા ખોદાવીને રાત્રિએ સૂતા હતા. તેમને મહારાજ જગાડીને પાયા ઉપર જઈને પોતાની સોટીથી પાંસરું બતાવીને દક્ષિણાદિ દિશાએ બે હાથ પાયા પડ્યા મેલાવીને અદૃશ્ય થઈ ગયા.

પછી સવારે મહારાજે કહ્યું હતું, તે પ્રમાણે મંદિરનું કામ ચાલતું કર્યું. થોડા દિવસમાં મંદિરના ઘુંમટ પૂરા કરીને પચાસ સાધુ ભેળા લઈને મૂળીએથી સ્વામી ચોમાસામાં ભૂજ પધાર્યા. તે ત્યાંથી પાછા વળતાં રણમાં અશ્વથી ઊતરીને પાણીમાં પગપાળા ચાલ્યા, તે થાકી ગયા ને મૂર્છા આવી તે પાણીમાં પડી ગયા. તે સાધુએ અદ્ધર ઊંચા ઝાલી રાખ્યા. પછી બે ઘડીએ મૂર્છા ઊતરી ત્યારે સ્વામી નેત્ર ઉઘાડીને એમ બોલ્યા કે, "જ્યારે હું દેહ મેલીશ ત્યારે આ સમે તમે જેટલા મારી પાસે છો તે સર્વે પાસે હશો." એમ કહીને મૂળીએ પધાર્યા.

❋ મૂળીમાં દેવોની પ્રતિષ્ઠામાં મહારાજ દિવ્યરૂપે હાજર

માઘ માસમાં રાધાકૃષ્ણની પ્રતિષ્ઠા ઉપર ગોપાળાનંદસ્વામી આદિક ઘણાક સાધુ આવ્યા. પછી વસંતપંચમીને દિવસે રાધાકૃષ્ણ ને હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા. તે સમયને વિષે મંદિરમાં મહા અદ્‌ભુત આશ્ચર્યકારી તેજપુંજ દેખાણો. તેમાં મહારાજ તેજોમય મૂર્તિ દર્શન દઈને તે મૂર્તિને પોતે મળીને હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને વિષે લીન થઈ ગયા. તેને ગોપાળાનંદસ્વામીએ ને બ્રહ્માનંદસ્વામીએ દેખ્યા.

અને તે સમૈયામાં અસંખ્યાત મનુષ્યો જોઈને ગોપાળાનંદસ્વામીએ બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "સીધાનો સામાન કેટલો છે ? આ મનુષ્યો પ્રમાણે તો લાજ રહે એમ જણાતું નથી." પછી બ્રહ્માનંદસ્વામીએ કહ્યું, "મહારાજને ચિંતા છે, આપણે શું ?" પછી ત્યાંથી તે બે જણા પાકશાળા જોવા સારુ ગયા. ત્યાં પકવાન ઉપર મહારાજ શ્વેત વસ્ત્ર ધારણ કરીને હાથમાં સોટી લઈને વિરાજમાન છે, એવા જોઈને ગોપાળાનંદસ્વામી બોલ્યા કે, "આ તો ધણીને જ ચિંતા છે, તે હવે ફિકર નહીં." એમ કહીને ત્યાંથી બે જણા સભામાં આવ્યા.

પછી તે દિવસે પ્રતિષ્ઠા કરીને રાધાકૃષ્ણ ને હરિકૃષ્ણ મહારાજને પધરાવ્યા. ને સર્વે જનને જમાડ્યા ને જય થયો. પછી સર્વે જન પોતાના દેશમાં ગયા.

❋ સમુક્ત શ્રીહરિ પધારી બ્રહ્મમુનિને ધામમાં તેડી ગયા.

અને જેષ્ઠ માસે જ્યારે બ્રહ્માનંદસ્વામીએ દેહ મેલવો ધાર્યો ત્યારે અમદાવાદથી આચાર્ય મહારાજને તથા મોટા મોટા સાધુને તેડાવ્યા. ને જેને જેમ ઘટે તેમ શિક્ષાવચન કહીને પછી એમ કહ્યું જે, “રણમાં જે અમારી પાસે હતા તે સર્વે આવ્યા ને હવે દેહ મેલશું.”

પછી શ્રીજીમહારાજ પોતા ભેળા લાખો વિમાન અને લાખો મુક્ત લઈને પધાર્યા. તેને અતિ તેજે કરીને ભૂમિ ને આકાશ છવાઈ ગયાં. મહારાજ બ્રહ્માનંદસ્વામીને તેડીને છાપરીમાંથી બહાર નીસર્યા. તે યજ્ઞપુરુષાનંદસ્વામીને સંશય હતો જે, ‘મહારાજ અંત સમયમાં તેડવા આવે છે, એમ કહે છે તે સાચું હશે કે કેમ ?’ એ સંશયની નિવૃત્તિને અર્થે તેને આવાં દર્શન દઈને બ્રહ્માનંદસ્વામીને તેડી ગયા. તે આશ્ચર્ય જોઈને યજ્ઞપુરુષાનંદસ્વામીનો સંશય ટળી ગયો. ।।૫૮૩।।

૫૮૪. ગોપાળાનંદસ્વામી અક્ષરધામમાં પધાર્યા.

અને ગોપાળાનંદસ્વામીને **ઉમરેઠ**માં એક દિવસ જ્વર આવ્યો એટલે રઘુવીરજી મહારાજને એમ કહ્યું જે, “આપણે સર્વે વડતાલે ચાલો.” પછી બીજે દિવસે વડતાલે આવ્યા ને ત્યાં એક દિવસ રહ્યા. તે કેડે સ્વામીએ એમ કહ્યું જે, “સર્વે રોટલા જમી આવો.” પછી સર્વે જમી આવ્યા. પછી સ્વામીને મહારાજનાં અલૌકિક દર્શન થયાં. તે સમયમાં હજારો શ્રુતિઓ બોલીને સ્વામી ઘણી વાર મહારાજની સ્તુતિ કરીને બહુ ચમત્કાર જણાવીને દેહત્યાગ કરીને અક્ષરધામમાં પધાર્યા. ।।૫૮૪।।

૫૮૫. દાદા ખાચરને મહારાજ ધામમાં તેડી ગયા.

અને જે સમયમાં દાદા ખાચરે દેહત્યાગ કર્યો તે સમયમાં શ્રીજીમહારાજ લાખો કરોડો વિમાન લઈને તેડવા આવ્યા. તેને પોતાનો

અલૌકિક પ્રતાપ દેખાડીને તેડી ગયા. તે સમયમાં દેવતા ચંદનની વૃષ્ટિ કરતા હતા. તે ગામના ઘણાક હરિજનોને આવાં અલૌકિક દર્શન થયાં. ।।૫૮૫।।

૫૮૬. કૃષ્ણાનંદસ્વામીને મહારાજ ધામમાં તેડી ગયા.

અને કૃષ્ણાનંદસ્વામીએ ભક્તિપ્રિયદાસજીને પૂર્વે એમ કહ્યું હતું જે, "જ્યારે હું દેહ મેલીશ ત્યારે તમે મારી પાસે હશો." તે પછી તે નોખા મંડળમાં ફરતા. સોળની સાલમાં અમદાવાદને વિષે કૃષ્ણાનંદસ્વામી માંદા થયા ને ભક્તિપ્રિયદાસજી ફરવા ગયા હતા, ત્યાંથી આવ્યા. ત્યારે સ્વામી કહે, "મેં તમને કહ્યું હતું તે સત્ય થયું, ને આજ હું દેહ મેલીશ." પછી એમને મહારાજનાં દર્શન થયાં ને મહારાજ અલૌકિક પ્રતાપ દેખાડીને તેમને બોલતા-ચાલતા તેડી ગયા. ।।૫૮૬।।

૫૮૭. ગંગારામ મલ્લને સંબંધીમાંથી નિર્વાસનિક કરી ધામમાં તેડી ગયા.

અને ભૂજના ગંગારામભાઈ મહારાજને અર્થે માથું દેતા. ને કચ્છ દેશનો સત્સંગ તથા ભૂજનું મંદિર એમના વરાણિયે[૧] હતું. ને તે 'મુખડાની માયા લાગી, મુખડાની માયા લાગી' એ કીર્તનનું એક ચરણ ગાય એટલે આંખોમાંથી આંસુની ધારા ચાલે અને પોક મૂકે પણ કીર્તન પૂરું ન ગવાય. એવી ભગવાનને અતિશે વિષે પ્રીતિ હતી, પણ આત્મજ્ઞાન ને વૈરાગ્યનું સામાન્યપણું તેથી દેહ, દેહના સંબંધીને વિષે તથા ખાવા-પીવાને વિષે આસક્તિ, તેણે કરીને બ્રહ્મચારી સાથે પણ બખેડો થાય.

પોતાના દીકરાનો દીકરો રાંડ્યો. પછી બાઈઓ મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરીને શિવજીનાં દર્શન કરીને ગંગારામભાઈનાં સામી ઓરડીમાં દર્શન કરીને પછી બોલે જે, "ગંગારામભાઈ, માધવજીનો

૧.આધારે; રક્ષણતળે

મોતિયો રાંડ્યો તે બહુ જ ખોટું થયું. ને મોટે ઘેર સગપણ હતું." એમ ચાર જણીઓ આવીને કહે એટલે તેમનું હૈયું ભરાઈ જાય તે પોક મૂકે. પછી હરિજન સમજાવે ત્યારે છાના રહે. વળી બીજી બાઈઓ આવીને એમ કહે એટલે પાછા રડે. ને આખો દિવસ પોતાના દીકરાના દીકરાને છાતી ઉપર બેસાડીને રમાડ્યા કરે.

તે એક દિવસ મેં કહ્યું જે, "ગંગારામભાઈ, છોકરાને વિષે બહુ પ્રીતિ હોય તો તેને પેટ જન્મ લેવો પડે." ત્યારે ખીજીને બોલ્યા જે, "છોકરાં તો મારી છાતી સાથે જડ્યાં છે. તે તમે આજકાલના કહેનારા તેને કહેવે કરીને હું છોકરાં મેલી દઈશ ને જન્મ લઈશ ?" ત્યારે શિવરામ મહેતા બોલ્યા જે, "ગંગારામભાઈ, સ્વામી ઠીક કહે છે. જો બહુ આસક્તિ હોય તો જન્મ લેવો પડે." પછી ન બોલ્યા અને બીજે દિવસ વિનય કરી ગયા.

પછી તે માંદા થયા અને મંદિરમાંથી ઘેર લઈ ગયા. અને ચાર-પાંચ દિવસ થયા એટલે અમને વાતો કરવા બોલાવે એટલે અમે વાતો કરવા જઈએ. તે એમ બોલે જે, "કોઈ સંબંધીને મારી નજરે આવવા દેશો મા." ને ખાવાનું પૂછે ત્યારે કહે, "મને અન્ન ઝેર જેવું લાગે છે." એમ મહારાજે ગંગારામભાઈને જ્ઞાન-વૈરાગ્ય આપીને નિર્વાસનિક કરીને તેડી ગયા. તે મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, "જેને ભગવાનને વિષે અતિશય પ્રીતિ હોય ને જ્ઞાન-વૈરાગ્યનું સામાન્યપણું હોય તેને ભગવાન અંત સમયે જ્ઞાન-વૈરાગ્યને પ્રેરે છે." ॥૫૮૭॥

૫૮૮. લુણાવાડાના લક્ષ્મીરામ જાનીની રક્ષા

અને કોઈક દિવસ ગામ **લુણાવાડા**ના લક્ષ્મીરામ જાનીને ઘેર રામપરામાં ખાતર પડ્યું. તે ચોરે દુકાનની પછીત ફાડીને માંહીથી સાતસેં-આઠસેં રૂપિયાનો માલ બા'ર વાડામાં કાઢીને ઢગલો કર્યો, પણ મહારાજે એવું કાંઈક અંતરમાં સુઝાડ્યું, તેથી માલ મેલીને ને ઘેર

કાસિદ[૧] આવ્યો હતો, તેને દુકાને સુવાડ્યો હતો, તેની પોણા રૂપિયાની કામળી લઈ ગયા. એમ મહારાજે રક્ષા કરી.

અને લુણાવાડાના રાજાને લક્ષ્મીરામ જાની ઉપર દ્વેષ હતો. તેણે કરી કોઈક સુથાર મરી ગયો હતો, તેનું જૂઠું તરકટ[૨] બનાવીને તેના ખૂનનો દાવો લક્ષ્મીરામ જાની ઉપર ઠરાવ્યો જે, 'લક્ષ્મીરામે સુથારને મરાવી નાખ્યો.' ને સરકારમાં જૂઠી સાયદીઓ-પુરાવા કરીને ખૂનનો દાવો સાબિત કર્યો. પછી વડોદરાથી એવો હુકમ આવ્યો જે, 'હાલને હાલ લક્ષ્મીરામ જાનીએ વડોદરે આવવું.' તે સમયને વિષે લક્ષ્મીરામ જાની અતિશે માંદા હતા. પછી મહારાજે સુખરામને સ્વપ્નમાં આવીને કહ્યું જે, "લક્ષ્મીરામ જાનીની અમે રક્ષા કરશું ને કહેજો જે, કાંઈ ચિંતા રાખશો મા." પછી સુખરામે લક્ષ્મીરામ જાનીને આ વાત કહી. પછી લક્ષ્મીરામ જાનીએ જાણ્યું કે, 'હવે ફકર નહીં.'

પછી લક્ષ્મીરામ માંદા માંદા ઘોડે બેસીને વડોદરે જઈને સાહેબની પાસે ગયા. ત્યારે સાહેબે તેને જોઈને કહ્યું જે, "તુમ માંદા માંદા કાયકું આવ્યા ? ને લુણાવાડાના રાજાએ તુમારે માથે જૂઠા ખૂનકા દાવા મેલ્યા હે, તે તુમ જાઓ." પછી તે વડતાલ-અમદાવાદ દર્શન કરીને ત્યાં રસોઈ દઈને ઘેર આવ્યા. એમ મહારાજે રક્ષા કરી. ॥૫૮૮॥

૫૮૯. માણસાના નરસીભાઈની દુષ્ટ વળાવિયાથી રક્ષા

ગામ **માણસા**ના નરસીભાઈ ભેળો જોખમ લઈને માળવેથી માણસે આવતા હતા. માર્ગમાં કોઈક વાવ આવી. તેમાં પોતે પાણી પીવા ઊતર્યા. ને પોતે ભેળા લીધેલા જે વળાવિયા, તેણે જ તેને મારવા સારુ તલવારો ઉઘાડી કરી, ને વાવને મોઢે ઊભા રહ્યા. તે જાણે પાણી પીને આવશે એટલે તેને મારીને રૂપિયા લઈ લેશું. પછી નરસીભાઈએ પાણી પીતાં પોતાને મારવા ઉપર ઊભા હતા તેનું પ્રતિબંબ જળમાં દીઠું, તેણે કરીને તે ભય પામ્યા. એટલે મહારાજ

૧.સંદેશો લાવનાર કે લઈ જનાર દૂત ૨.કાવતરું

દિવ્યરૂપે આવીને તેમને ત્યાંથી જ બહાર ખેંચીને મેલ્યા. પછી નરસીભાઈએ તેને ભેળા જ થાવા દીધા નહીં. ।।૫૮૯।।

૫૯૦. અયોધ્યાપ્રસાદજીને શ્રીહરિમાં દૃઢ નિષ્ઠા

અને કોઈક સમયને વિશે અયોધ્યાપ્રસાદજી મહારાજે મૂળીમાં વૃંદાવનદાસજી અને મારા આગળ એમ વાર્તા કરી જે, "મેં વાલ્મીકિ રામાયણ વંચાવીને સાંભળી. પછી હું શ્રીજીમહારાજનું ધ્યાન કરું ત્યારે રામ-લક્ષ્મણજી મને દેખાય, પણ શ્રીજીમહારાજ ન દેખાય. પછી બહુ દિવસ વિચાર કરીને ઘણે દાખડે એમને વિસારી મેલ્યા. ત્યારે મહારાજ દેખાવા લાગ્યા." ।।૫૯૦।।

૫૯૧. અયોધ્યાપ્રસાદજીને શ્રીહરિનાં દિવ્ય દર્શન

અને પછી વળી ત્યાં એમણે બીજી વાર્તા કરી જે, 'સંવત ૧૯૦૭ની સાલમાં અમે વડતાલમાં ગયા. ત્યાં સર્વે સાધુ-હરિજનની સભા મધ્યે અમે બે ભાઈ પાટ ઉપર બેઠા હતા. તે સમે મેં અંતર્દૃષ્ટિ કરીને હૃદયમાં જોયું ત્યારે હૃદયને વિષે તેજમાં અતિ તેજોમય મૂર્તિ શ્રીજીમહારાજ દેખાણા. પછી મેં બહાર જોયું ત્યારે સભા દેખી. પછી વળી હૃદયમાં જોયું ત્યારે અતિ તેજોમય શ્રીજીમહારાજ દેખાણા. એમ ઘણી વાર દેખાણા ને પછી ન દેખાણા.' ।।૫૯૧।।

૫૯૨. મોટા સંતો-ભક્તનો ગુણ-અવગુણ લેવાનું ફળ

અને એવા મોટા હોય ને પ્રત્યક્ષ ભગવાને પ્રસન્ન થઈને જેની પ્રશંસા કરી હોય, ને સત્કાર કરીને જેનાં અંગ વખાણ્યાં હોય, ને જેને સત્સંગનો મોટો અધિકાર આપ્યો હોય, ને જે શ્રીજીમહારાજને વિષે અતિ પ્રીતિવાળા હોય, ને જે શ્રીહરિના વચનને વિષે સ્થિતિવાળા હોય, ને જેના ઉપર પ્રસન્ન થઈને શ્રીહરિએ અનુગ્રહ કરીને ચમત્કાર બતાવ્યા હોય, ને જેને સાક્ષાત્ શ્રીહરિ મળ્યા હોય, ને જેને યથાર્થ માહાત્મ્યજ્ઞાને સહિત શ્રીહરિની દૃઢ ઉપાસના હોય એવા જે શ્રીજીમહારાજના મળેલા

મોટા સાધુ તથા પૂર્વે કહ્યા એવા જે **મોટા હરિજન, તે પ્રવૃત્તિમાં રહ્યા હોય તેનો મહિમા દેહાભિમાની અજ્ઞાનીને સમજાતો નથી. ને તેમની ક્રિયા જોઈને અભાવ લે છે. તેણે કરીને તેનું અંગ વૃદ્ધિ પામતું નથી. ને મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનારા દોષ નથી ટળતા ને તે દોષ વૃદ્ધિ પામતા જાય છે. ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક શુભ ગુણ ઘટતા જાય છે.**

અને એવા મોટા દેહધારી છે ને બીજા જનના જેવી ક્રિયા કરે છે, પણ એમની ક્રિયા શ્રીહરિની પ્રસન્નતાને અર્થે છે ને અનેક જીવના મોક્ષને અર્થે છે. તેને અજ્ઞાની જાણતા નથી ને તેમાં દોષ પરઠીને અવગુણ લે છે. તેણે કરીને તે મલિન થાતા જાય છે ને તેમને દુર્ગુણ દુઃખ દીધા કરે છે.

જેને એવા મોટાનો ગુણ આવે છે, તેનાં અનંત જન્મનાં પાપ નાશ થઈ જાય છે, ને તે અતિ શુદ્ધ થાય છે ને મોક્ષ માર્ગમાં બળિયો થાય છે. ને જેના ઉપર એવા મોટાની કૃપાદૃષ્ટિ થાય છે, તે તો થોડા કાળમાં જ એકાંતિક ધર્મ સિદ્ધ કરીને શ્રેષ્ઠ મુક્ત થાય છે.

જેના પર એવા મોટાની કુદૃષ્ટિ થાય છે, તેનો જીવ એવો નકારો થઈ જાય છે કે તે મોક્ષનું સાધન તો કરી શકે જ નહીં, ને જેણે કરીને જીવનું ભૂંડું થાય એમ જ કર્યા કરે છે, પણ સવળે માર્ગે ચાલી શકાય નહિ એવો થઈ જાય છે.

એવા મોટા પણ ઘણા હોય તેમાંથી પણ જેને આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થયો હોય, ને તે આત્મા-પરમાત્માને વિષે નિરંતર દૃઢ સ્થિતિ પામ્યા હોય, ને અતિ ઉત્કૃષ્ટ જ્ઞાનના વક્તા હોય તે થકી જ શુદ્ધ ઉત્કૃષ્ટ જ્ઞાન પમાય છે. તે પણ ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાન ઉત્તમ મુમુક્ષુને પમાય છે. ।।૫૯૨।।

૫૯૩. શુભ રુચિવાળા ભક્તનો સમાગમ કરવો.

અને જેને પ્રત્યક્ષ શ્રીહરિનો શુદ્ધ સંપ્રદાયે કરીને ઉત્કૃષ્ટ દૃઢ નિશ્ચય હોય, અને સ્ત્રી-ધનાદિક માયિક વિષયને દુઃખરૂપ ને નાશવંત

જાણીને અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત, ભક્તિ કરીને પોતાનું કલ્યાણ સિદ્ધ કરવું તે જ એક અંતરમાં દૃઢ રુચિ કરી હોય, ને તેને અર્થે સત્સમાગમ કરીને ભગવાનનું માહાત્મ્ય સમજીને ને ભગવત્કથાવાર્તા, ભજન, સ્મરણ, ધ્યાન, ગુણગાન, અર્ચન, સેવનાદિકને કરવાને વિષે દૃઢ રુચિ સહિત તત્પર થઈને મંડ્યા હોય, ને આત્મારૂપ થઈને ભગવાનનું ધ્યાન કરીને દેહાદિકની વાસના ટાળીને ભગવાનમાં પ્રીતિ કરતા હોય, ને તેમાં વિઘ્ન કરનારા જે ભૂંડા દેશ, કાળ, ક્રિયા સંગાદિકને સેવતા નથી ને રૂડા દેશાદિકને સદા સેવે છે, ને સર્વે ભગવદ્ભક્તને વિષે સદા ગુણ જ ગ્રહણ કર્યા કરે છે પણ અવગુણને નથી લેતા, એવા શુભ રુચિવાળા જે ભગવદ્ભક્ત હોય, તેના સમાગમે કરીને આપણને સમાસ થાય. માટે એવાનો સમાગમ કરવો. ॥૫૯૩॥

૫૯૪. સ્ત્રીધનાદિકમાં આસક્ત ભક્તનો સંગ ન કરવો.

અને જે શ્રીહરિનો આશ્રિત છે ને દેહાભિમાની તથા સ્ત્રી-ધનાદિક પંચવિષયમાં અતિ આસક્ત છે, ને તે આસક્તિએ કરીને ધર્મને પણ લોપે છે, ને નિરંતર સ્ત્રી-દ્રવ્યાદિક વિષયના યત્નમાં તત્પર થઈને મંડ્યો છે, ને ધર્મ-જ્ઞાનાદિક સહિત ભક્તિ કરવી તેમાં રુચિ નથી એવાને સંગે કરીને આપણને સમાસ ન થાય. તે માટે તેનો સમાગમ ન કરવો. ॥૫૯૪॥

૫૯૫. અવગુણ લેનારાનો સંગ ન કરવો.

અને શ્રીહરિના આશ્રિત હોય પણ જેને સાધુ-હરિજનનો અવગુણ આવ્યો હોય, ને કોઈને વિષે સદ્ભાવ ન હોય, ને એ સર્વેને વિષે અવગુણ જ જોયા કરે, ને તે અવગુણને જ કહ્યા કરે એનો સંગ ક્યારેય ન કરવો. શા માટે ? જે એને સંગે કરીને આપણને પણ ભગવાનના ભક્તનો અવગુણ આવે, તેણે કરીને આપણું બહુ ભૂંડું થાય. માટે સર્વ પ્રકારે એવાનો સંગ તો ન કરવો. ॥૫૯૫॥

૫૯૬. વાસનાથી ધર્મલોપ કરનારો મહાકષ્ટને પામે છે.

અમદાવાદમાં રઘુવીરજી મહારાજે એમ વાર્તા કરી જે, "ધર્મ-અધર્મના સ્વરૂપને યથાર્થ જાણે છે ને તેના સ્વરૂપને યથાર્થ નિરૂપણ કરીને બીજા જનને સમજાવે છે. ને એમ જાણે છે જે : ધર્મ પાળવે કરીને આ લોકમાં માન, મોટપ, સુખ, યશ, પ્રતિષ્ઠા પમાય છે. ને સ્વર્ગલોકનાં સુખ તથા જ્ઞાન, વૈરાગ્યાદિક મોક્ષપયોગી સદ્‌ગુણ પણ ધર્મે કરીને પમાય છે; ને ભગવત્પ્રસન્નતા પણ ધર્મે કરીને થાય છે; ને ધર્મ લોપવે કરીને આ લોકને વિશે અતિ દુઃખ, અપકીર્તિ ઈત્યાદિક દોષ પમાય છે, ને મરીને નર્ક, યમયાતના, જન્મમરણ, ગર્ભવાસાદિક અનેક કષ્ટ પમાય છે, ને ભગવાનની અપ્રસન્નતા થાય છે, તેણે કરીને મોક્ષોપયોગી સદ્‌ગુણ પમાતા નથી, ને તે ગુણ હોય તોય પણ નાશ થઈ જાય છે. ઈત્યાદિક વાર્તા જાણે છે, તોપણ ઈન્દ્રિઓ, અંતઃકરણ તથા અંતઃશત્રુ તથા પૂર્વકર્મની અસદ્‌વાસનાને વશ થઈને વખત ઉપર ધર્મને વિષે સ્થિતિ રહેતી નથી ને પરાભવ પામી જવાય છે, ને માયિક તુચ્છ પદાર્થ સારુ ધર્મને લોપે છે.

તેનું જે એ ધર્મને જાણવાપણું છે તે કેવું છે ? તો જેમ જેતપુરમાં એક જમાદાર હતો. તે ભાદર નદીના ધરામાં ના'વા પડ્યો. તે બૂડ્યો ને પાણી પણ દસ શેર પી ગયો. ને બીજા મનુષ્યે એને કાઢ્યો ને તેને ઉપાડીને એને ઘેર લઈ ગયા. ને એ ગામનો ગરઢેરો[૧] કાઠી માંગુવાળો એને જોવા આવ્યો. એણે એમ કહ્યું જે, "જમાદાર, તમને તરતાં નથી આવડતું જે બૂડ્યા ?" ત્યારે તે બોલ્યો જે, "માંગુવાળા, હું તરીબી જાણું ને ઢબીબી જાણું, પણ સાલા ઓસાણ આયા નહીં.[૨]" તે મરણ વખત આવ્યો ને ઓસાણ ન આવ્યું, તેના જેવું એનું જાણવું છે. જે મરીને મહાકષ્ટ થાય એવું કર્યું ને મોક્ષમાર્ગમાંથી પડી ગયો ને પરલોક બગડ્યો. ॥૫૯૬॥

૧.મોટેરો ૨.ટાણે યાદ ન આવ્યું.

૫૯૭. એકાંતિક ધર્મ વિના માત્ર આત્માનાત્માના જ્ઞાનથી મોક્ષ ન થાય.

અને પોતે આત્માનાત્માના સ્વરૂપને જાણે છે ને બીજા જનને એ વાર્તા યથાર્થ નિરૂપણ કરીને સમજાવે છે. ને એમ જાણે છે જે, દેહાભિમાનમાં સર્વ દોષ રહ્યા છે, ને ભગવાનમાં પ્રીતિ નથી થાતી, તેનું કારણ પણ એ જ છે, ને દુઃખમાત્રનું મૂળ પણ એ જ છે. એમ જાણે છે, તોપણ દેહમાં તથા દેહના સંબંધીમાંથી પ્રીતિ મટતી નથી; ને સુખદુઃખ, માન-અપમાનમાં પરાભાવ પામી જાય છે; ને દુઃખિયો મટતો નથી ને સુખી થઈ શકતો નથી; ને આત્મરૂપ થઈને ને અંતરવૃત્તિ કરીને ભગવાનમાં નથી જોડાતો; ને દેહાદિકમાં અહં-મમતાએ કરીને બહિર્વૃત્તિએ યુક્ત થકો બીજા જન સાથે રાગદ્વેષ કર્યા કરે છે; ને પરલોકને વિષે અવિનાશી સુખનો દેનારો જે એકાંતિક ધર્મ તેને સિદ્ધ નથી કરતો; ને માયિક પદાર્થમાંથી પ્રીતિ નથી ટાળતો ને તેનું જ ચિંતન કર્યા કરે છે. એનું જે જાણવું છે તે પણ પૂર્વે દૃષ્ટાંત દીધું તેવું છે. ॥૫૯૭॥

૫૯૮. વૈરાગ્ય-ભક્તિને ન પમાડનાર વિષયભોગના ફળનું જ્ઞાન નિરર્થક છે.

અને માયિક પંચવિષયના પદાર્થ તથા માયિક પંચવિષયનાં સુખ નાશવંત ને તુચ્છ ને દુઃખરૂપ ને ચાર પ્રકારના પ્રલયે કરીને કાળગ્રસ્ત ને અનંતકાળ થયા જન્મ-મરણાદિક અનેક કષ્ટને દેનારાં છે ને યમયાતના ને ચોરાસી લક્ષ યોનિમાં ભમાવનારાં છે. ને એને વિષે આસક્તિએ કરીને પરમેશ્વરને વિશે પ્રીતિ નથી થાતી. ને એ તો મોક્ષને વિષે મહા વિઘ્ન કરનારાં છે. ને એની પ્રાપ્તિ અનેક જન્મને વિષે અનંત વાર થઈ છે. એમ પોતે જાણે છે ને બીજા જનને અનેક વાર્તાની યુક્તિઓ કરીને સમઝાવે છે, પણ પોતે તેમાંથી વૈરાગ્ય

પામતો નથી, ને તેનું જ યત્ન કર્યા કરે છે, પણ એમાંથી વૃત્તિઓ પાછી વાળીને પરમેશ્વરમાં નથી જોડતો તો એનું જે જાણવું છે, તે પૂર્વે દૃષ્ટાંત દીધું તેવું છે. ॥૫૯૮॥

૫૯૯. સ્વમોક્ષાર્થે ન થનારું પરમાત્માનું જ્ઞાન પણ અજ્ઞાન જ છે.

અને પરમેશ્વરનું કર્તાપણું તથા અકર્તાપણું, અન્વયપણું તથા વ્યતિરેકપણું, સગુણપણું તથા નિર્ગુણપણું, મનુષ્યભાવ તથા દિવ્યભાવ, અવતાર અને અવતારીની રીત, વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયરૂપ જે શ્રીહરિની લીલા, જીવ, ઈશ્વર, પ્રકૃતિપુરુષ, કાળ, અક્ષરમુક્ત એ સર્વેનું નિયંતાપણું તથા એ સર્વેને તેજ, ઐશ્વર્ય, સુખ, સામર્થી, ગુણ, વૈભવ, સર્વજ્ઞપણું ઈત્યાદિકના પ્રદાતાપણું ઈત્યાદિક અનેક પ્રકારનો ભગવાનનો મહિમા પોતે સમજે છે.

ને પોતે એમ જાણે છે જે, 'શ્રીહરિનું દર્શન, સ્પર્શ, શ્રવણ, કીર્તન, સ્મરણ, નામ ઉચ્ચારણ, ગુણવર્ણન ઈત્યાદિક પણ મોક્ષ કરનારું છે.' એમ પોતે જાણે છે ને બીજાને પણ અનેક વાર્તાની યુક્તિઓ કહીને સમઝાવે છે, પણ પોતાને શ્રીહરિમાં પ્રીતિ નથી ને ભગવત્કથા-વાર્તા, ભજન, સ્મરણ તથા સત્સમાગમમાં શ્રદ્ધા ને રુચિ નથી, તો તેનું જે એ જ્ઞાન છે તે પૂર્વે દૃષ્ટાંત દીધું એવું છે એમ જાણવું. કેમ જે, દેવને પણ દુર્લભ એવો જે ઉત્તમ મનુષ્યદેહ તે પ્રાપ્ત થયો છે, ને તેમાં પણ ભવ-બ્રહ્માદિકને પણ અતિ દુર્લભ એવો આ સત્સંગ મળ્યો છે, તોપણ જેને મોક્ષોપયોગી ધર્માદિક ગુણ કેવળ લોક રિઝાવવાને અર્થે છે ને ઈન્દ્રિયોને પોષણ કરવાને અર્થે છે ને દેહનિર્વાહને અર્થે છે ને પોતાની વિખ્યાતિ કરવાને અર્થે છે ને માન-મોટપને અર્થે છે ને માયિક પદાર્થ સંપાદન કરવાને અર્થે છે; પણ પોતાના મોક્ષોપયોગી નથી તો એ અતિ અજ્ઞાની છે. ને અત્યંત ભાગ્યહીન છે ને અતિશય બુદ્ધિહીન છે ને જીવતો મરેલો છે, એમ જાણવો.

શ્લોક : **न यत्कर्म स्वधर्माय न ज्ञानाय विरक्तये ।**
न तीर्थपदसेवायै जीवन्नपि मृतो हि सः ।।[૧] તથા
यथा खरश्चंदनभारवाही भारस्य वेत्ता नहि चंदनस्य ।[૨] ।।૫૯૯।।

૬૦૦. પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનને ભજવા.

અને શ્રીજીમહારાજના ભક્તને ધ્યાન કરવું તથા માનસીપૂજા કરવી, ભજન કરવું તથા સર્વે ક્રિયા કરવી તથા સર્વે કાળમાં નિરંતર પોતાને આત્મસત્તારૂપ ને બ્રહ્મરૂપ માનવું. ને **અક્ષરબ્રહ્મ સંગાથે પોતાની એકતા કરીને તે તેજઃપુંજને વિષે શ્રીપુરુષોત્તમ શ્રીજીમહારાજની મૂર્તિને ધાર્યા કરવી. એવું અનુસંધાન કર્યા કરવું પણ એ વાત ભૂલવી નહીં. ને સત્તારૂપ ને નિરવયવ ને અલિંગ પોતાનું સ્વરૂપ માનીને તેમાં ભગવાનને ધારીને ભજ્યા કરવું.**

તે ગોપાળાનંદસ્વામીને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, **"પોતાને સદા આકારે રહિત માનવું ને ભગવાનના સ્વરૂપમાં જોડાવું."** ત્યારે ગોપાળાનંદસ્વામીએ શ્રીજીમહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! તમારી મૂર્તિને ભૂલી જવાશે તો ?"

ત્યારે શ્રીજીમહારાજનાં નેત્ર સજળ થયાં ને ગદ્‌ગદ કંઠે થઈને એમ બોલ્યા જે, "એવી રીતે ભગવાનની મૂર્તિમાં જોડાય તે શું ભગવાનની મૂર્તિને ભૂલી જાશે ? નહિ ભૂલી જાય."

એમ મહારાજનું વચન સાંભળીને ગોપાળાનંદસ્વામી કહે, "એ વચન મારા અંતઃકરણમાં ખૂંચી રહ્યું છે, ને સદા એમ જ વરતાય છે." ને વચનામૃતને પૂર્વાપર જોતાં ઠેકાણે ઠેકાણે એ જ સિદ્ધાંત

૧.જે પુરુષનાં કર્મો સ્વધર્મની સિદ્ધિ કરાવનારા ન થાય, આત્મજ્ઞાન તથા વૈરાગ્ય ઉત્પન્ન કરનારા ન થાય, અને શ્રીહરિ તથા તેમના સંતો-ભક્તોની સેવામાં ઉપયોગી ન થાય તો તે પુરુષ જીવતો થકો પણ મરેલો જ છે.(ભાગ.૩/૨૩/૫૬) **૨.**ચંદનના ભારને ઉપાડનારો ગધેડો જેમ ચંદનના ભારને જ જાણે છે, ચંદનને નહીં; તેમ સ્વમોક્ષાર્થે ન થનાર ધર્મ, વૈરાગ્ય, ભક્તિ આદિનું જ્ઞાન કેવળ ભારરૂપ જ છે.

છે, ને સત્સંગિજીવનમાં પણ એ જ મહારાજનો મત કહ્યો છે જે,

धर्मस्थितैरुपगतैर्बृहता निजैक्यं...[1] **तथा**

धर्मस्त्याज्यो न कैश्चित्स्वनिगमविहितो वासुदेवे च भक्ति-
र्दिव्याकारे विधेया सितघनमहसि ब्रह्मणैक्यं निजस्य।[2] **तथा**

अछेद्योऽखंडचैतन्यः स्वात्मा ज्ञेयः पृथक् तनोः।
तस्यैक्यं ब्रह्मणा बुद्ध्वा तद्रूपः सन् भजेद्धरिम्॥[3]

ઈત્યાદિક સિદ્ધાંત વચન જોતાં પોતાને અરૂપ માનીને ભગવાનને ભજવા. શા માટે ? જે પોતાને સાવયવ માને તો પોતાના માયિક આકારની ભાવના ટળે નહિ ને મનન કરવાથી દૃઢ થાય છે. માટે પોતાને સત્તારૂપ માનવો. અને શ્વેતદ્વીપને વિષે નિરન્નમુક્ત છે, તે નિરંતર સત્તારૂપે રહીને ભગવાનનું ધ્યાન કરીને કારણ શરીરના રાગ ટાળે છે. ત્યારે કોઈક એમ કહેશે જે, 'માનસીપૂજા કરવી તે સમયને વિષે ભગવાનને સ્નાનાદિક ક્રિયા કરાવવી તે પોતાને સાવયવપણા વિના કેમ બને ?' તો એ તો પોતાના અંતઃકરણની વૃત્તિએ કરીને થાય છે. તેમાં કાંઈ સ્થૂળ શરીરના અવયવનું કામ પડતું નથી. માટે આકારે રહિત માનવું ને અંતઃપૂજન તો અંતઃકરણની વૃત્તિએ કરીને થાય છે. માટે તેમાં શંકાનો માર્ગ નથી એમ જાણવું. ॥૬૦૦॥

૬૦૧. અક્ષરના ગુણ તથા અંતર્દષ્ટિ-બાહ્યદષ્ટિની વાત

અને રહસ્યના વચનામૃતમાં એમ કહ્યું છે જે, જેમ નદીઓ સમુદ્રને વિષે લીન થઈ જાય છે, ને સતી ને પતંગ જેમ અગ્નિને વિષે બળી

૧.શબ્દાદિ વિષયમાં રાગ રહિત, સ્વધર્મનિષ્ઠ અને અક્ષરબ્રહ્મ સાથે સ્વસ્વરૂપની એકતાને પામેલા જનોને પણ અક્ષરબ્રહ્મના શ્વેતતેજના સમૂહમાં વિરાજમાન દિવ્ય મૂર્તિ પરબ્રહ્મ સદા ઉપાસ્ય છે. ૨.કોઈએ પણ વેદમાં કહેલા પોતાના ધર્મનો ત્યાગ ન કરવો. અને બ્રહ્મની સાથે પોતાના જીવાત્માની એકતા માનીને પછી શ્વેત અને ઘાટા તેજમાં બિરાજમાન એવા દિવ્યાકૃતિ વાસુદેવ ભગવાનની ભક્તિ કરવી. ૩.પોતાના આત્માને દેહથી પૃથક્, અછેદ્ય અને અખંડ એવો જાણવો. અને તેની બ્રહ્મ સાથે એકતા જાણીને તે રૂપ થયા થકા ભગવાનની ભક્તિ કરવી.

જાય છે, ને જેમ શૂરો રણને વિષે ટુકટુક થઈ જાય છે, તેમ પોતાના આત્માને અક્ષરબ્રહ્મ સંગાથે એકરસ લીન કરી નાખે ત્યારે એ અક્ષરના ગુણ આત્માને વિષે આવે છે.

તે અક્ષરને વિષે અનંત કોટિ બ્રહ્માંડ પરમાણુ સરખાં જણાય છે, એવા એ અક્ષર મોટા છે. એ અક્ષર ભગવાનનો અલૌકિક અપાર મહિમા સમજે છે, ને સદા નિર્વિકાર છે ને સદા નિર્લેપ છે, ને અતિ શુદ્ધ છે ને અતિ સુખરૂપ છે, ને અતિ અસંગી છે ને નિર્ગુણ છે ને શાંત છે, ને શ્રીહરિને વિષે અતિશે પ્રીતિએ યુક્ત છે,

ને શ્રીહરિના સ્વરૂપને વિષે સ્થિર થઈને રહ્યા છે, ને સદા નિર્દોષ છે, ને શ્રીહરિની યથાર્થ મરજીને જાણે છે ને તે જ પ્રમાણે યથાર્થ વર્તે છે, ને શ્રીહરિની જેવી મરજી છે તે જ પ્રમાણે સ્વભાવે યુક્ત છે, ને શ્રીહરિની સેવામાં અખંડ રહ્યા છે, ને શ્રીહરિના અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા છે, ને અતિ ઉત્તમ નિર્વિકલ્પ સ્થિતિવાળા છે, ને માયાના આવરણે રહિત છે.

એવા અનેક ગુણ અક્ષરને વિષે છે, તે આત્માને વિષે આવે છે ત્યારે અનંતકોટી બ્રહ્માંડ પરમાણુંવત્ થઈ જાય છે, ત્યારે આ લોકનાં સુખ પરમાણુંવત્ થઈ જાય એમાં શું કહેવું ? એ તો થાય જ. અને એવો મહદ્ ગુણ આવે ત્યારે લોકાંતરનાં સુખ નજરમાં જ આવે નહિ અને સૂઝે તેવા ઉત્તમ વિષય પ્રાપ્ત થાય તોપણ એમાં માલ મનાય નહિ. એવી જીવમાં મહત્સમજણ આવે, તો એ ભગવાનને રહ્યાનું પાત્ર થયો ને એના હૃદયમાં ભગવાન અખંડ રહે છે. એ વચનામૃતનો આ ભાવ છે.

માટે અક્ષરબ્રહ્મ સંઘાથે પોતાના આત્માને એક કરીને તેને વિષે અંતર્દષ્ટિ કરીને શ્રીહરિની મૂર્તિને જોયા કરવું અને જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો ત્યાં રહીને અંતર્દષ્ટિએ કરીને શ્રીહરિનું ધ્યાન ભજન કરવું. ને નિરંતર એવું અનુસંધાન રાખવું જે, હું અક્ષરબ્રહ્મ છું ને મારે વિષે શ્રીહરિ અખંડ રહ્યા છે. એ અંતર્દષ્ટિ મૂકવી જ નહિ.

શા માટે ? જે અંતર્દષ્ટિવાળાની સમજણમાં એ ગુણ છે જે, ભગવાનનું સમીપપણું રહે છે, ને બુદ્ધિ સુક્ષ્મ થાય છે અહંગ્રંથી ગળે છે, ને દોષને ઓળખે છે ને દોષને ટાળી નાખે છે, ને ઉત્તમ વિષયની પ્રાપ્તિ થાય તોય લેવાય નહિ, ને એકાંતિકને ઓળખે છે, ને ભગવાનની મરજીને જાણે છે એ અંતર્દષ્ટિવાળાની સમજણમાં ગુણ છે.

અને બાહ્યદષ્ટિવાળાની સમજણમાં એ દોષ છે જે, ભગવાનને છેટે સમજે છે, ને બુદ્ધિમાં સ્થુળતા રહે છે, તેણે કરીને એકાંતિક ધર્મ સમજાય નહિ ને અહંગ્રંથી વૃદ્ધિ પામે છે, તેણે કરીને દોષને ઓળખે નહિ, ને તે દોષ તત્કાળ ટળે પણ નહિ, ને દેશકાળે કરીને વિષયને વિષે ચોટી જાય છે, ને એકાંતિક ભક્તને તત્કાળ ઓળખે નહિ ને ભગવાનની મરજીને જાણી શકે નહિ, એ બાહ્યદષ્ટિવાળાને એની સમજણમાં દોષ છે. ॥૬૦૧॥

૬૦૨. મહારાજ સમકાલિન ભક્તોની સ્થિતિનું વર્ણન

શ્રીઅક્ષરધામાધિપતિ સર્વોપરી સર્વકારણના કારણ સર્વે અવતારના અવતારી એવા સ્વયં પુરુષોત્તમ સહજાનંદસ્વામી શ્રીહરિકૃષ્ણ શ્રીજી મહારાજનાં ઐશ્વર્ય, ગુણ, ચરિત્રને જાણવા તથા તેમની ઉપાસના કરનારા જે એમના ભક્તજન તેમના ગુણ, ઐશ્વર્ય, ચરિત્રને જોઈને શ્રીહરિનો દૃઢ આશ્રય કરવો અને શ્રીજી મહારાજના ભક્તોમાં જેમને આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર હતો, તેમાં જે મુને જાણ્યામાં આવ્યા છે, તેમનાં નામ લખું છું.

સંતદાસજી, સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, રામદાસભાઈ, કૈવલ્યાનંદસ્વામી, કૃષ્ણાનંદસ્વામી, કૃપાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, અખંડાનંદસ્વામી, પર્વતભાઈ, ગોવર્ધનભાઈ, આત્માનંદસ્વામી, જયાનંદસ્વામી, તપસ્યાનંદસ્વામી, ગુણાતીતા-નંદસ્વામી, સિદ્ધાનંદસ્વામી, વિજ્ઞાનદાસજી, ઘનશ્યામદાસજી, માધવ-દાસજી, સર્વનિવાસાનંદસ્વામી, જ્ઞાનાનંદસ્વામી, સુદર્શનાનંદસ્વામી, મહાપ્રસાદાનંદસ્વામી, મહાપુરુષાનંદસ્વામી, નૃસિંહાનંદસ્વામી, શામળીયા

ચૈતન્યાનંદસ્વામી, બાલમુકુંદાનંદસ્વામી, નિરંજનાનંદસ્વામી, મૂળજી લુવાણો ઈત્યાદિક અનેક એવી સ્થિતિવાળા હતા તથા સચ્ચિદાનંદસ્વામી, ડોસાતાઈ, હિરાચંદ ચોકસી, ધ્યાનદાસજી, મેઘજી સુખડીયો, વશરામ સુથાર તથા અનેક બાઈઓ ઈત્યાદિક અનેક સમાધિનિષ્ઠ હતા તથા અનેક ભક્ત નિરાવરણદષ્ટિવાળા હતા. તથા અનેક ભક્ત ત્રિકાળજ્ઞ હતા. તથા અનેક ભક્ત સત્ય સંકલ્પવાળા હતા. તથા અનેક ભક્તને ત્રણેય અવસ્થાઓ પરાભવ કરી શકે નહિ એવા હતા. તથા અનેક ભક્ત તો અંતર્યામીપણે કરીને સર્વને જાણતા એવા હતા. તથા અનેક ભક્તને રજોગુણ, તમોગુણ ને મલિન સત્વગુણ વ્યાપે નહિ એવા હતા તથા કેટલાક ભક્તને ષડૂર્મિ વ્યાપે નહિ એવા હતા તથા કેટલાક ભક્તને સ્થુળ, સુક્ષ્મ ને કારણ દેહના ભાવ તે પરાભવ કરી શકે નહિ એવા હતા.

તથા કેટલાક ભક્ત તો સ્વતંત્રપણે સમાધિ કરીને લોકાંતરને વિષે જાય ને પાછા આવે એવા હતા. તથા કેટલાક ભક્ત તો સમાધિ કરીને સ્વતંત્રપણે કરીને અષ્ટ આવરણને ભેદીને માયા પર ભગવાનના અનેક ધામમાં જાતા ને પાછા આવતા હતા. તથા કેટલાક ભક્ત તો આ લોકમાં રહ્યા થકા ને દેહાદિક સંબંધી સર્વ ક્રિયા કરતાં થકા નિરંતર અષ્ટ આવરણ થકી પર અક્ષરધામને વિષે શ્રીજી મહારાજને સર્વે અક્ષરમુક્ત સહિત દેખતા હતા.

તથા કેટલાક ભક્ત તો શ્રીહરિના સ્વરૂપને વિષે નિરંતર ચિત્તવૃત્તિને રાખતા હતા. તથા કેટલાક ભક્ત તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને શ્રીહરિના માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિનો સદા વિચાર કર્યા કરતા. તથા કેટલાક ભક્ત તો જાણપણારૂપ દરવાજાને વિષે નિરંતર રહ્યા થકા શ્રીહરિનું ધ્યાન-ભજન તથા દેહાદિકની ક્રિયા કરતા હતા. તથા કેટલાક ભક્ત તો શ્રીહરિનું ધ્યાન કરતાં સ્વતંત્રપણે કરીને ઉપશમને કરતા હતા. તથા કેટલાક ભક્તની છાયામાં માયાના ગુણ વ્યાપે નહિ ને બીજો જન તેમને સમીપે આવે તો તેનું પણ અંતઃકરણ નિર્મળ થઈ જાય એવા હતા.

તથા કેટલાક ભક્તો અતિ ઉત્કૃષ્ટ અલૌકિક પર દૃષ્ટિએ યુક્ત સદા વર્તતા હતા. તથા કેટલાક ભક્ત તો અતિશે ઉત્તમ પર સમજણે યુક્ત નિરંતર વર્તતા હતા. તથા કેટલાક ભક્ત તો મુર્તિમાન વૈરાગ્ય હોયને શું ! એવા હતા. તથા કેટલાક ભક્ત તો મૂર્તિમાન ધર્મ હોય ને શું ! એવા હતા. તથા કેટલાક ભક્ત તો મૂર્તિમાન આત્મનિષ્ઠ હોયને શું ! એવા હતા. તથા કેટલાક ભક્ત તો મૂર્તિમાન સાધુતા હોયને શું ! એવા હતા.

તથા કેટલાક ભક્ત તો મૂર્તિમાન અષ્ટાંગયોગ સિદ્ધ કરીને ષટચક્રને વિષે ને નાડીઓને વિષે સ્વતંત્રપણે પ્રવેશ કરીને તે તે ચક્રને વિષે રહ્યાં જે કમળ તેમની પાંખડીઓમાં રહ્યાં જે દેવતાનાં સ્થાનક તેમાં રહ્યા જે દેવતા તેમનાં દર્શન કરતાં હતા, ને તે તે ઇન્દ્રિયોની નાડીઓના દેવનાં દર્શન કરતા હતા, ને બ્રહ્મરંધ્ર ભેદીને સુષુમ્ણા નાડીને માર્ગે કરીને બ્રહ્માંડ ભેદીને માયા પર દિવ્ય ધામને વિષે શ્રીપુરુષોત્તમનાં દર્શન કરતા થકા તેમના જમણા ચરણારવિંદના અંગુઠામાંથી પ્રણવ ધ્વની ઉત્પન્ન થાય છે, તેને સાંભળીને અતિ આશ્ચર્ય પામીને પાછા દેહમાં આવીને તે વાર્તાઓ કરતા હતા.

તથા કેટલાક ભક્ત તો સાંખ્ય વિચારે કરીને પ્રતિલોમપણે આત્યંતિક પ્રલય કરીને પોતાના આત્માને અક્ષરબ્રહ્મ સંઘાથે એક કરીને તેને વિષે શ્રીહરિને ધારીને તેને વિષે ચિત્તનો નિરોધ કરતાં તે ભેળો નાડી-પ્રાણનો પણ નિરોધ થઈ જાતો એવા હતા. તથા કેટલાક ભક્ત તો શ્રીહરિને નિરંતર પોતાની દૃષ્ટિ આગળ દેખતા હતા. તથા કેટલાક ભક્ત તો સોયે સો ગાઉને છેટેથી શ્રીહરિને સર્વ ચરિત્ર કરતા ને પાર્ષદ સહિત સદા દેખતા. તથા કેટલાક ભક્તને શ્રીહરિ અણિમાદિક ઐશ્વર્ય આપતા હતા.

તથા કેટલાક ભક્ત તો પરસ્પર એમ પ્રતિજ્ઞા કરીને કોલ દેતા હતા જે, જો હું પ્રથમ દેહ મેલું તો તમને અંતકાળે હું તેડવા આવું ને જો તમે પ્રથમ દેહ મેલો તો તમે મુને તેડવા આવજો; એ વાત સત્ય કરતાં હતા. તથા કેટલાક સમર્થ ભક્ત તો બીજાને એમ વર દેતા હતા

જે, 'તમને અંતકાળે હું તેડવા આવીશ' તે વાર્તાને તે સત્ય કરતાં હતા. તથા કેટલાક ભક્ત તો સદા શ્રીહરિનું ધ્યાન, ભજન, કથા, કીર્તન, વાર્તા, સેવા, દર્શન, સત્સમાગમ વિના રહી શકે નહિ એવા છે. તથા કેટલાક ભક્ત તો જાણીએ મૂર્તિમાન એકાંતિક ધર્મ હોય ને શું એવા છે. તથા કેટલાક ભક્ત તો જુવાન અવસ્થામાં પોતાની સ્ત્રીનો ત્યાગ કરીને શુદ્ધ અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય નિરંતર પાળે છે એવા છે.

ને સત્સંગમાં શ્રીજીમહારાજ સદા વિરાજમાન છે. તે રજોગુણ તમોગુણના ઘાટ-સંકલ્પના વિક્ષેપ થાય છે, તેને એ ભક્તના હૃદયમાં જ્ઞાન-વૈરાગ્યનો વિચાર આપીને ટાળી નાખે છે. એમ પોતાના ભક્તની રક્ષા કરે છે, નહિ તો કામાદિક જિતાય નહિ એવા છે, જે મોટા દેવને પણ દુર્જય છે. એ તો શ્રીહરિનો પ્રતાપ છે એમ જાણવું.

તથા કેટલાક ભક્ત તો સ્ત્રી-ધનાદિક પંચવિષયનો ગંધ પણ ગમે નહિ એવા છે. તથા કેટલાક ભક્તને તો જ્ઞાનને વિષે સ્થિતિ તેણે કરીને પ્રકૃતિપુરુષ ને તેનું કાર્ય નજરમાં જ નથી એવા છે. તથા કેટલાક ભક્તો નિર્બીજ સાંખ્ય ને નિર્બીજ યોગ, સબીજ સાંખ્ય ને સબીજ યોગને સિદ્ધ કરીને શ્રીહરિને વિષે નિર્વિકલ્પ સમાધિવાળા છે. તથા કેટલાક ભક્ત તો નિર્બીજ સાંખ્ય ને નિર્બીજ યોગ, સબીજ સાંખ્ય ને સબીજ યોગનો સદા વિચાર કરીને શ્રીહરિને વિષે સવિકલ્પ સમાધિવાળા છે.

તથા કેટલાક ભક્ત તો પ્રવૃત્તિમાર્ગમાં રહેતાં થકા પણ સુખ-દુઃખ, માન-અપમાન, લાભ-અલાભ, જય-પરાજય, હાણ્ય-વૃદ્ધિ થાય તે સંબંધી હર્ષ-શોક અંતરમાં પામતા નહીં ને સમજણે કરીને સદા સુખી રહેતા. તથા કેટલાક ભક્ત તો પોતાનો દેહ, ધન, ધામ, કુટુંબ, પરિવારાદિક સર્વસ્વ ભગવત્પરાયણ કરીને રહ્યા છે. તથા કેટલાક ભક્ત તો ધર્માદિક શીખવાની પક્વ રુચિ કરીને તે શીખવામાં તત્પર થઈને મંડ્યા છે. ને તે સિદ્ધ કરીને સર્વ વાસના ટાળીને એકાંતિક ભક્ત થઈને ભગવાનને પામવું છે, એવા દૃઢ અંગવાળા છે. તથા કેટલાક ભક્તની તો એવી સમજણ છે જે, વિષમ દેશકાળાદિક આવે તોપણ કોઈ દિવસ ભગવાન

અને તેમના ભક્તનો અવગુણ આવે જ નહિ, સદા ગુણ જ ગ્રહણ કર્યા કરે છે, કોઈ દિવસ તેનો દ્રોહ તો કેમ કરી શકાય ? એવા છે. તથા કેટલાક ભક્તને તો સારા-નરસા વિષય તુલ્યપણે વર્તે છે. ને કોઈ વિષયમાં ઇન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિઓ તણાય જ નહિ એવા છે.

તથા કેટલાક ભક્ત તો ઊર્ધ્વરેતા છે, ને તેના અંતરમાં કામનું બીજ પણ નથી એવા છે. તથા કેટલાક ભક્ત તો સ્થિતપ્રજ્ઞ છે, તે વિષમ દેશકાળાદિકને યોગે કરીને પણ તેમની બુદ્ધિ ધર્માદિક થકી ચળે નહિ એવા છે. તથા કેટલાક ભક્તને સંગે કરીને અનેક જન કામ, ક્રોધ, લોભ, મોહ, સ્વાદ, સ્નેહ, માનાદિક માયાના વિકાર ટાળીને મુક્ત થઈ ગયા.

આ જે અલૌકિક આશ્ચર્યકારી ચમત્કાર-ઐશ્વર્ય ભક્તને વિષે કહ્યાં, તે તો અક્ષરાધિપતિ શ્રીપુરુષોત્તમ શ્રીજીમહારાજના ભક્તને વિષે છે, પણ એવા અન્ય આવિર્ભાવના ભક્તને વિષે નથી. કેમ જે, પરોક્ષ આવિર્ભાવના તથા તેના ભક્તનાં ચરિત્ર શાસ્ત્રોમાં લખ્યાં છે, તેને તપાસી જુએ તો જ્ઞાનાંશયુક્ત બુદ્ધિવાન હોય તેને સમજાય છે જે, એ બેમાં ઘણો ભેદ છે, ને બીજાને તો ન સમજાય. ને આવી સામર્થી તે જ પ્રભુતાનો પ્રભાવ છે, પણ સમૃદ્ધિ વૃદ્ધિ પામી તે તો બહુ મનુષ્ય માને ને ઘણુંક ધન આપે એટલે બહુ સમૃદ્ધિ છે, પણ એ તો મોટા રાજા તથા મોટા શાહુકાર આગળેય કાંઈ નહીં. ॥૬૦૨॥

૬૦૩. શ્રીહરિ અને મોટા સંતોના સંબંધનો મહિમા

અને શ્રીઅક્ષરાતીત શ્રીપુરુષોત્તમનારાયણ શ્રીજીમહારાજનો જે જનને સાક્ષાત્કાર-દર્શનાદિક સંબંધ થયો છે, તેનાં ભાગ્ય-મહિમા તો કેમ કહી શકાય ! એ તો અપાર છે; પણ જે જનને એમના મળેલા ને પરમ એકાંતિક પરમ ભાગવત મોટા સાધુ તેમનાં દર્શન, સ્પર્શ, સેવન, પૂજન, ભાષણ, પ્રસાદાશન[1], પ્રસન્નતા, કૃપા, સમાગમાદિક

૧.પ્રસાદભક્ષણ

સંબંધ થયો છે, તેનાં ભાગ્ય-મહિમાનો પણ પાર પમાતો નથી. એ તો અનેક જન્મના શુભ સંસ્કારને યોગે કરીને એવો અલૌકિક મોટો લાભ મળે છે. તે તો કોઈ જનને ચિંતામણિ મળી જાય તેવી આપણને પ્રાપ્તિ થઈ છે, ને કૃતાર્થ થયા છીએ ને ધન્ય ભાગ્યવાળા છીએ. ને આપણી ઉપર ભગવાનની મોટી કૃપા થઈ છે, જે અતિશય દુર્લભ ને કલ્યાણકારી એવો મોટો યોગ આપણને આપ્યો છે. એ તો શ્રીજી મહારાજ આપણા ઉપર અઢળક ઢળ્યા છે, એમ વિચારીને આનંદમાં રહેવું. ને પોતાને આત્મસત્તારૂપ ને બ્રહ્મરૂપ માનીને તેમાં શ્રીહરિને ધારીને તેનું અંતરમાં નિરંતર અનુસંધાન રાખવું.

महीयसां पादरजोभिषेकं निष्किंचनानां न वृणीत यावत् ॥
तावत् संसारः...[1]
येषां संस्मरणात्पुंसां सद्यः शुध्यन्ति वै गृहाः ।
किं पुनर्दर्शनस्पर्शपादशौचासनादिभिः ॥[2] ॥૬૦૩॥

૬૦૪. એકાંતિક ભક્તની સમજણ તથા વર્તન

અને શ્રીઅક્ષરધામાધિપતિ શ્રીપ્રગટ પુરુષોત્તમ એવા જે શ્રીસહજાનંદસ્વામી તેમની ઉપાસનાએ તથા એકાંતિક સાધુને સમાગમે કરીને એકાંતિક ભાવ જે સદ્ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, માહાત્મ્ય સહિત નિષ્કામ ભક્તિ, તેને પામ્યા એવા જે મહાભગવદી આત્મનિષ્ઠ પુરુષ તેમની સમજણ તથા વર્તવાની જે રીત, તે ઘણાક જીવોના કલ્યાણને અર્થે પ્રગટ કરીએ છીએ.

સિદ્ધ કર્યો છે નિર્બીજ સાંખ્ય ને નિર્બીજ યોગ તથા સબીજ સાંખ્ય ને સબીજ યોગ તે જેમણે એવા(૧), **તે નિર્બીજ સાંખ્ય તે શું ?** તો

૧.ધનાદિક પદાર્થનો ત્યાગ રાખનાર એવા સાચા સંતોની ચરણરજનને જ્યાં સુધી માથે ચડાવતો નથી (તેનો દાસાનુદાસ થઈને રહેતો નથી), ત્યાં સુધી તેને જન્મ-મરણ ચાલું રહે છે. (ભાગ.૭/૫/૩૨) ૨.જે સંત-મહાત્માઓના સ્મરણમાત્રથી જ ગૃહસ્થોનાં ઘર તત્કાળ પવિત્ર થઈ જાય છે, તો પછી તેમનાં દર્શન, સ્પર્શ, ચરણપ્રક્ષાલન અને આસનાદિકનું આપવું વગેરેનું તો કહેવું જ શું ! (ભાગ.૧/૧૯/૩૩)

માયાથી ઉત્પન્ન થયાં જે ચોવીસ તત્ત્વ, તે થકી પોતાના જીવાત્માને નોખો સમજવો. **નિર્બીજ યોગ તે શું ?** તો નોખો પડ્યો જે આત્મા તે આકારે વૃત્તિ કરવી. અને **સબીજ સાંખ્ય તે શું ?** તો અનંતકોટી બ્રહ્માંડના જીવ, ઈશ્વર તથા પ્રધાનપુરુષાદિક તથા અક્ષરધામના જે મુક્ત, તે થકી પુરુષોત્તમ ભગવાનને સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્યાદિકે કરીને અતિશે વિલક્ષણપણે સમજવા. **સબીજ યોગ તે શું ?** તો ઉપર કહ્યા એવા જે સર્વોપરી મનુષ્યાકૃતિ ભગવાન, તેમને વિશે ઇન્દ્રિયો, અંતઃકરણની વૃત્તિઓ જોડવી તે.

અને કાકવિષ્ઠા તુલ્ય જાણ્યું છે સંસારનું સુખ તે જેમણે એવા(૨), ને કલંકરૂપ જાણી છે સંસારની કીર્તિ જેમણે એવા(૩), ને ઝેર રૂપ જાણ્યું છે વિષયસુખ તે જેમણે એવા(૪), ને ડગલારૂપ જાણ્યો છે દેહ તે જેમણે એવા(૫), ને દરજી-દરજણ રૂપ જાણ્યાં છે માતા-પિતા તે જેમણે એવા(૬), ને નાર[૧] જેવાં જાણ્યાં છે સગાં-સંબંધી તે જેમણે એવા(૭), ને જાત માની છે અક્ષર તે જેમણે એવા(૮), ને નાત માની છે ભગવાનના એકાંતિક ભક્ત તે જેમણે એવા(૯), ને દેશ માન્યો છે ભગવાનનું અક્ષરધામ તે જેમણે એવા(૧૦), ને મોટપ માની છે ભગવાનના એકાંતિક ભક્ત થાવું તે જેમણે એવા(૧૧), ને લાભ માન્યો છે સત્સંગ કરવામાં તે જેમણે એવા(૧૨), ને ખોટ માની છે ભગવાન ભૂલવામાં તે જેમણે એવા(૧૩), ને દેહાભિમાન ત્યાગ કર્યું છે, કદર્યની પેઠે વર્તવામાં તે જેમણે એવા(૧૪), ને ભગવાનની કથા સાંભળવી તેમાં પૃથુરાજાની પેઠે છે શ્રદ્ધા તે જેમને એવા(૧૫), ને જડભરતની પેઠે નિસ્પૃહી વર્તવું તેણે કરીને કર્યો છે દેહનો અનાદર તે જેમણે એવા(૧૬), ને ગોપીઓની પેઠે કર્યો છે ભગવાનને વિષે સ્નેહ તે જેમણે એવા(૧૭), ને ઉદ્ધવજીની પેઠે કર્યું છે દાસપણું ભગવાનને વિષે તે જેમણે એવા(૧૮), ને ભગવાનને

૧.હિંસક પ્રાણી

વિષે કર્યું છે હનુમાનજીની પઠે પતિવ્રતાપણું તે જેમણે એવા(૧૯), ને પ્રહ્લાદના જેવી સવળી છે સમજણ તે જેમને એવા(૨૦),

ને જનકરાજાના જેવું છે જ્ઞાન તે જેમને એવા(૨૧), ને અંબરીષ રાજાની પેઠે સદા ભક્તિપરાયણ ને નથી ગયો ક્ષણ કાળ ભગવાન વિના તે જેમને એવા(૨૨), ને શુકજી ને નારદજીની પેઠે જ્ઞાનવાર્તાના કે'નારા એવા(૨૩), ને રંતિદેવરાજા જેવી છે ધીરજ તે જેમને એવા(૨૪), ને પર્વત તથા વૃક્ષની પેઠે પરના કલ્યાણને અર્થે છે સર્વ ક્રિયા તે જેમની એવા(૨૫), ને પોતાના એકાંતિક ભક્તપણામાં વિઘ્ન કરનારા જે ભૂંડા દેશકાળાદિક તેનો ત્યાગ કરીને સદા શુભ એવા જે દેશકાળાદિકને સેવનારા એવા(૨૬), ને હળાહળ ઝેર જેવો જાણ્યો છે સ્ત્રી, ધન ને સ્ત્રૈણ પુરુષનો સંગ તે જેમણે એવા(૨૭), ને માથે ડુંગર પડ્યો છે એવો જાણ્યો છે જગત વ્યવહારનો અધિકાર તે જેમણે એવા(૨૮), ને વેર બાંધ્યું છે કામ-ક્રોધાદિક અંતઃશત્રુ સાથે તે જેમણે એવા(૨૯), ને શૂરવીરપણું છે સ્વભાવ જીતવામાં તે જેમને એવા(૩૦),

ને બ્રહ્મરાક્ષસના વળગાડ જેવું જાણ્યું છે જગતનું ડહાપણ તે જેમણે એવા(૩૧), ને ધર્મામૃત, નિષ્કામ શુદ્ધિ ને શિક્ષાપત્રી પ્રમાણે છે વર્તવું તે જેમને એવા(૩૨), ને ઋષભદેવની શિક્ષામાં કહ્યાં જે પચીસ સાધન, તેણે કરીને ટાળી છે અહં મમત્વરૂપ ગ્રંથી તે જેમણે એવા(૩૩), ને ભાગવદ્ધર્મ સિદ્ધ કરીને પામી છે પરાભક્તિ તે જેમણે એવા(૩૪), ને વચનામૃત તથા ભગવદ્ગીતા તથા એકાદશસ્કંધ તેને વિષે કહ્યું જે જ્ઞાન, તેને સંતસમાગમ થકી પામીને મોહને ટાળીને નિરંતર ભગવાનને વિષે જોડાતા એવા(૩૫), ને ચતુષ્ટયસાધનસંપન્ન એવા ને ભગવાનનું સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય, પ્રતાપ, તેજ, સુખ ઈત્યાદિક અનેક માહાત્મ્યના જાણનારા એવા(૩૬),

ને તે ભગવાનનાં સ્વરૂપ, સ્વભાવાદિક તેને મધ્યે પ્રથમ ભગવાનના સ્વરૂપને કહીએ છીએ જે, **ભગવાનનું સગુણ-નિર્ગુણપણું તથા અન્વય-વ્યતિરેકપણું તથા સાકાર-નિરાકારપણું** – તે **ભગવાનને સગુણ કેમ**

જાણવા ? તો ભગવાનને વિષે કલ્યાણકારી સત્યશૌચાદિક અનેક ગુણ રહ્યા છે, તેણે કરીને સગુણ કહેવાય છે. ને **ભગવાનને નિર્ગુણ કેમ જાણવા ?** તો ભગવનને વિષે માયાનો કોઈ ગુણ નથી, કેવળ દિવ્ય મૂર્તિ જ છે, માટે નિર્ગુણ કહેવાય છે. ને **ભગવાનનું અન્વયપણું કેમ જાણવું ?** તો ભગવાન અનેક બ્રહ્માંડના જીવ, ઈશ્વર તથા અક્ષરધામના મુક્ત, તેમને વિષે અંતર્યામીપણે રહ્યા છે, તેને ભગવાનનું અન્વયસ્વરૂપ જાણવું. ને **ભગવાનનું વ્યતિરેક સ્વરૂપ કેમ જાણવું ?** તો ભગવાન સર્વમાં પોતાની શક્તિએ વ્યાપીને અક્ષરધામમાં અનંત મુક્તે સેવ્યા થકા વિરાજે છે. તે ભગવાનનું વ્યતિરેક સ્વરૂપ જાણવું. અને **ભગવાનને નિરાકાર કેમ જાણવા ?** તો ભગવાન પોતાના અક્ષરધામને વિષે દિવ્ય આકારે વિરાજે છે. તેમને વિષે માયાનો કોઈ આકાર નથી, એવું કહેવાને અર્થે નિરાકાર કહે છે. ને **ભગવાનને સાકાર કેમ જાણવા ?** તો ભગવાન સદા દિવ્ય મૂર્તિમાન છે, ને તે થકી ઘટપટાદિક સર્વે સાકાર સૃષ્ટિ થાય છે. જો આકાશ નિરાકાર છે, તો તેથી ઘટપટાદિક કાંઈ બનતું નથી. તે માટે ભગવાન સાકાર જ છે, એમ સમજવું.

અને **સ્વભાવ** જે વાત્સલ્ય, ઔદાર્ય, પ્રાગલ્ભ્ય, કારુણ્ય તથા સુશીલતા ઈત્યાદિક; અને **ગુણ** જે અષ્ટ મહાગુણ તથા ષડ્ મહાગુણ તથા સત્ય-શૌચાદિ અનંત છે. અને **વિભૂતિ** જે અક્ષર, પુરુષ, કાળ, માયા ઈત્યાદિક અનંત છે. અને **ઐશ્વર્ય** જે જડ-ચૈતન્ય તેના આધાર, પ્રેરક, પ્રવર્તક ઈત્યાદિક અનંત છે. અને **પ્રતાપ** જે એ ભગવાનની ઉપાસનાએ કરીને અનંતકોટી બ્રહ્માંડના બ્રહ્માદિક દેવ તથા સૂર્ય-ચંદ્રાદિક સર્વે તેજ-સામર્થ્યને પામ્યા છે.

અને ભગવાનનું કર્તાપણું તથા અકર્તાપણું તથા અન્યથા કર્તાપણું તથા મનુષ્યભાવ તથા દિવ્યભાવ તેને યથાર્થ જાણનારા એવા(૩૭),

અને તે **ભગવાનને કર્તા કેમ જાણવા ?** તો ભગવાનની દૃષ્ટિને પામીને મહાપુરુષાદિક અનંતકોટી બ્રહ્માંડને સર્જે છે, માટે ભગવાન કર્તા છે. અને **ભગવાનને અકર્તા કેમ જાણવા ?** તો ભગવાન પંડે

INDEX

કર્તા નથી, પ્રકૃતિપુરુષાદિક પાસે કરાવે છે, માટે અકર્તા છે. અને **ભગવાનને અન્યથાકર્તા કેમ જાણવા ?** તો ભગવાન જે તે અક્ષરધામ વિના પણ પોતાના સામર્થ્યે કરીને અનંતકોટી મુક્તને ધારવા સમર્થ છે. જેમ પૃથુભગવાને પૃથ્વીને કહ્યું જે, “તને મારીને પણ હું મારા સામર્થ્યે કરીને સર્વે જગતને ધારવા સમર્થ છું,” તેમ તે અન્યથાકર્તા છે.

અને **મનુષ્યભાવ** જે ભગવાન પ્રગટ થઈને પોતાનો દિવ્યભાવ છુપાવી મનુષ્ય જેવું આચરણ કરે છે. અને **દિવ્યભાવ** તે શું ? તો મનુષ્યથી ન થઈ શકે એવાં ચરિત્ર જે, સમાધિ કરાવવી ને અક્ષરધામાદિક ધામ દેખાડવાં એ આદિક અનેક પ્રકારનાં અલૌકિક ચરિત્ર મનુષ્યદેહ ધારણ કરીને દેખાડે છે તે.

અને ચાર પ્રકારના પ્રલય જે નિત્ય પ્રલય, નિમિત્ત પ્રલય, પ્રાકૃત પ્રલય ને આત્યંતિક પ્રલય, તેને જાણીને અક્ષરધામ તથા તે ધામને વિષે રહી જે મહારાજની મૂર્તિ તથા મુક્ત, તે વિના ત્યાગ કરી છે લોક-ભોગની ઈષણા તે જેમણે એવા(૩૮), ને ચાર પ્રકારની ઘાંટીઓને ઉલંઘન કરીને ભગવાનને નિરંતર ભજતા એવા(૪૦), ને તે **ઘાંટીઓનું રૂપ : એક** તો અવતારી જે પુરુષોત્તમ સહજાનંદસ્વામી અને રામકૃષ્ણાદિક અવતાર તથા નારદાદિક મુક્ત અવતાર એ સર્વેને એક સરખા સમજવા તે. અને **બીજું** એકાંતિક સિદ્ધ દશાવાળા સાધુઓ તથા સાધન દશાવાળા સાધુ તે બેને એક સરખા સમજવા તે. અને **ત્રીજું** દેહ ને આત્મા નોખા છતાં એક સમજાય છે તે. અને **ચોથું** સારા-નરસા વિષય સમ છે છતાં સારામાં રાગ છે તે.

અને સત્સમાગમ કરવો તથા ભગવાનને ભજવાને વિષે વિઘ્નને ન ગણીને ગંગાના જેવો છે વેગ તે જેમને એવા(૪૧), ને પાણીના પરપોટા જેવું જાણ્યું છે દેહનું નાશપણું તે જેમણે એવા(૪૨), ને સ્વપ્ન, માયા, મનોરથ તથા ઝાંઝવાનાં જળ જેવું મિથ્યા જાણ્યું છે જગત તે જેમણે એવા(૪૩), ને ભગવાન ભજવામાં વિઘ્ન કરનાર એવા જે સ્વભાવ, સંબંધી તથા પદાર્થ તેનો શત્રુની પેઠે કર્યો છે ત્યાગ તે જેમણે એવા(૪૪),

અને ભગવાનના ભક્તના અવગુણનો ત્યાગ કરીને સદા ગુણ ગ્રહણ કરીને માહાત્મ્ય સહિત સદા સેવા કરનારા એવા(૪૫), ને પોતાના અવગુણ ટાળવા ઉપર છે તાન તે જેમને એવા(૪૬ ને ભગવાન ને ભગવાનના ભક્ત પોતા ઉપર પ્રસન્ન થાય તેમ વર્તનારા એવા(૪૭), ને સર્વ ક્રિયામાં કર્તાપણાનો ને મમતાપણાનો તથા ફળની ઇચ્છાનો ત્યાગ કરીને ભગવાનના અનુસંધાને સહિત કરનારા એવા(૪૮), ને ક્ષમા ધારણ કરી છે પૃથ્વીની પેઠે તે જેમણે એવા(૪૯), ને ત્યાગ કર્યો છે રસાસ્વાદ શૃંગી ઋષિનું બંધન જોઈને તે જેમણે એવા(૫૦),

ને કામ જે સ્ત્રીની આસક્તિનો ત્યાગ કર્યો છે પુરંજનનું આખ્યાન સાંભળીને તે જેમણે એવા(૫૧), ને લોભ ત્યાગ કર્યો છે સહસ્રાર્જુન તથા વશિષ્ઠાદિકનું આખ્યાન સાંભળીને તે જેમણે એવા(૫૨), ને ભગવાનનો જ છે આધાર હાલર જનાવરની લાકડીના દૃષ્ટાંતે કરીને જેમને એવા(૫૩), ને સુખદુઃખનો હેતુ પોતાના મનને જાણીને ત્યાગ કર્યો છે રાગદ્વેષ તે જેમણે એવા(૫૪), ને શુકજીના જેવી દૃઢ કરી છે આત્મનિષ્ઠા તે જેમણે એવા(૫૫), ને મનનો વિશ્વાસ નથી કર્યો સૌભરી ઋષિનું આખ્યાન સાંભળીને જેમણે એવા(૫૬), ને હાંસી-મશ્કરી ત્યાગ કરી છે યાદવોનું નિકંદન સાંભળીને જેમણે એવા(૫૭),

અને અલભ્ય લાભ માન્યો છે ભગવાન તથા સંતની પ્રાપ્તિ તે જેમણે કીડી-કુંજરના દૃષ્ટાંતે[૧] કરીને એવા(૫૮), અને સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત જાણ્યો છે અહંમત્વરૂપી માયાનો ત્યાગ કરીને ભગવાનને વિષે પ્રીતિ કરવી તે જેમણે એવા(૫૯), ને કેવળ આત્મારૂપે વર્તવું તે કરતાં ભગવાન ને ભગવાનના ભક્તના સમાગમમાં રહીને કથા-વાર્તા, કીર્તનાદિક ભક્તિ કરવી તે જ અધિક છે, એમ માન્યું છે તે જેમણે એવા(૬૦), ને મરણ માન્યું છે ભગવાનના એકાંતિક ભક્તનો દ્રોહ કરવો તે જેમણે એવા(૬૧), ને ત્રિલોકીના રાજ્યને અર્થે પણ નથી ચલાયમાન થયું ભગવાનનાં ચરણારવિંદ થકી મન તે જેમનું એવા(૬૨),

૧. જેમ કીડીને હાથીની સાથે રહેવું-જમવું વગેરે સહવાસ અશક્ય છે, તેમ જ પુરુષોત્તમ શ્રીહરિ અને તેમના મુક્ત-સંતોનો મેળાપ અશક્ય છે. જે તેમની કૃપાથી આપણને મળી ગયો છે.

त्रिभुवनविभवहेतवेऽप्यकुण्ठ-
स्मृतिरजितात्मसुरादिभिर्विमृग्यात् ।
न चलति भगवत्पदारविंदाल्
लवनिमिषार्द्धमपि स वैष्णवाग्र्यः ॥[1] ॥૬૦૪॥

૬૦૫. મુમુક્ષુને અનેક ચોટદાર ઉપમા આપી લખેલ ઉપદેશપત્ર

સ્વસ્તિ શ્રીઅનાત્મપુર[2]નિવાસી પુરંજનીપતિ[3] મોહરથારૂઢ[4] ને શશશૃંગધનુષધારી[5] ને મરિચીકા[6] જળ પ્રત્યે દોડ્યા છે રથના ઘોડા તે જેના, ને ખોવાઈ ગયો છે સદ્વિવેક જેનો, ને ચોરે લૂંટી લીધાં છે ઈજ્જત ને લજ્જા તે જેનાં, ને ડુંગર ઉપર હાંક્યો છે રથ જેણે, ને ક્યારેક તો પર્વતની ગુફામાં ઊંધો પડ્યો છે રથ જેનો, ને ક્યારેક તો પંચાળ દેશ પ્રત્યે દોડતો ને રાત્રીમાં થાપાલા થોરના ગાદલામાં સર્પનું ઓશીકું કરીને વીંછીનાં ગાલમશુરિયાં મેલીને પોઢતો, ને ક્યારેક તો વાઘ, સિંહ, હરણાં, પાડા ને હાથી તેણે ભયને પમાડ્યો, ક્યારેક તો નાર ને શિયાળ ભેળો સંગાથ કરીને ફરતો, ને ક્યારેક તો હંસના ટોળાને દેખતો, ને ક્યારેક તો ટાઢ-નિવારણ સારુ ધાબળી જાણીને રીંછને ઝાલતો ત્યારે તેણે જ કરડી ખાધો ને ક્યારેક તો બેભાન થયો તે પહેરવાનાં વસ્ત્ર કાઢીને માથે ધજા કરી છે જેણે, ને બીજાએ ના પાડી ત્યારે તે સાથે દ્વેષને કરતો, ને કૂચના[7] કાતરાની[8] કલંગી ખોસી છે જેણે, ને તેના જ તોરા ગુચ્છ ને હાર એ આદિક આભૂષણ ધાર્યાં છે જેણે, ને ઝાંઝવાના જળ પીવા સારુ દોડ્યો જાતો, ને બીજાએ સાચું તળાવ બતાવ્યું ને સમઝાવ્યો તોપણ ન માનીને ચાલ્યો જાતો, ને સ્વાદ કરીને આકાશને વારંવાર ચાટતો, ને શબને નાના પ્રકારનાં વસ્ત્ર-આભૂષણ

૧.પોતાના મનને નહિ જીતી શકનારા એવા દેવો અને ઈશ્વરો પણ જેને પકડી શકતા નથી એવા ભગવાનનાં ચરણારવિંદમાંથી ત્રિલોકીના ઐશ્વર્યની પ્રાપ્તિ માટે પણ જેને એક સેકન્ડેય સ્મૃતિ તૂટતી નથી તે સહુથી શ્રેષ્ઠ ભક્તરાજ છે.(ભાગ.૧૧/૨/૫૪) ૨.દેહ ૩.જીવ. ૪.મોહરૂપી રથમાં બેઠેલો ૫.સસલાના શિંગડાનું ધનુષ ધારણ કરીને ૬. ઝાંઝવાના ૭.કૂચ નામના ઝાડના ૮.જેના ઉપર બારીક રૂંવાટી હોય છે, એવા કાતરાની

પહેરાવીને શોભાયમાન કરતો, ને જળને વલોવતો ને કોયલાને[૧] દૂધે કરીને ધોતો, ને કૂતરાના પૂંછને પાધરું[૨] કરતો, ને અંધને દર્પણમાં મુખ દેખાડતો, ને બહેરાને કાનમાં છાની વાતો કરતો, ને શબને તેલમર્દન કરીને નવરાવતો, ને દળેલાને દળતો, ને સોમલખાર નાખેલ લાડુનું બાંધ્યું છે ભાતું જેણે, ને ઊંધું છે કમળ જેનું, ને અસાધ્ય છે રોગ જેને, ને માથાફરેલ ને માર્ગ મૂકીને ઊભાગડ ચાલ્યો જાતો, ને ભૂલ્યું છે કર્તવ્યાનુસંધાન જેણે, ને આખી રાત દળીને ઢાંકણીમાં ઉઘરાવ્યું છે જેણે, ને કુચ્છિત પુરંજનીને[૩] આધીન થયો ને દિગ્ભ્રમ થયો છે જેને, ને અવળઠાઠે[૪] ચડી ગયું છે ચિત્ત જેનું, ને રેતને ઘાણીમાં ઘાલીને તેલ સારુ પીલતો, ને મુશકની પેઠે સર્પના કંડિયાને કાપતો, ને અર્ક ફળને આમ્રફળ માનીને તેને ખાવા મંડ્યો, ને ભારેભારે દાગીના ને ભારેભારે રત્ન, હીરા-માણેક, મોતી-મણિ ને ખજાનાને ખોઈને અવળું મેલ્યું છે મોળિયું તે જેણે, ને દુઃખના ઉપાયને કરતો, ને સ્વપ્ન અવ-સ્થા થઈ ગઈ છે મુખ્યપણે જેને, ને ચાપુ[૫] પણ નથી રહ્યા મગ[૬] જેને, ને વિપરીતને સવળું માનતો, ને ગાંધર્વપુરને સત્ય માનીને તેને વિષે સુખને માનતો, ને ચોરને માર્ગે ચાલીને ક્ષેમને ઈચ્છતો, ને કોયલાને ચાવીને તાંબુલની પેઠે રાતા હોઠ ઈચ્છતો, ને વાઘની બોડમાં પથારી કરીને જીવવું ઈચ્છતો, ને અસિધારા ઉપર રહ્યું જે મધનું ટીપું તેને જીભે કરીને ચાટતો, ને સોમલને સાકર જાણીને ખાતો, ને અજ્ઞાનનો ડચૂરો ભરાણો છે તેણે કરીને પોતાને કૃતાર્થ ને જ્ઞાની માનતો, ને પૂર્વાપર નથી વિચાર્યો ભગવાનની પ્રાપ્તિનો ને સંતનો માર્ગ તે જેણે એવો, ને નથી આવડતો સુખનો ઉપાય જેને, ને પાતાળ સુધી ફાટેલ પૃથ્વીને ઉપરથી પાણીએ કરીને ભરતો, ને મદોન્મત ને દારૂ પાયેલ એવા પાંચ પાડાને ખાટલાને પાયે બાંધીને તે ખાટલામાં સૂતો, ને લાય બળવા લાગી તેને દારૂ તથા રાળ[૭] તથા લાકડાં તથા બોયાના[૮] ભારા

૧.કોલસાને ૨.સીધું ૩.વાસનાવાળી ખરાબ બુદ્ધિને ૪.ઊંધા રવાડે ૫.સહેજ; લેશ ૬.માર્ગ; ઉપાય ૭.તત્કાળ સળગી જાય એવો એક પદાર્થ ૮.જલદી સળગી જાય એવા કાષ્ઠના

તથા તેલ-ઘીનાં ભરેલ કુંડલાં લઈને ઓલવવા દોડ્યો, એ આદિક અનેક ઉપમા વિરાજમાન ભગવદ્‌ભક્ત મુમુક્ષુ એવા હરિજન પ્રત્યે અત્ર શ્રીભગવદ્‌મંદિરમાં શ્રીસહજાનંદસ્વામીનાં ચરણકમળ સમીપથી લખાવંત સર્વે અવતારના અવતારી પુરુષોત્તમ પરબ્રહ્મનો દાસ તેના પ્રીતિપૂર્વક જયશ્રીસ્વામિનારાયણ વાંચવા.

અત્રે શ્રીજીમહારાજના પ્રતાપથી સુખે પરમેશ્વર ભજાય છે. વિશેષ લખવા કારણ એ છે જે, **હેતની વાત દુઃખ લગાડીને પણ કહે તે હિતેચ્છુ જાણવો.** ને કોઈક કૂવે પડવા જાતો હોય તથા ઝેર પીવા તૈયાર થયો, તેના વાલેશરી વઢી, સમજાવી કે બાંધીને પણ તેની રક્ષા કરે છે. જેમ બાળક હોય તે તલવારને તથા વીંછીને તથા અગ્નિને ઝાલવા જાય પણ એનાં સગાંસંબંધી મા-બાપ તેની રક્ષા કરે છે. ને તે રૂએ તોપણ તેને ઝાલવા દેતા નથી ને વાલેસરી થઈને તેને ન વારે ને રક્ષા ન કરે તો તે વાલેશરી ન કહેવાય. માટે ભગવાનના ભક્ત તો દીર્ઘદર્શી છે. તે આદિ-અંત સર્વ વાત વિચારીને જેમ તે આગલ્યાનું હિત થાય તેમ જ કહે છે. તે પુરુષને પણ પોતાનું હિત જાણીને સવળું માનવું, પણ એમાં કાંઈ અવળું સમજીને દુઃખ ન લગાડવું, ને હિત જ માનવું.

ને અમે તો નીતિમાં ને વ્યવહારમાર્ગમાં કાંઈ પણ સમજતા નથી, ને પશુની પેઠે તથા ધમલા કમલાની પેઠે વ્યવહાર માર્ગમાં તો મૂર્ખ છીએ. માટે કાંઈ સમજ્યા વિના અવળું-સવળું લખાણું હોય તે સહન કરવું. કેમ જે, જે માર્ગ જેણે દીઠો ન હોય તેને તે વાતની ગમ ન હોય, એમ જાણીને ધોખો કરવો નહીં. ॥૬૦૫॥

૬૦૬. બરાઈના હરિભક્તના છોકરાની રક્ષા કરી.

કોઈક સમયમાં દેશ હિંદુસ્થાનને વિષે ગામ **બરાઈ**ના કોઈક ધનાઢ્ય હરિભક્ત હતા. તે કોઈક દિવસે તેના ચાકરનું મન બગડ્યું, એટલે તે હરિભક્તના છોકરાને ગામના સીમાડે એકાંતમાં લઈ ગયો. તેનાં ઘરેણાં લેવા સારુ તેનું ગળું કાપવા મંડ્યો. તે સમયમાં મહારાજ

બે સ્વરૂપે તેને દેખાણા. તે જોઈને તે ચોર છોકરાને મેલીને નાઠો. એટલે મહારાજ ઘોડે બેઠા છે ને હાથમાં ભાલો લીધો છે, એવા થકા એ ચોરને કેડે કડે દોડ્યા, તે તેને ઘેર લઈ ગયા.

બીજે સ્વરૂપે શ્વેત હસ્તિ ઉપર બેઠા છે, ને તે છોકરાને હાથીની સૂંઢમાં બેસારીને ઘેર લાવીને મેલ્યો. તે જોઈને સર્વ જન આશ્ચર્ય પામ્યા. પછી મહારાજ અદૃશ્ય થઈ ગયા. પછી તે છોકરાને સર્વે લોકોએ પૂછ્યું એટલે તેણે આ વાર્તા કહી. પછી જ્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજ દેશમાં પધાર્યા ત્યારે તેણે આ વાર્તા મહારાજ આગળ કહી. તે સમયમાં સાંભળીને લખી છે. ॥૬૦૬॥

૬૦૭. બ્રહ્મમુનિ અને વડતાલ-મંદિર

અને મહારાજ પોતે અક્ષરાતીત પુરુષોત્તમનારાયણ પોતાના અક્ષરમુક્તે સહિત પૃથ્વી ઉપર પધાર્યા. તે તેમનું સામર્થ્ય પોતે રોકી રાખ્યું હતું, નહિ તો પોતે એકલા સ્વતંત્રપણે આવ્યા હોય તો એક એક ભગવાન કહેવાય એવા મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી સમર્થ હતા. તે નિત્યાનંદસ્વામી પોતાના બંગલામાં સૂતાં સૂતાં એમ બોલ્યા જે, “બ્રહ્માનંદસ્વામી જેવા કોઈ આજ બ્રહ્માની સૃષ્ટિમાં નથી.” એવા ભારે ઉગ્ર બુદ્ધિવાળા હતા.

તે જ્યારે મહારાજે ન્યાય ભણવાનું કહ્યું, તે બે પાનાં પાઠ લે ને એક વાર વિચારે એટલે મુખપાઠે બોલે. ને કીર્તન કરે તે વિચારવું ન પડે, શોધવું ન પડે. મનુષ્યની વચ્ચે બેઠા હોય ને વાતું કરતા જાય ને લખે, તેમાં આડું-અવળું ન થાય. ને દૃષ્ટિ પણ બહુ જ પહોંચે. મહારાજે વડતાલે મંદિર કરવા મોકલ્યા તે એમનાથી જ મંદિર થાય, બીજાની તો દૃષ્ટિ પણ પૂગે નહિ.

વડતાલે આવીને ત્યાંના હરિજન પાસેથી જગાનો લેખ કરાવીને ત્રણ શિખરનો પાયો નાખ્યો. તે જોઈને લોકો આશ્ચર્ય પામ્યા. તેના સમાચાર મહારાજ પાસે આવ્યા એટલે મહારાજે આનંદસ્વામીને મંદિર

જોવા મોકલ્યા ને એમ કહ્યું જે, "એક મંદિર કરવું, એમ કે'જો." પછી આનંદાનંદસ્વામી વડતાલે આવીને મહારાજે કહ્યું હતું તે પ્રમાણે કહ્યું. ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, "તમારી આમાં નજર ન પૂગે ને હું તમારું નહિ માનું." પછી ત્યાંથી ગઢડે આવીને મહારાજને તે સમાચાર કહ્યા, ને એમ કહ્યું જે, "એ તો માનતા નથી."

પછી મહારાજે મને મોકલ્યો ને એમ કહ્યું જે, "બ્રહ્માનંદસ્વામીને કે'જો જે, આપણી પહોંચ હોય તેટલા કામનો આદર કરવો. માટે એક મંદિર કરજો." એમ કહીને સાખી લખી આપી જે,

આપકી પહોંચ વિચારકે, કરીએ તેતી દોડ;
તેતા પાવ પસારિયે, જેતી લંબી સોડ.

પછી મેં વડતાલ આવીને બ્રહ્માનંદસ્વામીને કહ્યું ને સાખી આપી. પછી બ્રહ્માનંદસ્વામી કહે, "મહારાજ તો કહે, પણ આગળ જાતાં સત્સંગ બહુ થાશે. ને વારવારે કાંઈ મંદિર થાય છે ? માટે ભગવાનનું કામ ભગવાન પૂરું કરશે." એમ કહીને પોતે સાખી લખી આપી જે,

સાહેબ સરિખા શેઠિયા, વસે નગરકે માંહિ;
તાહાકે ધનકી કાહા કમી, જાકી હૂંડી ચલે નવખંડ માંહિ.

પછે હું ગઢડે આવ્યો ને મહારાજને કહ્યું જે, "મહારાજ, બ્રહ્માનંદસ્વામી કરે છે, તે સમજીને કરે છે ને ઠીક કરે છે." પછી સાખી વંચાવી એટલે મહારાજ રાજી થયા. પછી જીવુબા બોલ્યા જે, "મહારાજ, બ્રહ્માનંદસ્વામીનો સંકલ્પ સત્ય થાવા દ્યો." પછી મહારાજ બોલ્યા જે, "આ લક્ષ્મીજી બોલ્યાં તે હવે બ્રહ્માનંદસ્વામીનો સંકલ્પ સત્ય થાશે."

પછી મંદિર ત્રણ તૈયાર થયાં ને મહારાજ મૂર્તિઓ પધરાવવા વડતાલે પધાર્યા ને મૂર્તિઓ પધરાવી. પછી મહારાજને બ્રહ્માનંદસ્વામી કહે, "મહારાજ, આ મંદિરનું ખર્ચ ઘણું થયું છે, માટે એક દિવસ તમારી પૂજાનો આપો." પછી એક દિવસ આપ્યો. પછી બ્રહ્માનંદસ્વામીએ જેરામ બ્રહ્મચારી અને નાનાભાઈને કહ્યું જે, "તમે સંઘમાં સંભળાવજો."

પછી તેમણે સંઘમાં સંભળાવ્યું જે, “જેને મહારાજની પૂજા કરવી હોય, તે આજ કરો.” પછી મહારાજ સભામાં બેઠા ને હરિજન પૂજા કરવા મંડ્યા. તે સાંજ સુધીમાં રૂપિયા પચીસ હજાર થયા. પછી મહારાજ બોલ્યા જે, “આ બ્રહ્માનંદસ્વામી બહુ મોટા છે.” એમ બહુ પ્રસંશા કરી ને ચરોતર દેશમાં પણ બહુ જ વિખ્યાતિ થઈ. પછી માંહોમાંહીથી કોણેક કહ્યું જે, “આ દેશમાં સૌ એમને જ દેખે છે ને ‘બ્રહ્માનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી’ થઈ રહ્યું છે. અને તે દેહ મેલશે ત્યારે તેમના સંબંધી આ મંદિરના ધણી થાશે ને એ ત્રાગાં કરે એવા છે, માટે બ્રહ્માનંદસ્વામીને તમારા ભેળા લ્યો.”

પછી મહારાજ પણ મનુષ્યભાવને આશ્રિને બોલ્યા, “આ સાચી વાત કહે છે.” પછી મહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, “તમો આંહીં કારખાનામાં રોકાઈ રહ્યા, તે કાવ્ય બંધ થઈ ગયાં. માટે તમારે તો હવે જીવનપર્યન્ત કાવ્ય કરવાં. માટે અમારા ભેળા ચાલો.” એમ કહીને અક્ષરાનંદસ્વામીને મહંત કરીને મંદિર સોંપ્યું. તે ઉપર બ્રહ્માનંદસ્વામીએ કીર્તન કર્યું જે,

ભરી સભામાં ભૂધરજી તમે માડી થયા છો મારી રે.

દર્શનમાં અતિશય શ્રદ્ધાળુ દલાભક્ત

અને જ્યારે અમદાવાદના હરિજન મહારાજને દર્શને જતા, ત્યારે ગામ સરસપુરના દલોભક્ત પણ ભેળા જાતા. તે અમદાવાદના હરિજન તો મહારાજનાં દર્શન કરી ઉતારે આવી પરસ્પર મળીને એમ બોલે જે, “કાલ શાની રસોઈ કરશું ?” પછી દૂધપાક ઇત્યાદિક રસોઈનો ઠેરાવ કરીને અને તેનો સામાન લઈ આવવો તેનો ઠેરાવ કરે જે, ફલાણા દૂધ લાવે, એમ ઠેરાવ કરીને સૂઈ રહે. પછી સવારે ઊઠીને પોતપોતાના કામમાં મંડી પડે. પછી નાહીધોઈ પૂજા કરીને પરવારે ત્યાં તો મહારાજ સભામાં વિરાજમાન થાય. ને વાજિંત્ર વાગે. તે સાંભળીને મહારાજનાં દર્શન કરવા આવે. દર્શન કરીને સભામાં થોડી વાર બેસે.

પછી એકબીજા સામું જુએ જે, રસોઈનું મોડું થાશે. પછી ઉતારે જઈ રસોઈ સારી કરી ખાઈને સૂઈ રહે. ચાર વાગે એટલે ઊઠી નાહી-ધોઈ પછી મોડે મહારાજને દર્શને આવે. પછી આરતી થાય. પછી સભામાં વાતો થાય તે સાંભળે. પછી થોડી વાર થાય એટલે ડોલાં મારવા માંડે. પછી એક એક જણો ઉતારે જઈને સૂઈ રહે ને બીજે દિવસે પણ તેવી જ રીતે કરે.

ને દલોભક્ત તો વહેલા સવારમાં ત્રણ વાગે ઊઠીને નાહી-ધોઈ પૂજા કરીને મહારાજ ઊઠ્યા પણ ન હોય તે સમયમાં જઈને મહારાજનાં દર્શન કરવા ખડા થાય. તે મહારાજનાં ના'તા દર્શન કરે, પૂજા કરતા તથા સભામાં તથા જમતા દર્શન કરે. પછી પોઢે તહાં દર્શન કરે. પછી પાળા કાઢી મેલે ત્યારે ઉતારે આવીને બીજા હરિજનને તેણે આગળથી પોતાનો ડબો આપીને એમ કહી રાખેલું જે, 'આમા મારા સારું રાખજો, તે પછી હું જમીશ.' તે જ્યારે બપોરે મહારાજનાં દર્શન બંધ થાય ત્યારે જમે.

વળી નાહી-ધોઈને મહારાજ ઊઠ્યા ન હોય ત્યાં જઈને ખડા થાય. તે મહારાજ ઊઠે ત્યારે દર્શન કરે, એમ ને એમ દર્શન કરે. તે મહારાજનાં સભામાં તથા આરતી થાય ત્યારે, પછી મહારાજ પોઢવા જાય ત્યારે ત્યાં દર્શન કરે. પછી પાળા જ્યારે કાઢી મેલે ત્યારે ઉતારે આવીને સૂઈ રહે. પછી બીજે દિવસે એવી રીતે દર્શન કરે. એમ મહારાજનાં દર્શનનું સુખ લે. ને બીજા પૂર્વે કહી આવ્યા તેવી રીતે દર્શન કરે. એમ **એકાગ્રવૃત્તિએ કરીને દર્શન કરે છે તેને દર્શનાદિકનું સુખ આવે છે.** ને બીજાને તો મહારાજનાં દર્શન મહારાજે વચનામૃતમાં દૃષ્ટાંત દીધું છે જે, "ખિલકોડી બોલે તે ભેળું પૂંછડું ઊંચું કરે તેમ થાય." ॥૬૦૭॥

: અથ પ્રાર્થના :

હે સ્વામિનારાયણ, હે સહજાનંદસ્વામિન્, હે નારાયણમુને, હે હરિકૃષ્ણ, હે સ્વામિન્, હે હરે, હે શ્રીહરે, હે કૃષ્ણ, હે શ્રીકૃષ્ણ, હે પ્રભુ, હે ભગવન્, હે નારાયણ, હે વાસુદેવ, હે પુરુષોત્તમ, હે પરમાત્મન્,

હે પરબ્રહ્મન્, હે અક્ષરાધિપતે, હે ઘનશ્યામ, હે નીલકંઠ, હે ધર્માત્મજ, હે ભક્તિસૂનો, હે ભક્તપતે, હે ભક્તવત્સલ, હે શરણાગતપ્રતિપાલક, હે સર્વાંતર્યામિન્, હે સર્વાધાર, હે આનંદઘનમૂર્તે, હે સર્વકારણકારણ, હે દિવ્યમૂર્તે, હે સચ્ચિદાનંદમૂર્તે, હે નરનારાયણ, હે વિષ્ણો, હે અધમોદ્ધારણ, હે પતિતપાવન, હે અશરણશરણ, હે દીનબંધો, હે દયાસિંધો, હે કૃપાસાગર, હે પરમપુરુષ, હે ધર્મધુરંધર, હે નૈષ્ઠિકેન્દ્ર, હે શ્રીજીમહારાજ !

તમારા સ્વરૂપનું માહાત્મ્યજ્ઞાનહીન, ને તમારી પ્રસન્નતાના ગુણરહિત, ને અનેક અવગુણોનાં ધામ, ને તમારી મરજીથી પ્રતિકૂળ છે સ્વભાવ જેનો, ને તમારા દાસનો દાસ, ને તમારા ચરણરજઅભિલાષી એવો જે હું, તે મને તમે પોતાના બિરુદ સામું જોઈને ને પોતાની મોટપ સામું જોઈને કેવળ કૃપાએ કરીને 'અમારો છે' એમ પોતાનો જાણીને ને માયા ને માયાના ત્રણ ગુણ, ને તે ત્રણ ગુણનાં કાર્ય તે થકી રહિત ને શુદ્ધ બ્રહ્મરૂપ મને કરીને તમારાં ચરણકમળને વિષે અતિશે પ્રીતિ આપો. તમારા એકાંતિક સાધુને વિષે અતિશે પ્રીતિ આપો. તે વિના બીજે ક્યાંય પ્રીતિ ન રહે, એ મને આપો.

અને મારી અંતઃશત્રુ થકી ને માયિક વાસના થકી સદા રક્ષા કરો. જેમ પ્રહ્લાદજીની હિરણ્યકશિપુ થકી રક્ષા કરી, અને જેમ ધ્રુવજીની યક્ષ થકી રક્ષા કરી, અને જેમ બલિરાજાની રાવણ થકી રક્ષા કરી, અને જેમ સીતાજીની રાવણ થકી રક્ષા કરી, અને જેમ દેવેન્દ્રની વૃત્રાસુર થકી રક્ષા કરી, અને જેમ લાખાગૃહમાં પાંડવની રક્ષા કરી, અને જેમ દ્યુતસભામાં દ્રૌપદીની રક્ષા કરી, અને જેમ ભારત-યુદ્ધમાં અર્જુનની અનેકવિધ કષ્ટ થકી રક્ષા કરી, અને જેમ પરીક્ષિત રાજાની બ્રહ્માસ્ત્ર થકી રક્ષા કરી, અને જેમ અઘાસુર થકી ગોપની રક્ષા કરી, અને જેમ દાવાનળ થકી વ્રજવાસીની રક્ષા કરી, અને જેમ અરિષ્ટાસુર થકી વ્રજવાસીની રક્ષા કરી, અને જેમ શંખચૂડ થકી ગોપીઓની રક્ષા કરી, અને જેમ મુક્તાનંદસ્વામી તથા આત્માનંદસ્વામી આદિક સાધુની વિષ થકી રક્ષા કરી, અને જેમ કૈવલ્યાનંદસ્વામી તથા અનંતાનંદસ્વામી તથા

દયાનંદસ્વામીની જળમાં રક્ષા કરી, અને જેમ અખંડાનંદસ્વામીની સિંહ થકી રક્ષા કરી, અને જેમ નિર્સ્વાદાનંદસ્વામીની કોટેશ્વરના મંદિર થકી અધઃપાતમાં રક્ષા કરી, અને જેમ કંસારા ગોપાળ તથા પટેલ કલા તથા પટેલ ત્રિકમની અગ્નિતપ્ત લોહગોળા થકી રક્ષા કરી, અને જેમ વિપ્ર જીવરામની સમુદ્રમાં રક્ષા કરી ઇત્યાદિક અનેક ભક્તની આપદ થકી જેમ રક્ષા કરી છે, તેમ મારી તમે રક્ષા કરો.

અને તમારી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય એ ત્રણ અંગ સહિત ભક્તિ કરવાને વિષે વિઘ્ન કરનારા જે દોષ, તેનો નાશ કરીને એકાંતિક ધર્મને વિષે મને દૃઢ સ્થિતિ આપો. તે જેમ અતિ કૃપા કરીને મોક્ષરૂપ આ સત્સંગ મને તમે દીધો છે, તેમ મારે વિષે અતિશે કૃપાદૃષ્ટિ કરીને એકાંતિક ધર્મ મને આપો. ને તમ વિના કોઈ મારે આધાર નથી, ને તમે ને તમારા સાધુ વિના બીજો કોઈ હિતકારી નથી.

ઇતિ પ્રાર્થના સંપૂર્ણા.

આ જે વાર્તાઓ તે ગોપાળાનંદસ્વામી આદિક મોટા મોટા સદ્ગુરુ થકી મેં સાંભળી હતી. પછી અવસ્થાને યોગે કરી વિસ્મૃતિ થાવા માંડી. તેની નિત્ય સ્મૃતિ થાય ને તેણે કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભગવાનના માહાત્મ્યજ્ઞાનપૂર્વક નિષ્કામ પ્રેમલક્ષણા ભક્તિ ભગવાનને વિષે થાય તથા ભગવાનના ભક્તનું માહાત્મ્ય સમજાય ને ભગવાનના ભક્તને વિષે પ્રીતિ થાય, તેને અર્થે મેં લખી છે; પણ કાંઈ લોકમાં કીર્તિ થાય ને માનમોટપ વધે તેને અર્થે નથી લખી.

ઇતિ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય નિર્ગુણદાસજી કૃત ભગવદ્વાર્તા સંપૂર્ણા.

૧. ભૂમાનંદસ્વામી તથા અયોધ્યાપ્રસાદજીને ધામમાં તેડી ગયા.

કોઈ સમે સદ્‌ગુરુ મોટા ભૂમાનંદસ્વામી આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજનાં દર્શન કરવા સારુ ગયા. અયોધ્યાપ્રસાદજી મહારાજને કહ્યું જે, "હવે તો શ્રીજીમહારાજ તેડી જાય તો ઘણું સારું." ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું જે, "એમ થાય ! અને જ્યારે જાઈશું, ત્યારે સંગાથે જાશું." પછી ભૂમાનંદસ્વામી ગામ માણસે ગયા ને ત્યાં શ્રીજીમહારાજે દર્શન દઈને કહ્યું જે, "આજથી ત્રીજે દિવસે તમને તેડવા આવશું." એમ કહીને શ્રીજીમહારાજ ગયા.

તે વાત સ્વામીએ પોતાના શિષ્ય સાધુ બાલકૃષ્ણદાસજીને કહી. ને જ્યારે પોતાના સાધુ જમવાનું કહે ત્યારે બોલે જે, "મને તો મહારાજ દૂધપાક-પૂરી જમાડી ગયા, તે નથી જમવું." પછી ત્રીજે દિવસે બે વાગે શ્રીજીમહારાજ મુક્તમંડળ સહિત વિમાનમાં બેસીને તેડવા પધાર્યા ને દર્શન દીધાં. ત્યારે ભૂમાનંદસ્વામી શ્રીજીમહારાજ પ્રત્યે બોલ્યા જે, "મને અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું છે જે, જાશું ત્યારે સંગાથે જાશું." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "એમને તો પંદર દિવસની વાર છે, ને તમે ચાલો, આ વિમાન લાવ્યા છીએ તેમાં બેસો." એમ કહીને તેડી ગયા. ને ગામના ઘણાક હરિજનને શ્રીજીમહારાજનાં દર્શન થયાં.

ત્યાર પછી સાત દિવસ વિત્યા કેડે શ્રીજીમહારાજે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજને દર્શન દઈને કહ્યું જે, "આજથી સાતમે દિવસે તમને તેડવા આવશું." એમ કહીને ગયા. અને જ્યારે સાતમો દિવસ થયો ત્યારે પોતાના પુત્ર શ્રીકેશવપ્રસાદજી આદિ પોતાના સંબંધીને બોલાવીને કહ્યું જે, "તમે અમારાં દર્શન કરી લો." ને ગવૈયા સાધુને કહ્યું જે, "તમો કીર્તન ગાઓ. આજ અમારે રાતના અગિયાર વાગે દેહ મેલવો છે." અને જ્યારે દશ વાગ્યા ત્યારે કહ્યું જે, "આ શ્રીજીમહારાજ અનંત મુક્ત તથા રથ તથા શ્વેત હાથી લઈને તેડવા પધાર્યા છે, તે તમે

દર્શન કરો ને ચોકો દ્યો[1]. હું મહારાજ ભેળે અક્ષરધામમાં જાઉં છું." એમ કહીને પોતે દેહ મૂકી અક્ષરધામમાં ગયા. તે વખતે સંત સહિત શ્રીજીમહારાજનાં ઘણાક સાધુને તથા હરિજનને દર્શન થયાં હતાં. ॥૧॥

૨. કપડવંજનો ભૂધર હરિકૃપાથી મહાન ભક્ત થયો.

ગામ **કપડવંજ**ના મોઢ બ્રાહ્મણી બાઈ સત્સંગી હતાં. તે પોતાના પુત્રને લઈને શ્રીજીમહારાજનાં દર્શન કરવા સારુ ગામ વડતાલ ગયાં. મહારાજનાં દર્શન કરીને પોતાના પુત્રને વર્તમાન ધરાવા સારુ શ્રીજીમહારાજને કહ્યું જે, "એ છોકરાને વર્તમાન ધરાવો." ત્યારે શ્રીજીમહારાજે તેનો હાથ ઝાલીને વર્તમાન ધરાવ્યાં. ને પોતાના બે હાથ મસ્તક ઉપર મેલ્યા ને કહ્યું જે, "આનું નામ ભૂધર પાડજો. ને આ બહુ પ્રતાપી થાશે ને સત્સંગમાં ઘણો સમાસ કરશે." એમ કહ્યું.

ત્યારે તે બાઈ બોલ્યાં જે, "મેં પણ એમ ધાર્યું હતું જે, આ છોકરાનું નામ મહારાજ પાસે પડાવવું છે, તે મારો સંકલ્પ તમે સિદ્ધ કર્યો. તમે તો ભક્તના મનોરથ પૂર્ણ કરવાને અર્થે આ પૃથ્વી ઉપર પધાર્યા છો."

પછી તે બાઈ પોતાને ગામ આવ્યાં અને ભૂધરભાઈ ભગવાનના બહુ એકાંતિક ભક્ત થયા. ને પોતાનું દેહ, ગેહ ને દ્રવ્ય તે ભગવાનને અર્થે અર્પણ કરી રાખ્યું. પછી જ્યારે પોતાના દેહનો અંત સમો આવ્યો, ત્યારે શ્રીકેશવપ્રસાદજી મહારાજને બોલાવીને પોતાનું સર્વસ્વ તેમને આપ્યું. ત્યાર પછી બીજે દિવસે તે ભૂધરભાઈને શ્રીજીમહારાજ અનંત મુક્તે સહિત શ્વેત હાથી ઉપર બેસીને તેડવા પધાર્યા ને તેમને દિવ્યરૂપે દર્શન દઈને તેમનો હાથ ઝાલીને તેમને હાથી ઉપર બેસાડીને અક્ષરધામમાં લઈ ગયા. તે સર્વે સત્સંગી તથા કુસંગીને તેમનાં દર્શન થયાં ॥૨॥

૧.નીચે બેસવાની જગ્યાને લીંપી નાખો.

૩. મંદિર કરવા જગ્યા આપનાર ડોસીને ધામમાં તેડી ગયા.

કોઈક સમયે સદ્‌ગુરુ મહાનુભાવાનંદસ્વામી ગામ **કણભે** પધાર્યા હતા. ત્યાં મંદિર કરવાનો આદર કર્યો ત્યારે પાટીદાર તુલસીભાઈનાં માતુશ્રીએ તેમના ભાગની જગ્યા હતી, તેને રોકવા માંડી. તે વાત સાંભળીને મહાનુભાવાનંદસ્વામી એમ બોલ્યા જે, “તુલસીભાઈનાં મા, તે તો મેરી પણ મા.”

પછી ડોશી તે વચન સાંભળીને પોતાને ઘેર ગયાં ને તુલસીભાઈને કહ્યું જે, “એ જગ્યા સ્વામીશ્રીને કૃષ્ણાર્પણ આપો.” તે વાત સાંભળીને સ્વામી બહુ રાજી થયા. ને તેમના દેહ મેલવાને સમયે શ્રીજીમહારાજ મહાનુભાવાનંદસ્વામી સાથે તેડવા પધાર્યા ને કહ્યું જે, “ડોશી ચાલો.” ત્યારે તેમણે પોતાના પુત્ર તુલસીભાઈને બોલાવીને કહ્યું જે, “આ સ્વામી શ્રીજીમહારાજને લઈને તેડવા આવ્યા છે, તે હું જાઉં છું.” એમ કહીને અક્ષરધામમાં ગયાં. ને ગામમાં ઘણાક હરિજનને દર્શન થયાં. ॥૩॥

૪. બાલકૃષ્ણદાસજીસ્વામીને આપેલ વર મુજબ ધામમાં તેડી ગયા.

કોઈક સમયે સદ્‌ગુરુ મોટા ભૂમાનંદસ્વામીના શિષ્ય સાધુ બાલકૃષ્ણદાસજી ગામ મોટેરામાં હતા. તેમને શ્રીજીમહારાજે આઠ દિવસ આગળથી દર્શન દઈને એમ કહ્યું જે, “તમને વૈશાખ સુદી ત્રીજને દિવસે રાત્રીના ત્રણ વાગતે અમે ધામમાં તેડી જાશું. ને અમે તો કેશવપ્રસાદજી મહારાજ કરાંચી બંદર મૂર્તિ પધરાવવા ગયા છે ત્યાં જાશું.” એમ કહીને ગયા.

પછી જ્યારે દિવસ ત્રણ બાકી રહ્યા ત્યારે સાધુ બાલકૃષ્ણદાસજી પોતે પોતાના સાધુ પાસે શીરો-પૂરી કરાવીને ખાધાં. ને પોતાના સાધુને કહ્યું જે, “તમે મને આ ટાણે ભક્તચિંતામણિની કથા સંભળાવો. મારે ત્રીજને દિવસે દેહ મેલવો છે.”

પછી તેમણે રાત્રીના ત્રણ વાગ્યા ત્યારે એમ કહ્યું જે, "મને પૂર્વે ચાર સદ્‌ગુરુઓએ રાજી થઈને વર આપ્યો છે જે, 'તમને અંતકાળે તેડવા આવશું.' તે તેમનું વચન સત્ય કરવાને અર્થે આ શ્રીજીમહારાજ તથા નિત્યાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી તથા બ્રહ્મચારી વાસુદેવાનંદસ્વામી આદિ મુક્તને લઈને આવ્યા છે. તેમનાં તમે દર્શન કરો. ને બેચર મુખીને પણ ઊઠાડો. તે પણ શ્રીજીમહારાજનાં દર્શન કરે. ને ચોકો દ્યો. ને હું મહારાજ ભેળે અક્ષરધામમાં જાઉં છું." ।।૪।।

૫. શિવજીએ સ્વભક્તને શ્રીહરિનો નિશ્ચય કરાવ્યો.

એક સમયને વિષે સમૈયા ઉપર ગામ **પ્રાંતિજ**ના હરિભક્તની પ્રાર્થના સાંભળી શ્રીવાસુદેવાનંસ્વામી પોતાના મંડળ સહિત ત્યાં પધાર્યા હતા. ઘણા દા'ડા ત્યાં હરિજનોને આનંદ પમાડતાં સતા આનંદથી રહ્યા છે. તે સમયમાં ભણેલ એક મોઢ બ્રાહ્મણ શુક્લ હરિશંકર જિજ્ઞાસુ થઈ પોતે સ્વામી આગળ આવ્યા. સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, "તમે સ્વામિનારાયણને ભગવાન કેમ કહો છો ?" ત્યારે તેમને સ્વામીએ શ્રુતિ-સ્મૃતિનાં અનંત પ્રમાણથી શ્રીજીમહારાજના સ્વરૂપના નિશ્ચયની વાર્તા કરી. ત્યારે તે બોલ્યા જે, "સુધાસિંધુમધ્યે...' ઈત્યાદિક 'શિવરહસ્ય' આદિક ગ્રંથનાં જે પ્રમાણ છે, તે થકી સુધાસિંધુના મધ્યે વિરાજતા એવા પરમ શિવને કહ્યા છે. તે કેમ સમઝવું ?"

ત્યારે સ્વામી કહે, "સુધાસિંધુ તે પુરાણને વિષે વિરજા નદીને કહે છે, તેને જ વેદને વિષે સુધાસિંધુ કહે છે. તેથી પર કનકનો બહુ વનની શોભાએ યુક્ત કિલ્લાને આકારે શતશૃંગ પર્વત છે. તેને મધ્યે ગોલોક છે, તેથી પર મહાતેજનો સમૂહ છે, તેને જ બ્રહ્મપુર કહે છે. તેને મધ્યે દિવ્ય સિંહાસન ઉપર અનંત મુક્તમંડળે સેવ્યા થકા પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીહરિ વિરાજે છે. તે જ સ્વામિનારાયણ પોતે છે. તેને જ સર્વે નામથી મહિમાથી વેદપુરાણ ગાય છે. તે કહ્યું છે જે,

"दिव्ये ब्रह्मपुरे योऽक्षरे रमते...' તથા **'वासुदेवपरा वेदा...'** ઇત્યાદિક અનંત શ્રુતિ-સ્મૃતિના પ્રમાણથી વાત કરી તોપણ તેમનો હૃદયથી સંદેહ ન ગયો. ને બોલ્યા જે, "હે સ્વામી ! તમે સત્ય કહો છો, પણ મને કાંઈક ચમત્કાર જણાય તો સત્સંગી થાઉં." ત્યારે સ્વામી હસીને બોલ્યા જે, "ચમત્કાર જણાશે."

પછી તે જ દિવસે તે હરિશંકર રાત્રે પોતાને ઘેર સૂતા હતા. તેટલામાં સાક્ષાત્ મહાદેવજી આવી તેમને જગાડી સમજાવીને કહ્યું જે, "સ્વામિનારાયણ સાક્ષાત્ પુરુષોત્તમ ભગવાન છે. ને તેમના બ્રહ્મચારી વાસુદેવાનંદસ્વામી પરમ નૈષ્ઠિક ને મહાસમર્થ છે. તેનું તું કેમ માનતો નથી ? માટે તે કહે તેમ કરજે, તેથી તારું સર્વથા શ્રેય થશે." એમ આશીર્વાદપૂર્વક શિક્ષાવચન કહીને પોતે અંતર્ધાન થયા.

પછી તે હરિશંકર સવારમાં વહેલા ઊઠી સ્નાનાદિક નિત્યવિધિ તત્કાળ કરીને પછી શ્રીવાસુદેવાનંદસ્વામીને સમીપે આવી સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરી ગદ્ગદ કંઠે થઈને સ્તુતિપૂર્વક બોલ્યા જે, "હે સ્વામી ! તમે તો સાક્ષાત્ ઈશ્વરમૂર્તિ છો. મારાં મોટાં ભાગ્ય જે તમે મને મળ્યા." એમ કહીને સ્વામી આગળ વર્તમાન ધારી મહા ભાગવત ભક્ત થયા. ।।૫।।

૬. કપડવંજના માધવલાલ વાસુદેવાનંદસ્વામીની કૃપાથી શ્રેષ્ઠ ભક્ત થયા.

એક સમયને વિષે શ્રીવાસુદેવાનંદસ્વામી પોતાના મંડળે સહિત કપડવંજ પધાર્યા હતા. ત્યાં હરિજનના હેતથી રહ્યા'તા. એટલામાં ઠાસરાના માધવલાલભાઈ તેમની પવિત્ર જનનીના ઉપદેશથી સ્વામીના સમીપે આવ્યા. તેમને મુમુક્ષુ જાણીને સ્વામીએ મહારાજના સ્વરૂપના નિશ્ચયની બહુ વાર્તા કરી. ત્યારે તે વાત સાંભળીને વર્તમાન ધારી સારા સત્સંગી થયા. તે પછી ઘણી સેવાથી સ્વામીને પ્રસન્ન કરીને એક દિવસ વાસુદેવાનંદસ્વામી પ્રત્યે બોલ્યા જે, "હે સ્વામી ! મારા ઉપર

એવી કૃપા કરો જે, મને સાક્ષાત્ શ્રીજીમહારાજનું દર્શન થાય." ત્યારે સ્વામી પ્રસન્ન થઈને બોલ્યા જે, "તમને મહારાજ દર્શન દેશે." એવો ઉત્તમ વર આપ્યો.

પછી કેટલાક દિવસ કેડે તે માધવલાલભાઈ જેતલપુર શ્રીબળદેવજીનાં દર્શન કરવા ગયા. ત્યાં ઠાકોરજીને તથા ગંગામા તથા આનંદસ્વામી તેમને સેવાએ કરીને પ્રસન્ન કર્યા. પછી તે જેતલપુરમાં ગંગામાને ઘેર પ્રસાદીના ઠાકોરજીનાં દર્શન કરી, તે દિવસે તે તીર્થમાં નિવાસ કરીને રહ્યા. ને મંદિરમાં રાત્રે સૂતા હતા. એવામાં તેજનો સમૂહ દેખાણો. તે મધ્યે મહાતેજોમય પરમાનંદમય મૂર્તિ શ્રીહરિનાં વાસુદેવાનંદસ્વામી સહિત દર્શન થયાં. પછી મહારાજે પોતાની છડીના સ્પર્શથી તેમને જગાડી તેવા ને તેવા પ્રત્યક્ષ તેજોમય જાગ્રતમાંય પણ દર્શન આપ્યાં.

પછી વાસુદેવાનંદસ્વામીએ કહ્યું કે, "માધવલાલ, મહારાજનાં દર્શન થયાં ?" પછી તે મહારાજનાં દર્શને કરીને ઘણી વાર મહાસુખ પામ્યા. પછી શ્રીજીમહારાજ વાસુદેવાનંદસ્વામી સહિત અંતર્ધાન થઈ ગયા. એવી રીતે શ્રીવાસુદેવાનંદસ્વામીના અનુગ્રહપૂર્વક વરદાનથી માધવલાલભાઈ પરિવારે સહિત મહાભાગવદ્ભક્ત થયા ને મહારાજનાં સાક્ષાત્ દર્શન પામ્યા. તે કહ્યું છે જે - '**महत्सेवां द्वारमाहुर्विमुक्तये:...**'[૧] ઇતિ ॥૬॥

૭. ઘનશ્યામ મહારાજે ભાભીને ઘરેણાં આપ્યાં.

એક સમયે છપૈયામાં સુવાસનીબાઈ મનમાં એવો ઘાટ કરતાં હતાં જે, 'મારે ભગવાન જેવા નાનકડા દિયર છે ને કાંઈ મારે સારાં સારાં ઘરાણાં વસ્ત્રો પહેરવા ન મળે !' એમ કહીને પોતે દિલગીર થઈ ગયાં ને બે નેત્રમાં નીર ભરાઈ આવ્યું.

પછી ઘનશ્યામ મહારાજ તેમનો નિર્માની પ્રેમ જાણીને બોલ્યા જે, "આ ડબ્બામાં ઘરાણાં ભર્યાં છે, તે કેમ પે'રતા નથી ?" પછી તે પોતાની ભાભીએ ડબ્બો ઉઘાડીને જોયો. તેમાં ઘનશ્યામની ઇચ્છાથી

૧.મોટા પુરુષની સેવાને સત્પુરુષો મોક્ષનો દરવાજો કહે છે.(ભાગ.૫/૫/૨)

કનકનાં ઘરાણાં સર્વ ભર્યાં હતાં. તે કડાં, સાંકળાં, કંઠી, વાંસળી, નાકની વાળી, ઝૂમણું, કાંબિયું, અંગૂઠી એ આદિ સર્વે હતાં. તે પે'રીને પછી પોતાનું પિયેર જે તરગામ ત્યાં મદગોર્યો ઉપર રાજી થકાં ગયાં. તે ચરિત્ર ઘનશ્યામ મહારાજ વિના બીજું કોઈ જાણતું ન હતું. ॥૭॥

૮. ઘનશ્યામ મહારાજે અંગૂઠી ચોરીને મીઠાઈ ખાધી.

એક સમે અયોધ્યામાં ઘનશ્યામની ભાભી સુવાસનીબાઈ પોતાની આંગળીએથી અંગૂઠી કાઢી મૂકીને રસોઈ કરતાં હતાં. તે અંગૂઠી ઘનશ્યામે ચોરીને હલવાઈ ઉમરાવની દુકાને આપી. ત્યારે તે હલવાઈએ કહ્યું જે, “તમારે શું જોઈએ છે ?” ત્યારે ઘનશ્યામ કહે, “મારે મીઠાઈ જોઈએ.” ત્યારે હલવાઈએ શેર મીઠાઈ આપી. ત્યારે પોતે એમ જાણ્યું જે, ‘આ તો છેતરપિંડી કરી.’ પછી ઘનશ્યામે કહ્યું જે, “અમો જમીએ તેટલી જમાડો.” ત્યારે તેણે જમવા બેસાડ્યા. તે સમયે ઘનશ્યામે બે સિપાઈને સાક્ષી રાખ્યા. પછી તે હલવાઈ મીઠાઈ ઘનશ્યામને લાવી લાવીને આપે તે તરત જમી જાય. ત્યારે તે કંદોઈની દુકાનમાં મીઠાઈ થઈ રહી. ત્યારે ઘનશ્યામ કહે, “લાવો.” ત્યારે તે કહે, “નથી.” ત્યારે સિપાઈ તે હલવાઈને મારવા માંડ્યો જે, “એ લડકા જ્યાં સુધી ધરાય ત્યાં સુધી ખવરાવવાની તેં પ્રતિજ્ઞા કરી છે, માટે આપ.”

ત્યારે તે હલવાઈ બીજા કંદોઈની દુકાનમાંથી લાવીને આપવા માંડી, તે સર્વે જમી ગયા. ત્યારે વળી ઘનશ્યામ મહારાજ કહે, “હજુ લાવો.” ત્યારે તેનાં સગાંસંબંધી સર્વે કે'વા લાગ્યાં જે, “એવી શી ચીજ તમે લીધી છે, તે સર્વે મીઠાઈ ખવરાવી દીધી ?” ત્યારે તે કહે, “જણશ તો ભારે મૂલવાળી છે.” “ત્યારે તેને ખવરાવો.” પછી નવી મીઠાઈ કરી કરીને આપવા માંડી, તે જેટલી આપે તેટલી તરત જમી જાય. પછી તે સર્વેનાં મનમાં એમ થયું જે, “આવું કૌતુક તો ક્યારેય દેખ્યું નથી.”

પછી તે હલવાઈને રીસ ચડી, તે એક પાંચ મણ ઘીનું કુડલું ભર્યું હતું, તે લાવીને આગળ મૂક્યું. તેને ઘનશ્યામે એક એક લુંદો

સર્વે મુક્તને જમાડી દીધું. તે જોઈને સર્વે વિસ્મય પામી ગયા. ત્યાર પછી તે કંદોઈએ હાથ જોડીને કહ્યું જે, "હું હાર્યો ને તમે જીત્યા." પછી ઘનશ્યામ મહારાજ હસતાં હસતાં ઘેર આવ્યા.

તે પછી ઘનશ્યામની ભાભીએ તે અંગૂઠી જોઈ, પણ તે ઠેકાણે ન મળે. પછી પોતાને ફાળ પડી ને પોતાની સાસુને કહ્યું જે, "મારી અંગૂઠી નથી." ત્યારે ભક્તિમાતાએ સર્વેને પૂછ્યું જે, "આમની અંગૂઠી કોણે લીધી છે ?" ત્યારે રામપ્રતાપભાઈ કહે, "મેં તો નથી લીધી." ત્યારે ઘનશ્યામ મહારાજ કહે, "અમે જો અંગૂઠી લીધી હોય તો સમ ખાઈએ." ત્યારે ઇચ્છારામભાઈ કહે, "મેં નથી લીધી." ત્યારે ભક્તિમાતા કહે, "કોઈ માનતું નથી, ત્યારે કોણે લીધી ?" પછી ઇચ્છારામભાઈએ પોતાના પિતાના કાનમાં જઈને કહ્યું જે, "ઘનશ્યામને મેં અંગૂઠી લેતાં દેખ્યા છે."

પછી ધર્મદેવ ઘનશ્યામ ઉપર ખીજ્યા જે, "અંગૂઠી તમે લીધી છે, તે લાવો." ત્યાર પછી ઘનશ્યામે તે હલવાઈને ઘેર જઈને કહ્યું જે, "અમારા માતાપિતા મને ખીજે છે, તે અંગૂઠી લાવો." ત્યારે તે હલવાઈ કહે, "મારી પચાસ મણ મીઠાઈ ને પાંચ મણ ઘી, એટલું નુકશાન મારું થયું છે, તે લાવો ને તમારી અંગૂઠી લ્યો." પછી ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, "તારા કુડલામાં જો." પછી કુડલું જોયું ત્યારે તો ભર્યું હતું તેમ ને તેમ હલવાઈએ દેખ્યું. ને મીઠાઈ પણ જેટલી જમી ગયા હતા, તેટલી ને તેટલી દેખી.

પછી તે સર્વે હલવાઈએ મહા અદ્‌ભુત ચરિત્ર જોઈને તે અંગૂઠી ઘનશ્યામને આપી. પછી ઘનશ્યામ મહારાજે પોતાની ભાભીને તે અંગૂઠી આપીને સર્વેને કહ્યું જે, "મારી ભાભી પાસે અંગૂઠી છે, ને મારી ઉપર જૂઠી તોબત્ય[૧] નાંખી." તે આવાં ઘનશ્યામ મહારાજનાં ચરિત્ર જોઈને સર્વે આનંદ પામ્યા. ॥૮॥

૧.આળ; તહોમત; આક્ષેપ.

૯. અનંત દેવોએ ઘનશ્યામ મહારાજને રાખડીઓ બાંધી.

એકવાર છપૈયામાં ઘનશ્યામ મહારાજ પોતાના આંગણે આંબલી તળે ચોતરા ઉપર શ્રાવણ માસની પૂનમ જે બળેવ તે દિવસે વિરાજમાન હતા. તે સમયે અનંત દેવ વિમાનમાં બેસી બેસીને રાખડીઓ અને કંકુ લઈને આવ્યા. તે ઘનશ્યામ મહારાજના ભાલમાં ચાંદલો કરીને બે હાથે રાખડીઓ બાંધી. તે બે હાથ તો ભરાઈ ગયા ને ઘણાક દેવ પણ રહી ગયા. તેમના લાભને સારુ ઘનશ્યામ મહારાજ હજાર હાથ, હજાર મસ્તક ને હજાર પગ કર્યા. તે દેવ રાખડીઓ બાંધતા હતા. તે સમે પોતાની ભાભી ઘરમાંથી બહાર આવ્યાં. તે ઘનશ્યામ મહારાજનું મહા અદ્‌ભુત ચરિત્ર દેખીને પાછાં ઘરમાં જઈને પોતાની સાસુ જે ભક્તિમાતા તેમને કહ્યું જે, “હે માજી, તમે ઘનશ્યામને તો દેખો !”

ત્યારે ભક્તિમાતા તરત ઘરમાંથી બહાર આવ્યાં. તે ઘનશ્યામ મહારાજના હજાર હાથ, હજાર મસ્તક ને હજાર પગ, ને ચોકમાં અનંત વિમાન ઊભેલાં ને અનંત દેવ રાખડીઓ બાંધે, ને કોઈક ભાલમાં ચાંદલો કરતા, ને કેટલાક દેવ હાથ જોડીને ઘનશ્યામ મહારાજની સ્તુતિ કરતા. એવી લીલા જોઈને ભક્તિમાતા સ્થિર થઈ ગયાં. ત્યાર પછી કેટલાક દેવ વિમાનમાં બેસીને અંતર્ધાન થઈ ગયા. અને કેટલાક બ્રાહ્મણને વેષે થઈને અયોધ્યાને માર્ગે ચાલ્યા ગયા. એટલે ઘનશ્યામ મહારાજ પણ જેવા પ્રથમ હતા તેવા થઈ ગયા. ને કંકુ ચોતરા ઉપર ચાંદલા કરતાં ઢળેલું, તે બે મણને આશરે હતું. ને રાખડીઓનો તો પાર જ નહિ, જે આટલી હતી. તેમાં કોઈક રાખડીમાં સો મોતી હતાં ને કોઈકમાં હજાર ને કોઈકમાં બે હજાર મોતી, એવી ભારે ભારે રાખડીઓ હતી.

તે સમયે ધર્મદેવ તથા રામપ્રતાપભાઈ મીનસાગરમાં ના’વા ગયા હતા. ત્યાં અયોધ્યા જાતા તે બ્રાહ્મણ ધર્મદેવને મળ્યા. ત્યારે પૂછ્યું જે, “આટલા બધા બ્રાહ્મણ ક્યાંથી આવ્યા છો ? ને ક્યાં જાઓ છો ? અને આ બધા તમે શું ખાઓ છો ?” ત્યારે તે સર્વે બોલ્યા જે, “આજ

બળેવ છે, તે અમે તમારા ઘનશ્યામને રાખડીઓ બાંધવા ગયા હતા. તે અમોને સાકર આપી છે. તે ખાતાં ખાતાં અયોધ્યા જઈએ છીએ. પછી ધર્મદેવ ને રામપ્રતાપભાઈ ઉતાળવા ઘેર આવ્યા. ત્યારે ભક્તિમાતાએ ઘનશ્યામના ચરિત્રની વાત કહી. તે સાંભળીને આનંદ પામ્યા. ॥૯॥

૧૦. ઘનશ્યામે ભૂતો દ્વારા કેરીઓ લાવી ઢગલા કર્યાં.

એકવાર છપૈયામાં ઘનશ્યામ મહારાજ અને પોતાના સખા સામસામા વાદ વધ્યા જે, વેણીરામ આદિક કહે, "અમો રાતમાં બગિયામાંથી પકનારીઓ[1] સર્વે વેણી લાવીએ." ને ઘનશ્યામ મહારાજ કહે, "તમે શું લાવતા હતા ? હું બધી પકનારીઓ વેણી લાઉં." એમ વાદ કરીને સર્વે રાતમાં સૂઈ રહ્યા. પછી ઘનશ્યામ મહારાજ તો અડધી રાતે ઊઠ્યા તે પોતાની યૌવન અવસ્થા કરીને ચતુર્ભુજરૂપ થયા. અને પોતાના શરીરમાંથી તેજ પ્રગટ કર્યું. તે સૂર્યના જેવો પ્રકાશ કર્યો. ને નારાયણ સરને કાંઠે પીપળામાં જે ભૂત રહેતાં હતાં. તે સર્વેને બોલાવીને બગિયામાંથી પકનારીઓ વેણી વેણીને ટોપલા ભરી ભરીને પોતાને ઘેર મોકલાવતા. તે ઘરને આંગણે આંબલી તળે ચોતરા ઉપર નાખીને આવતાં, ને બીજા વેણીને ટોપલા ભરતાં હતા. તેટલાકમાં પોતાના સખા આવ્યા. તે ઘનશ્યામ મહારાજને પ્રકાશથી ચતુર્ભુજરૂપ જોઈને પરસ્પર બોલ્યા જે, "ઓ બાપ રે ! આ તો ભૂતો છે." તેમ જાણી સર્વે બીના થકા બરકા પાડીને થર થર ધ્રૂજીને જે નાઠા તે સર્વે ઘેર જાતા રહ્યા.

તે જોઈને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, "જો કેરીઓની સાખો લેવા આવ્યા છે." એમ બોલીને પોતે હસતા હતા. તે પછી ભૂતો પીપળામાં ગયા ને મહારાજ ઘેર આવીને પોઢી ગયા. પછી સવારમાં તે પોતાના સખા આવીને ઘનશ્યામ મહારાજને કે'વા લાગ્યા જે, "અમે તો રાતમાં વે'લા ઊઠીને પકનારી લેવા ગયા હતા, તે અમોને તો ભૂત

૧.પાકી ગયેલી સાખની કેરીઓ

મળ્યાં. તે સર્વેને ખાઈ જાત, પણ અમે તો સર્વે નાઠા તે ઘેર આવતા રહ્યા." ત્યારે ઘનશ્યામ મહારાજ હસીને બોલ્યા જે, "એ તો અમે હતા."

ત્યારે તે સખા બોલ્યા જે, "ના ના, એ તો ચતુર્ભુજવાળાં ભૂત હતાં. ને બધા બગિયામાં અજવાળુ કર્યું હતું." ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, "અમો ચતુર્ભુજરૂપ થયા હતા ને પ્રકાશ પણ અમે કર્યો હતો ને પીપળામાંથી ભૂતોને અમે બોલાવ્યાં હતાં. તે આ જુઓ, પકનારીઓના ઢગલા કર્યા છે." તે જોઈને પોતાના સખા આશ્ચર્ય પામી ગયા. પછી સર્વે ભેગા બેસીને તે કેરીઓની સાખો જમ્યા. તે મહા અદ્‌ભુત ચરિત્ર ઘનશ્યામ મહારાજે કર્યું. ॥૧૦॥

૧૧. ઘનશ્યામે પારણે બાંધેલો ઘૂઘરો છોડી લીધો.

એકવાર છપૈયામાં ભક્તિમાતા ઘનશ્યામને પારણામાં પોઢાડીને ઘનશ્યામને રમવા સારુ પારણે ઘૂઘરો બાંધ્યો. ત્યાર પછી ભક્તિમાતા પોઢી ગયાં. ત્યારે ઘનશ્યામે હાથ લાંબા કરીને તે ઘૂઘરાને પારણાથી છોડી લીધો. ને ઘૂઘરાને તે ઘનશ્યામ મોઢામાં ઘાલીને ચૂસવા લાગ્યા. ભક્તિમાતા ઊંઘમાં, તે બચકારા સાંભળતાં હતાં.

પછી ભક્તિમાતા જાગ્યાં ને ઘનશ્યામને પારણે જોયા. ત્યારે તો ઘનશ્યામ ઘૂઘરો ધાવે છે. તેથી ભક્તિમાતા કહે, "આ ઘૂઘરો મેં બહુ જકડીને પારણે બાંધ્યો હતો, તે ઘૂઘરાને ઘનશ્યામે શી રીતે છોડ્યો?" ત્યારે ધર્મદેવ કહે, "એ તો ઘનશ્યામે લાંબા હાથ કરીને છોડ્યો છે, તે મેં નજરે દેખ્યું છે." એમ ધર્મદેવે કહ્યું ત્યારે ભક્તિમાતા આશ્ચર્ય પામ્યાં. ॥૧૧॥

૧૨. ઘનશ્યામે હજાર વૈરાગીને મનમાન્યું સીધું આપ્યું.

એકવાર વૈરાગીની જમાત નેપાલગંજથી અયોધ્યા જતાં છપૈયા પાસે ઉતરાદિ કોર ખાંપા તલાવડી ઉપર આવીને ઊતરી. તે હજાર વૈરાગી હતા. અને તેમાં હાથી, ઘોડા, ઊંટ, ડંકા, નિશાન, તોપો, જંજાળ્યો,

બંદૂકો, અબદાગરીઓ, છરા, કટાર, ગુપ્તીઓ, સાંગો, લાકડીઓ ને ગાયો, તે સર્વે સામાન સહિત હતા. ત્યાં છપૈયાના લોક સર્વે જોવા ગયા ને ઘનશ્યામ મહારાજ તથા રામપ્રતાપભાઈ પણ ગયા.

ત્યાર પછી વૈરાગી છપૈયામાં આવ્યા ને ધર્મદેવને કે'વા માંડ્યા જે, "તીન રોજકા કડાકા હે સીધા લાવો." એમ કહીને લાકડાંનાં મોટાં મોટાં ખોધાં[1] પડ્યાં હતાં, તેને ઉપાડીને લઈ જવા લાગ્યા. ને ધર્મદેવને કહ્યું જે, "સીધા લાવો." ત્યારે ધર્મદેવ બે હાથ જોડીને કે'વા લગ્યા જે, "હે મહારાજ ! આ નાનું ગામ છે. તે મારા ઘરમાં સીધું હજાર માણસને આપું તેટલું તૈયાર નથી." ત્યારે તે વૈરાગી કે'વા લાગ્યા જે, "તમોને સર્વે લોક હરિપ્રસાદ કહે છે, તે હરિપ્રસાદની ઉપર ભગવાનની પ્રસન્નતા હે. માટે હમકો સીધા દો, કેમ ના પાડો છો ?" ત્યારે ધર્મદેવે કહ્યું જે, "હે મહારાજ ! હમણાં તમે જાઓ, સીધું સામાન કરીને તમોને બોલાવું છું."

ધર્મદેવે વિચાર કર્યો જે, 'આટલા બધા વૈરાગીઓને શું આપું? એક-બે હોય તો કાંઈ ચિંતા નહીં.' એમ કરીને ઉદાસ થઈ ગયા. તેટલાકમાં ફેર વૈરાગી ધોકા ને ચીપિયા લઈને આવ્યા. ને ધર્મદેવને આંગણે ધમાધમ કરવા લાગ્યા ને ધર્મદેવને ગાળો દેવા લાગ્યા. ત્યાર પછી ધર્મદેવે ઘનશ્યામ મહારાજને સંભાર્યા ને કહ્યું જે, "હે ઘનશ્યામ! તમો ક્યાં ગયા ?" પછી ઘનશ્યામ મહારાજે અંતર્યામીપણે જાણ્યું જે, 'મારા પિતાને દુઃખ પડ્યું.' તેમ વિચારીને તે બે ભાઈ ઘેર આવ્યા.

પછી પોતાના પિતા જે ધર્મદેવ તેમને કહેવા લાગ્યા જે, "લાવો, ઘી, સાકર, લોટ, દાળ આદિ સામાન, આ જમાતને સીધા આપીએ." ત્યારે ધર્મદેવ બોલ્યા જે, "સીધું તો તૈયાર નથી." ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, "જેટલું હોય તેટલું લાવો." પછી તે ઘી, સાકર, લોટ, દાળ વગેરે થોડું થોડું હતું, તે ઘનશ્યામ મહારાજની આગળ મૂક્યું. તેમાંથી ઘનશ્યામ મહારાજ હજાર વૈરાગીને મનમાન્યું સીધું આપવા

૧.જાડા અને વજનદાર ટુકડા

લાગ્યા. તે સર્વે રાજી થઈ થઈને ગયા ને ઘનશ્યામ મહારાજના પ્રતાપથી સીધું ખૂટ્યું નહીં. જેટલો સીધાનો સામાન ધર્મદેવે ઘનશ્યામ મહારાજને આપ્યો હતો, તેટલો ને તેટલો તેમને પાછો આપ્યો. તે સમયે ધર્મદેવ તથા ભક્તિમાતા તથા રામપ્રતાપભાઈ તે જોઈને આશ્ચર્ય પામ્યાં.

❋ મૃગચર્મમાંથી કરેલા વાઘ દ્વારા અભિમાની વૈરાગીનું મોત

ત્યાર પછી ધર્મદેવ બે પુત્રો સહિત ખાંપા તલાવડીએ વૈરાગીનાં દર્શન કરવા ગયા. પછી તે વૈરાગી બહુ જ રાજી થયા, ને કહેવા લાગ્યા જે, "હે બાબુ ! ઐસા સીધાં હમકું કોઈ દિવસ મિલ્યા નહિ હૈ." ત્યાર પછી તે જમાતમાં જે વૈરાગીએ ધર્મદેવને ગાળો દીધી હતી, તે વૈરાગી વાઘના ચર્મ ઉપર બેઠો હતો. તે ચર્મને ઘનશ્યામે જોઈને પોતાના પિતાને કહ્યું જે, "આ ચર્મ મને ના આપે ?" ત્યારે ધર્મદેવ બોલ્યા જે, "એ તો ના આપે." તે સાંભળીને વૈરાગી બોલ્યો જે, "એ લડકા ક્યા બોલતા હૈ ?" ત્યારે ધર્મદેવે કહ્યું જે, "એ તો એમ કહે છે જે, ચર્મ મને ના આપે ?" ત્યારે તે બોલ્યો જે, "એ શિલબંકા બાઘકા ચર્મ હૈ. તે ઉનકા તીનસે રૂપિયા લગેલા."

ત્યારે ઘનશ્યામે જાણ્યું જે, "આ વૈરાગીને ભારે અભિમાન છે.' પછી પોતે તે ચર્મને પગનો અંગૂઠો અડાડ્યો એટલાકમાં તેમાંથી વાઘ પ્રગટ થઈને તે વૈરાગીને તરત મારી નાખીને વનમાં જતો રહ્યો. પછી બીજા વૈરાગી સર્વે બોલ્યા જે, "આ કહા ભયે ?" ત્યારે સર્વે લોકે કહ્યું જે, "આ લડકા બહુત કરામતવાલા હૈ." ત્યારે સર્વે વૈરાગી અંતરમાં ત્રાસ પામ્યા. તે બીજા કેટલાક ભારે ભારે વાઘનાં મૃગચર્મ હતાં. તે સર્વે પડતાં મૂકીને જે નાઠા તે અયોધ્યામાં જતા રહ્યા. છપૈયામાં ઘનશ્યામે એવું ઐશ્વર્ય તે વૈરાગીઓને જણાવ્યું. ॥૧૨॥

૧૩. મોટાભાઈને ચતુર્ભૂજરૂપે દર્શન

એકવાર છપૈયામાં ભક્તિમાતાએ રસોઈ કરી. તેમાં પૂરી તથા પરવરનું શાક તથા કઠહરનું શાક કરીને ઘનશ્યામ મહારાજ તથા

રામપ્રતાપભાઈને જમાડવા લાગ્યાં. પછી તે જમીને તૃપ્ત થયા. પછી ચળું કરાવીને બારણે આંબલીના વૃક્ષ તળે ચોતરા ઉપર બેસાર્યા. ને પાનબીડી આપી. ઘનશ્યામ મહારાજે જમીને રામપ્રતાપભાઈ ઉપર પાનની પિચકારી મારી. રામપ્રતાપભાઈને રીસ ચડી, તેથી ઊઠીને ઘનશ્યામ મહારાજને તાણીને એક લાફોટ[1] મારી. તેટલામાં ચતુર્ભુજરૂપે દેખ્યા. તે મૂર્તિ જોઈને રામપ્રતાપભાઈ બે હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા જે, “હે ઘનશ્યામ ! તુમ તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ હો.” તેવાકમાં તરત દ્વિભુજ મૂર્તિ થઈ ગયા. તે વાત રામપ્રતાપભાઈએ ધર્મદેવને કહી. તે સાંભળીને આશ્ચર્ય પામ્યા. એવાં એવાં અનંત ઐશ્વર્ય ઘનશ્યામ મહારાજ છપૈયામાં જણાવતા હતા. ॥૧૩॥

૧૪. મિત્રો સાથે નારાયણસરમાં જલક્રીડા કરી કેરીઓ જમ્યા.

એકવાર છપૈયામાં ઘનશ્યામ પોતાના સર્વેને સખા લઈને નારાયણસરના કાંઠા ઉપર રમતાં રમતાં ગયા. તે નારાયણસરમાં ઘનશ્યામ પોતાના સખા સહિત ના'યા ને જલક્રીડા કરી. પછી ત્યાંથી નીકળીને ખેલ કરતાં કરતાં ઉગમણા બગિયામાં ગયા. ત્યાં અનેક પ્રકારની રમતોને કરી. પછી ઘનશ્યામ તે આંબા ઉપર ચડીને સારી સારી કેરીઓ જમ્યા ને હેઠે પોતાના સખા જે વેણીરામ, માધવ ને પ્રાગ એમના સારુ કેરીઓ તે આંબા ઉપરથી નાખી. અને તે સર્વે જમ્યા. પછી ઘનશ્યામ ઘેર આવ્યા. ત્યારે ભક્તિમાતાએ ઘનશ્યામને જમાડીને આંબલી તળે ચોતરા ઉપર પોઢાડ્યા. ॥૧૪॥

આમાં જે છપૈયાની વાતો છે, તે રામપ્રતાપભાઈની કહેલી છે.

૧.ધોલ; તમાચો

૧.ખેરાલીના રાણા સરતાનસંઘજીને ધામમાં તેડી ગયા.

ગામ ખેરાલીના રાણા સરતાનસંઘજી તે સંવત ૧૯૭૮ના અષાઢ વદિ ૧૨ના દિવસે દશ વાગતાં માંદા થયા. તે સમે પોતાને શ્રીજીમહારાજનાં દર્શન થયાં તથા તેમની પાસે બેઠેલા તેમના દીકરા વખતસંઘજીને પણ શ્રીજીમહારાજનાં દર્શન અનંત સંતે સહિત થયાં. તે સમે રાણા સરતાનસંઘજી શ્રીજીમહારાજની મૂર્તિ સન્મુખ ઘણાક દંડવત કરવા માંડ્યા. ત્યારે વખતસંઘજીએ પૂછ્યું જે, “બાપુ, તમે કોને દંડવત કરો છો ?” ત્યારે તેમણે કહ્યું, “શ્રીજીમહારાજને અનંત સંત સહિત દેખું છું. તે આ શ્રીજીમહારાજ મારા સન્મુખ વિરાજમાન છે, તેમને દંડવત કરું છું.”

તે સમયમાં ગામમાંથી ઘણાક માણસ રાણા સરતાનસંઘજીને મંદવાડ સાંભળીને જોવા સારુ આવ્યા હતા, તેમને પણ શ્રીજીમહારાજનાં દર્શન થયાં. ને રાણા સરતાનસંઘજીને અક્ષરધામમાં શ્રીજીમહારાજ તેડી ગયા. ॥૧॥

૨. ખેરાલીના સરદારસંઘજીને ધામમાં તેડી ગયા.

તેજ ગામમાં રાણા વખતસંઘજીના દીકરા સરદારસંઘજીને સંવત ૧૯૨૯ના માગસર વદિ ૧૧ ગુરુવારની રાતના બાર ઉપર એક વાગે દેહત્યાગ કરવાની વખતે રાણા વખતસંઘજીને શ્રીજીમહારાજનાં દર્શન થયાં. ત્યારે તેમણે સરદારસંઘજીને પૂછ્યું જે, “તમારા જોવામાં કાંઈ આવે છે ?”

ત્યારે તેમણે કહ્યું જે, “શ્રીજીમહારાજની મૂર્તિ ને મારા ગુરુ સદ્ગુરુ તદ્રૂપાનંદસ્વામી તથા વાસુદેવાનંદબ્રહ્મચારી એ ત્રણ મૂર્તિઓનાં દર્શન થાય છે. તે વિના બીજા ઘણાક સંતોનાં દર્શન થાય છે. ને શ્રીજીમહારાજ મને અક્ષરધામમાં તેડી જાય છે.” તેવી રીતે કહીને દેહત્યાગ કર્યો.

ત્યાર પછી રાણા વખતસંઘજીને પાંચ દિવસ સુધી શ્રીજીમહારાજનાં અખંડ દર્શન સમાધિની પેઠે થયાં, તે પોતાના દેહની ક્રિયા જે ના'વું, ખાવું, પીવું ઈત્યાદિકનું ભાન ન રહ્યું. ને સરદારસંઘજીએ દેહત્યાગ કર્યો તેની ખબર પણ ન પડી. એવી રીતે શ્રીજીમહારાજ ભક્તજનોની ઉપર રાજી થઈને પરચો દીધો. ॥૨॥

સંપૂર્ણ

જય સ્વામિનારાયણ

પછી નિત્યાનંદસ્વામી મહાનુભાવાનંદસ્વામી પ્રત્યે એમ બોલ્યા જે, **"આપણે તો આપણને શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપની જેમ સમજવાની વાર્તા કરી છે તેમ સમજવું, પણ એ સમજણ ફરવા દેવી નહીં.** ને (પછી) જે લખ્યું છે, તે તો વાંસલ્યાને અર્થે છે, જેમ આંધળાને લાકડી હાથમાં આપે છે તેમ, પણ દેખતાને લાકડીનું કામ નહીં. ને આજની વાત જેમ છે, તેમ કહેવાય નહીં. ને આપણને કહેતાં પણ આવડતું નથી. ને કહેતાં તો વ્યાસજીને ને શુકજીને આવડે જે અતિ મોટું કરીને કહે છે. ને જો કોઈને આ વાત જેમ છે, તેમ કહીએ તો તેના પેટમાં સમાય નહિ, ને બીજાને જીવ કરી નાખે છે ને વાનરાના ઘા જેવું કરે છે. એમ સમજીને બેસી રહ્યા છીએ ને કોઈને કહેતા નથી.

જેતલપુરમાં જ્યારે સંતદાસજી આવ્યા ત્યારે તે વાત સાંભળીને સાધુ સર્વે આવીને ચારેકોર બેઠા ને પૂછવા મંડ્યા જે, 'બદરિકાશ્રમમાં ઋષિ કેમ રહ્યા છે? ને કેમ તપ કરે છે? ને નરનારાયણ કેમ દર્શન આપે છે? ને તે આશ્રમ કેવો છે?'

તે સાંભળીને સંતદાસજી મંદમંદ હસતા હતા. ને એમ બોલ્યા જે, **'महापुरुष ! क्या पूछता हो ? जेही हे सो आंहीं हे, सो क्यांई नहि हे । त्यां हे सो आंहीं का भजन करता हे ।'** એમ મર્મ કરીને કહ્યું. તેને કોઈક સમજતા હતા, પણ સર્વેને ન સમજાણું. ને આ વાત બહુ મોટી છે, જે આ જગતમાં સૌથી મોટા કવિ કે'વાય છે, તે સર્વેથી અતિ મોટા કરીને જેને ગાય છે, તેને તે મૂર્તિનાં દર્શન દુર્લભ છે." એમ નિત્યાનંદસ્વામીએ મર્મ કરીને શ્રીજીમહારાજના સ્વરૂપને જાણવાની વાર્તા કરી.

(સદ્. શ્રીનિર્ગુણદાસજીસ્વામીની વાતો - ૧૦૨)

ISBN 978-93-83456-04-8